# રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ

ભાગ-પહેલો



પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના
મુંબઈમાં "જૈન રામાયણ"ને આધારે થયેલા
દસ ચિંતનપરિપુષ્ટ પ્રવચનો

: અવતરણ :

મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

મુંબઈ-શ્રીપાળનગર [વિ. સં ૨૦૩૩]ના ચાતુર્માસ દરમિયાન 'જૈન રામાયણ'ના પાત્રોમાં ગૂંજારવ કરતો આર્યાવર્તની સંસ્કૃતિનો સૃષ્ટિ કલ્યાણકારી સન્દેશ સાંભળાવીને, પાશ્ચાત્ય વિકૃતિઓની મીઠી (!) લહેરોના સંસ્પર્શથી મદભર બનીને ઘનઘોર નિદ્રા લઈ રહેલા આર્યમાનવને સફાળો બેઠો કરી દેતાં... એની રગ, રગને સંસ્કૃતિ–માતા પ્રત્યેની ભકિતથી ભાવવિભોર બનાવી દેતાં... કહેવાતી કાન્તિઓની ભ્રાન્તિઓના ભેદ-ભરમો અને ભંડાઓને ઉઘાડા પાડતાં... જમાનાવાદના ઉન્માદભર્યા નાદની સામે સિંહનાદ કરીને આર્યાવર્તની ગૌરવાન્વિત પુણ્યવંતી પ્રણાલીઓની યાદ દેવડાવતા... દસ પ્રવચનોનો અમૂલો સંગ્રહ.

રામાયણમાં

# સંસ્કૃતિનો સન્દેશ

ભાગ – પહેલો

0-18455
11-12

[ પ્રવચનાંક : ૧ થી ૧૦ ]

પ્રવચનકાર :

પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

અવતરણ :

મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રકાશક :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

ફોન નં. ૩૦૦૮૧
૫૦૮૨/૩, બીજે માળે,
ગાંધી રોડ, રતનપોળ નાકા
યાજ્ઞિક ઈન્સ્ટિટ્યૂટ સામે,
**અમદાવાદ – ૩૮૦૦૦૧**

## અવતરણકાર-પરિચય

સ્વ. આચાર્યભગવન્ત **પ્રેમસૂરિશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પ્રવચનકાર **મુનિપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી** મહારાજના સુવિનીત શિષ્ય પૂ. **મુનિવર શ્રી જયચન્દ્રવિજયજી** મહારાજના શિષ્ય **મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી**.

પ્રથમ સંસ્કરણ – સંવત્સરી મહાપર્વ ૨૦૩૩.
પ્રત – ૫,૫૨૦; ૧૭-૯-૧૯૭૭.

મુદ્રણ : પ્રવચન : ૧ થી ૭
મૌજ પ્રિન્ટીંગ બ્યૂરો, મુંબઈ-૪

પ્રવચન : ૮ થી ૧૦
સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ મુંબઈ-૧

મૂલ્ય રૂા. ૬-૨૫

૧૬૮-૫

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગણઅધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન ૨૬-૬-૭૭ ] પ્રવચન – પહેલું [ પ્રકાશન ૧૦-૭-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

# પ્રાક્કથન

પૂ૦ સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રના અજોડ વિદ્વાન, ત્રણસો મુનિવરોના પરમ ગુરુદેવ, સુવિશાલગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યપુરન્દર શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના સુવિનીત શિષ્યરત્ન અને મારા પ્રગુરુદેવ પૂ૦ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ આદિ, વર્ષોની મુંબઈ–શ્રીપાળનગરની વિનંતિથી સં. ૨૦૩૩નું આ વર્ષનું ચાતુર્માસ કરવા પધાર્યા. પૂ૦ ગુરુદેવશ્રી છેલ્લા દસ વર્ષથી દર ચાતુર્માસ દરમિયાન દર રવિવારે 'રામાયણ' ઉપર પોતાની રસધાર વહાવે છે, જેનો અણમોલ લાભ ગુજરાત અને સૌરાષ્ટ્રની જૈન–અજૈન જનતાએ હજારોની સંખ્યામાં લીધો હતો એ અનોખી રસધારનો લાભ આ વષ મુંબઈની પ્રજાને પણ પ્રાપ્ત થાય એ કાજે, પૂજ્યશ્રીના 'પંચસૂત્ર' નામના મહાસૂત્ર ઉપર પ્રતિદિન ચાલતા પ્રવચનો ઉપરાંત, દર રવિવારે 'જૈન રામાયણ' ઉપરની ધર્મદેશનાનું આયોજન કરવામાં આવ્યું છે.

ધર્મ અને સંસ્કૃતિના વિષયમાં અનોખી સમજણની દેન કરતી, અધ્યાત્મરસમાં તરબોળ બનાવતી, વિકૃતિઓના વિકારી વાયુમણ્ડળથી દૂર થવાનું એલાન કરતી અને સંસ્કૃતિના જાજ્વલ્યમાન આદર્શોને સમજાવતી, પૂ. ગુરુદેવશ્રીની 'રામાયણ' ઉપર વહી જતી આ અમૂલી ધર્મદેશનાઓને અક્ષરદેહ આપી તેને પ્રજા સમક્ષ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી દૂર સુદૂર રહેલા, અને આ પ્રવચનોનો સાક્ષાત્ લાભ ન મેળવી શકનારા પુણ્યવાનો પણ એના અનુપમ આસ્વાદનો લાભ માણી શકે. સાક્ષાત્ પ્રવચનો સાંભળી શકનારા અને નહિ સાંભળી શકનારા—સહુ કોઈને માટે આ પ્રવચનોનો સંગ્રહ જીવનભરની એક અમૂલી મૂડી બની જશે એવી મારી દઢ આશા છે.

પ્રત્યેક રવિવારનું પ્રવચન આગામી રવિવારે વાચકોના હાથમાં મૂકી દેવાની પૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. એ મુજબ તા. ૨૬-૬-૭૭ના રોજ-હજારોની મેદની સમક્ષ થયેલું પ્રથમ પ્રવચન–લગભગ અક્ષરશઃ રજૂ કરવામાં આવ્યું છે. જેને વાંચી, વિચારીને સહુ કોઈ પોતાના જીવનમાં સાંસ્કૃતિક પદ્ધતિઓને આચાર અને વિચારમાં એકરસ કરે એ જ મંગળ અભિલાષા.

શ્રીપાળનગર, મુંબઈ ૬ —મુનિ ભાનુચન્દ્રવિજય
તા૦ ૨૮–૬–૭૭

मुनी श्री रत्नाकरविजय

૨૬૮-૫

# પ્રવચનાંક : ૧

રવિવાર
અષાડ સુદ ૧૦

**अथ श्रीसुव्रतस्वामिजिनेन्द्रस्याञ्जनद्युतेः ।**
**हरिवंशमृगाङ्कस्य तीर्थे सञ्जातजन्मनः ॥**

અનંત ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયહેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ 'ત્રિષષ્ઠિ શલાકાપુરુષ' નામના ગ્રન્થની રચના કરી છે. તેમા દસ પર્વો છે. તેમાં તેઓશ્રીએ સાતમા પર્વમાં જૈન દૃષ્ટિએ રામાયણની રચના કરી છે. આપણે મુખ્યત્વે તે રામાયણને નજરમાં રાખીને, સાથે સાથે અજૈન રામાયણોના પણ કેટલાક પ્રસંગો લઈને અને તે સિવાય લોકમુખે ચઢેલી રામાયણની વાતો પણ આવરી લઈને આપણે આ પ્રવચનોમાં વિચારણા કરીશું. આ ચાતુર્માસના રવિવારોમાં આપણે શક્ય તેટલા વધુ પ્રવચનો દ્વારા અનેક વાતો વિચારશું.

### રામાયણ : શ્રેષ્ઠ ગ્રન્થ

વર્તમાન પરિસ્થિતિ અત્યંત ભયંકર બનતી ચાલી છે. પ્રત્યેક માનવ આ પરિસ્થિતિમાં જકડાઈ ગયો છે. પ્રત્યેક આર્ય મૂંઝવણમાં મુકાઈ ગયો છે. આ વિષમ પરિસ્થિતિના નિવારણનો, તેમાંથી ઊગરવાનો રામબાણ ઇલાજ જો કોઈ હોય તો તે *રામાયણ જેવો મહાગ્રન્થ જ છે. એનાથી પ્રત્યેક માનવ શાંતિ પામી શકે છે. આ વિશ્વમાં હજારો ધર્મગ્રન્થો વિદ્યમાન છે છતાં રામાયણ અનેક દૃષ્ટિએ ઉત્તમ ગ્રન્થ છે. રાવણના જીવનથી શરૂઆત પામતું આ રામાયણ રામચન્દ્રજીના મોક્ષ સુધીની વાતો રજૂ કરે છે. આ બધી વાત મારે તમને કરવી છે. છેલ્લા દસ વર્ષથી આ રામાયણ ઉપર દર રવિવારે પ્રવચનો કરું છું. મુંબઈના આ ચાતુર્માસમાં પણ તમારી સમક્ષ દર રવિવારે આના ઉપર જ વાતો કરવી છે. પરંતુ એ બધું જણાવતાં પહેલાં આપણા આ આર્યાવર્તની સ્થિતિ કેવી ભવ્ય હતી તે વાત કહેવા માગું છું.

## રામાયણની પૂર્વભૂમિકા

ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્માએ વર્તમાનકાળને 'અવસાપ્પણી' નામ આપ્યું છે. આ કાળમાં જીવોના આયુષ્ય, બળ, મેધા, પ્રતિભા વગેરે તો ક્રમશઃ ક્ષીણ થત જશે જ, પરંતુ એનું આંતરસૌંદર્ય પણ ક્રમશઃ હણાતું જશે. તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ તત્ત્વોની પાચનશક્તિ અને સમજશક્તિ પણ ધીમે ધીમે હ્રાસ પામતી જશે.

એક સમય હતો; જ્યારે હજારો રાજાઓ એક સાથે સમગ્ર સંસારનો પરિત્યાગ કરતા; પોતાના જીવનનું સાફલ્ય આંબતા.

---

* 'રામાયણ' એટલે રામાયણ પ્રમુખ અનેક ધર્મશાસ્ત્રો કે જે આત્માને મોક્ષલક્ષી બનાવે છે.

પણ કાળ પડતો ચાલ્યો...મહાભિનિષ્ક્રમણ અને એની સાધનામાં ઠીક ઠીક ઓટ આવતી ચાલી.

એથી સંત મહાત્માઓએ પણ એ મોક્ષપ્રાપક સર્વ સંગપરિત્યાગના મૂળભૂત આદર્શને નજરમાં રખાવીને અંશતઃ પરિત્યાગના ગૃહસ્થ [શ્રમણોપાસક] જીવન ઉપર વિશેષ ઝોક આપવાનું શરૂ કર્યું.

પણ કાળ હજી પડતો ચાલ્યો...અને...પુનઃ એક પગથિયું નીચે ઊતરીને દેશના–શૈલીએ પલટો ખાધો.

"સંસાર સુખમય હોય તો પણ એ અસાર છે" એટલું સ્વીકારવા પણ આગ્રહ રહ્યો.

## માનવ; છતે સુખે અસુખી...અછતે દુઃખે દુઃખી

બેશક; આધ્યાત્મિક વિકાસના પંથે ખોડંગાએલા વિવિધ માર્ગદર્શકસ્તંભોને પાર કરતા જવાની સાધના કરનારા કોઈ પણ સાધક માટે સુખમય સંસારની અસારતાના સત્યનો સંપૂર્ણપણે સ્વીકાર એ તો સૌથી પહેલી શરત છે. એના વિના એ પંથે ડગ પણ માંડી શકાય કે કેમ ? એ પ્રશ્ન છે. એના લક્ષ વિનાના નીચેની કક્ષા ગુણો; અને એના પાયા વિનાનું ઉપરની કક્ષાનું જીવન, એકેય મોક્ષ ભાવ પ્રગટ કરી શકતા નથી. પણ કાળ તો હજીય બદતર આવતો ગયો. ભોગસુખો પ્રત્યેની તીવ્ર લાગણી માનવીય અંતરમાં વ્યાપક સ્તરે જન્મતી, વધતી ચાલી. એના પરિણામે માનવ છતે સુખે સુખી ન રહ્યો, છતે પુણ્યે પુણ્યવાન્ ન રહ્યો, અછતે દુઃખે દુઃખી થવા લાગ્યો.

સંસ્કારી કુટુંબનો નબીરો પણ શેતાન બનવા લાગ્યો.

ભોગની ભયંકર ભૂખે ઘર ઘરમાં કલેશ–કજીઆ અને કંકાસ વ્યાપવા લાગ્યા. તપ, ત્યાગ અને તિતિક્ષા ત્યાંથી વિદાય પામ્યા.

## સૌને પોતાની દુનિયા

નાનકડી આઠ વર્ષની બેબી પણ માથે પોતાની દુનિયા ઊંચકીને ફરે છે. ઘરના દરેક સભ્યને પોતાના જુદા જુદા–સાવ નોખા–અને તદ્દન અનોખા 'ટેસ્ટ્સ' છે; ગમા અને અણગમા છે; પ્રત્યેકનો રાહ જુદો છે; પ્રત્યેકનો ચાહ પણ જુદો છે. થોડા વર્ષો પૂર્વે પિતાપુત્ર વચ્ચે 'જનરશેન ગેપ' જણાતો હતો; આજે બે સગા ભાઈઓ બે જ વર્ષના અંતરવાળા વચ્ચે પણ 'જનરેશન ગેપ' પેદા થયો છે.

ભોગભૂખની આ ભૂતાવળે માનવીય જીવનના સુખ અને શાન્તિને હરામ કર્યા; માનવીય મરણની સમાધિનો છેદ ઉડાડ્યો; પરલોકમાં સદ્ગતિનું 'રિઝર્વેશન' અશક્ય બનાવી દીધું ! મુક્તિનું તો સોણલું ય દુર્લભ કરી દીધું.

જીવનનો પાયો જ ઊથલી પડ્યો. દયા, દાન, પ્રેમ, મૈત્રી, પ્રમોદ, કરુણા,

ત્યાગ, તપ અને તિતિક્ષા...બધા જાણે સ્મશાને જઈને સૂતા...ક્યાંક ઑક્સિજન ઉપર જીવવા લાગ્યા.

લાખો મેગાટન બૉમ્બના ઉલ્કાપાતે પણ આર્યદેશનું જે ધનોતપનોત ન નીકળી શકે એવું અહિત આજે જ થઈ ચૂક્યું છે.

માનવ; માનવ જ મટી ગયો છે. શેતાન બનાવતી અધઃપતનની ખાઈઓમાં ગોથાં ખાતો-ટિચાતો ઝપાટાબંધ ગબડી રહ્યો છે. લગભગ શેતાન બની ચૂક્યો છે. આર્યપ્રજાનું આંતરસૌન્દર્ય બધી જ ભયજનક સપાટીઓ વટાવી ગયું છે.

આ ભયંકર હોનારતમાંથી ઊગરવું શી રીતે ?

હવે તો આર્ય પોતાનાં આર્ય તરીકેના અસ્તિત્વ કાજે (Struggle for existence) ઝઝૂમે એ જ અનિવાર્ય છે.

## માર્ગાનુસારિતાનો સવિશેષ ઉપદેશ કેમ ?

આર્યપ્રજાની આ ભયાનક હોનારતનું દર્શન કરતા સંતો, મહાત્માઓને પોતાની દેશના શૈલીમાં વધુ એક પગથીએ નીચે ઊતરવાની ફરજ બજાવવી પડી છે.

હવે એમનો સંદેશ છે; દીન, દુઃખિતો તરફ નજર કરો; પરમાત્માની ભક્તિ કરો; પાપને પાપ તરીકે સ્વીકારો તો ખરા ? થોડીક પણ અનીતિ તો છોડો ? ગૃહકલેશની સાંઢમારીને ત્યાગો, સિનેમા તો ન જ જુઓ; મર્યાદાઓનું પાલન કરો, ઔચિત્યનું સેવન કરો; ઉદ્ભટ વસ્ત્રો તો ન જ પહેરો; થોડાક તો સદાચારી પણ બનો વગેરે...

સમયનો તકાદો જ એવો આવી લાગ્યો છે કે આવા પ્રાથમિક કક્ષાના [ માર્ગાનુસારી ] જીવનના ઉપદેશને વધુ બળ આપવાની ફરજ પડી છે.

પણ તો ય શું ? ઉપરની કક્ષાના આદર્શોને રેઢા થોડા જ મૂકાય ? ના... આદર્શો તો જીવતા જ રહેવા જોઈએ...જીવન ભલે ઉપલી હરોળનું કદાચ ન પણ જીવાય તો ય આદર્શો તો જીવતા જ રહેવા ઘટે......

## એવો કયો ગ્રન્થ ? રામાયણ

તો શું-છે કોઈ એવો ગ્રન્થ ? જેમાં ધર્મશાસ્ત્રોના બધા જ સિદ્ધાન્તો દષ્ટાંત સ્વરૂપે વણાઈ જતા હોય ?

છે કોઈ એવો ગ્રન્થ ? જેમાં ઉપલી-નીચલી બધી જ હરોળના આદર્શો જીવંત રહી જતા હોય ? નાનામાં નાના ગુણને પણ જેમાં સુંદર રીતે વિકસાવાયો હોય ?

છે એવો કોઈ ગ્રન્થ ? જેના પાત્રો સર્વ આર્યને માન્ય હોય ? જેનું મુખ્ય પાત્ર 'અત્યંત આદરણીય' તરીકે સર્વ આર્ય ધર્મના અનુયાયીઓને સન્માન્ય હોય ?

છે એવો કોઈ ગ્રન્થ ? જેને બાળ શું કે ગોપાલ શું ? તરવરતો યુવાન શું કે

બ્રહ્મચારી સંત શું? ગામડાંની પતિવ્રતા સ્ત્રી શું કે શહેરની 'અલ્ટ્રા–મૉર્ડન' કન્યા શું? અભણ શું? કે ભણેલો શું? સંત શું? કે સંસારી શું?

બધા ય ને—

એકસરખી રીતે દિલચસ્પી લગાડે...જેનો લલકાર સાંભળતાં જ જીવનની અવળી ગતિઓ ક્ષણભર તો, 'ડીસકન્ટીન્યુ' થઈ જાય!

હા...એવા અનેક ગ્રન્થો છે. એમાં એક ગ્રન્થ છે; રામાયણ. રામાયણ એ રામની કથા છે; 'આર્યના જીવનનું કાવ્ય છે.' એ નાગરિકશાસ્ત્ર છે! જીવન જીવવાની જડીબુટ્ટી છે. જીવનની અંધિયારી ઓરડીઓનાં તાળાંને ખોલતી ચાવી-ઓનો એ ઝૂમખો નથી; એ તો એક જ માત્ર ચાવી–માસ્ટર કી– છે; જે બધા તાળાંઓને ખોલી નાખવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવે છે.

એના પ્રત્યેક શ્રવણે નવો જ રસ અને નવો જ ઉન્મેષ પ્રગટે છે, નવી જ ઉષ્મા લાધે છે; નવી જ ચેતના પ્રગટ થાય છે, નવું જ આંતરસૌંદર્ય પ્રગટે છે; નવું જ જીવન પ્રાપ્ત થાય છે.

એના શ્રવણે અનેકના હૈયે 'રામ' વસવા લાગે છે, કમ સે કમ; શ્રવણના ચાલુ સમયમાં તો પ્રત્યેક આત્મા રામમય [ધર્મમય] બની જતો જોવા મળે છે.

કેટલાક ગ્રન્થો 'અપર–કલાસ'ના હોય છે; તે મેધાવી વર્ગને જ ઉપયોગી બની શકે; કેટલાક ગ્રન્થો 'લોઅર–કલાસ' માટે હોય છે, માત્ર અબૂઝને જ લાભ કરે.

કેટલાક ધર્મગ્રન્થો અમુક જ દેશના; અમુક જ ધર્મના ભાવુકજનોના હૈયે ચોંટ મારે! પણ આ રામાયણ! એ તો 'ઇન્ટરનેશનલ' ગ્રન્થ છે. એ all-clas નો ગ્રન્થ છે. જૈન અજૈન સર્વને આદરણીય ગ્રન્થરત્ન છે.

આથીસ્તો કવિઓએ રામાયણ ઉપર કાવ્યો રચ્યાં; લેખકોએ રામાયણને જ પોતાનો પ્રિય ગ્રન્થ બનાવ્યો; કથકોએ રામાયણને જ પોતાના કથા વસ્તુ તરીકે પસંદ કર્યું; ઉપદેશકોને રામાયણ ઉપર ખૂબ સારી હથોટી આવી ગઈ.

જુદા જુદા દૃષ્ટિકોણ [angle]થી જો વિચાર કરવામાં આવે તો આ ચરિત્ર ગ્રન્થનું નામ આપવામાં મોટા રૂસ્તમને પણ મૂંઝવણ થઈ જાય તેવું છે! ભ્રાતૃભક્ત લક્ષ્મણ પણ મહાન દેખાય છે! પુત્ર–વાત્સલ્યમય દશરથ પણ મહાન દેખાય છે। વિરાગી ભરત મહાન દેખાય છે! સીતા મહાન દેખાય છે! લક્ષ્મણ પત્ની ઉર્મિલs મહાન દેખાય છે! થઈ ગએલા અપરાધ ઉપર આંસુ સારતી કૈકેયી પણ એટલી જ મહાન દેખાય છે! સીતાનું બળાત્કારે પતન ન કરતો રાવણ પણ મહાન્ દેખાય છે! આ બધું જાણતાં આપણું મસ્તક ખરેખર ઝૂકી જશે.

ખેર... પણ તો ય 'રામ' જ સૌથી મહાન હતા કેમકે એ પિતાના ય હૈયે જઈ વસ્યા હતા; એણે અપરમાતા કૈકેયીનો પણ પ્રેમ જીતી લીધો હતો. અરે! શત્રુ શા રાવણના પણ હૈયે એનો વાસ હતો.

## રામાયણનું વ્યાપક ક્ષેત્ર

એકડીઆની ગામઠી નિશાળના દયા, દાન; મૈત્રી, કરુણાના પાઠથી માંડીને આલ્બર્ટ આઇન્સ્ટાઇનની પ્રયોગશાળાના પાઠો પણ રામાયણમાં સમાયા છે. વ્યાપક એનું ક્ષેત્ર છે; અતળ એની ઊંડાઈ છે. મોક્ષભાવ પામવા માટેની સર્વ સંગપરિત્યાગની સાધનાની વેદી ઉપર એકી સાથે ચઢી જતાં હજારો પુણ્યાત્માઓની પણ એમાં સર્વોચ્ચ સ્તરની કથા છે; અને દીનદુ:ખિતોની અનુકંપાના; શત્રુ સાથે ય મૈત્રી ચાહવાના; પર ધર્મ પ્રત્યે સહિષ્ણુ બનવાના પાયાના પાઠો પણ એમાં જ લખાયા છે.

માનવીય જીવનની વાસ્તવિકતાની ધરતીને ખૂબ જ સારી રીતે સ્પર્શતા રહીને જ ભગીરથ પુરુષાર્થના ગગનને આંબવા મથતા આના કથાનાયકો છે. માટે જ માનવીઓને આ કથા એકધારી રીતે અત્યંત હૃદયગંમ બની રહી છે.

છેલ્લા દસ વર્ષથી દરેક ચાતુર્માસમાં દર રવિવારે હું રામાયણની કથા કહું છું. હજારો માનવો દોડ્યા દોડ્યા આવતાં જોઈને મારી આંખે ઘણીવાર હર્ષના આંસુ દોડી આવ્યા છે. દોઢ કલાકની એ ધર્મદેશના નિ:સ્તબ્ધ શાન્તિથી [વગર માઇકે] સાંભળતાં હજારો હૈયાને મેં જ્યારે જોયા છે ત્યારે દરેકના મોં ઉપર મેં 'રામ'નું [=ધર્મભાવનાનું] જ દર્શન કર્યું છે.

## રામાયણનું અજબ કામણ

અને જ્યારે એ માનવ મહેરામણ વિદાય થાય છે; ત્યારે તેમનાં જ ટોળામાંથી પસાર થઈને મેં સહુના મોંએ રામની જ વાતો રટાતી સાંભળી છે; પોતાના વર્તમાન જીવન ઉપર ફીટકાર વછૂટતી એમની લાગણીઓનો મેં સાક્ષાત્કાર કર્યો છે. કેવું અનોખું કામણ છે આ રામનું? રામાયણનું?

મેં કેટલાક રામાયણીઓને સાંભળ્યા છે; તેમને તો હું આ તબક્કે ન જ વીસરી શકું; અન્યથા એટલા અંશે હું કૃતઘ્ન બન્યો ગણાઉં. જુદા જુદા લેખકોના રામાયણના કેટલાક પ્રસંગો તો એમણે જ મને કહ્યા છે.

કોઈ પણ જાતની અપેક્ષા વિના રામાયણનો સાદ સુણાવતા રામાયણીઓ ઉપર તો આ રામાયણે કોઈ કમાલ કરી નાખી છે. તેઓએ જ્યારે મારી પાસે અંગત રીતે પ્રસંગોનું વર્ણન કર્યું છે ત્યારે તે દરેક રામાયણીની આંખે અશ્રુનો ધારાવાહી પ્રવાહ મેં જોયો છે.

ઓહ! માનવીય અંતરને પણ કાળમીંઢ પાણો બનાવી દેવાની પ્રચંડ તાકાત ધરાવતા આ કળિયુગની સામે સત્યુગના એ રામે પડકાર ફેંકીને કેવો સફળ મુકાબલો કર્યો છે કે એણે કેટલાં ય અંતરને માખણથી ય માખણ બનાવી દીધા છે.

## રામાયણ દ્વારા અનેકોનું પરિવર્તન

એણે પતિતોને સંત બનાવ્યા છે. એણે સંતોને મહાસંત બનાવ્યા છે. એણે

કૌટુંબિક જીવનના ઉચ્ચતમ સંસ્કારો મા બનીને વહાલથી પાયા છે; અને કેટલાયના કૌટુંબિક જીવનની સંભવિત હોનારતોને અટકાવી દીધી છે.

પિતા કેવા બનવું જોઈએ...? એ શીખવું હોય તો દરેક પિતાએ રામાયણ વાચવું પડશે.

પુત્ર કેવા બનવું જોઈએ? એ જાણવા માટે રામાયણની કિતાબ ઉઘાડવી પડશે.

સાસુએ સાસુ અને વહુએ વહુ કેવા બનવું જોઈએ? એ સમજવા માટે રામાયણ વિના નહિ જ ચાલી શકે.

સંસારમાં રહીને પણ યોગી કક્ષાનું જીવન જીવવાની કળા રામાયણ શીખવે છે; શત્રુને ય મિત્ર બનાવી દઈને તેને ચાહવાની રીતો રામાયણમાં લખાએલી છે. 'જીવનનો આદર્શ મોક્ષ જ છે; અને એ મોક્ષ ભાવ પામવા માટે સર્વસંગપરિત્યાગ અનિવાર્ય છે' એ પુકાર તો રામાયણના પ્રકરણે પ્રકરણે પડેલો છે એમ કહીએ તો ખોટું નથી.

અહીં એક વાત કરી લઉં. આ પ્રવચનમાળામાં હું જે રામાયણના પ્રસંગો રજૂ કરીશ તે પ્રસંગો જૈન–અજૈન અનેક રામાયણોમાંથી લેવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ કેટલાક રામાયણીઓ પાસેથી સાંભળીને પણ લીધા છે; 'જ્યાં જ્યાં જે કાંઈ મોક્ષભાવપ્રાપક શુભ તત્ત્વ પડ્યું છે તે મારું જ છે...તેના પ્રત્યે મારી અપાર મમતા છે' એવી ભાવનાથી સદૈવ વાસિત રહેવાનો જૈન શાસ્ત્રકારોએ આપેલો આદેશ મને સદૈવ શિરસાવંદ્ય બન્યો છે.

## સહિષ્ણુ બનજો

એક મમતાભર્યું સૂચન કરી દઉં. અનેક લેખકોના હાથે અનેક રામાયણો લખાયા છે એથી સંભવ છે કે એક જ વ્યક્તિના ચરિત્રાલેખનમાં મત-મતાંતર જોવા મળે. (હનુમાને અશોકવાટિકામાં લાલ પુષ્પો જોયા હતા કે સફેદ? તેમાં ય વિવાદ પડ્યાનો પ્રસંગ અજૈન રામાયણમાં નથી ટંકાયો?) એટલે મારી સહુને ખાસ ભલામણ છે કે મતાંતરની સામે ન જોતાં થોડા સહિષ્ણુ બનીને તે પ્રસંગમાં છૂપાએલા માખણની સામે જોજો...અને સારગ્રાહી જ બનજો. કથાવસ્તુ એ મુખ્ય વસ્તુ નથી. એ તો હોમીઓપથી ટિંકચરની વાહક સાકરની ટીકડી જ છે. ખરી વસ્તુ તો એમાં છૂપાએલો જીવન–પરિવર્તન સાધતો બોધપાઠ છે, એ જ રોગનાશક ટિંકચર છે.

## જૈન રામાયણની વિશિષ્ટતા

જૈન રામાયણોમાં પરસ્ત્રી અપહરણ આદિના ભયંકર પાપો કરનાર રાવણને; અને પુત્રમોહે અંધ બનીને રામચન્દ્રજી જેવા પુરુષોત્તમને વનમાં જવામાં નિમિત્ત બની જતી કૈકેયીને પણ દુષ્કર્મના અપરાધે ફસાએલાં છતાં પશ્ચાત્તાપના પાવક–અગ્નિમાં આત્મ–સુવર્ણને નાખી દઈને શુદ્ધ કરતાં સુજન તરીકે પણ સ્વીકાર્યાં છે.

પાપી પણ ખરેખરો પ્રાયશ્ચિત્તી હોય તો તેને સંપૂર્ણપણે અધમ કહી દેવો એ યોગ્ય ન ગણાય.

## આર્યપ્રજાને લાલબત્તી

આર્યદેશની આર્યપ્રજાને એક લાલબત્તી ધરી દઉં. હજારો આત્માઓના હૃદયપરિવર્તન અને જીવનપરિવર્તન કરી દેતા આ ગ્રન્થરત્નને આપણે જીવતો જ રાખવો જોઈએ. જીવીને જીવતો રાખીએ તો સારી વાત છે; પણ મરીને ય જીવતો રાખવાનો સમય આવે તો તેને ય વધાવી લેવાની સહુની તૈયારી હોવી ઘટે. કેમકે આ ગ્રન્થ આપણા સંસ્કારી જીવનની જીવાદોરી છે. છેલ્લા કેટલાક સમયથી રામાયણના કથાવસ્તુને કાલ્પનિક કહીને એના ગૌરવને હણી નાખવાનો વ્યવસ્થિત પ્રયાસ આપણા જ સેંકડો જયચંદો અને અમીચંદો કરી રહ્યા છે. છેલ્લે છેલ્લે આ ગ્રન્થને એક ઠેકાણે જાહેરમાં લાત પણ મારવામાં આવી છે. આવું જ; આર્યપ્રજાના ધર્મપ્રધાન ચાર પુરુ-પાર્થની સંસ્કૃતિના બંધારણીય પવિત્ર માળખાંના પાયાના જીવનને સુવ્યવસ્થિત રીતે રજૂ કરતા 'મનુસ્મૃતિ' ગ્રન્થ સંબંધમાં પણ બન્યું છે. ભારતના જ એક રાજ્યની કૉલેજના વિદ્યાર્થીઓએ આ ગ્રન્થની નનામી કાઢીને તેની અંત્યેષ્ટિયાત્રા કાઢી હતી; એ સરઘસમાં ઘોષણાઓ કરી હતી કે, "અમને હવે ધર્મપ્રધાન સંસ્કૃતિનું બંધારણ ન ખપે."

### જાગતા રે'જો

પુણ્યવાનો! જાગતા રે' જો...ઊંઘતા ઝડપાઈ જવાનું હિચકારું અકાર્ય નહિ જ થવા દેતા. ઉપરના બન્નેય પ્રસંગો આર્યપ્રજાના અમંગળ ભાવીની એંધાણીઓ છે. જો ચેતતા રહીશું; જો સંગઠિત બનીને ઊભા રહીશું; જો મર્દ બનીશું; અને પવિત્ર બનીશું; જો મોક્ષમૂલક સ્વ–શાસ્ત્રોને વફાદાર રહીશું તો આપણો વાળ પણ વાંકો કરવાની તાકાત કોઈ ધરાવતું નથી. અન્યથા...સમગ્ર આર્યપ્રજા, સંસ્કૃતિ નાશ દ્વારા સર્વનાશની ભયાનક ખીણોના આરે એક જ સૈકામાં આવીને ઊભી રહેશે એવું સ્પષ્ટ ભાવી જાણે આંખ સામે મને દેખાય છે.

પણ મને વિશ્વાસ છે કે જ્યાં સુધી પ્રથમ કક્ષાના ધર્મગ્રન્થોની સાથોસાથ રામાયણ જીવશે; ત્યાં સુધી લોક–હૃદયના લાખ–લાખ સિંહાસનો ઉપર ભાવસમ્રાટ 'અધ્યાત્મ' બિરાજમાન રહેશે જ...

અને જ્યાં સુધી લાખો હૈયાંની એ ધરતી ઉપર એ ભાવસમ્રાટ વિહરી રહ્યા હશે ત્યાં સુધી આર્યપ્રજાના ભવ્ય ભાવીને ખેરવિખેર કરીને ખતમ કરી નાખવાની તાકાત કોઈનામાં નથી. રશિયા–અમેરિકાની સલ્તનત ભેગી થઈ ને પણ એ તાકાત પામી શકે તેમ નથી.

## કપરી કામગીરી

આપણે આ બધી વાત સમજવી જ પડશે. આપણા આર્ય દેશના ગૌરવો ક્યાં હતા? વર્તમાનમાં તો પશ્ચિમી યુગના પ્રગતિના ધોડાપૂરમાં સહુએ પોતાના જીવનની ઇતિશ્રી માની લીધી છે. પોતાના ઘરમાં ચાર લીટર દૂધ આવી જાય, રેડિઓ અને ટી. વી. સેટ વસી જાય, પોતાને ફ્લેટ મળી જાય, એટલે જીવનનું સંપૂર્ણ કર્તવ્ય માની લીધું છે. બાબાઓ એમ માને છે પપ્પા અને મમ્મી પૈસા કમાય છે. આપણે ઉડાવો, આપણે મોજ કરો, આમાં જ આપણું જીવન છે. આ પરિસ્થિતિમાં અમારી કામગીરી—'આ બધું ખોટું છે' એ સમજાવવાની—ખૂબ કપરી છે. આજે પ્રાંતોમાં પ્રધાનોને રાજ ચલાવવામાં જે તકલીફો છે; ભારતના વડાપ્રધાનને હિંદુસ્તાનનું રાજ્ય ચલાવવામાં જે મુસીબતો છે તેના કરતાં ય અપેક્ષાએ પરકલ્યાણનું કાર્ય વધુ કપરું છે. શી રીતે સમજાવવું કે અબ્રહ્મ કરતાં બ્રહ્મચર્યનો આનંદ વધુ છે? અબ્રહ્મથી વ્યાપ્ત જગતમાં બ્રહ્મચર્યનો મહિમા સમજાવવો શું સહેલ છે? આથી જ આજે કેટલાકો પોતાની આ કામગીરીથી દૂર થઈને મઠ ભેગા થઈ ગયા છે, તો કોઈ પોતાના આશ્રમ ભેગા, તો કોઈ આત્મ-કલ્યાણમાં જ ડૂબી ગયા છે.

## સંકટોની વચ્ચે કામગીરી

આજે ચારે બાજુ સંકટો છે. પોતાના જ ઘરમાં, પોતાના જ વર્તુળોમાં ટાંટીઆ ખેંચનારાઓ પાકયા છે. નિંદા-કુથલીના ગરમાગરમ બજાર આજે ચાલે છે. આવી પરિસ્થિતિ હોવાથી જ અમારું કામ—તમને સમજાવીને ધર્મસંસ્કૃતિની અભિમુખ કરવાનું—ખૂબ કઠિન બની ગયું છે.

## પ્રજા; સામૂહિક આપઘાતના ઘાટે

આજે ઘણા લોકો સામૂહિક આપઘાતના પંથે જઈ રહ્યા છે જેમ ધરતી ઉપર ક્યાંય ઘી ઢોળાયું. એની સુવાસ ચોગરદમ ફેલાઈ.

એક કીડી ધસી આવી. ઘી સાથે ચોંટી ગઈ. મરી ગઇ.

બીજી કીડી આવી, ચોંટી ગઈ. મરી ગઈ. દસ...વીસ...પચીસ...સો...બસો...પાંચસો કીડીનાં મડદાં થઈ ગયાં.

વળી એક કીડી આવી......તે ય ધસી...ચોંટી...એ ય મરી ગઈ.

હાય! આપઘાત! કેવી સામૂહિક હારાકીરી!

શું કરવા? અણસમજને લીધે સ્તો. માટે જ કીડી ક્ષુદ્ર જંતુ કહેવાય છે ને? પણ આ નવા યુગના માનવ-સમાજને થયું છે શું? ભારે સમજ ધરાવતો માનવ-સમાજ શા માટે આવા સામૂહિક આપઘાતને પંથે વળ્યો હશે? આ પંથે એણે શી સુંવાળપ જોઈ લીધી હશે?

એક પડ્યો, પ્રેમમાં...પ્રણયનો ભોગ થયો. જીવન ઝેર થઈ ગયું. અર્ધપાગલની દશામાં ભટકવા લાગ્યો.

બીજો...ત્રીજો...પાંચમો...પચાસમો...પ્રણય : પ્રણયભંગ : જીવનનું ઝેર : પાગલ દશા.

રે! પણ શું કરવા?

ચૌદ વર્ષની એક કુમારિકા! કપડાની નટખટમાં પડી; પફ–પાવડરના લપેડામાં પડી...યુવાનોના આકર્ષણે અટવાઈ.

ગુમાવ્યું શીલ; ગુમાવ્યું નૂર; ગુમાવ્યું હીર...અને તો ય...એની બહેનપણીઓ એ જ માર્ગે...એના જ પગલે...સહુએ ગુમાવ્યું.

જીવન જીવે છે એ બધી; મરવા ખાતર...હસે છે એ બધી, સૂકું–ફીકું : દેખાવ ખાતર.

આ સોસાયટીએ, મિત્ર–મંડળોએ, પર્યટનો અને પરિસંવાદે એ ન જાણે કેટલા આત્માઓના હીર હણ્યાં હશે? તેજ ચૂંથ્યાં હશે?

હાય! જેનું સ્મરણ કરતાં ય કંપ વછૂટી જાય છે તે સંતતિનિયમન! નસબંધી! ગર્ભપાત!

એક ભાઈ 'સ્મગલિંગ'માં ખૂબ કમાયા...એમણે એના મિત્રને વાત કરી... "મૂકને બીજી પંચાત...'સ્મગલિંગ'માં એક સાથે ધૂમ કમાણી છે. રાતોરાત માલદાર થઈ જવાય છે." અને...એનો મિત્ર પણ 'સ્મગલિંગ'માં ઝંપલાવે છે. એ પણ રાતોરાત માલદાર થઈ જાય છે. પરંતુ કોઈ કશો વિચાર પણ કરતું નથી કે આ કેટલું ભયંકર છે? આમાં કેવું ભયંકર નુકસાન છે?

રે! ત્યાં તો જાણે હોડ બકી છે સહુએ પહેલાં પહોંચવાની.

એકને, બેને, બસો જણને માઠું ન લાગ્યું...એટલે આખા સમાજને માઠું નથી લાગ્યું.

મોજથી સહુએ શેતાનને અંતરમાં બેસાડી દીધો છે!

નારીએ લજ્જાનાં વસ્ત્રો ફેંકી દીધાં છે ભારે બહાદુરીપૂર્વક.

પુરુષે તોડી ફોડી નાખ્યાં છે; પરંપરાગત બંધનો! મૂલ્યો અને ગૌરવો! એક પાપ! સાત વાર થાય કે હૈયું નઠોર બને......

એક પાપ? સાત વ્યક્તિઓને કરતું દેખાય કે પાપ પ્રત્યેની અછૂતતા મટી જાય; સૂગ નીકળી જાય; ભય નિર્મૂળ થઈ જાય.

આવા જૂઠા અભિગમ ધરાવતા માનવોનો આ સંઘ કેમ કહેવાય? આને તો માનવ–ટોળું જ કહેવું ઘટે.

ગાડરોનું ટોળું જ કહેવાય છે ને? કશો ય ફરક હવે રહ્યો નથી; ગાડરમાં અને માનવમાં.

એક ગાડર પડ્યું એક ખાડામાં; ક્રમશઃ બધાં પડ્યાં ખાડામાં.

એક માનવ પડ્યો; અનાચારમાં; બધાં પડ્યા અનાચારમાં.

ભયાનક વેગથી ફેલાઈ ચૂક્યા છે ચેપ, રુશ્વતખોરી અને હરામખોરીના...... મર્યાદાનાશના અને માનવતાહીનતાના. કોણ ઉગારશે? આ માનવ-ટોળાંને!

જ્યાં નાચે છે; શિક્ષિતો જ કલબોમાં!

જ્યાં એકઠા થાય છે; યુવાનો જ કિ-કલબોમાં!

જ્યાં સિનેમા જોવા નીકળે છે; પતિ-પત્નીઓ; બાળકોને સાથે લઈ ને.

જ્યાં પેટ ભરીને લૂંટવા લાગ્યા છે ધનવાનો; નિર્ધનોને!

જ્યાં લોકસેવકો (સત્તાધારીઓ) જ 'ખુરશી'ના બળે જાત-સેવામાં જ ગળાબૂડ ડૂબ્યા છે.

જ્યાં સંસ્કૃતિના રખોપાઓ (સંતો) જ કુંભકર્ણની નિદ્રા ખેંચી રહ્યા છે; બાદશાહી આનંદોપૂર્વક.

જગાડનારા જ ઊંઘમાં છે.

યુવાનો જ મીઠું ખોઈ રહ્યા છે.

યુવતીઓ જ વીર-પ્રસૂતા માતા બનવાની પાત્રતા ખોઈને રૂપનો જુગાર ખેલી બેઠી છે.

હવે, કોણ ઉગારશે? એ પ્રશ્ન જ અસ્થાને નથી શું?

જ્યાં 'વાસના' જ સહુનું મીઠું જીવન બની હોય; જ્યાં ઘેલછા જ સર્વત્ર વ્યાપી હોય; જ્યાં 'ટોળા-વાદ ઝિંદાબાદ'ના ગગનભેદી નારાઓ ચાલતા હોય ત્યાં એ ટોળાંનો તારણહાર કોણ બનશે? એ વિચાર જ અત્યંત હાસ્યાપદ લાગે છે.

હા......ટોળાવાદના આવા ધસમસતા ધોડાપૂરમાંય તે જરૂરી ઊગરી શકે છે કે જેને ખરેખર ઊગરવું જ છે, જે તણાવામાં તાણનો ત્રાસ જ અનુભવે છે. જેની આ તાણ આંખેથી આંસુ બનીને બહાર વહે છે.

આ ધસમસતા જળપ્રવાહની વચોવચ એક વડલો ઊભો છે. એની ઉપર એક મજબૂત માંચડો બાંધ્યો છે. ધર્મશાસનના એ માંચડાને જે વળગી પડે તે જરૂર ઊગરી જાય. કાળ ગમે તેવો કપરો હોય પણ તો ય આટલું સદ્‌ભાગ્ય તો કોઈ પણ વ્યક્તિનું આજેય જીવંત છે કે તે જો ધારે તો ટોળાંમાંથી છૂટો પડી શકે અને નૈતિક ધોરણોના ધર્મોને પામવાની ટિકિટબારીએ લાઇનમાં ઊભો રહી શકે.

કટોકટી ભલે ગમે તેવી આવી ને ચાલી પણ ગઈ. તે કદાચ તમને દાનચોરી કરતાં અટકાવી શકી હશે. રુશ્વત લેતાં અટકાવી શકી હશે કે સરકાર વિરુદ્ધ વર્તાવ કરતાં અટકાવી ગઈ હશે. પણ તમારે કપડાંમાંથી ઉદ્ભટતા દૂર કરવી હશે; સિનેમા જોવાનાં બંધ કરવાં હશે, કલબો કે જીમખાનાંઓનાં પગથીએ ચડવાનું બંધ કરવું હશે અથવા તમારે ક્રોધ ત્યજવો હશે કે કામવાસનાને કાબૂમાં લઈને વીર્યરક્ષા કરવી હશે તો ત્યાં પહેલાંય કોઈ કટોકટી નહોતી અને આજેય કોઈ જ કટોકટી નથી. તમે બેધડક રીતે આમાંની કોઇ પણ વાતનો અમલ આજે જ કરી શકો છો.

## कर्मण्येवाधिकारस्ते...

તમારા આજના જ છાપાઓ બોલે છે કે, હિન્દુસ્તાનની સ્ત્રીઓ અતિ ભયંકર દશામાં જીવે છે. દુઃખની મારી કોઈ ઘાસલેટ છાંટીને મરી જાય છે. કોઈ દસમા માળેથી ભૂસકો મારી જીવનનો અંત આણે છે. કોઈ ઝેર ઘોળીને મરી જાય છે. આ બધું હવે બધી મર્યાદાઓ વટાવી ગયું છે અને માટે જ સામૂહિક આપઘાતના પંથેથી અનેકોને ઉગારી લેવા માટે જ ધર્મગ્રન્થોનું વાંચન કરવાનો અમારો પ્રયત્ન છે. ફળનો કોઈ વિચાર કર્યો નથી. ફળ કેટલું મળશે? કેવું મળશે? એ આ કાળમાં કહેવું અતિ મુશ્કેલ છે. વાસનાઓની સામે પડકાર કરવો, સંસ્કૃતિના આક્રમકોની સામે ઝઝૂમવું, વિકૃતિઓના વાયરામાંથી પ્રજાને ઉગારી લેવા સંઘર્ષ કરવો એ જ જીવન છે. ગીતાનો એ શ્લોક "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" એ અમને કહે છે... કર્મની અંદર—કાર્ય કરવામાં જ તારો અધિકાર છે. હાર કે જીતના વિચાર વિના તું લડી લે. પરાયાના ફળને વિષે તો તારો કોઈ અધિકાર નથી.

ગમે તેમ હોય પણ પ્રવચનકારની જે શુભનિષ્ઠા છે; સ્વાધ્યાયનું જે લક્ષ છે, તેનો તો તેને સો ટકા લાભ મળવાનો છે.

## મારી અંતર્ભાવના

મારા અંતઃકરણમાં એક જ વાત છે કે કેમે કરીને મુંબઈના અને સમગ્ર ભારતના, યાવત્ વિશ્વના પવિત્ર આત્માઓ એમના જીવનનું કર્તવ્ય સમજી લે. એમને શું કરવાનું છે? એમના કલ્યાણની કેડી કઈ છે? એની ચિંતા કરતા થઈ જાય. અનાત્મવાદના ઘોડાપૂરમાં આજે લગભગ સહુ સંસારીઓ તણાયા છે, એનાથી સહુ પાછા જ ફરે, એ જ મારી મુખ્ય દૃષ્ટિ છે.

## આ દેશની ભૂમિ : ચાર્જડ ફિલ્ડ

આટલી ભૂમિકા કર્યા બાદ હવે હું તમને એ કહેવા માંગું છું કે આ આર્યાવર્તમાં આપણને જે જન્મ મળ્યો છે તે પ્રચંડ પુણ્યના ઉદયે મળ્યો છે. આ દેશમાં જન્મ

લેવો એ અત્યંત મહાન્ ઘટના છે. આ વાત સર્વ આર્યશાસ્ત્રોને સંમત છે. સર્વદર્શનોએ એકી અવાજે આર્યદેશમાં જન્મ મળવો એને મહાપુણ્યના ઉદયરૂપ જણાવેલ છે. એનું કારણ શું? એનું એક જ કારણ છે કે, આ દેશ સજ્જનો અને સંતોથી છાઈ ગયો હતો. આ દેશની રજકણો એમના પદસંચારથી પવિત્ર બની ચૂકેલી હતી અને એથી જ આ દેશ 'Charged field' (ચાર્જ્ડ ફિલ્ડ) બન્યો હતો. એના વાતાવરણમાં જે ઝડપાઈ જાય એ મહાન્ બની જતો, પતિતો આ દેશના પવિત્ર વાતાવરણમાં ઝડપાઈ જતા અને કદાચ એક રાતમાં ત્યાગી બની જતા. અહીંનું વાતાવરણ જ એવું ભવ્ય હતું કે વાલિયા જેવો ભયંકર લુંટારો વાલ્મિકી બની ગયો. કામાંધ બિલ્વમંગળ સંત સૂરદાસ બની ગયો. ચણ્ડકોસિયા જેવો ભયાનક નાગ તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીરદેવના પ્રભાવે આઠમા દેવલોકમાં પહોંચી ગયો. આવા તો અનેકાનેક પ્રસંગો આર્યાવર્તની આ ભૂમિ ઉપર બની ચૂક્યા છે! આ ભૂમિની ઝડપમાં જે આવી જતાં એનો જીવનનો 'ટર્નિંગ પૉઇન્ટ'—જીવનસુધારણાનું પ્રારંભિક બિન્દુ—પ્રાપ્ત થઈ જતું.

રત્નાવલી નામની સ્વપત્નીમાં અતિ આસક્ત તુલસી એક દી પત્નીના મહેણાંથી 'કામાંધ તુલસી'માંથી 'ગોસ્વામી તુલસીદાસ' બની જાય છે. આવા ટર્નિંગ પૉઇન્ટ (Turning Point) આર્યાવર્તના માનવો માટે કઠિન બાબત નથી. યૌવનમાં મદમસ્ત બનીને કૉલેજ–લાઇફ (College Life)માં આડાઅવળા બની ગયા હો, વાસનાના કાદવે કદાચ આત્મા ખરડાઈ ચૂક્યો હોય તો ય ચિંતા કરશો નહિ. તમારા જીવનને સુધરતા વાર નહિ લાગે. એનું કારણ માત્ર અમારો પ્રભાવ નથી. જોરદાર વ્યાખ્યાનશક્તિ પણ નથી; પરંતુ તમે જે દેશમા જન્મ્યા છો એનું 'ચાર્જ ફિલ્ડ' મુખ્ય કારણ છે. એમાં તમે ઝડપાઈ જાઓ. તમારું જીવન ધરમૂળથી પલટાઈને જ રહેશે.

આ દેશનું આવું દિવ્ય વાતાવરણ પહેલાં તો પાપ કદી થવા દેતું જ નહિ. અને કદાચ પાપ થઈ જાય, અનિચ્છાએ પણ પાપના માર્ગે ઢસડાઈ જવાતું તો અંતે આપણને રડાવતું, પ્રાયશ્ચિત કરાવતું. આવો આ દેશના 'ચાર્જ્ડ' થએલા વાતાવરણનો પ્રભાવ હતો.

## આર્યાવર્તના મૂળમાં : આત્મતત્ત્વનું ચિન્તન

આર્યાવર્તના ચિંતનોનાં મૂળમાં કેન્દ્રરૂપે આત્મા હતો. આપણે ત્યાં દરેક વાત આત્માને વિચારીને જ કરવામાં આવતી. આત્મતત્ત્વના ચિંતક સંતો આ દેશની ધરતી પર સર્વત્ર ઘૂમતા. અંગ્રેજો જ્યારે આ દેશમાં રાજ કરતા હતા ત્યારે, જ્યારે તેઓ પોતાના દેશમાં જતા ત્યારે એમની પત્ની અને બાળકો પૂછતાં કે 'હિંદમાં એવું તે શું તમે જોયું કે ત્યાં જ તમે રહી પડ્યા છો?' ત્યારે પેલા ગોરા અંગ્રેજો જવાબ આપતા કહેતા કે 'ના રે; હિંદમાં એવું તો કાંઈ જ વિશેષ નથી. એક તો હિંદુસ્તાનના જંગલોમાં ચોતરફ વાઘ, દીપડા અને બીજા જંગલી જનાવરો છે. અને બીજું ત્યાં

ચારે બાજુ જ્યાં ને ત્યાં બાવાઓ જ છે.' આ વાત ભલે તેઓ મશ્કરીરૂપે કહેતા હોય પરંતુ આ તદ્દન સાચી અને ભારતના વાસ્તવિક સ્વરૂપને રજૂ કરનારી વાત છે. કારણ આ દેશમાં સહુ પોતપોતાની મોક્ષલક્ષી ધર્મપદ્ધતિ પ્રમાણે સંસારનો પરિત્યાગ કરી દેતા. અને એથી જ અનેક લોકો આત્મચિંતનના પરિપાકરૂપે સંન્યાસ સ્વીકારી લેતા. આથી જ આ દેશ 'બાવાઓની ભૂમિ' તરીકે ઓળખાતો. સંતો, સજ્જનો અને સાધુભગવંતો આત્મતત્ત્વનું ચિંતન કરતા આ ધરતી પર ઘૂમતા રહેતા.

## આત્માદિ ષટ્સ્થાન

આત્મા જેવું તત્ત્વ છે જ. આ વાત તમારે સ્વીકારી જ લેવી પડશે. આ તો 'ડેટા' (સિદ્ધ સત્ય) છે. આ વિષયમાં કશુંય discuss (ચર્ચા) કરવાનું જ ન હોય. 'આત્મા છે' 'તે શરીરથી ભિન્ન છે અને નિત્ય છે' 'તે કર્મનો કર્તા છે.' 'કર્મનો ભોક્તા છે' 'સર્વકર્મથી તેનો મોક્ષ થાય છે' અને 'તે મોક્ષ પામવાના ઉપાયો પણ છે.' આ છ ય બાબતો આપણે ત્યાં સિદ્ધ થએલી છે.

આત્મા બાબતોમાં કોઈ ચર્ચાનો અવકાશ જ નથી. જે યુવાનો મારી પાસે આત્મા આદિના અસ્તિત્ત્વ બાબતમાં 'ડિસ્કસ' કરવા આવે છે, એમને હું સાફ કહી દઉં છું કે, 'મહેરબાની કરીને તમે ચાલ્યા જાઓ. અમારે આ બાબતમાં 'ડિસ્કસ' કરવું નથી. આ તો અમારો 'ડેટા' છે. એને સ્વીકારીને જ વાત કરવી હોય તો આગળ વધીને વિચારીએ શી કે રીતે આત્મકલ્યાણ કરવું?' જે લોકોના પોતાના જીવનના હજી કોઈ ઠેકાણા નથી એ લોકો અમારી સાથે સિદ્ધ એવા આત્મતત્ત્વ ઉપર 'ડિસ્કસ' કરવા આવે છે!! વાહ બલિહારી છે; કળિયુગની!

જે આત્માદિ તત્ત્વોનું અસ્તિત્વ પૂર્વના સંતો અને ભગવંતોએ પોતાના જ્ઞાનબળ દ્વારા સિદ્ધ કર્યું છે એની ઉપર શંકાકુશંકા કરીને 'ડિસ્કસ' કરવાની ચેષ્ટા કરનારા એ પૂર્વ ઋષિભગવંતોનું હળાહળ અપમાન નથી કરતાં તો બીજું શું કરે છે? આથી સિદ્ધ બાબતો ઉપર અમે ચર્ચા કરવા તૈયાર જ નથી.

## આત્મા ક્યાં સમજવો?

આત્મા છે જ અને તે શરીરથી જુદો છતાં શરીરમાં રહેનારો છે. તો તે ક્યાં છે? શરીરના તે તે ભાગોમાં જ આત્મા નથી જ્યાં સોય ભોંકતા આપણને દુઃખની લાગણી થતી નથી. સોંય લગાડતા જ્યાં વેદનાની લાગણી થાય છે ત્યાં સર્વત્ર આત્મા છે. વાળના અને નખના અગ્રભાગોમાં, નાકના પોલાણવાળા ભાગોમાં આત્મા નથી. કારણ ત્યાં સોંય ભોંક્તા દુઃખની લાગણી જન્મતી નથી. નાકની ચામડીના ભાગને જ સોંય લાગતાં દુઃખ થાય છે. કાચો નખ કપાતા અને વાળના મૂળ (Roots)માં

સોય લાગતાં જ વેદના થાય છે, તો તેમાં આત્મા છે જ, આત્મા છે અને તે શરીરથી સ્વતંત્ર છે, કર્મનો કર્તા અને ભોક્તા પણ છે. એનો મોક્ષ પણ થાય છે.

## મોક્ષ એટલે શું ?

મોક્ષ એટલે છૂટકારો...સંસારના તમામ દુઃખ, સુખ અને પાપોમાંથી સર્વથા અને સર્વદા છૂટકારો એનું નામ મોક્ષ. આ મોક્ષ સર્વકાલીન થાય છે. અને શાશ્વત છે.

"આવા મોક્ષને પામવાના ઉપાયો છે કે નહિ ? અમારે એવો મોક્ષ જોઈએ છે. અમે આ સંસારના દુઃખો અને પાપોથી ત્રાસી ગયા છીએ. અમે આ જીવનના ત્રાસોથી કંટાળી ગયા છીએ. અમારે એમાંથી છૂટવું છે" આવી જેઓને ઉત્કંઠા થાય તેમને માટે શાસ્ત્રો કહે છે કે 'હા...ભાઈ! એવા મોક્ષને પામવાના ઉપાયો પણ આ જગત્‌માં છે જ.'

રોજ ઘરમાં પત્ની સાથે કજિયા થાય છે ને? રોજરોજના પત્ની અને બાળકોના કજિયાથી તમે ત્રાસી ગયા છો ને ? તો તે દૂર કરવાના ઉપાયો પણ છે. ઘણાં લોકો અમને પૂછે છે : 'સાહેબ ! કાંઈ ઉપાય બતાવો. અમે તો આ જીવનથી ત્રાસી ગયા છે.' હું કહું છું : 'આવી જાઓ. અમારી પાસે સાધુ બની જાઓ.'

## અસંગનો આનંદ માણો

પત્નીના સંગના આનંદ કરતાં અસંગની મજા ઓર જ છે. પુત્ર–પરિવારના અને વૈભવી જીવનના આનંદ કરતાં તે બધાયના ત્યાગથી ઉત્પન્ન થતાં અસંગનો આનંદ ઘણો જોરદાર છે. એકવાર તમે અસંગનો આનંદ માણો તો ખરા. રોજબરોજના ઝઘડાળુ ઝેરી જીવનથી તમારે છૂટવું જ પડશે. એ વગર તમારો આરોવારો નથી.

તમે વિચાર તો કરો. મુંબઈ નગરીના વાલકેશ્વર એરિયામાં ૨૬–૨૬ માળના આવા ઊંચા તાડ બિલ્ડિંગોમાં તમે ભલે રહેતા. આલિશાન તમારા ફ્લેટો ! આખી ભીંતો વૈભવી સાધનોથી ભલે મઢેલી ! પણ એક દી તમારે એ છોડીને ચાલ્યા જ જવાનું છે ! કેટકેટલી મહેનત અને મથામણને અંતે આ મકાનો તમે ઊભા કર્યા છે ! કેટલા લાખો રૂપિયાનો આની પાછળ તમે વ્યય કર્યો છે ? છતાં તમારે એક દી મર્યા વગર છૂટકો જ નથી. બાવન પત્તાના મહેલ જેવો તમારો આ બંગલો ! એક દી કડડભૂસ ! એમાંથી જ તમારે એક દિવસ વિદાય લેવાની ! તમે કહેશો· "ના...ના... મારે નથી જવું... મારે તો અહીં જ સદા રહેવું છે ! મારે કદી અહીંથી જવું નથી..." પણ તોય... તમારે જવું જ પડશે. કોક જાણે તમને બળાત્કારે ખેંચી જશે... "નીકળો... અહીંથી બહાર...... અહીં તમારે કાયમ રહેવાનું જ નથી..." કેવી ભયંકર કમનસીબી છે !

## બાળક જેવી નાદાન રીતિ

તમારા બે બાબલાઓ ચોપાટીની કિનારે તમે જ્યારે ફરવા ગયા ત્યારે રેતીમાં ઘર બનાવીને રમવા લાગ્યા. તમે એક બાજુ દૂર વાતો કરતા હતા ત્યારે બાબલાઓ રેતીનું ઘર બનાવી, તેમાં કાણા પાડીને બારીઓ મૂકે છે. બારણાં બનાવે છે. તમે ઘેર પાછા ફરો છો ત્યારે કહો છો 'બેટા! ચાલો ઘેર!' બાબાઓ રડમસ ચહેરે કહે છે: 'પપ્પા! પણ અમારું આ ઘર!!'—તમે કહો છો: 'બેસ. બેસ. હવે તારા ઘરવાળો! લે, આ તારું ઘર!' એમ કહીને તમે એક લાત મારીને રેતીના ઘરને તોડી નાખો છો. તમને એ છોકરા નાદાન લાગે છે. મને લાગે છે કે છોકરાની જેમ બધા ય સંસારીઓ નાદાન નથી શું? યમરાજની એક જ ફૂંકે જે બંગલો ધરાશાયી થઈ જાય છે; જેમાંથી આ શરીરની ઠાઠડી એક દી "રામ બોલો ભાઈ રામ!" કરતાંકને નીકળવાની છે!

જેની ખાતર કાળા-ધોળા કર્યાં, અપાપ આત્માને પાપી બનાવ્યો, એ બંગલો, એ સંસાર, એક દી ખતમ થઈ જવાનો છે! કોક જાણે તમને ઇશારો કરી દેશે કે, "અય માનવ! બસ હવે તારી મર્યાદા આવી ગઈ છે. અટકી જા... હવે તારું જીવન પૂર્ણ થયું છે. ઊઠ...ચાલ...ઊભો થા..." અને એક જ પળમાં ચાલ્યા જવાનું. હંસલો પરલોક ભેગો થઈ જવાનો... હજી તો જાણે માથે રૂના પૂમડાં મુકાશે; કપાળે ઘી મુકાશે...અને તે ટાણે તો હંસલો પરલોકમાં ક્યાંક પહોંચી ગયો હશે. અહો! આપણાં આત્માની આ કેવી ઘોર અપમાનજનક દશા કહેવાય!

## પૂર્વે મુસલમાનોનું ય અપૂર્વ મોત

આર્યાવર્તમાં પૂર્વે માનવ એવું જીવન જીવતો કે ગમે ત્યારે મરી જવાનું આવે તો તો તે સજ્જ રહેતો. અને જરાય હાયવોય કે ગભરાટ ન કરતો. ખૂબ સહજભાવે 'ચાલો... જાઉં છું' કહીને તે મૃત્યુ પામતો. આ દેશના કેટલાક મુસલમાનો પણ એવું સુંદર મૃત્યુ પામતા.

પાટડીના એક મુસલમાન વૈદ્ય મૃત્યુના છેલ્લાં દિવસોમાં અમદાવાદની જુમ્માં મસ્જીદમાં ચાલ્યા ગયા. એમના દીકરાઓએ સાથે રહેવાની વાત કરી તો ઘસીને ના પાડી દીધી. "તમે મારી સાથે રહો અને તમારા ઉપર મને મોહ થઈ જાય તો અંતસમયે મારું મોત બગડી જાય. મરતાં મારી નજરમાં ખુદા ન રહે તો મારે કયામતના દિવસે ખુદાને શો જવાબ આપવો?" છેવટે એક નોકરને, છોકરાઓના ખૂબ આગ્રહને કારણે સાથે રાખ્યો... પણ જ્યારે એમને લાગ્યું હવે મારા પ્રાણ જવાને બેત્રણ કલાકની જ વાર છે ત્યારે નોકરને ય કોઈ બહાને દૂર રવાના કરી દીધો. અને અંતે ખુદાની બંદગીમાં જ પોતાના પ્રાણ છોડ્યા. આ દેશના મુસલમાનો પણ આ રીતે મૃત્યુને વરતા તે પ્રભાવ દેશમાં રહેલા સંતોના સત્સંગનો હતો. સંતોને

સંગે આત્માનું કલ્યાણ સાધી સુન્દર મોત જો મુસ્લીમો પણ પામી શકે તો ધર્મી કહેવાતા માણસોની દશા કેવી સુંદરતર હોવી જોઈએ?

તમારે આવા આર્યદેશમાં જન્મ પામીને આત્માનું કલ્યાણ કરવું છે? તો લાખો સંતો મહાસંતોએ આત્મા અંગેની જે ૬ બાબતો સિદ્ધ કરી છે, તેને આંખો મીંચીને સ્વીકારી લો. એમાં ચર્ચા કરવાની ખેવના પણ ન કરો.

કાયદાના નિષ્ણાત ગણાતા શ્રી નાની પાલખીવાળા પાસે તમે જાઓ અને તમે કહો કે કાયદાની ૪૨૦ D. કલમ બાબતમાં મારે તમારી સાથે ચર્ચા કરવી છે, તો પાલખીવાળા તમને પૂછે કે, "શું તમે વકીલ છો? ત્યારે તમે કહો કે "ના. હું તો કાપડિયો છું. અથવા તો અમુક મિલનો માલિક છું. હું કાંઈ વકીલ નથી." ત્યારે પાલખીવાળા તમને સાફ શબ્દોમાં કહી દે ખરા કે નહિ કે, "મેહરબાન! મારો સમય ન બગાડો. મને તમારી જોડે ચર્ચા કરવાની ફુરસદ નથી."

તમે કોઈ મોટા M. D. કે F. R. C. S. ડૉક્ટર પાસે જઈને કહો કે, "સાહેબ! મારે તમારી સાથે 'ટાઇફોઇડ'ના કીટાણુઓ વિષે ચર્ચા કરવી છે." તો ડૉક્ટર તમને શું કહી દે? કે "તમારી સાથે ચર્ચા કરવાનો મને અવકાશ નથી." એમ જ ને?

જે માણસોને જે વિષયમાં કશી સમજણ નથી તેવા લોકો તે વિષયમાં ચર્ચા કરવાને લાયક છે ખરા? આ દેશમાં આજે બુદ્ધિ ખૂબ વધી છે! બધા બધી બાબતમાં ચર્ચા કરવા નીકળી પડે છે. પણ યાદ રાખો...આ દેશમાં સમજણ કરતાં-ય પ્રથમ સ્થાન શ્રદ્ધાને આપવામાં આવ્યું છે; 'આત્મા છે' એ વાત શ્રદ્ધાપૂર્વક સ્વીકારી જ લો. પછી આપણે વિચારવાનું તો એટલું જ છે કે જો આત્મા છે જ... પરલોક છે જ...તો હવે આપણે શું કરવાનું છે? કઈ રીતે જીવન જીવવું જરૂરી છે જેથી આ લોક અને પરલોક—બેય—સુંદર બની જાય!

આ દેશ કેવળ કાયદાબાજોનો અને બુદ્ધિવાદીઓનો નથી. આ દેશ તો શ્રદ્ધાવાનોનો છે. અહીંથી ક્યારેક ક્યાંક મરીને જવાનું જ છે. અને ફરી પાછું ક્યાંક જન્મવાનું છે અને ત્યાં ફરી આપણા કર્મ પ્રમાણે જ આપણે જીવવાનું છે. એમાં કશો ફેરફાર થઈ શકવાનો નથી. પુરુષાર્થ જરૂર કરવાનો. પુરુષાર્થ પ્રમાણે ચાલી પણ શકાય. પરંતુ કેટલીક વાર કર્મો બળવાન બની જતાં હોય ત્યારે પુરુષાર્થ પણ પાંગળો બની જાય છે. આ વાતો સુનિશ્ચિત છે, ત્યારે 'આપણે શું કરવું' તે જ વિચારી લેવું રહ્યું.

## આપણો આર્યદેશ : પૂર્વે અને આજે

આપણા આ આર્યદેશમાં આત્મા અંગેની છ બાબતો માનવના મગજમાં સતત ઘૂમરી લેતી હતી. અરે! માનવો તો શું? આ દેશના કેટલાક પોપટો પણ આત્મ-

તત્ત્વની ચર્ચા કરતા હતા. 'આત્મા સ્વતઃ ગ્રાહ્ય છે કે પરતઃ ગ્રાહ્ય છે' એની વાતો કરતા હતા. 'મંડનમિશ્ર નામના પંડિત ક્યાં રહે છે?' એ પ્રશ્નના ઉત્તરમાં નગરની સ્ત્રીઓ કહે છે કે 'ભાઈ જે મકાનની બહાર પાંજરામાં રહેલા પોપટો પણ આત્મા-સ્વતઃ ગ્રાહ્ય છે કે પરતઃ ગ્રાહ્ય એની વિચારણા કરતા હોય અને જેના પ્રાંગણમાં શિષ્યો અને ઉપશિષ્યો આત્માની ચર્ચા કરતા હોય તે ઘર મંડનમિશ્રનું જાણવું.'

"स्वतः प्रमाणं परतः प्रमाणं किराङ्गना यत्र गिरो गिरन्ति ।
शिष्योपशिष्यैरुपगीयमानं अवेहि तन्मण्डनमिश्रधाम ॥"

આવા આ દેશની અંદર આજે ભયંકર અંધાધૂંધી ચાલી રહી છે. જે દેશ સદા આત્માની ચિંતા કરતો. એના પરલોક અને પરમલોકની ચિંતા કરતો, એ દેશની અંદર આજે સહુ દોડી રહ્યા છે; ભોગ સુખોની પાછળ! કોઈને જાણે કોઈની કોઈ પડી નથી સદા પલટાતું આ રાજકારણ જાણે 'મને આજે જ સુખી કરી દેશે' એવી આશાના તન્તુએ આજનો માનવ જીવી રહ્યો છે.

જે ટાણે બત્રીશ કરોડ હાડપિંજરો મસાણ તરફ દોટ મૂકી રહ્યા છે ત્યારે પણ આજનો માનવ પોતાના ફ્લેટોના વૈભવી જીવનમાં મોજ માણી રહ્યો છે. આજની પરિસ્થિતિ કેટલી ભયંકર છે એ તમે ક્યાં નથી જાણતા? આજે ઘરઘરમાં સાસુ-વહુઓ ઝઘડે છે. સાસુઓ વહુને માર મારી રહી છે. બેકારીને કારણે હજારોની સંખ્યામાં કારકુનો વગેરે ૨૮મા માળેથી પડતું મૂકે છે. આ ભારતમાં ૪૦ લાખ સ્ત્રીઓ દરવર્ષે ગર્ભપાત કરાવે છે. પોતાના સગા બાળકોનું પોતાના સગા હાથે જ માતાઓ ખૂન કરે છે. હાય! જમાનો! પોતાના ભોગસુખોની કારમી લાલસાઓ આ હિંદના માનવોને કેવા પાપી બનાવી રહી છે!

દેશમાં વગર યુદ્ધે દર વર્ષે ૪૦ લાખ બાળકોનો નાશ થઈ રહ્યો છે. સગી માતાઓ પોતાના બાળકોના નાશ કર્યા બાદ એ કેવી ઝૂરે છે એ તમે જાણો છો? સર્વે એમ બોલે છે કે, "ગર્ભપાત કરતા તો માતાઓ કરાવી નાખે છે; પરંતુ એ પછી એ માતાનું માતૃત્વ પોકાર કરે છે. એનું અંતર બાપોકાર રડે છે. અને એ ઝૂરી ઝૂરીને મરવાના વાંકે જાણે જીવે છે."

## ધર્મ ક્યાં? સર્વત્ર

આ બધી ખાનાખરાબીના મૂળમાં આર્યદેશની અર્થ અને કામની વ્યવસ્થા તૂટી ગઈ છે, તે કારણ છે. આપણે ત્યાં ધર્મ માત્ર ધર્મસ્થાનોમાં કરવાની કે આચરવાની વસ્તુ નથી. આજે ધર્મ માત્ર ધર્મસ્થાનોમાં જ કરવાની ચીજ બની ગઈ છે. અર્થ અને કામમાંય પૂર્વે ધર્મ પ્રવેશેલો હતો.

અર્થની અન્દર નીતિ અને નમ્રતાનો અને કામની અન્દર સદાચારનો ધર્મ જોડી દેવામાં આવ્યો હતો. ધર્મ સ્થાનોમાં જઈને ખૂટી ગયેલો પાવર પાછો મેળવવાનો છે. ધર્મ કરનારો કદાચ નીતિ ન કરતો તો ય એનું અંતર રડતું રહેતું. કોઈ યુવાન સ્ત્રીઓ સામે આવતી તો પણ તે એમની સામે વિકારી નજરે જોતો નહિ. એ સમજતો "मरणं बिन्दुपातेन जीवितं बिन्दुरक्षणात्" વીર્યના એક બિન્દુના પાતથી મરણ અને એક બિંદુના રક્ષણ માત્રથી જીવન પ્રાપ્ત થાય છે. પૂર્વના ઋષિઓ અને મુનિઓ પોતાના શિષ્યોને આશ્રમોમાં આ પાઠ શીખવતા. તપોવનોમાં આવી જ વિદ્યાનાં દાન થતાં. અને એ બ્રહ્મચારી યુવાનોમાં એક અપૂર્વ તાકાત પ્રાપ્ત થતી હતી.

શું ન્યાય અને નીતિ માત્ર ધર્મસ્થાનોમાં જ સાચવવાના છે? પ્રભુના નામનો જપ માત્ર મંદિરોમાં જ કરવાની ચીજ છે? એના દ્વારા પ્રાપ્ત થતી સમત્વની સાધના સર્વત્ર આદરવાની વસ્તુ છે. જેમ ખાવાનું માત્ર રસોડામાં પરંતુ પચાવવાનું સર્વત્ર. દિવાનખાનામાં ય પચાવવાનું કામ ચાલુ. રસ્તે ચાલતા અને પેઢીએ બેસીને ઘરાક સાથે વાતો કરતા પણ પચાવવાનું કામ ચાલુ. એ જ રીતે ધર્મ માત્ર ધર્મસ્થાનોમાં આચરીને મૂકી દેવાની ચીજ નથી. અર્થમાં નીતિ આદિ અને કામમાં સદાચાર આદિ ધર્મો ઘુસાડવા જ જોઈએ. યુવાનોએ સદાચાર, સ્ત્રીઓએ શીલ, વેપારીઓએ નીતિ પોતાના જીવનમાં સદા આચરવા જ જોઈશે.

## ઉત્તમ નીતિમત્તા

પૂર્વના કાળના મંત્રીશ્વરો પણ કેવા હતા? એકવાર મંત્રીશ્વર વિમળ આબુના પહાડ ઉપર જિનમંદિરનું નિર્માણ કરવા ઇચ્છતા હતા. આબુના પહાડ ઉપરની મોકાની જમીન લેવા માટે તેમણે પ્રયત્નો શરૂ કર્યા. તે ધારત તો રાજસત્તાનો ઉપયોગ કરીને જમીન મેળવી લેત, પણ તે આપખુદી તેમને માન્ય ન હતી.

તેમણે બ્રાહ્મણોને એકઠા કરીને તેમની માલિકીની તે જમીન માંગી. ઘણી વિચારણાના અંતે બ્રાહ્મણોએ એક દરખાસ્ત મૂકી કે જેટલી જમીન જોઈતી હોય તેટલી જમીન ઉપર પાથરીને સોનામહોરો આપવી.

વિમળ મંત્રીએ તરત જ એ દરખાસ્ત વધાવી લીધી. સોનામહોરોના કોથળાઓ ભરાઈને આવ્યા. જમીન ઉપર પાથરવાનું શરૂ કરવામાં આવ્યું. તે જ વખતે મંત્રી વિમળને એક વિચાર આવ્યો કે "આ તો હું અનીતિ કરી રહ્યો છું. સુવર્ણમહોર ગોળાકાર છે એટલે જમીન ઉપર પાથરતાં થોડીક થોડીક પણ જગા સોનામહોર વિનાની રહેશે જ. આટલી જગા આવી અનીતિથી કેમ લેવાય?" તરત જ તેમણે તે સોનામહોર રાજના ભંડારમા પાછી મોકલી અને ખાસ નવી ચોરસ સોનામહોર તૈયાર કરાવીને પથરાવીને જરૂરી જમીનની ખરીદી થઈ ગઈ.

એક મહોરના પચીસ રૂ. ગણાય તો પણ ૪,૫૩,૬૦,૦૦૦ રૂ. માત્ર જમીન ખરીદવામાં થયા.

## તમારું પાપ તમને કરડે છે ?

ક્યારેક તમે અન્યાય કરો. અનીતિ કરો. તો ય તમારું 'કૉન્સ્યસ' તમને કરડે (બાઇટ) છે ખરું ? 'પાંચસો રૂ. ખાતર હું અનીતિ કરી રહ્યો છું. વ્યાજવટાવના ધંધામાં હજાર બે હજાર ખાતર હું લેણદારનું ગળું રહેંસવાના કામ કરું છું ?' આમ તમારું મન તમને પાપ કર્યા પછી કરડે છે ખરું કે નહિ ? અનીતિ કે અસદાચાર આચાર્યા પછી તમને આખી રાત ઊંઘ ન આવી તેવું બન્યું છે ખરું કે નહિ ? ગોળ લગડીઓ ગોઠવીને જેટળી જગ્યા મળી તેમાં વિમળને અનીતિ થતી લાગી તો એણે ચોરસ લગડીઓ કરાવી. આપણને આ રીતે આપણું પાપ જો કોરી ખાતું હોય તો ય આપણે એકવાર જરૂર સાચા માર્ગે આવી શકાશું.

## સહુ સાધુ બની જાઓ

આ તાકાત આર્યદેશના માનવોમાં ક્યાંથી આવી ? કારણ ? કારણ આ દેશની ધરતી પર આત્મા અને તેના ષડ્ સ્થાનોનું ચિંતન ઘૂમરી લેતું હતું. આ ચિંતનના પ્રતાપે સહુ માત્ર આલોકના જ સુખના ચાહક ન હતા. પણ પરલોકના વિચારને પ્રાધાન્ય આપનારા હતા. એ માટે મુનિજીવન સ્વીકારવું જરૂરી બનતું તો તેય સ્વીકારવા તૈયાર રહેતા.

હું આજે જ તમને બધાને સાધુ બનાવી દેવાની વાત કરતો નથી. હું ઇચ્છું છું જરૂર; કે તમે બધા ય સાધુ થઈ જાઓ. આજે તો સાધુને જ બધી રીતે મઝા છે. સાધુ પોતાની સાચી સાધુતા દ્વારા પરલોકમાં તો સદ્ગતિ નિશ્ચિત કરે જ છે. પરંતુ આ લોકમાં ય વર્તમાન રાજકારણનો વિચાર કરો તો સાધુ જ સાચો સુખી છે.

## માને ગાળો આપતો દીકરો

આજની સ્થિતિ અત્યંત ભયંકર છે. આજે મા-બાપો પોતાના સંતાનોથી ય સુખી નથી, એક મોટા શહેરમાં હું ગયો હતો. ત્યાં એક પચાસ વર્ષની માતા પોતાના ૨૩ વર્ષના યુવાન પુત્રને લઈ ને મારી પાસે આવીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. મેં કારણ પૂછ્યું. તેણે કહ્યું, "સાહેબ ? હું શું કરું ? આ મારો આવડો મોટો દીકરો સાહેબ ! મને ગાળો આપે છે. મેં એને પાળી પોષીને મોટો કર્યો. અને સાહેબ ! આજે કાંઈ કમાઈ આપવાને બદલે એ મને છેલ્લામાં છેલ્લી કક્ષાની ગાળો આપે છે.

સાહેબ! મારાથી હવે એ સંભળાતી નથી. આના કરતાં તો મને એ ઝેર આપી દે તો વધુ સારું! મહારાજ સાહેબ! આપ એને કાંઈક સુધારો."

આ બેનની આ વાત સાંભળીને મારી આંખમાં આંસુ આવી ગયા! આ છે; ભારતની દશા! હાય! સગો દીકરો સગી માને છેલ્લી કક્ષાની ગાળો આપે!!!

## પાપોના મૂળમાં કુસંગતિ

આ પરિસ્થિતિ કોણે સર્જી? મને પૂછતા હો તો આ કુસંગનું ભયંકર પરિણામ છે. શિક્ષણ પણ એટલું દોષિત નથી જેટલો દોષિત આ કુસંગ છે. ખરાબ મિત્રો અને ખરાબ બેનપણીઓના કુસંગે તો હાહાકાર મચાવી નાખ્યો છે.

શિક્ષણ ક્યારેય કહેતું નથી કે, "તમારી માતાને તમે ગાળ આપો." શિક્ષણ ક્યારેય કહેતું નથી કે, "પૈસા ખાતર તમારા પિતાની સામે કોર્ટે લડી લો." શિક્ષણ ક્યારેય કહેતું નથી કે, "તમે દારૂ પીઓ."

અલબત્ત; શિક્ષણે એ પણ નથી શીખવ્યું કે, "તમે તમારા મા–બાપને પગે લાગો." શિક્ષણે એ પણ નથી શીખવ્યું કે "પૈસા ખાતર તમારા પિતાની સામે કદી કોર્ટે ન જાઓ." શિક્ષણે એ પણ નથી શીખવ્યું કે, "पितृ देवो भव. मातृ देवो भव. अतिथि देवो भव. તમારા માતાને, તમારા પિતાને તમારા આંગણે આવેલ અતિથિને દેવ સ્વરૂપ માનો. અને તેમની પૂજા કરો" શિક્ષણે એ પણ નથી શીખાવ્યું કે, "રસ્તે ચાલ્યા જતાં ગરીબોને દાન આપીને તમારા હૃદયની કરુણા જીવંત રાખો."

આવું સાંસ્કૃતિક જીવન જીવવાનું શિક્ષણે નથી શિખવ્યું એ એનો બેશક, મોટામાં મોટો ગુનો છે. પરંતુ શિક્ષણ કરતાંય કુસંગ બધુ ભયંકર છે, કારણ એણે આ બધા પાપો કરવાનું—માનવીય જીવનને સંપૂર્ણ 'નેગેટિવ' બનાવવાનું—પાપી કાર્ય કર્યું છે. માટે જ આ યુવાનો અને યુવતીઓને ખાસ ભલામણ કરું છું કે ભાઈબંધો અને બેનપણીઓ કરતાં સો વાર વિચાર કરજો. મિત્રોના આ કુસંગે ચડેલો, એના રવાડે ચડેલો આત્મા કદાચ ક્યારેય નથી છૂટી શકતો.

## હક્કનો હડકવા અને મા-બાપના વારા ...

આજના મિત્રો ૧૮ વર્ષના પોતાના યુવાન મિત્રને પૈસા ખાતર બાપની સામે કોર્ટે લડી લેવાનું શીખવે છે. શું આ દેશમાં જન્મેલા માનવો હક્કની ખાતર ઝઘડા કરે? આ દેશમાં આજે સમાન હક્કોનાં વર્ષો ઉજવાય છે. નારીઓના હક્કો, યુવાનોના હક્કો, કામદારોના હક્કો!! હક્કોના ખાતર લડતા માનવો! અરે! જે દેશમાં નાહક્કની લડાઈ થતી. 'મારે નહિ જોઈએ' 'મારે નહિ જોઈએ' એવી

ના—હક્કની મીઠી લડાઈ જામતી, એ દેશના માનવો આજે પોતાના હક્કોની ખાતર મારામારી કરે છે!! પોતાના હક્કોની ખાતર સગા બાપની સામે યુવાન કોર્ટે જાય છે!! હક્કનો હડકવા સર્વત્ર લાગુ થઈ ગયો છે.

પૂર્વના કાળના માનવોને આવો હક્કનો હડકવા લાગુ પડ્યો નહોતો. અને તો જ શ્રવણ જેવા-માતાપિતાના ભક્તો—આ દેશની ધરતી ઉપર પેદા થયા હતા. આખા દેશના તીર્થોની જાત્રા—મા બાપને કાવડમાં લઈ—કરાવનાર શ્રવણ જે દેશમાં પાકયો, એ જ આ દેશમાં આજે વૃદ્ધ મા બાપને સાચવવાના વારા બંધાય છે! છ મહિના તારે ત્યાં ને છ મહિના મારે ત્યાં... આવા વારા બે ભાઈઓ કરે છે. આપણાં માબાપોએ આપણને મોટા કર્યા ત્યારે વારા નહોતા બાંધ્યા કે છ મહિના હું તને પાળીશ. અને છ મહિના નહિ! આજના કેટલાક નફફટ છોકરા અમને પ્રશ્ન કરે છે "સાહેબ! માબાપે અમારા ઉપર શો ઉપકાર કર્યો છે!" આવા વિચિત્ર પ્રશ્નોના પથરા અમારી સામે મારે છે. પણ એ સારું છે કે અમારી પાસે એના જવાબો છે. આ માત્ર દેખાવના જ ભયંકર-બમ્પર બોલ જેવા પ્રશ્ન છે.

## મા-બાપનો ઉપકાર શું?

જૈન સાધુ ગામોગામ ફરતા હોય છે. એથી અનેક અનુભવી એમને મળતા રહે છે. રાજકોટમાં એક અનાથાશ્રમ છે. એકવાર ત્યાંના મુખ્ય સંચાલક ભાઈ મારી પાસે આવ્યા. મેં એમને પૂછ્યું: "તમારે ત્યાં શી રીતે તમે બાળકો ઉછેરો છો? શું બધાય જીવી જાય છે?" એમણે જવાબ આપ્યો, "સાહેબ! જો મહિના, બે મહિનાનું બાળક અમને મળે તો ચોક્કસ તે જીવી જાય છે. પરંતુ સાત દિવસનું કે તેથી ઓછા દિવસનું બાળક આવે તો તે જીવતું જ નથી" એનું કારણ તેમણે જણાવ્યું કે, "સાત દિવસ સુધી સગી માતાનું વાત્સલ્ય બાળકને મળતું નથી. અમે આયાઓ રાખીએ છીએ. એ દૂધ પાય છે. એનો સુંદર રીતે ઉછેર કરે છે. કાળજી લેવામાં કશી કમીના રાખતા નથી. છતાં સગી માતાની હૂંફ વગર, એના વાત્સલ્ય વગર, એનું ખોળું, એની ગરમી, મળ્યા વગર બાળક જીવતું જ નથી."

હું તમને પૂછું છું કે તમે જીવી ગયા છો, ૨૦,૨૨,૪૦ અને ૫૦ વર્ષના તમે થઈ ગયા છો, તેમાં તમારી માતાએ તમને પ્રથમના ૭ દિવસમાં જે હૂંફ અને વાત્સલ્ય આપ્યા તેમાં ઉપકાર કોનો? માએ તમને પ્રથમના સાત દિવસ રઝળતા મૂકી દીધા હોત તો તમારું શું થાત? તમે જીવતા રહ્યા હોત ખરા? આજના કાળમાં સ્ત્રીઓ ગર્ભપાત કરાવી નાંખતી હોવા છતાં તમારી માતાએ તમને જીવતા રાખ્યા અને તમને નવ મહિના પેટમાં સંગ્રહી રાખ્યા એ કોનો ઉપકાર! બીજી ઉપકારોની વાત જવા દો શું આ પ્રાથમિક ઉપકારો તમારી નજરમાં આવતા નથી!

યાદ રાખો. ગૅસના સ્ટવ હજી બદલી શકાશે. પથારી હજી બદલી શકાશે. કપડાં દિવસમાં ત્રણવાર બદલવા હશે તો બદલી શકાશે. આ ભયંકર કલિયુગમાં પત્ની પણ બદલી નાખનારા લોકો જોવા મળે છે; પરંતુ માતા જીવનમાં કદાપિ બદલી શકાતી નથી. તમે બે બાળકોના બાપા બન્યા. તમે તમારું જીવન શાંતિથી જીવી શકનારા બન્યા આ બધાના મૂળમાં તમારી જે માતાએ તમને જન્મ આપ્યો, જીવાડ્યા, અને પાળી પોષીને મોટા કર્યા એ માનો અપાર ઉપકાર છે. નફ્ફટ પુત્ર જ આવો પ્રશ્ન કરે કે "મારા મા–બાપનો મારા ઉપર શું ઉપકાર છે?"

## દરેક વસ્તુના મૂળમાં જાઓ

રાજકોટના અનાથાશ્રમની વાત હું તમને જણાવી ગયો. સૌરાષ્ટ્રમાં પહેલાં માત્ર ચાર જ અનાથાશ્રમો હતા. આજે એ વધીને ચોસઠ થયા છે. શા માટે અનાથાશ્રમો વધ્યા એનો વિચાર કદી કોઈએ કર્યો ખરો? પાપના મૂળીઆ જ્યાં સુધી ઊખેડી નાંખવામાં નહિ આવે ત્યાં સુધી તે પાપો દૂર થનાર નથી. અનાથશ્રમોમાં દાન આપનારા ભાઈઓને હું કહેવા માંગુ છું કે, "તમે અનાથાશ્રમોમાં લાખો રૂપીઆના દાન કરો છો તો એના કરતાં બ્રહ્મચર્યની મહત્તા સમજાવતા પુસ્તકો–પુસ્તિકાઓના પ્રચારમાં એટલો પૈસો કાં નથી ખર્ચતા? બેનોને એ સમજાવો કે ફર્સ્ટકલાસના કમ્પાર્ટમેન્ટ–ડબ્બા–માં બાળકને રઝળતું મૂકીને ચાલ્યા જાઓ છો, તે શું અતિ ભયંકર બીના નથી?" આ વસ્તુ સમજાવતા સાહિત્ય વગેરેને પ્રસાર કરવા આજે લાખ રૂ. નું દાન આપવા કોઈ તૈયાર નથી. આ રીતે જ્યાં સુધી મૂળમાં જવામાં નહિ આવે; બેનો બ્રહ્મચર્યનો આદર્શ સમજતી નહિ થાય; ત્યાં સુધી આવા હજારો અનાથાશ્રમો ઊભા કરવા છતાં આ પ્રશ્નો ઊકલી શકશે નહિ. આવું દરેક બાબતમાં વિચારવાની જરૂર છે. આજે દંતયજ્ઞો ચલાવવામાં આવે છે; પરંતુ દાંતમાં સડો ફેલાવનારા ભૂંસા, ભજીયાં અને ગમે તેવા ગંધાતા ખોરાકો ખાવાનું બન્ધ કરવા કોઈ યજ્ઞ ચલાવવામાં આવતો નથી. નેત્રયજ્ઞો યોજવામાં આવી રહ્યા છે; પરંતુ આંખોને બગાડનારા સિનેમા અને ટી. વી. જોવાનું બન્ધ કરાવવા માટેના યજ્ઞો ચલાવવાનો કોઈને વિચાર સુદ્ધાં આવતો નથી.

જ્યાં સુધી પાપોનાં મૂળ ખતમ કરવામાં નહિ આવે ત્યાં સુધી પાપોના ઝાડ ઉગતા જ રહેવાના. સૌ પ્રથમ મૂળને ડામો. મૂળને ડામવામાં આવશે તો જ રોગો અને પાપો દૂર થશે.

## આ તે મનોરંજન કે મનોભંજન?

મારે તમને એ વાત કરવી એ કે આજે તમે લોકો જે રીતે ફ્લૅટોમાં રહેતા થઈ ગયા છે, બંગલાઓ બંધાવીને તમારી જાતને સુખી માનતા થઈ ગયા છે, એટલા

માત્રથી તમારી જાતને તમે પર્યાપ્ત ન માની લો. તમારા આ આ વૈભવો અને બંગલાઓ તો બીજા માનવોના અંતરમાં ઇર્ષ્યાની ભયંકર આગ ઉત્પન્ન કરી રહ્યા છે. તમારા વૈભવો જોઇને સામાન્ય સ્થિતિના મનુષ્યો હૈયાથી ભડકે બળી રહ્યા છે. ચાર રૂપિયાની ટિકીટ લઈને સિનેમા જોઈ નાંખો છો; પરંતુ એટલા માત્ર કામ પતી જતું નથી. સિનેમામાં જોએલા દશ્યો તમારા ઘરમાં ભજવવાની આતશ અંતરમાં જાગે છે. કેવા ભયંકર છે આ સિનેમા! જે તમારા ઘર-ઘરમાં સંઘર્ષો જગાવે છે; કોઈ વ્યક્તિના અંગોપાંગ જોઈને તેમાં રાચવું એ શું સજ્જન માણસને શોભે છે? એના દ્વારા આજના સજ્જનો ખુશી અનુભવે છે!! અને પાછું આ બધું 'મનોરંજન'ના નામે!! મનોરંજનના નામે દારૂ પીવાની શા માટે છૂટ આપવામાં આવતી નથી? મનોરંજનના નામે રસ્તે ચાલી જતી પરાયી સ્ત્રીની મસ્કરીઓ કરવાની શા માટે છૂટ અપાતી નથી? જો મનોરંજનના નામે આવી બધી છૂટો આપી શકાય તો હું કહું છું કે જેમાં પારકા સ્ત્રી અને પુરુષના અંગો જ જોવાના છે એવા પાપી સિનેમાને 'મનોરંજન'ના નામે શા માટે ખતવવામાં આવે છે! આ તો 'મનોરંજન' છે કે 'મનોભંજન'? મનોરંજનની પણ કોઈ મર્યાદા હોય છે. જેવા તેવા મનોરંજન ન હોય! જે તે પ્રકારના મનોરંજનો પણ ન હોય.

## આર્યને માથે લદાયેલા નિયમો

"પરધન પત્થર માનીએ, પરસ્ત્રી માત સમાન" આ વાતો આ આર્યદેશમાં ગુંજતી હતી. આ નિયમો આપણે માનીએ કે ન માનીએ આપણાં માથે લદાયેલા જ છે. એને સ્વીકારીને જ પ્રત્યેક આર્યે ચાલવું રહ્યું. આજે અમે તમને "સિનેમા છોડો" એમ કહેવા આવ્યા છીએ; પણ તમારા ઘર–ઘરમાં આજે ટી. વી. ઘૂસી ગયા છે. શી રીતે હવે અમારે તમને કહેવું કે તમે સિનેમા છોડો! સિનેમા તો ટી. વી. દ્વારા તમે ઘરમાં બેઠા જ જોતા થઈ ગયા છો. હવે ટોકિઝમાં ન જાઓ તેથી ય શું?

## અન્તે તમે કહેશો : 'મુનિજી સાચા હતા'

આ બધી મારી વાતો તમારે સાંભળવી જ પડશે. તમે બધા વિશાળ મનવાળા (broadned minded) છોને? બધાની વાતો તમે સાંભળો છોને? તો મારી પણ આ વાતો તમને ગમે કે ન ગમે સાંભળી જ લો. પણ સંસ્કૃતિપૂર્ણ જ જીવન જીવવાની મારી આ વાતો હું કાંઈ તમારી ઉપર લાદી બેસાડવા માંગતો નથી.

તમે લોકો ભલે મને રુઢિચુસ્ત કહો એનો મને જરાયે વાંધો નથી. પણ સાંસ્કૃતિક જીવન પદ્ધતિને આચારમાં મૂકવાની વાતો હું તમારી સમક્ષ રજૂ કરવા

માંગું છું. સંભવ છે કે આ ચાતુર્માસમાં વીસ પ્રવચનો સાંભળ્યા બાદ તમે કદાચ એક કહેતા થઈ જશોકે 'મહારાજશ્રી સાચા હતા!'

## કેવો મહાન આર્ય દેશ!!

કેવો આ આર્ય દેશ હતો! પોતાનો સગો પતિ, પત્નીને સાડલો કે એવી કોઈ ભોગ સુખની સુંદર સામગ્રી લાવીને આપતો, તો મૈત્રેયી જેવી પત્નીઓ પતિને પૂછતી : "આર્યપુત્ર! આપ આ જે ચીજ લાવ્યા છો તેનાથી શું મારો મોક્ષ થશે?" અને જો પતિ કહેતો કે ' ના...આ તો માત્ર શરીરને ઢાંકવાની ચીજ છે. આ તો સાડલો છે. આનાથી કાંઈ મોક્ષ ન થાય." તો પત્ની ઝટ કરતી કહી દેતી કે, "જેનાથી મારો મોક્ષ ન થાય તેવી વસ્તુને હું શું કરું."

"येनाऽहं नामृता स्यां, तेन किं कुर्याम्?"

આવી દીર્ઘદષ્ટિ, આવી આત્મા અને મોક્ષ અંગેની વ્યાપક વિચારણાઓ આ દેશની સ્ત્રીઓના જીવનમાં પણ જોવા મળતી હતી.

આ આર્યાવર્ત્તમાં એકાદ ભામાશા, એકાદ જગડૂશા કે એકાદ બે સીતાઓ પાકી ન હતી. અહીં તો સજ્જનો, સંતો, શૂરવીરો અને દેશ તથા ધર્મના અવિહડ ભક્તો હજારોની સંખ્યામાં જોવા મળતા હતા. અને માટે જ અંગ્રેજો પોતાના દેશમાં જઈને કહેતા હતા કે "હિન્દુસ્તાનમાં તો સંતો અને બાવાઓ ઠેર ઠેર જોવા મળે છે."

## આર્ય દેશની મહાનતાનું મૂળ : ધર્મતત્ત્વ

સંતો અને સજ્જનોના જીવન આટલા ઊંચા કેમ હતા? એનું મૂળ ધર્મતત્ત્વમાં પડેલું હતું. ધર્મ માત્ર ધર્મસ્થાનોમાં જ નહિ, લોકોના જીવન વ્યવહારમાં પણ સર્વત્ર વણાયેલો જોવા મળતો હતો.

## લગ્ન પણ બીજરક્ષા અને વાસના નિયન્ત્રણ માટે

રે! આર્યદેશની લગ્નવ્યસ્થામાં પણ ધર્મ હતો. વાસનાથી પીડાતો માનવ જો લગ્ન ન કરે અને પત્નીરૂપી એક જ ખીલે બન્ધાઈ ન જાય તો અનેકના સંગમાં ફસાતો જતો તે કેવો અનર્થ મચાવે? પુરુષ માટે પત્ની ખીલારૂપ હતી અને પત્ની માટે પુરુષ પણ ખીલા જેવો હતો. લગ્ન પણ પોતાની પત્ની સાથે ભોગસુખો ભોગવવા માટે નહિ, પરંતુ પરસ્ત્રીના સાથેના અસદાચારમાંથી બચવા માટે જ હતું. એવું જ પત્નીને માટે પણ હતું. પુરુષ જો અન્ય સ્ત્રીઓ સાથેના અસદાચારમાં

ફસાઇ જાય, ખોટા રવાડે ચડી જાય તો બીજ બગડી જાય. અને ભાવી સંતાનો ખરાબ પાકે. આવું બનવા ન પામે, અને ભાવિ સંતાનોમાં વારસાગત બીજની શુદ્ધિ પ્રાપ્ત થતી જ રહે, તે માટે જ સમાન કુળોમાં અને સમાન આચાર વાળા કુટુમ્બોમાં જ કન્યાની લેવડદેવડ વગેરે વ્યવહારો હતા. આમ આર્યદેશની લગ્ન વ્યવસ્થામાં ય પરંપરાગત બીજશુદ્ધિની રક્ષા અને અસદાચારનું નિયન્ત્રણ મુખ્ય હેતુઓ હતા. અર્થ અને કામમાં પણ અનીતિ અને અસદાચાર ઉપર નિયન્ત્રણ મૂકાતા. આમ અર્થ નીતિયુક્ત અને કામ સદાચારયુક્ત આ આર્યદેશમાં જોવા મળતો.

## વાચસ્પતિ મિશ્ર અને ભામતી

વાચસ્પતિ મિશ્રનો પ્રસંગ તમે જાણો છો? વાચસ્પતિ નામના એક મહાન્ પંડિત થઈ ગયા. જેમણે શાંકર ભાષ્ય ઉપર 'ભામતી' નામની મહાન્ ટીકા રચી છે. યૌવન વયમાં આ પંડિતને તેના પિતા કહે છે "બેટા હવે લગ્ન કરી લે" પુત્ર કહે છે; "પિતાજી! પરણવાની મારી ઇચ્છા નથી. મને શાસ્ત્રની રચના કરવાની ખેવના છે. મને તે કરવા દો. લગ્નજીવન મને તેમાં બન્ધનરૂપ બની જશે." પરન્તુ પિતાના અતિ આગ્રહને વશ થઈ અતે વાચસ્પતિને પરણવું પડે છે. ચોરીમાં ફેરા ફરી જતાંની સાથે જ વાચસ્પતિ પાછો પોતાના ટીકાના સર્જન–કાર્યમાં ગૂંથાઈ જાય છે. નવોઢા પત્ની સાથે વાત કરવાની પણ એને ફુરસદ નથી. એનું મુખ પણ એણે ધારીને જોયું નથી. રચનાની અજબ ધૂનમાં એને વાસના પજવી શકતી નથી. એને સાહિત્યરચનાની ધૂન હતી પણ એની પત્નીને તો કાંઈ તેવી ધૂન ન હતી. એના અંતરમાં તો જરૂર વાસના હતી. છતાં આર્યદેશની પત્ની હમેશ પતિની ઇચ્છા ને જ અનુકૂળ બનીને ચાલતી.

ભામતીએ જોઈ લીધું કે 'પતિને તો શાસ્ત્ર સર્જનનો જ શોખ છે. તેમને મારી કોઈ જરૂર નથી.' દિવસે લખે છે. અને રાતે પણ વાચસ્પતિ ટીકાનું સર્જન જ કર્યા કરે છે. રાતે લેખન કરતાં પતિને દીવાની જરૂર પડે છે એ વાત પત્નીએ સમજી લીધી અને રોજ રાતે પતિના ખંડમાં જઇને દીવામાં તેલ પૂરી આવે છે. સિવાય એક અક્ષર પણ બોલતી નથી.

ત્રીસ વર્ષ સુધી આ ક્રમ ચાલુ રહ્યો અને ત્રીસ વર્ષ ને અંતે ટીકાનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું. ત્યારે 'આવી મહાન્ ટીકાને શું નામ આપવું?' તે વિચારતા પતિ કાંઈક સ્વસ્થ ચહેરે બેઠા હતા. ભામતી દીવામાં તેલ પૂરવા આવે છે. એને જોઈને વાચસ્પતિ પૂછે છે : 'રે! બાઈ! તું કોણ છે?' આ પ્રશ્નથી ચકિત થઈ ગયેલી ભામતી કહે છે : 'આપની 'દાસી'...પતિ પૂછે છે : 'કોણે તને રાખી છે? પિતાજીએ? તેઓ તને શું મહેનતાણું આપે છે?' આવો પ્રશ્ન સાંભળી વધુ વિસ્મિત બનેલી ભામતી કહે છે : "સ્વામિનાથ! એવી મહેનતાણું લેતી

'દાસી' નહિ. આપની સાથે, મારા પિતાએ મને પરણાવેલી આપની અર્ધાંગનારૂપ દાસી ! આપની ધર્મપત્ની !'

આ ઉત્તર સાંભળી વાચસ્પતિ મિશ્રની આંખમાંથી આંસુની ધાર ચાલી જાય છે. તે વિચારે છે કે 'એક દિવસ કે એક રાત પત્ની સાથે બેઠો નથી. એની સાથે વાત કરી નથી. જેણે દેહસુખની ઇચ્છાથી જ લગ્ન કર્યું છે એવી આ નારી પતિના અંતરની ઇચ્છાને અનુસરીને ત્રીસ ત્રીસ વર્ષ સુધી મૂકભાવે, નિરાશંસભાવે સેવા કરતી રહી છે. એણે વાસનાની કદી માંગણી કરી નથી. ધન્ય કોણ? હું કે આવો મહાન ભોગ આપનારી મારી પત્ની!' આ વિચારે ચડેલા પંડિતે અંતે એ ટીકા દ્વારા પત્નીનું નામ અમર કરી દેવા માટે ટીકાનું "ભામતી" એવું નામ આપી દીધું.

કેવું મહાન હતું આ આર્યાવર્ત! અને કેવી મહાન હતી આ દેશની નારીઓ! અર્થ અને કામ ઉપર કેટલું અદ્‌ભુત નિયંત્રણ હતું; આ આર્યદેશના માનવોનું !

## સંસ્કૃતિના નિકંદનનો પ્રારંભ

આવા મહાન આ દેશની મહાન્ સંસ્કૃતિનું નિકંદન કાઢવા માટે શી રીતે પ્રયત્નો થયા? ક્યારે થયા? અને કોણે કર્યા? એનો ઇતિહાસ તમે જાણો છો? આઠમી સદીમાં સૌથી પહેલું મોગલ રાજવીઓનું આ હિન્દુસ્તાનમાં આગમન થયું. અને મોગલવંશનો સૌથી પહેલો રાજવી 'અબ્દુલા કાસમે' હિંદની ધરતી પર પગ મૂક્યો. અને ત્યારબાદ **ઈ. સ. ૭૫૦ની આસપાસથી** ૪૦૦ વર્ષ સુધી મોગલોએ આ દેશ પર રાજય સત્તા કબજે કરવાનો તનતોડ પ્રયત્ન કર્યો. અને ઇસ્વીસન ૧૧૯૨ માં શાહબુદ્દીન ગોરીએ પૃથ્વીરાજ ચૌહાણનું પતન કર્યું. આ રીતે બારમી સદીમાં આ દેશ પર મુસલમાનોના રાજ્યની સ્થાપના થઈ. ઈ. સ. ૧૨૦૬માં સૌથી પહેલો રાજા થયો; કુતુબુદ્દીન.

૧૫૨૭માં મોગલ બાદશાહ બાબરને અંગ્રેજોએ ઉશ્કેર્યો. અને રાણા સંગ સાથેની લડાઈમાં સહકાર આપ્યો. રાણો સંગ એક આંખે કાણો અને એક હાથ વિનાનો હોવા છતાં અત્યંત બહાદૂર રાજા હતો. એના શરીર ઉપર એંસી તો ઘા પડ્યા હતા. બાબરની સાથેના યુદ્ધમાં શિલાદિત્ય નામના પોતાના મંત્રીએ રાણાને દગો આપ્યો. અને તેથી જ રાણો સંગ હારી ગયો. બાબરને અંગ્રેજોએ તોપ વગેરેની ખૂબ સહાય આપી હતી. એની સાબિતી જોવી હોય તો આજે પણ પાઠ્યપુસ્તકોમાં તમે જોઈ શકો છો. અંગ્રેજોએ આપેલી તોપનું ચિત્ર પાઠ્યપુસ્તકોમાં બતાડવામાં આવ્યું છે.

## બાબર દ્વારા અંગ્રેજોનો પ્રવેશ

બાબર દ્વારા અંગ્રેજોનો આ હિંદમાં પગપેસારો થયો. અને ત્યારથી હિંદુસ્થાનની સંસ્કૃતિ ઉપર ભયંકર ભયના વાદળા ઊમટી આવ્યા. બારમાથી સોળમી સદી સુધી અનેક મુસલમાનો રાજાઓએ હિંદુઓની અને જૈનોની મૂર્તિઓ તોડવાના કામ કર્યા. અનેક મંદિરો ધરાશાયી કર્યા. હજારો ગ્રન્થો સળગાવી નાંખ્યા. એ શાસ્ત્ર ગ્રન્થોના બળતણ દ્વારા પોતાની રસોઈઓ પકાવી. આમ છતાં એટલું ભયંકર નુકસાન આ મુસલમાન રાજાઓએ નથી કર્યું, જેટલું અંગ્રેજોએ આ દેશની અંદર પ્રવેશ કરીને કર્યું છે.

બાબર દ્વારા અંગ્રેજો ૧૦૦૦ વર્ષના પોતાના ભાવી કાર્યક્રમ સાથે આ દેશમાં પ્રવેશ્યા. જેની આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી. એમણે લોકોના સાંસ્કૃતિક જીવનની કત્લેઆમ બોલાવવાનો પ્રયત્ન કર્યો. ૧૮૫૭ નાં બળવો હાથે કરીને ઊભો કરવામાં આવ્યો હતો. અને તેમાં હિંદના અનેક કહેવાતા શૂરવીર પુરુષો તાત્યા ટોપે, નાના ફડનવીસ અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવાને ખતમ કરવામાં આવ્યા. હિંદનું શૌર્ય અને પરાક્રમ નષ્ટ કરવામાં આવ્યા.

## મેકોલે શિક્ષણ દ્વારા સત્યાનાશી

મેકોલે દ્વારા હિંદમાં યુનિવર્સીટીનું પાપી શિક્ષણ દાખલ કરવામાં આવ્યું. જ્યારથી આ શિક્ષણ આ દેશમાં શરૂ થયું ત્યારથી ભારતની સત્યાનાશી શરૂ થઇ. સંસ્કૃતિનાશની અધૂરી રહેલી અંગ્રેજોની કારવાહી દેશી અંગ્રેજો પૂર્ણ કરે, તેવું વ્યવસ્થિત અને સફાઈ પૂર્વકનું શિક્ષણ આ યુનિવર્સીટીઓ દ્વારા આપવાનું અંગ્રેજોએ ગોઠવ્યું છે. એથી જ વર્તમાન શિક્ષણ દ્વારા સજ્જનોની સજ્જનતા, યુવાનોનો સદાચાર, યુવતીઓનું શીલ, વગેરે ખતમ કરાઈ રહ્યા છે. 'આભ ફાટયું છે થીગડું કયાં દેવું?' આવો પ્રશ્ન કરશો નહિ. ક્રમસે કમ તમારું ઘર તમે બચાવી લો. દુનિયા કયા રવાડે ચડી છે, તે જોશો મા. આ શિક્ષણ તમે તમારા બાળકોને આપવાનું બંધ કરી શકો તેમ ન જ હો, કારણ તમે એવા સંજોગોમાં મુકાઈ ગયા હો, તો પણ એની ભયંકરતા ય જો તમે સમજી લો તો ઘણા વધુ થનાર નુકસાનનો થોડામાં જ અન્ત આવશે. શિક્ષણાદિના ઝેરને ઝેર રૂપે જાણ્યા પછી જો તમારે તમારા બાળકોને તે આપવું જ પડે તો ઘરે આવ્યા બાદ તેને ઓકાવી નંખાવાનું કાર્ય તો તમે કરી જ શકો છો.

## બીજ બગાડથી ભારે નુકસાન

અત્યારે તમને બચાવવા એ ખૂબ કઠિન કામ બની ગયું છે. આજે આંતરજ્ઞાતીય લગ્નો વગેરે, ઉપરાંત કેટલાક ઘરોમાં હિંદુ અને મુસલીમોના પણ લગ્નો થવા

માંડ્યા છે. આ રીતે વારસાગત વિશુદ્ધ બીજનો ભયંકર બગાડો થઈ રહ્યો છે. આનાથી સમગ્ર સંસ્કૃતિ જોખમમાં મુકાઈ રહી છે. શૂરવીર યુવાનો પ્રાપ્ત ન થતાં રાષ્ટ્રને માથે ય જોખમ છે. ધર્મ શાસનોનું અસ્તિત્વ પણ જાણે ભયમાં છે.

જો પ્રજા વિશુદ્ધ નહિ હોય; બળવાન નહિ; વીર્યવતી નહિ હોય; તો કોના ઉપર રાષ્ટ્ર ઊભશે ? કોના ઉપર ધર્મ ટકશે ? કોના ઉપર સંસ્કૃતિ જીવતી રહેશે ?

## આ સ્થિતિમાં ક્યારેક હતાશા

આજની ભયાનક પરિસ્થિતિ જોઈને ભલભલા હતાશ થઈ જાય તેવી દશા ઊભી થઈ છે. દરેક સંસ્કૃતિપ્રેમીમાં હતાશા વ્યાપી જાય તેવી સ્થિતિ છે. અમારી વ્યાખ્યાનસભામાં આગળ બેસનારાઓ પણ કબૂલે છે કે, "સાહેબ! અમારા દીકરાઓ ભ્રષ્ટ થઈ જવાની તૈયારીમાં છે. સાહેબ! એને બચાવો." દારૂ અને ઇંડા આજે અનેક ઘરોમાં ઘૂસી રહ્યા છે. આ સ્થિતિમાં હવે કરવું શું? જો તમે લોકો તમારા જીવનને અર્થ કામની લખલૂટ સામગ્રીઓની પ્રાપ્તિમાં પર્યાપ્ત માની લેશો; તો સંતો પણ શું કરશે ? અર્થ અને કામથી જ આ જીવન પર્યાપ્ત નથી થઈ જતું. ધર્મ જેવું તત્ત્વ પણ આ જગતમાં છે જ. આ જીવન પછી પણ પરલોક છે જ. અને ત્યાં આપણે જવાનું જ છે. તમારો જિગરજાન દોસ્ત એકાએક મસાણભેગો થઈ જાય! જેની સાથે તમે આજે જ સવારે ચા પીધી હતી. બપોરે તો હસીને વાતો કરી હતી. અને સાંજે એકાએક 'હાર્ટફેઈલ' થઈ જાય. આ કેટલી ગંભીર બીના છે! ગમે ત્યારે ગમે તેને કૅન્સરની ગાંઠ ફાટી નીકળે ? તમારી પતિવ્રતા એવી પત્નીને પણ ગળામાં ગાંઠ ફાટી નીકળે! શું આ બધી બાબતો કોઈ ચીમકી આપી જતી નથી ?

પૉંડીચેરીના અરવિંદ ઘોષ જેવા આખરે કંટાળી ગયા. એમના મૃત્યુના એક જ વર્ષ પૂર્વે કોઈ મોટો જોષી એમની પાસે આવ્યો. તેણે એમના એક જ વર્ષના જીવનની આગાહી કરી. એ સાંભળીને અરવિંદે એની આગાહીને અવગણી નાંખતાં કહ્યું, "બંધુ! મારે હજી ઘણું કામ કરવું છે, હું આટલો જલદી અહીંથી વિદાય લેવાનો નથી."

ખેર...એક વર્ષનો ઘણો સમય પસાર થઈ ગયો.

એક દી અરવિંદે નિકટના સાથીને કહ્યું, "મેં ધાર્યા કરતાં ય આ જગત વધુ દુષ્ટ નીકળ્યું. હું નહોતો ધારતો કે જગતના લોકોમાં આટલી બધી દુષ્ટતા વ્યાપી ગઈ હશે! વર્તમાન જીવનની મારી માનવીય શક્તિઓથી આ દુષ્ટતાને નાથવાનું કામ ઘણું જ મુશ્કેલ છે."

"હા. વિશ્વનું શુદ્ધિકરણ તો મારે કરવું જ છે. પણ ખામોશ! મારી માનવીય શક્તિથી તો આ કામ હું નહિ કરી શકું. એ માટે મારે 'અતિ–માનવ' [દેવ?] થવું જ પડશે."

"તો બસ...હું મારા આ જીવનની બાજી સંકેલાઈ જાય તેમ ઇચ્છું છું."

અને...થોડા જ દિવસમાં અરવિંદ મૃત્યુ પામી ગયા!

અરવિંદ જેવાને પણ કેવી હતાશા આવી ગઈ! કેવી નિરાશા વ્યાપી ગઈ! માનવી ય બળ દ્વારા આ જગતનો ઉદ્ધાર થાય એવું ધોષ પણ માનતા ન હતા. અને અમે ય એકાંતે એવું માનતા નથી. આ માટે તો હવે કોઈ વિશિષ્ટ શક્તિઓ કામે લગાડવી જ રહી.

## પૂર્વે 'મૂર્તિભંજન' આજે 'ભાવનાભંજન'

પૂર્વના મોગલ સમયમાં મુસલમાનોએ મૂર્તિઓ ભાંગી; મંદિરો તોડ્યા; અને શાસ્ત્રો સળગાવ્યા. પરંતુ અંગ્રેજો દ્વારા તો 'મૂર્તિભંજન'નો નહિ 'ભાવનાભંજન'નો જ કાર્યક્રમ શરૂ કરાયો. મુસલમાનો મૂર્તિઓ ભાંગતા તો આ દેશના ભાવુક લોકો બીજી હજારો મૂર્તિઓ બનાવડાવતા. મંદિરો તોડતા તો હજારો નવા મંદિરો ઊભા કરાતા. શાસ્ત્રો સળગાવતા તો અનેક નવા શાસ્ત્રો લખાતા. અને બીજી હસ્તપ્રતો તૈયાર કરાતી. આજે તો મૂર્તિઓ ઊભી રહી પણ એના પ્રત્યેની અંતરની અહો-ભાવના જ મરી ગઇ. મંદિરો ઊભા રહ્યા પણ મંદિરોમાં જઈને ભગવાનની ભક્તિ કરવાનો અંતરનો ભાવ જ નષ્ટ થઈ ગયો. શાસ્ત્રો ઊભા રહ્યા પણ શાસ્ત્રો પરત્વેનો શ્રદ્ધાભાવ જ ખતમ થઈ ગયો. મૂર્તિઓ અને મંદિરોના ભંજન કરતાં ય અંગ્રેજો દ્વારા સીફતપૂર્વક પ્રસારિત કરાયેલો આ 'ભાવનાભંજન'નો કાર્યક્રમ અતિ ભયંકર છે. માટે જ હું કહું છું કે આ અપેક્ષા એ મુસલમાનો કરતાં ય અંગ્રેજો આ દેશ માટે વધુ ભયંકર પૂરવાર થયા છે.

## ૨૦ વર્ષ 'રામાયણ' પર પ્રતિબંધ મુકાય તો?

આવી ભયંકર પરિસ્થિતિમાંથી આપણે બચવું હોય, સાંસ્કૃતિક જીવનપદ્ધતિને આપણા જીવનમાં દાખલ કરવી હોય તો અમારે રામાયણ [કોઈ પણ મોક્ષલક્ષી સત્શાસ્ત્ર] વાંચવી જ પડશે. અને તમારે રામાયણ સાંભળવી જ પડશે. અને રામાયણના આદર્શો તમારા જીવનમાં પ્રસ્થાપિત કરવા જ પડશે જો કોઇ વટહુકમ દ્વારા માત્ર વીસ વર્ષ સુધી આ રામાયણને દેશવટો દેવામાં આવે, રામાયણનું વાંચન અને શ્રવણ સમગ્ર ભારતમાં બંધ કરાવી દેવાય તો આ દેશ સાંસ્કૃતિક દૃષ્ટિએ વીસ હજાર વર્ષ પાછળ હડસેલાઈ જાય. કારણ વીસ વર્ષ સદંતર રામાયણના આદર્શો આપણી આંખ સામેથી દૂર રહે અને તેથી તમારા બાળકો વગેરેમાં રામાયણના એ આદર્શોનો ખ્યાલ સુદ્ધાં ન રહે. કઈ રીતે આપણે જીવવાનું છે? કેવા આર્યત્વને આપણે પામ્યા છીએ? કેવી આપણી સંસ્કૃતિ છે? વગેરે બધું જ વીસરાઈ જતાં

ભાવી પેઢી વિકૃતિના સંકજામાં સપડાઈને ખલાસ થઈ જાય. આ ફફક, આ ગભરાટ અને આ વ્યથા હૈયામાં ઉભરાઈ રહી છે, માટે જ આ વાતો તમારી સામે રજૂ કરું છું.

## કબ્બડીની રમત જેવી દશા

આજે સમગ્ર દેશ કરવટ બદલી રહ્યો છે. સ્ત્રીઓ પોતાના રૂપ-સૌંદર્યનું પ્રદર્શન કરવા જાણે હોડ બકી રહી છે. યુવાનોના જીવનમાંથી દુરાચારની ગંધ આવી રહી છે. ક્યાંય શીલ અને પવિત્રતાની સુવાસ જાણે જોવામાં જ આવતી નથી. ચારે બાજુ સિનેમા; સિનેમાના પોસ્ટરો, ઍક્ટરો, ઍક્ટ્રેસો અને ટી. વી. નું સામ્રાજ્ય દેખાય છે. આ સ્થિતિમાંથી તમને બચાવવા જતાં—તમને ખેંચવા જતાં—અમે ક્યાંક તમારામાં ખેંચાઈ જઈએ એવી નાજુક દશા આવી લાગી છે. આ કબ્બડીની રમત જેવું છે. હુતુતુતુતુ...કરતાં જાણે અમે તમને સંસારમાંથી ઊંચકી લેવા આવીએ ત્યાં હુતુતુતુતુ...કરતાં તમે જ અમારો ટાંટીઓ ખેંચી લો એવી ગંભીર દશા છે.

## સંતોને નીલકણ્ઠ બનવું પડે છે

તમારી સમક્ષ અનેક એવી બાબતો મૂકવી પડે છે કે જેને માટે મુનિઓને આજના છાપા ય વાંચવા પડે. જેમાં ઘણી વાર તો નકરું ઝેર ભરેલું હોય છે. આવા ઝેર પીને નીલકણ્ઠ જેવા બનવું પડે છે. કહેવાય છે કે સમુદ્રનું મંથન થયું ત્યારે અમૃત તો દેવો લઈ ગયા અને ઝેર લેવા કોઈ તૈયાર ન થયું. ત્યારે શંકરે એ ઝેર પી લીધું અને ગળામાં જ અટકાવીને તે નીલકણ્ઠ બન્યા. કારણ પેટમાં ઊતારી જાય તો ય જોખમ હતું. અને બહાર રાખતાં જગતને માથે જોખમ હતું.

આ રીતે આજે સાચા ઉપદેશક સંતોને જગતના ઝેર પીને નીલકણ્ઠ બનવું પડે છે. આવી પરિસ્થિતિ જોઈને આજે તો અનેક સાચા ઉપદેશકો પણ હતાશ થઈ જવા લાગ્યા છે. આમ છતાં હજી આર્યાવર્તનું પુણ્ય એટલું જાગૃત છે કે ગામેગામ અનેક મુનિભગવંતો વિચરે છે. અને સ્વકલ્યાણની મુખ્યતા સાથે પરકલ્યાણ હાંસલ કરી રહ્યા છે.

## રામાયણ; અનેક દૃષ્ટિએ ઉત્તમ

માટે જ, ભારતીય પ્રજાને જગાડવા આ મહાન્ 'રામાયણ' નામનો ગ્રન્થ તમારી સમક્ષ લાવ્યો છું. જૈન-અજૈન સહુને માફક આવે, સહુને જે ગ્રાહ્ય બને, સહુને જેમાંથી માર્ગાનુસારિતાના અને સંસ્કૃતિના આદર્શો ખ્યાલમાં આવે એ માટે આ રામાયણ ગ્રન્થ અનેક અપેક્ષાએ ઉત્તમ કોટિનો ગ્રંથ છે.

## શિવાજી; રામાયણનું સર્જન

આજના કરતાંય જે કાળ અપેક્ષાએ અતિ ભયંકર હતો એવા ઓરંગઝેબના કાળમાં પણ આ રામાયણે શિવાજી જેવા શૂરવીર નરને પકવ્યો છે.

એ કાળમાં ઓરંગઝેબ મૂર્તિઓ અને મંદિરોના ભાંગીને ભૂકકા કરી નાખતો. અનેક હિન્દુઓને હડપચી પકડીને મુસલમાન બનાવતો. આ ભયંકર પરિસ્થિતિ જોઈને અનેક હિન્દુઓના આત્મા કકળી ઊઠ્યા હતા. એમાં જીજીબાઈ નામની એક ગૌરવવંતી નારીનું. અંતર તો આ સીતમથી અત્યંત ત્રાસી ઊઠ્યું હતું. કોઈ પણ ભોગે આ જુલમી રાજાને જબ્બે કરવો જ રહ્યો; એમ એનું અંતર પુકારીને કહેતું હતું.

એ પોતાના ગુરુ સ્વામી કોંડદેવ પાસે ગઈ. એણે ઓરંગઝેબે મચાવેલા સીતમની વાત ગુરુ પાસે રજૂ કરી. ગુરુએ એને કહ્યું : "તારી બધી વાત સાચી છે. દુનિયાની વાત મૂકી દે. આમાં તું અને હું શું કરી શકીએ તેમ છીએ, એ બોલ."

જીજીબાઈ કહે છે : "સ્વામીજી! આમ જે કહો તે કરવા હું તૈયાર છું. હું સર્વસ્વનો ભોગ આપીશ. પણ હું નારી, બીજું તો શું કરી શકીશ?"

ત્યારે કોંડદેવ એને કહે છે : "તુ ઘણું કરી શકે એમ છે. અત્યારે તું સગર્ભા હોય તેમ જણાય છે. હું, તું અને તારું થનારું ભાવિ બાળક આપણે ત્રણે જણા આ આતતાયીના આક્રમણો દૂર કરવા બસ છીએ. હું કહું એટલું આજથી તું શરૂ કરી દે. આજથી જ તું મુખ્યત્વે રામાયણના અરણ્યકાંડનું જ પારાયણ શરૂ કર. તારા પેટમાં રહેલા બાળક પર તેની જરૂર અસર થશે...એ અરણ્યકાંડ સાંભળતા સાંભળતા એક દિવસ તેનામાં શૂરાતન પ્રગટ થશે. અને ત્યારે તારું એ બાળક ઓરંગઝેબને કબજે લેવામાં સફળ થશે."

સ્વામીજીની વાણીને માથે ચડાવીને જીજીબાઈએ આ કાર્યનો આરંભ કરી દીધો. અને પ્રતિદિન તે અરણ્યકાંડનો પાઠ કરવા લાગી. એના સંસ્કાર અવ્યક્તરીતે ગર્ભમાં રહેલા આ બાળકમાં પડવા જ લાગ્યા. એક દિવસ બાળકનો જન્મ થયો. એ ધીરે ધીરે મોટો થવા લાગ્યો. રોજ અરણ્યકાંડ બાળકને સાથે બેસીને સંભળાવવાનો જીજીબાઈનો કાર્યક્રમ ચાલુ જ રહ્યો. એમાં એક દિવસ—જ્યારે બાળક આઠ વર્ષનો સમજણો થઈ ગયો હતો ત્યારે—રોજના ક્રમ પ્રમાણે આ અરણ્યકાંડ જીજીબાઈ સંભળાવતી હતી. એ કહેતી હતી, બેટા! જંગલની અંદર ઋષિ-મુનિઓ યજ્ઞ કરી રહ્યા હતા. એક બાજુમાં હવનની સામગ્રીઓ પડી હતી. અને બીજી બાજુમાં હાડકાંઓનો મોટો ઢગલો પડ્યો હતો. વનમાં ગયેલા રામચન્દ્રજી ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચે છે."

"હા...બા! પછી શું થાય છે?" પેલો બાળક જિજ્ઞાસા બુદ્ધિથી માતાને પૂછે છે. માતા કહે છે, "બેટા! પછી રામચન્દ્રજી ઋષિઓને કહે છે, 'હે ઋષિ-મુનિઓ! આપ યજ્ઞ કરી રહ્યા છો; તો બાજુમાં આ હાડકાંનો ઢગલો કેમ પડ્યો છે? યજ્ઞની આસપાસ તો પવિત્ર વાતાવરણ જોઈએ. અહીં આટલી અપવિત્રતા કેમ?...'"

ઋષિઓ કહે છે, "હા...તમારી વાત સાચી છે; પરંતુ શું કરીએ અમે લાચાર છીએ. અસુરો આવીને યજ્ઞ કરી રહેલા અમારા અનેક ઋષિઓને ખતમ કરી નાંખે છે. એકને મારી નાંખે છે. અને એની જગ્યાએ આવીને બીજા ઋષિ બેસે છે. એ બીજા ઋષિની પણ હત્યા થાય છે અને ત્રીજા ઋષિ આવીને બેસે છે. એ ઋષિઓના માંસ-રુધિરનું અસુરો ભક્ષણ કરી જાય છે. અને હાડકા આકાશમાંથી નીચે નાંખે છે. એ હાડકાઓનો આ ઢગલો છે. આમ અસુરોએ અમારા અનેક પૂર્વજોને આ રીતે ખતમ કર્યા છે છતાં અમે આ યજ્ઞનું કાર્ય, હિંમત હાર્યા વગર, આગળ ધપાવ્યે જ જઈએ છીએ." રામચંદ્રજી આ વાત સાંભળીને કંપી ઊઠે છે. એ કહે છે: 'ઋષિવરો! તમે ગભરાઓ નહિ. એ આતતાયીઓને હું મારી હટાવીને જ જંપીશ. પછી આપ નિર્વિઘ્ને યજ્ઞ કરી શકશો.'

"બા! પછી શું થયું? શું રામચન્દ્રજીએ એ અસુરોનો વધ કર્યો?" પેલો બાળક અતિ ઉત્કંઠાથી માને પૂછતો જાય છે.

જીજીબાઈ કહે છે, "હા! બેટા! પછી? પછી રામે ધનુષ્યનો ટંકાર કર્યો અને તે સઘળા અસુરોનો નાશ કર્યો અને ઋષિઓનું ભયંકર વિઘ્ન દૂર કર્યું..."

આ વાત સાંભળીને પેલા બાળકમાં શૂરાતન પેદા થઈ જાય છે. "મા! મા! મારે રામ બનવું છે. તું મને કહે અત્યારે કોઈ અસુરો છે, જેને મારીને હું રામ બની શકું?"

આ વાત સાંભળીને જ જીજીબાઈની આંખમાં હર્ષનાં આંસુ છલકાઈ ઊઠે છે. એને અંતે પોતાની સાધનાની સિદ્ધિ પ્રાપ્ત થતી દેખાય છે. એ બાળકને કહે છે, "હા! બેટા! આજે પણ એક એવો અસુર છે. એનું નામ છે; ઓરંગઝેબ. એણે આપણાં હિન્દુઓનું નિકંદન કાઢવાનું કામ શરૂ કર્યું છે. અને જો આપણે એને કબજે કરશું નહિ તો આપણી સંસ્કૃતિ ખલાસ થઈ જશે."

એક દી ખરેખર એ જ બાળકે મોટા થઈને ઓરંગઝેબને જબ્બે કર્યો. એનું નામ હતું; શિવાજી!

એવી કહેવત પ્રચલિત થઈ છે કે, જો શિવાજી પાક્યા ન હોત તો કદાચ આજે તમારું નામ મહંમદ હોત અને તમારા મિત્રનું નામ રહેમાન હોત. અર્થાત્ આ ભારતીય સંસ્કૃતિનું રક્ષણ કરવા શિવાજીએ અદ્ભુત પરાક્રમ કર્યું હતું. અજૈનો

પાસેથી મેં સાંભળેલો આ પ્રસંગ છે. માટે એને એ જ રીતે વિચારજો. અને તેમાંથી જે સાર ખેંચવાનો છે તે જ ખેંચજો.

## —તો મારો પ્રયત્ન સફળ થશે

આ રામાયણ સાંભળતા તમારા અંતરમાં કેમ અસર નહિ થાય? જરૂર થશે. આ પ્રવચનો સાંભળીને જો તમે અત્યંત જરૂરી પાયાના ગુણો પણ તમારા જીવનમાં પામશો. માતાપિતાને ગાળો આપનારા યુવાનો તેમને પગે લાગતા થઈ જશે, ઘોર અનીતિ આચરનારાઓ અનીતિને છોડતા થઈ જશે, દારૂને (બિયર) ફેશન માનીને પીનારાઓ તેનો ત્યાગ કરનારા બની જશે દુરાચારમાં ખરડાઈ ચૂકેલા આત્માઓ સદાચારના પંથે ડગ માંડતા થઈ જશે, તો મને લાગે છે કે મારો આ પ્રયાસ અંશતઃ પણ સફળ થયો ગણાશે. તમે તમારા જીવનમાં આવા ઉચ્ચ સદ્‌ગુણો પ્રાપ્ત કરો એ જ આજના રામાયણની ભૂમિકાના પ્રવચનને અન્તે એમની એક શુભાભિલાષા.

**નોંધ** : આ પ્રવચનના અવતરણમાં જિનાજ્ઞા વિરુદ્ધ અથવા પૂ. પ્રવચનકાર ગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો તે બદલ 'મિચ્છામિ દુક્કડમ્' યાચું છું.

— **અવતરણકાર**

મૂલ્ય : ૫૦ પૈસા

---

**પ્રત્યેક રવિવારનું પ્રવચન આગામી રવિવારે આપના કરકમલમાં મુકાઈ જાશે; પરંતુ તેની પ્રત આપ ક્યાંથી મેળવશો ?**

**મુંબઈમાં —**

૧. પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ
[માત્ર રવિવાર પૂરતું]
નારાયણ દાભોલકર રોડ
વાલકેશ્વર

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
[રોજ માટે]
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ — ૬

**અમદાવાદમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૬૭ 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ

**નવસારીમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o. નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર

**સુરતમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

---

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે, અમદાવાદ – ૧ [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ – ૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ
**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ**

: અવતરણ :

**મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી**

પ્રવચન 
૩–૭–૭૭ ] **પ્રવચન–બીજું** [ પ્રકાશન 
૧૦–૭–૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે દરિયા કિનારે આવેલા પ્લેઝન્ટ પેલેસના ખૂબ વિશાળ 'પટાંગણ'માં લગભગ આઠ હજારની માનવ મેદની સમક્ષ, પોતાનું બીજું પ્રવચન કરતાં, રામાયણની જ પસંદગી કરવાનું રહસ્ય, અનેક દૃષ્ટિએ વાચન-યોગ્ય રામાયણની ઉત્તમતા, અને રામાયણનું હાર્દ જણાવીને પ્રસંગોપાત, આજના શ્રીમંતોની શ્રીમંતાઈ ઉપર માર્મિક પ્રહારો કરીને, સંસ્કૃતિ રક્ષા અંગેનું આપણું પરમ કર્તવ્ય, વ્યક્તિ- રાષ્ટ્ર પ્રજા સંસ્કૃતિ વગેરેથી સર્વોત્તમ ધર્મ, સંસ્કૃતિને ખતમ કરનારો 'લોકશાહી'નો એટમબોમ્બ અને એના દ્વારા થતી દેશની આબાદી અને પ્રજાની બરબાદી અંગેનું વાસ્તવિક ચિત્રણ હૃદયવેધી શબ્દોમાં રજૂ કર્યું હતું.

સંસ્કૃતિ રૂપી પાણી દ્વારા જ પ્રજારૂપી માછલીનું રક્ષણ, આજે ચાલતી અવળી ગંગાઓ, માનવીની મહાનતાની કૂર્મશિલા સમી સાંસ્કૃતિક જીવનપદ્ધતિ, બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી થતો આર્ય માનવ, આર્યમાનવના બે મહાન ગુણો, ધર્મવીર જગડૂશાહનું પરમ ઔદાર્ય, વ્યક્તિગત સુખ ખાતર થઈ રહેલો સંસ્કૃતિનો નાશ અને તેથી સમષ્ટિનું ભારે અકલ્યાણ, એના ઉપર દૈવી ભેરીનું દષ્ટાન્ત, શરીરની સજાવટ કરવાની મૂર્ખતા, કેટલાક શ્રીમંતોના પાપે જ સામ્યવાદનો ભય, સમથળ જમીન રૂપ જ સામ્યવાદ, પાપી પૈસાનું ચોતરફ ફેલાયેલું સામ્રાજ્ય, એના ઉપર ચર્ચિલનો પ્રસંગ, વગેરે વિષયોની અદ્ભુત છણાવટ કરીને, રાવણની મહાનતાને વર્ણવતો ઉપરંભાનો પ્રસંગ, રાવણની ભીષ્મ પ્રતિજ્ઞા, બેનોના દૃઢ મનોબળ ઉપર જ સંભાવિત શીલરક્ષા, ભલભલા ધુરંધરોને હચમચાવી મૂકતો નિર્દય કામચણ્ડાળ, રાવણના પૂર્વજોનો ઇતિહાસ અને તેનું દશાનન નામાભિધાન, બાળકોના સંસ્કારની આધાર શિલા સમી માતા અને એકધારી રીતે પ્રજાનું તૂટતું જતું 'મોરલ', વગેરેને આવરી લઈ, અને અન્તે આપણી સંસ્કૃતિના ઝળકતા ગૌરવોનું પુનઃ પ્રતિષ્ઠાપન કરવા સૌને કટિબદ્ધ બની જવાનો સફળ સન્દેશ સુણાવતી, શબ્દે શબ્દે કોઈ અનેરા વેધક તેજકિરણો પ્રસારતી, ભાગિરથીના પરમપુનિત પ્રઘોષના નિનાદની યાદ દેવડાવતી, હૃદયસ્પર્શિણી વાણીનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

શ્રીપાળ નગર, મુંબઈ-૬ —અવતરણકાર
તા૦ ૫-૬-૧૯૭૭

# પ્રવચનાંક : ૨

રવિવાર
અષાડ વદ ૩

અનંત ઉપકારી કલિકાલસર્વજ્ઞ **ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** "જૈન રામાયણ" નામક ગ્રન્થ (ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર પર્વ સાતમા રૂપે)ની રચના કરી છે. તેમાં શ્રી રાવણ અને રામચન્દ્રજીનું ચરિત્ર વર્ણવવામાં આવ્યું છે. મુખ્યત્વે એ રામાયણને નજરમાં રાખીને અને ગામડાઓમાં વિહાર કરતાં ખૂબ લોકમુખે ચડેલી બીજી અનેક રામાયણની પ્રેરક વાતો પણ સાંકળી લઈને આ પ્રવચનમાળામાં આપણે અનેક વાતો વિચારશું.

## રામાયણ સર્વત્ર વ્યાપક :

રામાયણ જેવો આ જગતમાં એક જ ગ્રન્થ નથી. અનેક ઉત્તમ શાસ્ત્રગ્રન્થો આ જગતમાં વિદ્યમાન હોવા છતાં મેં "રામાયણ" જ કેમ પસંદ કર્યું? જૈન તત્ત્વજ્ઞાનને સુંદર રીતે પ્રરૂપતા જે અનેક ગ્રન્થો વિદ્યમાન છે, તેના ઉપર તો હું રોજના પ્રવચનોમાં જૈન દર્શનની અનેક વાતો રજુ કરું જ છું, પરંતુ દર રવિવાર માટે 'રામાયણ' એટલા માટે પસંદ કર્યું છે કે, રામચન્દ્રજીના જીવનની કથારૂપ આ રામાયણ પ્રજાના સઘળા વિભાગોમાં વ્યાપક બનેલી છે.

આજે સમગ્ર આર્ય પ્રજા જમાનાવાદના ધસમસતા ધોડાપૂરમાં તણાઈ રહી છે. વેપારીઓ પોતાની નીતિમત્તા ખોઈ રહ્યા છે. બેનો શીલ, યુવાનો સદાચાર અને સત્તાધારી રાજ્યકર્તાઓ પોતાના જીવનમાંથી ન્યાયને લગભગ ખતમ કરી ચૂક્યા છે. કેટલાક સંતો પણ જમાનાવાદી બનતા ચાલ્યા છે. સમગ્ર પ્રજાના પાયાના દયા, નીતિ, કરુણા, મૈત્રી, સદાચાર જેવા તત્ત્વો નષ્ટ થઈ રહ્યા છે.

આ પરિસ્થિતિમાંથી સમગ્ર આર્ય પ્રજાને ઉગારી લેનારો ઉત્તમ ગ્રન્થ રામાયણ જણાય છે.

## આપણી રામાયણ : ડબલ રોલમાં

આથી આ રામાયણની સાથે સાથે તમારા ઘર ઘરમાં રોજબરોજ ચાલતી રામાયણની વાત પણ મારે કરવાની છે, એટલે આપણી રામાયણ "ડબલ રોલમાં" ચાલવાની છે.

રાવણનો જન્મ જૈન રામાયણના અનુસારે રામચન્દ્રજીની પૂર્વે થયો હોવાથી આમાં રાવણનું ચરિત્ર પહેલું આવે છે. એ રાવણના પણ પૂર્વજોનું ચરિત્ર આ રામાયણમાં આવે છે. આમાંનાં કેટલાક પ્રસંગો આપણે લઈશું. અને રામચન્દ્રજીના મોક્ષ સુધીની વાતો આ રામાયણમાં કરશું.

## રામાયણ : અનેક દૃષ્ટિએ વાંચી શકાય.

રામાયણ અનેક દૃષ્ટિએ વાંચી શકાય એવો અદ્‌ભુત ગ્રન્થ છે. સાધુ થવાની

દૃષ્ટિએ જ આ રામાયણ વાંચવું હોય તો એ રીતે પણ વાંચી શકાય છે, કારણ કે રામાયણ તો મુનિજીવનના આદર્શોની ખાણ છે. રામાયણમાં આવતા અનેક પાત્રોએ કઠોર મુનિ જીવનના પંથે પ્રયાણ કર્યું છે; સજ્જનતાની સુવાસ પણ આમાં છે, એટલે એ દૃષ્ટિએ પણ આ રામાયણ વાંચી શકાય છે. આદર્શરૂપ જે સાધુપણું છે તે જેઓ એ પામી શકતા નથી અને ઊંચી સજ્જનતા પણ જીવનમાં આચરી શકતા નથી, એવા માણસોને માટે, આજે સંસ્કૃતિના પાયાના (માર્ગાનુસારિપણાના) જે તત્ત્વો હચમચી ઉઠ્યા છે, તેને જીવનમાં પુનઃ સ્થિર કરવા હોય તો તે દૃષ્ટિએ પણ આ રામાયણ ઉપયોગી ગ્રન્થ બની જાય છે.

એકવાર જો આ રામાયણ વાંચવાનો મારો આ દૃષ્ટિકોણ [Angle] તમે સમજી લેશો પછી કોઈ વિવાદ ઊભો નહિ થાય.

## રામાયણનો સાર શું ?

આ રામાયણ વાચતાં પૂર્વે એનો મુખ્ય સાર–હાર્દ–શું ? એ હું તમને કહી દેવા માગું છું. સમગ્ર રામાયણની માળાનાં મણકાઓમાં દોરા રૂપે એક વસ્તુ તેમાં ખાસ પડેલી હોય તો અપેક્ષાએ તે છે, "**તમારા સ્વાર્થનું વિલોપન કરો.**" તમે તમારા સ્વાર્થખાતર બીજાને કચડી ન નાખો. તમે જગતના સુખની ચિંતા કરતા થઇ જાઓ. આપણને આર્ય દેશ મળ્યો, આર્યકુળ મળ્યું, આર્ય જાતિ અને આર્ય એવા માતાપિતા મળ્યા, પરંતુ જો જીવનથી આપણે અનાર્ય રહ્યા તો... ? વાસ્તવમાં આપણે જીવનથી આર્ય છીએ કે કેમ ? એ એક મોટો પ્રશ્ન છે. જાતના સુખ ખાતર જે બીજાને કચડી નાંખે છે, પોતાની જાતના જ સુખનું મહત્ત્વ જેના અંતરમાં વ્યાપેલું છે, તેને આર્ય શે કહેવો ? ચાર લીટર દૂધ ઘરમાં આવી ગયું; તમારા છોકરાઓ "અપટુડેટ" કપડાં પહેરતાં થઈ ગયા, ઘરમાં પત્ની માટે સોનાનાં ઘરેણાં આવી ગયાં, એટલે પડોશીના છોકરા ભૂખે મરી જતાં હોય તો ય જેને કાંઈ થતું ન હોય, "જહન્નમમાં જાય પડોશી ! મારે શું ?" આવો વિચાર જેના અંતરમાં આવી જતો હોય તો એને આર્ય કેમ કહેવો ? આ ભયંકર સ્વાર્થાન્ધતા આજે છાસઠ કરોડની પ્રજામાં ઘણાં વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ચૂકી છે, એમ કહું તો કદાચ ખોટું નહિ હોય.

## શ્રીમંતોનું પુણ્ય કેવું ?

રામાયણ જણાવે છે કે, "તમે બીજાના હિત ખાતર મરી જવું પડે તો મરી પણ જાઓ, પણ તમારા સુખ ખાતર તમે બીજાના નાનકડા પણ હિતને કચડવાનો પ્રયત્ન હરગિજ કરશો નહિ." આજે તમારી પાસે પુણ્ય છે, મોટર છે,...શ્રીમંતાઈનું જોર છે, મોટરમાં બેસીને તમે વ્યાખ્યાનમાં આવી શકો છો, અને મોટરમાં પાછા

ઘેર જઈ શકો છો, પરંતુ એનો અર્થ એ નથી કે તમે બીજાના સુખને છીનવી લેવાના અધિકારી છો, અને જો એવી વૃત્તિ જ અંતરમાં હોય તો આજના શ્રીમંતોને મળેલા પુણ્યને કેવા કહેવા? એ લોકોનું આ પુણ્ય પાપ કરાવનારું છે કે પુણ્ય કરાવનારું? તે વિચારવું પડશે. આજના લોકોનું નૈતિક અધઃપતન જોતાં આ પુણ્ય સામાન્યતઃ પાપ કરાવનારું (પાપાનુબંધી પુણ્ય) છે એમ કહી શકાય.

## સંસ્કૃતિને પૂળો ન જ ચંપાય

આવી પુણ્યાઈવાળા માણસો માટે ભાગે સંસ્કૃતિનો નાશ કરી રહ્યા હોય છે. સંસ્કૃતિ તો પ્રજાની જીવાદોરી છે, તેની રક્ષા ન કરવામાં આવે તો તે ચાલી શકે જ નહિ. જો સંસ્કૃતિની રક્ષા કરવામાં નહિ આવે તો પ્રજા નૈતિક રીતે ઊંચી કદાપિ આવી શકશે નહિ પોતાની ઐહિક લાલસાઓ ખાતર, આ જગતના પાપી વૈભવોની ખાતર, જો કોઈ સંસ્કૃતિને પૂળો ચાંપવા તૈયાર થાય તો તે બાબત હરગિજ ચલાવી શકાય તેવી નથી. પૈસાદાર પુણ્યશાળી ભલે હોય એમાં કોઈની ના નથી. આ જગતની દૃષ્ટિએ તેઓ ભલે પુણ્યવાન ગણાય.

## વ્યક્તિ વગેરે કરતા તો સૌથી મહાન ધર્મ

જો ભારતના મહાન વૈજ્ઞાનિક ગણાતા ભાભા લૌકિક જગતના વિશિષ્ટ પુણ્યશાળી માણસ ગણાય, જો એક કરોડપતિ માણસ કે ભારતના વડાપ્રધાન કદાચ લૌકિક દૃષ્ટિએ દેશની પુણ્યશાળી વ્યક્તિ ભલે ગણાય, અને એની સલામતી માટે, એના રક્ષણ માટે, હજારો પોલીસોની વ્યવસ્થા રાખવામાં ભલે આવતી હોય, પરંતુ તે તે મહાન વ્યક્તિઓ કરતાં રાષ્ટ્ર વધુ મહાન ગણાય છે, પણ સબૂર! એ રાષ્ટ્ર કરતાં પ્રજા તો ઘણી મહાન છે અને એ પ્રજા કરતાં ય સંસ્કૃતિ તો ખૂબ જ મહાન છે, અને એ સંસ્કૃતિ કરતાં મોક્ષ પમાડતી ધર્મક્રિયાઓ વધુ મહાન છે અને તેના કરતાં પણ ધર્મ તો અતિ મહાન છે.

## લોકશાહીનો એટમબૉંબ

આ દેશ [સાંસારિક ક્ષેત્રની] વ્યક્તિઓની પૂજામાં ક્યારેય માનતો ન હતો, કારણ વ્યક્તિ કરતાં રાષ્ટ્રની રક્ષાની કિંમત તેને મન વધુ મહાન હતી. રાષ્ટ્રની કોઈ વ્યક્તિ ગમે એટલી પુણ્યવાન હોય, છતાં તે રાષ્ટ્ર આગળ તુચ્છ ગણાતી અને રાષ્ટ્ર કરતાં એ પ્રજા વધુ મહાન હતી. રાષ્ટ્રની રક્ષાના આંચળા હેઠળ પ્રજાની બરબાદી નોતરી શકાય નહિ; પરંતુ કમનશીબી છે કે, અંગ્રેજો આ દેશની અંદર 'લોકશાહી'નો એવો ભયંકર એટમબૉંબ મૂકતા ગયા છે કે તેનાથી રાષ્ટ્ર એવી રીતે આબાદ થતું જાય છે કે જેનાથી પ્રજા બરબાદ થઈ જાય.

## દેશ આબાદ – પ્રજા બરબાદ

અંગ્રેજો આ દેશમાં વર્ષો સુધી રહીને આ દેશની ધરતીને આબાદ કરતાં ગયા છે. આજે પણ 'આસ્ફાલ્ટ રોડ' તૈયાર થઈ રહ્યા છે...ખેતરો હરિયાળા, લીલાછમ થઈ રહ્યા છે...૨૮–૨૮ માળના મકાનો બંધાઈ રહ્યા છે...ઑબેરાય જેવી જંગી હોટલો ઊભી કરાઈ રહી છે. એક બાજુ દેશ [ધરતી] આબાદ થઈ રહ્યો છે, તો બીજી બાજુ પ્રજા બરબાદ થઈ રહી છે. ૩૮ કરોડ હાડપિંજરો ભૂખના માર્યા જાણે સ્મશાન તરફ દોડી રહ્યાં છે...જોતાં આવડે તો તમે જોઈ શકો છો. પ્રજા [=તેની પવિત્રતા] સંપૂર્ણ ખતમ થઈ રહી છે. ધરતી "અલ્ટ્રા મૉડર્ન" અમેરિકામાં રૂપાન્તર પામી રહી છે અને પ્રજા બરબાદ થઈ રહી છે. આ ભારતને આ પ્રકારનું લોકશાહીથી ઘડાયેલું બંધારણ માફક આવે તેવું જ નથી. આ બધાની પાછળ અંગ્રેજોની કૂટનીતિઓ કામ કરી ગઈ છે. દેશ આબાદ થતાં અને પ્રજા સત્વહીન તથા સામર્થ્ય-હીન બની જતાં, એ વખતની પ્રજાને એક લાફો મારીને આ દેશને કદાચ કબજે કરવો હશે તો તેઓ કરી શકશે એવું 'પ્લાનિંગ' કરીને અંગ્રેજો અહીંથી ગયા છે.

## સંસ્કૃતિરૂપી પાણી દ્વારા જ પ્રજારૂપી માછલીનું જીવન

પ્રજાને ખતમ કરવા માટે સિનેમાઓ, ટી.વી., સંતતિ નિયમન, ગર્ભપાતો, આંતરજાતીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો વગેરે ગોઠવાઈ ગયાં છે. પ્રજા એકધારી રીતે એની અંદર ફસાતી જ ચાલી છે. જો પ્રજા જીવતી હશે, તો રાષ્ટ્ર સુરક્ષિત રહી શકશે. રાષ્ટ્રને જીવાડવા પ્રજાને ખતમ કરી શકાય જ નહિ, કારણ કે...પ્રજા કરતાં સંસ્કૃતિ મહાન છે. ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિને જીવાડવા પ્રજાએ ભોગ આપવો પડે તો તે પણ આપવો જ રહ્યો—જેમ માછલીને જીવાડવા માટે તળાવનું પાણી રાખવું જરૂરી બને છે. પાણી સૂકાઈ જાય તો માછલી જીવી શકે નહિ, એમ પ્રજારૂપી માછલીએ જીવતાં રહેવું હોય, તો સંસ્કૃતિ રૂપી પાણી ટકાવવું જ પડશે. સંસ્કૃતિ વગરની પ્રજા, પાણી વગરની માછલીની જેમ, પવિત્રતાનું લાંબુ જીવન જીવી શકશે નહિ.

## વ્યક્તિ, રાષ્ટ્ર, વગેરેનો ક્રમ

જો પુણ્યવંતી વ્યક્તિ આ જગતમાં મહાન્ બની જવા માટે રાષ્ટ્રનો ભોગ લઈ લેશે;

જો રાષ્ટ્ર (ધરતી) અદ્યતન બનવા માટે પ્રજાને બરબાદ કરી નાખશે;

જો પ્રજા પોતાનાં વ્યક્તિગત સુખો ભોગવવાની કારમી લાલચને વશ થઈને સ્કૃતિનો નાશ કરી નાંખશે;

જો સંસ્કૃતિને વધુ પડતું મહત્ત્વ આપીને મોક્ષલક્ષી ધર્મક્રિયાઓને ઉપેક્ષિત કરી દેવામાં આવશે.

જો ધર્મક્રિયાઓને જ એકાંતે પ્રાધાન્ય આપીને ધર્મતત્ત્વ સાવ ગૌણ બનાવી દેવામાં આવશે તો ટૂંક સમયમાં જ આ બધું ય અંધ ધૂંધીમાં અટવાઈ પડશે.

વ્યક્તિનું બળ રાષ્ટ્રમાં છે, રાષ્ટ્રનું બળ પ્રજાથી છે, પ્રજાનું બળ સંસ્કૃતિથી છે, સંસ્કૃતિનું બળ મોક્ષલક્ષી ધાર્મિક ક્રિયાઓથી છે અને ધર્મક્રિયાઓનું બળ ધર્મથી છે.

—જેણે વિશિષ્ટ વ્યક્તિઓને જીવાડવી હોય તેણે રાષ્ટ્રને જીવાડવું પડે.

—જેણે રાષ્ટ્રને જીવાડવું હોય તે સુ–પ્રજાને જીવાડે :

—જેણે સુ–પ્રજાને જીવાડવી હોય તે સંસ્કૃતિને જીવાડે;

—જેણે સંસ્કૃતિને જીવાડવી હોય તે મોક્ષલક્ષી ધર્મક્રિયાઓને જીવાડે;

—જેણે ધર્મક્રિયાઓને જીવાડવી હોય તે ધર્મતત્ત્વ ને જયવંતુ રાખે.

ધર્મની જયજયાવલિમાં છે સહુનો જયજયકાર !

## આજે અવળી ગંગા

પણ અફસોસ! જુઓ તો ખરા, આ જગત સામે...કાંઈક જૂદું જ–સાવ અવળું જ–જોવા નથી મળતું ?

આજે વ્યક્તિઓ પોતાનાં હિતોને જાળવવાના મરણિયા પ્રયત્નો કરી રહી છે; અને તે ખાતર રાષ્ટ્રનો ભોગ આપી રહી છે; કોકના માટે ધરતીને આબાદ કરાઈ રહી છે; કોકને હવાલે કરાઈ રહી છે.

અને રાષ્ટ્રને આબાદ બનાવવાની ધૂનમાં પ્રજાનાં સત્ત્વ, સુખ અને શાન્તિ બરબાદ કરાઈ રહ્યાં છે. સુ–પ્રજાનું જાણે ક્યાંય દર્શન જ થતું નથી.

પ્રજા પણ પોતાનાં વ્યક્તિગત ભોગસુખોની કારમી ભૂખને સંતોષવા માટે શીલ, સદાચાર, ન્યાય, નીતિ, વિરતિ આદિની સંસ્કૃતિને ચિનગારી ચાંપી ચૂકી છે.

સંસ્કૃતિના રખોપાઓ પણ પોતાની સંસ્કૃતિરક્ષાને એટલું વધુ મહત્ત્વ આપી ચૂકયા છે કે તેમાં ધર્મક્રિયાઓનો ભોગ લેવાયો છે.

અને...અહા ! ધર્મક્રિયાના પક્ષકારો એટલી હદે ધર્મક્રિયાના વર્ધનમાં ધસી ગયા દેખાય છે કે તેમાં ધર્મનો ભોગ અપાઈ ગયો હોય તેવું જાણે જણાય છે !

આ ખૂબ જ ભયંકર બીના છે. આ અવળી ગંગાનાં ધોડાપૂર સર્વનાશ વિના કશું જ ઓછું જ નહિ માંગે, તેમ મને લાગે છે.

## તમે મહાન શી રીતે ?

આ બધી વાતો જો બરાબર તમારી સમજમાં આવી જાય, તો તમે દસ કરોડ રૂપિયાના માલિકને જોઈને અંજાઈ નહિ જાઓ. ફર્સ્ટક્લાસ ફ્લૅટો અને બંગલાઓ મેળવીને ફુલાઈ નહિ જાઓ, એ બધાના કારણે કાંઈ જીવનની મહાનતા નથી. જો સંસ્કૃતિનો તત્ત્વો તમારામાં પ્રવેશી જાય તો જ તમે મહાન બની શકો છો, અને જો તમારી મન ફાવતી પ્રવૃત્તિઓ સંસ્કૃતિનો નાશ કરનારી બની જતી હોય તો તમારે તેને તિલાંજલિ આપવી જ જોઈએ.

## બીજાના સુખે સુખી, અને દુ:ખે દુ:ખી છો ?

બીજાના સુખને છીનવી લઇને આપણે સુખ મેળવી લેવું એમાં કયી સંસ્કૃતિ છે ? આ આર્ય દેશનો માનવ બીજાના સુખમાં પોતાનું સુખ માનતો હતો, અને બીજાના દુ:ખમાં પોતાનું દુ:ખ જોતો હતો,. યાદ રાખજો કે, બીજાને દુ:ખી કરીને સુખી થનારો કદી સાચો સુખી થઈ શકતો નથી. આ બધી વાતો તમે તમારાં બાળકોને શીખવો છો ખરા ? તમારે ત્યાં પરમાત્માનાં ગીતો ગવાય છે ખરાં ? તમારા બાળકો કુશીલતાના ફંદામાં ફસાતા તો નથી ને, તેની કાળજી તમે લો છો ખરા ? તમારી દીકરીઓના જીવન શીલની સુગંધથી મઘમઘતા રહે એ માટે તમે કોઇ નાકાબંધીઓ કરી છે ખરી ? એ માટે તમે પૂરેપૂરા સાબૂત છો ખરા ? હું તો માનું છું કે ભારતમાં આજે સ્વતંત્રતા નામે સ્વચ્છંદતાનું વાયુમંડળ ઘૂમરી લઈ રહ્યું છે.

## એક કુટુંબને તો અપનાવો

તમે તમારી જવાબદારીઓ સમજો છો ખરા? કરોડો લોકો જે સમયમાં ભૂખે મરી રહ્યા છે, ત્યારે તમે એક કુટુંબને સાચવી લેવાનો, તેને આવી ભયંકર ગરીબી-માંથી ઉગારી લેવાનો કોઈ નિર્ણય કર્યો છે ? કોઈ વિધવાના કુટુંબને કે કોઈ અતિ ગરીબ કક્ષાનાં એક કુટુંબને અપનાવી લેવાનો દરેક શ્રીમંતને નિર્ણય ખરો ? 'અમે તો અમારા વ્યક્તિગત સુખમાં ગળાબૂડ રહીશું, અમને બીજાની લગીરે પરવા નથી.' આવી વૃત્તિ જો હોય તો કેટલી ભયંકર બીના કહેવાય ? તમને એક રાતમાં ઓબેરોય હોટલમાં રૂપિયા બસો ખર્ચવાની તાકાત મળી ગઈ, તમને સીતેર રૂપિયાની થાળીનું એક ટંકનું ભોજન પણ સસ્તું બની ગયું, તમને તમારા બંગલાઓ અને મોટરોના વૈભવ મળી ગયા, એટલે શું તમારું કામ પતી ગયું ? પછી ભૂખે મરતાં લોકો માટેની કોઈ જવાબદારી તમારા શીરે નથી રહેતી ?

## આર્ય માનવના બે ગુણો

આજે આપણી પાસે શું રહ્યું છે ? એ તો મને બતાવો. આ આર્ય દેશના માનવોને મન 'પરસ્ત્રી માત સમાન' હતી, અને 'પર ધન પત્થર બરાબર' હતું.

તુલસીદાસ જેવા પણ કહેતા કે, "પરધન પત્થર માનીએ, પરસ્ત્રી માત સમાન. ઈતિના કરતાં હરિ ના મીલે, તો તુલસીદાસ જમાન." 'પારકું ધન પથરા બરોબર અને પારકી સ્ત્રી મા–બેન સમાન માની લો, આટલું કરતાં જો ભગવાનની પ્રાપ્તિ નહિ થાય તો હું તમારો જામીન થાઉં છું...'

કેવો આ આર્ય દેશ! અને ક્યાં આજનું જીવન! આજે આ બન્ને તત્વો–પરધનમાં પત્થર જેવી દૃષ્ટિ અને પરસ્ત્રી માત સમાન–આ દેશમાંથી જાણે કે હકાલપટ્ટી પામ્યા છે. આજે કોની પાસે, એક દિવસ પણ એવો છે કે, જેમાં આ તત્ત્વોનું યથાર્થ પાલન કરવામાં આવતું હોય? આજે તો નરી નાસ્તિકતાના ભયંકર ચોસલામાં આપણે ફસાતા જઈએ છીએ. ધર્મ અને ધર્મક્રિયાઓને ધતીંગ કહેનારો વર્ગ વધતો જ જાય છે, પરંતુ સમજી રાખો કે આવી નાસ્તિકતા આ ભારતને પરવડે તેમ નથી. આર્ય સંસ્કૃતિથી ઓપતા આ ભારતને આવું વાતાવરણ માફક આવી શકે તેમ નથી.

## દાનવીર જગડૂશાહ

હવે તો પ્રજાની જવાબદાર તમામ વ્યક્તિઓએ પાયામાંથી પ્રજાને સંસ્કૃતિનું શિક્ષણ આપવું પડશે અને તો જ આપણી પાસે રહેલો સંસ્કૃતિનો મહાન આદર્શ પ્રજાને સમજાશે. ભૌતિક સુખની લાલસા ખાતર સંસ્કૃતિને ખતમ કરી નાંખવાનું હરગિજ પરવડે તેવું નથી. વાસનાના સુખની ખણજ માટે એનો સીતાજીની શીલની સંસ્કૃતિનો નાશ કરી નાખે તે અતિ દુઃખદ બાબત છે. વેપારીઓ પોતાના વધુ ધન કમાઈ લેવાના લોભને કારણે જગડૂશાહના આદર્શનો ખાતમો બોલાવી દે એ ભયાનક બાબત છે...તમે જાણો છો ને એ ધર્માત્મા જગડૂશાહનો પ્રસંગ!

દાનવીર જગડૂશાહ જૈનાચાર્ય શ્રી પરમદેવસૂરિજીના પરમ ભક્ત હતા.

પોતાના જ્ઞાનબળથી આચાર્યશ્રીએ જગડૂશાહને કહ્યું હતું કે, "વિ૦ સં૦ ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫ની સાલમાં ત્રિવર્ષી દુષ્કાળ પડશે, જે અતિ ભયંકર દુષ્કાળ હશે, માટે જે કાંઈ યોગ્ય લાગે તે અત્યારે જ કરી લેવું."

અને...જગડૂશાહે અઢળક અનાજ એકઠું કરી લીધું. એ કપરો કાળ આવી ગયો. જગડૂએ અનાજના ભંડારો ખૂલ્લા મૂકી દીધા; કશા ય ભેદભાવ વિના! અનેક રાજાઓ પણ પોતાની રૈયતને માટે અનાજ લેવા જગડૂશાહ પાસે આવ્યા. જગડૂએ કહી દીધું, "યહ અનાજ ઉસકે લિયે હૈ; જો શામ કો અનાજ કે બિના મર જાનેવાલા હૈ." અન્તે ગરીબ પ્રજાના મોંમાં જ એ બધું અનાજ પહોંચાડવાની શરત કરીને જગડૂએ રાજાઓને પણ પુષ્કળ અનાજ આપ્યું.

તે સિવાય ૧૧૨ દાનશાળાઓ ખૂલ્લી મૂકી. બધું મળીને આઠ અબજ, સાડા છ કરોડ મણ અનાજનું વિનામૂલ્યે દાન કર્યું.

જ્યારે જગડૂશાહ મૃત્યુ પામ્યા ત્યારે તેના માનમાં દિલ્હીના બાદશાહે માથેથી મુગટ ઉતાર્યો હતો. સિંધપતિએ બે દિવસ અન્ન ત્યાગ્યું હતું અને અર્જુનદેવ ખૂબ રડ્યા હતા.

આ પ્રસંગ આપણી સામે સંસ્કૃતિનો આદર્શ રજૂ કરે છે. કદાચ દુકાળ પડે અને ત્રણ વર્ષ તમે અનાજ ભેગું કરી લો અને પછી લોકોને લૂંટવા માંડો તો એ બહુ ભયંકર ઘટના ગણાય. તમે બંગલા ભલે બનાવ્યા, સ્કૂટરો અને મોટરો ભલે વસાવી, બાવલાઓને ભલે સજાવ્યા, અને સ્ત્રીનાં આભૂષણો પણ ભલે કરાવ્યાં; અમારે મન એની ફૂટી બદામ જેટલી પણ કિંમત નથી. જો તમે આર્યવર્તની સંસ્કૃતિના કોઈ પણ અંશનો નાશ તમારા વ્યક્તિગત સુખો ખાતર કરી નાંખવા સદાના સજ્જ બની રહેતા હો તો.

## વ્યક્તિગત સુખમાં સમષ્ટિનું દુઃખ

સંસ્કૃતિનો નાશ એ બહુ ખતરનાક બાબત છે, કદાચ કોઈ કહેશે 'અમને ફાવે એમ અમે કરીએ...એમાં શું ગુનો થઈ ગયો?' તો આ વિધાન બરોબર નથી, કારણ કે માણસની એક પાપ પ્રવૃત્તિ અનેક ને પાપી બનાવવામાં નિમિત્ત બની જાય છે, અને જો આ રીતે જ કામ આગળ ચાલે તો રાષ્ટ્રનું, પ્રજાનું, સંસ્કૃતિનું, અને ધર્મનું શું થાય? આનાથી તો ભારત બરબાદીના આરે આવીને ઊભું રહેશે. એક દૃષ્ટાંત મને યાદ આવે છે.

## દૈવી ભેરી

એક રાજા પાસે દેવાત્માએ આપેલી જાદુઈ ભેરી હતી. એની ખાસીઅત એ હતી કે જ્યારે એ ભેરી વગાડવામાં આવે ત્યારે તેને જે કોઈ સાંભળે તે બધાયના રોગો નષ્ટ થઈ જાય.

વગર પૈસે, વગર દવાએ, વગર નિદાને અને વગર ડૉકટરે દર્દનાશ અને સ્વસ્થ આરોગ્યની પ્રાપ્તિ પ્રાપ્ત થાય.

દર છ મહિને એક વખત આ ભેરી વગાડવામાં આવતી, જે કોઈ રોગી હોય તે બધાય તે દિવસે ભેરી સાંભળવા માટે હાજર થઈ જતા. દૂરદૂરનાં ગામોમાંથી હજારો લોકો આ ભેરી સાંભળવા આવતા.

આ ભેરી સાચે જ દર્દીઓ અને દુઃખીઓને તો ભારે આશીર્વાદરૂપ બની હતી.

પણ એક વખત એક કમનસીબ ઘટના બની ગઈ. ભેરી વાગી ગયાના બીજા જ દિવસે કોઈ એક શ્રીમંત માણસ દૂરદૂરથી આવ્યો. એના આખા શરીરે છેલ્લા કેટલાક મહિનાઓથી લ્હાય જાગી પડી હતી. ચોવીસે કલાકની આ વેદનાથી કણસતો તે ક્યારેક ચીસો પાડતો હતો.

એક દિવસ મોડો પડ્યા બદલ તેને ભારે અફસોસ થયો. બીજા છ માસ સુધી રાહ જોવાનું તેને પાલવે તેમ ન હતું, એટલે તેણે ભેરી વાદકને સાધ્યો, તે ઉસ્તાદ માણસે મનોમન નક્કી કરી લીધું કે જે ભેરીના શ્રવણથી રોગ જાય છે તે ભેરીના એકાદ અંશને ઘસીને ચાટી જવાથી પણ રોગનો નાશ થવો જ જોઈએ.

ભારે મોટી રકમ આપીને તેણે ભેરીવાદકને ફોડી નાખ્યો; બદલામાં ભેરીની એક નાનકડી કટકી કાપીને મેળવી લીધી. તે સ્થાને તેવા જ રંગની લાકડાની કટકી ગોઠવાઈ ગઇ. કટકીને ઘસીને પી જતાં જ તે ધનવાન માણસનો રોગ નષ્ટ થઈ ગયો.

ધીમે ધીમે–ખાનગીમાં–આ વાત પ્રસરતી ચાલી. આથી શ્રીમંત લોકો ભારે દામ આપીને કટકીઓ લેતા ગયા. શ્રીમંત માણસો પૈસાથી પોતાનું ધાર્યું કામ કરી નાંખતા હોય છે. ભેરીવાદકને પણ એક રાતમાં મોટી હવેલીઓ ઊભી કરી દેવાના કોડ જાગ્યા. છ માસ પૂરા થતાં તો આખી ભેરી લાકડાની કટકીઓથી જડાઈ ગઈ!

ભેરી વગાડવાના દિવસે ભેરી ન વાગતાં રાજાએ તપાસ કરાવી; ભંડો ફૂટ્યો ભેરીવાદકને ફાંસી થઇ, ખેર...પણ લાખો દુ:ખીઓની દવા તો ખતમ થઈ ગઈ!

## કેટલાક સ્વાર્થી સુખીઓ

વર્તમાનકાળના કેટલાક સુખી માણસોનાં જીવન પેલા શ્રીમંત આદમી જેવા છે. અને પૈસાના જોરે ઉપર પોતાનું ધાર્યું કામ તે લોકો કરી નાંખતા હોય છે. આજે એક પટાવાળા પાસે ફાઇલ ઊંચી નીચી કરાવવી એ રૂ. પાંચ નું જ કામ છે ને? ઉસ્તાદ માણસો આ બધું જાણતાં જ હોય છે. આથી ધર્મપ્રધાન મોક્ષલક્ષી સંસ્કૃતિની ભેરીમાંથી જે નાદ નીકળતા હોય છે; મર્યાદા અને માનવતાના. એ ભેરીને વ્યક્તિગત સુખોની લાલચ ખાતર ખતમ કરી દેવામાં આવી રહી છે.

એક કૉલેજ–કન્યા કોઈ યુવાનના પ્રેમમાં પડે છે અને પોતાનું સુખ તે મેળવી લે છે. આમ કરવા જતાં સંસ્કૃતિની મર્યાદાને તે તોડી નાંખે છે. જે મર્યાદાના પાલનથી કરોડો યુવતીઓ પોતાનું શાંત અને સ્વસ્થ જીવન જીવી શકતી હોય છે.

આ રીતે એક યુવતી શીલ–મર્યાદાની કટકીને તોડી નાંખે છે હાય! સંસ્કૃતિની ભેરીનો અવાજ રૂંધાવા લાગે છે. એક યુવતીએ પોતાના સુખ માટે છૂટાછેડા વગેરે કરવાનું જે દુ:સાહસ કર્યું તેનું અનુકરણ સેંકડો હજારો કન્યાઓ કરવા લાગી; તેમણે પણ ભેરીની શુદ્ધ કટકીને તોડી નાંખી; નકલી કટકી ત્યાં ગોઠવાઈ ગઈ. ધીમે ધીમે

આખી નકલી બની ગઈ. એનો અવાજ સાવ બંધ પડી ગયો. હવે શું ? હજારો સુશીલ કન્યાઓની મર્યાદાનો અવાજ ન સંભળાતાં; અને વ્યક્તિગત સુખની, સ્વતંત્રતાની ખુલ્લેઆમ બિરદાવલી જોતાં, વાસનાઓનાં દુઃખ ભડકે બળતાં રહ્યાં. અને એમાં અનુકરણનાં પેટ્રોલ હોમાતાં જ રહ્યાં.

## અનુકરણનાં પાપ

એ બધાયનાં જીવનમાં અનુકરણનાં પાપ શરૂ થયાં. દર સો પ્રેમલગ્નોમાંથી પાંચ કે દસ માંડ સફળ થયાં. તેવું યુવતીઓનાં જીવન ક્લેશ અને કંકાસથી ઘેરાઈ ગયાં. કોકે કૂવા પૂર્યા; કોકે ઘાસલેટ છાંટ્યા; તો કોક જીવતી જ બળતી રહી.

વ્યક્તિગત સુખની જે કાળમાં મહત્તા નથી; જ્યાં સમષ્ટિના ગણિત ઉપર જ મર્યાદાઓ નક્કી થતી હતી, તે કાળમાં દર સોએ તેવું બહેનો સ્વસ્થ અને શાન્ત જીવન જીવતી હતી. અને માત્ર દસ જ બહેનોનાં જીવન (કદાચ) બદબાદ થતાં જણાતાં હતાં.

## આર્યાવર્ત : ભુલાવાના ચક્કરોમાં

પણ અફસોસ ! આર્યાવર્તની સંસ્કૃતિનો સર્વનાશ કરવા માટે જંગે ચડેલા કેટલાક ભેદી લોકોએ વ્યક્તિગત સુખોનો લાભ લઈ ને, ભેરીને નકલી બનાવીને, અવાજ રૂંધતી છતાં સુખી બનેલી (સોમાંથી) દસ બહેનોની જોરશોરથી જાહેરાત કરી અને સાંસ્કૃતિક મર્યાદાઓના પાલનને કારણે સોમાંથી માત્ર દસ જ, બરબાદ થયેલી જિંદગી જીવતી, ભૂતકાલીન બહેનોની જાહેરાત જોરશોરથી કરી સમગ્ર સમાજને 'ઉલ્લુ' બનાવ્યો છે. આખા ય આર્યાવર્તને આડા રસ્તે ફંટાવી નાંખીને ભુલાવાના ચક્કરોમાં ફેંકી દીધું છે.

જેવું નારીનાં શીલની બાબતમાં તેવું જ આયુર્વેદ, શિક્ષણ, ખેતી, ન્યાય, નીતિ વગેરે બાબતોમાં કરવામાં આવ્યું છે. દરેક વિષયની અસલી ભેરીને વ્યક્તિગત સ્વાર્થો વગેરેના કારણે નકલી બનાવી દેવામાં આવી છે. આથી કેકલાક સેંકડોને ફાયદો થયો પણ તેની સામે જ કેટલાય કરોડો માણસોને ભયંકર નુકસાન થઈ ગયું છે. આ દેશની સંસ્કૃતિ સમષ્ટિના જ સુખ–દુઃખનો વિચાર કરતી. એમ કરવા જતાં કેટલીક વ્યક્તિને દુઃખ પહોંચી જાય તો તેણે સંસ્કૃતિની બદ્ધમૂલ વ્યવસ્થા ખાતર પોતાના સુખનો ભોગ ફરજિયાતપણે આપવો પડતો.

## ક્રૂરતાની પરાકાષ્ઠા

પરંતુ આજે અવળી ગંગા વહી રહી છે. કેટલીક વ્યક્તિઓ પોતાનું સુખ પાકું કરી લેવામાં સમષ્ટિના સુખને ખબ જ મોટો ધક્કો લગાવી દેતી હોય છે. આ તો

ક્રૂરતાની પરાકાષ્ઠા કહેવાય. પુણ્યના ઉદયમાં કેટલીક વ્યકિતઓને વધુ સુખસામગ્રી મળી જાય તે જરૂર બને, પણ તે વ્યક્તિઓએ એનો ઉપયોગ માત્ર એકલા ન કરતા સમષ્ટિનાં અંગોને પણ તેમાં સહભાગી બનાવવાં જોઈએ ને?

જો આપણને ખરેખર સંસ્કૃતિ પ્રિય હોય તો આપણે એવી રીતે વ્યક્તિગત સુખો મેળવવામાં આંધળા કદી ન બની જવું કે જેથી સમષ્ટિના સુખ-દુ:ખનો વિચાર કરતી સંસ્કૃતિની વ્યવસ્થા તૂટી-ફૂટી જાય.

## વૈયકિતક સ્વાર્થોને તિલાંજલિ આપીએ

વેપારની અનીતિથી પ્રાપ્ત થતા સુખને કારણે જો નીતિની મર્યાદાઓ તૂટી જાય છે; એક વેપારીની લૂંટારુવૃત્તિ જો અનેકોને લૂંટારુપણું શીખવે છે; એક વ્યક્તિના પ્રણયને કારણે અનેક છોકરીઓ એ પાપ શીખે છે અને આમ પાપોનો ચેપ [વાયરસ] ચાલે છે, આ રીતે જો શીલની વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય છે; સંગ્રહખોરી કરવા જતાં જગડૂશાહોની વિરાટ પ્રતિમાઓને જો ઘણના ઘા લાગી જાય છે તો પૂળો ચાંપીએ; આપણા વ્યક્તિગત સ્વાર્થોને. સમષ્ટિના સુખને સાધતી મર્યાદાઓ સ્વીકારીને જે કષ્ટ સહેવું પડે તે સહેવા તૈયાર રહીએ.

## શરીરની આ તે કેવી સજાવટ !

પ્રત્યેક માનવના જીવનમાં આ પ્રકારની તૈયારીઓ પેદા થઈ જાય એ ખૂબ જરૂરી છે. આજના કેટલાક શ્રીમંતોની જેમ તમે કદી સંસ્કૃતિનો નાશ કરનારા ન બનશો. આજે તો શ્રીમંતાઈના પાપોએ માઝા મૂકી છે. જે શરીરમાંથી નિરંતર ભયંકર બદબૂ વહી રહી છે, પુરુષના અને સ્ત્રીના અનેક અંગોમાંથી સદા દુર્ગંધ છૂટી રહી છે, એવા શરીરને 'લીપ્સ્ટીક' 'પાવડર' વગેરેથી સજવામાં જ ઘણો પૈસો અને સમય પસાર કરી દેવો એમાં બુદ્ધિમત્તા શું? શરીરે આપણને 'ચેલેંજ' આપી છે કે 'હું નિરંતર બદબૂ વહાવીશ, પછી ગમે એટલું મને ધોવાય કે સુગંધિત સેંટ – પાવડર લગાડાય.' તો પછી શા સારું પફ – પાવડરની પાછળ આટલો ધૂમાડો કરવામાં આવે છે.?

## કેટલાક શ્રીમંતોના પાપે જ સામ્યવાદ

એક દિવસ એક છોકરો મારી પાસે આવ્યો. મને કહે : "મારા પપ્પા 'ફોરેન' જાય છે! મે પૂછ્યું : કેટલા દિવસ માટે? તેણે કહ્યું "સાત દિવસ માટે." પછી એણે કહ્યું કે "પપ્પા સાત દિવસ માટે બાવન જોડી સૂટ – પેન્ટ લઈ ગયા છે." આ સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો. સાત દિવસ માટે બાવન જોડી કપડાં!! હાય! આવા માણસોને ગરીબોનો કોઈ દી વિચાર પણ આવતો નહિ હોય? જો મને પૂછતાં હો

તો, સામ્યવાદ કદાચ આ દેશમાં આવવાનો જ હશે, તો આવા શ્રીમંતોના પાપે જ આવશે. શ્રીમંતાઈનું જોર માણસને આંધળો બનાવે છે. નથી તો એ ગરીબો સામે જોઈ શકતો, કે નથી તો જાતની પવિત્રતા જાળવી શકતો અને નથી તો એ ભગવાનને સાચા દિલથી ભજી શકતો.

શ્રીમંતોને પૈસા મળ્યા, એનો અર્થ એ નથી કે એ લોકો પોતાના પૈસા દ્વારા ગરીબોની ક્રૂર મશ્કરી કરી શકે છે. પોતાના વૈભવી જીવનો અને ધનનો બેફામ વ્યય તો સંસ્કૃતિના મૂળમાં આગ ચાંપનારા છે. સીત્તેરથી એંસી રૂપિયાની ભોજનંની એક થાળી પણ તમને પરવડતી હોય, ગમે ત્યાં ભટકવા માટે હજારો રૂપિયા મળી જતા હોય, એટલે શું થઈ ગયું? વૈભવોના આવા નફ્ફટ પ્રદર્શનો કરવા એ જરાય સારી બાબત નથી.

## સમથળ જમીન એટલે જ સામ્યવાદ

ધારો કે તમારા મકાનની બાજુમાં એક મોટો ખાડો છે. એને જો તમે ધૂળના ઢગલાથી પૂરી ન દો તો શું થાય? ક્યારેક કદાચ આખું મકાન એ ખાડામાં ધસી પડે અને જમીન સમથળ થઈ જાય. વૈભવી જીવનમાં મહાલતો અને ભોગમાં લખલૂટ ધન ઉડાવતો શ્રીમંત પોતાના શ્રીમંતાઈના મહેલને સાબૂત રાખવા માંગતો હોય, તો પણ તેણે ગરીબોને આપતા જ રહેવું જોઈએ, નહિ તો એક દિવસ ગરીબીનો એ મોટો ખાડો શ્રીમંતાઈના આખા મકાનને પોતાનામાં સમાવી લઈને જમીનને સમથળ બનાવી નાખશે. સામ્યવાદ એ બીજું કાંઈ જ નથી; પણ શ્રીમંતાઈ અને ગરીબીની ખાડા–ટેકરાવાળી જમીનને સમથળ બનાવી દેવાનું કામ જ સામ્યવાદ કરે છે.

## રામાયણનો પડકાર

રામાયણનો આ જ પડકાર છે, "હે માનવ! તારા વ્યક્તિગત સુખોની ખાતર તું બીજાને ભરખી ન જા. તારા વ્યક્તિગત સુખનો ભોગવટો એ રીતે ન કર કે જેથી સમગ્ર રાષ્ટ્ર, પ્રજા, કે સંસ્કૃતિને ભયંકર નુકસાન પહોંચી જાય." જે દેશમાં મુસલમાન રાજા રણમાં રજપૂતોનો કચ્ચરઘાણ બોલાવવા લાગ્યો, ત્યારે શીલવંતી પદ્મિનીઓએ શીલની રક્ષા ખાતર "હર હર મહાદેવ" કહીને અગ્નિમાં ઝંપાપાત કર્યો; અને એ રીતે પોતાનું સૌંદર્ય પરપુરુષોના હાથમાં જતું રોકીને શિયળની રક્ષા કરી હતી, એ જ દેશની કેટલીક સ્ત્રીઓ આજે શરીરનાં રૂપ અને સૌંદર્ય પરપુરુષોને બતાડવાની સ્પર્ધામાં પડી છે! આ તે કેવી ભયંકર સત્યાનાશી; સંસ્કૃતિની!!

## પાપી પૈસાનું ચોતરફ વ્યાપેલું સામ્રાજ્ય

આ ભારતમાં આજે કેટલાક માણસો દ્વારા રૂપિયા મેળવવા ખાતર બીજી

પત્ની પરણવામાં આવે છે અને પ્રથમની પત્નીને મારી નાંખવામાં આવે છે, આવા અનેક પ્રસંગો આ દેશની ધરતી ઉપર આજે બની રહ્યા છે. આ પાપોના આઘાતો અને તેના પ્રત્યાઘાતોથી આ ભારત આજે ઉભરાઈ રહ્યું છે. પાપી પૈસાએ અને ભોગની વાસના–ભૂખે પોતાનું સામ્રાજ્ય લગભગ સર્વત્ર ફેલાવ્યું છે.

એક કવિને રોજ–બરોજ હાંફળાંફાંફળા થઈ ને દુકાને જતા જીવો પ્રેત જેવા લાગે છે અને તે કહે છે કે, "દોઢિયા ખાતર દોડતા જીવો...જુઓને જીવતાં પ્રેત." પાપી પૈસાનો આ જગતમાં ફેલાયેલો પ્રભાવ કેવો વ્યાપક છે, એ વાત ચાચલે પોતાના જીવનના એક પ્રસંગમાં સરસ રીતે જણાવી છે.

## કિંમત ભાષણની કે ધનની?

એક વખતની વાત છે, બ્રિટનના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ ટેકસીમાં બેસીને જઈ રહ્યા હતા, અધવચમાં જ એક વિચાર આવતાં તેમણે ટેકસી ડ્રાયવરને કહ્યું, "ભાઈ! મારે આ મકાનમાં તાકીદના કામે જવાનું છે, તું પંદર મિનિટ અહીં ઉભો રહે."

ડ્રાઇવરે ચર્ચિલની આ માગણીનો ધરાર ઇન્કાર કરી દેતાં કહ્યું કે, "આ કામ મારાથી બિલકુલ બની શકે તેમ નથી."

જ્યારે ચર્ચિલે કારણ પૂછ્યું, ત્યારે ડ્રાઇવરે કહ્યું કે, "અહીં નજીકમાં આવેલા મેદાનમાં મિ. ચર્ચિલ ભાષણ કરવાના છે, મારે તે સાંભળવું છે; એટલે હું તમારી વાત સ્વીકારી શકતો નથી."

પેલા ડ્રાઇવરને ખબર નથી કે હું જેની સાથે વાત કરી રહ્યો છું તે મિ. ચર્ચિલ પોતે જ છે. ચર્ચિલને પોતાના ભાષણની આટલી વ્યાપક અસર જોઈ ને આનંદ થયો.

પરંતુ વિશેષ ચકાસણી કરવા માટે તે જ પળે ચર્ચિલે એક ડૉલર ડ્રાઇવરને આપ્યો અને કહ્યું કે, "ભાઈ! મારી વાત તું સ્વીકાર."

હસી પડતાં ડ્રાઇવરે કહ્યું, "સારું, સાહેબ! આપ કામ પતાવીને આવો, હું અહીં જ ઉભો છું."

ચર્ચિલે પૂછ્યું, "પણ...પેલા ચર્ચિલનું ભાષણ તું નહિ સાંભળે?"

"એવા તો કેટલાય ચર્ચિલો આવ્યા અને ગયા, મને તેની કાંઈ પરવા નથી." ડ્રાઇવરે ધડાક દઈ ને ઉત્તર વાળી દીધો.

આ પ્રસંગ જણાવીને ચર્ચિલે કહ્યું, "જુઓ. પૈસાનો પ્રભાવ! જેણે મારા ભાષણની કિંમત માત્ર એક ડૉલર જેટલી જ બનાવી દીધી ને?"

## ગરીબી દેખાય છે જ કયાં?

આજે આ દેશમાં પણ પૈસાની કેટલી બોલબાલા છે? કોણ કહે છે, હિંદુસ્તાન

ગરીબ દેશ છે? જુઓ મુંબઈના વાલકેશ્વરના આ ગગનચુંબી ફ્લેટો! જોઈ આવો, ભારતના રાષ્ટ્રપતિ ભવનને! રાષ્ટ્રપતિની તહેનાતમાં નિરંતર રહેતા બારસો માણસોને! અરે! એમની પત્નીને દર્શન કરવા જવું હોય ત્યારે ય વીસ વીસ માણસો સાથે જાય છે. ગરીબી છે જ કયાં? ગરીબી દેખાય છે જ કયાં? અને જો ગરીબી હોય, તો આ રીતના વૈભવી જીવનો માણવાની શી જરૂર છે? આટઆટલા માણસોના પગારોના ખર્ચાઓ કરવાની શી જરૂર છે? પણ ગરીબોની ગરીબીને દૂર કરવાની કોઈને પડી નથી. દયા, દાન અને કરુણા જેવા સાંસ્કૃતિક તત્ત્વો જીવનમાં જીવતા કરવાની જાણે કોઈને જરૂર જ દેખાતી નથી.

## માતાપિતાને પગે લાગતાં શરમ?

આપણી એ સંસ્કૃતિ કહેતી હતી, "તમે બીજાને સુખ આપો તો તમે ય સુખ મેળવશો." "ગરીબો પર દયા અને કરુણા રાખો." "માતાપિતાને રોજ પગે લાગો." આ બધી વાત આજે તમારા સહુના જીવનમાં છે ખરી? કેરાળા જેવા પ્રાંતની અંદર—જ્યાં પાશ્ચાત્ય શિક્ષણની સૌથી વધુ ઝેરી અસર જોવા મળે છે, ત્યાં પણ—મોટા મોટા માણસો ય દુકાને કે ઑફિસે જતાં પહેલા પોતાના માતાપિતાને પગે લાગે છે, જ્યારે આજે તમારા બાળકો માતાપિતાને પગે લાગતા શરમ અનુભવે છે.

## શેના ઉપર આટલું ગુમાન?

આપણે આપણા જીવનમાં વ્યવસ્થિત થવું જ પડશે. આર્યાવર્તની સાંસ્કૃતિક મર્યાદાઓનું પાલન કરવું જ પડશે. જીવનમાં જો સઘળી મર્યાદાઓ પાળવામાં નહિ આવે, તો મને આર્ય મહાપ્રજાનું ભાવિ ખૂબ ભયંકર દેખાય છે. આજે ભલે આખું મુંબઈ સમૃદ્ધ હોય, પણ કાળ પડખું બદલે એટલી જ વાર છે. કાલે કદાચ કાળ પલટાય તો 'જળ ત્યાં સ્થળ' અને 'સ્થળ ત્યાં જળ' જેવી સ્થિતિ થઈ જવાનો સંભવ છે. એક મિનિટ જ કાફી છે, આ આખા મુંબઈને ગરકાવ કરી દેવા માટે! હવે શેના ઉપર મુસ્તાક બનવું? શેના ઉપર ગુમાન ધારણ કરવું? કાલે કદાચ આપણાંમાંના કોઈને પણ "કૅન્સર"ની ગાંઠ ફાટી નીકળે તેવી પૂર્ણ સંભાવના છે. કાલે કદાચ તમે ભિખારી થઈ જાઓ અને ફૂટપાથ ઉપર સુવાનો વખત આવે એવું પણ બની જાય. માટે હવે તો તમે તમારી મેળે જ નક્કી કરી લો કે "મારે જીવન તો સુંદર મજાનું–સાંસ્કૃતિક પદ્ધતિનું જ જીવવું છે.

## કાલે તમારી સંપતિનું પણ શું?

જુઓ ઇંદિરા ગાંધીની દશા! એક કાળે જે આખા ભારતના સત્તાધીશ બનીને બેઠા હતા, જેની સામે કોઈ ચૂં કે ચાં કરી શકતું ન હતું; જે સંજય ગાંધી વગર

સત્તાએ સર્વસત્તાધીશ બનીને ઘૂમતા હતા...તેમની આજે શું દશા થઈ? કદાચ કરોડો રૂપિયા તેમણે બનાવી અને સ્વીટ્ઝરલૅન્ડની બૅંકમાં જમા કરી દીધા પણ હોય, પણ તેથી શું? આવા પ્રસંગો ઉપરથી તમે વિચારી લેજો કે સત્તા અથવા સંપત્તિની આર્ય પ્રજામાં કોઈ કિંમત નથી? કિંમત છે ચારિત્ર્યની.

## તમારું મૂલ્ય શાના ઉપર?

યાદ રાખજો, તમારી પાસે કેટલા પૈસા છે, તેના ઉપર તમારું મૂલ્ય નથી, તમે બીજાને [ગરીબોને] ચાહી શકો છો કે નહિ? તમે સંપત્તિનો ઉદારતાથી સદ્વ્યય કરી શકો છો કે નહિ? તમે ભગવાનની ભક્તિમાં લખલૂટ દ્રવ્ય ખર્ચી શકો છો કે નહિ? તેના ઉપર જ તમારું મૂલ્ય છે. આર્યવર્તની મહાન સંસ્કૃતિના ગૌરવો પ્રમાણે તમે જીવી શકતા હશો, તો તમારું મૂલ્ય ઘણું વધી જશે. જેઓ ધર્મને અને મોક્ષલક્ષી ધર્મક્રિયાઓને જીવનમાં આચરી શકે છે, અને પરમાત્માને સાચા હૃદયથી ભજી શકે છે, એ જ માનવો સાચા અર્થમાં માનવતાના કામ કરી શકે છે. અને એમના જ કામો દીર્ઘકાળ સુધી ચાલુ પણ રહી શકે છે.

## રાવણ અને ઉપરંભા

આ રામાયણમાંથી અનેક આદર્શો આપણને પ્રાપ્ત થાય છે. રાવણના ચરિત્રવર્ણનથી રામાયણનો આરંભ થાય છે. રાવણને જૈન રામાયણમાં અધમ માનવામાં આવ્યા નથી. જે રાવણને બલાત્કારે પરસ્ત્રીગમન નહિ કરવાની ઉત્તમ પ્રતિજ્ઞા હતી, તે રાવણને અધમ કરી દેવાની ઉતાવળ કરશો નહિ. રાવણને અધમ કહેતાં "રૂક જાવ" નો હુકમ કરતો એક સુંદર પ્રસંગ જૈન રામાયણમાં આવે છે; જે તમારી સમક્ષ રજૂ કરું છું.

એકવાર દુર્લંઘ્યપુરના ખંડિયા રાજા કુબેરની સામે કુંભકર્ણ વગેરે યુદ્ધ કરવા જાય છે. કુબેર પોતાના નગરના કિલ્લાની ચારે બાજુ લગભગ ૧૦૦ યોજન જેટલી અગ્નિની ખાઈ ખોદી નાંખે છે, આથી કુંભકર્ણ વગેરે પાછા ફરે છે, તેઓ રાવણને કહે છે, "મોટા ભાઈ! શત્રૂના નગરની આસપાસ આગની મોટી ખાઈ બનાવવામાં આવી છે, આથી તેને ઓળંગવાનું કાર્ય મુશ્કેલ બની ગયું છે," છેવટે રાવણ પોતે જાય છે. તે પણ આગને કારણે નગરમાં પ્રવેશી શકતો નથી. બહાર રાવટી નાંખીને રાવણ આ મુશ્કેલી કેમ દૂર કરવી તેની ચિંતામાં પડ્યા છે. આ બાજુ શત્રુરાજા કુબેરની પટ્ટરાણી ઉપરંભા રાવણ ઉપર આસક્ત થઈ છે. એણે જાણ્યું કે રાવણ નગરની બહાર રાવટી નાંખીને બેઠા છે, અને આગની ખાઈને શાંત કરવાની ચિંતામાં પડ્યા છે.

આથી ઉપરંભા ખાનગીમાં દાસીને રાવણ પાસે મોકલે છે. અને રાવણને

કહેવડાવે છે કે, "જો તમે મને સ્વીકારો તો હું તમને આગ શાંત કરવાના ઉપાયરૂપ 'આશાળી વિદ્યા' બતાવું, અને મારા પતિ પાસે રહેલું સુદર્શન ચક્ર પણ તમે પ્રાપ્ત કરી શકશો."

આ વાત સાંભળીને રાવણ વિભીષણને કહેવા લાગ્યા : "રે ! વિભીષણ ! જો તો ખરો ! આ નારી કેટલી નિર્લજ્જ છે ? મને કહેવડાવે છે કે, "મને સ્વીકારીને આગ શાંતિનો ઉપાય અને સુદર્શન ચક્ર, બન્ને ચીજો પ્રાપ્ત કરો." વિભીષણ ! એ નારીને જણાવી દો કે પવિત્ર રાક્ષસકુળને કલંક લાગે તેવું કામ રાવણ કદિ નહિ કરે."

રૂપરૂપના અંબારસમી એક રાણી સામે ચાલીને આવતી હોય છતાં પોતાના કુળના ગૌરવને યાદ કરીને તેને નકારી નાંખનારા રાવણને અધમ કહેવો કે મહાત્મા ? એ હવે તમે જ વિચારજો.

પણ રાજનીતિજ્ઞ વિભીષણે તો રાવણની વાતને અવગણીને ઉપરંભા રાણીની દૂતીને સંમતિ આપી દીધી કે, "તારી રાણીની વાત અમને મંજૂર છે." દૂતી પાસેથી આ સમાચાર મળતાં ઉપરંભા રાવણ પાસે આવી જાય છે અને 'આશાલી વિદ્યા' વગેરે આપી જાય છે.

ઉપરંભા પાસેથી મળેલી વિદ્યા અને કેટલાક અમોઘ શસ્ત્રોને લીધે રાવણ અગ્નિની ખાઈને શાન્ત કરે છે; અને કુબેર રાજાને જીવતો પકડી લેવામાં સફળતા મેળવે છે. કુબેર રાવણનું શરણ સ્વીકારે છે, એટલે તેનું રાજ્ય રાવણ તેને સાપી દે છે. તે પછી ઉપરંભાને રાવણ કહે છે કે, "તેં મારી પાસે જે ભોગસુખની માંગણી કરી છે, તે ખૂબ જ અનુચિત છે. વળી તે મને વિદ્યાપાઠ આપ્યો, માટે તું મારી વિદ્યાગુરુ પણ બની છે. માટે બીજો કોઈ વિકલ્પ ન કરતાં સન્નારીને છાજે એવું જીવન જીવવા લાગી જા, અને તારા પતિની સેવામાં જ પરાયણ બન. રાક્ષસકુળ જેવા મહા–પવિત્ર કુળને પરસ્ત્રીગમનનું પાપ કરીને કલંકિત કરવાને હું કદાપિ તૈયાર નથી."

રાવણના વચનો સાંભળીને ઉપરંભાનો કામાગ્નિ શાન્ત થઈ ગયો. આવા હતા પરસ્ત્રીગમન–ભીરુ રાવણ !

## રાવણની ભીષ્મપ્રતિજ્ઞા

રાવણની મહાનતાને જણાવનારો 'જૈન રામાયણ'માં બીજો પણ એક સુંદર પ્રસંગ આવે છે.

એકવાર રાજા ઇન્દ્ર સાથેના મહાયુદ્ધમાં વિજેતા બનીને રાજા રાવણ લંકા તરફ પાછા જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં અનન્તવીર્ય નામના વીતરાગ કેવલી ભગવંતના તેમને દર્શન થયા. પોતાની જાતને ધન્ય માનતા રાવણ તેમની પાસે ગયા. વંદના કરીને કેવલી–ભગવંતની ધર્મદેશના સાંભળી.

દેશના પૂર્ણ થયા બાદ રાવણે એમને એક પ્રશ્ન પૂછ્યો, "હે ભગવન્! આપ જેવાની મહતી કૃપાથી; પુણ્યના ઉદયનો સહકાર મળશે તો હું જીવન તો કદાચ સુંદર મજેનું જીવી જવાને ભાગ્યવાન્ બની શકીશ; પણ મારા મરણનું શું? જો મારું મરણ અનિષ્ટ રીતે થાય તો મારું સમગ્ર જીવન કલંકિત થાય. વળી મરણ સમયના ચિત્તની શુભાશુભ સ્થિતિ (લેશ્યા) ઉપર જ પરલોકની સદ્ગતિનો આધાર છે એટલે મારું મરણ બગડે તો પરલોક પણ બગડે.

માટે હે ભગવન્! આપ ત્રિકાળજ્ઞાની છો તો આ સેવકનો એક વિનમ્ર પ્રશ્ન છે કે, આ સેવકનું મરણ શી રીતે થશે?"

ભગવંતે ઉત્તર આપતા કહ્યું, "લંકાપતિ! તમારું મરણ પરસ્ત્રીના કારણે થશે."

આ સાંભળતાં જાણે કે માથે વીજળી પડી હોય એવો કડાકો રાવણના હૈયામાં થયો. એણે વજ્રાઘાતનો અનુભવ કર્યો.

એ એકદમ બોલી ઊઠ્યા, "અરે! અરે! ભગવન્! રાજા રાવણના લલાટે પરસ્ત્રીનું કાળું કલંક! આ હું શું સાંભળી રહ્યો છું? પ્રભો! બીજું ગમે તે સાંભળી શકાય પણ આ ભવિષ્યવાણી મારાથી સાંભળી જતી નથી! ઓહ! લંકાપતિ દુરાચારી બનશે? પરસ્ત્રી તરફ એની નજર કતરાશે? એ કુળકલંકી થશે? આટલી હદે જઈને અધમ થશે?"

રાવણનું અંતર અસહ્ય પીડા અનુભવવા લાગ્યું. થોડી જ પળોમાં સ્વસ્થ થઈને એ ફરી બોલવા લાગ્યા: "ભગવન્! મારાથી આ કટુ સત્ય ખમી શકાતું નથી. આવું કલંકિત જીવન તો મારાથી કેમે ય નહિ જીવી શકાય. પ્રભો! આપ તો સર્વજ્ઞ છો, સર્વદર્શી છો; આપનું વચન ત્રિકાલાબાધ્ય જ હોય. મને એમાં લેશ પણ શંકા નથી. પરંતુ મારે એક પ્રતિજ્ઞા કરવી છે; પાણી પહેલાં જ પાળ બાંધવી છે; લલાટના એ લેખ ઉપર લોઢાની મેખ મારવી છે...

"મને પ્રતિજ્ઞા આપો, પરસ્ત્રી મને ન ઇચ્છે તો હું એનો સંગ નહિ કરું. [परस्त्रियमनिच्छन्तीं रमिष्यामि नह्यहम्]

"ભગવન્! પ્રાણના માટે હું આ પ્રતિજ્ઞા પાળીશ.

"અને જો...આ પ્રતિજ્ઞાનું બરોબર પાલન થયું તો આ સંભવિત કોઈ કલંક મારા લલાટે લાગવાની સંભાવના રહેતી નથી."

રાવણની યાચનાને અનન્તવીર્ય કેવલીએ અનુકૂળ થઈને પ્રતિજ્ઞા આપી. રાજા રાવણને સંતોષ થઈ ગયો. આ કલંકથી પોતે હવે સંપૂર્ણપણે નિર્ભય થઈ ગયો છે એવી પ્રસન્ન લાગણી અનુભવતા રાવણ ત્યાંથી ઊઠ્યા. કેવલી ભગવંતને વંદન કરીને વિદાય થયા.

અકાટ્ય કર્મોની આંધી સામે ય લડી લેવા માટે કમર કસવાનો પુરુષાર્થ કરનારા રાજા રાવણ! ધન્ય છે તમને!

જો રાવણે આ પ્રતિજ્ઞા લીધી ન હોત; જો એનું પાલન ન કર્યું હોત તો... ખરેખર પરસ્ત્રીગમનનું અતિ ભયાનક પાપ રાવણના દેહને પણ અભડાવી ગયું હોત! એક મહાસતીજીનાં જીવનનો રાવણે કદાચ અકાળે અંત બોલાવી દીધો હોત!

રાવણની આ પ્રતિજ્ઞાએ સીતાજીને શીલભંગમાંથી બચાવવામાં મોટો ભાગ ભજવ્યો છે, તેમ જરૂર કહી શકાય. અલબત, સીતાજીના સતીત્વનો પ્રભાવ તેમાં પ્રબળ કારણરૂપ હતો; પરંતુ સાથે સાથે રાવણની આ પ્રતિજ્ઞા પણ નિમિતરૂપ બની ગઈ.

## શીલરક્ષાની આધારશિલા : મજબૂત મનોબળ

આજે જો બેનો પણ પોતાના શીલની બાબતમાં એકદમ પવિત્ર બની જાય, તો સામાન્યતઃ મને લાગે છે કે દુનિયાની કોઈ તાકાત એનું પતન કરી શકે તેમ નથી. સારામાં સારા આર્ય માતા અને પિતા એમને મળ્યા છે. માતાના ઉત્તમ સંસ્કાર પામેલી બેનને કૉલેજમાં જવું પડે તો કદાચ તે કૉલેજમાં જાય પણ ખરી, પણ ત્યાંય નૈતિક પતન કોઈ કરી શકે એમ નથી; જો પોતાનું મનોબળ જોરદાર હોય તો.

## રાવણ કેમ મહાન ?

રાવણને પ્રતિજ્ઞા હતી કે પરસ્ત્રીની અનિચ્છા હોય તો તેને પરાણે સ્પર્શ કદી ન કરવો. એથી જ એ હંમેશ સીતા પાસે આવતા છતાં સીતાથી દૂર ઊભા રહીને વાત કરતા. તેને કડક શબ્દોમાં ધમકી પણ આપતાં. છતાં તેને સ્પર્શ સુદ્ધાં કરતા નહિ. સીતાજીને સમજાવવા માટે પોતાની પટ્ટરાણી મંદોદરીને પણ એક વાર તેણે મોકલી હતી. મંદોદરીએ આવીને સીતાને કહ્યું : "તારો પતિ રામ તો જંગલમાં રખડે છે. ઝાડના છાલીઆથી પોતાનું શરીર ઢાંકે છે. જ્યારે લંકાધીશની સમૃદ્ધિની તો શી વાત કરવી? બોલ! એવા રામની પત્ની થવામાં મજા છે કે આવા મહાન લંકાપતિની પટ્ટરાણી થવામાં મજા છે? તું કહેશે તો તને મારું પટ્ટરાણીપદ પણ હું આપી દઈશ." આમ છતાં સીતાજીએ મંદોદરીને ધૂત્કારી કાઢી.

આવી રીતે અપમાનિત થવા છતાં પણ રાવણે સીતાજીના દેહને સ્પર્શ કરીને કોઈ અકાર્ય ન કર્યું એ જ રાવણની મહાનતા છે. આ રીતે રાવણે પોતાની પ્રતિજ્ઞા પ્રાણના સાટે પાળી હતી. આવા રાવણનું દશેરાને દિવશે દસમાથાવાળુ પૂતળું બનાવીને દહન કરવામાં આવે છે, તે વખતે આ મહાનતા કેમ વિચારાતી નથી?

## નિર્દય : કામચણ્ડાલ

કર્મના સંકજામાં આવેલો ગમે તેવો ધુરંધર પણ કામના (વાસનાના) સંકજામાં

ફસાઈ જાય તેમાં કોઈ નવાઈ નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓ જણાવે છે કે, "કામ-ચંડાળ અતિ નિર્દય છે. મોટા મોટા પંડિતોને પણ તે પીડા આપે છે. જેના જીવનમાં શાસ્ત્રોના સદ્બોધવાળા ગુરુની કૃપા નથી, તેને કામ ખતમ કરી નાંખ્યા વિના રહેતો નથી."

જો ભલભલા મહારથીઓને, ધુરંધર વિદ્વાનોને, અને વક્તાઓને પણ કામ-ચંડાળ મહાત કરી નાંખતો હોય, તો રાવણ જેવા રાજાનું પણ તે કામરાજ પતન કરી નાંખે, તે સુસંભવિત હતું; પરંતુ રાવણની તે પ્રતિજ્ઞા—ચુસ્તતાએ જ રાવણને મોટો અનર્થ કરતાં અટકાવી દીધા!

## રાવણના પૂર્વજોનું સંક્ષિપ્ત વર્ણન

રાવણના દાદા નામ હતું; સુમાલી. તેઓ લંકાના રાજા હતા. વૈતાઢ્યના રાજા ઇંદ્ર સાથે સુમાલીને યુદ્ધ થયું. એમાં સુમાલી હારી ગયા. એથી લંકાનું રાજ સુમાલીના હાથમાંથી ચાલ્યું ગયું. તેઓ પાતાળ લંકામાં આવીને, કોઈ બળવાન પુત્રની અપેક્ષા સાથે રહ્યા. જો કોઈ એવો પરાક્રમી પુત્ર પ્રાપ્ત થાય તો લંકાનું રાજ પાછું મેળવી શકાય, એ આશાએ તેઓ જીવતા રહ્યા. લંકાનું રાજ ચાલ્યું ગયું, એનો સુમાલીને ભારે આઘાત હતો, તેઓ સદા ચિંતાગ્રસ્ત રહેવા લાગ્યા. કાળક્રમે સુમાલીને એક પુત્ર થયો. તેનું નામ હતું; રત્નશ્રવા. તે યુવાન થયો; પણ સુમાલીને તેનામાં એવું કોઈ હૈવત ન દેખાયું કે જેથી છીનવાઈ ગએલી લંકાનગરી પાછી મેળવીને તે તેને કબજે કરી શકે. આથી સુમાલીને હજુ બીજા કોઈ પરાક્રમી પુત્ર કે પૌત્રની અપેક્ષા રાખવી પડે છે.

## રાવણનો જન્મ અને તેનું 'દશાનન' નામાભિધાન

યુવાન થએલા રત્નશ્રવા કૈકસી નામની સ્ત્રી સાથે પરણ્યા. કેટલાક વખત બાદ તેને એક બાળક થયું, એક દિવસ અતિપરાક્રમી એ બાળ એ રમતું રમતું એક લોખંડની પેટી પાસે પહોંચી જાય છે, અને એમાં રહેલા એક નવ માણિક્યવાળા હારને પોતાના જ હાથે બહાર કાઢીને પોતાના જ ગળામાં નાંખી દે છે. આ જોઈ તેની માતા કૈકસી ખૂબ વિસ્મિત બની જાય છે અને પોતાના પતિને કહે છે કે, "હે નાથ! જે હાર તમારા પૂર્વજોને રાક્ષેંદ્રે આપેલો, જેને આજ સુધી કોઈ ધારણ કરી શકતું નહિ, એવો હાર આપણાં આ બાળકે ઉપાડી લીધો છે. અહા! શું એનું પરાક્રમ છે!"

બાળકે પહેરેલા હારના નવ માણેકમાં તેના જ મસ્તકનું પ્રતિબિંબ પડતું હતું. નવ માણિક્યરત્નોમાં પ્રતિબિંબિત થતાં બાળકના મુખના નવ આકારો અને તેનું પોતાનું એક મુખ એમ દશમુખવાળો તે બાળક દેખાવા લાગ્યો. આ જોઈને તે જ

વખતે પિતાએ તેનું દશાનન [દશ મુખવાળો] નામ પાડ્યું. આ દશાનન તે જ રાવણ!

રાવણને કાંઈ વાસ્તવમાં દશ મુખ ન હતા. નવસેરા હારમાં પ્રતિબિંબિત થવાને કારણે જ તે દશમુખ કહેવાતો. આજે જ્યાંને ત્યાં જે રીતે તેને દશમુખવાળો બતાડવામાં આવે છે તે આ ગ્રન્થકારશ્રીના મતે ઉચિત નથી.

રાવણ પછી ક્રમશઃ કુમ્ભકર્ણ, સૂર્પણખા અને વિભીષણને કૈકસીએ જન્મ આપ્યો.

## બાળકમાં દૃઢ સંસ્કારોની દાત્રી : માતા

સામાન્ય રીતે બાળકોના જીવનમાં માતાના સંસ્કાર વિશેષ કામ કરી જતા હોય છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, એમ કહેવાય જ છે ને? જ્યારે બાળક ગર્ભમાં હોય છે ત્યારથી જ માતા તેનામાં સંસ્કાર રેડવાનું કામ કરતી હોય છે. જો માતા ખૂબ ક્રોધી હોય તો ગર્ભમાં રહેલા બાળકમાં માતાના ક્રોધના સંસ્કાર જાય છે. અને બાળક ઘણીવાર ક્રોધી પાકે છે. માતા જો શીલવન્તી હોય તો બાળકમાં પણ સદાચારના સંસ્કાર પડતા બાળક પણ સદાચારી પાકે છે. અને જન્મ થયા બાદ પણ આઠ વર્ષ સુધીમાં તો, નિશાળે ગયા વિના જ માતા દ્વારા અપાતા શિક્ષણથી જ બાળકમાં અનેક પ્રકારના સારા યા નરસા સંસ્કારો દૃઢ બની જતા હોય છે.

સ્કૂલમાં ભણાવવું એ એક જુદી વાત છે અને ઘરમાં રહીને માતા જે શિક્ષણ આપે એ જુદું છે. માતા પોતાના જીવનદ્વારા બાળકોમાં જે સંસ્કાર રેડે છે એ બાળકના મરતાં સુધી ઘણીવાર દૂર થતા નથી. માટે જ સહુએ—ખાસ કરીને માતાઓએ—પોતાના બાળકમાં સારા સંસ્કાર કેમ પડે એ તરફ અત્યંત કાળજી રાખવી જ જોઈએ. અન્યથા કેવળ છોકરાઓની જ ભૂલો કાઢ્યા કરવાથી તેઓ સુધરી જશે તેવું માની લેવું જોઈએ નહિ.

## કૈકસીની રાજ્યભૂખ

રાવણની માતા કૈકસીના અંતરમાં પોતાના સસરા સુમાલીએ લંકાનું જે રાજ્ય ગુમાવી દીધું હતું તેનું ભારે દુઃખ હતું; અને કોઈ પણ ભોગે તે રાજ્ય પાછું મેળવવાની તેનામાં તાલાવેલી હતી. કૈકસી વિચારે છે કે, 'જો બધા જ નિર્માલ્ય પાકશે તો લંકાનું રાજ્ય પાછું કદી મેળવી શકાશે નહિ. માટે આમાંથી મારો કોઈ બળવાન્ પુત્ર યુવાન થાય અને પરાક્રમ ફોરવીને લંકાનું રાજ પાછું મેળવે તો મને ખૂબ આનંદ થાય.'

ધરતી મેળવી લેવાની લાલસા કૈકસીના અંતરમાં જાગી ઊઠી હતી. લાલસા અતિભયંકર ચીજ છે. કોઈ પણ ચીજની લાલસા અંતરમાં જાગે છે ત્યારે માણસ

ગમે તેવું ભયંકર પાપ કરતાં ય ઘણીવાર અચકાતો નથી. મોટા સંસ્કારી આત્માઓને પણ ક્યારેક લાલસા પટકી નાંખે છે, અને પાપી બનાવી નાંખે છે. કૈકસી સંસ્કારી સ્ત્રી હોવા છતાં ધરતી મેળવવાની લાલસાના કારણે પોતાના નાની ઉંમરના સગા પુત્રોમાં પણ તેવા સંસ્કાર રેડવાનું કામ તે જાણે કરી રહી હતી.

## કાચી વયમાં શિક્ષણ ન અપાય

બાળકોમાં ગમે ત્યારે ગમે તે પ્રકારના સંસ્કાર રેડી ન શકાય. કાચી ઉંમરમાં ગમે તેવું શિક્ષણ જો તેમને આપવામાં આવે તો બાળકોના જીવનનું ધનોતપનોત નીકળી જાય. પરંતુ આજે ગમે ત્યારે, ગમે તેને, ગમે તેવી વાતો કરવામાં આવી રહી છે. આજે કાચી ઉંમરમાં પણ બાળકોને અનુચિત પ્રકારનું શિક્ષણ આપવાની હિમાયત કરવામાં આવી રહી છે. આ બધી બાબતો બહુ ગંભીર વિચારણા માંગી લે છે...

## પ્રજાનું તૂટતું જતું નૈતિક સ્તર

કેટલીક કઠોર બાબતો મારે તમને કહેવી પડે છે. ઘણીવાર અમને લાગતું હોય કે આ વાતો જાહેરમાં ન કરીએ તો સારું. તો પણ હવે કહ્યા વગર ચાલે એવું નથી; કારણ કે નૈતિક રીતે પ્રજાનું સ્તર [મૉરોલ] એટલી હદ સુધી આજે નીચે ઊતરી ગયું છે કે હવે આ વાતો જો તમને કહેવામાં નહિ આવે તો કદાચ આ દુનિયામાં એવો તમારો કોઈ મિત્ર નહિ હોય, જે તમને આવી કડવી વાતો આટલા સ્પષ્ટ શબ્દોમાં જણાવીને તમને બચાવનારો બને.

કૈકસીને પોતાના સગા ભાણિયા વૈશ્રમણનું વિમાન આકાશમાં ઊડતું જતું જોઈને રાવણે 'આ કોણ છે?' એમ પૂછ્યું. એના ઉત્તરરૂપે, વૈશ્રમણને જોઈને ક્રોધમાં ભરાયેલી કૈકસી જે કાંઈ કહે છે, એનાથી રાવણ વગેરેના અંતરમાં પણ ક્રોધ ભભૂકી ઊઠે છે.

## તમે સહુ વ્યવસ્થિત બની જાઓ

ક્રોધ અને કામ વગેરે બાબતોમાં સુધરવાની તાતી જરૂર આજે આવી ઊભી છે. જો તમે સુધરશો નહિ, જો તમે જ બગડેલા હશો; તો મને લાગે છે કે, આજના ધર્મસ્થાનો પણ કદાચ પવિત્ર નહિ રહે. આજે સાવ બગડેલા લોકો મંદિરમાં, તીર્થ-સ્થાનોમાં અને બીજા ધર્મસ્થાનોમાં આવીને પોતાના બગાડનો ચેપ વાતાવરણમાં ફેલાવતા હોય છે. તીર્થસ્થાનોમાં ચાલતી વૈભવી મોજમજાઓ. ગમે તે રીતના આચરણો અને બેહદ કોટિની છૂટછાટો જોતાં હવે તીર્થસ્થાનોની પવિત્રતા પણ જોખમમાં મુકાઈ જવાની દહેશત ઊભી થઈ છે. જે સ્થાનોમાંથી આત્મામાં પવિત્રતા પ્રાપ્ત કરવાની છે, જ્યાંથી આત્મામાં જામેલો બગાડો દૂર કરવાનો છે; ત્યાં જ

અપવિત્રતા પ્રસારવામાં આવે? ત્યાં જ ગમે તેવી મોજમજા અને બેફામ ક્રિયાઓ ચાલે? આ કેમ ચાલી શકે?

હવે તમે બધા વ્યવસ્થિત બની જાઓ તો જ આપણે કાંઈક બચી શકીશું. છેવટે એટલું તો નક્કી કરી લો કે સર્વથા પાપો છૂટી ન શકે તો પણ પવિત્રસ્થાનોમાં તો તે પાપાચરણ કદી સેવવું નહીં. જો આટલું થશે તો પણ તે પવિત્ર સ્થાનો ભારતીય પ્રજાના પાવિત્ર્યનો સ્રોત વહાવતા જ રહેશે.

## શું વિમાન રાઈટ બ્રધર્સે જ શોધ્યું?

આકાશમાં ઉડતું જતું વિમાન રાવણ જુએ છે...શું વિમાન આજે જ શોધાયા છે? શું વિમાનની શોધ 'રાઈટ બ્રધર્સે' જ કરી હતી? ના, નહિ જ, તે પૂર્વે ય આ દેશમાં વિમાનો હતા. આજે વિમાનો યંત્રથી ચાલે છે, તો તે વખતે પણ કાષ્ટ-યંત્રો વગેરેથી જ ચાલતા હતા.

આકાશમાં ઉડતાં વિમાન ને જોઈને રાવણ એની માતાને પૂછે છે, "આ કોણ છે?" ત્યાર બાદ કૈકસી જે જવાબ આપે છે અને એના દ્વારા રાવણ, કુંભકર્ણ વગેરેના અંતરમાં કેવા ભાવો જાગે છે, એ બધી વાત વિસ્તારથી હવે પછી આપણે વિચારીશું.

**નોંધ : આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૦ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**—અવતરણકાર**

**મૂલ્ય : ૫૦ પૈસા**

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે. અમદાવાદ–૧ [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ–૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ        નકલ : ૨૦,૦૦૦

પ્રવચન ૧૦-૭-૭૭ ]   **પ્રવચન–ત્રીજું**   [ પ્રકાશન ૧૭-૭-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે, પ્લેઝન્ટ પેલેસના વિશાળ 'પટાંગણ'માં, લગભગ આઠ હજારની જન મેદની સમક્ષ, રામાયણનું ત્રીજું પ્રવચન કરતાં, રામાયણ દ્વારા શીખવાતી 'સુખમાં અલીન અને દુ:ખમાં અદીન' બનવારૂપ જીવન જીવવાની કળા, દુઃખના પાચન કરતાં ય કઠણ સુખનું પાચન, કૈકસી દ્વારા રાવણમાં ઉત્પન્ન કરાતી ઉત્તેજના, દૈવી બળો દ્વારા પ્રાપ્ત થતી વિદ્યા–શક્તિઓની સાધના કાજે રાવણનો મજબૂત નિરધાર, એમાં અનાદ્રુત દેવ દ્વારા કરાતાં વિઘ્નો અને એમાં આરપાર ઊતરી જતો રાવણ, કુંભકર્ણ અને વિભીષણને પ્રાપ્ત થતી વિદ્યા–શક્તિઓ, વગેરે વિષયોનું રોમાંચક વર્ણન પોતાની જોશ ભરેલી જબાનમાં કર્યું હતું.

પાશ્ચાત્ય દેશોની વિકૃતિ અને આર્યદેશની સંસ્કૃતિ વચ્ચે આભ–ગાભનું અંતર જણાવતાં, જીવંત પત્નીના મૃત્યુની કલ્પના માત્રથી ધ્રૂજી ઊઠતાં પાશ્ચાત્ય નાટ્યકાર શેક્સપીઅર અને સ્નેહાળ પત્નીના મોતથી પણ અદીનમના બની રહેતા નરસિંહ મહેતાનું હૃદયસ્પર્શી સંતુલન, રૂપ અને સૌંદર્યની આગમાં ભડકે સળગતી અને દેહની કરચલી માત્રથી કંપી ઊઠતી મનરો મેરેલીન અને ભોગસુખોની છોળોમાં ઊછળતા રાજા સોમચંદ્રને પ્રેરણાના પયગામ સંભળાવતી આર્યદેશની એક આદર્શપત્ની વચ્ચેનો મહાન્ તફાવત, પ્રગતિના નામે પ્રજામાંથી સદ્ગુણોની થતી પીછેહઠ, પ્રત્યેક પ્રવૃત્તિમાં શ્રીમંત માનવનો 'મારું શું?' અને 'મારે શું?'નો ઘોર સ્વાર્થ સૂચવતો સવાલ, વિનાશી સંસારનું સ્વરૂપ : 'કાં ગુલાબ નહિ; કાં માળી નહિ', આર્યદેશની નારીનું સિનેમા વગેરેમાં ઘોર અધ:પતન, સુખના લાલચુ માનવોના ત્રણ અપલક્ષણો, 'આયુર્વેદ'ના વિજ્ઞાનનું વાસ્તવિક રહસ્ય, પાપોના 'વાયરસ' નહિ ફેલાવતા માનવનું પણ વર્તમાનકાળની દૃષ્ટિએ મૂલ્યાંકન, સિદ્ધિ કાજે સાધનાની અનિવાર્યતા, પશ્ચિમના પ્રશંસકોને વિવેકાનંદે આપેલા 'બમ્પર બોલ' જેવા જવાબો, મહાયોગી આનંદઘનની અપૂર્વ સિદ્ધિ વગેરે અનેકાનેક સંસ્કૃતિ પોષક પ્રસંગો અને અનુપ્રસંગોને સમજાવતી, દોઢ કલાક સુધી મૂશળધારે વરસતી મેઘમાળાની હેલિની જેમ એકધારી વહી જતી, પરમપદની પ્રાપ્તિની પરમપુનિતતા પ્રસારતી, પારગામિની અને પરમ-કલ્યાણદાયિની, અંતસ્તલને સ્તબ્ધ કરી મૂકતી, પૂજ્યપાદશ્રીની પ્રવચન પીયૂષધારનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

શ્રીપાળ નગર, મુંબઈ–૬ —મુનિ ભાનુચન્દ્ર વિજય
તા૦ ૧૨–૭–૧૯૭૭

# પ્રવચનાંક : ૩

રવિવાર
અષાડ વદ ૧૦

અનંત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય **ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** રચેલા "જૈન રામાયણ"ને આધારે **"રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ"** એ વિષય ઉપર **દર રવિવારે બપોરે અઢીથી ચાર**ના સમયમાં ચાલતી આ પ્રવચનમાળાનું આજે ત્રીજું પ્રવચન છે. બીજા અનેક સંસ્કૃતિપોષક પ્રસંગોને આવરી લેતા આ પ્રવચનમાં આજે રાવણના જીવનની કેટલીક બાબતો આપણે વિચારશું. ત્યાર બાદ શ્રીહનુમાનજીના પિતા પવનંજય અને માતા અંજના-સુંદરીના પ્રસંગો લઈને પછી આપણે રામચંદ્રજીના જીવનમાં પ્રવેશ કરીશું. સત્તરથી અઢાર પ્રવચનોમાં પૂર્ણ થનારી આ પ્રવચનમાળામાં આપણે જીવનમાં સંસ્કૃતિના અનેક તારોને જોડી દેનારી વાતો વિચારવી છે.

## રામાયણ–વાચનનો દૃષ્ટિકોણ

મેં પૂર્વના પ્રવચનમાં પણ કહ્યું હતું કે, આ રામાયણ મુનિજીવનના ભવ્ય આદર્શોની ખાણ છે. અને એથી જો એ જ દૃષ્ટિકોણથી આ રામાયણ વાંચવી હોય તો ય વાંચી શકાય. એનાથી જરૂર સાચા મુનિજીવન માટે ખૂબ જ આવશ્યક બળ મળી રહે; પરંતુ હું એ દૃષ્ટિકોણને આદર્શરૂપે નજરમાં રાખીને તમારી સમક્ષ આ રામાયણ વાંચીશ. કારણ...આજે પ્રજાનું નૈતિક સ્તર અત્યંત નીચી કક્ષાએ ઊતરી ગયું છે એટલે એની જ પ્રથમ મરામત કરવાનું ખૂબ જરૂરી બની ગયું છે.

## રામાયણ શું શીખવે છે?

આજે તો પ્રજાને જીવન જીવવું શી રીતે? માણસે માણસ તરીકે કઈ રીતે જીવવું? એ શીખવાડવાની જરૂર ઊભી થઈ છે. શ્રીમંતોના જીવનમાં અનેક ઉથલ-પાથલો જોવા મળે છે. ગરીબોને પણ પોતાના પ્રશ્નો છે. એ બધા જ પ્રશ્નોના ઉત્તરો આ રામાયણમાંથી મળી રહે છે. આજે પિતા પોતાના પુત્રોને વેપાર કરતા શીખવે છે. ધાટીને ફર્નિચર ઝાપટતાં શીખવે છે. મુનિમને ચોપડો લખતા શીખવે છે. માતા બાળકને ખાતા, પહેરતા અને કપડા ઓઢતા શીખવાડે છે. શિક્ષણ આજે ભૌતિક જગતનું ભણતર આપીને માણસને નોકરી મેળવી આપવાનું કામ કરે છે; પરંતુ જીવન શી રીતે જીવવું એ આજે કોઈ શીખવતું નથી.

## રામાયણ શીખવે છે; જીવન જીવવાની કળા

જીવનમાં સુખ વધી જાય ત્યારે કઈ રીતે તેમાં અલીનભાવ રાખવો અને જ્યારે પાપકર્મોના ઉદયે ભયંકર દુઃખો ઉભરાઈ જાય ત્યારે તેમાં શી રીતે અદીનભાવ

રાખવો એ કળા રામાયણ શીખવે છે. જ્યારે પાપકર્મોનો ઉદય થાય ત્યારે અનેક આઘાતો અને પ્રત્યાઘાતો આવતા હોય છે; પરંતુ તે વખતે તે કોયડાઓને કઈ રીતે હલ કરવા, એના ફાંસલાઓમાંથી શી રીતે નીકળી જવું? આવી જીવન જીવવાની કળા રામાયણ શીખવે છે.

## પૈસો દરેક બાબતનો ઉકેલ નથી

ચોવીશ વરસનો છોકરો એકાએક મરી જાય, પત્નીને ગળામાં 'કેન્સર' થઇ જાય, શરીરમાં ભયંકર રોગો વ્યાપી જાય ત્યારે લાખો રૂપિયા પણ કામ લાગતા નથી. એક વાત સમજી રાખો કે પૈસો દરેક બાબતનો ઉકેલ નથી. જો પૈસાના જોરે જ બધું કામ ચાલતું હોત તો, શ્રીમંતોના જીવનમાં સદા શાંતિ હોત. પણ આજે કેટલાય શ્રીમંતોના જીવન ભડકે બળી રહ્યા હોય તેવી સ્થિતિ દેખાય છે.

## કરોડો રૂપિયાથી "ડલેસ" ના બચ્યા

અમેરિકાના વિદેશમંત્રી ડલેસ કે જેણે એશિયાનો કબજો લઈ લેવા માટે અંગ્રેજોને પોતાની કૂટનીતિ સમજાવી હતી. એ અંગ્રેજોને કહેતા કે, 'તમે એશિયાનો કબજો મેળવવા એશિયનોને પરસ્પર લડાવી મારીને જ ખતમ કરી નાખો' આવી ક્રૂર નીતિવાળા ડલેસ હતા. જેણે એ વિચાર ન કર્યો કે આ રીતે જો એશિયનો અંદરોઅંદર લડી મરશે તો એમના બાળબચ્ચાનું શું થશે? એમની સ્ત્રીઓનું શું થશે? એમના અર્થતંત્રનું શું થશે? આવી ક્રૂરતા ધરાવતા ડલેસ પણ અંતે ખૂબ રિબાઈને મર્યા.

એમને છેલ્લા સમયમાં જ્યારે 'કેન્સર' થયું ત્યારે પાસે ઊભી રહેલી ડૉકટરોની પૅનલ સમક્ષ પોતાનો જીવ બચાવનારને લાખ ડૉલરનું દાન કરવાની પોતે જાહેરાત કરી હતી. છતાં એના ડૉલર પણ એને બચાવી કે શાંતિ આપી શકયા નહિ. કારણ એની પાસે જીવન જીવવાની કળા ન હતી. સુખ અને દુઃખને પચાવવાની હિંમત ન હતી.

## જીવન જીવતાં શીખો

આર્યદેશના માનવોની પાસે આ કળા હતી. કઈ રીતે ખાવું? કઈ રીતે પીવું? કેવી રીતે સૂવું? કેવી રીતે બેસવું અને ઊઠવું? એ બધું શીખતાં પહેલાં જીવન શી રીતે જીવવું? એ શીખવાની ખાસ જરૂર છે. દાળમાં રોટલી બોળીને ખાવાને બદલે બાળક જો ભૂલથી પાણીમાં રોટલી ઝબોળીને ખાય છે તો માતા ગુસ્સે થાય છે. જમણા હાથે ખાવાના બદલે ડાબા હાથે ખાતા બાળકને માતા તમાચો

મારીને કહે છે કે, "મૂરખ! હજી ખાતાં પણ આવડતું નથી. આ રીતે ખવાતું હશે?"

આજે ઘણા મૅગેઝિનોમાં 'આજે કઈ વાનગી બનાવશો?' એવા મથાળાઓ નીચે જાતજાતની વાનગીઓની બનાવટ શીખવવામાં આવે છે. પણ કોઈ જીવન જીવવાની કળા શીખવતું જ નથી. રે! બાળકને ખાતા શીખવાડવાની માતાને ચિંતા છે. સ્ત્રીઓને વાનગીઓ બનાવતા શીખવાની ચિંતા છે. પુરુષોને કમાવાની ચિંતા છે. પરંતુ જીવન જીવતાં શીખવાની ચિંતા કેટલા માણસોને હશે?

## ભતકાળની કવિતાઓ

પાપકર્મોના ઉદયે દુઃખ આવે ત્યારે શું કરવું? અને પુણ્યકર્મોના ઉદયે સુખ મળી જાય ત્યારે શી રીતે જીવવું? એ કળા રામાયણ બતાડે છે. અલબત્ત, સુખ–દુઃખ અંગેની જીવન–કળા જો રામાયણ શીખવે છે તો,—ધર્મ શું અને અધર્મ શું?—ધર્મસ્વીકાર અને અધર્મ ત્યાગ કરવાની જીવન–કળા ઉત્તમ કોટિના ધર્મશાસ્ત્રો શીખવે છે. જીવન–ઘડતરની સંસ્કૃતિ શીખવીને રામાયણ વાનરને નર બનાવે છે; જ્યારે સાચા ધર્મશાસ્ત્રો એ નરને નારાયણ (વીતરાગ–ભગવાન) બનાવે છે.

સુખ–દુઃખને પચાવવાની કળા પૂર્વે કવિ દલપતરામ જેવા બાળભાષાની પોતાની કવિતાઓમાં પણ ગૂંથી દેતા હતા.

"સુખ–સમયે છકી ના જવું
દુઃખે ન હિંમત હારવી;
સુખ દુઃખ સદા ટકતાં નથી
એ નીતિ ઉરમાં ધારવી."

નાનકડા બાળકોને પહેલાં પાઠ્યપુસ્તકોમાં પણ આ શીખવાતું.

"ઓ ઈશ્વર! ભજીએ તને,
મોટું છે તુજ નામ;
ગુણ તમારા ગાઈએ,
તો થાય અમારા કામ."

## દરેક બોગદાને છેડો હોય છે

સુખ અને દુઃખ એ તો બહુ મામૂલી બાબત છે. ગમે તેવા સુખ અને દુઃખ એક દી ચાલ્યા જનારા જ છે. Every tunel has its end.

મહારાષ્ટ્રમાં પૂના વગેરે બાજુ જાઓ તો ત્યાં મોટા મોટા બોગદા આવે છે. કાળાં! અંધિયારાં! બીક લગાડી મૂકે તેવાં! છતાં એવા ય બોગદાઓનો અંત આવે છે. માઇલિ, સવામાઇલિ લાંબા બોગદાઓનો પણ જો અંત આવતો હોય તો જીવનમાં આવી પડતાં દુઃખોનો પણ અંત કેમ ન આવે? દુઃખ આવે ત્યારે ઝૂરીઝૂરીને મરવાની વાત આર્યદેશને મંજૂર નથી. રામાયણનો આ જ સંદેશ છે. દુઃખ આવે ત્યારે તેને વધાવી લો.

## કેવું બલિદાન?

રામચંદ્રજી જ્યારે વનમાં જાય છે ત્યારે તેમની સાથે સીતાજી પણ વનમાં ચાલ્યા જાય છે, સીતાજીની કેવી પતિ ભક્તિપરાયણતા!! લક્ષ્મણની પત્ની ઉર્મિલા [અજૈન દૃષ્ટિએ] પોતાના પતિ સાથે વનમાં જવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં; પતિની આજ્ઞાને શિરોધાર્ય કરીને સાસુ સસરા વગેરેની સેવા ખાતર ઘરમાં જ રહી જાય છે. શું અપેક્ષાએ આ ત્યાગ સીતાજી કરતાં પણ ચડી જાય તેવો નથી? સીતાજીને તો દુઃખમાં ય પતિનો સાથ છે; જ્યારે ઉર્મિલાને તો વર્ષો સુધી પતિનો વિયોગ લમણે ઝીંકાય છે.

આવા તો અનેક પ્રસંગો રામાયણમાં આવે છે. સીતાજી અને ઉર્મિલાએ જે રીતે દુઃખોને પચાવ્યા એ આદર્શ આપણને પણ દુઃખોને પચાવવાની હિંમત આપે છે. કપડાં લઘરવઘર હશે તો ચાલશે. ખાતા નહિ આવડશે તો ય ચાલશે. સૂતા, બેસતા અને ઊઠતાં કદાચ નહિ આવડશે તો તે પણ ચાલશે પરંતુ જીવન જીવતા નહિ આવડે તો તે ચાલે એવી બાબત નથી.

જીવન એટલે જ સુખ અને દુઃખ. સુખ અને દુઃખની ઘટમાળરૂપ જ જીવન છે. આ સુખ અને દુઃખ પચાવતાં આવડે એટલે જીવન જીવતા આવડી ગયું તેમ કહેવાય. ભૌતિક જીવન તો, સુખદુઃખની પાચનશક્તિ ઉપર સફળતા કે નિષ્ફળતાને વરે છે. પણ ધર્મ કરવા માટે ય આ પાચનશક્તિ કરવી આવશ્યક છે.

## દુઃખ–પાચન કરતાં ય સુખ–પાચન કઠિનતર

અપેક્ષાએ દુઃખો પચાવવા હજી સહેલા છે. જગતમાં એવા ઘણાં માણસો જોવા મળે છે જે દુઃખોના વંટોળ વચ્ચે જ સદા જીવતા હોય છે અને એથી જ એમને દુઃખો વચ્ચે ઝાઝી હાયવોય થતી નથી. ઘણી વાર એવું બને છે કે...એક સ્ત્રી સ્વભાવે શાંત, સદાચારિણી અને કુલિન હોય પણ તેને પતિ તરફથી ખૂબ મૂઢ માર પડતો હોય, ત્રાસ થતો હોય, તો ય તે મૂંગે મોંઢે બધું સહન કરી લેતી હોય છે. એ

સમજે છે કે, 'હવે આ રોજનું થયું? રોજ આ કકાટ છે...સંતાપ છે. શા માટે રોજ બળાપો અને હાયવોય કરવી. મૂંગે મોંએ આ બધું સહન કરી લેવામાં જ મજા છે.' વગેરે વિચારીને એ મન વાળી લેતી હોય છે અને દુઃખને એ રીતે પચાવતી થઈ જાય છે.

પણ... પુણ્યયોગે જો સુખ મળી ગયા હોય તો તેને પચાવવા એ આસાન બાબત નથી. માટે જ દુઃખ કરતાં ય સુખનું પાચન વધુ કઠિન છે. કારણ...માણસ પાસે પૈસાના જોરે જ્યારે સુખની સામગ્રીઓ પુષ્કળ પ્રમાણમાં આવી જાય છે ત્યારે એનું માથુ ફાટી જાય છે. એ કોઈનો વિચાર કરવા તૈયાર રહેતો નથી. એ સુખમાં છકી જાય છે. સુખ પ્રાપ્ત થતાં એમનું મગજ ફાટી જાય છે.

## સ્વાર્થ કાજેની સંપત્તિના શા મૂલ?

મોક્ષદૃષ્ટિની વાત તો પછી કરશું પણ માનવતાની દૃષ્ટિએ પણ વિચારો તોય જે સમયે આડત્રીશ કરોડ માણસો રોજ ભૂખ્યા સૂઈ જતા હોય, દેહ ઉપર પહેરવા પૂરા કપડાં પણ પામતાં ન હોય, એવાં સમયમાં કોઈનો વિચાર કર્યા વગર, સુખમાં ફાટી જવું, એ કઈ રીતે સારી બાબત છે? તમારે પેટ ભરીને જમવું હોય તો તમે જાણો; પણ તમારે બીજાની અનુકંપા વગેરે વિચારવી તો જોઈએ જ ને? સ્વાર્થ માટે જ વપરાતી સંપત્તિનું આ જગતમાં કેટલું મૂલ્ય છે?

પરાર્થનો વિચાર આજે ભુંસાઈ રહ્યો છે. ભાઈચારાની કોઈ વાત ક્યાંય જાણે જોવામાં જ આવતી નથી. મૈત્રી એવી શોધી મળતી નથી, જેમાં દગો ન હોય. સ્નેહ એવો જોવા મળતો નથી, જ્યાં સ્વાર્થની બદબૂ આવતી ન હોય. દગા વિનાની મૈત્રી અને સ્વાર્થ વિનાનો સ્નેહ શોધ્યાં જડતા નથી.

## આ તે પ્રગતિ કે પીછેહઠ?

આમ છતાં, 'દેશ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે, એવું બૂમરાણ મચાવવામાં આવ્યું છે. પણ આમાં પ્રગતિ કયાં છે? એ જ મને સમજાતું નથી. આજે સહુ પ્રગતિની વાતો કરે છે, પણ હું કહું છું આ પ્રગતિ છે કે પીછેહઠ? હા, ભ્રષ્ટાચાર, અનાચાર, માંસાહાર વગેરેમાં કે ચોરી, હરામખોરી, બદમાશી વગેરેમાં પ્રગતિ થયાનું કોઈ કહેતું હોય તો તે વાત ધરાર મંજૂર છે. બાકી, નિર્ભેળ મૈત્રી અને સ્નેહ; દયા, દાન અને કરુણાની બાબતમાં આજે મોટી સંખ્યામાં પીછેહઠ જ થઈ રહ્યાનું જણાઈ રહ્યું છે. એમાં પ્રગતિ ક્યાં દેખાય છે?

## 'મારું શું' અને 'મારે શું'?

આજે કોઈની પાસે તમે જાઓ અને એને કહો કે 'આ ફંડમાં આપ કાંઈક લખાવો અથવા તો આ ગરીબ માણસને તમે જરા મદદ કરો તો આજનો માનવ ફટાક દઈને પ્રશ્ન પૂછે છે : "પણ...એમાં મારું શું? [એમાં મને કાંઈ મળશે...?]" બસ...દરેક જગ્યાએથી મેળવવાની જ વાત!! આપવાની વાત તો ક્યાંય જાણે જોવા જ મળતી નથી.

જ્યારે તમે એ ભાઈને કહો કે, "ભાઈ...આ તો ધર્માદા ફંડ છે અથવા ગરીબને આપવાની વાત છે. એમાં તમારે શું લેવાનું હોય?" ત્યારે પેલો શ્રીમંત ધડ લઈને ઉત્તર આપી દેશે કે..."તો પછી મારે શું? જેમાં મને કશી મલાઈ મળવાની ન હોય તો તેમાં મારે શું લેવા દેવા?" કેવી ભયંકર સ્વાર્થાંધતા!! આજનો માનવ દરેક જગ્યાએ પોતાના જ સ્વાર્થનો ગંધાતો વિચાર કરતો થઈ ગયો. આ કેટલી દુઃખદ બાબત છે!!

## પાયો મજબૂત જોઈએ

આજે માનવ માનવને ચાહી શકતો નથી. અમે જીવમાત્રને ચાહવાની વાત કરવા આવ્યા છીએ. અમારે પ્રાણીમાત્ર સાથે મૈત્રીની વાતો કરવી છે. પણ શી રીતે એ વાત કરીએ? જ્યાં માનવ માનવને પણ ચાહી શકતો નથી ત્યાં...! આથી જ સૌ પહેલાં રામાયણમાં રહેલો સંસ્કૃતિનો સંદેશ મારે તમારી સમક્ષ રજૂ કરવો છે. રાવણના જીવનચરિત્રની વાતો અત્યારે આપણે કરીએ છીએ. તે પછી ભરતજી લક્ષ્મણજી સીતાજી વગેરેની વાતો કરીશ.

સૌ પ્રથમ મારે આ પ્રવચનમાળાનો પાયો મજબૂત બનાવવો છે. એક મોટું અઢાર માળનું બિલ્ડિંગ બાંધવું હોય તો તેનો પાયો કેવો મજબૂત જોઈએ છે? પાયો જો કાચો રહી જાય તો મકાન ક્યારે તૂટી પડે એ કહી શકાય નહિ...આપણે પણ અઢાર પ્રવચનોની ઇમારત ચણવાની છે ને? પછી તેનો પાયો મજબૂત બનાવવો જ પડે ને?

## ક્યાં પશ્ચિમના દેશનો શેક્સપીઅર?

સુખદુઃખને પચાવવાની કળા આર્યાવર્તની મહાપ્રજા પાસે કેવી સિદ્ધ થઈ હતી તે અંગે હું તમને, અભણ છતાં ભણેલા, નરસિંહ મહેતા અને પશ્ચિમના દેશના મહાન્ વિદ્વાન ગણાતા શેક્સપીઅરની વાત કરવા માગું છું.

જેનાં નાટકો અનેક ભાષાઓમાં ભાષાંતર પામીને ખબ પ્રસિદ્ધિ પામ્યાં છે, વિદ્વત્તા વગેરેની દૃષ્ટિએ જે નરસિંહ મહેતાને ક્યાંય આંટી દે તેવા હતા, એ શેક્સપીઅર, સાંભળવા પ્રમાણે, એક દિવસ કવિતા બનાવતા દિવાનખાનામાં બેઠા હતા. ત્યાં દૂર બેઠેલી પોતાની પત્નીને જોઈને, ‘એ મરી જશે તો મારું શું થશે?’ એવી ભયની કલ્પના કરીને તેઓ કવિતા રચે છે. જેનો ભાવ આ પ્રમાણે છે કે, “ઓ પત્ની! તું આ જગતમાંથી ચાલી જશે તો મારું શું થશે? હું શી રીતે તારા વગર જીવન જીવી શકીશ?”

જુઓ તો ખરા... જે હજી જીવતી જ છે, તેની મરી જવાની કલ્પનામાત્રથી પણ શેક્સપીઅર જેવો નાટ્યકાર ધ્રૂજી ઊઠે છે. અને જાણે બાવરો બની જાય છે. આનું કારણ શું? કારણ કે એ વિદ્વાન્ હોવા છતા એનામાં પાયાનું તત્ત્વજ્ઞાન જ—સુખ અને દુઃખને પચાવવાનું—ન હતું. આથી જ પત્નીના મૃત્યુની કલ્પનામાત્રથી તે અકળાઈ ઊઠે છે. ન જાણે કેમ શેક્સપીઅર એટલું પણ સમજી ન શક્યા કે પહેલું કોને મરવાનું છે તેનો ક્યાં નિશ્ચય છે? પહેલાં તમે જ મરી ગયા તો...? પણ જાણે આ વિચાર્યા વગર જ ભાવિની ચિંતામાં શેક્સપીઅર દુઃખી થાય છે.

## અને.. ક્યાં હિંદુસ્થાનનો નરસિંહ મહેતો?

જ્યારે આર્યદેશનો આ નરસિંહ મહેતો! શેક્સપીઅર જેવો વિદ્વાન ન હતો. નાટ્યકાર ન હતો. પરંતુ પોતાના ભગવાનનો ભક્ત હતો. એક દી સહુને મરી જ જવાનું છે એ વાતને પચાવી જાણનારો હતો, માટે જ એની પત્ની મૃત્યુ પામી ત્યારે એ દુઃખી ન થયો.

એની પત્ની માણેકબાઈ પતિભક્તા હતી. પતિને કહેતી: ‘તમે તમારે ચોરા ઉપર બેસી ભગવાનના ભજનિયાં ગાવો. હું દળણાં દળીશ અને તમને ખવડાવીશ. તમે મસ્તીથી ભજન કરો. જરાય આ સંસારની ચિંતા કરશો નહિ.’

આવી સદ્‌ગુણસંપન્ન પત્ની જ્યારે મરી ગઈ ત્યારે કોઈએ આવીને મહેતાને કહ્યું: ‘મહેતાજી! તમારા પત્ની વૈકુંઠવાસી થયા છે.’ આ સાંભળીને પણ ગ્લાન નહિ બનેલા આ મહેતા, પ્રભુના ભજનિયાં ગાતાં ગાતાં જ બોલી ઉઠ્યા:

“ભલું થયું ભાંગી જંજાળ;
સુખે ભજશું શ્રીગોપાળ.”

હાથમાં મંજીરા લઈને બોલતા આ મહેતાના મુખ પર શોકની કોઈ છાયા ન હતી.

આજે કોઈ શું આવું બોલી શકે ખરું ? અને જો બોલે તો એને પત્ની સાથે ઘરમાં મેળ રહે ખરો ?

## કરચલી ખાતર મેરેલીનનો આપઘાત

હમણાં થોડા વખત પૂર્વે મનરો મેરેલીન નામની એક રૂપજીવિની થઈ ગઈ. જેને તમે જાણતાં જ હશો. એક દિવસ એ આયના સામે ઊભી રહીને 'મેકઅપ' કરતી હતી. તે વખતે એણે પોતાના મુખ ઉપર એક કરચલી પડેલી જોઇ. એ કરચલી જોતાં જ એના અંતરમાં ભારે આઘાત ઉત્પન્ન થયો.

એને થયું: 'અહા...હજી તો હું મારું સૌંદર્ય ટકાવી રાખવાના તનતોડ પ્રયત્ન કરું છું. અને ત્યાં આ કરચલી... ! શું હું ઘડપણ તરફ ધસી રહી છું !' આ વિચારમાં ને વિચારમાં એનો આઘાત વસમો બની ગયો. અને એક દિવસ તેણે આપઘાત કર્યો !

એક માત્ર સૌંદર્યની પોતાની તીવ્ર ઇચ્છાને આંચકો લાગ્યો એટલા માત્રથી જ તેણે પોતાના જીવનનો અંત આણી દીધો. કેવી તુચ્છ બાબત અને કેવો જીવનનો કરુણ અન્ત ?

## જ્યાં સંયોગ ત્યાં વિયોગ...

શું ચામડીને કદી કરચલી પડે જ નહિ ? શું પરણેલી કેટલીક સ્ત્રીઓ કદી વિધવા થાય જ નહિ ? શું કોઈ ડાહ્યો, ભણેલો પ્રોફેસર કદી ગાંડો થઈ જાય જ નહિ ? શું કોઈની પેઢી કદી ડૂલ થાય જ નહિ ?

શાસ્ત્રજ્ઞો કહે છે : 'જ્યાં સંયોગ થાય છે ત્યાં સર્વદા વિયોગ થવાનો જ. સંસારના તમામ સુખો એક દી ખતમ થઈને જ રહેશે.'

## કાં ગુલાબ નહિ; કાં માળી નહિ

કાં તો બગીચાના ગુલાબે કરમાઈ જવું પડશે. કાં તો બગીચાના માળીએ, ગુલાબથી વિખુટા પડી જઈને એક દી સ્મશાનમાં સૂઈ જવું પડશે. આ નિર્વિવાદ હકીકત છે. બે યનો સંયોગ સદા કાળ ટકી શકશે જ નહિ. સુંદર મજાના દેખાતા, લાલ ગુલાબી, સંધ્યાના રંગોએ પણ એક સમયે નષ્ટ થવું જ પડે છે. સરસ લાગતા પાણીના પરપોટાએ પળ બે પળમાં વિલીન થઈ જ જવું પડે છે. એમાં કોઈનું કશું ચાલી શકતું જ નથી.

## ચલચિત્રો અને જાહેરખબરોમાં આર્યદેશની નારી !!

જે રૂપ અને સૌંદર્ય આટલા વિનાશી છે એની ખાતર આજની નારીઓ કેવાં કેવાં પાપ આચરી રહી છે! ચલચિત્રોમાં ય આર્યદેશની નારીઓનો પ્રવેશ થઈ ચૂક્યો છે. આનાથી તો આર્યાવર્તની સંસ્કૃતિ અધઃપતનના આરે આવી ઊભી છે.

હવે તો શિષ્ટ ગણાતા સામાયિકોમાં પણ જાહેરખબરોમાં સ્ત્રીઓના ચિત્રો મૂકવાની જાણે સ્પર્ધા ચાલી છે. આજે આખો સમાજ જાણે બદલાઈ ગયો છે. નારીનાં બિભત્સ ચિત્રો દ્વારા અનેક માણસોની વાસનાઓ બહેકાવવામાં આવી રહી છે. આ અતિ ગંભીર બાબત છે.

## નારીઓ જ બંડ પુકારે

નારીને પુરુષ સમોવડી બનાવવાની વાતો કરીને નારી જાતને આંતરિક રીતે ખલાસ કરવામાં આવી રહી છે. શા માટે નારીનાં ખરાબ ચિત્રો જાહેરખબરોમાં મૂકવામાં આવે છે? જે સદાચારિણી છે, શીલવતી છે, અને પ્રાચીન પરંપરાઓને સ્વીકારનારી છે એવી નારીઓએ જ આની સામે બંડ પોકારવું જોઈએ, અને બેધડક કહી દેવું જોઈએ કે, "દેહના આ પાપી પ્રદર્શનો બંધ કરો. એ રીતે પૈસા કમાઈ લેવાની પ્રવૃત્તિઓ સર્વથા અનુચિત છે."

## પણ...નારીઓ આ કરી શકશે?

પણ જ્યાં નારીઓ જ સત્ત્વહીન બનવા લાગી છે ત્યાં આવું બંડ કોણ પુકારી શકે એમ છે? આજની અનેક નારીઓ તો 'થ્રી સ્ટાર' અને 'ફાઈવ સ્ટાર' હોટલોમાં ધૂમવા ઝંખી રહી છે, એ શી રીતે આવું પરાક્રમ ફોરવશે?

આવી હોટલો અને તેમાં ચાલતી કારવાહીઓ આર્ય મહાપ્રજાના શીલ અને સંસ્કારનો ખાતમો બોલાવી નાખવાનું કામ કરી નાખે છે એમ કહેવામાં આવે તો શું ખોટું છે?

## પતિને જાગૃત કરતી આર્યનારી

એક વિદેશી નારી કરચલી જોઈને આપઘાત કરે છે; જ્યારે આ આર્યદેશની સદ્‌ગુણોથી સંસ્કારિત નારી પોતાના પતિને સંન્યાસના માર્ગે જવાની પ્રેરણા આપે છે. વાત એવી બની હતી કે સોમચન્દ્ર નામના રાજા પોતાની પટ્ટરાણી સાથે ઝરુખામાં બેઠા છે ત્યારે પતિનું માથું ઓળતા રાણી, રાજાના માથે ઉગેલો ધોળો વાળ જુએ છે.

રાણી રાજાને કહે છે કે, "જુઓ, દૂત આવ્યો." રાજા બન્ને બાજુના દ્વાર તરફ નજર દોડાવે છે; પરંતુ ત્યાં કોઈ દૂત દેખાતો નથી. એથી રાણીને પૂછે છે : 'દૂત ક્યાં છે ?'

રાણી : 'રાજન્! કોઈ નગરના રાજાનો દૂત નથી આવ્યો પણ આ તો યમરાજનો દૂત આવ્યો છે. લ્યો; આ રહ્યો!' એમ કહીને પેલો સફેદ વાળ તોડીને રાજાને બતાવે છે.

રાણી કહે છે કે, "હવે ક્યાં સુધી આ સંસારના કલણોમાં ખૂંપ્યા રહેવું છે? હવે તો ઘડપણની તૈયારી થવા લાગી. ચાલો, જીવનનું યથાશક્ય સાફલ્ય કરી લઈએ."

રાણીની આ સમયસરની ટકોર રાજાના અંતરને ચોંટ મારી ગઈ. રાજા અને રાણી બન્નેએ સંસાર ત્યાગ્યો. સંસ્કૃતિના પાયાનું જીવન જીવતાં આર્યોમાં ય કેટલી પરિપકવતા હોય છે તે જુઓ. આ રીતે આર્યાવર્તના માનવોમાં મોક્ષના આદર્શો ઘૂમતા હતા, એથી જ એમની પાસે સુખ-દુઃખને પચાવવાની જીવનકળા હતી.

## જીવન–કળાના અભાવે ન સુખ; ન શાન્તિ

પોતાના જીવનમાં તડકાં–છાયડાંની જેમ ચાલ્યા આવતાં સુખ અને દુઃખને પચાવવાની કળા જેઓ સિદ્ધ કરી લેતા નથી, તેમના જીવનમાં ઘણી મોટી આધ્યાત્મિક હોનારતો સર્જાય છે. પરિણામે ભૌતિક દૃષ્ટિએ પણ–આ લોકના સુખની દૃષ્ટિએ પણ—એ લોકો જીવનમાં એવી કોઈ સાચી શાંતિ કે નિર્દોષ સુખ પામી શકતા નથી. આવા લોકોનો માનસિક અંજપો અને ઉચાટ એટલો બધો તીક્ષ્ણ હોય છે કે તેમની સામે પુણ્ય કરવાની કે પાપ છોડવાની અથવા તો ધર્મ કરવાની અને અધર્મ ત્યાગવાની વાતોની કોઈ ભૂમિકા પણ તૈયાર થતી દેખાતી નથી.

## સર્વત્ર પાચનશક્તિનો અભાવ નથી જણાતો ?

આર્યાવર્તની સમગ્ર મહાપ્રજા [મુખ્યત્વે નગરોની] પોતાની સુખદુઃખની પાચન-શક્તિ ગુમાવી બેઠી હોય એમ શું નથી જણાતું?

વિદ્વત્તા, રૂપ, સૌંદર્ય, સંપત્તિ, સત્તા વગેરે કદાચ વધ્યા હોય તો પણ શું એમ નથી લાગતું કે તેને પચાવવાની શક્તિ સમાજ ખોઈ બેઠો છે?

રૂપ–શક્તિ ધરાવતી નારી પાસે રૂપની પાચનશક્તિના અભાવે તેણીએ શીલ ગુમાવી દીધું હોય એમ નથી જણાતું ?

વિત્ત–શક્તિ ધરાવતા શ્રીમંતો પાસે તેની પાચનશક્તિ ન હોવાથી, તેઓ દુરાચારના માર્ગે સહેલાઇથી લપસી પડવાની સ્થિતિમાં છે એમ નથી લાગતું ?

પ્રચંડ મેધા ધરાવતા માનવો પાચનશક્તિના અભાવે અહંકારના ઉન્માદે ચડીને પીધેલા જેવી હાલતમાં ભટકતાં હોય તેવું અનુમાન નથી થતું ?

સત્તાનું અજીર્ણ પામીને સત્તાધારીઓ પ્રજાનું શોષણ, દમન અને ભક્ષણ કરતાં હોય તેમ નથી લાગતું ?

## પાચનશક્તિવિહોણો માનવ; જોખમી

સુખદુઃખની પાચનશક્તિ જો ખતમ થઈ જાય તો હજારો અન્ય શક્તિઓનો અવિર્ભાવ માનવ સંઘ માટે વધુ જોખમી બને; ધરતી માટે એવો માનવ સંઘ ભારભૂત બને; ધર્મસ્થાનો માટે અપાત્ર બને એ નિર્વિવાદ હકીકત છે. માટે જ સહુએ સૌ પ્રથમ સુખ અને દુઃખની પાચનશક્તિ તો મેળવી જ લેવી ઘટે.

એ પાચનશક્તિ પ્રાપ્ત થાય છે; રામાયણ જેવા ધર્મગ્રંથોના વાંચન અને શ્રવણથી; ચિંતન અને મનનથી.

## સુખી માણસોના ત્રણ અપલક્ષણ

જે માણસો સુખમાં છકી જાય છે એ ત્રણ પ્રકારનો અંધાપો અનુભવતા હોય છે :

(૧) જાત પ્રત્યે તેઓ આંધળા બને છે અર્થાત્ જાતની પવિત્રતાની તેમને કોઈ પડી હોતી નથી.

(૨) જે પરમાત્માનો આપણા ઉપર અસીમ ઉપકાર છે, એના પ્રત્યેની ભક્તિ, સુખની તીવ્ર લાલસાના પાપે, વિસરાઈ જાય છે.

(૩) જગતના દીન અને દુઃખિયા જીવો પરત્વે તે આંધળો બની જાય છે. એ કદી ગરીબોનાં આંસુ લૂછી શકતો નથી. સુખનો લાલચુ ગરીબોનો હમદર્દ બની શકતો નથી.

'હું અને મારા બાળકો.'
'હું અને મારી પત્ની!'
'હું અને મારો બંગલો.'
'હું અને મારો ટી. વી.'

આ રીતે માત્ર પોતાના જ વર્તુળમાં ફસાએલો, પોતાના જ સુખદુઃખની ચિંતામાં જ મશગૂલ, પોતાના જ સુખમાં છકી ગએલો શી રીતે ગરીબોનાં આંસુ લૂછી શકે? શી રીતે દુઃખિતોનો હમદર્દ બની શકે?

## સુખનો લાલચુ 'શુદ્ધ' 'ભક્ત' અને 'મિત્ર' શે બને?

સુખમાં આસક્ત માનવી, જ્યાં ને ત્યાં ભટકનારો, ગમે ત્યાં રખડીને સુખ મેળવી લેવાની તમન્નાવાળો, જીવનથી શુદ્ધ રીતે રહી શકે?

પોતાની જ જાતની ભક્તિ કરી લેવાવાળો પરમાત્માની ભક્તિના ગાન શી રીતે ગાઈ શકે?

પોતાના જ કુટુંબમાં, જીવન વ્યવહારમાં અને બંગલાઓમાં રાચનારો, "મરે... લોકોને મરવું હોય તો. મારે શું? બીજાની મારે શી પંચાત?" આવી વૃત્તિવાળો માનવ દુઃખીજનોનો મિત્ર શી રીતે બની શકે?

ટૂંકમાં સુખમાં આસક્ત માણસ

- જાતથી શુદ્ધ ન હોય.
- પરમાત્માનો ભક્ત ન હોય.
- દીન–દુઃખીનો મિત્ર ન હોય.

## ... તો જીવન જીવતાં આવડી જાય

જાતની પવિત્રતા, પરમાત્માની ભક્તિ અને દુઃખિતોની કરુણા આ ત્રણ ગુણો જો તમારા અંતરમાં આવી જાય તો રામાયણ વાંચીને આપણે જે મેળવવાનું છે તે આજે જ મળી જાય.

જીવન જીવવાની કળા આપણા હાથમાં આજે જ આવી જાય.

## માનવ જન્મ મહાન છે

આપણને મળેલું માનવજીવન અત્યંત મહાન છે. પશુનાં—ઢોર ઢાંખરનાં—જીવન હજી ઘણીવાર મળે; સ્વર્ગનાં જીવન પણ એટલાં દોહ્યલાં નથી. પરંતુ જે માનવ-

જીવન આપણને પાપોનો નાશ કરવા માટે મળ્યું છે એ ફરીફરી હાથમાં આવનાર નથી.

જ્યાં પરમાત્માની આજ્ઞાઓ પ્રમાણે ચાલવાનું છે, જ્યાં જીવનપંથને સુધારવાની અનેરી તક મળે છે, એવા આ માનવજીવનને ખૂબ દીર્ઘકાળ સુધી ટકાવી રાખવા માટે જ આયુર્વેદનું વિજ્ઞાન આર્યપ્રજાને પ્રાપ્ત થયું છે.

## 'આયુર્વેદ'નું વિજ્ઞાન શા કાજે?

'આયુર્વેદ'નો અર્થ તમે જાણો છો? આ એક આખો શબ્દ નથી. પરંતુ આ ક્રિયાપદયુક્ત વાક્ય છે.

'आयुः वेद.' એટલે "હે માનવ! તારા આયુષ્યને તું જાણ." આ એનો અર્થ છે. "આખી જિંદગી તું ખા ખા કરીને તારા મનખા જનમને બરબાદ ન કરીશ. તારા જીવનનું મૂલ્ય તું સમજ. જેમ બને તેમ વધુ ને વધુ લાંબી જિંદગી તું જીવ. કારણ આ માનવ-દેહ ફરીફરીને મળનાર નથી. 'शतं जीव शरदः' પણ આ દૃષ્ટિએ જ કહી શકાય ને?"

માનવજિંદગીને દીર્ઘકાળ સુધી સંભાળી રાખવાની વાત એ દૃષ્ટિએ છે કે આ જીવન એટલું કિંમતી છે કે એમાં વાસનાઓના પનારે પડી શક્તિઓની બરબાદી ન જ કરી શકાય અને ક્રોધાદિ કષાયોથી આત્માને દૂષિત ન જ કરાય. મોક્ષભાવ પામવાની મહામૂલી સાધના આ જીવનમાં જ થાય છે.

## વાસનાની આગ પર પાણી છાંટો; પેટ્રોલ નહિ

ન જાણે કેટલા ય કાળથી જનમોજનમ લેતાં આ જીવાત્માએ કેટલી વાસના-ઓની જવાળાઓ પ્રગટાવી હશે? હવે તો એ આગને શાન્ત કરવા માટે આ જીવનમાં પાણી જ રેડવું જોઈએ; પેટ્રોલ તો કદાપિ નહિ.

પાણી છે; ધર્મસાધનાઓ અને પેટ્રોલ છે; પાપક્રિયાઓ.

બેશક; જીવનનું આવું સાફલ્ય જે પામી શકતા નથી તેવા માણસોની તાડના ઝાડ જેટલી લાંબી જિંદગીનો કોઈ અર્થ નથી.

## हितभुक्, मितभुक्, अशाकभुक्

પાપવિહોણું માનવજીવન સુદીર્ઘ સાધના ભરપૂર બને માટે જ આયુર્વેદનું વિજ્ઞાન છે. 'હે માનવ! તારે શું ખાવું? કેટલું ખાવું? કેવું ખાવું?' એના ઉત્તરમાં

આયુર્વેદ સમજાવે છે; 'हितभुक्, मितभुक्, अशाकभुक्' હિતકારી ખાવું જોઈએ. માફકસરનું ખાવું જોઈએ વગેરે. જ્યારે ને ત્યારે, જે ને તે ચીજો પેટમાં પધરાવ્યા કરવી તે ઉચિત નથી. એટલું સમજી રાખવું જોઈએ કે ખાવા માટે જીવવાનું નથી. પરંતુ જીવવું છે માટે જ ખાવાનું છે.

જો માનવ પોતાના ખાનપાનમાં ખૂબ વ્યવસ્થિત બની જાય તો દવાઓ ખાવી જ ન પડે. આયુર્વેદ કહે છે : "તમે તમારો ખોરાક જ એ રીતનો ગોઠવી દો કે જેથી દવા લેવાની પણ સામાન્ય રીતે જરૂર જ ન પડે."

જીવન લાંબુ જીવાય એ માટે જ 'शतं जीवेम शरदः' કહેવામાં આવે છે ને? પરંતુ જો જીવન જીવવાની કળા ન આવડે તો આવું કહેવાનો ય શો અર્થ છે? અને આ કળા રામાયણ જેવા ગ્રંથો જ શીખવે છે.

## રાવણ રાક્ષસ કેમ? હનુમાનજી વાનર કેમ?

સુમાલિ લંકા હારી ગયા અને કોઈ પરાક્રમી પુત્રની અપેક્ષાથી પાતાળ લંકામાં રહ્યા ત્યાર બાદ તેમને રત્નશ્રવા નામનો પુત્ર થયો અને તેને રાવણ નામે પુત્ર થયો. એ પ્રસંગ આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

રાવણ રાક્ષસ ન હતા. તેમનું 'દશાનન' નામ જરૂર હતું પરંતુ તેને રાક્ષસ જેવા દશમુખ ન હતા, એ વાત પણ પૂર્વે મેં જણાવી છે. રાવણ રાક્ષસ હતા અને હનુમાન વાનર હતા, એ વાત આ ગ્રન્થકારશ્રીને અન્ય રીતે માન્ય છે.

એઓશ્રી કહે છે કે રાવણ રાક્ષસ નામના કુળમાં જન્મ્યા હતા. માટે તેઓ 'રાક્ષસ' કહેવાયા. વાસ્તવમાં તેઓ ખરેખર આપણે કલ્પીએ છીએ તેવા વિકરાળ દશમુખવાળા, મોટા મોટા નખ અને દાંતવાળા, અતિ બિહામણા સ્વરૂપવાળા રાક્ષસ હતા તે વાત બરાબર નથી. એ જ રીતે હનુમાન પણ વાનર નામના કુળમાં જન્મ્યા માટે 'વાનર' કહેવાયા. હકીકતમાં તેઓ વાંદરા જેવા જ, પૂંછડીવાળા, દાંતિયા કાઢનારા વાંદરા હતા તે વાત ઉચિત નથી. આ ગ્રન્થકારશ્રી કહે છે કે 'હકીકતમાં તો તેઓ બન્ને મનુષ્ય જ હતા.'

જેમ ભારતમાં રહેનારો 'ભારતીય' કહેવાય છે. રશિયામાં રહેનારો 'રશિયન' અને અમેરિકાનો નાગરિક 'અમેરિકન' કહેવાય છે.

આજે ય 'જાયન્ટ' ક્લબનો સભ્ય 'જાયન્ટ' કહેવાય છે, 'રોટરી' ક્લબનો સભ્ય 'રોટેરિયન અને 'લાયન' ક્લબનો સભ્ય 'લાયન' કહેવાય છે.

હકીકતમાં કાંઈ જાયન્ટ એટલે ખરેખર 'રાક્ષસ' અને લાયન એટલે ખરેખર

'જંગલનો સિંહ' તેવું કહેવાતું નથી. એ જ રીતે રાવણ રાક્ષસકુલોત્પન્ન હોવાથી 'રાક્ષસ' અને હનુમાન વાનરકુલોત્પન્ન હોવાથી 'વાનર' કહેવાયા. વાસ્તવમાં તેઓ માનવ જ હતા.

## કૈકસી ઉપર ગર્ભનો પ્રભાવ

પૂર્વના કાળમાં માતાઓ પોતાના બાળકોને વાર્તા વગેરે કહેવા દ્વારા સંસ્કારો આપતી. કૈકસી પણ રોજ બાળકોને કથા-વાર્તા કહેતી. જ્યારથી રાવણ કૈકસીની કુક્ષિમાં આવ્યો હતો ત્યારથી કૈકસીના જીવનમાં ય ક્રોધના સંસ્કારો સળગી ઊઠ્યા હતા. એની વાણી અત્યંત ક્રૂર બની ગઈ હતી. તેણીને દર્પણને બદલે ચકચકતી તલવારમાં પોતાનું મુખ જોવાની ઇચ્છા થવા લાગી. માતાના સંસ્કારો ગર્ભના પ્રભાવે દુષ્ટ થવા લાગ્યા.

ગર્ભમાં એવો બાળક આવ્યાનું જાણે સૂચન થઈ રહ્યું હતું કે, ભવિષ્યમાં જે શત્રુઓના આસનને કંપાવનારો અને અતિ પરાક્રમી થવાનો ન હોય !

## માતાઓ જીવન ઉજ્જવળ બનાવે

ઘણીવાર માતાના સંસ્કારોની અસર બાળક પર થાય છે. અને બાળકના સંસ્કારોનો પ્રભાવ માતા ઉપર પડે છે. જો માતા ખૂબ ક્રોધી હોય અને ક્રોધના આવેગમાં બાળકને ધવડાવે તો દૂધ ઝેર બની જાય અને ક્યારેક બાળક માસ, બે માસમાં મરી પણ જાય.

માતા જો ભયંકર કામી હોય તો વાસનાના તે સંસ્કારો બાળકમાં ઉતરે; એટલો બધો Force–જુસ્સો માતાના સંસ્કારોમાં છે. માટે જ માતાઓએ પોતાનું જીવન ખૂબ ઉજ્જવળ રાખવું જ જોઈએ. વિશેષ કરીને સગર્ભાવસ્થામાં તો ખાસ; કારણ કે માતાના શુભ અને અશુભ બન્ને પ્રકારના સંસ્કારોની અસર બાળક ઉપર સામાન્ય રીતે થતી હોય છે.

## વડીલથી ધ્રૂજતું આખું ઘર !

વર્તમાનમાં મા–બાપો પોતાની ફરજો ઘણાં અંશમાં ભૂલવા લાગ્યા છે. ઘણા પિતાઓ ખૂબ ક્રોધી જોવા મળે છે. પુરુષ જાણે ઑફિસથી ઘરમાં આવે એટલે ઘરના બધા જ ધ્રૂજવા લાગે. બાપ ઘરમાં આવ્યો એટલે 'Battle of waterloo' સર્જાઈ જ ગયું સમજો. સામાન્ય વાંકમાં પોતાની ધર્મપત્ની અને બાળકોને પુરુષ ઢીબી નાખે છે.

નબળો માણસ ઘરમાં શૂરાતન બતાડે છે. માતા પણ બાળકોને કહી દેતી હોય છે : 'જુઓ, તમારા પપ્પા ઘરમાં આવે છે. જલ્દી ભણવા બેસી જાઓ. નહિ તો હમણાં ટીપી નાંખશે.' આવું ભયનું વાતાવરણ શા માટે રહે?

જે સ્ત્રીએ પોતાના પિતાનું નામ ભૂંસીને પોતાના નામ આગળ પતિનું નામ જોડી દીધું છે, ઘણી આકાંક્ષાઓ અને અપેક્ષાઓ જેના અંતરમાં છે, એ સ્ત્રીની સામે પુરુષો આવા કષાયો કરી નાખે તો એ શી રીતે ઉચિત ગણાય?

## દાળમાં મીઠું ભૂલાતાં જ ગાળો?

વર્ષમાં ત્રણસો ને ઓગણપચાસ દિવસ દાળમાં મીઠું બરાબર નાખ્યું હોય અને એક જ દિવસ સહેજ ભૂલ થઈ ગઈ, મીઠું દાળમાં નાખવું ભુલાઈ ગયું, તો પતિ ગુસ્સે થઈ જાય. ગમે તેવી અનુચિત ભાષામાં બોલવા લાગે એ કેમ ચાલી શકે?

આજનો માનવ, જો પોતાના મુનિમોને ત્રાસ આપતો હોય, પોતાના કુટુંબીજનોને પણ રંજાડતો હોય તો તે શું સજ્જનતાને છાજતી બાબતો છે?

## પાપોનો ચેપ ન લગાડતો માનવ કેવો?

વર્તમાનકાળના વ્યાપક અને ઉગ્ર બની ગયેલા પાપોને નજરમાં લેતાં તો આવો માનવ પણ એક અપેક્ષાથી ઓછો ખરાબ છે, એમ હું કહેવા માગું છું; જો એ પોતાના પાપોનો ચેપ બીજાને લગાડતો ન હોય તો. પોતાના ક્રોધના અને કામના સંસ્કારોનો એ બીજામાં પ્રસાર કરતો ન હોય અને 'કૂપની છાયા કૂપમાં સમાય' એ રીતે પોતાના કુસંસ્કારો પોતાનામાં જ સમાવી રાખતો હોય અને બીજામાં પ્રસારતો ન હોય તો.

## પાપોનો ચેપ સર્વત્ર

આજે એવો ભયંકર કલિયુગ આવી લાગ્યો છે કે, માનવ ધનલંપટતા, ચોરી, બદમાશી અને ક્રોધાદિના પોતાના દુર્ગુણો બીજામાં પણ ફેલાવતો થઈ ગયો છે. જ્યાં અતિ સહવાસ છે ત્યાં એક વ્યક્તિના કુસંસ્કારોના ચેપ [Virus] બીજામાં પ્રસરતા વાર લાગતી નથી.

યુવાનો પોતાના ચેપ ભાઈબંધોમાં નથી પ્રસારી રહ્યા શું?

યુવતીઓ પોતાના કુશીલ આદિના ચેપ બેનપણીઓમાં નથી ફેલાવતી શું?

વેપારીઓ પોતાના અનીતિના સંસ્કારો બીજા વેપારીઓમાં નથી રેડી રહ્યા શું?

## પાપોના વાહકો; અભિશાપરૂપ

જે માણસો પોતાના પાપ બીજામાં ફેલાવે છે તેને હું પાપોના Conductors (વાહકો) કહું છુ. આવા માણસો રક્તપીત્તિયા જેવા છે. જેમ રક્તપીત્તિયો માણસ પોતાના રોગના જંતુઓ બીજામાં સંક્રાંત કરે છે. તે જ રીતે આવા માણસો પોતાના પાપ બીજામાં સંક્રાંત કરે છે. આવા લોકો સમાજ માટે ખરેખર ભયંકર પૂરવાર થયા નથી શું?

જે લોકો માસુમ કક્ષાના બાળકોમાં પોતાના પાપ સંસ્કારો અને વિકારો ફેલાવે છે એ આ જગત્ માટે અભિશાપરૂપ નથી શું?

## દીકરાને અન્યાય શીખવતો બાપ!!

વર્તમાનકાળમાં B. Com. કે B. S. C. ભણેલા દીકરાને બાપ વેકેશનમાં દુકાને બેસાડે છે. અને બાપની ગેરહાજરીમાં છોકરો ન્યાયી રીતે વેચાણ કરે તો બાપ ગુસ્સે થાય છે.

છોકરાએ કોઈને માલ વેચ્યો હોય તો બાપ પૂછે છે: 'બેટા! કોણ માલ લેવા આવ્યું હતું?' છોકરો કહે: "અમુક મિલના શેઠ આવ્યા હતા. અને મીટર દીઠ પાંચ ટકા ચડાવીને માલ આપ્યો છે." તે વખતે બાપા કહે કે: "ઓ મૂરખા! આ વેપારી તો કરોડપતિ હતો. એને તો બરાબર લૂંટવો જોઈએ." એ વખતે કદાચ દીકરો એમ કહે: "બાપા આપણાથી અન્યાય અનીતિ કેમ થાય?" એ વખતે આજના પિતા શું કહે કે, "મૂરખ! આ માટે મેં તને બી. કૉમ. ભણાવ્યો હતો?"

કેમ આ વાત બરાબર છે ને? જો ભણતર અનીતિ કરવા માટે જ હોય તો એ ભણતરમાં ય ધૂળ પડી. આજનો પિતા પુત્ર પાસે ભણાવીને પોતાની અનીતિનો ચેપ તેને લગાડતો હોય, તો એ સાચો પિતા છે શું? તમે તમારા દીકરાઓને તમારા કુસંસ્કારોના ચેપ કદી લગાડશો નહિ.

## આંખના ચેપ કરતાં ભયંકર પાપોનો ચેપ

આ કુસંસ્કારોનો ચેપ ચાલે છે. જેમ આંખના રોગનો ચેપ ચાલે છે અને જેને રોગ થયો હોય તેની સામે તમે જુઓ એટલે તમને ય રોગ થાય એવું બને છે ને? આ ચેપ કરતાં ય અન્યાય, અનીતિ વગેરેનો ચેપ—જેને હું પાપના 'વાયરસ' કહું છું તે—અતિ ભયંકર છે.

## કૉલેજની ચોંકાવનારી સર્વે

હમણાં મહારાષ્ટ્રની એક કૉલેજના છોકરા–છોકરીઓની સર્વે કરવામાં આવી હતી. સર્વે બાદ તે લોકોએ જાહેર કર્યું કે કૉલેજના એંસી ટકા છોકરા–છોકરીઓનું લોહી જોખમી રોગોના જંતુઓથી વ્યાપ્ત થઈ ગયું હતુ.

આ બધું સાંભળીને અમારા અંતર વ્યથિત થઈ જાય છે? જે લોકો આર્ય હશે તેમને પણ આ સાંભળીને હૃદયમાં દર્દ ઉત્પન્ન થઈ જશે.

## 'પ્લેગ'ના રોગે ઘેરાયેલું નગર

આ રોગો એવા ફાલ્યાફુલ્યા છે કે ડૉક્ટરોની પૅનલો પણ હવે તેને બચાવી શકશે કે કેમ એવી શંકા થાય છે.

'પ્લેગ'ના રોગથી જ્યારે આખું ગામ સપડાઈ ગયું હોય ત્યારે જાતને બચાવવા માટે પ્લેગને દૂર કરવા કરતાં ગામનો જ ત્યાગ કરી દેવો પડે છે. એ જ રીતે પ્રત્યેક ઘરને બચાવી લેવાની ઇચ્છા હોવા છતાં પાપોના અને વિકારોના એવા ચેપ ફેલાયા છે કે આજે સમગ્ર ભારત જાણે કે એમાં ફસાઈ ગયું છે.

## જાપાનની બ્લ્યુ પટ્ટી

જાપાનની અન્દર એક પદ્ધતિ છે. કોઈ પણ માણસને શરદી થાય તો તે તરત ડૉક્ટર પાસે જાય છે. ડૉક્ટર એના નાક ઉપર એક બ્લ્યુ રંગની પટ્ટી લગાડી આપે છે. આ પટ્ટી Germiside (જંતુનાશક) દ્રાવણવાળી હોય છે. આથી શરદીના જંતુઓ એ પટ્ટીથી આગળ વધી શકતા નથી.

હું તમને પૂછું છું કે તમારી પાસે એવી કોઈ 'બ્લ્યુ પટ્ટી' છે કે જેનાથી તમારાં પાપોના સંસ્કારો બીજા માણસોમાં પ્રવેશતા અટકી જાય. આપણો ચેપ બીજાને લાગુ ન થઈ જાય એ માટે આપણે એવી ધર્મસાધનાની કોઈ પટ્ટી રાખી છે ખરી?

## માતા–પિતાના ક્રોધાદિ–સંસ્કારો પુત્રોમાં

જે ઘરમાં માતા અને પિતા ક્રોધી હશે અથવા ગાળો દેવાની ટેવવાળા હશે તો એ ઘરમાં એ દોષોનો ચેપ પુત્રોમાં, પુત્રવધૂઓમાં, પૌત્રોમાં, અરે! ઘરના ઘાટી સુદ્ધામાં ફેલાઈ જતો હોય, અને બધાના મગજના પારા ઊંચે ચઢી જતા હોય, એવું ઘણીવાર જોવામાં આવે છે.

આથી જ માતા અને પિતાએ પોતાના જીવનને શુભ સંસ્કારોથી ખૂબ વાસિત બનાવવું જ જોઈએ કે જેથી પોતાના આશ્રિતોનું જીવન પણ ખૂબ જ સંસ્કાર ભરપૂર બન્યું રહે.

## માતા કૈકસીની હૈયાવરાળ

પૂર્વ પ્રવચનમાં આપણે જોઇ ગયા તેમ, ધ...ર...ર ર...ર અવાજ કરતાં, જતાં વિમાનને જોઈને માતા કૈકસીને મોટો પુત્ર રાવણ પૂછે છે, "ઓ મા! આ આકાશમાં શું ચાલ્યું જાય છે?"

રાવણનો પ્રશ્ન સાંભળીને કૈકસી ગંભીર બની ગઇ. થોડી વાર પછી તે બોલી, "લંકાના સિંહાસનનો કબજો જમાવી બેઠેલા રાજા ઇન્દ્રનો મુખ્ય સુભટ અને વિદ્યાધર વિશ્રવાનો પુત્ર આ વૈશ્રમણ હાલ લંકાનું રાજ્ય સંભાળે છે. આ વૈશ્રમણ મારો ભાણીઓ થાય છે. રાવણ! તારા દાદા સુમાલિ પોતાનાં વડવાઓનું લંકાનું રાજ્ય છોડીને આ પાતાળલંકામાં આવીને વસ્યા. સમર્થ રાજા ઇન્દ્ર સામે પોતે ઝઝૂમી શકે તેમ ન હતા એટલે બળવાન્ પુત્રની રાહ જોતા રહ્યા. પણ તારા પિતા ય તેવા બળવાન્ ન નીકળ્યા અને અને તમે ય મારા પેટે નિર્માલ્ય પાકયા; મારી કૂખ લજવી."

વળી કૈકસી બોલી, "આ વિમાનમાં તે વૈશ્રમણ જઈ રહ્યો છે જે મારો ભાણીઓ થાય છે પણ હું તો લંકાના એ લૂંટારુને કારાવાસમાં પડેલો અને ચીસો નાખતો જેવા માગું છું. ક્યારે મારા એ ધન્ય દિવસો આવશે કે જ્યારે પુત્રવતીઓમાં હું શિરોમણી બનીશ? પણ અફસોસ! તમારા જેવા બાયલાઓ એની માને એ દિવસ ક્યાંથી બતાડી શકશે? હાય! મારો તો જન્મારો એળે ગયો!"

## રાવણની દૃઢ પ્રતિજ્ઞા

"મા...ઓ, મા! હવે બસ કર! મારે તારો એક પણ શબ્દ સાંભળવો નથી. મા! હું આજે તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે એક દિવસ હું આ વૈશ્રમણ સામે; અને એના સ્વામી રાજા ઇન્દ્ર સામે જંગે ચડીશ; એ બેય તો મારે મન તણખલા સમાન છે. અને એ બે ય ને પરાજિત કરીને આપણા વડવાઓનું રાજ્ય પુનઃ પાછું મેળવીને જ જંપીશ.

પણ ઓ મા! તે માટે કુળપરંપરાથી ચાલી આવતી વિદ્યાશક્તિઓ પણ મારે સાધવી જોઈએને? માટે હે માતા! ઇન્દ્રને મારવામાં સહાયક બની જનારી દૈવી શક્તિઓ સાધવા જવાની મને આજ્ઞા આપો. જેથી મારા નાના ભાઈઓ સાથે તેની સિદ્ધિ કરવા ચાલ્યો જાઉં"

રાવણ નાનો પણ રાઈનો દાણો હતો. નાનો પણ સિંહનો બચ્ચો હતો. એક સિંહનું બચ્ચુ સો શિયાળિયાને ભારે પડે.

માતાપિતાને નમસ્કાર કરીને, અંતઃકરણની આશિષ મેળવીને, રાવણ નાના ભાઈઓની સાથે ભીમ નામના જંગલમાં ચાલ્યો ગયો. એના અંતરમાં એક અનોખો વિશ્વાસ હતો કે મારી સાધનાને સિદ્ધિ વરશે જ.

## મૂલ્ય ચૂકવો તો માલ મળે

કોઈ પણ કાર્યની સિદ્ધિ મેળવવી હોય ત્યારે સાધના કરવી પડે. સાધના વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. 'Pay the Price.' તમે મૂલ્ય ચૂકવો પછી તમને માલ મળશે જ. તમારે કોઈ પણ જાતનું મૂલ્ય જો ચૂકવવું ન હોય તો માલ મળતો જ નથી. અને જો મૂલ્ય ચૂકવવામાં આવે તો સામાન્યતઃ માલ મળ્યા વગર રહેતો નથી.

## 'ગ્લોબ'ની શોધ ખાતર કેવો પુરુષાર્થ?

આજે તમે એક સ્વીચ દાબો છો અને આખા ઘરમાં 'ગ્લોબ' પ્રકાશ કરી મૂકે છે. પણ તમે જાણો છો ખરા કે આ 'ગ્લોબ' તૈયાર કરનારા વૈજ્ઞાનિકે એની પાછળ એની પાછળ કેવો પુરુષાર્થ કર્યો છે?

એ વૈજ્ઞાનિકનું નામ હતું એડીસન. એણે આ સિદ્ધિ મેળવતાં છત્રીશ હજાર 'ગ્લોબ' બનાવીને ફોડી નાખ્યા હતા. અને ત્યાર પછી આજનો 'ગ્લોબ' તેણે તૈયાર કર્યો કે જે સ્વીચ દાબતાની સાથે પ્રકાશી ઊઠે છે.

તે સમયમાં બ્રિટનમાં ઘેર ઘેર ગૅસના દીવા સળગતા હતા. ગૅસ વગર દીવા થાય જ નહિ એવી દૃઢ માન્યતા ત્યાંના લોકોમાં પ્રવર્તતી હતી.

જ્યારે એડીસને પોતાની આ સિદ્ધિની જાહેરાત કરી કે, 'હવેથી લોકો ગૅસના દીવા વગર પણ ગ્લોબ દ્વારા રાત્રિમાં પ્રકાશ મેળવી શકશે.' ત્યારે બ્રિટનની પ્રજાએ એની મશ્કરી કરેલી કે, 'ગૅસ વગર તે કદી દીવા થતા હશે?' ગ્લોબની શોધ થતાં કેટલીય ગૅસ કંપનીઓએ દેવાળાં કાઢ્યાં હતાં. સમગ્ર બ્રિટનના બજારોમાં મંદીનો પવન ફૂંકાઈ ગયો હતો!

## ઍપોલો-૧૧ના ઉડ્ડયનનો પુરુષાર્થ

આજના વૈજ્ઞાનિકોએ 'ઍપોલો-નં. ૧૧' આકાશમાં ઉડાડ્યું હતું તેમ કહેવાય છે. ભલે તેની સાથે આપણને નિસ્બત નથી. પરંતુ આ ઍપોલો-૧૧ કહેવાતા

ચંદ્રલોક ઉપર જવા માટે ઉડ્યું તે પૂર્વે એની પાછળ કેટલી સાધના (પુરુષાર્થ) કરવી પડી હતી તે તમે જાણો છો?

વીસ હજાર કંપનીઓને એના ૭૦ લાખ 'સ્પેરપાર્ટ્સ' બનાવવાના ઑર્ડરો અપાયા હતા. અને એ સીત્તેર લાખ 'સ્પેરપાર્ટ્સ' એક ધારા સાત વર્ષ સુધી રાતપાળીઓ કામ કરીને તૈયાર કરવામાં આવ્યા હતા. વિચાર કરો કે ઍપોલો-૧૧ ઉડાડવાની સિદ્ધિ મેળવવા વૈજ્ઞાનિકોને કેવો જંગી પુરુષાર્થ ખેલવો પડ્યો હતો!

નાની યા મોટી દરેક સિદ્ધિની પાછળ જબરદસ્ત સાધના (પુરુષાર્થ) પડેલી હોય છે. સાધના વગર સિદ્ધિ લાધતી જ નથી.

## મુદ્રિત પ્રવચનો પાછળ પણ પુરુષાર્થ

દોઢ કલાક સુધી તમે જે પ્રવચન સાંભળો છો તેનું અવતરણ થઈને, છપાઈને દર આગામી રવિવારે, તેની આકર્ષક પુસ્તિકાઓ તમારા હાથમાં આવી જાય છે. પણ તેની પાછળ કેટલો પુરુષાર્થ કરવામાં આવે છે તે તમે જાણો છો?

રાત્રે બધા કુટુંબીજનોને ભેગા કરીને આ પ્રવચનો ઉપર ચિંતન, મનન ન કરો તો આ બધી મહેનત તમારા માટે તો વ્યર્થ જ જાય ને? એવું ન બને એની કાળજી તમારે કરવાની છે.

## 'રેડિયમ'ની શોધ પાછળ પણ પરિશ્રમ

મૅડમ ક્યૂરી નામની એક અંગ્રેજ બાઈ થઈ ગઈ. જેણે 'રેડિયમ'ની શોધ કરી હતી. પોતાના બિમાર પતિની વર્ષો સુધી સેવા કરતાં કરતાં, ધોધમાર વરસાદના તોફાનોમાં ય અવિરતપણે તે લોખંડનું ઓર બાળવાનું કામ કરતી અને એ રીતે અઢળક લોખંડ બાળ્યા બાદ જ્યારે તેને 'રેડિયમ' પ્રાપ્ત થયું ત્યારે તે આનંદથી નાચી ઊઠી હતી.

## મોજમજાથી સિદ્ધિ? અસંભવ

જે આત્માનું અને માનવ-જીવનનું અહિત જ કરનારી બની રહે છે એવી વૈજ્ઞાનિકોની ભૌતિક સિદ્ધિઓ મેળવવા માટે પણ જો ભારે પુરુષાર્થ કરવો પડે તો આધ્યાત્મિક જગતની પ્રશસ્ત સિદ્ધિઓ મેળવવા ખાતર કેવો ભવ્ય અને ભગીરથ પુરુષાર્થ કરવો પડે તેની ત્રિરાશિ તમે જ માંડી લેજો.

આજે કોઈને સાધના કરવી નથી અને સિદ્ધિઓ મેળવી લેવી છે. એ શી રીતે બને? સોફાસેટ ઉપર બેઠાં બેઠાં, ચિરૂટ ફૂંકતાં ફૂંકતાં, કોકા કોલા કે ફેન્ટા પીતાં

પીતાં, રેડિયો ઉપર સિલોનનું સંગીત સાંભળતાં સાંભળતાં કે ટી. વી. જોતાં જોતાં સિદ્ધિઓ મળી જાય એ અસંભવ બીના છે.

## રાવણની વિદ્યા સાધના અને અનાદૃતના વિઘ્નો

રાવણ પોતાના ભાઈઓ સાથે ઘનઘોર જંગલમાં સાધના કરી રહ્યા છે, ત્યારે અનાદૃત નામનો કોઈ દેવ પોતાની દેવીઓ સાથે ક્રીડાર્થે ત્યાં આવ્યો છે. તેણે આ ત્રણે ય ને સાધના કરતા જોયા. દેવ એ ત્રણે ભાઈઓને સાધનામાંથી ચલિત કરવા માટે અનુકૂળ અને પ્રતિકૂળ વિઘ્નો કરવા લાગ્યો. તે માટે પોતાની દેવીઓને મોકલી. પણ ત્રણેમાંથી એકે ય ડગ્યા નહિ.

અનાદૃતે જાતે ચાલીને અનેક પ્રકારના વિઘ્નો કર્યા. પોતાના સેવકો દ્વારા મોટા પર્વતોના શિખરો ગબડાવ્યા. સર્પો વીંટળાવ્યા. સિંહ, વાઘ વગેરે જંગલી પશુઓથી ઘેરાવ્યા. છેવટે રાવણના માતા અને પિતા વગેરેને દૈવી શક્તિથી રડતા, આક્રંદ કરતા, અને વિલાપ કરતા બતાવ્યા. છતાં ત્રણેમાંથી કોઈ ડગ્યા નહિ.

છેવટે દૈવીશક્તિથી રાવણનું મસ્તક કાપી કુંભકર્ણ અને વિભીષણની સમીપમાં નાંખ્યું. આ જોઈ ભ્રાતૃપ્રેમને કારણે તે બન્ને ભાઈઓ કાંઈક ચલિત થઈ ગયા. પરંતુ રાવણ લેશ પણ ડગ્યા નહિ.

## વિદ્યાસિદ્ધિ અને 'ચન્દ્રહાસ' ખડગની પ્રાપ્તિ

કોઈ પણ સાધના સહેલાઈથી પાર ઊતરી શકતી જ નથી. સંસ્કૃતમાં કહેવત છે ને..."શ્રેયાન્સિ बहुविघ्नानि." 'સારા કામમાં સો વિઘ્ન.!' આ ન્યાયે રાવણને પણ ખૂબ વિઘ્નો આવ્યા. પણ તેમાં તે પાર ઊતરી ગયા. આથી રાવણને એક હજાર વિદ્યાઓની પ્રાપ્તિ થઈ. જ્યારે કુંભકર્ણ અને વિભીષણને ક્રમશઃ પાંચ અને ચાર વિદ્યાઓ મળી.

ત્યાર બાદ છ દિવસ સુધી ઉપવાસ કરી, અન્ન-જળનો ત્યાગ કરી, મંત્રજાપ દ્વારા દેવાધિષ્ઠિત 'ચંદ્રહાસ' નામનું ખડ્ગ રાવણે પ્રાપ્ત કર્યું. કારણ કે રાવણને ઇન્દ્ર જેવા મહારથીની સામે યુદ્ધ કરવા જવાનું હતું. પૂરી તૈયારી કરીને જ એ જંગે ચડવા ઇચ્છતા હતા.

## પૂજ્યપાદ હેમચન્દ્રસૂરિજીની ખૂબી

ખબી તો જુઓ, કે આટ-આટલી ઘોર સાધના કરવા છતાં ગ્રંથકાર જૈનાચાર્ય

**શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** રાવણની ભૌતિક સિદ્ધિઓની લગીરે પ્રશંસા કરી નથી.

ગ્રંથકારશ્રીએ રાવણની સાધનાનું માત્ર વર્ણન કરી દીધું છે. પરંતુ ક્યાંય એવું નથી જણાવ્યું કે "રાવણે બહુ સારું કર્યું. એનું આ મહાન્ પરાક્રમ અભિનંદનીય છે વગેરે."

## વૈજ્ઞાનિકો હાથીને મારી શકે. કીડીને જીવાડી શકે ખરા ?

રાવણની સાધના શત્રુઓનો સંહાર કરવા માટેની હતી. બીજાને મારવાની કે પીડવાની કળાના કદી પણ વખાણ થઈ શકે નહિ.

આજના વિજ્ઞાનને બંદૂક બનાવીને હાથીને ખતમ કરતા આવડે છે પણ નાનકડી કીડીમાં પ્રાણ પૂરતાં આવડે ખરું ?

## બીજાને જીવાડનારી કળા; પ્રશંસાપાત્ર

જે સિદ્ધિઓ બીજાઓ માટે મારક, ઘાતક, સંહારક, નાશક અને વિધ્વંસક હોય તેવી વૈજ્ઞાનિકોની સિદ્ધિની કદી પ્રશંસા થાય નહિ.

જાતે મરી જઈને પણ બીજાને જીવાડવાનું શીખવતી હોય, જાતે ઉઘાડા રહીને બીજાને ઓઢાડવાનું શીખવતી હોય, જાતે ભૂખ્યા રહીને બીજાને ખવડાવવાનું સમજાવતી હોય એ જ કળા કક્ષા મુજબ પ્રશંસાપાત્ર બને છે.

## દોઢસો વાર વિશ્વવિનાશકારિણી સામગ્રીઓ

રશિયા અને અમેરિકા પાસે આ સમગ્ર વિશ્વનો દોઢસો વખત નાશ કરી શકાય એટલી અઢળક, સંહારક શસ્ત્રસામગ્રીનો ખડકલો પડ્યો છે. કોઈ માનવી પાગલ બની જઈ કાંઈક અટકચાળો કરી બેસે તો આ વિશ્વનું શું થાય ?

જે સિદ્ધિ વિશ્વના ચાર અબજ માણસોનો સંહાર કરવાની શક્તિ ધરાવતી હોય એ સિદ્ધિ શા કામની ? એની પ્રશંસા કેમ થાય ?

## ચન્દ્રયાત્રાનું ફારસ

આજે કરોડો માનવો અર્ધભૂખ્યા જીવી રહ્યા છે ત્યારે આવી શક્તિઓનો અર્થ પણ શો ? જે નીલ આર્મસ્ટ્રોંગે દોઢ કલાક સુધી કહેવાતી ચંદ્રની ધરતી ઉપર આટા માર્યા એમાં ચાર કરોડ ડૉલર તો વેષ તૈયાર કરવામાં જ ખર્ચાઈ ગયા. આ શી રીતે ઉચિત છે ?

વૈજ્ઞાનિકો ચંદ્રલોક સાથે આ ધરતીનો પૂલ બાંધવા નીકળ્યા છે. માનવ–માનવના હૈયા વચ્ચેના પૂલ જ્યારે તૂટી ગયા છે; એક માનવ બીજા માનવને જ્યારે ચાહતો જ બંધ થઈ ગયો છે ત્યારે આવી ચંદ્રયાત્રાઓની શી કિંમત છે! એ તો ખરેખર ફારસ બની જાય છે.

## પ્રશંસા શેની હોય?

એક વાર વિવેકાનંદ પરદેશ ગયા હતા. ત્યાં તેઓ વારંવાર ભારતીય સંસ્કૃતિનાં ભરપેટ ગુણ ગાતા. એમના આવા ભાષણોથી અકળાયેલા કેટલાક અંગ્રેજોએ એમને પાઠ શીખવાડવાનું નક્કી કર્યું.

એ કાળમાં અદ્યતન રીતે તૈયાર થયેલું એક યાંત્રિક કતલખાનું જોવા તેઓ તેમને લઈ ગયા. વિવેકાનંદને જવું પડયું એટલે ન છૂટકે ગયા.

ત્યાં એક ભેંસ–ત્રણ જ કલાકમાં કપાઈ ગઈ. તેના શરીરના જુદા જુદા અવયવો ૧૪ વિભાગમાં વહેંચાઈ ગયા અને તેનાં ૧૪ પૅકેટો પણ બની ગયાં.

હવે તેઓ વિવેકાનંદની સામે જોવા લાગ્યા. તેમણે પૂછ્યું, "બોલો, માત્ર ભારત પાસે જ બધી કળા છે કે અમારી પાસે પણ છે? થોડા જ સમયમાં અમે કેવું સ્વચ્છ અને સરસ કામ કરી બતાડયું છે? અમારા માટે હવે તો 'કાંઇક' પ્રશસ્તિ કરશો ખરા કે નહિ?"

ગંભીર વદને વિવેકાનંદે કહ્યું, "મેં અહીં એક ભેંસને કપાઈને ૧૪ પૅકેટોમાં રૂપાંતર પામી જતી જોઈ.

આની હું શું પ્રશંસા કરું? કોઈને મારી નાંખવાનાં કળા શી? આને બદલે જો તમે એમ કરો કે તૈયાર થઈ ચૂકેલા ૧૪ પૅકેટમાંથી એક ભેંસ જીવતી કરી દો તો તમારાં વખાણ કરવાને હું તૈયાર થાઉં."

બિચારા અંગ્રેજો થીજી જ ગયા! એમની બોલતી જ બંધ થઈ ગઈ.

આ કાળમાં વિવેકાનંદે અંગ્રેજોની સંહારક શક્તિની પ્રશંસા ન કરી. આ ગ્રંથકાર આચાર્યશ્રીએ પણ રાવણની દૈવી સિદ્ધિઓની પ્રશંસા પોતાના ગ્રંથમાં નથી જ કરી.

## આધ્યાત્મિક બળ પાસે વામણા છે; ચમત્કારો

અલબત્ત; માનવીય બળ કરતાં દૈવી બળ વધુ ચઢિયાતું ગણાય છે. જે માનવો ન કરી શકે તેવી અનેક બાબતો દૈવી બળ દ્વારા થઈ શકે છે; પરંતુ દૈવી બળ કરતાં

ય જગતમાં ચડી જાય એવું એક બળ છે. અને તે છે; આધ્યાત્મિક બળ. કોઈ પણ જાતના જંતરમંતર કરીને કોઈ ચમત્કાર કરી બતાડવો તે કોઈ મહાન્ બાબત નથી. એ બધી સિદ્ધિઓ સાચા આધ્યાત્મિક બળ પાસે સાવ તુચ્છ છે.

## દેશમાં બ્રહ્મચર્યનો દુકાળ

સાચા સાધુઓ પાસે બ્રહ્મચર્ય વગેરેનું જે સાચું બળ છે તે જ આ જગત્નું તારક બળ છે. આજે તો આ દેશ બ્રહ્મચર્યની બાબતમાં દુકાળિયો બની ગયો હોય તેવું જણાય છે.

અલબત્ત, આજે પણ અનેક સાચા સાધુભગવંતો ઉચ્ચ કોટિનું ચારિત્ર પાળતા જોવામાં આવે છે; પરંતુ થોડાક અંશમાં કેટલાક કહેવાતા ત્યાગી વર્ગમાં બગાડો જરૂર પેસી ગયો છે. જો રક્ષક જ ભક્ષક બની જશે તો સમાજ પાસે શુદ્ધિની અપેક્ષા શી રીતે રાખી શકાશે ?

## યુવાનો ! મોક્ષ માટે ઉર્ધ્વરેતા બનો

આજના યુવાનોનાં જીવન ગંભીર સ્થિતિમાં મુકાઈ ગયા હોય તેમ નથી લાગતું શું ?

એમના જીવનની વિશિષ્ટ શક્તિઓ નષ્ટ થતી ચાલી હોય એમ નથી જણાઈ રહ્યું શું ?

એમને ડૉકટરો દ્વારા જુઠ્ઠી સલાહો અપાઈ નથી રહી શું ?

તેમના જીવનના ઓજ અને તેજ ખતમ થઈ રહ્યા હોય, એમ નથી જણાતું શું ?

રોગની દવા જ ન હોય તેવા વખતે જાતનો બચાવ કરવા માટે જો ડૉકટરો યુવાનોને કહેશે કે, "તે રોગ જ નથી' તો તે ડૉકટરો આ યુવા-પ્રજાના કેવા દ્રોહી ગણાશે ?

બ્રહ્મચર્યના પ્રભાવને ખતમ કરવાના ભેદી પ્રયાસો ચારે બાજુથી જાણે અજાણે આચરાઈ રહ્યા હોય એમ નથી લાગતું શું ?

આત્માના મોક્ષ માટે ઉર્ધ્વરેતા બનીને પ્રચંડ તાકાત પ્રાપ્ત કરવાની આર્ય નીતિઓને અભરાઈએ ચડાવી દેવામાં નથી આવી રહી શું ?

આ દેશમાં જન્મેલા માનવોમાં બ્રહ્મચર્યના કેવા ચમકારા હતા તે ઉપર તમને એક પ્રસંગ કહું છું.

## ચમત્કાર તો આ રહ્યો, દેખવો છે કોને ?

વિવેકાનંદના પરદેશમાં રહેલા એક શિષ્યની બ્રહ્મચર્યની વાતો વારંવાર સાંભળીને તેના ચાહક ડૉક્ટરોના વર્ગે તેની પાસે બ્રહ્મચર્યનો કોઈ ચમત્કાર દેખાડવા કહ્યું. ભાગ્યે યોગે તે જ વખતે તેના ગુરુ વિવેકાનંદ પરદેશમાં આવી ચૂક્યા હતા. કોઈ ચમત્કાર બતાડવાની ચાહકોની વાત તેણે ગુરુજીને કરી.

બીજે દિવસે પંદર હજાર માણસોની સભાને વિવેકાનંદ સંબોધવાના હતા. તેમાં પેલા ચમત્કારભૂખ્યા ડૉક્ટરો પણ હાજર રહેવાના હતા. એટલે એ સભામાં જ ચમત્કાર દેખાડવાનું વિવેકાનંદે જાહેર કરાવ્યું.

બીજે દી સભા થઈ. પહેલી પચાસ મિનિટ સુધી તો સ્વામીજી 'સંસ્કૃતિ' ઉપર બોલ્યા. પણ છેલ્લી દસ મિનિટમાં તેણે પશ્ચિમના લોકોની અભિમાનતા વગેરે બાબતો ઉપર સખત ઝાટકણી કાઢતાં છેવટે કહી દીધું કે,

"Doctors of America are nothing but donkies"

આ વાક્ય સમસમી જઈને સાંભળી લીધા બાદ સભા વિખરાઈ.

વિખરાતા જતા ટોળામાંના કોક ડૉક્ટરે બીજાને કહ્યું, "બધી વાતો તો વિવેકાનંદજીએ સારી કરી, પણ બ્રહ્મચર્યનો ચમત્કાર તો કોઈ બતાડ્યો જ નહિ."

પેલા બુઝર્ગ અને સમજદાર ડૉક્ટરે કહ્યું : "અરે ! ચમત્કાર ? આટલો મોટો તો ચમત્કાર બતાડી દીધો. આપણે લોકો મોટા મોટા ડૉક્ટર, કવૅલિફાઇડ ડીગ્રીઓ ધરાવનારા કહેવાઈએ. છતાં ભરસભામાં આપણને 'ગધેડા' કહી દીધા અને આપણે એક અક્ષર પણ બોલ્યા નહિ અને ચૂપચાપ સાંભળી લીધું. આ ચમત્કાર નહિ તો બીજું શું છે ?"

## આધ્યાત્મિક બળનો ઉત્કૃષ્ટ ચમત્કાર

સ્વામી વિવેકાનંદ કરતાં ય ઘણા ચડિયાતા આધ્યાત્મિક ચમકારા આ દેશની ધરતી ઉપર બનતા રહ્યા છે.

તીર્થંકર ભગવાન મ્હાવીરદેવના મુખેથી નીકળતા 'બુઝ્ઝ બુઝ્ઝ ચંડકોસિયા !' એવા શબ્દમાત્રથી ઝેરીલો દષ્ટિવિષ સાપ સાવ શાંત બની જાય એ શું આધ્યાત્મિક બળનો ઉત્કૃષ્ટ કોટિનો ચમત્કાર નથી ?

## આનંદઘનજીના પેશાબમાં સુવર્ણસિદ્ધિ

મહાયોગી આનંદઘનજીના જીવનનો પણ એક અદ્‌ભુત ચમત્કારિક પ્રસંગ સાંભળવા મળ્યો છે.

એક વાર એમના ગૃહસ્થજીવનના જૂના મિત્ર ઇબ્રાહિમે પોતાના નોકર રસૂલ દ્વારા પોતે સિદ્ધ કરેલ સુવર્ણસિદ્ધિનો રસ આનંદઘનજી ઉપર મોકલ્યો. રસૂલ આવીને કહે છે : "મહારાજશ્રી ! આ રસ એવો છે જેને લોખંડ ઉપર નાખતા જ સોનુ થઈ જાય છે. આવો આ રસ આપના મિત્ર અને મારા શેઠ ઇબ્રાહિમભાઈ એ ખાસ આપના માટે, સૌથી પહેલો આપને જ મોકલ્યો છે. આપ એનો સ્વીકાર કરો."

આનંદઘનજી ના પાડે છે. છતાં રસૂલ ખૂબ આગ્રહ કરે છે. છેવટે એ રસનું પાત્ર તેઓ લઈ લે છે અને પછી જમીન ઉપર ઢોળી નાખે છે. હજારો રૂપિયાની કિંમતનો રસ જમીન પર ઢોળાઈ જતાં અને આ રીતે પોતાના શેઠનું અપમાન થયાનું જણાતાં રસૂલ ખબ ગુસ્સે થઈ જાય છે, "તમે બાવા થઈ ગયા એટલે શું થઈ ગયું ? અમારા શેઠનું આ રીતે અપમાન કરો છો ? કોઈ વ્યવહારનું તમને ભાન છે કે નહિ ? આવી મૂલ્યવાન્ ચીજ આમ ગુમાવી દેવાની ?"

આનંદઘનજી કહે છે "ભૈયા ! ઇસિમેં ક્યા હો ગયા ? લો દેખો..." એમ કરીને થોડે દૂર જઈને ત્યાં એક પથ્થરની બાજુમાં તેઓ પેશાબ કરે છે. અને પાછા આવે છે.

પેલા રસૂલે જોયું કે મુનિશ્રીના પેશાબના છાંટાઓ જે પથ્થર પર પડ્યા છે એ પથ્થર આખો સોનાનો થઈ ગયો છે. આ જોતાં જ એનો રોષ શાંત થઈ ગયો.

ત્યાર બાદ આનંદઘનજી એને સમજાવે છે કે, "દેખો ઐસી સિદ્ધિઓકી સંસારમેં કોઈ કિંમત નહીં હૈ. ક્યોંકી ઇસસે આત્માકા કોઈ કલ્યાણ હોતા નહીં હૈ."

## શ્રેષ્ઠ આધ્યાત્મિક–શક્તિ

અલબત્ત; આધિભૌતિક શક્તિઓ કરતાં ચઢિયાતી આધિદૈવિક શાક્તઓ ભલે હોય, પરંતુ તેના કરતાં ય વધુ મહાન્ આધ્યાત્મિક તાકાત છે. આધિભૌતિક અને આધિદૈવિક શક્તિઓની પ્રાપ્તિનો આ માનવજીવનની સફળતા કાજે ઝાઝો ઉપયોગ નથી. આધ્યાત્મિક–શક્તિ જ જગત્‌ની સર્વશ્રેષ્ઠ શક્તિ છે.

કારણ અધ્યાત્મ–શુદ્ધિનો સ્વામી એક પણ આત્મા પોતાની આસપાસ સમગ્ર વાયુમંડળમાં અધ્યાત્મનું ગુંજન કરી મૂકે છે. એણે સિદ્ધ કરેલો અહિંસકભાવ હિંસક

પશુઓના જાત્યવૈરને પણ ઓગાળી નાખે છે. આવા અધ્યાત્મના જીવંત કેન્દ્રો પાસે તો દેવાત્માઓ પણ સેવકભાવે ફરતા હોય છે. માટે જ જૈન શાસ્ત્રોમાં કહ્યું છે ને...
"देवावि तं नमंसंति"

રાવણની આધિદૈવિક સિદ્ધિઓ સાંભળીને કોઈ પણ એ દૈવીબળોના અવતરણ કાજે યત્ન કરજો મા!

વિશુદ્ધની જ જ્વાળા પ્રગટાવજો અને અશુદ્ધિને જલાવી દેજો.

**નોંધ : આ પ્રવચનના અવતરણ-સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૦ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**—અવતરણકાર**

પૂ૦ પ્રવચનકારશ્રીના ઉપલબ્ધ તમામ પુસ્તકો વગેરેનો
સેટ આજે જ તમારા ઘરમાં વસાવી લો

# આખા સેટનું એક બૉક્સ

[ રોલ–કેલેન્ડર વગેરે સહિત ]

રૂ. ૨૨૫ની કિંમતનું બૉક્સ રૂ. ૨૦૦માં...

☆ આપના મિત્રમંડળમાં પણ આ બૉક્સ વસાવી લેવાની પ્રેરણા કરો.

☆ નવી પેઢીના કલ્યાણનું ભાથું આ બૉક્સમાં પડ્યું છે.

☆ આ પુસ્તકોએ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેકાનેક યુવાનો અને યુવતીઓના જીવનનું આમૂલ પરિવર્તન કર્યું છે.

**શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પેલેસ**
[ વાલકેશ્વર–મુંબઈ ] ના
**બુક સ્ટૉલની આજે જ મુલાકાત લો**

☆ ☆ ☆ ☆

ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણના વિષયોને નીડરપણે ચર્ચતું,
અધ્યાત્મની અનોખી સરગમ સંભળાવતું,

**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી**ના ચિંતનનું વાહક

## ‘મુક્તિદૂત’ માસિક

સંપાદક : હસમુખ શાહ

**લવાજમ : વાર્ષિક : રૂ. ૫–૦૦ ત્રિવાર્ષિક : રૂ. ૧૫–૦૦**
**આજીવન : રૂ. ૧૦૦–૦૦**

શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પેલેસના બુક સ્ટૉલ ઉપર લવાજમ
સ્વીકારવામાં આવે છે.

મૂલ્ય : ૫૦ પૈસા　　　　　　　　　　　　　　　　　　　　　　　નકલ : ૨૦,૦૦૦

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે? જો હા....તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો અને સ્નેહીઓમાં ખૂબ પ્રસાર કરો. માત્ર પચાસ પૈસામાં અતિ મૂલ્યવાન ચિંતન મેળવો.

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં—**

**માત્ર રવિવારે—**

૧. રામાયણ-પ્રવચન સ્થળ :
પ્લેઝન્ટ પેલેસ
નારાયણ દાભોલકર રોડ
વાલકેશ્વર, મુંબઈ—૬

**રોજ માટે—**

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ— ૬

૩. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ—૪

**અમદાવાદમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭ 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ

**સુરતમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o. નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર

**ખાસ નોંધ :** ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના મુંબઈમાં રહેતા સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે, અમદાવાદ—૧　　　[ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ—૪

# રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ-૬

પ્રવચન ૧૭-૭-૭૭ ] પ્રવચન-ચોથું [ પ્રકાશન ૨૪-૭-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે, મુંબઈ [વાલકેશ્વર] ખાતે, હજારોની માનવમેદની સમક્ષ, રામાયણનું ચોથું પ્રવચન કરતાં, રામાયણની મૂળ કથામાં, રાવણનું વૈશ્રમણ સાથે યુદ્ધ, યુદ્ધમાં થએલો વૈશ્રમણની સેનાનો ભંગ અને સંસારની ક્ષણભંગુર સુખ-સરિતાઓનાં સુકાતાં જતાં સલિલના સમ્યગ્ દર્શનને અંતે સમરાંગણને સમતાંગણ બનાવતાં વૈશ્રમણને થયેલો સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અને તેની દીક્ષા, રાવણની બેન સૂર્પણખાનું ખર સાથે લગ્ન અને આદિત્ય-રજાની ભાગવતી પુણ્યદીક્ષા વગેરે પ્રસંગોનું અતિસુંદર નિરૂપણ કર્યું હતું.

પ્રસંગોપાત્ત, ધર્મ અને સંસ્કૃતિની વિભિન્ન કાર્યપદ્ધતિઓ—વાનર-માંથી નર બનાવતી સંસ્કૃતિ અને નરમાંથી નારાયણ બનાવતો ધર્મ, આર્ય દેશની સંસ્કૃતિપ્રધાનતાની સચોટ અને સતર્ક સિદ્ધિ, આર્ય દેશના ચોરોમાં પણ નિમકહલાલ વૃત્તિ, વર્તમાન શિક્ષણની ઉપર અજબ ફટકા-બાજી કરતું શ્રીગાંધીજીનું વિધાન, બોરિંગ કરતા ય ભૂંડાં ભોગસુખોનું વાસ્તવદર્શી ચિત્રણ, જાતના વૈભવોનું નફ્ફટાઈ ભરેલું પ્રદર્શન કરતી શેઠાણીનું રમૂજી દૃષ્ટાંત, કામી અને કામાન્ધ, લોભી અને લોભાંધ, ક્રોધી અને ક્રોધાંધ માનવોની અપૂર્વશ્રુત વ્યાખ્યાઓ, પાપો ઘટાડવાનું અજબ સમીકરણ, ભૌતિક સુખો મેળવી લેવા ફાંફા મારતો સમગ્ર માનવસમાજ, શીલ માટે એક નારીના અપૂર્વ બલિદાનની સાચી ઘટના, આઘાત અને પ્રત્યાઘાતોમાંથી પણ જ્ઞાન અને વૈરાગ્ય મેળવી લેવાની પુણ્યપ્રેરણા અને તેના ઉપર સુકેતુની માતાનો હૃદયસ્પર્શી સત્ય-પ્રસંગ, 'રાવણને અધમ કેમ કહેવાય?' એવો સતર્ક સવાલ, સાધુ અને સંસારીની કક્ષાનો ભેદ સમજાવતો અકબર અને બિરબલનો હાસ્યજનક છતાં ચોટદાર પ્રસંગ, કાલિદાસે વર્ણવેલી આર્ય માનવની ચાર અવસ્થાઓ અને તેનાથી વિપરીત કોટિનું વર્તમાન માનવજીવન, વર્તમાન વિદ્યાધામોની કંઢંગી દશા, 'સાધુઓ હરામનું ખાય છે' એ આક્ષેપનો જડબાતોડ જવાબ અને તેના ઉપર એક અર્થનિષ્ણાતનો અર્થઘન અભિપ્રાય, 'ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः' નું વાસ્તવસ્પર્શી રહસ્ય છતું કરીને બ્રહ્મચર્ય એટલે શરીરની બલવત્તા નહિ પણ આત્માનું ઓજ અને તેજ એ સમજાવતો બ્રહ્મચારી સંન્યાસીનો સચોટ દાખલો, અને અંતે 'રણછોડ' શબ્દ ઉપર નવો જ પ્રકાશ ફેંકતી વ્યાખ્યા, વગેરે વગેરે વિષયોને સચોટ અને તર્કબદ્ધ રીતે સમજાવતી, આર્યાવર્તની પરમદિવ્ય પ્રણાલિકાઓની પરમહિતકારિતા સમજાવી તેને ઘટ-ઘટમાં અને પટ-પટમાં પુનઃ પ્રસ્થાપિત કરવાનો પુણ્ય સાદ સંભળાવતી, પ્રેરણાના પીયુષનું પુણ્યપાન કરાવતી, પૂજ્યપાદશ્રીની પુનિત પ્રવચનધારનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

શ્રીપાળનગર, મુંબઈ—૬ —મુનિ ભાનુચન્દ્રવિજય

તા૦ ૨૦—૭—૧૯૭૭

<table><tr><td>

# પ્રવચનાંક : ૪

</td><td>

રવિવાર<br>પ્ર. શ્રાવણ સુદ ૧<br>વિ. સં. ૨૦૩૩

</td></tr></table>

કલિકાલસર્વજ્ઞ જૈનાચાર્ય **શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** 'જૈન રામાયણ'ની જે રચના કરી છે, તેને મુખ્યત્વે અનુલક્ષીને આ પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવચનમાળા જીવનનું ઉચ્ચતમ લક્ષ પ્રાપ્ત કરવા માટે છે પરંતુ એ માટે જે પ્રાથમિક કક્ષા મેળવવાની જરૂર છે તેને આંબી જવાનું આપણું પ્રાથમિક લક્ષ છે.

## ધર્મ અને સંસ્કૃતિમાં તફાવત

ધર્મ એ ઉચ્ચ કક્ષાનું તત્ત્વ છે. જ્યારે સંસ્કૃતિ એ પાયો છે. પાયા વગર ઇમારત ચણી શકાતી નથી. એમ સંસ્કૃતિ વગર ધર્મ ઘટી શકતો નથી.

નીતિ, ન્યાય, દયા, પ્રેમ, કરુણા, મૈત્રી, અહિંસા વગેરે સદ્ગુણો એ પાયાના તત્ત્વો છે. સ્થૂલ તત્ત્વો લગભગ તમામ આર્યધર્મો ઓછાવત્તા અંશે પણ સ્વીકારે છે. પ્રાથમિક કક્ષાના આ સદ્ગુણો વિશિષ્ટ કક્ષાના ધર્મોની પ્રાપ્તિ માટે સામાન્યતઃ રાજમાર્ગ જેવા કહી શકાય.

## સંસ્કૃતિ બનાવે છે નર, ધર્મ બનાવે છે; નારાયણ

વાનર જેવાં બની ગએલા માનવને પુનઃ નર બનાવવાનું કામ સંસ્કૃતિ કરે છે. જ્યારે નરને નારાયણ [=વીતરાગ ભગવાન] બનાવવાનું કામ ધર્મ કરે છે. આજના માનવજીવનમાં અનેક પાપો પ્રવેશી ગયાં છે. વાસનાઓની પૂર્તિ માટે ગમે તેવાં પાપો કરવા માનવ જાણે કે તૈયાર થઈ ગયો છે.

## વાનર કહેવો કોને ?

વાંદરાને જ્યારે કોઈપણ વસ્તુ મેળવવાની ચળ ઉપડે છે ત્યારે એ ચંચળ થઈ જાય છે. અને પછી તુરત એ 'હુપ' કરતોક કૂદકો મારે છે. આ જ રીતે જે માણસને વાસનાની ચળ ઉપડે, પછી ચંચળ થાય અને તે પદાર્થ તરફ ગતિ કરે તે નર સ્વભાવથી વાનર છે. ચળ અનેક પ્રકારની હોઈ શકે છે. સારું સારું જોવાની આંખની ચળ, સારું મજાનું ખાવાની જીભની ચળ, સુંદર ગીતો સાંભળવાની કાનની ચળ. સારું સારું અડવાની સ્પર્શની ચળ. આ ચળોને શાંત કરવા જે પોતાનું અમૂલ્ય માનવજીવન બરબાદ કરે છે તે વસ્તુતઃ વાનર છે. જીવનના આવા વાનરવેડા દૂર કરવા માટે જ સંસ્કૃતિ છે.

સૌ પ્રથમ વાનરમાંથી નર બનવું જોઈએ. અને એ માટે સંસ્કૃતિ સમજવી જોઈએ. ત્યાર બાદ, નરમાંથી નારાયણ શી રીતે થવાય? એ સમજવા માટે ધર્મ સમજવો જોઇએ. જે માણસના જીવનમાં વાનરવેડા વિદ્યમાન છે એ વસ્તુતઃ ધર્મ કરવા માટે લાયક બની શકતો નથી. ધર્મ એ મોક્ષલક્ષી ધર્મક્રિયાઓથી પ્રધાન તત્ત્વ છે.

## આ દેશ માત્ર સંસ્કૃતિપ્રધાન છે.

આ રામાયણનું વાચન, 'સંસ્કૃતિ શું છે?' એ સમજવા માટે શરૂ કર્યું છે. આ દેશને જવાહરલાલ નેહરૂએ ઉદ્યોગપ્રધાન જાહેર કર્યો હતો. એ પૂર્વે આ દેશ ખેતી-પ્રધાન ગણાતો હતો.

વર્તમાન ગૃહપ્રધાન ચરણસિંગે પણ એ જ જાહેર કર્યું છે કે, "આ દેશને નેહરૂએ ઉદ્યોગપ્રધાન બનાવીને મોટી ભૂલ કરી છે. ઉદ્યોગોને કારણે ગરીબી, મોંઘવારી અને બેકારી વગેરે વધી રહ્યા છે, માટે આ દેશ તો ખેતીપ્રધાન જ રહેવો જોઈએ." આજે તો આ દેશ ખેતીપ્રધાન પણ રહ્યો નથી, પરંતુ કેવળ ભોગ અને વિલાસ પ્રધાન બનતો ચાલ્યો છે. ચરણસિંગને પણ મારે તો એ વાત કરવી છે કે "આ દેશ ઉદ્યોગપ્રધાન તો નથી જ. પણ ખેતીપ્રધાન પણ ન હતો અંગ્રેજોએ આ દેશને ખેતીપ્રધાન જાહેર કરીને દેશની પ્રજાનું લક્ષ 'સંસ્કૃતિ' તરફથી હટાવી દેવામાં ભારે સફળતા મેળવી છે. વસ્તુતઃ આ દેશ સંસ્કૃતિપ્રધાન છે."

આર્યદેશના વેપારીઓ અને ખેડૂતોમાં પણ સંસ્કૃતિ જીવતી હતી. રે! આ દેશના ચોરો અને લૂંટારામાં પણ સંસ્કૃતિ જીવંત હતી.

## આર્યદેશના ચોર પણ નિમકહલાલ

પૂર્વના કાળની આ વાત છે. એક ચોર હતો. એક વખત એક શેઠના ઘરમાં રાત્રિના સમયે ચોરી કરવા ગયો. અંધારું ઘોર હતું. તે વખતે તેને કકડીને ભૂખ લાગી હતી એટલે એને કાંઈક ખાવાની ઇચ્છા થઈ. લાડુ–પુરી ખાવાની ઇચ્છાથી એ રસોડામાં પેઠો. કોઈ બરણી એના હાથમાં આવી ગઈ. એમાં એણે હાથ નાખ્યો અને કાંઈક ચીજ લઈને તેણે મોંઢામાં નાખી. નાખતાની સાથે ખબર પડી કે 'આ તો નિમક [મીઠું] છે.'

હવે શું થાય? આર્ય દેશની સંસ્કૃતિ એમ કહેતી હતી કે...જેના ઘરનું મીઠું ખાધું એને દગો ન કરાય. એને ત્યા ચોરી ન થાય. જેનું નિમક ખાધું એના નિમકહરામ ન થવાય.

બસ...ખલાસ. ચોરે ચોરી કરવાનું માંડી વાળ્યું. એણે ઘરની બહાર નીકળતાં અવાજ કર્યો. કારણ એને હવે શેઠનો ભય નથી. અવાજથી શેઠ જાગી ગયા

શેઠે પૂછ્યું : 'તું કોણ છે ?'

ચોર કહે : 'હું ચોર છું.'

શેઠ કહે : 'અલ્યા ! ચોર કદી એમ કહેતો હશે કે હું ચોર છું ? અને તું ચોર છે તો અહીં કેમ આવ્યો છે ?'

ચોર કહે : 'હું ખરેખર ચોર છું. અને આવ્યો'તો ચોરી કરવા જ; પણ... મને ખૂબ ભૂખ લાગી હતી તેથી તમારા રસોડામાંથી કાંઈક ખાવાનું શોધતાં મીઠું હાથમાં આવી ગયું. અને એ મોંમાં મૂકી દીધું. હવે મારાથી ચોરી થાય જ કેમ ? જેનું નિમક ખાધું તેના 'નિમકહરામ' કેમ થવાય ?'

શેઠ ચોરની વાત સાંભળી ચકિત થઈ ગયા. આ દેશના ચોર પણ નિમકહલાલ હતા. નિમકહરામ નહિ. કારણ...આ દેશ સંસ્કૃતિપ્રધાન હતો એથી જ ચોરી કરતાં વર્ગમાં પણ નીતિ અને સદાચારના ગુણો ઝળહળતા જોવા મળતા હતા.

## આ દેશના લૂંટારા પણ શીલ સંરક્ષક

જોગીદાસ ખુમાણની વાત તમે જાણો છો ? એ ભાવનગર સ્ટેટની સામે જંગે ચઢેલો બહારવટિયો હતો. એક વાર એ વગડામાં ફરવા નીકળ્યો. તે વખતે એક ખેતરમાં એક કન્યાને એકલી કામ કરતી એણે જોઈ. મોં પર શીલનું તેજ હતું. રૂપ અને લાવણ્ય એના પુણ્યે એને આપ્યું હતું.

જોગીદાસ આ કન્યાને જોઈ રહ્યો. થોડી વારે એ એની પાસે ગયો. અને એને પૂછ્યું : 'બહેન ! તું આ ખેતરમાં એકલી કામ કરે છે. તો શું તને તારા શિયળની ચિંતા નથી ?' ત્યારે પેલી કન્યાએ જે જવાબ આપ્યો એ સાંભળીને જોગીદાસની આખોમાં હર્ષના આંસુ આવી ગયા અને એનું શેર લોહી ચઢી ગયું. જોગીદાસને દીઠે નહિ ઓળખતી એ કન્યાએ કહ્યું : "જ્યાં સુધી આ વગડામાં જોગીદાસ જેવો ખમીરવંતો રખોપો ફરે છે ત્યાં સુધી અમને કોઈ પરપુરુષનો ભય નથી."

## દેશને સંસ્કૃતિપ્રધાન માનો

આ દેશના ચોર અને લૂંટારા પણ ગામની મા–બેનોના શિયળની ચિંતા કરતા હતા. એમની ઇજ્જતનું રક્ષણ કરતા હતા. કેવો આ આર્ય દેશ હતો !! માટે જ હું કહું છું કે આ દેશ ઉદ્યોગપ્રધાન નથી. ખેતીપ્રધાન નથી. ભોગવિલાસપ્રધાન પણ નથી. પરંતુ સંસ્કૃતિપ્રધાન છે.

જો તમે લોકો આ દેશને ઉદ્યોગપ્રધાન માનશો તો તમારી નજર હમેશ ઉદ્યોગો તરફ જ રહેશે.

જો તમે દેશને ખેતીપ્રધાન માનશો તો તમારી નજર ખેતી તરફ જ રહેશે. પછી ભણતર પણ ભાખરીનું જ બની રહેશે.

જો તમે એને ભોગપ્રધાન માનશો તો ભોગોની ભૂતાવળોમાં સંસ્કૃતિ નામશેષ થઈ જશે.

પરંતુ જો તમે દેશને સંસ્કૃતિપ્રધાન માનશો તો સંસ્કૃતિના પાલન અને સંરક્ષણમાં જ તમારી બુદ્ધિ–શક્તિઓ કામે લાગશે.

## સંસ્કૃતિને બચાવનારા બન્યા છે, અભણો અને ગરીબો

હું એમ માનું છું કે આ દેશની સંસ્કૃતિને જેટલી અભણો અને ગરીબોએ બચાવી છે એટલી શિક્ષિતો અને શ્રીમંતોએ બચાવી નથી, બલકે એમણે તો કદાચ સંસ્કૃતિના નાશમાં પોતાનો ફાળો આપ્યો હોય તેમ લાગે છે.

વર્તમાનમાં બધાને શિક્ષણ આપવાનો ધૂમ પ્રચાર થઈ રહ્યો છે. આજના શિક્ષણે માનવોની બુદ્ધિ ભલે કદાચ વધારી હોય પરંતુ સાથે સાથે તેનામાં લુચ્ચાઈ, અનીતિ, અને દુરાચારી મનોવૃત્તિઓનો થએલો વધારો બધી ભયજનક સપાટીઓને વટાવી ગયો હોય એમ સ્પષ્ટ રીતે જણાય છે.

ગામડામાં રહેલો, ખેતી કરીને ગુજરાન ચલાવતો ખેડૂતનો પુત્ર પોતાના માતાપિતાને રોજ સવારે પગે લાગવામાં નાનમ અનુભવતો નથી. જ્યારે આજના ભણેલા, કહેવાતા શિક્ષિતો પોતાના મા–બાપના ચરણોમાં નમસ્કાર કરતા શરમ અનુભવે છે. કેવી શરમજનક આ વાત છે!

## વર્તમાન શિક્ષણ માટે ગાંધીજીનો કઠોર અભિપ્રાય

માટે જ ગાંધીજીએ પોતાના 'હિંદ–સ્વરાજ' નામના પુસ્તકમાં અંગ્રેજી પદ્ધતિનું શિક્ષણ પામેલાઓની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી નાંખતા કહ્યું છે કે, **"અંગ્રેજી કેળવણી લઈને આપણે પ્રજાને ગુલામ બનાવી છે. અંગ્રેજી કેળવણીથી દંભ, રાગ, જુલમ વગેરે વધ્યા છે. અંગ્રેજી જાણનારે લોકોને ધૂતવામાં, તેઓને ત્રાસ પમાડવામાં મણા નથી રાખી."**

ગાંધીજીના કહેવાતા ભક્તો—જેઓ પાશ્ચાત્ય શિક્ષણની પ્રશંસા કરવામાં પાછું વાળીને જોતા નથી તેઓ—ગાંધીજીના આ શબ્દો નજરમાં લેશે ખરા?

## કોણ અભણ? કોણ શિક્ષિત?

તમારા છોકરાઓ માતાપિતાને રોજ પગે લાગવાનું શીખ્યા છે ખરા? કેવી વિચિત્ર વાત છે? મા–બાપને પગે નહિ લાગતો, એમની સાથે રોજ લઢતો, એમને

ગાળો દેતો, પૈસા ખાતર બાપની સામે કોર્ટે જતો, અને પોતાના જ સ્વાર્થમાં ચકચૂર રહેતો આજનો શહેરી માનવ 'ભણેલો' કહેવાય છે. અને મા-બાપને રોજ પગે લાગતો, એમના પગ દાબતો, ભગવાનના ભજનિયાં ભક્તિથી રોજ ગાતો, અને અવસરે પારકાનું 'કાંઈક' કરી છૂટતો પેલો ગ્રામ્યજન 'અભણ' કહેવાય છે!!! કળિયુગની કેવી કટુ વ્યાખ્યાઓ!

## સંસ્કૃતિ અંગે વિશેષ ઉપદેશ શા માટે?

આ બધી પાયાની સંસ્કૃતિ ભુલાતી ચાલી છે માટે જ એના ઉપર હાલ વધુ ભાર મૂકવામાં આવે છે. વસ્તુતઃ મુનિઓનું કર્તવ્ય ધર્મના પ્રભાવને વિસ્તારવાનું જ હોય છે.

જે કાળમાં જે વસ્તુની વધુ ત્રુટિ દેખાતી હોય તેની પૂર્તિ કરવા માટે તે વિષય ઉપર વધુ જોર આપવું પડે. આજે સંસ્કૃતિનો ચારે બાજુથી સર્વનાશ બોલાતો જતો હોય એમ જણાય છે માટે જ રામાયણ દ્વારા સંસ્કૃતિ અંગેની અનેક વાતો અમારે તમને કહેવી જરૂરી બની ગઈ છે. સંસ્કૃતિરક્ષાનું કાર્ય ખાસ કરીને આર્યોની પૂર્વ પરંપરામાં કથકો, ગઢવીઓ, ચારણો, બાણ ભટ્ટો, સંન્યાસીઓ વગેરે કરતા હતા. પણ આજે આપદ્ધર્મ રૂપે આ કાર્યમાં ધર્મરક્ષકોને પણ સંસ્કૃતિરક્ષક બનવાની ફરજ પડી છે.

રામાયણની કથામાં, રાવણે બાપદાદાની લૂંટાઈ ગયેલી લંકાને પાછી મેળવવાની દઢ પ્રતિજ્ઞા કરી...અને એ કાજે રાવણે એક હજાર વિદ્યા સિદ્ધ કરી. છ દિવસના ઉપવાસ સાથે મંત્રજપ કરીને દેવાધિષ્ઠિત ચંદ્રહાસ ખડ્ગ પણ પ્રાપ્ત કર્યું. વગેરે વાતો આપણે વિચારી ગયા છીએ.

## જૈનદર્શનની ખૂબી : ભોગો ભોરિંગ કરતાં ય ભૂંડા

વૈશ્રવણ સાથે રાવણના યુદ્ધનું વર્ણન કરતાં પૂર્વે; ગ્રંથકાર પરમર્ષિ આ રામાયણમાં રાવણના ભોગકાળનું વર્ણન કરે છે. રાવણનું પટ્ટરાણી મંદોદરી સાથેનું અને બીજી અનેક રૂપવતી રાજકન્યાઓ સાથેનું પાણિગ્રહણ તથા રાવણના મુખ્ય ત્રણ પુત્રો ઇન્દ્રજિત્, મેઘવાહન અને અક્ષકુમાર વગેરેનું નિરૂપણ કર્યું છે.

આમ છતાં ગ્રંથકાર પરમર્ષિ ક્યાંય પણ રાવણના આ ભોગસુખોની પ્રશંસા કરતા નથી. રાવણના વૈભવો અને વિલાસો ઉપર પ્રશંસાના બે પુષ્પો પણ વેરતા નથી કે "રાવણે કેવાં સરસ ભોગો ભોગવ્યા! એના વૈભવો કેટલા સારા હતા...વગેરે" આ જ જૈનદર્શનની ખૂબી છે.

રાવણ જેવા કોઈ પણ રાજવીના ભોગોને જૈન દર્શનમાં વખાણવામાં તો

આવ્યા નથી; બલ્કે એ ભોગો ઉપર તો અનેક જૈનાચાર્યોએ જાણે પસ્તાળ પાડી નાંખી છે. ભોગો તો ભોરિંગ કરતાં વધુ ભૂંડા છે એમ ખુલ્લે આમ જણાવી દીધું છે.

## સુખને સારા માનનાર 'સારો' નહિ. ખરાબ માનનાર 'ખરાબ' નહિ

જૈન દર્શન કહે છે : સંસારનાં ભોગસુખો જેને સારા લાગે તે માણસ કદી પણ સારો હોઈ શકે નહી. અને જો કદાચ તે સારો હોય તો પણ તે લાંબા સમય સુધી સારો રહી શકે જ નહી.

એ જ રીતે, ભોગસુખો જેને ખરાબ લાગે તે માણસ કદી ખરાબ હોય નહિ. અને જો તે માણસ કદાચ ખરાબ હોય તો તે લાંબો કાળ ખરાબ રહે નહિ.

ભોગસુખો ભયંકર ઝેરીલા નાગ જેવા છે, માટે જ તો આ ગ્રંથકારશ્રીએ તેની પસ્તાળ પાડી નાખી છે.

## સુખ પુણ્યથી; પુણ્ય ધર્મથી

અલબત્ત; સુખો મળે છે પુણ્યથી, અને પુણ્ય ઉત્પન્ન થાય છે ધર્મથી.

એ ધર્મ પછી શાસ્ત્રમાન્ય માનવતાનો હોય, દયા, દાન, કરુણા કે નીતિનો પણ હોય અને યાવત્ ઉચ્ચ કોટિના સાધુ જીવનના પાલનનો પણ હોય. ધર્મથી જ પુણ્ય ઉત્પન્ન થાય છે. અને પુણ્યથી જ ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય છે. પરંતુ પુણ્યથી પ્રાપ્ત થતા સુખો તો સારા ન જ કહેવાય.

## ચંદનથી ઉત્પન્ન થયેલો અગ્નિ પણ દઝાડે

चन्दनादपि सम्भूतो वह्निर्दहति पावकः ॥

જેમ ચંદનનું લાકડું શીતળતા આપતું હોવાથી સારું ગણાય પણ તેને સળગાવવાથી ઉત્પન્ન થતો અગ્નિ તો દઝાડનારો જ હોય છે. ચંદન ઘસો તો તેમાંથી જરૂર સુગંધ ઉત્પન્ન થાય પણ ચંદનને દીવાસળી ચાંપીને પેટાવો તો તેમાંથી આગ જ ઉત્પન્ન થાય. અને એ આગ તો મુખ્યત્વે દઝાડવાનું જ કામ કરે. માટે એ અપેક્ષાએ તો આગ ખરાબ જ. 'ચંદન સારું છે, માટે તેમાંથી ઉત્પન્ન થતી આગ પણ સારી' એમ કહેવાય જ નહિ. તેમ પુણ્યથી ઉત્પન્ન થતું ભોગસુખ સારું કહેવાય નથી.

વર્તમાનકાળમાં તો ભોગસુખોને સારાં માનનારો વર્ગ વધુ પ્રમાણમાં જોવા મળે છે. શિક્ષણ શા માટે છે? સાંસારિક સુખો મેળવવા માટે જ ને? છોકરા ભણે તો એમને ડીગ્રી મળે, દીકરી મળે, નોકરી મળે, છેવટે છોકરી મળે.

પૂર્વે તો શિક્ષણ સંસ્કાર પ્રાપ્તિ માટે જ હતું; ભોગ પ્રાપ્તિ માટે કદાપિ નહિ. આમ આજનું શિક્ષણ ભૌતિક સુખો માટે જ છે ને ?

## સુખના પાપે સુખી 'સારા' નહિ, દુઃખી 'શાંત' નહિ

વર્તમાન કાળમાં સુખની પાછળ માનવ પાગલ બની ગયો છે. શ્રીમંતોના જીવનમાં સુખો વધવાથી અને તેના નિર્મર્યાદ ઉપભોગથી ગરીબોના જીવન ઇર્ષ્યાથી ભડભડ બળી રહ્યા છે. શ્રીમંતોના પોતાના જીવનમાં પણ મર્યાદાહીનતાના કારણે ક્યાંય સાચું સુખ અને શાંતિ જોવા મળતાં નથી.

સુખની ઘોર લાલસાના પાપે, નથી તો સુખીઓના જીવન 'સારાં' રહ્યાં કે નથી તો દુ:ખીઓના જીવન 'શાંત' રહ્યાં. સુખોની આવી કારમી લાલસાઓ ઉપર નિયંત્રણ મુકાવા જ જોઈએ, નહીં તો સુખીઓ વાસનાના સુખો મેળવીને પણ અતૃપ્તિ આદિના કારણે ખતમ થઈ જશે. અને દુ:ખીઓ બિચારા ઇર્ષ્યા આદિના પાપે બળી બળીને ખાખ થઈ જશે.

## ભોગની ભૂખે...લોભીઓ બન્યા છે, લોભાન્ધ

સુખની કારમી આસક્તિના કારણે આજના અનેક માનવો લોભી જ નહિ લોભાન્ધ બન્યા છે. ક્રોધીઓ ક્રોધાન્ધ બન્યા છે. કામીઓ કામાન્ધ બન્યા છે.

હું લોભી એને કહું છું કે જે સામે ચડીને કોઈ ધર્મકાર્યમાં, દીન–દુ:ખિતોની દયા કરવામાં ધન ન ખર્ચે, પરંતુ લોભાન્ધ તો એ છે કે જે સામે ચઢીને તો ધનનો સદ્વ્યય કરવા ન જાય પરંતુ એના ઘરમાં કોઈ ફંડ–ફાળાવાળા આવી જાય તો ય તેને જાકારો આપી દે.

તે કહે કે "જાઓ...જાઓ. તમારા જેવા તો અહીં બહુ આવે છે. મારી પાસે મફત પૈસા નથી આવતા." આવું બોલીને ધિક્કારથી કાઢી મૂકનારો માણસ લોભી જ નથી; લોભાન્ધ છે.

## ક્રોધીઓ બન્યા છે, ક્રોધાન્ધ

ક્રોધી હું એ માનું છું કે જે ક્રોધના આવેગમાં આવી જઈને જેમ તેમ બોલી નાખે છે. ગાળો પણ બોલી જાય છે.

જ્યારે ક્રોધાન્ધ તો તે છે કે જે ક્રોધના આવેશમાં ભાન ભૂલી જઈને પોતાના બાળ–બચ્ચા અને પત્ની સુદ્ધાંને મારે છે. ઝૂડી નાખે છે. યાવત્ ક્યારેક કોકકનું ખૂન પણ કરી નાખે છે.

## કામીઓ બન્યા છે, કામાન્ધ

મારી દૃષ્ટિએ કામી તે છે, જે પોતાની સ્ત્રીમાં મર્યાદાપૂર્વક જીવતો નથી. પણ કામાન્ધ તો તે છે કે જે સ્વસ્ત્રી અને પરસ્ત્રીનો ભેદ જ જોતો નથી.

ભોગની ભારે ભૂખના પ્રતાપે આજે કેટલાક લોભીઓ લોભાંધ, ક્રોધીઓ ક્રોધાંધ અને કામીઓ કામાન્ધ બની ગયા છે.

રે! સમ્પત્તિ વધી જાય એટલે શું બધી જ જાતના ભોગસુખો વસાવી જ લેવા જોઈએ એવો નિયમ છે? આજના કેટલાક શ્રીમંતો બોલતા હોય છે કે, "કોઈની ચિન્તા કરવી જ નહિ. દુનિયા આખી જહન્નમમાં જાય. અમારે શું?" આ વિચાર કેટલો ભયંકર છે?

## વૈભવોનું નફ્ફટાઈભર્યું પ્રદર્શન

આજના ભોગ ભૂખ્યા માણસોની દશા તમે જાણો છો? તમારા જ મુંબઈના મરીન ડ્રાઈવના એક અલિશાન બંગલામાં બનેલો કિસ્સો કહું.

એક વાર એક ગામડિયો—સૌરાષ્ટ્ર બાજુના કોક ગામડાનો રહેવાસી—આ બંગલામાં રહેતા શેઠને મળવા આવ્યો. એમનો કોઈક જૂનો મિત્ર હતો. આ ગામડિયો જ્યારે બંગલામાં આવ્યો ત્યારે તો એ સૌથી પહેલાં બંગલો જોઈને જ ચકિત થઈ ગયો.

સવારનો સમય હતો. શેઠ તે વખતે કોઈ કામે બહાર નીકળી ગયા હતા. શેઠાણીએ પેલા ભાઈને આવકાર આપ્યો. પછી પૂછયું: "તમે શું લેશો? ચાહ, દૂધ કે કોફી?"

પેલા ગામડાના ભાઈએ કહ્યું: "હું દૂધ લેતો નથી. માટે ચાહ ચાલશે."

પેલા શેઠાણીએ ફરી પૂછયું: "પણ...ચાહ યે મારે ત્યાં ત્રણ જાતની છે. દાર્જીલિંગ; નિલગિરી અને ચાયના."

આ બધા નામો સાંભળીને પેલા ભાઈ ચકિત જ થઈ ગયા. એમને મન તો ચા એટલે ચા. એમાં વળી કેટલી જાત હોય એની એમને શી ખબર? એમણે તો જે છેલ્લું નામ યાદ રહ્યું તે કહી દીધું; "ચાયના ચાહ ચાલશે"

શેઠાણીએ તરત બીજો પ્રશ્ન કર્યો: "ચાયના પણ મારે ત્યાં ત્રણ પ્રકારની છે. બ્લેક, ગ્રીન અને બ્લેક-ગ્રીન મિશ્ર."

પેલા ભાઈને 'બ્લેક' નામ જલ્દી યાદ રહી ગયું. એટલે એમણે કહ્યું "બ્લેક.",

તરત જ શેઠાણીએ નવો સવાલ કર્યો: "ભાઈ! મારે ત્યાં બ્લેકના પણ ત્રણ પ્રકાર છે. પીકો, શુચાંગ અને કુચાઓ."

આ બધા ચાઈનીઝ નામ છે. એ સાંભળી પેલા ભાઈ તો ઊંચું મો રાખીને જોઈ જ રહ્યા. એમણે કહી દીધું : "પીકો"

પેલા શેઠાણીએ વધુ પૂછ્યું : "ભાઈ! પીકોની પણ મારા ઘરમાં ત્રણ બાટલીઓ છે. ઑરેંજ, બ્રોકન ઑરેંજ અને ફ્લાવરીંગ ઑરેંજ. આપને માટે 'બ્લેક'માં પણ કઈ જાતની ચાહ બનાવું?"

પેલા ભાઈ ચાહના આ લાંબા પીંજણથી કંટાળી ગયા હતા. એટલે એમણે કહી દીધું : "બેન! તમારે જે બનાવવી હોય તે બનાવી દો."

બેને કહ્યું : "સારું, હું 'ઑરેંજ પીકો બ્લેક ચાયના ચાહ બનાવું છું. પણ આપ એ કહી દો કે આ ચાહ આપ લીંબુ સાથે લેશો, દૂધ સાથે લેશો કે ક્રીમ સાથે?

હવે પેલા ભાઇ ખરા કંટાળ્યા હતા. એમણે કહ્યું : "દૂધ સાથે." પેલા બેને કહ્યું : "ભાઈ! હવે આપને છેલ્લો એક જ પ્રશ્ન પૂછી લઉં કે આપ દૂધ ગાયનું લેશો. ભેંસનું લેશો કે બકરીનું લેશો?"

હવે તો પેલા ભાઈ એવા કંટાળી ગયા હતા કે તેમણે સાફ શબ્દોમાં કહી દીધું : "બેન! હવે તમે ચાહ બનાવશો જ નહિ. માત્ર કૉફી જ બનાવી દો. અને એમાં કઈ જાત બનાવવી એ મહેરબાની કરીને મને પૂછતા નહિ."

શ્રીમંતાઈના વૈભવોનું આ તે કેવું નફ્ફટાઈભર્યું પ્રદર્શન છે?

## પાપ ઘટાડવાં ધન અને જરૂરિયાત ઘટાડો

માણસે સુખી થવું હોય તો જરૂરિયાત કરતાં કદી આગળ જવું ન જ જોઈએ. જરૂરિયાત પૂરતી ચીજો રાખવા સિવાય વધારે પડતા વૈભવી સાધનો વસાવવાના લોભમાં પડવું ન જ જોઈએ. અને તો જ પાપો જીવનમાંથી ઘટતાં જશે.

જો પાટલા ઉપર બેસીને જમી શકાતું હોય તો ભોજન માટે ટેબલ–ખુરશી વસાવવાની શી જરૂરી છે?

બેસવા માટે ચટાઈથી જ કામ ચાલતું હોય તો સોફાસેટોની પણ શી જરૂર છે?

રહેવા માટે સાદા મકાનથી જ ચાલતું હોય તો મોટા આલિશાન ફ્લૅટો અને બંગલાઓની શી જરૂર છે?

પ્રાથમિક કક્ષાની માણસાઈની દૃષ્ટિએ પણ તમારી સંપત્તિ ઘટાડી નાખવી જરૂરી છે. વધુ પડતી સમ્પત્તિ જીવનને પાપી બનાવે છે. અને ગરીબોને ઇર્ષ્યા ઉત્પન્ન કરાવે છે. જો પાપો ઘટાડવાં હોય તો ધન અને જરૂરિયાત ઘટાડવા જ જોઈએ.

ઓછું ધન + ઓછી જરૂરિયાત = ઓછા પાપ. આ એક 'સમીકરણ' છે. તમે આ સમીકરણ ગોખી નાખો.

મરીન ડ્રાઈવની એ શ્રીમંત સ્ત્રી પોતાને ઘેર આટઆટલી એક માત્ર ચાહની જાતો હોવાને કારણે મગજમાં રાઈ રાખીને ફરતી હતી... ભોગ કેટલો વકર્યો છે? વાસનાઓ કેટલી ફેલાઈ છે, એનો આ એક નમૂનો છે.

## આ 'સમીકરણ' અપનાવો

આ પ્રવચન સભામાં ઘણાં શ્રીમંત માણસો આવે છે. આ વિશાળ ગેરેજની બહારના ભાગમાં મોટરોની જે કતાર લાગે છે તે ઉપરથી હું આ અનુમાન કરું છું. અને માટે જ મારે તમને કેટલીક કઠોર બાબતો પણ કહેવી પડે છે.

જે લોકોને ખાવાના ય ફાંફા છે એવા તદ્દન નીચલા સ્તરના લોકો અહીં બહુ જ ઓછા આવતા હશે. આથી જ શ્રીમંતાઈના કારણે ફેલાતા જતા પાપોની સામે મારે ચીમકી આપવી પડે છે.

મુંબઈમાં રહેતા તમારા જેવા સુખી લોકો પણ જો ઉપર્યુક્ત સમીકરણ જીવનમાં અમલી બનાવી લે તો એનો પડઘો આખા ભારતમાં પડે.

## વર્તમાન જગતની ભયંકર દશા

આજે આખું હિન્દુસ્તાન લગભગ ભોગલક્ષી બનતું ચાલ્યું છે.

બેનો પોતાના કપડાં સાથે કયા પ્રકારની રીબીન સારી લાગે? લાલ સાડીની સાથે કાળી રીબીનનું મેચિંગ સારું થાય વગેરે બાબતોની ચર્ચામાં જ મશગૂલ બની ગઈ નથી શું?

કેવા કપડાં સાથે કોનું કેવું મેચિંગ થાય એના તો મેગેઝિનો બહાર પડે છે.

યુવાનો પોતાના કપડાંની ફેશનમાં અને સિનેમાની જ વાતો કરવામાં એકાકાર બની ગયા હોય એવું નથી જણાતું શું?

પોતાના ફલેટોને શણગારવામાં હજારો રૂપિયાનો દુર્વ્યય કરવામાં નથી આવી રહ્યો શું?

દર છ–છ મહિને ઑફિસને નવો ઓપ આપનારા શ્રીમંતો પણ આ દેશમાં નથી વસતા શું? સંપત્તિ મળી ગઈ એટલે બસ જાણે માણસ મહાન બની ગયો!! થોડું ઘણું ભણીને ડિગ્રીઓ મેળવી લીધી એટલે બસ...એ દેવ થઈ ગયો!!

## ભોગપ્રધાન બનતું જતું જગત્

લગભગ આખું જગત્ આજે ભોગપ્રધાન બનતું ચાલ્યું છે. આખો સમાજ જાણે ભ્રષ્ટતાના આરે આવી ઊભો રહ્યો હોય તેમ જણાય છે.

આજના યુવાન અને યુવતીઓના ભૂગર્ભના જીવન જો છાપાઓમાં સાચી રીતે છપાઈને બહાર પડે તો આ સમાજની આંખો અને માથું ફાટી જાય એવી ભયાનક સ્થિતિનું નિર્માણ મહદંશે થઈ ચૂક્યું જણાય છે.

આખો વર્તમાનકાળ ભોગલંપટતાનો કાળ બની ગયો હોય તેવું શું નથી લાગતું? યુવાનો અને યુવતીઓ પોતાના માતા–પિતાને માથેથી ચિંતાઓ ઉતરાવી નાખીને પરસ્પર પોતાની મેળે જ એકબીજા પરણી જતા હોય છે.

અનેક પુરુષો દ્વારા અનેક યુવતીઓના શીલ ચૂંથાઈ રહ્યા છે. ભ્રષ્ટતાનું સામ્રાજ્ય ચોફેર ફેલાઈ રહ્યાનું જણાય છે. આ બધી અત્યંત ભયંકર બાબતો છે.

સમાજને આની કશી ખબર નથી તેવું નથી. સમાજના અનેક મોભદાર માણસો આ બધું જાણતા હોવા છતાં તેઓ પોતાનામાં જ મશગૂલ છે. "દુનિયા આખી જહન્નમમાં જાય. અમારે શું?" આવી મનોવૃત્તિ ઘણો જવાબદાર વર્ગ ધરાવતો થઈ ગયો છે. ભારતના જ અમીચંદો અને સ્વાર્થીઓથી વારંવાર ભારતની બરબાદી થઈ છે.

## એક કુલિન બાળાની હૃદયદ્રાવક કહાણી

થોડા વખત પૂર્વે, પોતાના શીલની ખાતર જાનની બાજી લગાવી દેનારી એક કુલિન બાળાને એક નફ્ફટ યુવાન કેવી રીતે ફસાવે છે, તેનો તદ્દન સાચો કિસ્સો તમને કહું છું. એ છોકરીને માટે કોઈ મૂરતિયો જલ્દી મળતો ન હતો. મા–બાપને માથે એની ખૂબ ચિંતા રહેતી કે, 'દીકરી મોટી થઈ ગઈ છે. હવે જલ્દી એને ઠેકાણે જ પાડવી જોઈએ.'

પિતા દુકાનેથી ઘણીવાર જમવાના બહાને કોઈ ને કોઈ છોકરાને ઘરે મોકલતા. અને ઘણાં છોકરાઓ એને જોઈને અંતે ના પાડીને ચાલ્યા જતા.

એક દિવસ એક યુવાને આ દીકરીના પિતા ઉપર પત્ર લખીને છોકરીને પોતાને ઘેર મોકલી આપવા જણાવ્યું. જેથી પોતે જાતે રૂબરૂમાં તેની પસંદગી કરી શકે. પરંતુ દીકરી અતિ સંસ્કારી હતી તેથી તેણે પારકે ઘેર જવાની ના પાડી દીધી. છેવટે પિતાએ એ યુવકને પોતાને ઘેર બોલાવ્યો. અને પેલી દીકરીએ એ યુવકને પોતાના વડીલોની હાજરીમાં જ જે પૂછવું હોય તે પૂછવા જણાવ્યું.

યુવાનના આગ્રહથી દીકરીને તેની સાથે ફરવા જવાની પિતાને ફરજ પાડવી પડી. છોકરીએ રસ્તામાં મર્યાદા બહાર કાંઈ પણ કરવાની સાફ ના પાડી દીધી.

છોકરીના ઘેર યુવાન વીસ દિવસ રહ્યો. અને ધીરે ધીરે તેને એકાંતમાં મળવાની ફરજ પાડી. અને અંતે... એક કાળી પળે એ છોકરીનું શીલરત્ન પેલા દુષ્ટ યુવાને ખતમ કર્યું.

વીસ દિવસ બાદ છોકરો જતો રહ્યો. અને પોતાના ઘેરથી પત્ર લખી દીધો કે 'તમારી પુત્રી ઘણી જિદ્દી હોવાથી હું તેને પરણી શકું તેમ નથી.'

પિતાના અતરને ખૂબ આઘાત થયો. દીકરીના પિતાએ યુવાનના પિતા સાથે પત્રવ્યવહાર કર્યો. દીકરીએ પણ પોતાના આ ભાવિ પતિ ઉપર પોતાનો સ્વીકાર કરી લેવાની વિનવણી કરતાં પત્રો લખ્યા. પરંતુ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા.

## બાળાનો પિતાને અંતિમ પત્ર

છેવટે પિતાએ દીકરી પાસે બીજા કોઈ સારા મૂરતિયા સાથે પરણી જવાનો પ્રસ્તાવ મૂકયો. ધ્રૂસકે રડતી દીકરી માતા–પિતાની આ વાતો સાંભળી ચૂપચાપ ઊઠી ગઈ.

અને... પોતાના માતા–પિતા ઉપર એક ચિટ્ઠી લખી દીધી : "હે ઉપકારી માતાજી ! અને પિતાજી ! આપ મને બીજા યુવાન સાથે પરણી જવાની સલાહ આપો છો. પરંતુ આપ જાણતા નથી કે બીજા યુવક સાથે પરણવાથી મારું એક-પતિવ્રત ટકે તેમ નથી. પેલા યુવકે મારું શીલ હરી લીધું છે. હવે એના સિવાય બીજો પતિ હું આ ભવમાં કરી શકું તેમ નથી. અને કૌમાર્ય જીવનમાં જ શીલની સુરક્ષાપૂર્વક મારી જિંદગી પસાર કરી લઉં એવું મારામાં કૌવત નથી. માટે હું પરલોક જાઉં છું. તમારી દીકરીના મોત પર આંસુ સારશો નહિ. પરંતુ એના સત્ત્વ ઉપર પ્રસન્ન થજો."

ચિટ્ઠી લખીને, ઝેર ઘોળીને દીકરીએ આપઘાત કર્યો.

## નારીઓની આ તે કેવી નિર્માલ્યતા ?

આવા તો કેટકેટલા યુવાનો આ સમાજમાં ફેલાઈ ચૂકયા છે એ કહી શકાય તેવું નથી. શું નારીઓ પણ આ પરિસ્થિતિમાં સર્વથા નિર્દોષ છે ? નારીઓને પોતાના શીલનું ગૌરવ ક્યાં છે ! અનેક નારીઓ પણ નિર્માલ્ય બનતી ચાલી છે. પોતાના શિયળવ્રતનો શું મહિમા છે એની એને બિચારીને ખબર જ કયાં છે ?

પુરુષો ગમે તેમ વર્તી જાય, ગમે તેવા અડપલાં કરી જાય, એને નભાવી લઈ ને નારી–સમાજે પોતાની જાતે જ પોતાની સત્યાનાશી વહોરી લીધી હોય તેમ નથી જણાતું શું ?

## આમાં દોષિત કોણ કોણ ?

આ જગત્ આટલું ભયંકર રીતે દૂષિત બનતું ચાલ્યું છે તેમાં દોષિત કોણ ? સમાજ પોતે ? હા...સમાજ પોતે તો દોષિત છે જ. પરંતુ સાથે સાથે જેના માથે

સંસ્કૃતિરક્ષાની જવાબદારી લદાયેલી છે તેવા સાત સાત લાખ હિન્દુસ્થાનના બાવાઓ અને સંન્યાસીઓ શું સર્વથા નિર્દોષ છે ?

સમાજની આંખો ખોલવાનું કામ કરવાની બાબતમાં એમણે ઉપેક્ષાવૃત્તિ દાખવી હોય તેમ નથી જણાતું શું ?

એ લોકો ઘણા અંશમાં પોતાની જવાબદારીઓ વિસરી ગયા હોય એમ નથી લાગતું શું ?

ચૂંથાઈ રહેલા નારીઓના શીલ જોઈ ને, સદાચારવિહોણા બનતાં જતાં યુવાનોનાં જીવન જોઈ ને શું કોઈની આંખો ઊઘડતી નથી ?

સમાજે એમને ખાવાની-પીવાની વગેરે તમામ જવાબદારીઓમાંથી મુક્તિ આપી દીધી હોય તો શું એમની કોઈ ફરજ નથી કે એમણે સમાજને સંસ્કૃતિના સાચા માર્ગો સમજાવવા જોઈ એ ?

## ચોતરફ ફેલાયેલી ભોગભૂખ

પેલી છોકરી પોતાના પિતાને સાફ શબ્દોમાં લખી નાંખે કે 'તમારી આ દીકરીના મડદા પર નાખુશ ન થશો. આંસુ ન સારશો. પરંતુ તમારી આ દીકરી શીલરક્ષા ખાતર આ ભવમાં બે પતિ કરવા તૈયાર ન થઈ એનું તમે ગૌરવ લેજો" કેટલી હિંમત ! કેવું ગૌરવવંતુ બલિદાન !

આજે છે આવી યુવતીઓ, જે પોતાના જીવનનું શીલ માટે બલિદાન આપવા તૈયાર હોય ? આજે તો ભોગોની ભયંકર ભૂખ ચારે બાજુ મર્યાદા મૂકીને ફેલાણી છે. આ દેશ ભોગપ્રધાન બની જવાના પાપે આપણે કેટલું નુકસાન વેઠયું છે તેની તમને ખબર છે ?

## જો જો... પેન્સિલ છોલતાં આંગળી ન છોલાય

આ બધી ભૂતાવળોમાંથી છૂટવા માટે હું તો ઇચ્છું કે બધા જ શ્રમણ થઈ જાય. પરંતુ એ જો શકય ન જ બને તો પણ મનુષ્યે પોતાનું જીવન તો એવી રીતે જીવવું જ જોઈ એ ને કે જેથી જન્માંતરોમાં આપણાં જીવન બગડી ન જાય.

લખવા માટે બૉલપેન જ વાપરો તો તો જાણે ચિંતા નથી પરંતુ પેન્સિલથી જ લખવું હોય અને એ માટે પેન્સિલ છોલવી જ પડતી હોય તો ભલે, પરંતુ પેન્સિલ છોલતાં છોલતાં તમારી આંગળી ન છોલાઈ જાય, એની તો તમારે કાળજી રાખવી જ જોઈએ ને?

બૉલપેન જેવું સાધુજીવન છે. એ જીવન જીવતાં દુર્ગુણોથી આત્મા બગડી જવાનો સામાન્ય રીતે કોઈ ભય ન ગણાય. પરંતુ બૉલપેન જેવા મુનિજીવનને

પામવાની તાકાત જ ન હોય અને પેન્સિલ જેવું ગૃહસ્થજીવન જ જીવવું હોય તો ય કમ સે કમ તમારી આંગળી છોલાઈ જાય—તમારું જીવન પાપોથી ખરડાઈ જાય એ રીતે તો ન જ જીવવું જોઈએ ને?

ગમે તેમ જીવન જીવી જશો તો એ ચાલી જાય એવી બાબત નથી. કારણ કે આપણાં માથે મોત આવવાનું છે. આ સુનિશ્ચિત બની ચૂકેલી હકીકત છે. ગૃહસ્થ જીવન જીવતાં આપણી ગતિ (પરલોક) આડી અવળી ન થઈ જાય અને આપણી શુભ ગતિ જ થાય, એવું જીવન જીવવું જ જોઈએ ને?

## વૈશ્રમણ સાથે રાવણનું યુદ્ધ

આ બાજુ...એક હજાર વિદ્યા અને ચન્દ્રહાસ ખડ્ગ મેળવીને રાવણના અંતરમાં અખૂટ આત્મવિશ્વાસ આવી ગયો છે. કુંભકર્ણ અને વિભીષણ પોતાના પિતાનું જૂનું વૈર યાદ કરી લંકાને રંજાડવા લાગ્યા. આથી વૈશ્રમણે કઠોર શબ્દોમાં દૂત દ્વારા રાવણને સંદેશો મોકલાવ્યો. અને આ ઉપદ્રવ બંધ કરાવવા જણાવ્યું.

પરંતુ અત્યંત બળવાન્ બની ગએલો રાવણ આ બધું સાંભળી ક્રોધાન્વિત થઈ ગયો. અને વૈશ્રમણ સાથેના વૈરની જૂની આગ ભભૂકી ઊઠી.

દૂતના જતાંની સાથે જ પાછળ રાવણ પોતાના ભાઈઓ અને સૈન્યને લઈને યુદ્ધ કરવા માટે લંકા પાસે આવી પહોંચ્યો. દૂત દ્વારા સમાચાર સાંભળી વૈશ્રમણ પણ લડાઈ કરવા વિશાળ સેના સાથે લંકાની બહાર ધસી આવ્યો.

## સમરાંગણ સમતાંગણ બન્યું

બન્ને વચ્ચે ખૂનખાર યુદ્ધ થયું. પળે પળે જય–પરાજયના રંગ બદલતું એ યુદ્ધ હતું. વૈશ્રમણ પણ કોઈ સામાન્ય માણસ ન હતો. યુદ્ધની બધી જ વ્યહરચના-ઓનો એ અચ્છો જાણકાર હતો. મહારાજા ઈન્દ્રનો એ કાબેલ સેનાધિપતિ હતો. પણ આમ છતાં રાવણના અતુલ બળ પાસે વૈશ્રમણની સેનાનો ભંગ થઈ ગયો.

અને આ જોઈ વૈશ્રમણનો ક્રોધાગ્નિ શાંત થઈ ગયો. અને ખૂનખાર જંગ ખેલતાં વૈશ્રમણે એકાએક તરવાર ધરતી ઉપર ફેંકી દીધી. આ દૃશ્ય જોઈને રાજા રાવણ સ્તબ્ધ થઈ ગયો. સ્વયં શસ્ત્રહીન બની ગયેલા વૈશ્રમણની પાસે દોડી જઈને રાવણે કહ્યું: "આપ મારા જયેષ્ઠ બંધુ છો. માટે મારા અપરાધની ક્ષમા કરો. અને નિઃશંક થઈ તમે આ રાજ્ય ગ્રહણ કરો. આપ પરાજયના ભયથી ડરી જઈને દીક્ષા ન લો."

પણ વૈશ્રમણે કંઈ પણ જવાબ આપ્યો નહિ. જાણે કે વૈશ્રમણનું અંતર બોલી રહ્યું હતું...

"રાજા રાવણ! જય અને પરાજયનું ગણિત મેં માંડી વાળ્યું છે. આ જૂઓ! આપણી ચોમેર ઘાયલ થએલા સૈનિકો! કેવા કણસે છે? કોઈના હાથ, કોઈના પગ, કોઈની ગરદન કપાઈ ગઈ છે! સર્વત્ર લોહી રેડાયું છે! ધરતીએ લોહીનું જ સ્નાન કર્યું છે! ઓહ! આપણા એની વૈરપિપાસાને શાંત કરવા માટે આપણે નિર્દોષ, નિરપરાધી હજારો માનવોની કત્લેઆમ કરી. કેટલી ય માતાઓ પુત્રવિહોણી બની. કેટલી ય નવોઢાઓ વૈધવ્ય પામી.

રાજા રાવણ! આ ખૂનરેજીના દર્શને મારું અંતર કકળી ઊઠ્યું છે, હવે મને દેખાય છે મારી આંતર–દુનિયા! મારો આતમરામ! એના કલ્યાણની કેડી–સર્વસંગ પરિત્યાગની! રાવણ! ભીરુતામાંથી આ વિરાગ જાગ્યો નથી. એના રંગ કાંઈ હળદરિયા નથી. પરાજયથી પરાસ્ત થઈ ને સંસારના આ વાઘા ઉતારી નાખીને આ દીક્ષા નથી લેતો.

......રાજા રાવણ! મારો વિરાગ પરાજયના દુઃખમાંથી જ જાગ્યો નથી. બેશક, એ પરાજય એમાં નિમિત્ત બન્યો છે ખરો; પરંતુ મને હવે આ પાપમય–સ્વાર્થમય–ભોગમય સંસાર ઉપર જ નફરત જાગી છે. હવે સવાઈ લંકાનું આધિપત્ય મળે તો ય મને એ ન ખપે. લો...રાજા રાવણ! ધર્મલાભ. મુનિ વૈશ્રમણ આ યુદ્ધભૂમિમાંથી વિદાય લે છે." અને...મુનિ વૈશ્રમણ ચાલવા લાગ્યા.

રાવણની આંખો અશ્રુથી ઊભરાઈ ગઈ. જાણે એમનું હૈયું બોલતું હતું... "રે! કોણ જીત્યું? હું કે તે? લાખો લાખો વંદન હો એ મુનિવરને! સમરાંગણને સમતાંગણ બનાવતાં એ કીમિયાગરને!"

## દુઃખના કારણે પણ જ્ઞાન અને તેમાંથી વૈરાગ્ય પ્રગટે

તમે કદાચ કહેશો કે "દુઃખથી ડરીને દીક્ષા લેવી શા કામની?" ઠીક છે... આ પ્રશ્ન સર્વથા ખોટો નથી.

દુઃખોથી ડરી જઈ ને, ભાગી છૂટીને દીક્ષા લેવી એ સામાન્ય રીતે તો ઉચિત નથી જ; પરંતુ ઘણી વાર એવું બનતું હોય છે કે દુઃખ નિમિત્ત બની જઈ ને ચિત્તમાં જગતના સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રગટ કરવામાં મદદગાર બની જાય છે. અને એ જ્ઞાનમાંથી સંસારના સુખમાત્ર ઉપર વૈરાગ્ય પ્રગટે છે. વૈશ્રમણના પ્રસંગમાં આવું જ બન્યું છે.

ક્યારેક જીવનમાં એવા આઘાતો અને પ્રત્યાઘાતો આવે છે કે ત્યારે માનવને સાચું જ્ઞાન પ્રગટ થાય છે. ધર્મ અને સંસ્કૃતિવિહોણા જીવનની ભયંકરતાઓ સમજાય છે. પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જીવનનાં ઘણાં વર્ષો ત્યારે બરબાદ બની ગયા હોય છે. જે વસ્તુ પાછળથી સમજાય એ જો પહેલેથી સમજી લેવામાં આવે તો ઘણાં આઘાતોમાંથી આપણે ઊગરી જઈ એ.

## બાબલો ખોવાતાં બાને બ્રહ્મજ્ઞાન

આઘાત–પ્રત્યાઘાતોથી ક્યારેક જીવનના તાર ઝણઝણી ઊઠે છે. અને આખા જીવનનું પરિવર્તન થઈ જાય છે.

મુંબઈ શહેરમાં બનેલી આ સાચી બીના છે. સંસ્કારી મા–બાપનો એકનો એક પુત્ર કોઈ છકી ગયેલી જમાનાવાદી છોકરી સાથે પરણી જાય છે. પરણીને ઘરે આવેલી આ છોકરી પતિને કહે છે : "તમારા માબાપ સાવ જુનવાણી વિચારના છે. મને એમની સાથે નહિ ફાવે."

પતિ કહે છે : "તું આ શું બોલે છે? આ તો તારા સાસુ સસરા છે. મારા મા–બાપ એ તારા યે મા–બાપ છે. એમની તો તારે સેવા જ કરવી જોઈએ."

પણ...જમાનાના ઉન્માદે ચઢેલી પત્નીને પતિની આ વાતો પસંદ પડતી નથી. પતિ ઉપર એકસરખું દબાણ લાવીને અંતે મા–બાપથી છૂટા થાય છે. પોતાનો સ્વતંત્ર ફ્લેટ વસાવી બન્ને જુદા રહે છે.

થોડા વખત બાદ એમને ઘેર પુત્રનો જન્મ થાય છે. એનું નામ પાડવામાં આવે છે; સુકેતુ.

સુકેતુ ચારેક વર્ષનો થઈ ગયો હશે ત્યારની આ વાત છે. પતિ–પત્ની અને તેમનો આ નાનકડો બાબો ચોપાટીના કિનારે ફરવા ગયા. રવિવારનો દિવસ હતો. હજારો માણસો ત્યાં ફરવા આવ્યા હતા. એમાં એકાએક સુકેતુ ખોવાઈ ગયો. પતિ–પત્નીએ સુકેતુને શોધવા માંડ્યો. પણ આટલા બધા લોકોમાં એ ક્યાં મળે? માતાના અંતરમાં ફાળ પડી. એનું હૈયું રડી ઊઠ્યું.

'મારો બાબો!' 'મારો સુકેતુ!' એમ કરતીકને મા બેભાન થઈ ગઇ. થોડીવારે ભાનમાં આવી. પતિએ ખૂબ સમજાવીને ધ્રૂસકે રડતી પત્નીને શાંત પાડી. પોલિસ સ્ટેશને ખબર આપવામાં આવી. પોલિસે ચારે બાજુ તપાસ કરવા માંડી.

ઘરે આવીને પોતાના માતા–પિતાને પણ પતિએ ફોન કરીને સમાચાર આપ્યા. બન્ને જણા તાબડતોબ પોતાના પુત્રના ઘરે આવ્યા. સાસુ આવીને વહુને કહે : 'બેટા! આપણો બાબો ક્યાં ગયો?' આટલું કહીને સાસુ મોટેથી રડવા લાગ્યા.

સુકેતુની મા રડે છે. એની સાસુ રડે છે. આખું ઘર જાણે રડી રહ્યું છે.

ચાર કલાક પસાર થઈ ગયા. અને એકાએક ફોનની ઘંટડી રણકી ઊઠી. પોલિસ સ્ટેશનેથી ફોન આવ્યો : "તમારો બાબો મળી ગયો છે. આવીને ઝટ લઈ જાઓ." આ સાંભળીને સહુ હરખઘેલા થઈ જાય છે.

પતિ અને પત્ની તુરત ટેક્સી કરીને પોલિસ સ્ટેશને પહોંચી જાય છે. બા પોતાના બાબાને બાઝી પડે છે!

સાસુ–સસરા પણ અત્યંત હર્ષવિભોર બની જાય છે. છેવટે...પુત્રને અને વહુને કહે છે..." દીકરા! અમે હવે જઈએ છીએ..."

વહુ કહે છે : "ના...બા! તમે આજે ન જશો. અમે આવતી કાલે આપણો સુકેતુ પાછો મળી ગયાની ખુશાલીમાં સતનારાયણની કથા રાખીએ. તે પછી જ તમે જજો."

સાસુ અને સસરા એ વાત સ્વીકારે છે. સુકેતુની માને કેમે કરીને આખી રાત ઊંઘ આવતી નથી. એ વિચારોના વમળમાં અટવાઈ છે : "મારો ચાર વર્ષનો સુકેતુ ખોવાઈ ગયો; ચાર કલાક જ મારાથી વિખૂટો પડી ગયો એમાં હું કેટલી બહાવરી બની ગઈ!! અને મારા સ્વાર્થ ખાતર મારા પતિને એમના માબાપથી મેં વિખૂટા પાડ્યા. માત્ર ચાર કલાક મારો પુત્ર વિખૂટો પડ્યો તેની અકારી વેદના મેં અનુભવી. તો ચાર ચાર વર્ષ સુધી એમના માતાપિતાથી મારા પતિને મેં વિખૂટા પાડ્યા એમાં એ મારા સાસુ અને સસરા કેવું ઝૂરતા રહ્યા હશે! છતાં આજે મારો પુત્ર ખોવાતાં સાસુ ધ્રૂસકે રડવા લાગ્યા. મારા સસરા સૂનમૂન થઈ ગયા. દેવ-દેવી જેવા આ સાસુ–સસરાને મેં કેવો છેહ દીધો? કાંઈ વાંધો નહિ. જાગ્યા ત્યારથી સવાર."

બીજે દિવસે સતનારાયણની કથા થઈ ગઈ. જ્યારે સાસુ–સસરા જવા લાગ્યા ત્યારે પુત્રવધૂ કહે : "માતાજી! આપને એકલા જવાનું નથી અમે પણ આપની સાથે જ રહેવા માટે આ ઘર ખાલી કરીને આવીએ છીએ. હવે આપણે સદા સાથે જ રહીશું. મારો સુકેતુ ચાર કલાક જ ખોવાતાં, આપનો ચાર વર્ષથી ખોવાએલો પુત્ર આજ આપને પાછો મળે છે!"

## અન્તે...સહુ પસ્તાશે જ

આજે કેટલા ઘરે મા–બાપથી પુત્રને વિખૂટા પડાવનારી નારીઓ પાકી હશે? જ્યાં જ્યાં જમાનાવાદ પેઠો છે, ત્યાં ત્યાં પાંચ દસ પંદર વર્ષે પસ્તાવાનો વારો આવ્યા વગર રહેવાનો નથી. કારણ... આ દેશની પ્રજા સંસ્કૃતિના આધારે જ ચાલનારી હતી... સંસ્કૃતિથી વિરુદ્ધ જઈને ગમે એટલા લાભો મળી જતા હોય તો પણ તે ખરેખર લાભદાયી બનતા જ નથી.

તમને બધાને મારી ખાસ ભલામણ છે કે આર્યાવર્તની સંસ્કૃતિને તમે બધા સમજી લો. અને ત્યાંથી જરાય ખસ્યા વિના મોક્ષલક્ષી જીવન જીવવાનો આગ્રહ રાખો. પાશ્ચાત્ય પ્રગતિની અંજામણમાં જો આવી જશો અને સાંસ્કૃતિક જીવન પ્રણાલીથી થોડાક પણ આઘાપાછા થશો તો જીવનનાં કેટલાંક વર્ષો તો બરબાદ થશે; પરંતુ તેની સાથે ન કલ્પી શકાય તેટલા ભયંકર કોયડાઓ તમારા જીવનને ઘેરી લેશે. હવે મૂળ વાત ઉપર આવીએ.

વૈશ્રમણને પણ પરાજયના ભયને કારણે નહિ, પરંતુ પરાજયના આઘાતના નિમિત્તને આધારે સમગ્ર સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. અને એમણે દીક્ષા ગ્રહણ કરી. આથી આવા પ્રકારના આઘાત-પ્રત્યાઘાતોથી પણ ઘણીવાર સાચો જ્ઞાનયોગ અને વૈરાગ્યયોગ પ્રગટ થાય છે.

## આવા રાવણને 'અધમ' કેમ કહેવાય?

જે રાવણ વૈશ્રમણને લંકાનો લૂંટારું માનતો હતો, તે જ વૈશ્રમણે જ્યારે દીક્ષા લીધી, ત્યારે રાવણ તેને નમસ્કાર કરે છે. શું આવા રાવણને અધમ કહી શકાય ખરો?

રાવણના જીવનમાં સામાન્ય રીતે ભયંકર કોટિની અધમવૃત્તિઓ જોવામાં આવતી નથી. સીતાને ઉપાડી જવાનો અને અષ્ટાપદ પર્વત ઉપરથી વાલિ મુનિને ફેંકી દેવાના પ્રયત્નનો—આ બે પ્રસંગો બાદ કરતાં સામાન્ય રીતે રાવણના જીવનમાં ભયંકર કક્ષાના પાપપ્રસંગો જોવામાં આવતા નથી. ઉક્ત બે પ્રસંગોમાં પણ સદ્‌નસીબે રાવણ સાવ છેલ્લી કક્ષાએ પહોંચ્યા નથી.

સીતાજીને ઉપાડી જવા છતાં તેમના વ્રતભંગના પાપ સુધી કે વાલિમુનિને ફેંકી દેવાનો પ્રયત્ન કરવા છતાં તેને ફેંકી દેવાનું પાપ કરવા સુધી રાવણ પહોંચ્યા નથી. આથી જ રાવણને પાપાત્મા કહી શકાય નહિ. બાકી ગમે તેવો તો ય રાવણ સંસારી છે એની પાસે સાધુપણાની કક્ષાના ઉત્તમ ભાવોની અપેક્ષા શી રીતે રાખી શકાય?

## ગુણ દેખીને નિત પ્રશંસા કરજો

શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે, "અનાદિ કાળથી આ જીવાત્મા વાસનાથી પીડાઈ રહ્યો છે. વાસનાપીડિત જીવમાં તમને જો કોઈ સુંદર મજાનો ગુણ જોવા મળી જાય તો આશ્ચર્ય પામજો; અને પ્રસન્નતા અનુભવજો."

સંસારીઓ વાસનાગ્રસ્ત હોય, અનીતિ કરતા હોય, અનેક બીજા પાપોથી ભરેલા હોય તો ય તેમાં ઝાઝું આશ્ચર્ય નથી. આવા પણ સંસારી માણસો જો સાચા હૃદયથી ધર્મક્રિયા કરતા હોય, પરમાત્માની ભક્તિ કરતા હોય, તો તે આશ્ચર્યની અને આનન્દની વાત છે.

આ વિધાનને પુષ્ટ કરતો અકબર-બિરબલનો એક રમુજી પ્રસંગ જણાવું.

## અકબર અને બિરબલ

એક દિવસ બાદશાહ અકબરને બિરબલની મજાક કરવાનું મન થયું.

સભાનું કામકાજ પત્યા પછી બિરબલને બાદશાહે કહ્યું, "અરે બિરબલ!

આજે હું ઊંઘમાં હતો ત્યારે મને એક સ્વપ્ન આવ્યું. બહુ વિચિત્ર સ્વપ્ન છે. તને તો નહિ જ ગમે."

"જહાંપનાહ! આપ સ્વપ્નની વાત બેધડક કરો." બિરબલે જણાવ્યું.

સભાજનો સમજી ગયા હતા કે બાદશાહ આજે તો બિરબલનો પતંગ બરાબર કાપશે. સહુ ચોકન્ના બની ગયા.

બાદશાહે વાતની શરૂઆત કરી: "વાત એમ છે કે રાત્રે સ્વપ્નમાં આપણે બે ય ઘોડેસ્વાર બનીને ફરવા નીકળ્યા. રસ્તામાં સાંકડો માર્ગ આવ્યો. આપણે બે ય સંભાળપૂર્વક જતા હતા છતાં રસ્તાની બે ય બાજુ ઉપર—જ્યાં બે કુંડ હતા ત્યાં—આપણા બેયના ઘોડાનો પગ લપસ્યો અને આપણે બે ય એકેકા કુંડમાં પડી ગયા. હવે આગળની વાત તો કરાય એવી નથી. જો કરીશ તો તને માઠું લાગશે."

જ્યારે ફરી બિરબલે વાત પૂરી કરવાનો આગ્રહ કર્યો ત્યારે બાદશાહે કહ્યું: "બિરબલ! એ કુંડમાં એક હતો અત્તરનો; અને બીજો હતો વિષ્ઠાનો. હું અત્તરના કુંડમાં પડ્યો; અને તું..." આટલું બોલતાં જ આખી સભા પેટ પકડીને હસવા લાગી.

ધીરે રહીને બિરબલ ઊભો થયો. એણે કહ્યું: "જહાંપનાહ! ગુસ્તાખી માફ કરજો, પણ સાચું કહું તો મને પણ બરોબર આવું જ સ્વપ્ન આવ્યું હતું. પણ પણ આનાથી થોડુંક આગળ ચાલ્યું હતું. હું કહીશ તો આપ નારાજ થઈ જશો. માટે જવા દો, નથી કહેવું.'

અકબર કહે: "ના. તારે કહેવું જ પડશે. હું નારાજ નહિ થાઉં...બસ." એટલે બિરબલે આગળ ચલાવ્યું: "સાબ! સ્વપ્નમાં મેં જોયું કે જ્યારે આપણે બે એક કુંડમાંથી બહાર નીકળ્યા ત્યારે આપ મને ચાટવા લાગ્યા અને હું આપને.'

આ સાંભળતાં જ બાદશાહ અકબર એકદમ ચાટ પડી ગયા.

## અત્તર ચાટતો સંસારી પ્રશસ્ય; વિષ્ટા ચાટતો મુનિજન અપ્રશસ્ય

સાધુઓ સાધુજીવનના અત્તરના કુંડમાં રહેલા છે. અને સંસારીઓ સંસારવાસ રૂપી વિષ્ટાના કુણ્ડમાં પડેલા છે. આથી અકબરની જેમ સાધુઓ જો વિષ્ટાના કુંડ જેવા સંસારના સુખોની વિષ્ટા ચાટવાનો પ્રયત્ન કરે તો તે સારી બાબત ન જ ગણાય. અને સંસારના વિષ્ટા–કુંડમાં જ પડેલા સંસારીઓ જો વિવિધ પ્રકારના ધર્માનુષ્ઠાનો-રૂપી અત્તરને ચાટે (આચરે) તો તે પ્રશંસનીય બીના બની જાય છે.

સંસારી–જનમાં સદ્ગુણો હોવા તે આશ્ચર્ય જેવી બાબત છે. સાધુમાં સામાન્યતઃ દુર્ગુણો હોવા તે આશ્ચર્ય છે.

સંસારી માણસો અનીતિ વગેરે આચરતા હોય તો તેને જોઈને આવું ન બોલાય કે, "જોયો, જોયો મોટો ધર્મી થઈને ફરે છે. મંદિરે જાય છે. પણ દુકાને જઈને તો લોકોના ગળા કાપે છે. અનીતિ કરે છે. ધૂળ પડી એના ધર્મમાં...વગેરે"

## તમારો દૃષ્ટિકોણ બદલી નાંખો

આ પ્રકારનો દૃષ્ટિકોણ ખોટો છે. આ રીતે અધર્મીઓની ધર્મને ધિક્કારી નાંખવાની નીતિ ખૂબ જ નિંદ્ય નીતિ છે. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, ક્લેશ, કજિયા, ચાડી, ચૂગલી, દગો, ફટકો, વિશ્વાસઘાત વગેરે હજારો પાપોથી આ આખો સંસારવાસ ભરેલો છે. આવા ઘોર સંસારવાસમાં રહેનારો માનવી પણ જો મુનિજનોના શુભ સંસર્ગના કારણે થોડાક પણ સદ્ગુણો જીવનમાં મેળવી શક્યો હોય તો તે પ્રશંસાને પાત્ર બને છે.

સાથી આવા સંસારી માણસ માટે પણ જો બોલવું જ હોય તો એમ બોલો કે, "અનીતિ કરનારો, લુચ્ચાઈ અને બદમાશી કરનારો એવો પણ આ માણસ શું ધર્મ કરે છે? શું મંદિરે જાય છે? વાહ ધન્ય છે તેને!"

આ વાસ્તવદર્શી માનવનો દૃષ્ટિકોણ છે.

જો આવો વાસ્તવદર્શી દૃષ્ટિકોણ આપણે નહિ અપનાવીએ તો બીજા જીવો પ્રત્યે ધિક્કાર–તિરસ્કાર વગેરે દુર્ભાવો આપણાં અન્તરમાં ઉત્પન્ન થશે. અને તેથી આપણને જ નુકસાન થવાનું છે.

## રાવણ ચાટે છે તો અત્તર જ

રાવણ પણ સંસારી માણસ છે. વિષ્ટાના કુંડમાં પડેલા બિરબલ જેવો છે. આથી એનામાં કોઈ દુર્ગુણો જોવા મળતા હોય તે તે કાંઈ આશ્ચર્યજનક નથી. પરંતુ સમરાંગણને સમતાંગણ બનાવી દીક્ષા લેનારા વૈશ્રમણ મુનિને રાવણ વન્દન કરે છે. આથી રાવણ ચાટે છે તો અત્તર! એનો પક્ષપાત તો અત્તર [ધર્મ] તરફ જ છે.

પોતાના એકવખતના શત્રુને ચરણે મસ્તક ઝુકાવવાની નમ્રતા આવવી એ સામાન્ય બાબત નથી. આ વાત આપણે બરાબર સમજી લઈએ પછી રાવણને આપણે 'અધમ' કહી દેવાનું સાહસ કરી શકીશું નહિ.

## સૂર્પણખા અને ખરનું લગ્ન

રાવણની બહેનનું નામ સૂર્પણખા હતું. એક વાર ખર નામનો વિદ્યાધર તેનું અપહરણ કરીને ઉપાડી જાય છે. સૂર્પણખા પણ પોતાની ઇચ્છાથી જ ખરને પરણી જાય છે. ખર રાવણના ભયથી પાતાળ લંકામાં જતો રહે છે. રાવણને આ વાતની જાણ થતાં જ તે ખૂબ ગુસ્સે થઈ જાય છે. અને ખરને ખતમ કરવા જાય છે.

તે જ વખતે રાવણની પટ્ટરાણી મંદોદરી સમજાવે છે : "જ્યારે સૂર્પણખાને પોતાને જ ખર પસંદ છે ત્યારે આપ તેને મારી નાખીને શું કરશો. એમ કરવાથી તો તમારી જ બેન રંડાશે." મંદોદરીની સલાહથી રાવણે ખરનો ઘાત કરવાનું માંડી વાળ્યું. અને તેને પાતાળ લંકાનું રાજ સોંપી દીધું.

## આદિત્યરજાની દીક્ષા

વાનરદ્વીપમાં આદિત્યરજા રાજ્ય કરતો હતો. એને વાલી અને સુગ્રીવ નામના બે પુત્રો હતા. યોગ્ય અવસરે આદિત્યરજાએ પોતાના મહાબળવાન પુત્ર વાલિને રાજ્યારૂઢ કરીને દીક્ષા ગ્રહણ કરી.

આ દેશની અંદર ડગલે ને પગલે જૈનો, આયુષ્યનો કોઈ ભરોસો નહિ હોવાથી બાલ્યકાળથી જ માંડીને યથાશક્ય દીક્ષાઓ લેતા હતા. અને વૈદિકો પોતાના વેદસિદ્ધાન્તો અનુસાર વૃદ્ધાવસ્થામાં વાનપ્રસ્થ સ્વીકારતા હતા.

## કાલિદાસે વર્ણવેલી ચાર અવસ્થાઓ

કાલિદાસ જેવા કવિએ પણ આર્ય મનુષ્યના જીવનની ચાર અવસ્થાઓ વર્ણવતો શ્લોક રચ્યો છે.

"शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
वार्धक्ये मुनिवृत्तीनां योगेनान्ते तनुत्यजाम् ॥"

આ દેશના લોકો બાલ્યકાળમાં વિદ્યાઓનો અભ્યાસ કરતા હતા. યૌવનમાં જ વિષયોની ઇચ્છા કરતા હતા. વૃદ્ધાવસ્થામાં મુનિ જેવું જીવન જીવતા હતા. અને યોગસાધના દ્વારા શરીરનો ત્યાગ કરતા હતા. એક જ શ્લોકમાં કાલિદાસે પ્રાથમિક કક્ષાના સંસારી માણસની જીવનપદ્ધતિ સમજાવી દીધી છે.

## સુખના અર્થીને વળી વિદ્યા કેવી ?

આજે તો પ્રારંભની અવસ્થામાં પણ વિદ્યાનું અર્થિપણું રહ્યું નથી, જે વિદ્યાનો અર્થી હોય તે જ વિદ્યાર્થી કહેવાય છે. વિદ્યાર્થીને મન સુખની કશી જ પડી ન હોય. મહાભારતમાં કહ્યું છે, "सुखार्थिनः कुतो विद्या, विद्यार्थिनः कुतः सुखम् ॥"

સુખના લાલચુને વળી વિદ્યા કેવી ? અને વિદ્યાના અર્થીને વળી સુખ કેવું ?

આજની શાળા-કૉલેજોની શું સ્થિતિ છે ? વિદ્યાના ધામો આજે શેના ધામ બન્યા છે ? કેવી આ આર્યદેશની સ્થિતિ સર્જાઈ છે ?

## મોટી વિદ્યાપીઠોની કેવી દશા?

સંસ્કૃતિને જ પ્રાધાન્ય આપતી ગુજરાતની એક પ્રસિદ્ધ મોટી વિદ્યા–સંસ્થાની શું દશા થઈ તે તમે જાણો છો? એ સંસ્થામાં ભણતા છોકરાઓ હડતાળો પાડવા લાગ્યા, તોફાનો કરવા લાગ્યા, અરે! શિક્ષકોને મારવા પણ લાગ્યા. આવી બેઢંગી પરિસ્થિતિ જોઈને ત્યાંના કુલપતિએ તેને તાળાં મરાવ્યાં.

બનારસ જેવી વિશ્વવિખ્યાત વિદ્યાપીઠોમાં કે જે કેવળ સંસ્કૃતિ પ્રસારના લક્ષ સાથે ઊભી થઈ હતી, ત્યાં પણ આજે શું ચાલે છે, એની તમને ખબર છે? છોકરા–છોકરીના જીવનને સુધારનારી આ સંસ્થાઓની વાતો વર્ણવી શકાય એવી નથી.

## કોઈને આની ચિન્તા છે?

જ્યાં જુઓ ત્યાં આ દશા જોવા મળે છે. સ્કૂલ અને કોલેજમાંથી નીકળતાં વિદ્યાર્થીઓની વાતો સાંભળો. બસની ક્યૂમાં ઊભેલી વિદ્યાર્થિનીઓની વાતો જરા સાંભળો. ખૂણામાં ટોળું વળીને ઊભેલી છોકરા અને છોકરીઓની ટોળકીઓની ચર્ચાનો વિષય શું છે? એ જરા ક્યાંક છૂપાઈ જઈને સાંભળી લો, તો તમને ચક્કર આવી જશે. તમારા અંતરમાં થશે કે, આ અમારા આર્યદેશની દશા છે?

કોને આજે આ બધી બાબતોની ચિન્તા છે? મા–બાપોને? સંતોને? સંન્યાસીઓને? પ્રધાનોને? સમાજ સુધારકોને? લોકશાહીના પુરસ્કર્તાઓને?

કોઈને જાણે કોઈની પડી જ ન હોય તેવું દેખાઈ રહ્યું છે. અને કદાચ કોઈ સારા માણસને આની ચિંતા હોય તો પણ લોકશાહીના આજના બહુમતીના જમાનામાં એમનું ચાલે પણ શું?

## વર્તમાન માનવોની વિપરીત ચાર અવસ્થાઓ

કાલિદાસ આર્ય માનવોની ચાર અવસ્થા બતાવે છે. આજની બહુસંખ્ય પ્રજાના કઢંગા જીવનના જુદા જુદા કાળનો વિચાર કરતાં આ જ શ્લોકને જુદી રીતે બોલવતું મન થઈ જાય છે.

'शैशव भ्रष्टविद्यानाम्' બાલ્યકાળમાં ઉત્તમ વિદ્યાઓના અભ્યાસને બદલે ભ્રષ્ટ વિદ્યાઓ બાળકોમાં પ્રવેશતી ચાલી છે.

'यौवने विषमोजिनाम्' યૌવનકાળમાં માનવ જાણે અસદાચારના ઝેર ઘોળી ઘોળીને પી રહ્યો છે.

અને... 'वार्धक्ये श्वानवृत्तीनां' ઘડપણ આવવા છતાં વૃદ્ધોની ધન વગેરેની વાસનાઓ પણ શાંત થતી નથી. બલ્કે એ વૃત્તિઓ કૂતરા જેવી બનતી જાય છે.

ઘડપણમાં માણસ વગર મફતનો બોલ બોલ કરતો હોય એટલે આખા કુટુંબને કૂતરાની જેમ ભસતો હોય તેવો લાગે છે.

અને...... યોગ સાધના દ્વારા મૃત્યુ વરવાને બદલે આજે તો રોગમાં ને રોગમાં જ માણસ મરી જાય છે. 'रोगेणान्ते तनुत्यजाम्' ઘેનની ગોળીઓ ખાઈને ભયંકર રોગોમાં સપડાઈને રીબાઈ રીબાઈને માણસ મરી જાય છે.

## પરબ્રહ્મનું ધ્યાન ધરશે કોણ ?

મોંઘુ મળેલું આ માનવ જીવન જો આ જ રીતે પૂરું થઈ જાય તો એ અતિ દુઃખદ બાબત છે. એક ચિંતક કહે છે કે,

"बालस्तावत् क्रीडारक्तः, तरुणस्तावत् तरुणीरक्तः।
वृद्धस्तावत् चिन्तामग्नः परे ब्रह्मणि कोऽनुलग्नः ॥"

જ્યાં સુધી બાળપણ છે ત્યાં સુધી બાળક રમતગમતમાં રક્ત રહે છે. યૌવન કાળમાં માનવ તરુણીમાં આસક્ત રહે છે. વૃદ્ધાવસ્થામાં ચિન્તામાં મગ્ન બની જાય છે. રે ! તો પછી પરબ્રહ્મમાં [ પરમાત્માના ધ્યાન અને ભક્તિમાં ] એકાકાર બન્યો છે કોણ ?

વાનરદ્વિપના રાજા આદિત્યરજા જેમ દીક્ષા ગ્રહણ કરીને મુનિ બન્યા. તેમ આ આર્યદેશમાં યત્ર તત્ર સર્વત્ર મુનિપણાની વાતો થતી.

## શું સાધુઓ હરામનું ખાય છે ?

મેં પૂર્વે કહ્યું હતું કે અંગ્રેજો આ દેશને બાવાઓ અને સંતોની ભૂમિ કહેતા હતા તે તદ્દન સાચું છે. આજે કેટલાક લોકો કહે છે કે 'સાધુઓ હરામનું ખાય છે.' પરંતુ તમને ખબર નથી કે આવા અનેક પ્રકારના જુઠ્ઠાણાઓ દ્વારા તમારું Brain-wash [ મસ્તકમાંથી (સંસ્કારોનું) ધોવણ ] કરવામાં આવી રહ્યું છે. આ 'બ્રેઈન વૉશ'ની સામે હવે અમારે તમારા લોકોનું out right brain-wash [ સમૂળગું મગજનું ધોવણ ] કરવું પડશે. એ વગર સંતો અને મુનિભગવંતોના પવિત્ર અણુ-પરમાણુઓની આ જગત ઉપર કેટલી પ્રભાવક અસરો છે તે તમને નહિ સમજાય.

## એક અર્થનિષ્ણાતનો અર્થઘન અભિપ્રાય

જાપાનના અર્થતંત્રનો અભ્યાસ કરવા ભારત સરકારે જેમને મોકલ્યા હતા તેવા એક પ્રોફેસર જ્યારે ભારત પાછા આવ્યા ત્યારે રાજકોટમાં તેમના ભાષણો ગોઠવાયા હતા. તેમના આ ભાષણોમાં કેટલાક ચૂંટેલા જ માણસોને બોલાવવામાં આવ્યા હતા.

જાપાનનું અર્થતંત્ર કેમ વિકાસ સાધી શકયું છે અને ભારત પોતાના અર્થતંત્રની બાબતમાં કેમ નબળું રહ્યું છે? તેની વિગતવાર સમજૂતી આપીને તે પ્રોફેસરે છેલ્લા દિવસના પોતાના ભાષણનો ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે, "જાપાન આર્થિક રીતે ગમે તેટલું વિકાસ પામ્યું હોય, અને ભારત એ બાબતમાં ભલે પાછળ રહ્યું હોય, છતાં તમે સમજી રાખજો કે ભારત કદી બરબાદ થવાનું નથી. કારણ કે જ્યાં સુધી આ આ દેશની ધરતી ઉપર સંતો અને મહાસંતો ઘૂમી રહ્યા છે, આબૂની ગુફાઓમાં, પર્વતોની કોતરોમાં કે ગામડે ગામડે ફરતા સદાચારી સંતોના અણુ–પરમાણુઓ જ્યાં સુધી ભારતમાં ઘૂમરી લઈ રહ્યા છે ત્યાં સુધી ભારતનો વિનાશ કદી થઈ શકશે નહિ."

ભારતના એક સમજદાર વિદ્વાન આ વાત કરે છે. જ્યારે આજે બીજા અનેક અશ્રદ્ધાળુઓ આક્ષેપ કરે છે કે 'સાધુઓ હરામનું ખાય છે' એ વાત શું ઉચિત છે? છતાં આ પ્રકારના 'બ્રેઈનવોશ' દ્વારા સમાજના લોકોનું મગજ એવું કહોવાઈ નંખાયું છે કે એના કારણે સંસ્કૃતિની આ વાતો સમજાવવી ખૂબ કઠણ બની ગઈ છે.

ધર્મના વિષયમાં લોકમાનસ એટલું દૂષિત કરવામાં આવ્યું છે કે આ પરિસ્થિતિમાં ધર્મ અંગે સાફ સાફ વાતો કરનાર સાધુ, જો એની પાસે વિશિષ્ટ કોટિનું ગુરુકૃપાજનિત પુણ્યબળ ન હોય તો કદાચ માર ખાય અથવા એની ધર્મસભામાં હૂરિયો બોલાય.

## બગાડો છે; પણ ટકા કેટલા?

આજે સાધુઓ પ્રત્યેની શ્રદ્ધાઓ ડગવા માંડી છે. એના કારણમાં અલબત્ત, સાધુઓના જીવનમાં ય 'બગાડો' પેઠો છે, તેમાં ના નથી. પણ ટકાવારી મૂકો તો કેટલી?

મુનિઓના ઉજળી ચાદર જેવા જીવનને કાળા ડાઘ લાગ્યા છે; પરંતુ સમાજ જ્યારે નેવું ટકા ખરાબીઓથી ઉભરાઈ ગયો છે ત્યારે સાધુસંસ્થામાં માત્ર બે પાંચ ટકા જ ખરાબી પેઠી છે. પાંચ ટકાનો આ બગાડો આગળ કરીને આખી સાધુસંસ્થાને વગોવવી એ સજ્જનોના કામ નથી.

જે સાધુ ભગવંતોની શુદ્ધિ ઉપર જ સમાજના ભયંકર પ્રશ્નો હલ થતા, લોકો જેમના ચરણ સ્પર્શ માત્રથી શાંતિ અને સમાધિ પ્રાપ્ત કરતા, તે મુનિજનોને આજનો યુવાન વર્ગ 'હરામનું ખાનારા' કહે એ ધૃષ્ટતાની પરાકાષ્ટા નથી? કહેવાતા સુ–શિક્ષિતો (!) પણ આવી ધૃષ્ટતાનો ભોગ બન્યા છે!

## બ્રહ્મચર્યની પ્રચણ્ડ તાકાત

ભારતના દક્ષિણ રાજ્યના કોઈ પહાડની પાસે વહી જતી પ્રશાંત નદીના તટે એક યુવાન વિદ્યાર્થી બેઠો હતો. 'પાંતજલ યોગસૂત્ર' પુસ્તક વાંચતાં વાંચતા 'ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः' આ સૂત્ર એની નજરે આવ્યું.

ત્યાં સામેથી એક દૂબળો–પાતળો સંન્યાસી આવતો હતો. યુવાન એમને જોઈને હસી પડ્યો. પેલા સૂત્રનો જાણીને મોટેથી પાઠ કરવા લાગ્યો. અને ધીરે ધીરે બોલવા લાગ્યો: 'આ મોટો બ્રહ્મચારી! ક્યાં ય દેખાય છે; વીર્યલાભ? આના કરતાં તો દુરાચારીઓ પણ પઠ્ઠા હોય છે. હટ્! પાતંજલયોગ Out of date'

## તમને નિન્દા કરવાનો અધિકાર છે?

અત્યંત ખરાબ વાંચન કરનારા, ખરાબમાં ખરાબ ચીજો ખાનારા અને જોનારા, છેલ્લી કક્ષાના પાપો આચરનારા આજના યુવાનો બ્રહ્મચારીઓની ટીકા–નિંદા કરવામાંથી ઊંચા જ આવતા હોતા નથી. રે! એવા બ્રહ્મચારીઓનો સ્પર્શ કરવામાં ય નાનમ સમજતા હોય છે.

આખા જગતનું ખાઈ જવાની વૃત્તિવાળા લોકો, આખા જગતની હિતચિંતા કરનારા સાધુઓ અને સંતોની મશ્કરીઓ કરતા હોય છે! કેવી કમનશીબી! કેવું મળ્યું હશે એમને કૉલેજમાં શિક્ષણ!

પેલો યુવાન 'વીર્યલાભ'નો અર્થ સમજતો ન હતો. રોજ પાપ કરનારા દુરાચારીઓ પણ પુણ્યના પ્રભાવે હૃષ્ટપુષ્ટ દેખાતા હોય એમાં કાંઈ નવાઈ નથી. શરીરની હૃષ્ટપુષ્ટતા એ કાંઈ 'વીર્યલાભ' નથી. શબ્દમાં તાકાત, આત્મામાં તેજ અને મુખ ઉપર ઓજસ એ સાચો વીર્યલાભ છે.

નજીક આવતો સંન્યાસી યુવાનના મનોભાવ પામી ગયો. યુવાનની પાસે આવીને સત્તાવાહી સૂરે સંન્યાસીએ કહ્યું : "अय! उठ. चल मेरी साथ."

કોઈ અણ–પ્રીછ્યા આકર્ષણે ખેંચાતો યુવાન એની પાછળ ચાલવા લાગ્યો જેવો સંન્યાસીએ પોતાની ગુફામાં પ્રવેશ કર્યો કે ત્રણ બાજુથી ત્રણ સિંહ એની પાસે દોડી આવ્યા. પૂંછડી પટપટાવતાં ઊભા રહ્યા. જાણે પાળેલા કૂતરા!

પેલો યુવાન તો ધ્રૂજી ગયો. અને સંન્યાસીના બે પગ વચ્ચે ભરાઈ ગયો. સંન્યાસીએ ત્રણે સિંહને ઉદ્દેશીને કહ્યું : "अय! चले जाओ यहां से! समजते नहि हो? अतिथि कांप रहा है"અને...પૂછડી પટપટાવતા સિંહો ચાલ્યા ગયા.

પગમાંથી બહાર નીકળેલા યુવાનને પોતાની સામે ખડો કરી દઈને સંન્યાસી બોલ્યા: "क्यों अब समज गया न, 'ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः' का मतलब क्या है?"

યુવાન શરમિંદો બની ગયો. અને સંન્યાસીના ચરણોમાં નમી પડ્યો.

## શુદ્ધિ દ્વારા જ સાચો ચમત્કાર

આત્માની શુદ્ધિ દ્વારા ઉત્પન્ન થતો ચમત્કાર એ જ સાચા ચમત્કાર છે 'હિપ્નોટીઝમ' કરીને લોકોને ખેંચવા અથવા ચમત્કારના પ્રયોગો કરવા એ તો અ

જગતની બહુ મામૂલી બાબત છે. આવા માણસો તો ક્યારેક 'D.C. Current'ની માફક એકાએક એમના સ્થાનથી ભ્રષ્ટ થઈ જતા હોય છે.

સાધુ પોતાની શુદ્ધિ દ્વારા જ પોતાનો પ્રભાવ ફેલાવી શકે છે. સાધુ જો શુદ્ધ ન હોય તો એના ધર્મ પ્રચારની ઝાઝી કિંમત રહેતી જ નથી.

શાસ્ત્રકાર પરમર્ષિઓ વારંવાર કહે: "સાધુ! તું તરસ્યો મરી જજે. આપઘાત કરજે. પણ અનાચારની પરબના પાણી કદી પીજે મા!" [वरं अग्गिम्मि पवेसो...'] સાધુ જો શુદ્ધ નહિ રહે તો પછી શુદ્ધિની અપેક્ષા કોની પાસે રાખીશું?

## અહિંસાની પ્રતિષ્ઠાથી વૈરનાશ

સાધુ બ્રહ્મચર્યની આત્મામાં પ્રતિષ્ઠા કરીને પરાક્રમ અને ઓજ પામે છે. અહિંસાની પ્રતિષ્ઠા કરીને જન્મજાત વૈર ધરાવતાં પશુઓમાં પણ વૈરનાશ ઉત્પન્ન કરે છે. કહ્યું જ છે ને? "अहिंसाप्रतिष्ठायां वैर–त्यागः"

આત્મામાં અહિંસાની પ્રતિષ્ઠા કરો. અને જુઓ...તમારા પ્રભાવે બીજાઓમાંથી વૈરનો વિનાશ થશે. તમે નક્કી કરો કે સગા મા-બાપની સામે તો મારે ક્રોધથી બોલવું નહિ જ, પણ નાનકડા નોકર વગેરે પ્રત્યે ય મારે મૈત્રી ભરેલું વર્તન રાખવું.

આજે તો આવું ઉચ્ચ મુનિજીવન, બ્રહ્મચર્યપ્રાપ્તિ કે અહિંસાની પ્રતિષ્ઠા વગેરે પામવાનું લક્ષ્ય જ રહ્યું નથી. માનવના જીવનનું કોઈ લક્ષ્ય—Goal જોવા જ મળતું નથી. આજે તો નેતા બનવાનું યુવાનોનું લક્ષ્ય છે. આગળ વધીને હવે તો ઘણાને અભિનેતા બનવું છે. સાચા સાધુ બનવાનુ લક્ષ્ય તો જાણે કે આ દેશમાંથી વિદાય જ લઈ રહ્યું છે.

## સંતશાસનના નાશ માટે જ લોકશાસન

આ દેશની અંદર સંતોની શક્તિ સર્વત્ર જોવા મળતી હતી. પરંતુ આજે 'સંતશાહી'નો વ્યવસ્થિત રીતે વિનાશ જ કરવામાં આવી રહ્યો છે. ભારતીય આર્યપ્રજાનો શ્વાસપ્રાણ હતો સંતશાહી; એ ખતમ એટલે આર્ય મહાપ્રજા ખતમ.

એક સમય એવો હતો જ્યારે ભારતની ભૂમિ ઉપર સંતોના પગ સર્વત્ર ફરતા રહેતા. કેટલાય પાપાત્માઓના પાપ એ ધોતા; કોઇના આંસુ એ લૂછતા; અન્યાયી રાજાને પણ પડકાર કરીને એનો અન્યાય દૂર કરાવતા. સંતોની આણ સર્વત્ર રહેતી. સંતોને સહુ શિર ઝૂકાવતા. એમની આમન્યાને કોઈ લોપતું નહિ. આ સંતશાહી જ આપણી સંસ્કૃતિનો પ્રાણ હતો. ભારતની આબાદીના મૂળ કારણમાં મુખ્યત્વે સંતશાહી પ્રત્યેની પ્રજાની અદબ જ હતી.

## પૂર્વભૂમિકારૂપે રાજાશાહીનો નાશ

સંતશાહીની આ સર્વોચ્ચ તાકાતનો નાશ કરવા માટે જ અંગ્રેજો દ્વારા લોકશાહીની સ્થાપના કરાઈ છે. પણ સૌ પ્રથમતો સંતશાહીના નાશ માટે રાજાશાહીનો નાશ કરવાનું એમને જરૂરી લાગ્યું એટલે રાજાશાહીનો નાશ કરવાનો પેંતરો અંગ્રેજોએ રચ્યો.

"રાજાઓ ખરાબ છે...રાજાઓ વિલાસી છે...એમને પ્રજાની કાંઈ પડી નથી" આવી આવી અનેક પ્રકારની ઉશ્કેરણીઓ અંગ્રેજો દ્વારા ફેલાવવામાં આવી અને લોકોના મગજમાં આવી જૂઠ્ઠી વાતો ફસાવવામાં આવી. રાજાશાહીનો નાશ કરવા માટે અંગ્રેજો દ્વારા કેવા કેવા કાવતરા રચવામાં આવ્યા હતા...વગેરે વાતો, તાજેતરમાં પ્રગટ થએલાં કેટલાક રાજકારણના પુસ્તકો તમે વાંચશો એટલે આપોઆપ સમજાઈ જશે.

## સર્વત્ર ગુરુઓનું તૂટતું જતું વર્ચસ્વ

વર્તમાનમાં સંતો પ્રત્યેની અદબને જાણે ભેદી રીતે ખતમ કરી દેવામાં આવી છે. દરેક ધર્મોમાંથી ધર્મગુરુઓના વર્ચસ્વને તોડી નાંખવામાં આવ્યા છે. આ માટે કેટલાક ધર્મગુરુઓને પણ જમાનાના ઝેર પાઈ દેવાયા છે. અને એમના વૈભવો અને ઠાઠ–ઠઠારાઓ પ્રજા સમક્ષ ઉઘાડા પાડીને એમની હાંસી ઉડાવાઈ છે.

સંતશાહીને તોડવા માટે ધર્મસ્થાનો અને ધર્મશાસ્ત્રોની આજ્ઞાઓ ઉપર આલોકશાહીની છાપવાળી સંસ્થાઓ દરેક ધર્મોમાં ગોઠવી દેવામાં આવી છે. સંસ્થાઓ પોતપોતાના ધર્મોને નબળા પાડીને તોડવાનું કામ કરતી રહી છે.

પારસીઓમાં પંચાયત ગોઠવાઈ ગઈ. મુસ્લીમોમાં મુસ્લીમ લીગ સ્થપાઈ ગઈ. વૈષ્ણવોમાં વૈષ્ણવબોર્ડ આવી ગયું. શીખોમાં ગુરુદ્વારા કમિટી રચાઈ અને બૌદ્ધોમાં મહાબોધિ સોસાયટીની સ્થાપના થઈ. જૈનોમાં પણ મહામંડળો, તેરાપંથી મહાસભા, વગેરે ગોઠવાઈ ગયા છે.

બધેથી સંતો–સાધુઓ ઊઠી ગયા. હા; એમને ઉઠાવી લેવામાં આવ્યા. જાણે કે એમને ફેંકી દેવાયા.

આમ છતાં સદ્ભાગ્યે જૈનોમાં હજી જમાનાવાદી માણસોના નિર્ણયો ચાલી શકતા નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિઓનું વર્ચસ્વ આજે પણ જૈન ધર્મમાં જોવા મળે છે. પણ એ વર્ચસ્વ પણ ક્યાં સુધી ટકશે એ હવે કહી શકાય તેમ નથી.

જ્યાં જ્યાં બહુમતી પ્રવેશી છે ત્યાં ત્યાં શાસ્ત્રાજ્ઞાનો નાશ થયો છે. બહુમતવાદના આ સાણસા નીચે જમાનાવાદી માણસોનું જોર જામી ગયું હોય, પછી શાસ્ત્રની

વાતોને ઊંચકીને ફેંકી દેવામાં વાર શી લાગે?

## ચૂંટણી પ્રથાથી કેવળ ઝઘડાઓ

ધર્મસ્થાનોમાં પણ હવે તો બહુમતિના જોર પર ચૂંટણીઓ યોજાવા લાગી છે. ટ્રસ્ટોની અંદર પણ આ ચૂંટણીપ્રથાઓ પ્રવેશી ચૂકી. જોકે, મદ્રાસ અને મુંબઈની હાઇકોર્ટોએ તો તાજેતરમાં ચૂકાદો આપ્યો છે કે "ટ્રસ્ટોમાં ચૂંટણીપ્રથા દ્વારા ઝઘડા અને મારામારીઓ થાય છે માટે ધર્માદા ટ્રસ્ટોમાંથી આ પ્રથા કાઢી નાંખવી જોઈએ."

હું પૂછું છું કે જો ધર્માદા ટ્રસ્ટોમાં ચૂંટણીપ્રથાને કારણે થતાં ઝઘડાનું બ્રહ્મજ્ઞાન તમને થયું તો રાષ્ટ્રની અંદર પણ આ પ્રથાથી થયેલા અને થતાં ભયંકર નુકસાનોનો તમને ખ્યાલ આવતો નથી શું?

## પણ બહુમતી રાજ કરે છે જ ક્યાં?

વળી આજે તો ખરેખર બહુમતી રાજ કરે છે એમ શી રીતે કહી શકાય?

સો ટકાની પ્રજામાંથી ૫૦ ટકા વર્ગ તો મતદાન જ કરતો નથી. બાકીના ૫૦ ટકામાં એક પક્ષને ૨૬ ટકા મત મળે અને બાકીના ૨૪ ટકા બીજા બધા પક્ષોમાં વહેંચાઈ જાય, તો ૨૬ ટકા મત મેળવી જનારો પક્ષ ૧૦૦ ટકાની પ્રજા ઉપર રાજ કરવા લાગે છે. આ ૨૬ ટકામાં પણ લાંચ, ધાકધમકી, જ્ઞાતિ આદિની લાગવાના લગભગ ૨૦ ટકા મતો હોય છે.

વળી પક્ષનો વ્હીપ અને મહાસત્તામાં વપરાતો 'વીટો'—એ શું બહુમતીના તત્ત્વો છે?

આમ બહુમતીના જુઠ્ઠા આંચળા હેઠળ સંતશાહીનો અને સજ્જનશાહીનો નાશ કરાઈ રહ્યો છે.

## રણ છોડીને મુનિ બનો

આર્યદેશમાં ડગલે ને પગલે સાધુપણાના આદર્શોની જ વાતો થતી હતી. આ બાબત હું તમને જણાવી ગયો છું. એની પુષ્ટિમાં એક બીજી વાત કરું. 'રણછોડ' શબ્દ જૈનેતર વર્ગમાં સુપ્રસિદ્ધ છે. એનો અર્થ અપેક્ષાએ એમ કરી શકાય કે રણમાં પ્રવેશ થયા પછી તો સંસાર છોડો.

'એકાવન' વર્ષની ઉંમર થાય એટલે માણસ વનમાં (=રણમાં) પ્રવેશે છે. અને અઠ્ઠાવન થાય એટલે 'વન'નો છેડો આવી ગયો. છેવટમાં છેવટ અઠ્ઠાવન વર્ષે તો માણસે સંસાર છોડી જ દેવો જોઈએ. જો સંસારમાં કૌટુંબિક રીતે પણ સુખપૂર્વક

રહેવું હોય તો પણ તમે જાહેર કરી દો કે અઠ્ઠાવન વર્ષની ઉમ્મરે તો અમારે સંસાર છોડી જ દેવો છે.

આજે તો સીત્તેર વર્ષનો બાપ થાય તો ય સંસાર છોડતો નથી અને દુકાનની ચાવી પણ સોંપતો નથી. આથી છોકરાઓ ત્રાસી જઈને બોલી ઊઠે છે કે ‘ડોસો મરતો નથી ને માંચો મૂકતો ય નથી.’

ખરેખર તો જૈનસિદ્ધાન્તાનુસારે આઠ જ વર્ષની ઉંમરે દીક્ષા લેવી જોઈએ કેમકે આયુષ્યનો કોઈ ભરોસો નથી.

પણ તેમ ન થાય તો ય વહેલામાં વહેલી તકે અસાર એવા આ સંસારનો પરિત્યાગ કરવાનો સંકલ્પ કરીને તેને જાહેર કરી દેવો જોઈએ. આમ થશે તો ઘરમાં હડધૂત થવાનું મટી જશે અને ઘરનો વડીલ ભગવાનની જેમ પૂજાશે. બાકી જીવનના છેલ્લા શ્વાસ સુધી સંસારવાસમાં ગળાબૂડ રહેવું એમાં કોઈ બુદ્ધિમત્તા નથી એમ જરૂર કહી શકાય.

**નોંધ : આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૦ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી ‘મિચ્છામિ દુક્કડમ્’.**

**—અવતરણકાર**

મૂલ્ય : ૫૦ પૈસા

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે? જો હા....તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો અને સ્નેહીઓમાં ખૂબ પ્રસાર કરો. માત્ર પચાસ પૈસામાં અતિ મૂલ્યવાન ચિંતન મેળવો.

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં—**

**માત્ર રવિવારે—**

૧. રામાયણ-પ્રવચન સ્થળ :
પ્લેઝન્ટ પૅલેસ
નારાયણ દાભોલકર રોડ
વાલકેશ્વર, મુંબઈ–૬

**રોજ માટે—**

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ – ૬

૩. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ–૪

**અમદાવાદમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭ 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ

**સુરતમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o. નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર

**ખાસ નોંધ :** ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના મુંબઈમાં રહેતા સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા. યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે, અમદાવાદ – ૧ [ફોન નં. ૩૦૦૮૧]

મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ – ૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

**પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ-૬**

**પ્રવચન ૨૪-૭-૭૭ ] પ્રવચન – પાંચમું [ પ્રકાશન ૩૧-૭-૭૭**

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે, મુંબઈ [વાલકેશ્વર] ખાતે, હજારો માનવોની વિશાળ સભા સમક્ષ, રામાયણનું પાંચમું પ્રવચન કરતાં, રામાયણની મૂળ-કથામાં, પ્રતિદિન પ્રાતઃકાળે પરમાત્માના પ્રસાદોનું પુણ્યદર્શન કરતા ધર્માત્મા વાલિ, વાલિ અને રાવણનું ખૂનખાર યુદ્ધ, યુદ્ધમાં હજારો પ્રાણીઓનો ઘોર સંહાર જોઈને વાલિને હૈયે ઘૂઘવાટ કરતો દયાનો સાગર, વાલિ દ્વારા બગલમાં દબાઈ જતો રાવણ, અન્તે વાલિનું પ્રવ્રજ્યાના પુનિતપન્થે પ્રયાણ, અનાસક્ત રાજર્ષિ વાલિનું અષ્ટાપદ ઉપર ધ્યાન, રાવણનું વિમાન-સ્ખલન, અને અષ્ટાપદ પર્વત ફેંકી દેવાનો રાવણનો બાલિશ પ્રયત્ન, તીર્થરક્ષા ખાતર રાજર્ષિ વાલિદ્વારા રાવણને સખત દણ્ડ અને રાવણનો પાવક પશ્ચાત્તાપ વગેરે પ્રસંગોનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું.

અવસરોચિત, સર્વધર્મોના નાશ માટે જ કરાયેલી 'સેક્યુલર સ્ટેટ'ની જાહેરાતની સચોટ રજૂઆત, જાતજાતના અનેકાનેક જંગલોમાં અટવાતી જતી ભારતની ગરવી પ્રજા, જીવન કટોરામાં હજારો પ્રકારના નિરન્તર રેડાતાં જતાં ઝેરના મારણનો ગરવો ઉપાય : પરમાત્મ-ભક્તિની નોળવેલ, સુખીઓ અને દુ:ખીઓ—સહુ કોઈના સત્કલ્યાણનો સરસ અને સુભગ સન્માર્ગ : પરમાત્માની પ્રીતિ અને પાપોની ભીતિ, જમાનાના નામે આર્ય-દેશની સંસ્કાર-સમૃદ્ધિને સમળૂગી સળગાવી નાખતા સમાજ ઉપર સીધો આક્ષેપ : 'જમાનો પલટાયો નથી, તમે પલટાયા છો. કાળ બગડ્યો નથી, બગડ્યું છે; માનવનું કાળજું', પારકાની મહાનતાની મોટી લીટીને કાપી નાંખીને પોતાની અધમતાની તુચ્છ લીટીને મોટી બતાડવાનો મૂર્ખતાભર્યો પ્રયાસ કરતા માનવોને સચોટ જવાબ, માનવને જ મારતા માનવ સમાજ ઉપર ચીની સિંહણ-યુગલના દૃષ્ટાન્ત દ્વારા વેધક કટાક્ષ, મોક્ષના તલસાટ-વિહોણી શક્તિઓ આ દેશની માનવજાત માટે ધરતીકમ્પ કરતાં ય વધુ હોનારતની સર્જક, કપાળે બે આંગળી મૂકતા જ, સળગતા સંસારના સઘળા સવાલોનું સમાધાન સાધી આપતી "समाधानं समाधि"ની સુન્દર અને સરસ વ્યાખ્યા અને અન્તે પાપ કરનારો માનવ પણ પશ્ચાત્તાપના પાવકમાં પ્રજ્જ્વળીને પુનિત અને પુણ્યશાળી બની શકે છે, એ વિધાનને વિશિષ્ટ શૈલીમાં વાગોળતી, સુખ-દુઃખના છલકાતાં સલિલથી સભર સંસારના સમં-દરમાં સંચરતા સંસારીને સાધનાની સુભગ નૌકામાં બેસાડીને ભવસાગરને પેલે પાર પહોંચાડતી, પરમ શાન્તતા, પ્રશાન્તતા અને ઉપશાન્તતાના મંગલમય પાઠો સમજાવતી, પરમપાવનકારિણી અને પરમપદના પથપર પ્રયાણ કરવાની પ્રેરણાનું પ્રદાન કરવામાં પરાયણી, પૂજ્યપાદશ્રીની પરમ પવિત્ર પ્રવચનધારાનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

શ્રીપાળનગર, મુંબઈ—૬ —મુનિ ભાનુચન્દ્રવિજય

તા૦ ૨૭—૭—૧૯૭૭

રવિવાર

# પ્રવચનાંક : ૫

પ્ર. શ્રાવણ સુદ ૮
વિ. સં. ૨૦૩૩

અનંતોપકારી કલિકાલસર્વજ્ઞ **જૈનાચાર્ય ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** "જૈન રામાયણ" નામના જૈન ઇતિહાસ ગ્રન્થની રચના કરી છે. જેમાં શ્રી રાવણ, શ્રી રામ અને શ્રી લક્ષ્મણજી વગેરેનું ચરિત્ર–વર્ણન કરવામાં આવ્યું છે. આનો આધાર લઈને—તથા સાથે સાથે વિવિધ રોચક અને સંસ્કૃતિપોષક પ્રસંગોને જોડીને—"**રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ**" એ વિષય ઉપર આ પ્રવચનમાળા શરૂ કરવામાં આવી છે; જેનું આજે પાંચમું પ્રવચન છે.

આ રામાયણમાં સૌ પ્રથમ શ્રીરાવણનું ચરિત્ર આવતું હોવાથી આપણે એને જ પહેલાં વિચારી રહ્યા છે.

## રાજ્યસિંહાસન ઉપર વાલિ

લંકાની અન્દર રાજ્ય કરતા પોતાના માસિયાઈ ભાઈ વૈશ્રવણ સાથે રાવણે યુદ્ધ કર્યું. યુદ્ધમાં થયેલો સેનાનો ભંગ જોઈ વૈશ્રવણ વિરાગી થયા. એમણે સંયમધર્મ સ્વીકાર્યો. રાવણે વૈશ્રવણ પાસેથી લંકા અને પુષ્પક વિમાન કબજે કર્યા. આ બધો પ્રસંગ આપણે વિસ્તારથી ગયા પ્રવચનમાં વિચારી ગયા છીએ.

રાક્ષસદ્વીપના રાજાઓને વાનરદ્વીપના રાજા આદિત્યરજા સાથે મૈત્રીભર્યા સમ્બન્ધો હતા. કાળક્રમે આદિત્યરજાએ દીક્ષા લીધી.

દીક્ષા લેતાં પહેલા તેમણે સિંહાસન ઉપર પોતાના મોટા પુત્ર વાલિને સ્થાપિત કર્યો. વાલિએ પોતાના સુગ્રીવ નામના નાના ભાઈને યુવરાજપદે સ્થાપ્યો.

## વાલિ : મહાન્ ધર્માત્મા

વાલિ ઉત્તમ કક્ષાના ધર્માત્મા હતા. એમનું લક્ષ ધર્મધ્યાનમાં જ વિશેષ રહેતું હતું. વિદ્યાશક્તિઓના ઉપયોગ દ્વારા દરરોજ સમગ્ર જમ્બૂદ્વીપના પરમાત્માના મંદિરોના દર્શનાર્થે તેઓ જતા હતા. તેઓ રાજ્ય કરતા હતા. છતાં એમને મન રાજ્ય એ ગૌણ બાબત હતી. અને ધર્મ એ જીવનનું પ્રધાન અંગ બની રહ્યો હતો.

વાલિના જીવનમાં ધર્મ હતો માટે જ તેઓ પ્રજામાં અત્યન્ત પ્રિય થઈ પડ્યા હતા. જ્યાં ધર્મ છે ત્યાં દયા, પ્રેમ, કરુણા, લોકપ્રીતિ વગેરે ગુણો આવીને જ રહે છે.

## સર્વધર્મોના નાશ માટે જ 'સેક્યુલર સ્ટેટ'

આજે હિન્દુસ્તાનમાંથી ધર્મતત્ત્વની નાબૂદી કરવામાં આવી છે. દેશને 'Secular State' જાહેર કરીને ધર્મને ખૂબીપૂર્વક ઉડાવી દેવાયો છે. સરકારીસ્તર ઉપરથી એમ સમજાવવામાં આવી રહ્યું છે કે "અમે તો સર્વધર્મને સમાન માનીએ છીએ. માટે જ અમે દેશને 'સેક્યુલર સ્ટેટ' જાહેર કર્યો છે. 'સેક્યુલર સ્ટેટ'નો અર્થ ધર્મોનો નાશ નહિ, પણ સર્વધર્મસમન્વય છે. વગેરે"

પણ આ બધા તદ્દન જુઠ્ઠા આશ્વાસનો છે. આ રીતે પ્રજાની આંખે ઊંધા પાટા બાંધવામાં આવી રહ્યા છે.

ધર્મોનો નાશ કરવા માટે જ ભારતને 'સેક્યુલર' જાહેર કરવામાં આવેલ છે. જો આમ ન હોત તો ધાર્મિક ટ્રસ્ટોના દાનને કરમુક્તિ શા માટે આપવામાં આવતી નથી? જે સંસ્થાઓને ધર્મ સાથે કશું લાગતું વળગતું નથી એવી અનેક સામાજિક જાહેર સંસ્થાઓના દાનને, કામોત્તેજક સિનેમા વગેરેને પણ કરમુક્તિ આપવામાં આવે છે અને ધાર્મિક ટ્રસ્ટોને જ તેમાંથી બાકાત રાખવામાં આવે છે. એવું શા માટે?

## રાજકારણની ડખલોથી સંસ્કૃતિ-નાશ

હકીકતમાં તો ધર્મસંસ્થાઓમાં રાજકારણે હસ્તક્ષેપ જ કરવો ન જોઈએ. બધે જ રાજકારણે ઘૂસણખોરી કરી હોવાથી અનેક મુશ્કેલીઓ ઊભી થવા પામી છે. 'સેક્યુલર સ્ટેટના' સિદ્ધાન્તના ઓઠાં નીચે કરાતી રાજકારણની ડખલોએ પ્રજાના શિક્ષણ વગેરે સ્તરોમાંથી સંસ્કૃતિનો નાશ કરવાનું કામ કર્યું છે.

નિશાળોમાં પૂર્વે એવા પાઠો શીખવવામાં આવતા કે જેનાથી બાળકોમાં ધાર્મિકવૃત્તિઓ પેદા થતી. જ્યારે આજે 'સેક્યુલર સ્ટેટ'ના ઓઠાં નીચે વ્યાવહારિક શિક્ષણમાંથી ધર્મની વાતોને પણ દૂર કરવામાં આવી છે!

## શિક્ષણમાંથી ધર્મતત્ત્વને દેશવટો

"વ્યવહારિક શિક્ષણમાં ધર્મની શું જરૂર છે? એને માટે જુદી પાઠશાળાઓ સ્થાપો." આવી બૂમરાણો મચાવી મચાવીને શિક્ષણમાંથી ધર્મને રદ કરાયો. ધર્મ શિક્ષણ માટે જુદી પાઠશાળાઓ ઊભી કરાઈ. બીજી બાજુ વ્યવહારિક શિક્ષણ ઉપર એટલું બધું જોર આપવામાં આવ્યું કે લોકપ્રવાહ વ્યવહારિક શિક્ષણ ઉપર જોરથી ધસવા માંડયો. અને પેલું ધાર્મિક પાઠશાળાઓનું શિક્ષણ તો બિચારું કયાનું કયાંય પાછળ રહી ગયું.

## ચોતરફ જાતજાતના જંગલો

આર્યાવર્તની મહાપ્રજાના તમામ સ્તરોમાં વ્યાપક સ્વરૂપે ધર્મ ઓતપ્રોત હતો. માટે જ ઇન્દ્રિયનિગ્રહાદિના કારણે પ્રજાજન સહજ રીતે આરોગ્યસંપન્ન હતો; કૌટુમ્બિક શાન્તિથી તૃપ્ત હતો; સમાજના નિયમોના પાલનથી ઉદ્ભવતા સુખ અને શાન્તિનો સ્વામી હતો.

ન હતા, એને એવા રગડા કુટુંબના; કે ન હતા, એને એવા વેર વિરોધીઓના.

ન હતા, એના દેહમાં એવા રોગ; અને ન હતા, એના ચિત્તતન્ત્રમાં મોટા શોક.

પણ જ્યારથી ધર્મને દૂર હડસેલાયો ત્યારથી આ પ્રજાની પનોતી બેસી ગઈ. ધર્મને દૂર કરવાથી પ્રજાકીય જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એટલા બધા પ્રશ્નો, કોયડાઓ, સમસ્યાઓ જાગી પડ્યા છે કે પ્રજાના કહેવાતા આગેવાનો આ બધાના ઉકેલોમાંથી કદાપિ બહાર નીકળી શકતા જ નથી.

## ડૉક્ટરોના જંગલ

બેફામપણે ભોગો વધી જતાં પ્રજામાં રોગો વધવા લાગ્યા એટલે બીજી બાજુ ડૉકટરી વિદ્યાઓનો અભ્યાસ વધારીને ડૉકટરોના જંગલો ઊભા કરવામાં આવ્યા.

"રોગો ઊભા થયા છે? ચાલો. ડૉકટરોને બોલાવો. તપાસ કરાવો. Blood test; urine test; stool test વગેરે વગેરે." રે! ભાઈ! આ બધું આટલા બધા પ્રમાણમાં આર્યદેશમાં હતું જ નહિ. ખાવાની ઉપર જ એવી રીતે નિયન્ત્રણ મૂકી દેવામાં આવતું કે એના કારણે દવાઓ, ડૉકટરો, હૉસ્પિટલો વગેરેની ખાસ જરૂર જ પડતી ન હતી.

પૂર્વે તો આર્ય દેશના વૈદ્યો બગાસા ખાતા બેઠા રહેતા હતા. કારણ...આજની જેમ પ્રજા છાશવારે ને છાશવારે માંદી પડતી જ ન હતી. આજે તો રોગીઓની લાઇન લાગે છે દવાખાનાઓમાં; અને હૉસ્પિટલોમાં.

## હૉસ્પિટલોના જંગલ

આજે જો પોતાના ગામમાં હૉસ્પિટલ થાય છે તો ગામના લોકો ખૂબ રાજી થઈ જાય છે. "ચાલો...બહુ સારું થયું. આપણાં ગામમાં હૉસ્પિટલ થઇ. આપણા ગામનો વિકાસ થયો!" રે! આ વિચાર કેવો મૂર્ખાઈ ભરેલો છે? હૉસ્પિટલ થવાથી રાજી થવાનું કે નારાજ? પહેલાં તમારા ગામમાં લોકો ઓછા માંદા પડતા હતા માટે હૉસ્પિટલ વગર ચાલતું હતું. હવે હૉસ્પિટલની જરૂરિયાત ઊભી થઈ, માટે નક્કી થયું કે હવે ગામમાં લોકો માંદા વધુ પડવા લાગ્યા છે. આમાં રાજી થવાનું શું હોય?

હૉસ્પિટલ બંધાયા પછી અમુક વર્ષો થતાં લોકો બોલવા લાગે છે : "હવે તો તો અમારી હૉસ્પિટલ જોરદાર ચાલે છે. એટલા બધા દરદીઓ આવે છે કે હવે તો પચાસ ખાટલા વધારી મૂકવા પડ્યા છે. લોકો હૉસ્પિટલનો ખૂબ લાભ લે છે."

## હૉસ્પિટલો થવાથી રાજીપો તે હોય?

મને તો આમાં લોકોનું ગાંડપણ દેખાય છે. હૉસ્પિટલમાં ખાટલા વધ્યા એનું કારણ શું? એ તો કોઈ શોધતું જ નથી. કેટલી ભયંકર રીતે વિષયવાસનાઓ વધી હશે? હોટલોના જેવા તેવા આચડકુચડ ખાનપાન કેટલા વધ્યા હશે? એકધારા ટી.વી. અને સિનેમાના જોવાતાં દૃશ્યોને કારણે આંખો અને મગજના રોગો કેવા વધી ગયા હશે?

પણ આ બધી વાતો કોઈ સમજતું જ નથી. અને લોકો હૉસ્પિટલોના દવાઓના અને ડૉકટરોના વધતાં જતાં જંગલોમાં સદા માટે ફસાઈ જવા છતાં પાછા રાજી થાય છે. કેવી કમનશીબીની વાત છે!

## આ જંગલોમાંથી ઉગારશે, માત્ર ધર્મ

પ્રજાના જીવનમાં રોગો વધી રહ્યા છે. કૌટુમ્બિક ક્લેશોએ માઝા મૂકી છે. સ્ત્રીઓના અને પુરુષોના સમ્બન્ધોમાં વિકૃતિઓ પેઠી છે. માતા અને પિતાઓ સાથે પુત્રોના અને પુત્રવધૂઓના રોજ સંઘર્ષો ચાલી રહ્યા છે. સિનેમા અને ટી.વી ઓ દ્વારા માનવીય જીવનમાં વાસનાઓ ભડકે જલાવાઈ છે. હોટલો દ્વારા ગન્ધાતા ભોજનો ખવડાવીને પ્રજાનું આરોગ્ય ખતમ કરાયું છે.

આવી વિષય પરિસ્થિતિમાં બહાવરા બની ગયેલા માનવને એમાંથી બહાર નીકળવું અત્યન્ત મુશ્કેલ બની ગયું છે. આવા જંગલોને ક્ષણ માત્રમાં સળગાવી નાંખવા માટે ધર્મના શરણની એક જ ચિનગારી બસ છે.

## હજારો પ્રકારના ઝેર

વર્તમાન માનવજીવનમાં હજારો પ્રકારનાં ઝેર વ્યાપી રહ્યા છે. એવા ઝેરો તમને ન ચડે એ માટે અમે તમને કહીએ છીએ કે 'સિનેમાઓ ન જુઓ' 'એના પોસ્ટરો ઉપર પણ નજર ન કરો" હોટલોનું ખાવાનું બંધ કરો.' 'સેક્સી દૃશ્યો ને પ્રસારતા ટી. વી.ઓ ઘરમાં ન વસાવો.' 'કુસંગના ફંદાઓમાં ન ફસાઓ' 'ફેશનના મોહમાં ન પડો...' વગેરે...

**પણ...આવા અનેક પ્રકારના ઝેરના દ્વારો બન્ધ કરવા તમારા માટે અશક્ય નહિ હોય તો પણ દુ:શક્ય જરૂર છે. કાં ઝેર ચડવા ન દો; અથવા ચડેલા ઝેરને ઊતારવા માટે વારંવાર નોળવેલની પાસે જતા રહો.**

## તેહનું ઝેર નિવારણ ફણી સમ...

એમ કહેવાય છે કે સાપ અને નોળિયાનું જ્યારે યુદ્ધ થાય છે ત્યારે સાપ પોતાના જોરદાર ડંખ દ્વારા નોળિયાની નસેનસમાં ઝેર ઉતારવા મથતો હોય છે. બીજી બાજુ નોળીઓ પણ સાપને જોરદાર બચકાં ભરી રહ્યો છે. સાપને બચકાં ભરીભરીને તેના દેહના ફુરચાં ઉડાવી દેવાની ઝનૂની રમતે તે ચઢ્યો હોય છે.

આવા યુદ્ધમાં બન્ને સમાન–બલી બની રહે છે. કદાચ બે યનું મોત એ જ આ યુદ્ધનું પરિણામ બની રહે છે.

પણ નોળિયાનો વિજય નોળવેલમાં છુપાયો હોય છે. યુદ્ધ ખેલતો નોળિયો ગમે તે રીતે સાપને નોળવેલ નામની વનસ્પતિ સુધી ઢસડી જાય તો બાજી એની તરફેણમાં પલટાઈ જાય છે. સાપે એના દેહમાં ચડાવેલું ઝેર નોળવેલને સૂંઘવા માત્રથી ઉતરી જાય છે અને પછી નોળિયો જોરદાર પ્રહાર કરવા માટે સાપ ઉપર ત્રાટકે છે. અન્તે સાપ મોતને ભેટે છે. અને નોળિયો વિજયી બને છે.

નોળિયાના આ વિજયનું બળ નોળવેલની શરણાગતિ છે.

## સંસારના ઝેર ઉતારનારી નોળવેલ : મન્દિરો

તમારા જીવનમાં વ્યાપ્યા છે આવા કોઈ ઝેર? હિંસા, જૂઠ, ચોરી, અપ્રામાણિકતા, કામવાસના, ક્રોધ, વિશ્વાસઘાત કે દગાબાજી વગેરેના... આવા બધા સંસારના અનેક પ્રકારના પાપોમાંથી સીધા જ છૂટી જવાય તો બહુ સરસ. પણ એ ન જ બને તો એ પાપોના ઝેરની તાણમાંથી છૂટો. અને એ માટે તમારા નાકે નોળવેલ લગાડો. નોલવેલને તમે સૂંઘો.

જીવનમાં જામેલી વિષયની વાસનાઓ, કષાયોની હોળીઓ, અનેક પ્રકારના કુસંગો, મનમાં ફેલાયેલી શયતાની વૃત્તિઓ—આવા સો સો સાપના ઝેરમાંથી છોડાવે છે, વીતરાગ પરમાત્મા : તેમનું મંદિર : અને તેમની પરા ભક્તિ!

વાલિ રોજ પ્રાતઃકાળે પરમાત્માના મન્દિરોમાં જતા હતા. તમે પણ રોજ પરમાત્માના દર્શનાર્થે મન્દિરોમાં જાઓ. અને ભગવાનની ભક્તિ કરો. આ ભક્તિ સંસારનાં હજારો પ્રકારનાં ઝેરોને ઊતારી નાંખનારી નોળવેલ છે.

## ગામ અને ઘર પણ કેવાં જોઈએ?

પૂર્વના કાળનાં એમ કહેવાતું કે એવા ગામમાં વસવાટ કરવો જોઈએ કે જ્યાં કોઈ પણ કારણે ગામ બહાર જવાનું હોય તો કયાંક પણ મન્દિર ભટકાઈ જ જાય.

ગામના કોઈ પણ દરવાજેથી તમે બહાર નીકળો તો મન્દિરોની દિવાલ તો ઘસાય. અર્થાત્ મન્દિરો તો વચ્ચે આવે જ.

વળી એવા મકાનોમાં રહેવું જોઈએ કે જ્યાં સવારના પહોરમાં પથારીમાંથી ઊઠતાંની સાથે જ બારીએથી મન્દિરની ધજા દેખાય. ઘરમાં સૂતા, બેસતા કે ઊઠતાં વારંવાર પેલી ધજા દેખાતા તેને નમસ્કાર કરવાની તક મળે.

ઘર અને ગામ આવા જોઈએ, જ્યાં મોક્ષદાતા ઇષ્ટ પરમાત્માનું મન્દિર મળે. આજે પણ હિન્દુસ્થાનના સાત લાખ ગામો તમે જોઈ આવો. તમને લાખો ગામ એવા મળશે કે જ્યાં અનેક મન્દિરો જોવા મળે. સંસારના વિષય અને કષાયના ઝેર ઉતારનારી ભક્તિ એ તો આપણાં જીવનનું મુખ્ય સાધન બની જવું જોઈએ.

## પાયાના બે ધર્મો : ઈશ્વરપ્રીતિ અને પાપભીતિ

ધર્મ વિના ચાલી શકે એવી સ્થિતિ જ નથી. ધર્મ શબ્દ સાંભળીને ભડકી ઊઠો નહિ.

ઉત્તમકક્ષાના મોક્ષપ્રાપક અનુષ્ઠાન–ધર્મો જીવનમાં ન આવી શકે તો ય માનવજીવનને સફળ બનાવવા સારું છેવટમાં છેવટ બે ધર્મો તો જીવનમાં આત્મસાત્ કરવા જ જોઇએ.

એક ધર્મ છે; ઈશ્વરની પ્રીતિ અને બીજો ધર્મ છે; પાપોની ભીતિ.

ધર્મનો પાયો જ આ પ્રીતિ અને ભીતિ છે. આ પાયાના મંડાણ ઉપર જ ઊંચી કક્ષાના સદ્ગુણો પ્રાપ્ત થાય છે.

## પાપથી ડરનારો સુખમાં ય ખોટું કરે નહિ

પાપથી ડરનારો માણસ ખોટાં કામ નહિ કરી શકે. કારણ એને ખબર છે કે હું અમુક કામ કરીશ તો તેનાથી મને પાપ લાગશે.

આવો માણસ લાંચ–રૂશ્વત નહિ લે. અનીતિ નહિ કરે. દગો–ફટકો નહિ આચરે. ફ્લૅટો વસાવી લઈને એમાં ભોગસુખો માણી લેવાનું પસન્દ નહિ કરે. કારણ કે એના અંતરમાં પાપની ભીતિ છે.

જેના અંતરમાં પાપનો લગીરે ભય નથી એવા માણસોને મન્દિરો, માળાના મણકાઓ, કે ધર્મસ્થાનોના ચોરસાઓ ઘસાઈ જવા છતાંય ફળદાયી બની શકતા નથી.

## ઈશ્વર પ્રત્યે પ્રીતિવાળાને દુ:ખમાં ય શાંતિ

જ્યારે જ્યારે જીવનમાં દુ:ખો આવે, આઘાતો અને પ્રત્યાઘાતો આવે, ત્યારે પરમાત્મારૂપી આ માતાની ગોદમાં તે સૂઈ જાય છે.

જો તે વૈદિક પરમ્પરાને માનનારો હોય તો એમ બોલી ઊઠે છે કે, "મારા માથે હજાર હાથનો ધણી બેઠો છે. એને ગમ્યું તે ખરું. ભગવાનની ઈચ્છા આવી જ હશે તેથી આમ બન્યું. આ મારો સગો દીકરો મારી સામે પૈસા ખાતર કોર્ટે ચઢ્યો છે. પણ કાંઈ વાંધો નહિ! ભગવાન કદાચ આ જ રીતે મારી કસોટી કરતા હશે."

જો તે જૈન પરમ્પરાને વરેલો હશે તો, જગત્કર્તૃત્વના મતે પણ ઇશ્વરને ય છેવટે જેની સામે જોવું પડે છે, તે કર્મને જ પ્રાધાન્ય આપશે. અને કહેશે કે, "મારા જ પાપકર્મોના ઉદયો થયા હોય તેમાં બીજો કોઈ શું કરે? છોકરો ય શું કરે? મારી સામે એણે દાવો માંડ્યો. ભલે એમાં એનો કોઈ દોષ નથી. બધું કર્મના ગણિત પ્રમાણે બને જ જાય છે. એમાં વળી શોક શો?"

## વધુ પાપો ક્યાં? સુખીઓને ત્યાં

પાપો વધ્યા છે ક્યાં? સુખીઓને ત્યાં જ ને? કેટ-કેટલાં છે સુખીઓનાં જીવનમાં પાપ! દુઃખીઓ તો બિચારા એવા પાપ કરી શકતા નથી. પાપો કરવાની સામગ્રીઓ—અત્યન્ત સુન્દર રૂપ, ઢગલાબંધ સમ્પતિ, હૃષ્ટપુષ્ટ શરીર, જોરાવર જુવાની, બધા જ પ્રકારની અનુકૂળતાઓ,—આ બધું શ્રીમન્તો પાસે છે. જેની પાસે નોટોની થપ્પીઓ છે. એને ઘણા મોટા પાપ કરવાનું પણ સહેલ થઈ પડે છે! દુઃખીઓ પાસે આમાનું કાંઈ નથી.

એમને તો બિચારાઓને એક ટંકના ભોજનના ય ફાંફા છે. એ શી રીતે વિલાસી જીવનનાં પાપો આચારી શકે?

સુખીઓના જીવનમાં પણ જો ઈશપ્રીતિ અને પાપભીતિ પ્રવેશી જાય તો સુખના કાળમાં આવી જતું ભોગો પ્રત્યેનું પાગલપણું અને તેમાંથી જન્મ પામતું પાપોનું આચરણ બન્નેય દૂર થઈ જાય.

## શું સંસાર સદા લીલોછમ રહેશે?

શું તમે એમ માનો છો કે તમારી પેઢીઓ કદી પણ ઊઠી જવાની નથી?

શું તમે એમ માનો છો કે તમારા જીવનના બધા ય વર્ષો આવાને આવા જ પસાર થવાના છે?

શું તમે માનો છો કે તમારા બંગલાઓ અને ફ્લેટોમાં સદા કાળ સ્વર્ગ રહેવાનું છે?

શું તમે એમ માનો છો કે તમારા પત્ની કે બાળકો ક્યારેય પણ છેહ દેવાના જ નથી?

શું તમે એમ માનો છો કે તમારો સંસાર સદા માટે લીલોછમ જ રહેવાનો છે?

કર્મોની ઉથલપાથલો, વાસનાઓના અણધાર્યા તોફાન અને તેની સાથોસાથ આજનું વિષમ રાજકારણ સુખી માનવના સંસારને ગમે તે પળે ઉથલાવી નાંખવાની પૂરી તાકાત ધરાવે છે.

આવી વિષમ સ્થિતિમાં ધર્મ–તત્ત્વ વિના હવે કોઇ શરણ નથી. લોકો આજે ધર્મની ના પાડે છે. પરંતુ જીવનમાં આવતા સુખદુ:ખના અલટાપલટાઓની સામે ટકવા માટે ધર્મ વિના કદી ચાલી શકવાનું નથી.

## આલ્બર્ટ આઈન્સ્ટાઈનની વધતી જતી ઈશ્વરશ્રદ્ધા

આઈન્સ્ટાઈન જેવો વૈજ્ઞાનિક પોતાની આત્મકથામાં લખે છે કે "કેટલીકવાર જ્યારે હું મારા રૂમમાં ગણિતના કોયડા ઉકેલતો બેઠો હોઉં છું, અને સમીકરણો શોધતો હોઉં છું, ત્યારે જો મને કોઈ ઉકેલ ન મળે તો હું આંકડાઓની વચમાં 'G' લખું છું. આ 'G'નો અર્થ થાય છે 'God'. અર્થાત્ ભગવાન. હું ભગવાનનું સ્મરણ કરું છું એટલે તરત મારી મૂંઝવણો દૂર થઈ જાય છે."

અન્યત્ર તેણે કહ્યું છે, "વૃદ્ધાવસ્થામાં મારી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધતી ચાલી છે."

જેની પાસે અપેક્ષા પણ ન રાખી શકાય તેવા માણસોમાં ઈશ્વર કે ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વધતી જાય છે ત્યારે આ દેશના લાખો લોકોની ધર્મશ્રદ્ધા નષ્ટભ્રષ્ટ થતી જાય છે! કેવી કમનશીબ દશા!

## પૂર્વે, ધર્મથી જ પ્રજાનું પરસ્પર રક્ષણ

જ્યાં સુધી આ દેશમાં ધર્મ ઉત્કૃષ્ટ રીતે જીવન્ત હતો ત્યાં સુધી સહુ સુખે અલીન અને દુ:ખે અદીન બનીને જીવતા હતા. સામાન્ય રીતે ભદ્ર સમાજ પોતાના પરસ્પરના કર્તવ્યોને સમજતો હતો.

એક ચિન્તકે આ વાત આ શ્લોકમાં જણાવી છે...

> "न राज्यं न च राजाऽऽसीत्, न धर्मो न च धार्मिकः।
> धर्मेणैव प्रजाः सर्वा रक्ष्यन्ति स्म परस्परम्॥"

દા. ત. રસ્તામાં જો કોઈ ઘાયલ માણસ પડ્યો હોય તેને ઊંચકીને ઘેર લઈ જવો અને તેની યથાયોગ્ય સંભાળ કરવી એ આપણું કર્તવ્ય છે એમ એ સમયના લોકો સહજ રીતે સમજતા હતા.

## શું આ માણસો વસ્તુતઃ સુધારેલા છે?

આજે તો પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. આજે તો રસ્તામાં પડેલા ઘાયલને માટે તરત ફોન કરવામાં આવે છે. ઍમ્બ્યુલન્સ બોલાવવામાં આવે છે. અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. પણ પોતાની મોટરનો ઉપયોગ કરવાનું, પોતાના ઘરે લઈ જઈ તેનો યોગ્ય ઉપચાર કરવાનું કોઈને દિલ જ થતું નથી!

અરે! ખુદ પિતા બિમાર પડે તો તેને તુરત દીકરો હૉસ્પિટલમાં દાખલ કરી દે છે. અને ત્યાંના ડૉક્ટરોને કેસ સોંપી દઈ ને પોતે ચિંતામુક્ત થઈ જાય છે!

પતિની સેવા પત્નીએ જ કરવી જોઈએ આ આર્યનિયમ આજે ભુલાયો છે. અને એથી જ પત્ની પોતાનો પતિ નર્સોને સોંપી દે છે!

અફસોસ! આવા માણસો પોતાની જાતને શિક્ષિત કહેવડાવે છે અથવા સુધરેલા ગણાવે છે!

## જમાનો પલટાયો છે કે માણસ?

લોકો કહે છે : "જમાનો પટલાઈ ગયો છે."

હું કહું છું : "જમાનો પલટાયો જ નથી. માણસ જ પલટાઇ ગયા છે. જમાનાના નામે પોતાની ઐહિક આસક્તિઓનું જોર છાવરવાના કામ સુધરેલા–શિક્ષિત કહેવાતા લોકો કરી રહ્યા છે."

કોણ કહે છે : કાળ પલટાઈ ગયો છે? કાળ પલટાયો જ નથી. માણસનું કાળજું પલટાઈ ગયું છે.

## કાળ નહિ, કાળજું બગડ્યું છે

પોતાની દીકરી જો સ્કર્ટ પહેરીને બહારફરવા નીકળે તો આજની માતાને આનન્દ થાય છે. એનાં ઉદ્‌ભટ કપડાં જોઈને મા ખુશ થાય છે. અને જ્યારે એ માતાને કહેવામાં આવે કે 'આ શું બની રહ્યું છે? આવા કપડા તમારી દીકરીને શોભતા હશે?' ત્યારે માતા ફટ્ લઈને જવાબ આપે છે: "કાળ ખરાબ આવ્યો છે. આપણું શું ચાલે?"

આ હડડતું જુઠાણું છે. કાળ ક્યારેય ખરાબ ન હતો. આજે ય નથી. પણ પ્રજાનું કાળજું જ ખરાબ થઈ ગયું છે. કાળજાની ખરાબીને ઢાંકવા કાળની ખરાબીનું ઓઠું ધરવામાં આવ્યું છે.

## જાતે ભોગ આપવા કોઈ તૈયાર નથી

આજે બધું જ સરકારને અને સામાજિક કે ધાર્મિક સંસ્થાઓને ભળાવી દેવામાં આવી રહ્યું છે. "રસ્તામાં કોઈ માણસ ઘાયલ થઈ ગયો છે. ચાલો. એમ્બ્યુલન્સ બોલાવી લો." એમ્બ્યુલન્સ કોની? સરકારની. તમારે શું કરવાનું? અમારે માત્ર ફોન કરવાનો. સિવાય કશું નહિ.

યાદ રાખજો, આજે દરદીઓ તો હૉસ્પિટલોને અને દીકરા-દીકરીઓ શિક્ષકોને સોંપાઈ ગયા છે પણ હવે તો એ યુગ આવી રહ્યો છે કે મા-બાપો ઘરડા-ઘરોમાં સોંપાઈ જશે. અને બાબા-બેબીઓને 'બેબી સેટીંગ સેન્ટરોમાં' માતાઓ જ મૂકી જઈને નોકરી કરવા ચાલી જશે.

તમે લખપતિ હો તો તમે કરી શિયાળાની કડકડતી ઠંડીમાં, સવારે વહેલા ઊઠીને, રોડ ઉપર સૂતેલા સેંકડો ગરીબોને ક્યારેય ધાબળા ઓઢાડી આવ્યા છો?

તમે આવા સમયે 'લાયન' કે 'જાયન્ટ' કલબો વગેરેને કદાચ યાદ કરશો! હાય! માનવ કેટલો સ્વાર્થમાં ફસાયો છો?

માનવની આ નીતિને એક ચિન્તક 'They-ism' કહે છે. "આ સેવાનું કામ કોણ કરશે?" તો કહે કે "they = પેલા કરશે."...

"આ માણસને દાન કોણ દેશે?" તો કહેશે કે "પેલી કલબ દેશે."...દરેક વાતમાં 'પેલો કરશે...અને પેલી કરશે..." આવી વૃત્તિ ધારણ કરવી એ જ 'ધે-ઈઝમ.'

તમારા ઘરમાં અને પેઢીમાં તમે દસ નોકરોને પોષી શકો છો. પણ મંદિરમાં એક પૂજારીને પગાર તમારા તરફથી આપવાનું ઔદાર્ય તમે કેળવી શકો છો ખરા?

"મારા દસ નોકરો છે. ચાલો. દસ ભેગો આ એક અગિયારમો. હું એમ માનીશ કે મારી દુકાનમાં અગિયાર માણસો કામ કરતા હતા." આવો વિચાર તમને આવે ખરો? તમારે કશું જ કરવાનું નહિ? તમારે માત્ર ઑર્ડરો જ કરવાના? અફસોસ.

કેવો બન્યો છે માનવ! 'બધું બીજાઓ કરે' એવી નફફટ વૃત્તિની પછેડી ઓઢી લઈને સ્વાર્થ અને વિલાસભર્યા જીવનની મીઠી નીંદર માણી રહ્યો છે!

## વાલિ-પ્રશંસાથી અસહિષ્ણુ રાવણ

હવે આપણે વાલિના પ્રસંગમાં આગળ વધીએ. વાલિનું સમગ્ર જીવન ધર્મમય હતું. એમના વિપુલ પુણ્યથી એમનો રાજ્ય-વ્યવહાર સુન્દર રીતે ચાલ્યા કરતો હતો.

એમનો પ્રજા પ્રત્યેનો પ્રેમ, સજ્જનોનું બહુમાન, દીન દુ:ખિતોની અનુકમ્પા, પ્રૌઢ પ્રૌઢ પ્રતાપ અને બલવત્તા વગેરે ગુણોની સુવાસ ચોતરફ પ્રસરી હતી.

ધર્માત્મા વાલિનો ઉત્કર્ષ રાજા રાવણથી ન ખમાયો. રાજા વાલિની કીર્તિ એને કંટકની જેમ ખૂંચવા લાગી. રાજા રાવણ ઇર્ષ્યાની આગથી ભડકે સળગવા લાગ્યા.

## બીજાની લીટી કાપીને મહાન ન બનાય

બીજાના સદ્ગુણોની સુવાસ વધતી જતી જોઈને તેને ખતમ કરી નાંખવાની વૃત્તિથી કદી મહાન બની જવાતું નથી. બીજાના ગુણોનો પ્રભાવ ફેલાતો જોઈને ઘણીવાર માણસ લઘુતાગ્રન્થિ [Inferiority Complex]ની પીડાથી પીડાતો જાય છે. આ સારું નથી. એક નાની લીટી દોરવામાં આવી હોય તે લીટીને મોટી બતાડવાના બે રસ્તા છે.

(૧) તે લીટીને બાજુમાં રહેલી મોટી લીટીને એટલી બધી ભૂંસી નાખવી કે બાજુમાં રહેલી નાની લીટી મોટી દેખાય.

(૨) અને...તે નાની લીટીને જ મોટી કરવામાં આવે કે જેથી હકીકતમાં જ તે મોટી બની જાય.

આ બે રસ્તામાં બીજો રસ્તો જ શ્રેષ્ઠ છે. દુર્જન માણસો પહેલો રસ્તો સ્વીકારે છે. પોતાના દુર્ગુણોને ઢાંકવા, એને છાવરવા માટે દુર્જનો બીજા માણસોના ચારિત્ર ઉપર આક્ષેપો કરવા સુધી જાય છે. બીજાઓને ગાળો દે છે. આમ કરવા દ્વારા એ પોતાની જાતને–લીટીને–મોટી દેખાડવાનો પ્રયત્ન કરે છે.

આખો સમાજ આજે લગભગ આવા એકબીજાના ચારિત્ર્યખણ્ડન કરવાના નિન્દ્ય કામમાં અટવાઈ ગયો છે એમ નથી લાગતું શું?

## ...તો તો બીજાની ગરીબી જ તમારી શ્રીમન્તાઈ છે

પણ યાદ રાખજો કે બીજાઓની મોટી લીટી કાપી નાંખવાથી કાંઈ આપણી લીટી મોટી બની જતી નથી. બીજાઓને ગાળો દેવાથી કાંઈ આપણે મહાન્ બની જતા નથી. અને જો બીજાની હલકાઈમાં જ આપણી મોટાઈ સિદ્ધ થઈ જતી હોય તો બીજાની ગરીબી જ આપણી શ્રીમન્તાઈ બની જાય છે.

બીજાની હલકાઈ એ જ જો આપણી મહાનતા બની જતી હોય તો બીજાની ગરીબી એ આપણી શ્રીમંતાઈ બની જ જશે ને? વાહ! તો તો શ્રીમંત થવા માટેની બધી મહેનત મટી જશે!

મોટા થવા માટે સજ્જનો આવો હલકો રસ્તો પસંદ કરતા નથી. એ પોતે જાતે જ મહાન બનીને જગતમાં મહાન તરીકે પ્રકાશતા હોય છે.

## બીજાની ચિન્તા કરનારની બધા ચિન્તા કરે

રાવણ ખરેખર તો મહાન જ હતા. આમ છતાં વાલિના ઉત્કર્ષ–દર્શનમાં તેઓ ચૂકી ગયા. વાલિની પ્રશંસા તેમનાથી સહન ન થઈ. અને તેઓ ઈર્ષ્યામાં ફસાઈ ગયા.

વાલિની પ્રશંસા બધા જ કરતા હતા. જે માણસો પ્રજાના પાલક હોય, ઉદાર હોય, જાતે ઘસાઈને પણ બીજાનું કરી છૂટવાની વૃત્તિવાળા હોય એને બધા જ ચાહે.

બીજાઓની કાંઈ કરી છૂટવાની વૃત્તિવાળાઓની બધા જ ચિન્તા કરે છે. એને પોતાને એની ચિન્તા કરવી જ પડતી નથી. રે ! પારકાના સુખની તમે ચિન્તા‌ા કરો એમ કહેવાનું તો દૂર રહ્યું પણ તમારા કુટુમ્બીજનોના વિષયોમાં ય કેવો સ્વાર્થ આજે ફેલાણો છે ?

બાર કેળાં ઘરે લઈ ને જતો બાપ, રસ્તામાં છ કેળા ખાઈ જઈ ને પાછો ઘરમાં છ માંથી પોતાનો એક ભાગ માંગતો હોય તો એ શું સ્વાર્થની પરાકાષ્ટા નથી ?

જે માણસો પોતાના ઘરની વ્યક્તિઓ સાથે પણ આવું આચરણ કરે છે એવા સ્વાર્થશૂરા માણસો બીજાઓની સેવા કરે એ તો અશક્ય જેવી વાત જણાય છે.

## રાવણનો સન્દેશો અને વાલિનો ચમચમતો જવાબ

રાવણ જાતે વાલિની જેમ મહાન્ બનવાની વૃત્તિ કેળવવાને બદલે એના ઉપર ક્રોધે ભરાયા. અને એને પોતાના દૂત સાથે સન્દેશો કહેવડાવ્યો કે, "તમારા પૂર્વજો અમારા પૂર્વજોના શરણે આવ્યા હતા ત્યારથી માંડીને આપણા બન્ને રાજયો વચ્ચે સ્વામિસેવક ભાવનો સમ્બન્ધ જળવાયેલો છે. તમારા પિતાને પણ યમરાજાને ત્યાંથી બંદીખાનેથી છોડાવનારો હું જ હતો એ વાત સર્વવિદિત છે. આથી તમે આપણા આ સ્વામિસેવક ભાવ–સમ્બન્ધના નાતે અમારી સેવા કરો."

દૂત પાસેથી રાવણનો આ સન્દેશો સાંભળીને વાલિ કહે છે કે : "રાક્ષસદ્વીપ અને વાનરદ્વીપના રાજાઓ વચ્ચે આજ સુધી અખંડિત સ્નેહભાવ જળવાઈ રહ્યો છે તે હું જાણું છું. સમ્પત્તિ અને વિપત્તિના કાળમાં પરસ્પર કરેલી સહાય એનું કારણ માત્ર સ્નેહભાવ છે; નહિ કે સેવકભાવ.

"હે દૂત! તારા સ્વામીને કહે કે સર્વજ્ઞ અરિહન્તદેવ અને નિર્ગ્રન્થ ગુરુઓ સિવાય હવે મારા માથે કદી બીજો ધણી નહિ થઈ શકે. મને એ સમજાતું નથી કે તારા સ્વામીને આવા પ્રકારનો મનોરથ કેમ થયો છે? હે દૂત! તારા રાજાથી થાય તે કરી લે. એનો પ્રતિકાર કરવા હું તૈયાર છું. હવે તું અહીંથી વિદાય થઈ જા!"

વાલિનો સન્દેશો લઈને દૂત ચાલ્યો ગયો.

## કેવો વકર્યો છે; સર્વત્ર સ્વાર્થભાવ!

વાલિ અને રાવણની તકરાર સ્નેહભાવ અને સ્વામિસેવક ભાવના કારણે ઊભી થઈ હતી. આજે તો આ બન્ને ભાવોને ય ટપી જાય એવો એક ભાવ ચારે બાજુ જોરદાર ફેલાયો છે. અને તે છે; સ્વાર્થભાવ. લગભગ આખા જગતના જીવો ઉપર આ સ્વાર્થભાવે પોતાનો પંજો ફેલાવ્યો છે.

બનાસકાંઠાના એક ગામની આ વાત છે. એક સટોડિયો ત્યાં રહેતો હતો. એક વખત એ ખૂબ પૈસા કમાયો એટલે પોતાની પત્નીને કહે છે કે, "હવે હું ખૂબ પૈસા કમાયો છું. તો એ અઢળક પૈસો સોનાના ઘરેણાંમાં નાંખી દેવો જોઈએ. જેથી ભવિષ્યમાં વાંધો ન આવે."

પત્નીને તો આ મનગમતી વાત હતી. થોડા જ દિવસોમાં સોનાનાં ઘરેણાં બની ગયા.

વળી સટ્ટાના ચાર પાંચ દાવ ભારે સફળ ગયા. પણ છઠ્ઠી વખતે તે બધા પૈસા હારી ગયો. એને માથે મોટું દેવું થઈ ગયું. વલણમાં ચૂકવવા માટે એની પાસે પૈસા ન રહ્યા. હવે શું કરે?

એક દિવસ રાત્રે તે પત્નીને કહે છે: "મારે વલણમાં પૈસા ચૂકવાના છે. તું તારા ઘરેણાં હમણાં કામચલાઉ મને આપે. તો સારા વેપારીને ત્યાં તે ગીરવે મૂકીને હું વલણ ચૂકવી શકું."

તે વખતે પત્ની હસીને ના પાડી દે છે!

પતિ કહે છે, "જો તું દાગીના નહિ જ આપે તો કદાચ આવતી કાલનો સૂરજ મારા માટે ઊગશે નહિ."

પત્ની કહે: "એવી ધમકી તો ઘણી આપી. મને એની કોઈ ચિન્તા નથી."

પત્નીએ ઘરેણાં ન જ આપ્યા. અને અન્તે ખરેખર એનો પતિ સવારે ચાર વાગે ઘર છોડીને ચાલ્યો ગયો.

વીસ વર્ષ સુધી પોતાના પતિનો પત્તો લાગ્યો નહિ. છતાં પત્ની ઘરેણાં વગેરે

પહેરવાનો મોહ છોડી શકતી નથી. એટલે સ્વજનો કહે છે: "હવે તો તારા પતિ મરી ગયા હશે. હવે તો વૈધવ્ય સ્વીકાર. આ બધું તને શોભતું નથી."

છતાં પેલી સ્ત્રી કહે છે: "ના એ વાત ત્યારે જ માનું કે જ્યારે તમે માર. પતિનું મડદું લાવીને દેખાડો."

કેટલી હદ સુધી આ સ્વાર્થભાવ વકરી ગયો છે!

વર્તમાન કાળમાં જો પતિને પત્ની ન ગમી તો તુરત છૂટા છેડા દઈ દેવાય છે.

પત્નીને લગ્ન થતાં થોડા જ સમયમાં ગર્ભ રહે તો બાળ–ઉછેરના કંટાળાથી ગર્ભપાત કરાવી નાંખે છે.

હાય! હવે તો એ સમય પણ આવી રહ્યો છે કે ઘરડા મા–બાપો પણ પોષવા માટે ભારે પડશે તો 'Slow Poison' દ્વારા પતાવી નાંખવામાં આવશે.

જેને તમે તમારા માનો છો એ કદી તમારા રહેવાના નથી. જેમની ખાતર અનેક કાળાં કામ કરતાં માણસ અચકાતો નથી એ જ સ્નેહીઓ પોતાના સ્વાર્થમાં એવા ચૂર છે કે ક્યારે એને દગો દઈ દેશે તે કહી શકાય તેવું નથી. કોઈ ક્યારેય કોઈનું સગું થવાનું નથી.

સગાં છે; સહુ સ્વાર્થના! માત્ર સ્વાર્થના!

## વાલિ – રાવણનું યુદ્ધ

હવે મૂળ વાત ઉપર આવીએ.

મહારાજા વાલીનો સંદેશ લઈને દૂતે રાજા રાવણને પહોંચાડ્યો. સાંભળતાં જ પગથી માથા સુધી–રૂવાંડે રૂંવાડે રાજા રાવણ જલી ઊઠ્યા.

અને...એક દી રણશિંગા ફૂંકાઈ ગયા. યુદ્ધની નોબતો બજી ગઇ. મહારાજા વાલી અને રાજા રાવણ વચ્ચે ખૂનખાર જંગ શરૂ થઈ ગયો.

ચારે બાજુ...ચીસો અને ચીચીઆરીઓ; ગગનમાં અદ્ધર ઊડતાં ધડ અને માથાં; કપાઈ જતા હાથ અને પગ; ધરતી ઉપર ઢળી પડતાં હસ્તિ અને અશ્વો...ના દૃશ્યો એ આખી યુદ્ધભૂમિ જાણે ભયાનક તાંડવ બની ગઈ.

પણ સબૂર! ખૂનખાર જંગ ખેલતા રાજા વાલિના હૈયે કોઈ ચેન નથી. અઘોર હિંસાનું એ તાંડવ એનાથી જોયું જાતું નથી.

## હૈદ્રાબાદની રકાબી જેવું ધર્મીનું હૃદય

ધર્મી આત્મા સૌ પ્રથમ તો પાપ કરે જ નહિ. જેમ બને તેમ એ પાપોથી ભાગતો નાસતો જ ફરે.

અને...કદાચ એને પાપ કરવું જ પડે તો ય તેના અંતરની રકાબી તો સદા ધ્રૂજતી જ રહે. પાપ કરવાનું આવે એટલે એનું અંતર રડતું જ રહે.

હૈદ્રાબાદમાં એક મ્યુઝિયમ છે. તેમાં એક વિશિષ્ટ કોટિની રકાબી છે. પૂર્વના રાજા મહારાજાઓ આ રકાબી રાખતા હતા. આ રકાબીની જે ધાતુ છે તેની બનાવટ જ એવા પ્રકારની છે કે તેમાં ઝેરી ખાદ્યપદાર્થ મૂકતાં જ એ રકાબી તતડ તતડ અવાજ કરવા લાગે. જૂના કાળમાં રાજાઓને મારી નાંખવા માટે વિષપ્રયોગો થતાં. એમાંથી બચવા માટે આ પ્રકારની ખાસ રકાબી બનાવાઈ હતી.

ધર્મી માણસોનું હૃદય આવી રકાબી જેવું હોય છે. ન છૂટકે એમને પાપ કરવું જ પડે ત્યારે પણ એમના હૃદયની રકાબી ધ્રૂજ્યા જ કરે. એમનું અંતર [ conscience ] એમને સતત કરડ્યા [ Bite ] જ કરે.

એના અન્તરમાં એવા વિચારો ચક્કરો માર્યા જ કરે કે, "શા માટે હું આવું અકાર્ય કરું છું? નાનકડા સ્વાર્થ ખાતર આવા ખોટાં કામ કરવા એ મને શું શોભે છે? આનાથી મને કદી શાન્તિ નહિ મળે. વર્તમાન કાળનું થોડુંક સુખ મેળવી લેવા સારું નાહકના આ પાપો શા માટે મારે કરવા જોઈએ? જે પરલોક બગાડે. પરમલોક બગાડે. પરમાત્માને ભૂલાવે."

## વાલિના હૈયે ઘૂઘવાટ કરતો દયાનો સાગર

વાલિ આવા ધર્માત્મા હતા. યુદ્ધમાં થતી ઘોર સંહાર-લીલા જોઈ વાલિના હૈયે દયાનો સાગર ઘૂઘવાટ કરવા લાગ્યો.

"અનેકોનો વિનાશ કરનારું આ યુદ્ધ ! શા માટે પણ? મરતા માનવોના બાળ બચ્ચાનું શું થશે? એ બાળકોને નબાપા કરી નાંખવાનો આપણને શું અધિકાર છે? કોઈની સ્ત્રીઓને વિધવા કરવાનું કે કોઈ મા–બાપોને નિરાધાર કરી નાંખવાનું આ પાપ-કાર્ય મારે ન જ કરવું જોઈએ. વળી મારા પરમલોકનું અને પરલોકનું શું? મારે મરીને જવું ક્યાં?"

વાલિના હૈયે વિરાજેલી દયાની દેવી જાણે આ શબ્દો ઉચ્ચારતી હતી.

વાલિએ તુરત જ રાવણને જણાવ્યું: "એક વિવેકી માણસ માટે સામાન્ય પ્રાણીનો પણ વધ કરવો જો યોગ્ય નથી તો આવા હજારો પંચેન્દ્રિય પ્રાણીઓની હિંસા આપણાથી કેમ થાય? એક જ પરમાત્માના આપણે બેય ઉપાસક. અહિંસાધર્મને માનનારા અને પાળનારા. શા માટે આપણી સત્તાભૂખ ખાતર હજારો નિર્દોષ જીવોની લોથ વાળી નાંખીએ? પરાક્રમી પુરુષો તો પોતાના બાહુબળથી જય અને વિજયને ઇચ્છે છે."

રાવણે વાલિની આ વાત સ્વીકારી લીધી. કારણ રાવણ પણ ધર્મના જાણકાર હતા.

દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. બન્ને વચ્ચે જુદા જુદા દાવપેચો ખેલાવા લાગ્યા. કેમેય રાવણનો વિજય વાવટો ફરતો નથી. રાવણ જે જે અસ્ત્રો અને શસ્ત્રાસ્ત્રો છોડે છે એને વાલિ પરાસ્ત કરી નાંખે છે.

બધાય દાવો નિષ્ફળ જતાં ક્રોધે ભરાયેલા રાવણે છેલ્લામાં છેલ્લું, દેવાત્માઓ પાસેથી પ્રાપ્ત કરેલું, ચન્દ્રહાસ નામનું ખડ્ગ ઉપાડ્યું. અને...વાલિ તરફ જોરથી દોટ મૂકી.

## વાલિની આંતર-દશા

દૂરથી ધસી આવતા, ક્રોધથી ધમધમતા, માનની ભયંકર ભૂખે વલવલતાં રાવણને આવતો જોતા વાલિએ શું શું નહિ વિચાર્યું હોય? એ ધર્માત્માને આંતરચક્ષુથી સત્તા લાલસાની અગનજવાળાઓ કેવી દેખાઈ ગઈ હશે?

"અરેરે! આ માનદશા! ધરતીની આટલી કાળીભૂખ!! એની ખાતર આટલુ બધું ખુન્નસ! આણે મિત્રને ય શત્રુ બનાવ્યો! એક જ ધર્મના ઉપાસક હોવા છતાં, એક જ ભગવાનના ભક્ત હોવા છતાં, પોતાનું દાસત્વ સ્વીકરાવવાની સ્વાર્થી માનદશા ખાતર આટલું ભયંકર યુદ્ધ!! બીજાનું પડાવી લેવાની આટલી ઘોર સ્વાર્થાન્ધતા!! ધિક્કાર છે; આ સંસારને! વિષયોને અને કષાયોને! મારે ન ખપે આ સંસાર અને ન ખપે આ સિંહાસન!

ખેર્...જે બની ગયું તે ખરું. હવે રાવણને જરાક બોધપાઠ આવી દઉં અને તરત જ મારો કલ્યાણનો માર્ગ આરાધી લઉં"

## માનવને જ મારતો માનવ

માણસ વધુમાં વધુ જો કોઈનો શત્રુ હોય તો તે માણસનો જ છે.

એક ચીની કથા છે. જંગલમાં એક સિંહણ, પોતાના બચ્ચા સાથે ઊભેલી હતી. ત્યાં બાજુમાંથી 'લેફ્ટ-રાઈટ' 'લેફ્ટ-રાઈટ'...કરતાં સૈનિકો માર્ચ કરી રહ્યા હતા.

એમને જોઈને સિંહણનું બચ્ચું ગભરાઈ ઊઠયું અને થરથર ધ્રૂજવા લાગ્યું. માતાની પાસે જઈને લપાઈ ગયું.

એ વખતે એની મા-સિંહણ એને કહે છે. "બેટા! ગભરાઈશ નહિ. આ સૈનિકો આપણને મારવા આવતા નથી. આ તો એમના જ જાત ભાઈઓને મારવા જઈ રહ્યા છે. વાઘ, સિંહ, રીંછ, શિયાળ વગેરે પ્રાણીઓ એવા છે કે જે પોતાના

જાતભાઈને જલદી મારતા નથી. એક માત્ર આ માનવ જાત જ એવી છે કે જે પોતાના જાતભાઈઓને મારવામાં પણ જરા ય હિચકિચાટ અનુભવતી નથી.

## આપસ આપસની યાદવાસ્થળી

માનવો, માનવોને તો મારે છે; એમાં ય ભારતીયો જ મોટે ભાગે ભારતીયોનું અહિત કરતા જોવા મળશે. પાકિસ્તાન કદાચ ભારતને એટલું નુકસાન નહિ કરી શકે જેટલું નુકસાન ભારતના જ લોકોથી ભારતને થશે.

ભારતીયો–ભારતીયોમાં ય વળી ગુજરાતીઓ ગુજરાતીઓનું, પંજાબીઓ પંજાબીઓનું અહિત કરવા વધુ જલદી આગળ આવી જશે. જૈનો જ જૈનોનું અને બ્રાહ્મણો જ બ્રાહ્મણોનું અહિત કરી બેસે તે સુશક્ય છે. યાદવસ્થળી એ જાણે કેટલાય કાળથી આર્ય પ્રજા ઉપર પડેલો અભિશાપનો કાળો ઓળો છે! એથી જ આ દેશને ભારે હાનિ થઈ રહી છે.

## રાવણને બગલમાં લઈ લેતા વાલિ

રાવણ ચન્દ્રહાસ ખડ્ગને લઈને જેવો વાલિ પાસે આવ્યો કે ભારે ચપળતા પૂર્વક વાલિએ તેને એક દડાની માફક બગલમાં દબાવી દીધો. ત્યાર બાદ વાલિ પૃથ્વી ઉપર એક મોટું ચક્કર મારી આવ્યા. કેવું અસાધારણ પુણ્યબળ!

મેં પૂર્વે એક વાર કહ્યું હતું કે, આ જગતમાં આધિભૌતિક શક્તિ ખૂબ વધી દેખાય છે; પરન્તુ એનાથી ય ચઢિયાતી આધિદૈવિક શક્તિ હોય છે. એની પાસે પેલા ભૌતિક શક્તિના સ્વામી વૈજ્ઞાનિકો બિચારા રાંકડા જેવા છે. પરંતુ સબૂર! આ આધિદૈવિક શક્તિઓથી પણ ક્યાંય ચઢી જાય એવી હોય છે; આધ્યાત્મિક શક્તિઓ.

## ચારિત્ર્યશુદ્ધિના બળ પાસે વામણાં છે; દૈવીબળો

જેના રૂંવાડે ય વિકાર નથી એવા મહાબ્રહ્મચારી મુનિવરોના ચરણોના દાસ બની જાય છે; પેલા સ્વર્ગની ભૂમિના દેવો!

ભૌતિક પ્રાપ્તિ માટે એવા દેવોના જપ કરવાના પ્રયત્નો સાધુ કરે નહિ.

જે સાધુઓ પાસે ચારિત્ર્યની શુદ્ધિનું પ્રચંડ બળ છે; શુદ્ધિની જાળવણી ખાતર જેઓ રાત્રિના સમયમાં નિરંતર ધ્યાન વગેરે કરતા હોય છે એવા મુનિઓ જગતના સુખોના પોષણ ખાતર દેવોને સિદ્ધ કરવા માળાઓ ફેરવતાં નથી. અને જો કદાચ દેવ આવી ચઢે તો એમને ગાંઠે ય નહિ એવી મસ્ત ખુમારીને સાધુઓ અનુભવતા હોય છે.

જે રાવણ ચન્દ્રહાસ ખડ્ગ લઈને વાલિને ખતમ કરવા તૈયાર થયો હતો તે રાવણને મચ્છરની જેમ બગલમાં દબાવી દેવા છતાં વાલિ તેને ખતમ કરી નાંખતા નથી. પણ દયાથી પ્રેરાઈને તેને જમીન ઉપર છોડી દે છે. એ વખતે રાવણનું મસ્તક લજ્જાથી નીચું નમી જાય છે.

## પ્રવ્રજ્યાના પંથે વિચરતા વાલિ

ત્યાર બાદ મહારાજા વાલિ કહે છે : "રાજા રાવણ! તમને આટલી ભયંકર સત્તાની ભૂખ જાગી? આપણી વચ્ચેના સ્નેહભાવને વિસારી દઈને મારા સ્વામી થવાનો માનકષાય તમને જાગી ઊઠ્યો?

"મારે માટે તો આ જગતમાં વીતરાગ, સર્વજ્ઞ અને ત્રિલોકપૂજ્ય દેવાધિદેવ સિવાય કોઈ નમસ્કાર્ય નથી, મારા સ્વામી એ જ; બીજો મારે સ્વામી કેવો?"

"જ્યાં સુધી વાનરદ્વીપ ઉપર હું રાજ કરવાની ઈચ્છા કરું ત્યાં સુધી તો તમારા નસીબમાં એનું રાજ કરવાનું સંભવિત જ નથી. પણ...હવે તો હું જઈશ. મોક્ષ સામ્રાજ્યના પરમકારણભૂત પ્રવ્રજ્યાના કલ્યાણકર પંથે! અને યુવરાજ સુગ્રીવ તમારી આજ્ઞા ધારણ કરીને વાનરદ્વીપની રાજધાની કિષ્કિંધાનું રાજ્ય ચલાવશે.

## બીજાના દુર્ગુણો જોઈને ય પ્રેરણા પામી શકાય

રાવણની સત્તાભૂખ જોઈને વાલિને વૈરાગ્ય થયો. આવું ઘણી વાર આ જગતમાં બની જતું હોય છે.

બીજાનો ક્રોધ જોઈને આપણને વૈરાગ્ય થઈ જાય. પડોશી પોતાની પત્નીને અને બાળકોને મૂઢ માર મારતો હોય ત્યારે તમે કદાચ, પેલો પુરુષ બહુ ઝનુની હોય તો બચાવો નહિ એવું પણ બને. પરંતુ ઘેર જઈને તમારા પત્નીને તમે જરૂર કહો કે, "બાળકો વગેરેને આપણે કદી આ રીતે મારવા ન જોઈએ."

દુનિયાના કામી માણસોને જોઈને તમને વૈરાગ્ય થઈ જાય એવું પણ બને. 'આવા કામાંધ તો આપણે ન જ બનવું જોઈએ' એવું તમને થઈ જાય.

દુષ્ટ છોકરા અને છોકરીઓને જોઈને તમારા છોકરા–છોકરીઓને બચાવી લેવાનો તમે સંકલ્પ કરો એ સુસંભવિત છે. તમે એમ કહેશો કે, "જમાનો કેવો ભયંકર આવ્યો છે કે આજે છોકરાઓને કૉલેજમાં ન મોકલીએ તો ચાલે એવું નથી. પરંતુ પેલા છોકરા જેવું, દારૂડિયું અને દુરાચારી જીવન મારા દીકરાનું તો નહિ જ થવા દઉં. જુઓને...એ છોકરાએ પોતાના બાપની જિંદગી પણ ખલાસ કરી નાંખી.

છોકરાની ચિંતામાં ને ચિંતામાં એનો બાપ બિચારો પાગલ જેવો થઈ ગયો! હાય! મારા દીકરાનું જીવન એવું ન બને એની સખત કાળજી કરીશ."

આવું વિચારનારા પિતાઓ પણ હોય છે ને?

## ગુણીઓને જોઈને ગુણો પામો; અવગુણીઓને જોઈને અવગુણ ત્યાગો

મુનિઓના ઉજ્જવળ બ્રહ્મચર્ય વગેરેને જોઈ ને તમને બ્રહ્મચર્ય વગેરેના ગુણો મેળવવાની ઇચ્છા થઈ હશે. પણ હું કહું છું કે દુરાચારીઓના દુરાચાર જોઈ ને, એમના જીવનના ભયંકર કલેશો, એમની શક્તિઓના વિનિપાત, વિકૃત રોગોની ઉત્પત્તિઓ વગેરે જોઈને તમને આવા દુર્ગુણોના નાશની ઇચ્છા ક્યારેય પણ થઈ છે ખરી?

ગુણીઓને જોઈને તમારા જીવનમાં ગુણો પ્રાપ્ત કરો. પણ આ જગતમાં હરહમેશ ગુણીજનોનો સુકાળ તો ન જ હોય ને? તો, જગતમાં અવગુણીઆના જીવનના અવગુણો જોઈને એમાંથી ઉત્પન્ન થતાં હજારો દોષો જોઈને, અવગુણોના પાપે એના જીવનની બોલાયેલી ભયંકર તારાજી જોઈને એવા અવગુણી ન બની જવાય એ માટેનો ભીષ્મ સંકલ્પ તમે જરૂર કરી લેજો.

ટૂંકમાં અવગુણીને જોઈ ને તેના તરફ તિરસ્કાર કરવાને બદલે તમારા માટે કોઈક સુંદર પ્રેરણા મેળવી લેજો.

## સુગ્રાવ: રાવણનો ખંડિયો રાજા

વાલિને રાવણની સત્તાભૂખ જોઈને વૈરાગ્ય થયો અને એમણે દીક્ષા લીધી.

એ પહેલા વાલિએ સુગ્રીવને રાવણનો ખંડિયો રાજા બનાવી દીધો. રાજા વાલિના મનમાં એમ પણ હશે કે સુગ્રીવની એવી તાકાત કે એવું કોઈ વિશિષ્ટ પુણ્ય નથી કે તે રાવણને હંફાવી શકે. એટલે વ્યવસ્થા જ એવી કરી દીધી કે સુગ્રીવ રાવણના દાસત્વ નીચે આવી જાય. અને એનાથી રાવણનું માન પણ જળવાઈ જાય.

## સારા રાજાઓ ધરતી ભૂખ્યા નહિ, પણ માનભૂખ્યા હતા

રાવણને પણ આ વાત મંજૂર હતી. પૂર્વના કાળમાં સારા રાજાઓ ધરતી-ભૂખ્યા ન હતા, પણ માનભૂખ્યા હતા. જો શત્રુ રાજા દાસત્વ સ્વીકારી લે એટલે ત્યાં જ કામ પતી જાય. પછી વિજેતા રાજા શત્રુની ધરતીને અડે પણ નહિ. એ શત્રુ-રાજાને કહી દેતા, "તું મારો ખડિયો રાજા બની ગયો. બસ. મારું કામ પતી ગયું!

અરે ! શત્રુ રાજા દાંતમાં શરણાગતિને દર્શાવતું તણખલું લે એટલા માત્રથી જ એને વિજેતા રાજા છોડી મૂકતા. અને પાછા ચાલ્યા જતા.

## સાધુ બન્યા બાદ 'પ્લાનિંગ' ન હોય તો ?

દીક્ષા લીધા બાદ રાજા વાલિ સ્વકલ્યાણની ઉગ્ર સાધના કરે છે. જો સાધુ જીવનમાં પ્રવેશ કર્યા બાદ 'સાધુ બનીને હવે મારે શું કરવાનું છે? એનું કોઈ 'Planning' ન હોય, તો સંસારના ભાવોને ફરી એ સાધુના મનમાં પ્રવેશવાની તક મળી જાય છે.

કેટલીક વાર તો ખૂબ ઊંચા સ્થાને ગયા પછી વાસનાઓ વધુ જોરથી ભભૂકી ઊઠતી હોય છે. એની સામે જો તપ, ત્યાગ, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન, ભક્તિ વગેરેનો જીવનમાં ભરપૂર પ્રમાણમાં યોગ સાધવામાં ન આવે તો ત્યાગીઓના અન્તરમાં ય પુનઃ સંસાર ભાવનાઓ પ્રવેશી જવાની પૂરી શકયતા રહે છે. જે સંસાર ત્યાગીઓને પોતાના આત્મકલ્યાણની તલપ જાગતી નથી તેઓ પતનભાવ પામી જાય તો પણ નવાઈ પામવા જેવું નથી.

## જૈન દર્શન કહે છે : ભોગવિરક્તિની સાથે સાથે ગુણવિરક્તિ કેળવો

રાજર્ષિ વાલિ પોતે અસાધારણ કોટિનું સંયમ આરાધે છે. એના પ્રભાવે એમનામાં અનેક પ્રકારની લબ્ધિઓ અને શક્તિઓ ઉત્પન્ન થઈ જાય છે.

જૈન દર્શન કહે છે કે, સાધનાના પ્રભાવે યોગીઓના પેશાબમાં અને થૂંકમાં પણ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય તો પણ એનો ઉપયોગ કરીને ચમત્કારાદિમાં કોઈએ પડવું ન જોઈએ.

જગતના ભોગસુખો પુણ્યયોગે મળી જાય તો તેમાં વિરક્તિ મેળવવી એ હજી કદાચ સહેલ બની જાય. પરંતુ સંસારના એ ભોગસુખોને છોડીને ત્યાગી બની ગયા પછી વિશિષ્ટ સાધના દ્વારા પ્રાપ્ત થતી લબ્ધિઓ અને શક્તિઓમાં વિરક્તિ કેળવવી એ અત્યન્ત કઠિન બાબત છે. જેમ ભોગ-વિરક્તિ કેળવવી જોઈએ તેમ ભોગોના ત્યાગ દ્વારા પ્રાપ્ત થતી શક્તિઓમાં પણ વિરક્તિ કેળવવી જોઈએ. હૃદયમાં મોક્ષનું અર્થિપણું આવે ત્યારે જ આ વિરક્તિ શકય બને છે.

## મોક્ષના તલસાટ વિહોણી શક્તિઓ : મારકણી

માટે જ જૈન મુનિઓ સામાન્ય રીતે ચમત્કારો દ્વારા ધર્મનો પ્રભાવ ફેલાવવાની પ્રવૃત્તિમાં પડતા નથી. જેને મોક્ષ જ મેળવવો છે એ શક્તિઓનો આવી રીતે દુર્વ્યય શા માટે કરે ?

મોક્ષના તલસાટ વગર જીવનમાં જો પુણ્યબળે શક્તિઓ પ્રાપ્ત થઈ જાય તો તે મારકણી બને છે. આવા તલસાટ વિહોણા આત્મા પાસે પ્રચણ્ડ વિદ્વત્તા હોય કે સુન્દર રૂપ હોય, અથવા પ્રભાવક પ્રવચન શક્તિ હોય, બળવાન શરીર હોય, સત્તાનું સિંહાસન હોય, કે શ્રીમન્તાઈનું પુણ્ય હોય તો તે શક્તિઓ તેનું પતન જ કરે. આવી શક્તિઓથી તેનો નાશ જ થાય. સાધના વિના માત્ર પુણ્યકર્મના જોર ઉપર મેળવી લીધેલી શક્તિઓ પ્રસિદ્ધિની સાથોસાથ પતનની બક્ષિસ આપે છે.

પૂર્વના પુણ્યના જોરે કદાચ લખલૂટ લક્ષ્મી મળી ગઈ હોય તો પણ જો ત્યાં મોક્ષનો તલસાટ ન હોય તો એ જ લક્ષ્મી તે માણસનું ગળું પીસી નાંખનારી બને છે. તેને આધ્યાત્મિક દૃષ્ટિએ મારી નાંખે છે.

## મોક્ષ-તલસાટ વિહોણા પ્રચારકો Flash–જેવા

મોક્ષના તલસાટ વગરના કહેવાતા સદ્‌ગૃહસ્થો કે ત્યાગી સાધુઓ જો અંતરંગ રીતે પતિત થઈ જાય તો તેમાં કશી નવાઈ નથી. એવા પ્રચારકો જગતનું ઉત્થાન કરવા માટે શી રીતે સમર્થ બની શકશે? એમની પાસે પુણ્યનું જોર હોય તો કયારેક એમ લાગે કે હજારો માણસો એમની પાસે આવે છે અને એમને સાંભળે છે. પણ આ બધું એક Flash–ચમકારા જેવું હોય છે. ઘડીભર એની અંજામણમાં લોકો અંજાઈ જતા હોય; એના દ્વારા ઘણા માણસો ઊંચે ચઢી જતા હોય એમ લાગે પણ આ બધું કામચલાઉ જ સાબિત થતું હોય છે.

એક ત્યાગીનું પતન આ જગતનાં મોટા ધરતીકંપ કરતાં પણ વધુ ભયંકર હોનારત સર્જે છે. જે હજારો લોકો એમનાથી ધર્મ પામ્યા હોય છે એમના અન્તરની આધ્યાત્મિક ભૂમિઓમાં કડાકા બોલાય છે. અને ઘણી વાર એવા અર્ધદગ્ધ આત્માઓ બિચારા ધર્મતત્ત્વથી હજારો ગાઉ દૂર ભાગી છૂટતા હોય છે.

## સાધુત્વ પાલન, મોક્ષાર્થિત્વ વિના અસંભવિત

સાધુ બનતાં પહેલા સો સો વાર વિચાર કરજો. આત્મામાં પરિપકવ વૈરાગ્ય કેળવજો અને સાધુ બન્યા બાદ એને બરાબર પાળી જાણજો. આવું સાધુપણાનું ઉત્તમ પાલન મોક્ષને પામવાના તીવ્ર તલસાટ વગર સંભવિત જ નથી.

જેના અન્તરમાં મોક્ષનું અર્થિપણું આવી જાય છે એને બાહ્ય ભૌતિક સુખો અને આંતરિક સિદ્ધિઓની આસક્તિ રહેતી નથી.

## સંન્યાસીને આઠ મહાસિદ્ધિ = આઠ કાંકરા

એક મોટા સન્ન્યાસી પાસે એક યુવક સન્ન્યાસ સ્વીકારવા આવ્યો. ગુરુએ યુવકને સંન્યાસ આપ્યો. કેટલાક વર્ષ બાદ ગુરુને કેન્સરનો ભયંકર વ્યાધિ થઈ ગયો.

એમણે પોતાના આ વિનીત શિષ્યને બોલાવીને કહ્યું : "મારી પાસે આઠ સિદ્ધિઓ છે. અનેક પ્રકારના મન્ત્રો અને સાધનાઓ દ્વારા તે મેં મેળવેલી છે. હવે મારું મૃત્યુ નજદીક આવ્યું છે. હું આ સિદ્ધિઓ તને આપવા માગું છું. આ સિદ્ધિઓ તારે સાધવાની જરૂર નહિ પડે. મારી કૃપાથી એ તને સ્વત: સિદ્ધ બની જશે."

પેલો વિનીત શિષ્ય પૂછે છે : "આ સિદ્ધિઓનો ઉપયોગ શો? આ સિદ્ધિઓ મોક્ષ આપી શકે ખરી? જો ના...તો મારે એની જરૂર નથી. જે આઠ સિદ્ધિઓ મોક્ષ ન આપી શકે એ મારે મન આઠ સિદ્ધિઓ નથી : માત્ર કાંકરા છે. આપ આપની સાથે જ એ લઈ જાઓ."

આ આઠ સિદ્ધિઓમાં એવી પણ સિદ્ધિઓ હશે કે જેનાથી તળાવના પાણી ઉપર સડસડાટ ચાલી પણ શકાય; પાણીમાંથી હજારોનું સૈન્ય પણ ઊભું કરી શકાય. આકાશમાં ઊડી પણ શકાય. જુદા જુદા ચમત્કારો સર્જી શકતી જુદી જુદી સિદ્ધિઓ પણ જો, સર્વથા સર્વદા વાસનાઓના છૂટકારા રૂપ મોક્ષ આપી શકતી ન હોય તો તે કાંકરા બરાબર છે. શિષ્યની આવી મનોદશા પર ગુરુ ઓવારી ગયા. માર્ગાનુસારી જીવનની પ્રાથમિક કક્ષાના સંતની જો આ સ્થિતિ હોય તો એનાથી ઘણી ઊંચી કક્ષાએ રહેલા મુનિજનોની સ્થિતિ કેટલી ભવ્યતમ હોય?

## પરણવા જતા રાવણનું વિમાન-સ્ખલન

રાજર્ષિ વાલિ આવા મહાન કોટિના મુનિવર હતા.

એક વાર અષ્ટાપદ નામના મહાગિરિ ઉપર ધ્યાન ધરતા હતા તે વખતે રત્નાવલિ નામની રાજકન્યા સાથે લગ્ન કરવા માટે રાવણ પુષ્પક વિમાનમાં જઈ રહ્યા હતા. રસ્તામાં અષ્ટાપદ તીર્થ આવ્યું. ચોવીસે ય તીર્થંકરદેવોના રત્નજડિત બિંબોથી મંડિત જિનાલયથી એ તીર્થ ધન્ય બન્યું હતું. પણ આજે એની ધન્યતામાં ઓર અભિવૃદ્ધિ થઈ હતી. કારણ કે જંગમ તીર્થસમા રાજર્ષિ વાલિ પણ એ જ તીર્થ ઉપર ધ્યાનસ્થ બનીને કાયોત્સર્ગ-મુદ્રામાં ખડા હતા.

વર્ષો સુધી ઘોર તપ તપીને રાજર્ષિ વાલિએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પણ એ તો મોક્ષના અભિલાષી હતા. આ અભિલાષાએ જ પેલી સિદ્ધિઓ પ્રત્યે એમને બેપરવાહ બનાવી દીધા હતા. આ નિરીહતાની આધ્યાત્મિક સિદ્ધિએ એમના પુણ્યનો પ્રકર્ષ કરી મૂક્યો હતો. દૈવી બળો પણ એમનું સાન્નિધ્ય કરતા; માનવો તો શું? રાની પશુઓ પણ જ્યારે એ મહાત્માની આસપાસ-ચોપાસ મૈત્રી અને પ્રેમના વાયુમંડળમાં પ્રવેશ કરતાં ત્યારે આપસ આપસના વેરભાવને વીસરી જતા. આવા હતા; રાજર્ષિ વાલિ! પરમપદની સાધનાની કેડીએ સફળ પ્રયાણ કરતા મહાત્મા વાલિ!

રાજા રાવણનું પુષ્પક વિમાન જેવું રાજર્ષિ વાલિના મસ્તકભાગની ઉપર આવ્યું કે તરત જ વિમાન સ્ખલના પામવા લાગ્યું. રાજર્ષિ વાલિ પોતે આ કામ કરતા નથી. એમને આવું કરવાની વૃત્તિ પણ ન હોય. પણ એમની આધ્યાત્મિક શક્તિના પ્રભાવક વર્તુળો આન્દોલિત થયા વિના રહેતા નથી. આવી આધ્યાત્મિક વિભૂતિઓને લંઘીને વિમાન ચાલ્યું જાય અને વિમાનનો માલિક આવા મહાસંતના ચરણે નમસ્કાર ન કરે, એ ધર્મમહાસત્તાને મંજૂર ન હતું. એથી જ વિમાન સ્ખલના પામવા લાગ્યું.

એ વખતે રાજા રાવણનો માન કષાય છંછેડાયો. કોણ છે; આ જગતમાં મારાથી સવાશેર ? એમ વિચારતા અને રોષથી ધમધમતા રાવણે આ સ્ખલનાનું નિમિત્ત જાણવા માટે વિમાનમાંથી નીચે ઉત્તરી પર્વતના ઉપરના ભાગ પર નજર કરી.

એણે જોયા ધ્યાનસ્થ રાજર્ષિ વાલિને! અને...એકદમ પેલો વાલિ દ્વારા પોતાના ભૂંડા પરાજયનો ભૂતકાળ એની નજર સમક્ષ ખડો થઈ ગયો. અને રાવણ સમસમી ઊઠયો.

## સર્વત્ર તમારી પુણ્યાઈનો વિચાર કરો

દરેક વાતમાં માણસે પોતાના પુણ્યનો વિચાર કરવો જોઈએ. તમારો નોકર તમારું કહ્યું ન માનતો હોય અને ઉલટો તમારી સામે થતો હોય ત્યારે જો તમે તમારા પુણ્યનો વિચાર કરતા થઈ જશો તો મનમાં દુર્ધ્યાન ઉત્પન્ન નહિ થાય.

જો તમારું પુણ્ય નહિ હોય તો તમારો પુત્ર તમને પગે તો લાગશે નહિ, ઉલટો તમારી સામે અપશબ્દો બોલશે. તમારું કોઈ ઓપરેશન થયું હોય અને તમે દૂર રહેતા દીકરાને બોલવવા પત્ર લખાવશો : "બેટા! એકવાર તું અહીં આવી જા. મને મોં બતાડી જા. હવે મારા દેહનો બહુ ભરોસો નથી."—તો પણ એ કદાચ નહિ જ આવે.

એક અંગ્રેજી કહેવત છે :

Live for the Best, But Be ready for the worst.

ભલે; તમે કદાચ સારામાં સારું જીવન જીવવાની આશા રાખો. પણ ખરાબમાં ખરાબ જીવનને વધાવી લેવા માટે સદા સજ્જ બની રહો.

## આવા ચિન્તનોથી જ સમાધિ મળશે

પુણ્ય જ જ્યારે વાંકું પડી જાય ત્યારે દીકરાને મળવાની આશાઓ ઉપર પણ પાણી ફરી વળે. જ્યારે પુત્ર જ સામે ચઢીને જાકારો દે ત્યારે તમારા ચિત્ત-સમાધાન માટે કદાચ તમારે વિચારી જ લેવું પડશે કે, 'મારો દીકરો હૉસ્પિટલમાં તો ન જ

આવે. પણ મારી છાતી ઉપર ચઢી બેસી મારી ગળચી પણ દાબી નાંખે તે ય અસંભવિત તો નથી જ; કેમકે મેં જીવનમાં કેટકેટલાં કાળાં કામ કર્યાં છે. દગો! ફટકો! વિશ્વાસઘાત! ચોરી! જૂઠ! પ્રપંચ! દુરાચાર!

'મારા માથે તો દુઃખના આભ તૂટી પડવા જોઈએ અને તો ય મારે સદા હાસતા જ રહેવું જોઈએ. યુવાનીમાં મેં કેટલાના જીવન બરબાદ કર્યા છે. સત્તા અને પુણ્યના જોરે મેં કોને કોને નથી ફસાવ્યા? મને કેન્સર થાય તો પણ તે મારા જ કરેલા કર્મોનું ફળ છે. મેં ધંધામાં કેટલાંને બરબાદ કર્યા છે? મેં કોઈની પત્ની ઉપર આક્ષેપો કરીને એના પતિ સાથે કેવા ઝઘડા કરાવ્યા છે! હવે શા માટે મારે પુત્ર ન આવે તેટલા માત્રથી દુઃખી થવું જોઈએ?

'મારું પુણ્ય આજ પરવારી ગયું છે. દીકરો છૂટો થઈ ગયો. અમને મા-બાપને રઝળતા મૂકીને ચાલ્યો ગયો. કાંઈ વાંધો નહિ.

'હું પત્નીને કહું છું; દુઃખી થવું નહિ. રોકકળ કરવી નહિ. માથું કુટવું નહિ. હું ભલે વૃદ્ધ થયો. છતાં તને આ ઉંમરે ય નોકરી કરીને ખવડાવીશ. તારા છોકરાની ચિન્તા કરીશ નહિ. બધું પુણ્ય અને પાપ ગણિત પ્રમાણે બન્યે જાય છે.'

આવા વિચારો કરશો તો જ સમાધિમાં રહી શકશો. બાકી દુઃખ આવે એટલે જરા જરામાં રડી પડશો તો જીવન જીવી શકાશે નહિ. અને ગમે તેમ જીવી જશો તો ય શાંતિ તો રહેશે જ નહિ.

તમે ધંધામાં ડૂલ થઈ ગયા? કાંઈ વાંધો નહિ. એમ પણ બને. ચોવીશ વરસનો છોકરો એકાએક મરી ગયો? હા... તે મરી ય જાય. પુણ્યના હિસાબ પૂરા થયા. લેતી દેતી ચૂકતે થઈ ગઈ. પતી ગયું. એમાં આટલી હાયવોય શા માટે? રોકકળ શા માટે? એનાથી કાંઈ દીકરો પાછો થોડો આવે છે?

## કપાળ ઉપર બે આંગળી : समाधानं समाधिः

દુઃખના ભયંકર સમયમાં પણ તમારા કપાળ ઉપર બે આંગળી મૂકી દો અને વિચારો કે, "મારું પુણ્ય આટલું જ છે. બે આંગળી જેટલું જ. પછી હું શા માટે નકામા ઉધામા કરું છું? શા માટે હાયવોય કરું છું?"

બે આંગળી કપાળે મૂકીને આટલો વિચાર કરશો એટલે તમને સમાધિ ચઢી જશે. સમાધિ એ કાંઈ અપેક્ષાએ બહુ મોટી વસ્તુ નથી. શ્વાસ ચઢાવી દેવો પ્રાણાયામ કરવા અને પરબ્રહ્મમાં લીન થઈ જવું એ તો ઊંચી સમાધિની વાત થઈ. બાકી સમાધિ એટલે બીજું કશું નથી : समाधानम् समाधिः ।

સુખના અને દુઃખના પ્રસંગોમાં મનની સાથે સમાધાન કરી લેવું એ જ સમાધિ. આપત્કાળે મનની સાથે જે આત્મા સમાધાન કરી લે છે એમને સમાધિ

ચઢી જાય છે. બે આંગળી કપાળે મૂકી મનની સાથે સમાધાન કરી લો એટલે તમેય થઈ ગયા મસ્તરામજી! તમારો આત્મા આનંદમાં મસ્ત!

## વાલિ ઉપર ક્રોધે ધમધમતો રાવણ

રાવણ પોતાનું વિમાન અટકતાં આ સમાધાન કેળવી શક્યા નહિ. અને એથી જ ક્રોધે ભરાયા. દાંત કચકચાવતા સમસમી ઉઠેલા રાવણ બોલ્યા : "હજી આ વાલિ મારી ઊપર ક્રોધ રાખે છે. હજી આ મારો છેડો છોડતો નથી! હજી આ અભિમાનીનું અભિમાન ઓસર્યું નથી! છટ્! સાધુનો સ્વાંગ સજ્યો છે પણ મન તો એવું ને એવું જ નફ્ફટ લાગે છે! જગતને છેતરવા આ બધો દંભ કર્યો લાગે છે. નહિ તો અત્યારે મારા આ વિમાનને સ્ખલિત કરવાનું એને શું પ્રયોજન હતું? પૂર્વે ય આખા સૈન્ય વચ્ચે મારી ફજેતી કરીને, કોઈ માયાજાળ વડે મને ઉપાડીને ફેરવ્યો હતો. અને મચ્છરની જેમ મને ફેંકી દીધો હતો. અને 'રાવણ બદલો વાળશે તો?' એવા ભયથી તત્કાળ દીક્ષા લઈ લીધી. કાંઈ વાંધો નહિ. હું એનો એ જ છું. સો વાતની એક વાત કે, ગઈ કાલ તારી હતી. પણ યાદ રાખ કે આજ મારી છે. ચન્દ્રહાસ ખડ્ગ સાથે મને ઉપાડીને જેમ ફેરવ્યો હતો તેમ આ પર્વત સહિત સહિત ઉખેડીને સમુદ્રમાં તને ફેંકી દઈને જ જંપીશ!

## પહાડને ખળભળાવતો રાવણ

આવા અત્યન્ત આવેશ સાથે, રાવણે વિમાન નીચે ઉતાર્યું. અને મોટો ખાડો ખોદીને તે પર્વતની નીચે પેઠો. મદોદ્ધત બનેલા રાવણે એક હજાર વિદ્યાઓનું સ્મરણ કર્યું. આખા પર્વતને પોતાના મસ્તક ઉપર લીધો. જોરથી હલાવવાનો પ્રયત્ન કર્યો. અને અગાધ બળોના સ્વામી રાજા રાવણે પહાડને ખળભળાવી મૂકયો.

અને...ધબા...ધબાક્...કરતી મોટી શિલાઓ ગબડવા લાગી. સમુદ્રથી જાણે રસાતળ પુરાવા લાગ્યું. સમુદ્રોમાં ક્ષોભ થયો. વનના હસ્તિઓ ક્ષુબ્ધ થયા. ગિરી-નિતંબના ઉપવનોના વૃક્ષો ભાંગવા લાગ્યાં.

## પર્વત હાલે શી રીતે?

શું માત્ર માથું હલાવવાથી આખો પહાડ હાલી ઊઠે? ના...એની પાછળ પ્રચંડ પુણ્યબળ અને વિશિષ્ટ દૈવી બળ હતું માટે જ આમ બન્યું. શું માત્ર સ્વીચ દબાવવાથી ગ્લોબમાં પ્રકાશ થઈ જતો હશે? ના...જો પાવરહાઉસ સાથે કનેકશન હોય તો જ સ્વીચ દબાવવાની ક્રિયા કરવાથી પ્રકાશ થાય. નહિ તો નહિ જ. દેખીતી રીતે સ્વીચ દબાવવાથી પ્રકાશ થયો હોય તેવું લાગે પણ હકીકતમાં તો પાવરહાઉસ સાથેના કનેકશનને કારણે જ પ્રકાશ થાય છે. કનેકશન તૂટી જાય તો પ્રકાશ થાય નહિ.

માત્ર માથું હલાવવાથી પહાડ ન હાલે. પરંતુ રાવણ પાસે સાધના દ્વારા મેળવેલું હજાર વિદ્યાઓના અધિષ્ઠાતા દેવોનું જે બળ હતું તેની સાથે તેનું કનેકશન ચાલુ હતું માટે જ પર્વત હાલી ઊઠ્યો.

## કષાયની તરતમતા ઉપર જામ્બૂ વૃક્ષનું દૃષ્ટાન્ત

રાવણે પર્વત હલાવ્યો તેની પાછળ પણ તેનો કષાયભાવ તો હતો જ. એમ પણ કહી શકાય કે મુનિને જ ઊંચકીને સમુદ્રમાં ફેંકવાને બદલે આખો પહાડ–તીર્થસ્થાનો સહિત–સમુદ્રમાં ફેંકવાનો ક્રોધભાવ ખરેખર ઘણી ઉગ્રતા પામ્યો હતો.

જૈન શાસ્ત્રોમાં માનવની ક્રૂરતા [કષાયાદિ]ની તરતમતા સમજાવવા માટે જાંબૂ ખાવાની ઇચ્છાવાળા છ માણસોનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

એક જાંબૂનું ઝાડ હતું. તેની પાસે જાંબૂ ખાવાની ઇચ્છાવાળા છ માણસો આવ્યા. એ છ યે મિત્ર હતા.

[૧] એમાં એક માણસ કહે છે : "આપણે જાંબૂ ખાવા છે ને? તો ચાલો. આપણે આ આખું જાંબૂનું ઝાડ મૂળમાંથી જ ઉખેડી નાંખીએ. પછી પેટ ભરીને જાંબૂ ખાઈ શકીશું."

[૨] બીજો કહે છે : "ભાઈ! આપણે જાંબૂ ખાવા છે તેમાં મૂળમાંથી જ આખું ઝાડ ઉખેડી નાંખવાની શી જરૂર છે? માત્ર જાંબૂવાળા મોટા મોટા ડાળા કાપી નાંખીએ.

[૩] ત્રીજો કહે છે : "ના...મોટા મોટા ડાળા કાળવાની ય શી જરૂર છે? આપણે જાંબૂની લૂમવાળી નાની ડાળીઓ તોડશું તો ય જાંબૂ ખાવા મળી જશે.

[૪] ચોથો કહે છે : "મિત્રો! આપણે જામ્બૂ જ ખાવા છે ને? તો ડાળીઓ તોડવાની પણ શી જરૂર છે? આપણે જાંબૂની લૂમો જ તોડી લઈએ.

[૫] પાંચમો કહે છે : "અરે! આખી લૂમોની લૂમો ય તોડવાની કાંઈ જરૂર નથી. ડાળીઓ ઉપર પાકી ગયેલા જામ્બૂઓ જ આપણે તોડી લઈએ.

[૬] ત્યારે...છટ્ઠો મિત્ર કહે છે : "રે! મિત્રો! આપણે જામ્બૂ જ ખાવા છે તો તેમાં જામ્બૂ વૃક્ષ ઉપરથી જાંબૂ તોડવાની ય હિંસા કરવાની શી જરૂર છે? નીચે જમીન ઉપર પડેલા જ પાકા જામ્બૂ આપણે લઈ લઈએ તો ય આપણને ખાવાનું મળી જશે.

જગતમાં પાપો તો બધા કરે છે. પરંતુ પાપો કરનારા માનવોની મનઃસ્થિતિ-ઓમાં [અધ્યવસાયોમાં] પણ આવી છ પ્રકારની તરતમતાઓ [ઓછાવત્તાપણું] હોય છે. આ છ મિત્રોમાં સૌથી પહેલો અત્યન્ત ક્રૂર અધ્યવસાયવાળો છે. તે પછીના

ઉત્તરોત્તર ઓછા ઓછા કષાયવાળા છે. સૌથી છેલ્લો–છઠ્ઠો–તો અત્યન્ત અલ્પ કષાયવાળો છે.

## સાચો ધર્મી કેવો હોય?

જગતમાં સાચા ધર્મી માણસોને પાપ કરવું જ પડે તો પાપ કરે પરન્તુ એ વખતની એમના મનની સ્થિતિ [લેશ્યા] સામાન્ય રીતે અત્યંત ઉગ્ર કક્ષાની તો ન જ હોય. આવા માણસો પોતાના સ્વાર્થ ખાતર બીજાઓને સમ્પૂર્ણ ખતમ કરી નાંખવાની મનોવૃત્તિ ધરાવતા નથી. જે માણસો 'Hand to mouth' જેવું જીવન જીવે છે તેવા ગરીબોને લૂંટી લેવાની ચાલબાજીઓ તેઓ રમતા નથી. નીતના સુખ કાજે છતી શક્તિએ પોતાની પેઢીને ડૂલ કરીને દેવાળીઆ બનતા નથી.

## વાલિની વિચારધારા

રાવણને આ વિચાર ન આવ્યો કે 'અષ્ટાપદ પર્વતને ઉખાડી નાખવાની પાપી પ્રવૃત્તિના કારણે જિન મન્દિરોનો પણ નાશ થઈ જશે, અનેક પ્રાણીઓની નિષ્કારણ અઘોર હિંસા થઈ જશે.

રાવણના આ અકાર્યની મહાજ્ઞાની રાજર્ષિ વાલિને જ્ઞાનબળથી ખબર પડી. તેઓ મનોમન વિચારી રહ્યા : 'અરે! આ દુર્મતિ રાવણ હજી મારી ઉપર વૈરભાવ રાખે છે? અરે! મારા પ્રત્યેની આવી ઇર્ષ્યાના કારણે હજારો પ્રાણીઓનો અકાળે નાશ કરવા તૈયાર થયો છે? વળી આ પરમ પવિત્ર તીર્થનું શું? જો કે મને રાવણ ઉપર લગીરે રોષ નથી. હું તો મારા શરીરમાં પણ નિઃસ્પૃહ અને નિઃસંગ છું. સમતાજળમાં નિમગ્ન છું. પરંતુ તારકતીર્થના અને અનેક જીવાત્માઓના રક્ષણને ખાતર પણ મારે, લગીરે રાગદ્વેષ વિના, તેને શિક્ષા તો કરવી જ પડશે."

## ધર્મરક્ષા કાજે શકિતસમ્પન્ન આત્માઓને શાસ્ત્રની આજ્ઞા

વાલિમુનિ જાણતા જ હતા કે મારી છતી શક્તિએ, મારી જ આંખ સામે, આ તીર્થનો નાશ થઈ જતો હોય તો તે ચલાવી લેવાય એવી બાબત નથી.

જૈન શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે,

धर्मध्वंसे क्रियालोपे स्वसिद्धान्तार्थविप्लवे ।
अपृष्टेनाऽपि शक्तेन वक्तव्यं तन्निषेधितुम् ॥

જ્યારે ધર્મમાર્ગનો ધ્વંસ થઈ રહ્યો હોય, મોક્ષલક્ષી ધર્મ-ક્રિયાઓને 'જડ જડ' કહીને વગોવવામાં આવતી હોય, શાસ્ત્રના સિદ્ધાન્તોનો લોપ કરાઈ રહ્યો હોય તે

વખતે કોઈ માણસ તેનો વિરોધ કરવાની પ્રેરણા ન કરે તો પણ શક્તિશાળી સાધુઓએ તેનો સર્વ ઉચિત રીતે નિષેધ કરવો જ જોઈએ.

ધર્મરક્ષા ખાતર શક્તિસમ્પન્ન મુનિઓએ કોઈને જોયા વગર અવસરે કુદી પણ પડીને ધર્મ શાસનનું રક્ષણ કરવું જ જોઈએ.

## વાલિ મુનિ દ્વારા રાવણને શિક્ષા

આથી જ રાજર્ષિ વાલિએ ધરતી ઉપર પોતાનો અંગૂઠો દબાવ્યો, અને તરત જ આખો પહાડ દબાયો. રાવણ પાસે તો માત્ર માનવીય અને દૈવી શક્તિ હતી. જ્યારે મહામુનિ વાલિ તો આધ્યાત્મિક શક્તિઓના અગાધ સાગર હતા. એમના પ્રચણ્ડ આત્મબળ આગળ કશું જ અસાધ્ય ન હતું.

પર્વતની નીચે પેઠેલો રાવણ એ વખતે ચીસો નાંખવા લાગ્યો. એના ભુજદણ્ડ ભાંગી ગયા. મુખમાંથી લોહી વમતો રાવણ જોરથી રોવા લાગ્યો.

## 'રાવણ' નામ કેમ પડયું?

જન રામાયણકાર કહે છે કે આ જ વખતે, અત્યાર સુધી જે દશાનન કહેવાતો હતો એનું રાવણ એવું નામ પડયું છે. 'રવ્' ધાતુનો સંસ્કૃત ભાષામાં 'અવાજ કરવો' એવો અર્થ થાય છે. રાવણ રડવા દ્વારા ખૂબ અવાજ કરવા લાગ્યો માટે રાવણ કહેવાયો.

## પાપનો પશ્ચાત્તાપ કરતો રાવણ

ત્યાર બાદ રાવણના અન્તરમાં પશ્ચાત્તાપનો દાવાનળ ભભૂકી ઊઠયો. જેટલી ઝડપથી રાવણે પાપ કરી નાંખ્યું એટલી જ ઝડપથી તેને ભૂલનું ભાન પણ થયું.

અનાદિ કાળની કુટેવોના સંસ્કારોથી જીવ ભૂલ કરે તેમાં શી નવાઈ? અને તેટલા માત્રથી તેને અધમ પણ કેમ કહેવાય?

પરન્તુ એ ભૂલોની પાછળ હાર્દિક પશ્ચાત્તાપ કરવો એ જ નવાઇની વાત છે; એ જ તો એની મહાનતા છે.

રાજા રાવણ પોતાના જીવનમાં તીર્થનાશ કે પરસ્ત્રી–અપહરણ જેવી અતિ ગંભીર ભૂલો કરી બેસે છે છતાં તે 'મહાત્મા' કહેવાને લાયક છે; કેમકે તે ભૂલોની પાછળ તેનો હાર્દિક બળાપો પણ વારંવાર જીવંત બની ગએલો જોવા મળે છે. અસ્તુ.

પશ્ચાત્તાપના આંસુ વહાવતા રાવણ, રાજર્ષિ વાલી પાસે પહોંચી ગયા. એમના ચરણોમાં આળોટી ગયા. પુનઃ પુનઃ પોતાના અપરાધોની ક્ષમાયાચના કરવા લાગ્યા.

રાજર્ષિ વાલી તો ખરેખર ક્ષમાશ્રમણ હતા; ક્ષમાસાગર હતા. એમણે ક્ષમા આપી.

## પાપનું પ્રાયશ્ચિત્ત કરનારા ધર્માત્મા છે

જૈન દર્શન કહે છે કે: પાપ કરે તે પાપી જ કહેવાય તેવો એકાન્ત નિયમ નથી. પાપ કરીને પણ જેના અંતરમાં અત્યંત પશ્ચાત્તાપ થાય છે, એ હકીકતમાં પાપી નથી; પણ ધર્મી છે. જીવનના છેલ્લા સમયે પણ જે જીવનના સઘળાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરે છે એ પાપાત્મા નથી પરન્તુ ધર્માત્મા છે.

બાકી જગતમાં પાપ કોણ નથી કરતું? કાચના ઘરમાં રહેનારો જીવ જો બીજાના કાચના ઘર પથ્થર મારતો હોય; પોતે પાપી છતાં બીજાને પાપી કહીને જો વગોવણી કરતો હોય તો તે જરાય સારી રીતિ નથી. પાપ કરીને ય પાપ કર્યા બદલ ઉગ્ર પશ્ચાત્તાપ કરનારા આત્માઓ આ જગતમાં આંગળીના વેઢે ગણાય એટલા છે. રાવણ પાપ કરવા છતાં પશ્ચાત્તાપ કરનારા હતા, માટે જ તે ધર્માત્મા કહેવાને લાયક બન્યા.

**નોંધ : આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૰ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**—અવતરણકાર**

મૂલ્ય : ૫૦ પૈસા

---

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે? જો હા....તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો અને સ્નેહીઓમાં ખૂબ પ્રસાર કરો. માત્ર પચાસ પૈસામાં અતિ મૂલ્યવાન ચિંતન મેળવો.

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં—**

**માત્ર રવિવારે—**

૧. રામાયણ-પ્રવચન સ્થળ :
પ્લેઝન્ટ પૅલેસ

**રોજ માટે—**

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ – ૬

૩. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ–૪

૪. પારસ ટ્રેડીંગ કું.
B–૧૨, 'મંગળકુંજ'
જાંબલી ગલીની બાજુમાં
બોરીવલી [વેસ્ટ]

**અમદાવાદમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭ 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ

**સુરતમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o. નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર

**ખાસ નોંધ :** ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

---

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે, અમદાવાદ – ૧ [ફોન નં. ૩૦૦૮૧]

મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ – ૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિધ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,
ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર
આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ–૬

પ્રવચન ૩૧–૭–૭૭ ] પ્રવચન – ૭ મું [ પ્રકાશન ૭–૮–૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે, મુંબઈ [વાલકેશ્વર] ખાતે, વિશાળ માનવ મહેરામણ સમક્ષ, રામાયણનું છઠ્ઠું પ્રવચન કરતા, તીર્થરક્ષા ખાતર રાજર્ષિ વાલિ દ્વારા રાવણને કરાતી શિક્ષાની વાતનો પુનરુચ્ચાર કરીને ધર્મરક્ષા ખાતર કરાતો ઝગડો એ તો શક્તિસમ્પન્ન આત્માઓનું કર્તવ્ય છે, એ વાતનું સચોટ દલીલો દ્વારા સમર્થન કર્યું હતું.

પ્રસંગોપાત્ત, પરસ્ત્રી–અપહર્તા રાવણની સામે જંગે ચઢેલા અને જીવ-સટોસટના ખેલ ખેલીને ય અધર્મનો પ્રતિકાર કરતા જવાંમર્દ જટાયુનો અને સંસ્કૃતિ સાટે શહીદ થઈ જનારા શૂરવીર કુમારલ ભટ્ટનો હૃદય વીંધી નાંખતો અજૈન–પ્રસંગ રજૂ કરતી, જગ-કલ્યાણની વાતો કરનારા માનવી-ઓની સ્વ-કુટુમ્બીજનો સાથેની ય અયોગ્ય વર્તણુંક ઉપર આકરા પ્રહારો કરતી, વર્તમાનકાલીન વિષમ પરિસ્થિતિના વાતાવરણ વચ્ચે પણ પ્રવચન-શ્રવણ કાજે દોડ્યા દોડ્યા આવતા હજારો યુવાનો અને યુવતીઓને જોતાં જ દૂર–સુદૂરના ક્ષિતિજમાં થઈ રહેલા એક આશાના કિરણનો ઉદ્‌ગમ સમજા-વતી, પોતે જ શા કાજે બોલી રહ્યા છે એ પ્રશ્નનો સચોટ રીતે સમાધાન આપતા–લાલ ફાળિયું ગગનમાં ફરફરાવીને સંભવિત હોનારતનો હાહાકાર અટકાવી દેતા રબારીના છોકરાનું સુન્દર દૃષ્ટાન્ત રજૂ કરતી, સંસ્કૃતિ-નાશ દ્વારા પ્રજાનો અને મન્દિર-નાશ દ્વારા સંસ્કૃતિનો નાશ કરવાના ભેદી ગણિત ઉપર રચાયેલી અંગ્રેજોની ભયાવહ અને ભીષણ ચાલબાજીઓને ચોટદાર રીતે ખુલ્લા પાડતી, 'સ્ટીમ રોલર' બનીને અનેકોને કચડી નાંખતા કેટલાંક શ્રીમન્તોના ઉજળાં કપડાંની ગન્ધાતી ગટરોની નીચે વહી જતા પાપોના પાણીની બદબોની બિહામણી બાબતો રજૂ કરીને સામ્પ્રત સમાજને સાચો સન્માર્ગ ચીંધતી, ગંગા અને જમાનાના પાણીથી પાપકર્મો તો ધોવાય–પણ તે કઈ ગંગા અને જમના એ વાતનું તર્કગમ્ય રહસ્યોદ્‌ઘાટન કરતી, સંસારની અતૃપ્ત કામનાઓ–વાસનાઓમાંથી જ ઉદ્‌ભવતા ક્રોધના આવિર્ભાવનું વિશ્લેષણ કરતી, રામના પ્રતિબિમ્બના દર્શનમાત્રથી પલાયન કરી જતા રાવણના અંતરના કામ અંગેનો વિશિષ્ટ પ્રકાશ પાથરતો અજૈન–પ્રસંગ રજૂ કરતી, અંતરને આંગણે શુદ્ધિ, ભક્તિ અને મૈત્રીના આમ્રવૃક્ષોને આરોપીને તેને પ્રફુલ્લ અને પ્રકાશિત કરનારા ધર્મતત્ત્વના અમૃતરસપૂર્ણ કુમ્ભોને ઢોળતી, અન્તસ્તલમાં આરાધનાની અમૃતમયી અમીધારા સીંચીને અનોખી અને અનુપમ આત્મમસ્તીના અવર્ણનીય આનન્દનો આવિર્ભાવ પ્રસારતી, અન્તઃકરણના અમ્ભોધિમાં અધ્યાત્મરસના વામ્ભ વામ્ભ મોજાઓને ઉછાળતી, પૂજ્યપાદશ્રીની અમૃતવાણીનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે

શ્રીપાળનગર, મુંબઈ–૬ —મુનિ ભાનુચન્દ્રવિજય

તા૦ ૨–૮–૧૯૭૭

રવિવાર

# પ્રવચનાંક : ૬

પ્ર. શ્રાવણ વદ ૧
વિ. સં. ૨૦૩૩

અનન્ત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ **ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ રચેલા **"જૈન રામાયણ"**ના આધારે શરૂ કરેલી **"રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ"** એ વિષય ઉપરની પ્રવચનમાળાનું આજે છઠ્ઠું પ્રવચન છે. રાવણે લંકાનો વિજય પ્રાપ્ત કરવા કેવી સાધના કરી, પછી વૈશ્રવણ સાથેનું યુદ્ધ, સેનાભંગ જોઈ વૈશ્રવણનો વૈરાગ્ય અને દીક્ષા, વાલિની પ્રશંસાથી અસહિષ્ણુ બનેલા રાવણે વાલિ સાથે કરેલું યુદ્ધ, તેમાં રાવણનો પરાજય અને અન્તે રાજા વાલિનું રાજર્ષિ વાલિમાં રૂપાન્તર, વાલિની ઉગ્ર સાધના. અને એમને પ્રાપ્ત થતી મહાન લબ્ધિઓ અને શક્તિઓ વગેરે પ્રસંગો આપણે પૂર્વે જોઈ ગયા છે.

સંસાર સમગ્રનો ત્યાગ કર્યા પછી ઊંચી કોટિની ધર્મસાધના દ્વારા જે લબ્ધિઓ અને શક્તિઓ પ્રગટ થાય છે તેમાં ય ત્યાગી મુનિઓએ વિરક્તિ કેળવવી જ જોઈએ. અને આવી ગુણવિરક્તિ ભોગવિરક્તિ કરતા ય કઠિન બાબત છે. સંસારના સુખોને લાત મારનારા પણ પ્રાપ્ત થયેલી લબ્ધિઓ વગેરે ઉપર ક્યારેક વિરક્તિ કેળવી શકતા નથી. આથી કેટલીક વાર એનો ઉપયોગ ચમત્કારો વગેરે બતાડીને લોકોને આકર્ષવામાં કરાતો હોય છે. આ ભારે અકલ્યાણકારી બાબત બની જાય છે.

## તીર્થરક્ષા ખાતર રાવણને શિક્ષા

રાજર્ષિ વાલિ પોતાને પ્રાપ્ત લબ્ધિ-શક્તિઓ ઉપર અજબ વૈરાગ્ય કેળવી શક્યા હતા. રત્નાવલીને પરણવા જતા રાવણનું વિમાન સ્ખલિત થતાં રાવણ ધ્યાનસ્થ એવા રાજર્ષિ વાલિ ઉપર ક્રોધે ભરાય છે. અને સમસ્ત અષ્ટાપદ પહાડને હચમચાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તીર્થોની રક્ષા ખાતર રાજર્ષિ વાલિ રાવણને દણ્ડ કરે છે. અહીં સુધીનો પ્રસંગ પણ ગયા પ્રવચન આપણે વિચારી ગયા.

રાજર્ષિ વાલિને મન તો જીવન–મરણ સમાન હતા. પણ જે તીર્થ–મન્દિરોમાં પરમાત્માના દર્શન કરીને લાખો લોકો પોતાની પાપ વાસનાઓનો નાશ કરતા હોય, એ તારક તીર્થોનો જો નાશ બોલાઈ જાય તો તે હરગિજ ઉચિત ન હતું. માટે જ અખૂટ અધ્યાત્મબળના સ્વામી રાજર્ષિ વાલિએ રાવણને શિક્ષા કરી.

## શું ધર્મ ખાતર ઝઘડો ન થઈ શકે ?

આ પ્રસંગ વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ખૂબ મહત્ત્વનો બની રહે છે. આજે અનેક લોકો અમને સલાહ આપવા આવે છે કે 'કોઈ પણ વાતમાં ઝઘડવું નહિ !'

આવી વાતો કરનારા માણસોને આ પ્રસંગ લપડાકરૂપ છે. દરેક વાતમાં મૈત્રી, પ્રેમ અને કરુણાની વાતો આગળ કરીને આવા લોકો 'ઝઘડો' નહિ કરવાની શિખામણ આપે છે !!

હું કહું છું કે મૈત્રી અને કરુણાની વાતોનો સાચો અમલ તો સાચા સાધુઓ જ કરે છે. બટાકામાં રહેલા અનન્તા જીવોને અભયદાન આપનારા, મૈત્રીનો ઉપદેશ આપીને હજારો જીવોને વેર-ઝેરના સંકજામાંથી છોડાવનારા મુનિઓ મૈત્રીના સાચા ઉપાસક છે કે સંસારમાં રહીને રોજ હજારો જીવોની જાણે-અજાણે કતલ કરી નાંખનારા અને મોંઢેથી મૈત્રીની વાતો કરનારા આ સંસારી જનો? મૈત્રી કોની સાચી? સાચા ત્યાગી મુનિઓની કે આવા ગૃહસ્થોની?

## ધર્મ સાથે ચેડાં કરનારને ચલાવી લેવાય?

સઘળા ધર્મતત્ત્વોને જીવાડનારી જે દયા છે, જે 'શાસન' છે, અને જે સાધુવરોનુ ઉત્તમ ચારિત્ર સમગ્ર વિશ્વના સુખની 'ધરી' છે, એની સામે કોઈ ચેડાં કરે, એ શાસન અને ધર્મતત્ત્વની સામે કોઈ ગમે તેમ બોલે ત્યારે સાધુને પણ હૈયામાં પૂરી કરુણા સાથે આંખમાં લાલાશ લાવવી ય પડે, જીભમાં કડવાશ અને મુખ ઉપર રોષની રેખાઓ બતાડવી પણ પડે, પણ તેવા સમયે મૈત્રીની વાતો હાસ્યાસ્પદ બની રહે છે.

યાદ રાખો કે જેમ અમૈત્રી ખોટી છે તેમ, ગમે તે અવસરે, ગમે તેવા માણસો-ની સાથે, મૈત્રીની વાતો કરવારૂપ અતિમૈત્રી પણ ખોટી છે.

વાલિ મુનિને કોઈ પણ જાતનો અંગત સ્વાર્થ ન હતો. એક માત્ર તારક તીર્થોનો નાશ ન થવા દેવાની શુદ્ધ બુદ્ધિ હતી. એ માટે જ તેમને રાવણને શિક્ષા કરવાનું આવશ્યક બની ગયું.

## તુચ્છ સ્વાર્થ ખાતર ઝઘડનારા મૈત્રીનો ઉપદેશ આપે છે!!

હું તો માનું છું કે ધર્મશાસનની ઉપર જયારે જયારે આક્રમણો આવતાં જણાય ત્યારે ત્યારે શક્તિસંપન્નમુનિઓ જો આંખ લાલ ન કરે અને યથોચિત મુકાલબો ન કરે તો તેમને ખરેખર સાધુતા પચી જ ન કહેવાય.

શું ધર્મશાસન એ કાંઈ બોડી બામણીનું ખેતર છે કે જેને જેમ ફાવે એમ એની સાથે વર્તી શકે અને બોલી શકે? એવા સમયે એવા માણસો સાથે ન છૂટકે પણ ઝઘડો કરવો જ પડે તો તેવા ઝઘડાથી વળી ડરવાનું કેવું?

શું વર્તમાન જગતમાં વકીલો, ન્યાયાધીશો અને ન્યાયાલયો ઊભા કરવામાં આવ્યા છે એ ઝઘડાના જ પ્રતીક રૂપ નથી? જો જગતમાં, તમારા કોઈના ઘરોમાં

કે જીવનમાં ઝગડાઓ જ ન હોત તો વકીલો અને ન્યાયાલયોના ગીચ જંગલો ઊભા કરવાની જરૂર રહેત ખરી? સંસારના તુચ્છમાં તુચ્છ સ્વાર્થો ખાતર ઝઘડા કરનારા અને કોર્ટે જનારા માણસો—જે વિશ્વના સમગ્ર જીવોના સુખનું પરમ કારણ છે એવા ધર્મશાસનની રક્ષા કાજે ન છૂટકે કઠોર વાણીમાં બોલનારા—સાધુજનોને ઝઘડાખોર કહે છે! કેવી કમનશીબીની વાત છે?

## રાવણની સામે ય જટાયુની જવાંમર્દી

એક અજૈન ભાઈ પાસે મેં એક પ્રસંગ સાંભળ્યો હતો. મહાસતી સીતાજીને લઈને જ્યારે રાવણ વિમાનમાં લંકા તરફ જઈ રહ્યો ત્યારે વિમાનમાંથી સીતાજી પોતાના આભૂષણોને એક પછી એક નીચે ફેંકતા જતા હતા. કારણ કદાચ તેમની શોધ માટે કોઈ નીકળે તો તે, આ આભૂષણોની નિશાની દ્વારા તે દિશાને પકડી શકે.

સીતાજીને ઊંચકી જતાં રાવણને જોઈને જટાયુ નામનું એક પક્ષી મોટી પાંખો ફફડાવતું વિમાન ઉપર ત્રાટક્યું. સદા વનમાં જ રહેતું એ પક્ષી રામચન્દ્રજી અને સીતાજીનું સારી રીતે આત્મીય બની ગયું હતું.

પરપુરુષ દ્વારા સીતાજીને ઉપાડી જવાતા જોઈને એ રાવણનો સામનો કરવા ધસી ગયું. રાવણ ઉપર ત્રાકટીને એના મોં ઉપર એણે જોરથી ચાંચો મારવા માંડી, રાવણને મહાત કરવા અને સીતાજીને છોડાવવા એણે પોતાની શક્તિ મુજબ બધું કરી જોયું.

શરૂ શરૂમાં તો રાવણે એને સામાન્ય પક્ષી સમજી જવા દીધું. પણ જોરદાર હુમલા કરતું જોઈને રાવણ અત્યંત ક્રોધે ભરાયો. કમરેથી કટાર ખેંચી કાઢીને એક ઝાટકે એની પાંખ કાપી નાંખી. મરણતોલ રીતે ઘાયલ થઈ ગયેલું જટાયુ ધબાક્ દઈને નીચે જમીન ઉપર દડદડતું જઈ પડયું. તેની ચોફેર લોહીનું ખાબોચિયું બની ગયું.

થોડી વાર બાદ વનવાસી લોકો દોડી આવ્યા. તેમણે જટાયુને કહ્યું. "રે! પક્ષીરાજ! તમે કોની સાથે બાથ ભીડી? તમે જાણતા ન હતા કે શત્રુ કેવો બળિયો હતો? શક્તિનું માપ કાઢીને પછી લડવું જોઈએને? ગરુડરાજ! શું તમે આટલું પણ ન સમજી શક્યા?"

## જટાયુનો જવાબ: 'અધર્મ મારાથી જોવાયો નહિ'

વનવાસીઓને ત્યારે જટાયુએ કહ્યું: "વનવાસી બંધુઓ! તમારી વાત સાચી છે. મને ખબર જ હતી કે બળિયા દેખાતા રાજા સાથે લડવામાં મારો પરાજય

નિશ્ચિત હતો. મારું મોત અફર હતું. છતાં હું કેમ એની સામે પડ્યો એનો જવાબ એક જ છે કે પરસ્ત્રીના અપહરણનો એણે આચરેલો અધર્મ મારાથી જોવાયો નહિ.

એ એક સબળ રાજા હતો. હું એની પાસે એક નિર્બળ પક્ષી હતું. પણ એ સબળો અને હું નિર્બળ એ વિચાર જ અસ્થાને હતો. મુખ્ય વાત એ જ હતી કે મારાથી આ અધર્મ જોઈ ન શકાયો અને માટે જ હું એની સામે થઈ ગયો."

જેમ અધર્મ કરવો એ પાપ છે. એમ બીજા દ્વારા કરાતો અધર્મ છતી શક્તિએ નિવારવો નહિ, તે માટે પ્રયત્ન પણ ન કરવો, તે ય પાપ છે.

## ત્યાગીવર્ગે માર્ગદર્શન આપવું જ રહ્યું

જો કરાળ આ કાળમાં યુવાનોમાંથી નષ્ટ થતો જતો સદાચાર, બેનોમાંથી ખતમ થતું જતું શીલ અને વેપારીઓમાંથી દૂર થતી જતી નીતિમત્તા વગેરે જોઈને પણ સૌથી ઊંચો ગણાતો ત્યાગીવર્ગ જો સાચું માર્ગદર્શન ન આપે તો તે શું ઉચિત છે?

તમે આ બધી વાતો સાંભળીને કેટલું અમલમાં મૂકવું જોઈએ એ તમારે વિચારવાનું છે; પણ ધર્મરક્ષાના પ્રયત્નમાં તો શક્તિસંપન્ન આત્માઓએ સદા સજ્જ બની જ રહેવું જોઈએ.

## શિક્ષણ વગેરે દ્વારા સંસ્કૃતિનાશ

અંગ્રેજો આ દેશમાં જ્યારથી પેઠા છે ત્યારથી આ દેશની સંસ્કૃતિને માથે ભારે ભય તોળાઈ રહ્યો છે. એમણે દાખલ કરેલા શિક્ષણથી આજની પ્રજા પોતાની સંસ્કૃતિના ગૌરવોને ભૂલતી ગઈ છે અને એનાથી સીધા કે આડકતરા હજારો નુકસાનો હિન્દુસ્તાનની પ્રજાને થઈ ચૂક્યા છે.

આજના જેટલા ડીગ્રીધારી માણસો છે એને હું દેશી અંગ્રેજો કહું છું. મારો કહેવાનો ભાવ એ છે કે અંગ્રેજી પદ્ધતિના શિક્ષણે ભારતીય પ્રજાના માનસની અંદર એટલી બધી વિકૃતિ વૃત્તિઓને પેસાડી દીધી છે કે તેથી તે શિક્ષિત માણસના જીવનનું–એના બધા જ સ્તરોમાં–એટલું મોટું પરિવર્તન થઈ ચૂકયું છે કે તેના તરફ ધ્યાનથી જોવામાં આવે તો તે અંગ્રેજ જ લાગે. જીવનની સઘળી વૃત્તિ–પ્રવૃત્તિઓ અને મહત્ત્વાકાંક્ષાઓમાં કયાંય જો આર્યત્વની ઝાંખી પણ શોધી ન જડે તો તેવા ડિગ્રીધારી ભારતીય લોકોને દેશી અંગ્રેજ કેમ ન કહેવા?

## 'હવે તો કાળા ગોરાઓથી બચાવો'

એક વાર એક દૈનિકમાં લેખ આવેલો. તેનું શિર્ષક હતું. "હવે તો આ કાળા ગોરાઓથી દેશને બચાવો!" તેમાં જણાવ્યું હતું કે, 'આ કાળા (ભારતીય) ગોરાઓ

જ–જેમણે અંગ્રેજી પદ્ધતિનું શિક્ષણ લીધું છે–અમારી સંસ્કૃતિનો નાશ કરીને પ્રજાના સાચા સુખશાન્તિની સઘળી આધારશિલાનો ધ્વંસ કરી રહ્યા છે.'

આર્ય મહાપ્રજાના સર્વનાશની આવી કતલની પળોમાં પણ જો અમે બોલીએ નહિ તો કેમ ચાલે? ભારતના બીજા પણ અનેક સંન્યાસીઓ આ બાબતમાં ચૂપ શા માટે રહ્યા છે એ મને સમજાતું નથી!

'તમે શા માટે આટલું બધું બોલો છો? શું તમારા બોલવાથી બધું બદલાઈ જશે?' આવું જ્યારે જ્યારે મને કોઈ કહે છે ત્યારે હું, પેલા જટાયુની જેમ જ, જવાબ આપું છું કે મારાથી સંસ્કૃતિનાશનો આ અધર્મ જોયો જાતો નથી એટલે જ હું બોલું છું. બેશક ધર્મનો ઉપદેશ આપવો એ તો મારું કર્તવ્ય છે જ.

## બૌદ્ધધર્મનો પ્રચાર

પૂર્વે પણ અનેક વાર આ સંસ્કૃતિની સામે આફતો આવી છે. પરન્તુ ત્યારે ત્યારે અનેક સંસ્કૃતિપ્રેમી આત્માઓએ એની રક્ષા કરવા કમર કસી છે.

ઘણા વર્ષો પૂર્વે ભારતની અન્દર બૌદ્ધો દ્વારા વૈદિકોને માન્ય મોક્ષમાર્ગની સંસ્કૃતિ નષ્ટ કરાઈ રહી હતી. બૌદ્ધો મોક્ષને સ્વીકારતા નથી. એઓ મોક્ષનો અર્થ 'આત્માનું દીપકની જેમ બુઝાઈ જવું' એવો કરે છે. મોક્ષનું આ વાસ્તવિક સ્વરૂપ નથી. [બેશક; મોક્ષના સ્વરૂપમાં વૈદિક અને જૈન માન્યતામાં મતભેદ છે. પણ તે વિચાર અહીં અપ્રસ્તુત છે.]

આ આર્યદેશ જીવનની પ્રત્યેક કરણીઓમાં મોક્ષને જ આગળ રાખીને ચાલતો. અને એથી એનો નાશ કોઈ પણ રીતે ક્ષમ્ય બની શકતો નથી.

બૌદ્ધોએ મોક્ષનું જે વૈદિકમાન્ય સ્વરૂપ છે તેનો પણ લોપ કરવા માંડ્યો. અને જ્યારે પોતાના વિકૃત મોક્ષસ્વરૂપને પ્રચારવા માંડયું ત્યારે એક આત્માનું અન્તર કકળી ઊઠયું.

## કુમારિલભટ્ટની આન્તર વ્યથા

કુમારિલ ભટ્ટ નામનો બ્રાહ્મણ પંડિત બૌદ્ધના આ પ્રચારને સહન કરી શક્યો નહિ. એનો આત્મા અકળાઈ ઊઠયો.

બૌદ્ધ દર્શનમાં ઉગ્ર દેહદમન અને તપત્યાગાદિ ઉપર જોર આપવામાં આવ્યું નથી. આથી એમનો મત જલદી સ્વીકારાવા લાગ્યો. વૈદિક મતમાં પૂજા-પાઠ અને ક્રિયાંકાડો વિશેષ પ્રમાણમાં હોવાના કારણે અને બૌદ્ધ ધર્મમાં ઘણી છૂટછાટો ભોગવવા છતાં ધર્મી કહેવડાવવાનો સગવડિયો રસ્તો હોવાથી અનેક રાજાઓ બૌદ્ધ ધર્મ સ્વીકારવા લાગ્યા.

પાપો કરતા રહીને પણ જગતમાં ધર્મી તરીકે ફરતા રહેવાનું પ્રજાને બહુ અનુકૂળ આવી જાય એ સહજ છે. એથી જ બૌદ્ધમતનો વ્યાપક ફેલાવો થવા લાગ્યો. આ બધું કુમારિલથી સહન ન થયું. એનો આત્મા અત્યન્ત વેદના અનુભવવા લાગ્યો.

## કુમારિલનો વાદોમાં વિજય

કુમારિલે બૌદ્ધશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. એના શાસ્ત્રોની નબળી કડીઓ જાણી લીધી. ત્યાર બાદ બૌદ્ધ બની ગયેલા રાજાઓ પાસે જઈને એણે વાદો કરવા માટે આહ્વાનો આપ્યાં. રાજાઓની ખુશામત કરવા માટે બૌદ્ધ પણ્ડિતોમાં રૂપાન્તરિત થઈ ગયેલા અનેક બ્રાહ્મણ પણ્ડિતો સાથે વાદો કરીને કુમારિલ ભટ્ટે વિજય પ્રાપ્ત કર્યો. પરન્તુ તે છતાં પંડિતો કહેવા લાગ્યા કે, "અમે તો બૌદ્ધ ધર્મને જ સ્વીકારશું. બૌદ્ધ દર્શનનો પરિત્યાગ અમે કરી શકનાર નથી. અમને તો એ જ ધર્મ મજાનો લાગે છે."

આવા અભિપ્રાયો સાંભળતા કુમારિલની આંતરવેદના અત્યન્ત વધી ગઈ.

ઠેરઠેર વાદો કરીને, વિજયો પ્રાપ્ત કરીને, એ બૌદ્ધ-સમ્મત અભિપ્રાયોના ભુક્કા બોલાવતો ગયો તો પણ એના કાર્યમાં એને સફળતા ન સાંપડી. રાજાઓ અને અનેક પ્રજાજનોએ વૈદિક ધર્મનો ત્યાગ કરવાની જાણે કે સ્પર્ધા માંડી.

## દિલથી અને દેહથી શેકાતો જતો કુમારિલ

અન્તે...વેદકલ્પિત મોક્ષની સંસ્કૃતિની ઘોર ખોદતી બૌદ્ધ-માન્યતાઓના પુષ્કળ પ્રચારથી સંતપ્ત બની જઇને, કુમારિલે ગામ બહાર એક મોટી તુષની ગંજી ઊભી કરાવી.

ઘઉંના છોતરાંના એ ઢગલા ઉપર જઈને કુમારિલ બેસી ગયો. નીચેથી એ ગંજી સળગાવાઈ. ધીરે ધીરે આખી ગંજીમાં દાહકતા ઉત્પન્ન થવા લાગી. ઉપર બેઠેલા કુમારિલનો દેહ તપવા લાગ્યો. અને ધીરે ધીરે સળગતો એ અગ્નિ કુમારિલને કાંઈ બેચાર કલાકમાં ભડથું કરતો નથી; પરન્તુ દિવસોના દિવસો જવા લાગ્યા અને કુમારિલ એમાં શેકાતો ગયો.

લોકો બોલવા લાગ્યા : "આ પંડિત નકામો પંચાત કરે છે. નાહક સંસ્કૃતિ-રક્ષાની વાતો પોતાના માથે લઈ બેઠો છે! એના મા-બાપ નથી કે શું? એના એકના મરવાથી શું વળવાનું છે?"

પરંતુ કુમારિલના હૃદયમાં એક જ તમન્ના છે કે મારી સંસ્કૃતિની થઈ રહેલી ક્રૂર હાંસી; કોક દી મને જોતાં, કોઈના હૈયાને અડી જશે. 'તું શાને સળગી રહ્યો છે?,

એમ કોઈ મને પૂછશે ત્યારે મારી આંતર-વ્યથા હું એને કહીશ. આમ મારું આ મૃત્યુ નિહાળતાં કોકનો આતમ જાગશે અને મારી સંસ્કૃતિને એ બચાવશે.

કુમારિલ બલિદાન દેવા તૈયાર થઈ ગયો છે. એનું એ બલિદાન એળે જાતું નથી. એક યુવાન એને એક દી મળી જાય છે. બલિદાન સામાન્ય રીતે કોઈના ય એળે ગયા છે ખરા?

## ભારત ઉપર આશીર્વાદ અને અભિશાપ

આ ભારતની પ્રજાના લલાટે એક આશીર્વાદનું સદ્‌ભાગ્ય અને એક અભિશાપનું દુર્ભાગ્ય અંકાએલું છે એમ ઇતિહાસના પાનાંઓ ફેરવતાં વિધાન કરવાનું દિલ થઈ આવે છે.

સંસ્કૃતિની રક્ષા કાજે જ્યારે જ્યારે જેણે જેણે બલિદાનો આપ્યાં છે એ બધા સામાન્ય રીતે નિષ્ફળ ગયા નથી. ભારતીય પ્રજાના માટે આ બાબત આશીર્વાદરૂપ જ સમજવી જોઈએ ને?

અને...જ્યારે જ્યારે આ ભારતીય પ્રજામાં યાદવાસ્થળી ઓ સર્જાણી છે—અંદરોદર ફૂટ પડી છે ત્યારે ત્યારે ધર્મસંસ્કૃતિના અનેકસ્તરોનો ખાત્મો બોલાઈ ગયો છે. અંગ્રેજોએ પણ આ દેશમાં પ્રવેશ કરવા માટે અને સ્થિર થવા માટે યાદવાસ્થળીનું જ શસ્ત્ર અપનાવ્યું હતું. ઘણી વાર એવું બન્યું છે કે ટોચ કક્ષાની સમૃદ્ધિએ જ્યારે ભારતીય પ્રજાએ ડગ મૂક્યો છે, ત્યારે આપસની યાદવાસ્થળીએ જાગી પડીને બધા લાભોને ધમરોળી નાંખ્યા છે. મુસલમાનો વગેરેના રાજ્ય કાળમાં પણ આવું જ બન્યું છે.

મેં પહેલાં ય કહ્યું જ કહ્યું હતું કે ભારતીયો જ ભારતીયોને, રશિયનો રશિયનોને, વૈષ્ણવો વૈષ્ણવોને, મુસલમાનો મુસલમાનોને મારવાના પ્રયાસ કરશે. આ યાદવાસ્થળી આર્યાવર્તની મહાપ્રજા ઉપર અભિશાપનો કાળો ઓળો બનીને વારંવાર ઉતરી છે.

## બળતા કુમારિલને જોવા જતા માનવો

લોકો બધા એને જોવા જાય છે; પરંતુ કોઈ પૂછતું નથી કે, 'ભાઇ! તમે કેમ બળી મરો છો?' દૂર–દૂર એક યુવાન ઊભો હતો. એ જઈ રહેલાં લોકોને પૂછે છે, 'ભાઇઓ! તમે બધા ક્યાં જાઓ છો?' ત્યારે લોકો જવાબ આપે છે. 'એક મહાન્ પંડિત બળી મરે છે એને જોવા જઇએછીએ?' ત્યારે એ યુવાન પૂછે છે, 'એ કેમ બળી મરે છે?' લોકો કહે છે, 'એ અમે પૂછ્યું નથી. અમને એ પૂછવાની ફુરસદ પણ નથી. અમે તો તમાસો જોવા જઈએ છીએ.' કેવી છે આ પ્રજા? કુમારિલ શા

સારું બલિદાન આપે છે એ અંગે જાણવાની પણ જેને જરૂર દેખાતી નથી. કેવા ભયંકર સ્વાર્થના કોચલામાં આ પ્રજા ફસાઈ ગઈ હશે ?

## સ્વાર્થના કોચલામાં ફસાયેલી પ્રજા

શું વર્તમાન કાળની પણ પ્રજા આવા કોચલામાં ફસાઈ ગઈ હોય એવું નથી લાગતું ? ક્યાંય જાણે કોઈ પ્રત્યેની માયાળુતા જોવા જ મળતી નથી ! પોતાના પડોશીના દુઃખો પ્રત્યે પણ કોઈ હમદર્દી આજે જોવામાં આવતી નથી. લગભગ કોઈને કોઈની કશી જ પડી નથી એવી સ્થિતિ દેખાય છે. અરે ! શબને ઊંચકવા માટે સ્વજનો પણ આઘાપાછા થતાં હોવાથી સરકારે શબવાહિનીઓ તૈયાર કરી છે ! એમાં ગોઠવાએલી પૂતળીઓ જ છાતી કૂટી લે છે ! સ્વજનોને સમયનો અભાવ હોવાથી ઈલેક્ટ્રીકથી થોડી જ વારમાં શબને બાળી નાંખવાની વ્યવસ્થા કરવામાં આવી છે ! યુવતીના મૃત્યુની સાથે જ—આગ ઠરતાં પહેલાં જ—યુવક નવા એંગેજમેન્ટની ચિન્તામાં ગરકાવ બની જાય છે ! કેવો ભયંકર સ્વાર્થાન્ધભાવ !

આખા જગતના કલ્યાણની વાતો કરનારો—'वसुधैव कुटुम्बकम्'ની ભાવના ભાવનારો માણસ પોતાના કુટુમ્બીજનો પ્રત્યે પણ સભ્ય વર્તન કેળવી શકતો નથી ! પોતાના પડોશીના દુઃખોમાં એ સહભાગી બની શકતો નથી ! પોતાના માતા, પિતા, પત્ની, બાળકો, ઘાટીઓ અને મુનિમોના ય કલ્યાણની વાંછા કરી શકતો નથી ! ક્યા મોંઢે એ આખી વસુધાને કુટુમ્બ બનાવવા નીકળ્યો છે ? એ ક્યા મોંએ 'मा कश्चित् दुःखभाग् भवेत्' કહેવા નીકળ્યો છે એ જ સમજાતું નથી. કેવા દંભ, કેવાં પાખંડ અને કેવાં આ સુધરેલા લોકો છે? જૂઠાણાંથી આખું જગત ઊભરાઈ ગયું છે !

યુવાનો પણ મોટી મોટી વાતો કરે છે; માનવતાની, દુઃખીઓનો ઉદ્ધાર કરવાની અને ગરીબી હટાવી દેવાની. પરન્તુ અવસર આવે ત્યારે કોઈ પોતાના ભોગ–સુખને છોડવા તૈયાર નથી. અવસરે પોતાનું બલિદાન આપવા કોઈ પણ તૈયાર નથી !!

સ્વાર્થાન્ધતાના ગંદવાડોથી ખદબદી ઊઠેલા સમાજના આ કેવા આઘાતજનક કટુ સત્યો છે ! અફસોસ ! છતાં આ સમાજના લોકો શિક્ષિત, સુધરેલા, અને સભ્ય કહેવાય છે !

પેલો યુવાન અકળાઈ ઊઠીને કહે છે, 'અરે ! તમે બધા બળી મરતા પંડિતને જોવા જાઓ છો ? તમે કોઈ પૂછતા ય નથી કે 'ભાઈ ! તમે કેમ મરી રહ્યા છો ?' કેટલા બધા તમે સ્વાર્થનિપુણ બની ગયા છો ?'

એ યુવાન લોકોની સાથે સાથે કુમારિલના દહન સ્થળે આવી ઊભે છે. આવીને દગ્ધ બનેલા કુમારિલને જોતા જ એ અકળાઈ ઊઠે છે. ઉતાવળે એ

કુમારિલને પૂછે છે, 'ઓ મહાપંડિત! તમે કેમ આમ મરી રહ્યા છો? આ તમારી બળતી જળતી કાયા મારાથી જોઈ જાતી નથી.'

## કુમારિલને વારસદાર લાધી ગયો

ત્યારે આનંદિત બની ગયેલા કુમારિલ મનોમન બોલી ઊઠ્યા, 'મારા આંતરનાદને સાંભળનાર યુવાન આજે મને મળ્યો ખરો! મારું મૃત્યુ પણ હવે મંગલ બની જાશે.'

કુમારિલ યુવાનને કહે છે, 'ભાઈ! હવે મારે કાંઈ બોલવું નથી. જગતને સમજાવી સમજાવી હું થાકી ગયો છું. હવે તો બસ મારે મરી જ જવું છે. જેની પાસે હૈયું હશે તે પૂછશે. આંખ હશે તે જોશે. જો તું મારી આ બળતી–જળતી કાયા જોઈ શકતો ન હોય તો હું તને પૂછું છે કે તારી સંસ્કૃતિ–માતા મરી રહી છે, એની બળતી-જળતી કાયા તું જોઇ શક છે? હું બહારથી શેકાઈ રહ્યો છું તે તારાથી જોવાતું નથી એમાં તને દુઃખ થાય છે તો તને સંસ્કૃતિના થઈ રહેલા નાશનું કોઈ દુઃખ નથી?

'ઓ! નવયુવાન! મારી કાયા બળતી–જળતી તારાથી જોવાતી ન હોય તો તું સંસ્કૃતિમાતાના ખેંચાઈ રહેલાં ચીરની રક્ષા કરવાના શપથ લે. બૌદ્ધો આપણા વેદમાન્ય મોક્ષપદને ઉડાડી રહ્યા છે. એને પરાસ્ત કરીને અહીંથી હાંકી કાઢવાનો સંકલ્પ કર! હું આ સંસ્કૃતિના થઈ રહેલા વિનાશને જોઈ શકતો નથી, એથી જ મારી કાયાને આજ જલાવી રહ્યો છું!'

## યુવાનના શપથ અને કુમારિલનો દેહત્યાગ

યુવાનનું હૃદય કમ્પી ઊઠે છે. કુમારિલની મનોવેદનાને એ યથાયથ રીતે પરખી જાય છે. એને એમ લાગે છે કે આ માણસ બહારથી જેટલો બળે છે એના કરતાં અંદરથી વધુ બળે છે. એની બહારની વ્યથા કરતાં આંતરિક વ્યથા ઘણી ભયંકર છે.

તે જ ઘડીએ આકાશમાં સૂર્યનો ઉદય થાય છે. સૂર્યની સાક્ષીએ હાથમાં પાણી લઈને એ યુવાન સોગન્દ લે છે. "ઓ! મહા–પંડિત! તમારી આ સંસ્કૃતિ–ભક્તિને મારા લાખ–લાખ વંદન છે. હું હાથમાં પાણી લઈને શપથ સ્વીકારું છું કે મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી હું આ સંસ્કૃતિની રક્ષા કાજે અથાગ પ્રયત્ન આદરીશ...મારા જાનની ફેસાની કરી દઇશ...તમે નિશ્ચિંત બની જાઓ...અને સુખેથી પરલોક તરફ પ્રયાણ કરો..."

યુવાનના એ શબ્દો સાંભળીને આનંદવિભોર બની ગયેલા પંડિત કુમારિલની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાય છે. અને તે મૃત્યુને વરે છે. દગ્ધ એમની કાયામાંથી

પ્રાણ પંખેરું ઊડી જાય છે. પોતાના 'મિશન'ને આગળ ધપાવનાર કોઈ માડી જાયો પોતાને મળી ગયો એનો આત્મ-સંતોષ લઈ ને!

## આજની સ્થિતિ વધુ ભયંકર

આજની સ્થિતિ તો કુમારિલના કાળ કરતાં ય વધુ ભયંકર દેખાય છે કેવા બિભત્સ ચિત્રોવાળા સિનેમા આજે પ્રસાર પામી રહ્યા છે! સિનેમા કરતાંય નાટકો તો અતિ નિર્લજ્જ બનતા ચાલ્યા છે!! સમગ્ર આર્યાવર્ત્તની પ્રજા સાંસ્કૃતિક વિનાશની કેવી ભીષણ ખાઈ તરફ ધસી રહી છે? સમસ્ત આર્યપ્રજા જાણે અંગ્રેજ પ્રજામાં રૂપાન્તર પામી રહી હોય એવું જણાય છે.

## છતાં...આશાનું એક કિરણ

પણ...આ સ્થિતિમાં ય મને એક આશાનું નાનું કિરણ દેખાય છે. કે તમે આવો વાતો પણ આટલી મોટી સંખ્યામાં અને આટલી શાન્તિથી સાંભળવા દોડી આવો છો! અપેક્ષાએ આટલા જોશથી અને જોરથી બોલવાના અમારા આ શ્રમ કરતાં ય, અનેક પ્રકારના કામ મૂકીને, જીવન આખું જમાનાવાદની આંધીએ સપડાઇ ગયું હોવા છતાં ભોગપ્રધાન જીવન અંગેની સાફ સાફ કટુ વાતો સાંભળવા પણ તમે દોડ્યા દોડ્યા આવો છો એ ખરેખર આશ્ચર્ય અને આનન્દ ઉપજાવે એવી બાબત છે.

વ્યાખ્યાનો કાનેથી સાંભળીને, એને હૃદયથી સમજવાનો અને હૃદયથી સમજીને એને જીવનમાં પામવાનો પ્રયત્ન કરનારા અનેક લોકો આ સભામાં બેઠા છે. અનેકાનેક યુવાનો મારી પાસે આવીને સિનેમા, ટી. વી. ત્યાગ, પરમાત્મપૂજા વગેરે અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓ લઈ જાય છે. આ અનંત અંધકારની વચ્ચે પડેલી નાનકડી તેજરેખા છે. મારા જેવાઓ માટે આશાનું એક નાનકડું કિરણ છે.

આર્યાવર્તની મહાપ્રજા ઉપર પાશ્ચાત્ય જીવન પદ્ધતિના વિકૃતિભર્યા રંગો ગમે તેટલા ચડી ગયા હોય તો પણ તે રંગ હળદરીઆ છે. થોડાક પ્રયત્ને કદાચ ધોવાઈ જાય તેવા છે. કેમકે ગમે તેમતો ય પ્રજાનું જે આર્યબીજ છે તે ખૂબ જ ઉત્તમ સંસ્કારે રસાયેલું છે. આ ખૂબ જ મોટો અમારો આશાવાદ છે.

## શક્તિશાળીઓએ બોલવું જ જોઈએ

'બીજા બધા સંન્યાસીઓ, મહંતો અને ત્યાગીઓ નથી બોલતા અને તમે થોડાક જ ત્યાગીઓ કેમ બોલો છો?' એવું ઘણા મને પૂછે છે. હું કહું છું કે 'ભાઈ! આ સવાલ જેઓ નથી બોલતા એમને પૂછવા જેવો છે. મને પૂછવાથી શું? હું

બોલું છું એ હકીકત છે. બધા જ ધર્મરક્ષકોએ આ વિષયમાં બોલવું જોઈએ અને પ્રજાને માર્ગદર્શન આપવું જોઈએ એમ હું માનું છું.'

મારે કોઈક વાર રાજકારણી માણસો સાથે ય આ બાબતમાં મોટી ચકમક ઝરી ગઈ છે. સંસ્કૃતિ નાશ દ્વારા પ્રજાનો કેવી ભેદી રીતે નાશ કરાઈ રહ્યો છે અને એમાં મેકોલેનું આ શિક્ષણ કેટલા મોટા અંશમાં જવાબદાર છે આ બધી વાતો મેં તેઓને સમજાવી હતી. એ માણસોએ આ વાતો તે સમયે નહોતી સ્વીકારી, પણ આજે એ જ રાજકારણીઓ છાપાઓ દ્વારા બોલે છે કે, "અંગ્રેજોએ સ્થાપેલી શિક્ષણ પદ્ધતિ વગેરેથી પ્રજાને પારાવાર નુકસાન થઈ ચૂક્યું છે."

આથી જ હું કહું છું જેનું પુણ્યબળ હોય અને શક્તિ હોય તેણે આ વિષયમાં કહેવું તો જોઈએ જ.

## શું રબારીનો છોકરો હોનારત ન અટકાવી શકે?

ધારો કે સો કિલોમીટરની સ્પીડે કાળ વેગે ધસમસતો રાજધાની એક્ષપ્રેસ આવી રહ્યો છે. અને એ વખતે કોઈ નક્ષલીસ્ટ માણસે પાટામાંથી અમુક ભાગ ઉખેડીને દૂર ફેંકી દીધો છે. તે વખતે ફાટકનો સાંધાવાળો માણસ આજુબાજુ કોઈ ગામે ગયો છે અથવા બીજા જ અગત્યના કાર્યમાં રોકાઈ જવાની તેને ફરજ પડી છે.

હવે શું કરવું? સદ્ભાગ્યે પાટાની બાજુમાં જ ગાડરોને ચરાવવા આવેલો એક રબારીનો છોકરો ઊભો છે. માથે લાલ ફાળિયું છે અને હાથમાં કડિયાળી ડાંગ છે.

એણે પરિસ્થિતિની ભયાનકતા માપી લીધી. જો લાલ સિગ્નલ આપવામાં ન આવે તો મોટી હોનારત સર્જાઈ જાય તેમ છે. તેનું પરિણામ પણ ભયંકર આવે. અલબત્ત, સિગ્નલ આપવા માટે એ રબારીના છોકરાનો કોઈ અધિકાર નથી. એની પાસે સત્તા ય નથી. અને સરકાર માન્ય લાલ ઝંડો પણ નથી. પણ પરિસ્થિતિની ગંભીરતા માપી લઈને 'હાજર સો હથિયાર' એ ઉક્તિ પ્રમાણે એણે પેલી કડિયાળી ડાંગમાં પોતાના માથેથી લાલ ફાળિયું કાઢીને લગાવી દીધું અને ગાડરોને પડતા મૂકીને દૂરથી આવતી રાજધાની એક્ષપ્રેસ તરફ જઈ ઊભો. લાલ ફાળિયાવાળી ડાંગ ઊંચી કરીને એ એન્જિન-ડ્રાઇવરને સિગ્નલ આપવા લાગ્યો. ડ્રાઇવરે દૂરથી ફરકતું લાલ કપડું જોઈ લીધું. અને એન્જિનને બ્રેક મારીને અટકાવી દીધી. રબારીની સાવ પાસે જ આવી જઈને ટ્રેઈન અટકી ગઈ. અને મોટી હોનારતમાંથી સહુ ઉગરી ગયા.

શું આવી પળે એન્જીન ડ્રાઈવર પેલા રબારીને તતડાવતો એમ કદી કહે ખરો

કે, "સાંધાવાળાની ગેરહાજરીમાં-તદ્દન ભિન્ન અધિકારી એવા તને-આમ કરવાનો શું હક્ક છે?"

બોલો...આ વખતે એ રબારીનો છોકરો ધન્યવાદ ને પાત્ર ગણાય કે ગુનેગાર ગણાય ?

## વિષમ પરિસ્થિતિ જ બોલવાની ફરજ પાડે છે

સમગ્ર આર્ય સંસ્કૃતિનો આજે ધરમૂળથી નાશ કરવાની ભેદી—અત્યંત ભેદી કાર્યવાહીઓ ચાલી રહી છે. ધર્મો ઉપર અનેક પ્રકારની આફતો આવી રહી છે. સમગ્ર સંસ્કૃતિની રક્ષાની અત્યારે તાતી જરૂરિયાત ઊભી થઈ જણાય છે. આ વિષમ પરિસ્થિતિ જ મને, પેલા રબારીના છોકરાની જેમ લાલ ફાળિયું ફરકાવવાની ફરજ પાડે છે અને માટે જ બીજાઓ બોલે છે કે નહિ એની ચિન્તા કર્યા વગર હું આ બધી વાતો તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું.

તીર્થનાશ માટે ઉદ્યત થયેલા રાવણને રાજર્ષિ વાલિ સખ્ત દણ્ડ કરે છે. આ ઘટના અમને સમગ્ર ધર્મ અને સંસ્કૃતિના થતા જતા ભેદી વિનાશના અવસરે બોલવાની પ્રેરણા કરે છે. ધર્મ સંસ્કૃતિને બચાવવા માટે ઝઘડા તો શું પણ જે કાંઈ ઉચિત કરવા જેવું હોય તે કરવું પડે.

## ભેદી કાર્યક્રમો દ્વારા સંસ્કૃતિનો વિનાશ

રાજર્ષિ વાલિ ઉત્તમ કક્ષાના ધર્માત્મા હોવા છતાં એ તીર્થનાશની સંભવિતતાને ચલાવી લેતા નથી. જ્યારે આજે તો તીર્થસ્થાનોનો વિકાસ કરવાના નામે જ તેનો ભેદી વિનાશ કરવામાં આવી રહ્યો છે. ધરતીને આબાદ કરવાના તમામ કાર્યક્રમો પ્રજાને બરબાદ કરવામાં પરિણામી રહ્યા છે.

અલબત્ત; પ્રજા સંખ્યાની દૃષ્ટિએ ઘટી રહી છે તેવું નથી. કારણ મરણોની સખ્યામાં પૂર્વ કરતાં ઘટાડો થઈ ગયો છે. મોટા યુદ્ધો હવે પહેલાંની જેમ થતા નથી. પણ છતાં પ્રજા પોતાની જીવાદોરી સમી સંસ્કૃતિને ઝપાટાબંધ ખોઈ રહી છે; એના પ્રાણસમા પાવિત્ર્યની ઉપર તો ચારે બાજુથી જીવલેણ હુમલાઓ થઈ રહ્યા છે.

ક્યાંક વિકાસના નામે, ક્યાંક એકતાના નામે, તો ક્યાંક ભેળસેળ કરીને, તો ક્યાંક વળી સંસ્કૃતિના બળવાન તત્ત્વોને-જુદા પાડીને કે ઉત્તેજન ન આપીને-નબળા પાડી દઈને નાશ કરવાના ભેદી કાર્યક્રમો પરદેશી અંગ્રેજોના વફાદાર અમીચંદો અને મીરજાફરો સ્વરૂપ—આ જ ભારતના—દેશી અંગ્રેજોના હાથે જ નિરાબાધપણે ઝપાટાબંધ અમલી બની રહ્યા છે. અને...ભોળી આર્ય પ્રજા! પોતાના ભોળપણના કારણે જ આ કાર્યક્રમોને વધાવી લેવાની અક્ષમ્ય ભૂલ કરી રહી છે!

## સંસ્કૃતિના નાશ દ્વારા પ્રજાનાશ અને મંદિરોના નાશ દ્વારા સંસ્કૃતિનાશ

એક અંગ્રેજે કહ્યું છે કે,

To kill people, kill Sanskrity;
To kill Sanskrity, kill temples.

"જો તમારે કોઈ દેશની પ્રજાને ખતમ કરવી હોય તો તેની જીવાદોરી સમી સંસ્કૃતિને જ ખતમ કરો. અને જો તમારે તે સંસ્કૃતિને ખતમ કરવી હોય તો તેને જીવાડતા મંદિરોને જ ખતમ કરો" એ અંગ્રેજની આ વાત કેટલી ભયંકર છે!

સંસ્કૃતિનો નાશ કરવામાં આવે એટલે તેની પ્રજા સાફ થઈ જ જાય. પછી પ્રજાને ખતમ કરવા માટે નેપામ કે એટમબૉંબ ફેંકવાની જરૂર જ ન રહે. સાંસ્કૃતિક રીતે પ્રજા ખલાસ થઈ જાય તો કોઈ ઉચ્ચ કોટિના મહાપુરુષો આ ધરતી ઉપર પેદા જ ન થાય. આ રીતે સંસ્કૃતિના નાશ દ્વારા જ પ્રજાનો નાશ થઈ જાય.

અને સંસ્કૃતિનો નાશ કરવા માટે તે અંગ્રેજ કહે છે કે 'મન્દિરોનો નાશ કરો' તે તે મંદિરો દ્વારા જ સંસ્કૃતિ જીવંત રહે છે. આથી જો ભ્રષ્ટાચાર અને વિકૃતિઓ દ્વારા મંદિરોની અને તીર્થસ્થળોની પવિત્રતા નષ્ટ કરાય તો એ તે મંદિરો ભલે ઊભા રહેતા—ખંડીએર ન બનતા—તો ય તારકતાના પ્રાણ વિનાના મડદા જેવા મંદિરો સંસ્કૃતિના જીવંત ધામો કદી બની શકનાર નથી.

## તીર્થોના વિકાસના નામે તારકતાનો વિનાશ

આ રીતે મંદિરોના વિકાસમાં મંદિરોનો–મંદિરોની તારકતાનો વિનાશ કરવાની ચાલબાજી અભિપ્રેત છે. એવાં મંદિરો ભારતના માત્ર જોવા લાયક સ્થળો બની જાય છે. પરદેશના અનેક લોકો આવીને તે જુએ અને તેનાથી ભારતનું કહેવાતું ગૌરવ વધે; હાય! આત્મ–દર્શનના સ્થળો પુરાતત્ત્વના પ્રદર્શનના સ્થળો બની રહ્યા છે!

તીર્થસ્થાનોનો વિકાસ એ જ હકીકતમાં તેના પ્રાણનો વિનાશ કરનારો બની જાય છે. તીર્થસ્થાનોમાં ઊભી કરાયેલી વનરાજિ કે બંધાવાયેલ અદ્યતન સગવડો ભરપૂર ધર્મશાળાઓ ભ્રષ્ટાચારના ધામ બની રહી છે. ઓબેરોય કે અશોકા હૉટલો જેમને મોંઘીદાટ પડે તેમને આ તીર્થસ્થળો જ અનુકૂળ બની રહે છે. આ એક કઠોર પણ વાસ્તવિક સત્ય છે.

જો આ રીતે ભ્રષ્ટાચારો દ્વારા તીર્થોનું પાવિત્ર્ય ખતમ થઈ જતું હોય તો તેવા તીર્થોના વિકાસનો કોઈ અર્થ નથી. એવા તીર્થધામોમાં લાખો લોકો આવતા હોય તો પણ તેની શું કિંમત છે?

## વિકાસ, એકતા, ભેળસેળના એટમબૉમ્બો

મંદિરો અને તીર્થોની પવિત્રતા ઉપર જ ભારતની પ્રજાનું પાવિત્ર્ય ટકી રહ્યું છે. જો મંદિરોની તારક મંગળમયતા દૂર થાય તો સંસ્કૃતિનો અવશ્ય નાશ થઈ જાય. અને જો સંસ્કૃતિ ખલાસ થઈ જાય તો આર્ય પ્રજા સો બસો વર્ષથી ઝાઝું જીવી શકે એ મને તો સંભાવિત લાગતું નથી.

નારીના જીવન વિકાસની વાતો દ્વારા નારીના શીલનો ભુક્કો બોલાવાઈ ગયો છે. ધાર્મિક શિક્ષણને જુદું પાડીને વ્યાવહારિક શિક્ષણને પ્રધાનતા આપીને પ્રજાના હૈયેથી તમામ સદ્‌ગુણોને વાળી ઝૂડીને સાફ કરાયા છે. એકતાના લોભામણા નામે આર્યબીજમાં ભેળસેળ કરાયો છે; બીજ ભ્રષ્ટ કરાયું છે. સંસ્કૃતિના બધા જ અંગો ઉપર વિકાસ, એકતા, ભેળસેળ વગેરે સ્વરૂપ એટમ-બૉમ્બો ફેંકાઈ ચૂક્યા છે.

## હજી પણ 'સબ સલામત'ની સાયરન?

આવી ગંભીર પરિસ્થિતિ જાણ્યા પછી પણ જો અમે 'સબ સલામત'ની સાયરન જ વગાડ્યા કરીએ તો અમારા જેવા ધર્મદ્રોહી, પ્રજાદ્રોહી અને સંસ્કૃતિદ્રોહી બીજા કોઈ નહિ હોય, એમ કદાચ કહી શકાય.

રાજર્ષિ વાલિ જો તીર્થભૂમિની રક્ષા ખાતર રાવણને લોહી વમતો કરી શકતા હોય, જટાયુ જો પરસ્ત્રીના અપહરણના અધર્મને દૂર કરવાના સદાશયથી રાવણ ઉપર ત્રાટકી શકતા હોય, તો ભયંકર કોટિનો નૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિનિપાત પ્રજાના મોટા ભાગના સ્તરોમાં આંખે આંખ દેખાઈ રહ્યો હોય, ત્યારે પણ શક્તિમાન આત્માઓએ મૂંગા બેસી રહેવું જોઈએ એવી અપેક્ષા કેવી બેહૂદી છે? આસુરી તત્ત્વોને ઉઘાડા પાડવા અને એમની સામે ઝઝૂમવું એ જ આપણું કર્તવ્ય, પછી પરિણામ તો પ્રાયઃ સારું આવીને જ રહેશે.

## સાધુઓ વિના માર્ગદર્શન આપશે કોણ?

યુવાનોમાંથી સદાચાર દેશનિકાલ પામી રહ્યો હોય, બેનોના શીલધર્મના ફુરચા ઊડી રહ્યા હોય, વેપારી વર્ગમાંથી નીતિના ધોરણો તૂટી રહ્યા હોય, સરકારીસ્તર ઉપરથી ન્યાય દૂર હડસેલાઈ રહ્યો હોય, કેટલાક સંતો પણ તેમના શાસ્ત્રોને નેવે મૂકીને તકવાદી, જમાનાવાદી અને ભોગવાદી રીતરસમો અપનાવી રહ્યા હોય, ત્યારે પણ જો સાચા સાધુઓ મૌન જ રહેશે તો આ જગતના જીવોનું કેટલું મોટું અહિત થઈને રહેશે?

જગતના કોઈ પણ પ્રકારના માનપાનની તમા કર્યા વગર સાધુઓ સન્માર્ગ તરફ આંગળી નહિ ચીંધે તો જગતને સાચું માર્ગદર્શન આપશે કોણ?

## રાવણની ક્ષમાયાચના

પોતાની ગંભીર ભૂલને નજરમાં લઈને રાવણે મહાત્મા વાલિમુનિના ચરણોમાં વન્દના કરી અને ક્ષમા યાચી. એણે કહ્યું : "ભગવન્! અન્યાયી અને લોભી માનવોમાં હું અગ્રેસર છું. નિર્લજ્જ થઈને હું અપરાધો કરું છું. અને પ્રચણ્ડ શક્તિ હોવા છતાં આપ તે સહન કરો છો. આપે મારા ઉપર અથાગ કૃપા કરવા માટે જ પૃથ્વીનો ત્યાગ કર્યો છે; આપના અસામર્થ્યના કારણે તો નહિ જ. આ વાત મને બરોબર સમજાઈ ગઈ છે. પૂર્વના કોઈ વૈરભાવથી આપે મને આ શિક્ષા કરી નથી. પરન્તુ આપે તો માત્ર તીર્થરક્ષા ખાતર જ આમ કર્યું છે. આપ મને ક્ષમા આપો."

મહાત્મા વાલિમુનિ રાવણને ક્ષમા આપી દે છે.

દુ:ખીઓ અને પાપીઓ આખરે જાય કયાં? સાધુ-મહાત્માઓના ચરણો જ એમનું આશ્વાસન કેન્દ્ર છે ને? આજે દુ:ખીઓને કોણ ઊભું રાખે એમ છે?

## માનવતાની વાતો કરનારા દુ:ખીને ધક્કા મારે?

પોતાની બાજુમાં રહેતો પડોશી કયારેક દુઃખના સંયોગોમાં મુકાઈ જાય અને બાજુમાં જ રહેતા શ્રીમન્ત પાસે કોઈક માંગણી કરે; ત્યારે એ શ્રીમન્ત પોતાના જ દુ:ખી પડોશીને ગાળ દઈને કાઢી મૂકે છે!! માનવતાની મોટી મોટી વાતો કરનારા માનવતાવાદીઓના મકાનમાં જો કોઈ ગરીબ–દુ:ખિયારો પેસી જાય તો તેને લાફો મારીને બહાર કઢાવાય છે!! શું માનવતાની વાતો દુનિયામાં સસ્તા માનપાન મેળવી લેવા માટે જ કરવામાં આવે છે?

કોઈક વાર અમારી પાસે કોઈ શ્રીમન્ત બેઠો હોય અને તે જ સમયે કોઈ ગરીબ આવી જાય ત્યારે અમે પેલા શ્રીમન્તને કાંઈક મદદ કરવાનું કહીએ તો જાણે અમારા બાર વાગી ગયા...અમને એમ લાગે કે આવા શ્રીમન્તો પાસે આવા વિષયમાં મૌન જ રહેવું વધુ સારું.

## સજ્જન દેખાતા શ્રીમંતો કેવા છે?

એક કિસ્સો ખરેખર એવો બની ગયો હતો. એકવાર એક શ્રીમન્ત કોઈ સાધુ મહારાજ પાસે બેઠો હતો. ત્યારે જ એક ગરીબ માણસ ત્યાં આવ્યો. સાધુ મહારાજે પેલા શ્રીમંતને ઔદાર્ય દાખવવાનું સૂચન કર્યું. તરત એ શ્રીમન્તે દસ રૂપિયાની નોટ કાઢીને પેલા ગરીબને આપી દીધી. પેલો ગરીબ ત્યાંથી હર્ષભેર વિદાય થયો.

ત્યાર બાદ તુરત એ શ્રીમન્ત, "મારે અગત્યનું કામ છે. હું હવે જાઉં છું" એમ સાધુ મહારાજને કહીને ઊભો થઈને ચાલવા લાગ્યો. પેલા ગરીબ માણસની સાથે જ નીચે ઊતર્યો. એ શ્રીમન્તે પેલા ગરીબ આદમીને પૂછ્યું. "ભાઈ! તારે

ક્યાં જવું છે? ચાલ...હું તને મારી મોટરમાં રસ્તામાં ત્યાં ઉતારી દઈશ." ગરીબને આ શેઠ અત્યન્ત માયાળુ દેખાયા. એ ગરીબ માણસ શેઠની મોટરમાં બેસી ગયો.

જેવી મોટર થોડીક આગળ વધી કે તરત શેઠે પેલા ગરીબ માણસને એક તમાચો ઠોકી દીધો. અને કહ્યું: "બદમાશ! સાધુ મહારાજ દ્વારા મારા દસ રૂપિયા લઈ ગયો! તમારા જેવા હરામખોરો અહીં બહુ આવે છે. અને સાધુઓની સૂચનાને કારણે અમારાથી ના પણ પડાતી નથી. હરામખોર! દસ રૂપિયા મને પાછા આપી દે અને ઉતરી જા; મોટરમાંથી..."

પેલો ગરીબ તો શેઠના આવા વર્તનથી સ્તબ્ધ જ થઈ ગયો. જ્યાં પેલા ગરીબે રૂપિયા પાછા આપ્યા ત્યાં શેઠે એને ધક્કો મારીને મોટરમાંથી ઉતારી મૂક્યો.

બહારથી સજ્જન દેખાતા શ્રીમન્ત માનવોની કેવી વિકૃત મનોદશા!

## ગંદા જીવન-જળ કયાં સુધી છૂપાય?

તમારા કોઈનો નંબર તો આમાં નથીને? મને લાગે છે કે આ પ્રશ્ન પૂછવાની ય હવે જરૂર નથી; કેમ કે સમાજનું વાતાવરણ કેટલી હદ સુધી નીચે ઉતરી ગયું છે. એનું સ્પષ્ટ ચિત્ર મારી પાસે છે.

અનેક લોકોના ભીતરી જીવન કેટલી હદ સુધી ખરાબ બની ચૂક્યા છે કે એ બધું જોયા અને જાણ્યા પછી હવે ઘણી વખત એવા લોકો સાથે વાત કરવાનો પણ ઉમળકો થતો નથી. ઉજળાં કપડાંનાં ઢાંકણા નીચે વહી જતી ગંધાતી ગટરોના ગંદા જીવન-જળ કયાં સુધી છુપ્યા છુપાયા રહી શકે?

## દુ:ખી અને પાપીને શરણ્ય: સંતો અને ભગવંતો

પોતાની ભૂલ બદલ રાજા રાવણને ઘોર પસ્તાવો થાય છે. એના દુ:ખનો કોઈ પાર નથી. દુ:ખી અને પાપીઓ કેટલીક વાર પરમાત્માંના અને સદ્‌ગુરુઓના શરણ જલદી પામી શકતા હોય છે.

પાપીઓના પાપ પચાવવાની સંસારીજનોની કોઈ તાકાત નથી. એક પાપીનું પાપ જાણ્યા પછી ગૃહસ્થો એના પાપની નિન્દા કર્યા કરતા હોયં છે. સમાજમાં એને હલકો ચીતરવાના પ્રયાસ કરતા હોય છે. જાણે કાચના ઘરમાં રહેનારો બીજાના કાચના ઘર ઉપર પથ્થર મારે છે! સંસારમાં રહીને સ્વયં હજારો પાપો કરવા છતાં બીજાને 'પાપી' કહે છે. એના ઉપર થૂંકે છે. કોઈ એને પૂછી પણ શકતું નથી કે, 'બીજાને પાપી કહેનારા તમે પોતે કેવા છો?' આવા માનવોનો આ સમાજમાં તોટો નથી.

આજે તો સાચી માનવતા અને સાચું આર્યત્વ આ શબ્દો શબ્દકોષમાં તો જોવા જરૂર મળે, બાકી કોઈના જીવનકોષમાં શોધવા હોય તો શોધ્યા ન જડે તેવી સ્થિતિ છે. માટે જ એમ કહી શકાય કે દુઃખી અને પાપીને શરણભૂત છે; નિર્ગ્રન્થ સંતો અને પરમકૃપાળુ ભગવંતો.

## પ્રભુ ભક્તિમાં એકાકાર રાવણ

રાવણ વિમાનમાં બેસીને તે જ તીર્થના જિનાલયમાં ગયા. અંતરમાં વલોવાતાં દુઃખે; સ્થાવર અને જંગમ–બેય–તીર્થના નાશના પ્રયત્નના દૂઝતા પાપે રાવણના ચિત્તને અત્યંત ખિન્ન બનાવી દીધું હતું. દુઃખી કે પાપી જીવને સાચું આશ્વાસન તો માત્ર પરમાત્માના જ મંદિરે મળે ને?

રાવણ જિનભક્તિમાં તરબોળ થયા. પટ્ટરાણી મંદોદરીએ નૃત્યનો આરંભ કર્યો. રાવણે હાથમાં તંત લીધી. રંગત એવી જામી કે રાજા રાવણ જિનભક્તિમાં એકકાર બની ગયા. સર્વ આત્મપ્રદેશો એ ભક્તિમાં એકરસ બની ગયા. જાણે કે તીર્થનાશના પ્રયત્નનું થયેલું પાપ જ આ ભક્તિનો એકસર જમાવવામાં મદદગાર બની ગયું.

અને...એકાએક એ તંતનો એક તાર તૂટ્યો. રંગમાં ભંગ ન પડે, તે માટે– તદ્દન સહજ રીતે જિનભક્ત રાવણે જાંઘના માંસલ ભાગની એક નસ જોરથી ઊંચી કરીને સ્થિર કરી દીધી. એની બાજુમાં તંત ગોઠવી દીધી અને તાલબદ્ધ, લયબદ્ધ રીતે નૃત્ય વણથંભ્યું ચાલુ જ રહ્યું.

દેહ અને આત્માને જૂદા સમજ્યા વિનાની એને જૂદા અનુભવ્યા વિનાની પળોમાં આ દેહદમન અસંભવિત હતું.

## સાચી સાધના દેહાધ્યાસ ભુલાવે

સાધના તે જ સાચી કહેવાય જેમાં દેહનું ભાન સુદ્ધાં ભૂલી જવાય. ધ્યાન ધરતાં કે મન્ત્રનો જાપ કરતાં દેહનો કોઈ ખ્યાલ સુદ્ધાં ન રહે એ જ ઉચ્ચ કોટિનું સાચું ધ્યાન અને સાચો જાપ!

ધ્યાન કે મંત્રજાપ પૂર્ણ થયા બાદ પોતાના જ દેહને પોતે શોધવો પડે, એટલી હદ સુધી દેહભાનનું વિસર્જન થઈ જાય તો એ સાચી અને ઉત્તમ કક્ષાની ધર્મસાધના બની જાય છે.

જેમને ધ્યાનાદિ સમયે ડાસ અને મચ્છર મિજબાની ઉડાવતા હોય ત્યારે ચિત્તમાં ભારે બેચેની કે ક્રોધ ભાવ આવી જાય છે; ડગલે ને પગલે જેને દેહાધ્યાસ સતાવે છે, એવા આત્માઓ સાચી ધર્મસાધના કરે છે તેમ કહી શકાય નહિ.

અલબત્ત; પ્રાથમિક કક્ષામાં સામાન્ય કક્ષાની અવિધિવાળો ધર્મ પણ ઉપરની કક્ષામાં લઈ જવાના હેતુથી કામચલાઉ ચલાવી લેવાય, એ એક જુદી વાત છે.

પગની નસને આંચકો આપીને ઊંચી ચડાવવા છતાં તેની વેદનાનો રાવણનો કોઈ અનુભવ નથી. એ તો નિરંતર પરમાત્માનો વંદના કરવામાં મશગૂલ બની ગયા છે.

## ટેનિસના બોલની જેમ પાપી ઊંચે ચઢે છે

ઘણી વાર એવું બનતું હોય છે કે ધર્મી માણસો જ્યારે ધર્મ કરે છે, ત્યારે તે જેટલા તેમાં એકાકાર બની શકતા નથી, તેટલા પાપી માણસો જ્યારે ધર્મ કરે છે ત્યારે તેમાં એકાકાર બની જતા હોય છે. કહેવત છે ને કે 'कम्मेशूरा ते धम्मेशूरा'.

ગઈ કાલ સુધી જે અધર્મી માણસ ભયંકર ગાળો આપતો હતો, વગર દારૂ પીધે પીધેલા જેવી હાલતમાં ભટકતો હતો, એ માણસ પણ જો કયારેક જીવનનું અજબ પરિવર્તન પામી જાય તો પોતે કરેલા કાળાં પાપો બદલ એ બોલી ઊઠતો હોય છે...

'मों सम कौन कुटिल, खल, कामी...मों सम कौन कुटिल, खल, कामी......

પાપી જ્યારે પાપાત્મા મટીને પુણ્યાત્મા બને છે ત્યારે કયારેક ઝડપથી ધર્મની ટોચ કક્ષાએ પણ પહોંચી જતો હોય છે. ટેનિસનો દડો જેટલો નીચે પછાડો એનાથી ઘણો વધુ એ ઊંચે જતો રહે છે. પાપી માટે ય કેટલીક વાર આવું બને છે. એ જેટલો નીચે પછડાયો હોય છે એનાથી મુનિજનોનો સત્સંગ વગેરે પ્રાપ્ત થતાં વધારે ઊંચે ચઢી જાય છે. મહાત્મા દઢપ્રહારી વગેરેના પ્રસંગમાં આવું જ બન્યું છે ને ?

## જિનનામકર્મ બાંધતા ભક્તિરસતરબોળ રાવણ

રાવણ પણ પોતાતા અપરાધોનો ભયંકર પસ્તાવો કરે છે. પોતાના દુઃખની કોઈ સીમા નથી.

એના હૈયે ભભૂકી ઊઠી છે; પાપના પશ્ચાત્તાપની પાવનકારિણી અગન-જ્વાળાઓ! અને એના જ બળે જાણે કે એના મનનો તારે તાર ઝૂમી ગયો છે પરમાત્મ–ભક્તિના ગીત–ગૂંજનમાં! પાપની પારાવાર વેદના અને પરમાત્માને અનંત અનંત વંદના! એ વેદના અને વંદનાની જોડલીએ રાવણને જિનનામકર્મની ભેટ કરી દીધી! આજના રાવણ...ભાવી કાળના પરમાત્મા બનવાના અમૂલખ સદ્ભાગ્યને વરી ગયા! ધન્ય છે; રાવણ! આપને!

મર્ત્ય લોકના એક રાજા અને રાણીને આવી અનુપમ પ્રભુ–ભક્તિ કરતા જોઈને પરમાત્માની ભક્તિ કરવા આવેલા ધરણેન્દ્ર તેમની ઉપર પ્રસન્ન બની ગયા.

જિનમંદિરેથી બહાર નીકળેલા રાવણને તેમણે કહ્યું : "આપની પરમાત્મભક્તિ ખરેખર ખૂબ સુંદર છે. એમાંય તમારી ભાવનાથી તે ભરપૂર એ ભક્તિને જોઈ ને હું તમારા ઉપર ખૂબ સંતુષ્ટ બન્યો છું. પરમાત્માના ગુણ–કીર્તનનું મુખ્ય ફળ તો મોક્ષ જ છે, પરન્તુ હજી તમારી સાંસારિક વાસનાઓ જીર્ણ થઈ નથી તો હું તમને શું આપું તે જણાવો."

## આંખોના ગંગા–જમનાના નીર પાપ પખાળે

રાવણ તો મનમાં ઇચ્છતા હશે કે 'કોઈ મારા પાપો ધોઈ નાંખે તો સારું. મારે જે જોઈએ છે તે પાપોનું ધોવણ કોઈ આપી શકતું નથી. અને હવે જે આપવા માંગે છે તે મારે જોઈતું નથી. રે! દેવ તો શું, પણ ખુદ પરમાત્મા પણ મારા પાપકર્મોને એમને એમ માફ કરી શકતા નથી.'

ધરતી ઉપર વહી જતા ગંગા અને જમનાના પાણીમાં ય પાપકર્મો ધોઈ નાંખવાની તાકાત નથી. હા...પશ્ચાત્તાપના પરિપાકરૂપે નીકળતા, ડાબી અને જમણી આંખોમાંથી વહી જતાં ગંગા અને જમનાના પાણીમાં આત્માના કેટલાક પાપકર્મોને ધોઈ નાંખવાની તાકાત જરૂર છે. બાકી નદીના પાણીથી તો શરીરનો મેલ ધોવાય. આત્માનો મેલ ધોવા માટે તો આંખોના પાણી [=પશ્ચાત્તાપ] જ જોઈએ.

## રાવણની અજબ નિઃસ્પૃહતા

રાવણ કહે છે : "ધરણેન્દ્ર! અમારી પરમાત્મભક્તિ જોઈ તમે ખુશ થયા એ તમારી પણ પ્રભુ–ભક્તિ જ સૂચવે છે. પરન્તુ વરદાન આપતા તમારી પ્રભુ–ભક્તિનો ઉત્કર્ષ થાય છે તો વરદાન સ્વીકારી લેતાં મારી પ્રભુ–ભક્તિનો અપકર્ષ થાય છે. માટે મારે તમારા વરદાનનો કોઈ ખપ નથી."

જો કે સંભવ તો નથી જણાતો પણ, ધારો કે કદાચ તમારી પાસે કોઈ દેવ આવીને વરદાન માંગવાનું જણાવે તો ઇચ્છાના અને હર્ષના અતિરેકમાં આવી જઈને તે વખતે તમારું હાર્ટ તો બેસી ન જાય ને?? આજે તો સ્વપ્નમાં કોઈ પાંચકો જુએ તો સવારે ઊઠીને જ મટકામાં પાંચકો લગાવી આવે!

રાવણની આવી નિઃસ્પૃહ મનોવૃત્તિ જોઈને વધુ પ્રસન્ન બની ચૂકેલા ધરણેન્દ્રે અમોઘ-વિજયા શક્તિ અને રૂપ પરાવર્તિની વિદ્યા રાવણને ભેટ આપી. કહેવાય છે ને કે મોટા માણસોના દર્શન વિફળ જતા નથી?

## પાપ કરે તે પાપી જ, એવું નહિ

અહીં ઉપસ્થિત થએલા સભાજનોને હવે હું પૂછું છું કે આવા રાવણને પાપાત્મા કહી શકાય ખરો? મેં પૂર્વે પણ એક વાર કહ્યું હતું કે પાપ કરે તે બધા પાપી જ કહેવાય અને ધર્મક્રિયા કરે તે બધા ધર્મી જ કહેવાય એવો એકાન્ત–નિયમ જૈનશાસ્ત્રકારોને માન્ય નથી.

પાપી દેખાતો આત્મા પણ દિવસે પાપ કરીને જો રાતે રડતો હોય, પોતાની પત્નીને ય ખબર ન પડે તે રીતે પણ રુદન કરતો હોય તો તે વસ્તુતઃ પાપી નથી; કારણ...એના અન્તરમાં પાપનો પશ્ચાત્તાપ છે.

આ જીવનમાં કરેલા પાપના પશ્ચાત્તાપથી માત્ર આ જીવનના પાપોની ધૂળ ઉલેચાતી નથી ક્યારેક તો એની સાથોસાથ જનમોજનમના પાપોની ધૂળ પણ ઉલેચાઈ જાય છે!

રાવણને મળેલી દેવપ્રદત્ત બે બક્ષિસોમાં અમોઘવિજયાનો ઉપયોગ રાવણે, રામચન્દ્રજી સાથેના યુદ્ધ વખતે લક્ષ્મણને બેભાન કરી નાંખવા માટે કર્યો હતો; જે પ્રસંગ આગળ આવશે.

અને રૂપવિકારિણી વિદ્યાનો ઉપયોગ રાવણે ક્યારે કર્યો, એને લગતો એક અજૈન રામાયણનો પ્રસંગ મને સાંભળવા મળ્યો છે તે તમારી સમક્ષ તે રીતે જ રજૂ કરું છું.

## સીતાને મંદોદરીની અથાગ સમજાવટ

જ્યારે સીતાજી રાવણની કેદમાં પુરાયેલા હતા ત્યારે રાવણ સીતાને દિવસોના દિવસો સુધી સમજાવે છે. છતાં રાવણ નિષ્ફળ જાય છે. ત્યારે રાવણ પોતાની પટ્ટરાણી મંદોદરીને સીતાજીને સમજાવવા મોકલે છે. મંદોદરી સીતાને સમજાવે છે કે "તું મારા પતિની વાત માની જા. નહિ તો કદાચ મારા પતિ તારા સુખના વિરહમાં મરી જશે. તારો પતિ તો જંગલમાં રખડનારો વનવાસી છે. જ્યારે મારા પતિ તો લંકાના સ્વામી છે. સોનાની ઈમારતો અને સોનાની ધજાઓ જે નગરીના શેઠિયાઓના મકાનોની ઉપર ફરફરે છે એવી નગરીના માલિક મારા પતિ છે. તું મારા પતિની વાતને હવે વિલંબ કર્યા વગર સ્વીકારી લે."

મંદોદરી પણ એક મહાસતી છે. પોતાના પતિ સિવાય બીજાનો મનથી પણ વિચાર નહિ કરનારી સ્ત્રી છે. આખી લંકામાં મહાસતી તરીકે એ પંકાયેલી છે. મંદોદરી જેવી મહાસતીને, બીજી એક મહાસતીને, અસતી થવાની વાત કરવી પડતી હશે ત્યારે તેનું હૃદય કેવું ચીરાઈ જતું હશે? શું એવું બોલતા મંદોદરીની જીભ પણ

ચોથરાતી નહિ હોય? હૈયું કપાઈ જતું નહિ હોય? પણ...એક માત્ર પતિના આદેશને વશ થઈને, મને કમને પણ સીતાને પોતાની વાત સમજાવી રહી છે.

## સીતાનો જડબાતોડ જવાબ

એની વાત કોઈ પણ સંયોગમાં સ્વીકારવા માટે સીતાજી તૈયાર ન થાય એ સહજ બીના છે.

સીતાજી તો એને ધૂત્કારી નાંખે છે. મન્દોદરીને સીતાજી કહે છે : "તું પતિવ્રતા સ્ત્રી થઈને મને આવી સલાહ આપે છે? તને કદાચ કોઈ આવી સલાહ આપે તો? તારાથી મને આવા શબ્દો પણ સંભળાવાય ખરા? તું મને શું સમજાવવા આવી છો? જા...તારા પતિને જ સમજાવ કે આ જીદ મૂકી દે. તારા પતિના પક્ષે ઘોર અસત્ય પડેલું છે. એના માથે મોત ભમી રહ્યું છે. આર્યપુત્ર આવી જ રહ્યા છે. યુદ્ધની નોબતો બજી રહી છે. તારા પતિને કહે કે આ યુદ્ધ થાય એ પહેલાં મને હેમખેમ પહોંચાડી દે, નહિ તો આર્યપુત્ર એને નહિ છોડે."

સ્તબ્ધ બનીને મન્દોદરી સીતાજીની વાત સાંભળી રહી. લાચાર અને હતાશ થઈને તે ઉદ્યાનમાંથી ચાલી ગઈ.

સીતાજી પાસેથી પોતાની વાસનાની પૂર્તિ થતી ન હોવાથી રાવણ દિનપ્રતિદિન અધિક વ્યથિત રહેવા લાગ્યા. રાવણ પથારીમાં પડખાં ઘસ્યા કરે છે. એને ઊંઘ આવતી નથી.

એક વાર કુમ્ભકર્ણ રાવણની આ સ્થિતિ જોઈને તેમની પાસે જાય છે. અને રાવણને પૂછે છે : "મોટાભાઈ! આપને ઊંઘ કેમ નથી આવતી? આપ પડખાં કેમ ઘસ્યાં કરો છો?"

રાવણ કહે છે : "મને ઊંઘ કેમ આવતી નથી એમ પૂછે છે? હું કયા કારણે વ્યથિત છું તે તું શું નથી જાણતો? શા માટે જાણી જોઈને મને પૂછીને હેરાન કરે છે?"

## કામમાંથી જન્મે છે; ક્રોધ

રાવણના મોં ઉપર ક્રોધની ટીશીઓ ફુટી નીકળે છે. જ્યાં કામ હોય ત્યાં સામાન્યતઃ ક્રોધ હોય જ. ગીતામાં કહ્યું છે, "कामात् क्रोधोऽभिजायते।"

કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. પછી એ કામ કોઈ પણ પ્રકારનો હોઈ શકે. માત્ર કામવાસના અંગેનો જ હોય એવું કાંઈ નહિ. પૈસા અંગેનો, પત્ની અનુકૂળ

ચાલતી ન હોય તો તે અંગેનો, છોકરાઓની ઉદ્ધતાઈ અંગેનો, કે શરીર સારું રહેતું ન હોય તો તે અંગેનો પણ કામ હોઈ શકે. અહીં કામનો અર્થ કામના–ઇચ્છા–વાસના–કરવો. કોઈ પણ જાતની સાંસારિક ઈચ્છા તૃપ્ત ન થાય એટલે એ અતૃપ્ત કામના-માંથી ક્રોધ ઉત્પન્ન થાય.

તમારો સ્વભાવ ચીડિયો બની ગયો હોય, જરા જરામાં તમને ક્રોધ આવી જતો હોય તો તમારે સમજી લેવું કે તમારા હૃદયમાં કોઈ કામ–વાસના–કદાચ પડેલ હશે. તેની પૂર્તિ નહિ થતાં એ કામ જ ક્રોધમાં રૂપાંતરિત થયો છે.

આ ઉપરથી એમ કહી શકાય કે ક્રોધને જો શાન્ત કરી દેવો હોય તો કામનાઓ ઈચ્છાઓ—આકાંક્ષાઓ—અપેક્ષાઓને જ શાન્ત કરી દેવી જોઈએ. જેટલી વધુ અપેક્ષા એટલી વધુ ક્રોધની સંભાવના.

જે માણસો આ સત્યને ક્યારે ય સ્પર્શ્યા જ નથી તેઓ પુણ્યના યોગે જો નેતૃત્વ ધારણ કરે; કોઈ સ્ત્રીના પતિ બને; બે બાળકોના સંતાન બને; કે ચાર નોકરોના શેઠ બને તો બધા પાસેથી જાતજાતની અપેક્ષાઓ રાખ્યા વિના નહિ રહે. અને જ્યારે જ્યારે તે અપેક્ષાની પૂર્તિ નહિ થાય ત્યારે ત્યારે તે એકદમ ચીડાઈ જશે; ગાળો દેવા લાગશે; ક્રોધથી રાતાપીળા પણ થઈ જશે.

આવો નેતા, પિતા, પતિ કે શેઠ ખરેખર આ ધરતી ઉપરનો, એના સમાજનો એના ઘરનો અત્યંત ત્રાસદાયક માણસ બની રહે છે. એનું અસ્તિત્વ જ સહુને અકળાવનારું અને ચિંતા ઉપજાવનારું બની રહે છે.

## ઇચ્છાઓ ઉપર જ નિયન્ત્રણ મૂકો

વાત આટલેથી જ અટકતી નથી. કામનાઓમાંથી ક્રોધ જાગ્યા બાદ, ગીતામાં કહ્યા મુજબ ક્રોધમાંથી ક્ષુબ્ધતા [સંમોહ] જાગે છે; એમાંથી સ્મૃતિભ્રંશ પેદા થાય છે. જે અંતે બુદ્ધિનાશમાં પરિણમી જઈને જીવનને સઘળી રીતે બરબાદ કરી નાંખે છે.

આવી ભયાનક હોનારતોમાંથી જેણે ઉગરી જવું હોય તેણે કામનાઓ (ઇચ્છાઓ) ઉપર જ ભારે મોટું નિયંત્રણ મૂકી દેવું જોઈએ. ઇચ્છા કરવી જ હોય તો એક જ ઇચ્છા કરો કે, —"હું સર્વ સાંસારિક ઇચ્છા વિનાનો બની જાઉં."

Desire to be desireless.

જેની રાત્રે પણ નિંદ હરામ થઈ ગઈ એવા રાવણે હાથે કરીને પેટ ચોળીને શૂળ ઊભું કર્યું હતું

પરસ્ત્રીના સુખની કામનામાંથી જ ક્રોધ, રઘવાટ, બેચેની, અનિદ્રા વગેરે ભાવો જાગ્રત થયા હતા ને! માટે જ કુંભકર્ણ સાથે વાત કરવામાં પણ રાવણ છેડાઈ જાય છે ને!

## રાવણને કુંભકર્ણની સલાહ

રાવણને અકળાયેલો જોઈને કુંભકર્ણ પ્રેમાળભાવે રાવણને કહે છે : “શી વાત છે? માંડીને કહો.”...

રાવણે કહ્યું, “શું તને એ વાતની હજી પણ ખબર નથી કે હું વનવાસી રામની પત્ની સીતાને ઉપાડી લાવ્યો છું; અને એને મારી પટ્ટરાણી બનાવવા માટે છેલ્લામાં છેલ્લી હદના કાલાવાલા કરી રહ્યો છું? તેને રીઝવવાના પ્રયત્નોમાં લગીરે કચાશ રાખતો નથી? વળી...મારે પ્રતિજ્ઞા છે કે પરસ્ત્રી ઇચ્છે નહિ તો તેની સાથે પાપ કરવું નહિ. મારી કામવાસના ભડભડ સળગી રહી છે. છતાં હું પ્રતિજ્ઞાના કારણે પાપ કરી શકતો નથી. વળી પ્રતિજ્ઞા ભંગ માટે હું કદી તૈયાર પણ નથી જ.”

આ જ રાવણની મહાનતા છે. સીતાને હા પડાવવા એ અથાગ પ્રયત્ન કરે છે, છતા પ્રતિજ્ઞાભંગ કરવા એ કદી તૈયાર નથી.

કુંભકર્ણ રાવણને કહે છે : “પણ મોટાભાઈ! મારી વાત જરાક શાન્ત ચિત્તે સાંભળો. આપને તો સીતાનાં દેહસુખ સાથે જ સંબંધ છે ને? એ ભોળી સીતાને ય ખબર ન પડે એવી રીતે આપનું ઇચ્છિત પાર પડી જાય તો?”

આ શબ્દો સાંભળતાં જ રાવણ શય્યામાંથી સફાળો બેઠા થઈ ગયો. એ એકદમ બોલ્યો, “અલ્યા, કુંભા! ભઇલા! ઝટ કહે; મને જલદી કહે; કયો એનો ઉપાય છે? હા...મારે એટલું જ કામ છે. પછી એ મારી પટ્ટરાણી ન થાય તો ય ચાલશે. પણ હવે તું મને એનો ઉપાય જલદી કહે.”

રાવણની અધીરાઈની જરા ય અસર મન ઉપર લીધા વિના કુંભકર્ણે કહ્યું : “ભાઇ! પેલી રૂપપરાવર્તિની વિદ્યા એ જ ઉપાય ..આપ એના જપના બળથી વિદ્યાદેવીને હાજરાહજૂર કરો અને પછી એને કહો કે આપને આબેહૂબ રામ બનાવી દે... બસ... પછી ચાલ્યા જાઓ; આપ રામ બનીને સીતાની પાસે... અને આપનું કામ કરી લો.”

## રાવણનો ઉત્તર : “રામને જોતાં જ મારો કામ બળી ગયો”

કુંભકર્ણના આ શબ્દો સાંભળતાં જ રાવણની ઉત્સુકતા ઠરી ગઈ. એણે મોટો નીસાસો નાંખ્યો. તેણે કુંભકર્ણને કહ્યું; “અલ્યા, કુંભા! તારા મોટાભાઈને તેં આજ

સુધી મૂર્ખ જ માન્યો છે કે? શું તું એમ માને છે કે મેં આ ઉપાય નહિ અજમાવ્યો હોય?"

"તો... તો... શું આપની ઇષ્ટસિદ્ધિ ન થઈ? શું આપને સીતાએ ઓળખી કાઢ્યા? શું આપ આબેહૂબ રામ ન બની શક્યા?" એકી શ્વાસે કુંભકર્ણે પ્રશ્નોની ઝડી વરસાવી.

"અરે, મૂર્ખા! જરાક શાન્તિથી સાંભળ તો ખરો. ઉતાવળો થા મા." રાવણે કહ્યું.

'મેં વિદ્યાદેવીનો જાપ કર્યો ય ખરો અને વિદ્યાબળે હું રામ બની તો ગયો; પણ હું આબેહૂબ રામ બન્યો છું કે નહિ? તે જોવા માટે આ મોટા આયનાની સામે જઈને હું ઊભો રહ્યો, અને...

જ્યાં મેં આયનામાં 'રામ'નું દર્શન કર્યું, ત્યાં જ ઓ કુંભા! પરસ્ત્રી અંગેનો મારો કામ હૈયામાંથી બળીને ખાખ થઈ ગયો! હવે તું જ કહે નિષ્કામ આ રાવણ શી રીતે સીતા તરફ ડગ માંડે?"

રાવણના આ શબ્દો સાંભળતાં જ કુંભકર્ણથી મનોમન રામને નમસ્કાર થઈ ગયા.

રામના દર્શનથી રાવણનો કામ શમી ગયો એવું નિરુપણ મેં ક્યાંક સાંભળેલા અજૈન–પ્રસંગમાં છે. એમ તો રાવણાની બેન ચન્દ્રણખાને રામનું સાક્ષાત્ દર્શન કરતાં પણ કામ ઊલટો જાગી પડ્યો હતો. આ જૈન–પ્રસંગ આગળ આપવાનો છે. પણ આવું બનવામાં તે તે જીવોની તેવી પાત્રતા પણ કારણ બનતી હોય. દરેક ભૂમિમાં બીજનું વાવેતર કરવાથી ધાન્ય પાકે જ એવું ન પણ બને. ઉખર ભૂમિમાં ધાન્ય ન પણ ઊગે. ભૂમિ ભૂમિની તાસીર જુદી જુદી હોય છે.

એમ તો પરમાત્મા મહાવીરદેવના સાક્ષાત દર્શનથી બેડતને દ્વેષ ઉત્પન્ન થયો હતો. અને તે ત્યાંથી ભાગી ગયો હતો. એથી કાંઈ પરમાત્માના દર્શનથી દ્વેષ ઉત્પન્ન થાય એવું સામાન્ય વિધાન ન જ થાય ને? નહિ તો ઉપા. યશોવિજયજી મહારાજે "વિષય–લગનકી અગનિ બુઝાવત" વગેરે પદો દ્વારા પ્રભુના નામાદિનો મહિમા ગાયો ન હોત.

## રાવણનો ઈન્દ્ર ઉપર વિજય

રત્નાવલિ સાથે રાવણના લગ્ન થયા બાદ કેટલોક કાળ પસાર થઈ ગયો. ઈન્દ્ર નામના રાજાના દૂત લંકા–પતિ વૈશ્રવણ સાથે યુદ્ધ કરીને રાવણ જીત્યો તો

ખરો. પરન્તુ ખુદ ઈન્દ્રને જીતવો હજી બાકી હતો. આથી રાવણે ચૌદ હજાર વિદ્યાધરોને લઈને ઈન્દ્ર સાથે યુદ્ધ કર્યું. એમાં રાવણનો જ્વલંત વિજય થયો. ત્યાર બાદ લંકામાં પાછા આવીને રાવણે ઈન્દ્રને કારાગૃહમાં પૂરી દીધો. ઈન્દ્રને જીતીને રાવણે લંકાનું સમ્પૂર્ણ આધિપત્ય પ્રાપ્ત કર્યું. અને એ વૈતાઢયની બન્ને શ્રેણીઓના નાયક તરીકે સિંહાસન ઉપર આરૂઢ થયો.

ઈન્દ્રના પિતા સહસ્રારની અરજીથી રાવણે ઈન્દ્રને છોડી મૂક્યો. અને નિર્વાણ–સંગમ મુનિના સત્સંગથી ઈન્દ્રે પોતાના પુત્ર દત્તવીર્યને રાજ્ય આપીને દીક્ષા લીધી અને ઉગ્ર તપ તપીને તેઓ મોક્ષે ગયા.

## રાવણની અનુપમ પ્રતિજ્ઞા

એક વાર અનન્તવીર્ય નામના કેવળી મુનિભગવન્તના ચરણોમાં રાવણ વન્દનાર્થે ગયા. મુનિવરને ભાવભરી વન્દના કરીને રાવણે અમૃતમધુરી મુનિની દેશના સાંભળી.

ધર્મી આત્માઓ હમેશ ધર્મવાણીનું શ્રવણ કરતા જ હોય છે. જો જીવનના પાપો દૂર કરવા હોય તો સાચા સદ્‌ગુરુઓના શ્રીમુખે પ્રવચનોના શ્રવણ કરવા જ જોઈએ. મોક્ષલક્ષી ધાર્મિક ગ્રન્થોનો સ્વાધ્યાય પણ બીજા નમ્બરે લાભદાયી બને છે. પ્રથમ નમ્બરમાં તો મોક્ષલક્ષી સદ્ધર્મવાણીનું શ્રવણ જ આત્મ કલ્યાણકારી બને છે. આવી ઉત્તમ ધર્મવાણીનું મૂલ્ય કરોડો રૂપિયા કરતાં વધુ કિંમતી હોય છે. શ્રમણ અને શ્રવણ તો મોક્ષમાર્ગના સાચા રાહબર છે.

મુનિની ધર્મદેશનાના અન્તે રાવણે પૂછ્યું : “ભગવન્! મારું મૃત્યુ શા કારણથી થશે? અને કોનાથી થશે?” જ્ઞાની મુનિવરે જણાવ્યું : “રાજન્! ભાવિ વાસુદેવના હાથે અને પરસ્ત્રીના કારણે તારું મૃત્યુ થશે.”

રાવણને આ વાત કોઈ સંયોગમાં મંજૂર ન હતી. પરસ્ત્રીના કારણે પોતાનું મોત થાય એ એને હરગિજ મંજૂર ન હતું. કૂતરાના મોતે મરી જવાનું રાવણને પસંદ હતું પરન્તુ પરસ્ત્રીના કારણે મરવું પડે એ રાવણને જરા ય ઉચિત જણાતું ન હતું.

સર્વજ્ઞ મહાત્માના વચનોથી ક્ષુબ્ધ બની ગએલા રાવણ અત્યંત ચિંતાતુર બની ગયા. થોડીક પળોમાં જ તેમને એક વિચાર આવી ગયો.

પાણી પહેલાં જ પાળ બાંધી લેવા જેવી પ્રતિજ્ઞા કરવાનો તેમણે સંકલ્પ કરીને સર્વજ્ઞ ભગવંતને કહ્યું, “મને પ્રતિજ્ઞા આપો કે, મને નહિ ઇચ્છતી સ્ત્રી સાથે મારે

કદી વિષય અંગેનું પાપ કરવું નહિ." ધન્ય છે રાવણ! અવશ્યંભાવી ઘટનાને પણ મિથ્યા કરી દઈને અકલંકિત જીવન જીવવાના તમારા ભગીરથ મનોબળને!

આ પ્રસંગ બીજા પ્રવચનમાં મેં વિસ્તારથી લીધો જ હતો છતાં અહીં ક્રમશઃ આવતો હોવાથી ટૂંકમાં આપણે વિચારી ગયા.

અહીં "જૈન રામાયણ"ના રાવણના ચરિત્ર અંગેના બે સર્ગ પૂરા થાય છે.

## કેવા ભયંકર છે; ભોગસુખો?

હવે પછીના પ્રવચનોમાં હનુમાનજીની માતા અંજનાસુન્દરીના પ્રસંગનું વર્ણન આવશે. એ વાતો એટલી બધી રસિક છે કે તમને એ સાંભળતા આ સંસારના સુખો આપતાં પુણ્યો કેવા તકલાદી અને બિનભરોસાપાત્ર છે એ સત્ય બહુ સરસ રીતે સમજાઈ જાશે. કેવા ભયંકર છે સુખો! એની આસક્તિએ માનવ જેવો માનવ શયતાન પણ બની જાય! પરમાત્માનો આપણા ઉપરનો અસીર ઉપકાર વિસરાવી દે, એમના પ્રત્યે આપણને કૃતઘ્ન બનાવી દે, જીવનથી ભ્રષ્ટ બનાવે અને જગતના દયાપાત્ર જીવો ઉપરનો હૃદયનો કારુણ્યભાવ નષ્ટ કરી નાંખે.

જેને ખૂબ ભાવી ગયા; ભોગસુખો; એ માનવની કેવી અવદશા થઈ! ગરીબોની સામે નજર પણ કરતા એ બંધ થઈ ગયો. ક્રૂરમા ક્રૂર અને કઠોરમાં કઠોર જીવન જીવતો બની ગયો. પોતાના બાબા, બેબી અને પત્નીના સંસારમાં જ ગળાબૂડ ડૂબી ગયો. નથી એને કોઈ દીન હીન દુઃખીઆરાની દયા! નથી એને પોતાના પરલોકની ચિન્તા! નથી એને પરમપદને પ્રાપ્ત કરવાની કોઈ ખેવના!

## પુણ્યે રેતીમાંય નાવ સડસડાટ ચાલે

કેવો છે; વીતરાગ પરમાત્માનો અનન્ત ઉપકાર! પૂર્વના કોઈ જનમોમાં જાણે અજાણે આ પરમાત્માના કોઈ દર્શન વન્દન, પૂજન થઈ ગયા હશે, ત્યારે જ આજે તમારા નાવ રેતીમાં ય સડસડાટ ચાલવા લાગ્યા છે!

સમજી રાખો કે પ્રભુના દર્શનાદિથી ઉત્પન્ન થયેલું પુણ્ય જો પાસરું નહિ હોય તો તમારા તાતા પુરુષાર્થ પણ નિષ્ફળ થઈ જનાર છે.

માણસ ગમે તેવો બુદ્ધિમાન ગણાતો હોય પણ જો એનું પુણ્ય પહોંચતું ન હોય તો એનો ગમે તેવો પુરુષાર્થ પણ કામિયાબ નીવડતો નથી.

"હું આ બધું કરું છું. મારાથી જ આ સંસાર ચાલે છે. હું ન હોઉં તો આ કુટુમ્બીજનોનું શું થાય?" આવો ફાંકો ઘણા માણસો રાખીને ફરતા હોય છે. પણ

એમને ખબર નથી કે જ્યારે બુદ્ધિમાન્ ગણાતા છતાં પુણ્યના હીણાં લાખો માણસોના નાવ પાણીમાં ય આગળ ખસતા નથી ત્યારે તમારું નાવ રેતીમાં ય સડસડાટ દોડયું જાય છે, એમાં તમારા પુરુષાર્થનો મહિમા હોવા કરતાં પુણ્યનો મહિમા મૂઠી ઊંચેરો છે.

## દુ:ખોની આગમાં શેકાનારો ય કોકના પુણ્યે સુખી

એવી લોકોક્તિ છે કે આખું ઘર સુખે ભર્યું રહેતું હોય ત્યારે તેમાં કારણભૂત કોઈ સુલક્ષણ દીકરા કે દીકરીનો જન્મ હોય, અથવા કોઈ પુણ્યવંતી પુત્રવધૂના પગલાં હોય, અથવા માતાનું કે પિતાનું તપ-જપનું અનુષ્ઠાન હોય; યા તો પૂર્વજોનો પુણ્યપ્રકર્ષ હોય.

કટૂ સત્ય તો એવું છે કે ભોગરસિક માનવના પુરુષાર્થમાં જે અન્યાય, અનીતિ, નિસાસા, હીબકાં અને આંસુના અવિરત કલંકો ધરબાયેલાં છે, એની તાકાત તો એના સમગ્ર જીવનને—કુટુમ્બીજનોની સાથોસાથ—દુ:ખોની અગનજ્વાળાઓમાં પટકી નાંખવાની છે. છતાં એ માનવ મોજ અને મહેફીલોની રંગરાગભરી દુનિયાનો બાદશાહ બની બેઠો છે. એમાં કોકનું કોક પુણ્ય જ આડું આવી ગયું છે!

## વિત્ત મેળવવા જતાં શુદ્ધ ચિત્ત ખોવાણું

પૂર્વજન્મમાં એવો કોઈ ધર્મ આચરાઈ ગયો હશે કે આ જનમમાં કશોય ધર્મ ન કરવા છતાં—ખૂબ અનિચ્છનીય અકાર્યો કરવા છતાં—કેટલાક માણસો ખૂબ સુખી જોવા મળે છે. પરન્તુ પુણ્યે જ મળેલા એ ભોગસુખોની મદમસ્તીમાં જે આત્માઓ અટવાઇ જાય છે તે બધા પોતાની જાતની શુદ્ધિ, દીન:દુખિતો પ્રત્યેની મૈત્રી અને પરમાત્માની ભક્તિને સમ્પૂર્ણપણે ખોઈ બેસે છે. હાય! વિત્ત મેળવવા જતાં શુદ્ધિ. મૈત્રી અને ભક્તિનું સુન્દર ચિત્ત ખોવાઈ ગયું! બહારનો કરોડપતિ અન્દરનો ભિખારી બની ગયો!!

## દુ:ખ અને પાપ કરતાં ય અપેક્ષાએ સુખ ભયંકર

જો દુ:ખની વાત કરીએ તો જગત આખા ય ને—અરે! કીટ, પતંગને પણ દુ:ખ ખરાબ લાગે છે!

પણ આર્યને તો દુ:ખ કરતાં ય વધુ ખરાબ પાપ લાગે છે; કેમકે દુ:ખ જન્મે છે; પાપોમાંથી. જે પાપ કરતો નથી તેને દુ:ખ હોતું નથી.

પણ બુદ્ધિમાન્ માણસને તો પાપ કરતાં ય વધુ ભયાનક ભોગસુખ [સુખની આસક્તિ] લાગે છે. કેમકે એ સુખ જ બહુધા બધા પાપ કરાવે છે.

જે સુખથી વિરક્ત છે એ પાપ કરતો નથી.

આગામી પ્રવચનમાં મહાસતી અંજનાસુંદરીના જીવનમાં જાગી પડેલા દુ:ખના દાવાનળનું જ્યારે આપણે દર્શન કરીએ ત્યારે એ મહાસત્ય પળભર પણ ન વીસરીએ કે દુ:ખની જનેતા પાપ છે; પાપની જનેતા ભોગસુખ છે...માટે ભોગ સુખ જ આ જગતનું સૌથી ખરાબ તત્ત્વ છે.

**નોંધ : આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૦ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**—અવતરણકાર**



પૂ૦ પ્રવચનકારશ્રીના ઉપલબ્ધ તમામ પુસ્તકો વગેરેનો
સેટ આજે જ તમારા ઘરમાં વસાવી લો

## આખા સેટનું એક બૉક્સ

[ રોલ-કેલેન્ડર વગેરે સહિત ]

રૂ. ૨૨૫ની કિંમતનું બૉક્સ રૂ. ૨૦૦માં...

☆ આપના મિત્રમંડળમાં પણ આ બૉક્સ વસાવી લેવાની પ્રેરણા કરો.

☆ નવી પેઢીના કલ્યાણનું ભાથું આ બૉક્સમાં પડ્યું છે.

☆ આ પુસ્તકોએ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેકાનેક યુવાનો અને યુવતીઓના જીવનનું આમૂલ પરિવર્તન કર્યું છે.

**શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પૅલેસ**
[ વાલકેશ્વર-મુંબઈ ] ના
**બુક સ્ટૉલની આજે જ મુલાકાત લો**

☆ ☆ ☆ ☆

ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણના વિષયોને નીડરપણે ચર્ચતું,
અધ્યાત્મની અનોખી સરગમ સંભળાવતું,

**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી**ના ચિંતનનું વાહક

## 'મુક્તિદૂત' માસિક

સંપાદક : હસમુખ શાહ

**લવાજમ : વાર્ષિક : રૂ. ૫-૦૦ ત્રિવાર્ષિક : રૂ. ૧૫-૦૦**
**આજીવન : રૂ. ૧૦૦-૦૦**

શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પૅલેસના બુક સ્ટૉલ ઉપર લવાજમ સ્વીકારવામાં આવે છે.

મૂલ્ય : ૫૦ પૈસા

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે? જો હા....તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો અને સ્નેહીઓમાં ખૂબ પ્રસાર કરો. માત્ર પચાસ પૈસામાં અતિ મૂલ્યવાન ચિંતન મેળવો.

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં—**

**માત્ર રવિવારે—**

૧. રામાયણ-પ્રવચન સ્થળ :
પ્લેઝન્ટ પૅલેસ

**રોજ માટે—**

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ – ૬

૩. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ–૪

૪. પારસ ટ્રેડીંગ કું.
B–૧૨, 'મંગળકુંજ'
જામલી ગલીની બાજુમાં
બોરીવલી [વેસ્ટ]

**અમદાવાદમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭ 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ

**સુરતમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં—**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o. નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર

**ખાસ નોંધ :** [૧] ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

[૨] નીચે આપેલા પ્રકાશકના સરનામેથી પણ પ્રવચનો મળી શકશે.

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા,
યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે, અમદાવાદ – ૧ [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ખિરગામ, મુંબઈ – ૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,

ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના

શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પૅલેસ, મુંબઈ-૬

પ્રવચન ૭-૮-૭૭ ] **પ્રવચન-સાતમું** [ પ્રકાશન ૧૪-૮-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજના મુંબઈ [વાલકેશ્વર] ખાતેના, 'રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ' એ વિષય ઉપરના સાતમા પ્રવચનમાં માનવોનો જાણે મહાસાગર ઉમટ્યો હતો. નવ હજારની લગભગ મેદની હશે !

પૂજ્યશ્રીએ પ્રવચનના પ્રારંભમાં આર્યાવર્તની નારી અંગે ખૂબ જ રસપ્રદ અને સરસપદ વાતો કરી હતી.

આર્યાવર્તની ગૌરવાન્વિત મહાસંસ્કૃતિમાં નારીને અપાયેલું અદ્ભુત સન્માન, 'न स्त्री स्वातन्त्र्यमर्हति' એ સૂત્રનું સાપેક્ષ અર્થઘટન, આર્યદેશની આધ્યાત્મિક સમૃદ્ધિના મૂળ સ્વરૂપ : નારી તત્ત્વ અને ભૌતિક સમૃદ્ધિના મૂળરૂપ : પશુતત્ત્વ, નારી તો ઝવેરાતનું ય ઝવેરાત હોવાથી જ શીલ રક્ષા માટે તેનું અનિવાર્ય પારતન્ત્ય અને અપરમ્પાર જતન, નારી ભોગ્યા નહિ કિન્તુ રક્ષ્યા એ વાસ્તવિકતાનું વિધાન, સ્ત્રી-સ્વાતન્ત્ર્યના નામે જ સ્ત્રીના શીલના ફુરચા ઉડાવી દેનારા સંસ્કૃતિદ્રોહી અને જમાનાવાદીઓના વિઘાતક વિધાનોનું વેધક વિઘટન, વર્ણ-અસાંકર્ય દ્વારા બીજ સુરક્ષાની સાથોસાથ સંકળાયેલ વૃત્તિ-અસાંકર્યની વાસ્તવસ્પર્શી રજૂઆત, નારી, હરિજન, આયુર્વેદ વગેરે તત્ત્વોના વિકાસના નામે જ તેના વિનાશનો વિકૃતિવાદીઓએ વીંઝેલો વિનાશકારી હંટર, સંસ્કૃતિના ગુલાબને મરોડ આપવા જતાં ચીમળાઈને ગંધાઈ ઊઠેલી-વિકૃતિના કીડાઓથી ખદબદતી ગુલ-પાંખડીઓની સુન્દર વાત, માતા-પિતાના મનોવિકારની સંતાનો ઉપર પડતી જબરદસ્ત અસર અંગે કર્ણદેવ અને મંજુલાનો ઐતિહાસિક પ્રસંગ, રામરાજ્ય સ્થાપવાની રળિયામણી વાતો કરનારા રાજકારણીઓને શું કોઈ વસિષ્ઠની જરૂર નથી ? એવો વેધક સવાલ, વગેરે અનેક વિષયોને આવરી લઈ પ્રસંગોપાત્ત આજના બિભત્સ નાટકો ઉપર આકારા પ્રહારો કરીને નારીઓને સજાગ બનવાનો સન્દેશ સંભળાવતી, જમાના-વાદની બ્રેક વિનાની ફિસલર કારમાં બેઠેલા માનવીને 'સાવધાન'નો સાદ સુણાવતી, અંજનાસુંદરીના ઓજ અને તેજનો અનોખો અનુભાવ સમજાવતો અજૈન-પ્રસંગ રજૂ કરતી, જૈન રામાયણના અનુસારે લગ્નપૂર્વે ભાવી પત્નીને નિરખવા જતા પવનંજયને અંજનાના મૌનને કારણે ઉદ્ભવતા ક્રોધાવેગ સુધીનું નિરૂપણ કરતી, સામ્પ્રત સમાજના સળગતા સવાલોનું સચોટ સમાધાન સાધી આપતી, ક્યારેક હસાવી જતી, તો ક્યારેક રડાવતી, તો ક્યારેક સંસ્કૃતિના મૂલ્યવંતા ગૌરવનો એકધારો થતો જતો વિનાશ વર્ણવીને અન્તરને ઊંડા વિચારવમળમાં ગરકાવ કરી દેતી, સચોટ અને સુન્દર, સુભગ અને સરસ, સતર્ક અને સુખદ, શાન્ત અને શીતળ, સુમધુર અને સુધારસભરી પૂજ્યપાદશ્રીની અમૃતવાણીનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

—મુનિ ભાનુચન્દ્રવિજય

શ્રીપાળનગર, મુંબઈ-૬
તા૦ ૧૦-૮-૧૯૭૭

રવિવાર

# પ્રવચનાંક : ૭

પ્ર. શ્રાવણ વદ ૮
વિ. સં. ૨૦૩૩

અનન્ત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ **ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર મહાગ્રન્થના સાતમા પર્વમાં **"જૈન રામાયણ"**ની રચના કરી છે. જેના આધારે આપણે **"રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ"** એ વિષય ઉપર યોજેલી આ પ્રવચનમાળાનું આજે સાતમું પ્રવચન છે.

## સીધો 'સ્ટ્રોક' માર્યા વિના ચાલે તેવું નથી

મેં પૂર્વે પણ જણાવ્યું હતું કે આપણી આ રામાયણ 'ડબલ રોલ'માં ચાલવાની છે. જૂની રામાયણની સાથે સાથે તમારા ઘર-ઘરમાં ચાલતી નવી રામાયણોની વાતો પણ મારે કરવી છે. આથી ક્યારેક એવું પણ બની રહે કે રામાયણની મૂળ-કથા ઓછી આવે અને તમારી રામાયણની વાતો વધુ આવે. પણ એથી તમારે અકળાવાની કોઈ જરૂર નથી. કારણ કે જ્યારે મોત પણ મીઠું લાગી જાય એવા ભયંકર જીવનના સુખ અને શાંતિ બની ગયા હોય ત્યારે એના ઉપર વિચારણા કર્યા વિના હવે ચાલે તેવું નથી.

શ્રી રામચન્દ્રજી વગેરે કેવા ઉત્તમ હતા એનું સીધું વર્ણન જ હું કરી દઉં અને કેટલાક સીધા ફટકા જેવા કડવા સત્યો ન જણાવું તો આજની પ્રજા વિનાશની ગર્તામાં પડતી ઉગરી જાય એ વાત સંભવિત જણાતી નથી માટે જ મારે કેટલીક વર્તમાન સમસ્યાઓ ઉપર કેટલીક અણગમતી વાતો પણ રજૂ કરવી પડે છે.

## ઇતિહાસ માત્ર વાંચવાનો નથી: સર્જવાનો પણ છે

રામાયણનો ઇતિહાસ એ માત્ર વાંચ વાંચ કરવાની કથા નથી. પરન્તુ એ ઇતિહાસ વાંચીને જાતે ઇતિહાસ સર્જવાનો છે. રામાયણ વાંચીને પણ આપણે એ કાળના ઉત્તમોત્તમ આદર્શોને જીવનમાં ઉતારીને એ કાળના પુરુષો જેવા ઉત્તમ બનવા માંગતા ન હોઈએ તો રામાયણ વાંચવા માત્રથી શું ?

છઠ્ઠા પ્રવચન સુધીમાં આપણે શ્રીરાવણના ચરિત્રની વાતો સંક્ષેપમાં પૂર્ણ કરી. હવે શ્રી અંજનાસુન્દરીના જીવનની કેટલીક વાતો આજે લઇશું અને બાકી રહેલી આવતા પ્રવચનમાં લઈ શું.

પવનંજય, એ હનુમાનના પિતા હતા; અને અંજના-સુંદરી હનુમાનજીના માતા હતા. અંજનના જીવન-પ્રસંગમાં એ એક અવસરે મૌન રહી, એટલા માત્રથી એ મહાદુ:ખમાં ધકેલાઈ ગઈ. એ મૌન રહી તે ગૂનો ન હતો. પરન્તુ એના પતિ પવનંજયે એને ગૂનો ગણ્યો. અને પવનંજયે એને તિરસ્કારી નાંખી. છતાં બાવીસ

વર્ષ બાદ કાળે પડખું બદલ્યું અને અંજનાના પાપકર્મો પૂરા થયા. એને પુનઃ ભૌતિક સુખો પ્રાપ્ત થયા.

## મારે ન છૂટકે નીચલા સ્તરેથી વાત કરવી પડે છે

આ બધો પ્રસંગ વિસ્તારથી લેતા પહેલા આર્યાવર્તની આદર્શ નારી કેવી હોય છે એની કેટલીક વાતો મારે તમને કરવી છે. મારી આ જે વાતો છે તે માર્ગાનુસારી જીવનના નીચલી કક્ષાના ધોરણે છે એટલે એને એ જ રીતે વિચારજો. વર્તમાન માનવનું જીવન ધોરણ ખબ જ નીચું ઊતારી ગયું છે. આથી એને નજરમાં રાખીને જ મારે આ વાતો કરવી પડે છે.

પૂર્વના કાળમાં સન્તો અને મુનિભગવન્તોને આવી નીચી કક્ષાની વાતો કરવાની ઝાઝી જરૂર જ ન પડતી. કારણ માનવ પોતે જ પોતાની આર્ય-મર્યાદાઓ સમજીને એવી રીતે જીવતો કે એને માત્ર સર્વસંગત્યાગના ઉત્તમ જીવનના જ ઉત્તમ આચારોને પામવા અંગેની વાતો સંભાળવવામાં આવતી હતી.

## 'વન વે સ્ટ્રીટ' બનેલું માનવોનું મગજ

જ્યારે આજે સમગ્ર માનવસમાજનું 'મૉરલ' એટલી હદ સુધી નીચે ઊતરી ગયું છે કે જેથી વાતવાતમાં એ અનેક અનાર્ય પદ્ધતિઓની વકીલાત કરવા લાગી ગયો છે. એમાં મુખ્યત્વે સ્ત્રીઓને સ્વાતંત્ર્ય આપવા વગેરેની બાંગો પુકારવા લાગ્યો છે. 'સ્ત્રીને સ્વતન્ત્રતા ન અપાય' એ આર્ષવાણીઓને ઘણી વખત એના સાચા અર્થમાં એ સમજી શકયો પણ નથી.

વર્તમાન માનવનું મગજ 'વન વે સ્ટ્રીટ' જેવું બન્યું છે. પરિણામે નવી પેઢીના યુવાનો અને યુવતીઓના મગજમાં અગણિત કુત્સિત વિચારધારાઓ—તેની સામે કોઈ સાચી વિચારધારાઓ નહિ ટકરાતી હોવાના કારણે જડ બનતી ચાલી છે. અને આવી કુવિચાર–ધારાઓને જ આજનો એ યુવા–સમાજ અંતિમ સત્ય માની બેઠો છે. ઘણી વાર એકની એક જુઠ્ઠી વાત પણ વારંવાર પ્રચારવામાં આવતી હોવાના કારણે એ જૂઠ, જૂઠ મટીને સત્ય બનીને ભાસતું હોય એવું બને છે. આવા પ્રકારના સત્યને 'ગોબેલ્સ સત્ય' કહેવામાં આવે છે.

## ભૌતિક અને આધ્યાત્મિક સમૃદ્ધિનું મૂળ : પશુ અને નારી

આ દેશમાં નરની જેમ નારીનું પણ ઘણું મોટું ગૌરવ હતું. પરંતુ નારીને સ્વતંત્રતા આપવાની જૂઠ્ઠી વાતોએ એના વાસ્તવિક ગૌરવને ધરતીભેગું કરી નાંખવામાં આવ્યું છે.

આ દેશની તાસીર જ એવી છે કે જ્યારે એની નારીઓ શીલવંતી બની રહેતી ત્યારે એ આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ સમૃદ્ધ બની રહેતો. અને જ્યારે એની પાસે

પશુબળ ઝાઝું રહેતું ત્યારે તે ભૌતિક રીતે સમૃદ્ધ બની રહેતો. આ વાતને જરાક વિગતે વિચારીએ.

આ દેશના સઘળા પશુઓ—ગાય, ભેંસ, બળદ, ઘેટાં, બકરા, ગાડરો વગેરે—પોતાના છાણ–વિષ્ટા વગેરે દ્વારા દેશને ભૌતિક સમૃદ્ધિથી આબાદ રાખતા.

## જો પશુઓનો નાશ તો માનવપ્રજાનો ય નાશ

જો ભારતની ધરતી ઉપરથી પશુઓનો નાશ કરવામાં આવે તો ભારતની માનવપ્રજાનો પણ વિનાશ થઈ જાય. હળની ખેતી, ખેતરો અને સેન્દ્રિય ખાતર વિના ભારતની માનવપ્રજા ટકી શકે એમ નથી.

પરન્તુ આજે તો ઢોરો માટે રાક્ષસી યાન્ત્રિક કતલખાનાઓ ઊભા કરવામાં આવ્યા છે. એમાં એવી અદ્યતન સામગ્રીઓ લાવવામાં આવી છે કે દેવનાર જેવા કતલખાના તો રોજના ૭ હજાર મોટા ઢોરોને સહેલાઈથી કાપી નાંખે છે. આવા કુલ બાર કતલખાનાઓ આ દેશમાં ઊભા કરવામાં આવનાર છે. જેમાંથી ચાર તો સાંભળવા મુજબ કામ કરતા થઈ ગયા છે.

આ રીતે પ્રજાનાયકો પશુનાશ માટેની ભેદી યોજનાઓ ગોઠવી ચૂક્યા હોય તેમ જણાય છે. ગાયો વગેરેના માંસની નિકાસોની વાતો કરવામાં આવી રહી છે. અને બુદ્ધિવિહોણો શિક્ષિત (!) વર્ગ એમાં સામેલ થઈ રહ્યો છે.

દસ બાર વર્ષ પૂર્વે રોકફેલર ફાઉન્ડેશન તરફથી નિબન્ધ હરીફાઈ માટે પાંચ લાખના ઇનામો પ્રગટ થયા હતા. એણે એક નિબન્ધ માંગ્યો હતો; જેનો વિષય હતો, "ભારતની ખેતીને ત્રીસ ટકા સુધી નીચે શી રીતે લાવી શકાય!"

ટ્રેક્ટરો અને ઓઇલ એન્જિનોની ખેતી પશુઓને તદ્દન બિનજરૂરી બનાવશે. અને એથી એમની રક્ષા કરવાને બદલે સૌના નજર દૂધ તરફ થશે. દૂધાળા ઢોરોની રક્ષાની જ વાતો સહુ કરશે. પછી જ્યારે 'કુડપેકેટોનો' પ્રવાહ ભેટ રૂપે આવશે ત્યારે એ દૂધાળા ઢોરો પણ 'નકામા' ગણાશે. એમની પણ કતલ થઈ જશે. આમ સમગ્ર પશુઓનો નાશ થશે.

## શું મોટરોની જગ્યાએ ગાય વગેરે ન રાખી શકાય?

આર્ય દેશમાં આ પ્રકારની પશુઓની કત્લેઆમથી તો અશુદ્ધ દૂધ વગેરેના અભાવે બાળકો નિર્માલ્ય પાકશે. તમારા બાળકોને પરદેશમાંથી આયાત કરેલા પાવડરો વગેરેના દૂધ પાઈ પાઈને એમનું ખૂટતું પોષણ પૂરું કરવું પડશે અને જ્યારે એ પરદેશીઓની મહેરબાની પૂરી થશે અને આ મદદો કરવાનું બંધ કરશે તે દી ભારતની પરાવલંબી પ્રજાના કરોડો હાડપિંજરો સ્મશાન તરફ ધસમસતા–દોડતા–જોવા મળે તો જરાય નવાઈ નહીં.

પૂર્વના કાળમાં દરેક માણસ પોતાના ઘેર ઢોરો રાખતો. એના ચોખ્ખા ઘી–દૂધ બાળકો વગેરે સૌ ખાતા અને પુષ્ટતા પામતા. એનાથી રોગો વગેરે વ્યાપક પ્રમાણમાં ફેલાતા નહીં.

જ્યારે આજે લોકો કહે છે કે માણસોને જ રહેવા માટે જગ્યા નથી ત્યાં ઢોરોને ક્યાં રાખીએ? હું પૂછું છું કે, તમને જો મોટરો રાખવાની જગ્યા મળે છે તો પશુઓ રાખવાની જગ્યા મળતી નથી? 'મોટર પાર્કીંગ'ની તમામ જગ્યાઓમાં ઢોરોને રાખી શકાય છે. પણ આજના માનવોને મન આરોગ્ય કરતાં મોટરના વિલાસનું મૂલ્ય વધુ છે. ચારસો રૂપીઆનો ડબ્બો લાવીને તેનું ચોખ્ખું ઘી ન ખાઈને પણ આજનો યુવાન ચારસો રૂપીઆનું પેન્ટ પહેરવામાં ભારે મગરૂબી સમજે છે.

## ગાય એટલે જ ડેરી + ફરટીલાઈઝર પ્લાન્ટ

ભારતની સરકારે પશુઓના ઉપયોગી અને બિન ઉપયોગી એવા બે ભેદ પાડ્યા છે. ઉપયોગી પશુઓ જ જીવવા લાયક અને બિનઉપયોગી કતલને પાત્ર ગણાય છે. પણ વર્તમાન જગત જેને નકામા ગણીને ખતમ કરવામાં તત્પર બન્યું છે, તેવા પણ વસુકી ગયેલા ગાય વગેરે ઢોરો પણ ઉપકારક છે. એ છાણ અને મૂત્રનાં અતિ મૂલ્યવાન ખાતર આપે છે; જે ભારતની ખેતીનો પ્રાણ છે. એનાથી ધરતી રસકસવાળી બને છે. તમારા આજના ફરટીલાઇઝરો કરતાં પણ વધુ ગુણવત્તા ગાયના છાણમાં હોય છે. સેન્દ્રિય ખાતરમાં જે તાકાત હોય છે તે રાસાયણિક ખાતરોમાં હોતી નથી.

વળી ગાય એ સ્વયં 'ડેરી' અને 'ફરટીલાઈઝર પ્લાન્ટ' છે. આવી હજારો ગાયો એટલે હજારો ડેરીઓ અને હજારો ફરટીલાઈઝર પ્લાન્ટો.

## પમ્પો અને રસાયણોને કારણે ખેતીનો નાશ

આવો ઉપકારક પશુ વર્ગ હોવા છતાં તેની કતલો કરવા માટે કરોડો રૂપીઆના ધૂમાડા કરીને મોટ-મોટા યાંત્રિક કતલખાનાઓ ઊભા કરાઈ રહ્યા છે; પરંતુ પશુઓની નિકાસ કરીને જે કહેવાતા લાભો થાય છે એના કરતાં ઘણા વધુ લાભો પશુઓ બચાવવાથી થાય છે. અને એમ કરતાં મહેનત ઓછી અને ફળ વધુ પ્રાપ્ત થાય છે. 'Minimum efforts and maximum result'—પરંતુ આ વાત કોઈ સમજવા પણ તૈયાર નથી.

એક બાજુ કતલખાનાઓ, કૃત્રિમ દુષ્કાળો, દૂધના પાવડરો અને યાંત્રિક ખેતીઓ દ્વારા ભારતમાંથી પશુઓનો ભયાનક વેગથી ઘટાડો કરવામાં આવી રહ્યો છે. તો બીજી બાજુ પંપોથી ખેંચાતા પાણી, ટૅક્ટરોની ખેતી અને ખાતર તરીકે જલદ રાસાયણોનો ધૂમ ઉપયોગ—આ ત્રણે ભેગા મળીને ધરતીના સ્તરને ભયંકર ધક્કો

પહોંચાડી રહ્યા છે. આમ થતાં દસ વરસમાં ધરતી ખેતી માટે સાવ નકામી થઈ જશે.

પછી બસ...પરાવલંબી બનો. હાથમાં શકોરૂં લઈ ને વિદેશોમાં ભીખ માંગો. ભૂખે મરો. અને અંતે મરી જાવ આવી સ્થિતિ થશે. આવી કંગાળ સ્થિતિ ન થવા દેવી હોય તો પ્રજાએ પોતાના મંક્ષલક્ષી જીવન માટે પશુઓની કતલ સર્વથા બંધ જ કરી દેવી જોઈએ. આ માટે નિકાસ અને હુંડિયામણ–પ્રાપ્તિની કાળી ઘેલછામાંથી સરકારી માણસોએ તાબડતોબ મુક્ત થઈ જવું જોઈએ.

આ તો આપણે સાપેક્ષરીતે ભૌતિક સમૃદ્ધિના મૂળરૂપ પશુઓની વાત કરી. હવે આપણે આધ્યાત્મિક સમૃદ્ધિના મૂળરૂપ નારીતત્વ—તેના શીલનો–વિચાર કરીએ. આ આખી વિચારણા સાપેક્ષ રીતે સમજજો.

## નારી ભોગ્યા નહિ, રક્ષ્યા છે

આર્યાવર્તમાં નારીને ઘરની રાણી ગણવામાં આવતી. ઝવેરાતોનું પણ એ ઝવેરાત મનાયું હતું; એથી જ મૂલ્યવાન્ ઝવેરાત એનાં અંગે ચડતું.

લૌકિક દૃષ્ટિએ પણ એ કાંઈ માત્ર ભોગ્યા ન હતી; પરંતુ વિશેષતઃ તો રક્ષ્યા હતી. કેમકે ભારતીય પ્રજાના મૂલ્યવાન્ રત્નોમાંનું એ એક રત્ન ગણાતું હતું.

આનું સૌથી મુખ્ય કારણ નારીની ગર્ભધારકતા હતી. જે નારી શીલ પાળીને કુમારી અવસ્થામાં જ મહાસતી સાધ્વી બની જાય તેના જેવું ઉત્તમ તો બીજું એકે ય ન હોય; પરંતુ બધી નારીઓ આટલી તાકાત ધરાવતી ન હોય એટલે તે બધી નારીઓ લગ્ન તો કરતી જ હોય છે અને આથી જ તેની સંતતિ સત્ત્વશાળી અને સંસ્કાર ભરપૂર બની રહે તેની જબરદસ્ત જવાબદારી માતાના માથે જ મુખ્યત્વે હોય છે.

સંતતિમાં સત્ત્વ અને સંસ્કારનું આધાન કરવા માટે માતાએ સંપૂર્ણપણે શીલવતી અને ધર્મનિષ્ઠા બનવું જ પડે. એના તન, મનના સંસ્કારો પ્રાયઃ ગર્ભમાં ઊતરે છે; બાળકમાં પાંગરે છે; તેની કિશોર–વયમાં ખીલી ઊઠે છે; યુવાન વયમાં અસદાચારોથી રક્ષણ પણ અપાવે છે.

આથી જ માતાના લોહીમાં પાવિત્ર્ય રહેવું જ ઘટે. બહારના પુરુષો દ્વારા તેનામાં અપવિત્રતા ન ઘૂસી જાય તેની કાળજી માતાએ રાખવી જ પડે. આના કારણે તે માતા દ્વારા એવા સંસ્કારો બાળકોમાં પ્રવેશે કે કાં તો તે ઉત્તમ કક્ષાના સાધુ બને. અથવા તો સંસ્કારપ્રચુર બનીને કુળદીપક બને. દીકરી પણ સાસરે જાય તો ત્યાંય સંસ્કારોની સુવાસ ફેલાવે.

જેનામાં સ્વાભાવિક રીતે જ પુરુષ કરતાં વિશેષ રૂપ અને લાવણ્ય છે; એ નારીને શીલ પાળવાનું કામ કેટલું કઠિન છે ? એ તો એ જ જાણી શકે; તેમાંય જે

કાળમાં પુરુષવર્ગ વધુ નફફટ અને નિર્લજ્જ બન્યો હોય તે કાળમાં તો શીલપાલન એ તો લોઢચણુ ચાવવાથી પણ વધુ કઠિન બની રહે છે.

નારીના રૂપમાં લવણિમા અને પુરુષના મનમાં વિકારોની ઝડપી ઉત્તેજના એ તો અનાદિકાળથી સામાન્યતઃ વિશેષ જ રહ્યા છે; અને તેથી જ સદાકાળ માટે નારીને રક્ષ્યા (રક્ષણ કરવા લાયક) જ વિશેષતઃ માનવામાં આવી છે.

## નારી તો ઝવેરાતોનું ઝવેરાત છે

જો નારીના શીલની પરિપૂર્ણ રક્ષા ન થાય તો કુશીલતા અને સ્વચ્છંદતાથી નારી જે કાંઈ લાભ ઉઠાવી લે તે બધા ય લાભ તેના શીલના નિકંદનના ગેરલાભોના ઢગલા નીચે ક્યાંય દટાઈ જાય તેટલા તુચ્છ અને નાચીઝ હોય છે.

જો નારી સ્વચ્છંદતાના લાભોને જતા કરે તો 'શીલ'ના ઉત્તમ બળથી તે એવી વીરપ્રસૂતા માતા બને કે જગત એની ઈર્ષ્યા કરે; એવી પતિવ્રતા પત્ની બને કે પરપુરુષનો વિચાર પણ તેને સ્વપ્નમાં ય ન અડે; એવી સહજ સિદ્ધિને પામીને જીવનનું અંશતઃ સાફલ્ય પ્રાપ્ત કરે. એ એવી આદર્શ સ્ત્રી બને કે જગત તેના દર્શને પોતાના અંતરના ય પાપ ધોઈ નાંખે.

આવા લાખો લાભો તેના શીલની રક્ષામાં પડેલા છે. માટે જ નારીને રક્ષ્યા માનીને ઋષિઓએ કહ્યું. "न स्त्री स्वातन्त्र्यमर्हति।"

ઝવેરાતોનું ય જે ઝવેરાત છે તે નારીને સ્વાતન્ત્ર્ય (શીલ સંબંધિત) આપી શકાય નહિ. મૂલ્યવાન ઝવેરાત તમે ચૌટે કે ચાર રસ્તે ખુલ્લું મૂકતા નથી; પરંતુ એને તો તમે અત્યંત મજબૂત તિજોરીના ખાનાના ખાનાના ય ખાનામાં મૂકો છો. ઝવેરાતને ગોંધી રાખો છો. છતાં "આ રીતે કાંઈ ઝવેરાતને ગોંધી રખાય?" એવું કોઈ જ બોલતું નથી. કારણ જે ચીજ અત્યંત મૂલ્યવાન છે તેને ભર બજારમાં ખુલ્લી ન જ મુકાય. તો ઝવેરાતનું ય ઝવેરાત–નારી એને પણ જગતના ચોગાનમાં કેમ મૂકી શકાય? નારીને જાહેરમાં કેમ લેવાય?

## જ્ઞાતિ, જાતિની વ્યવસ્થા શા માટે?

એક બાજુ શીલ–રક્ષાના લાખો લાભો છે; અને તે અંગેની કડકાઈ સ્વરૂપ કેટલાંક કહેવાતાં દુઃખનાં ગેરલાભ પણ છે.

બીજી બાજુ સ્વચ્છંદતાના કેટલાક કહેવાતા સુખી જીવનના લાભો પણ છે. પરન્તુ તેની સામે કુશીલતાના લાખો ગેરલાભો છે કે જેનાથી સત્વહીન અને અશાન્ત જીવનથી માંડીને નિર્વીર્ય અને નિર્માલ્ય પુત્રોના માતૃત્વ સુધીના અહિતો પેદા થાય છે. આ અહિત સમગ્ર પ્રજામાં અંધાધૂંધી ઊભી કરીને વ્યાપક બનતું જાય છે.

સંતાનો સારા સંસ્કારી બને એ માટે જ તો જ્ઞાતિ અને જાતિઓની વ્યવસ્થા હતી. અમુક જ્ઞાતિવાળો અમુકજ્ઞાતિવાળાનો ન પરણી શકે એનું કારણ શું? ગમે તે વ્યક્તિ ગમે તે જ્ઞાતિવાળાને પરણી જાય તો તેમાં વાંધો શું? એનો એક જ જવાબ હતો કે તેમ કરતાં બીજની સુરક્ષા રહે નહિ. અને જો બીજ બગડયું તો સમગ્ર પ્રજાના નૈતિક, આધ્યાત્મિક, સામાજિક–તમામ–જીવનના સુખ અને શાન્તિ બરબાદ થઈ જાય.

## બીજ રક્ષા કાજે વર્ણ વ્યવસ્થા

ભારતીય પ્રજા પાસે ધર્મ અને મોક્ષના પુરુષાર્થનું અણમોલ તત્ત્વજ્ઞાન જ્યાં સુધી હૈયે જીવંત હતું, ત્યાં સુધી અર્થ અને કામ ઉપર આપોઆપ નિયન્ત્રણ આવી જતું. અર્થ, અનર્થોનું મૂળ બનતો નહિ; અને કામ, અનાચારનું રૂપ પકડતો નહિ. અર્થ અને કામનું સેવન કરનારી પ્રજામાં પણ મોક્ષપ્રાપ્તિનો આદર્શ જીવંત હતો. માટે જ મોક્ષ પામવા માટે સદ્‌ગતિની પ્રાપ્તિની પણ ઇચ્છા રહેતી હતી. તે સદ્‌ગતિ માટે મરણની સમાધિ અપેક્ષિત રહેતી. અને એ સમાધિ કાજે જીવનનો સઘળો સમય શાન્તિથી પસાર થતો. એ શાન્તિ મળતી હતી; ચાર પુરુષાર્થની સંસ્કૃતિની સુંદર વ્યવસ્થાના સ્વીકારમાંથી.

જેને શાન્તિ જ ખપતી; સમાધિ અને સદ્‌ગતિ જ અપેક્ષિત રહેતી એ આત્મા અર્થનો સંચય કરતાં સ્વયં ડરતો. કામ ઉપર સ્વાભાવિક રીતે નિયન્ત્રણ મૂકી દેતો. આમ મોક્ષ અને પરલોકનાં ચિંતનો જ સમસ્ત સંસ્કૃતિની મહાવ્યવસ્થાને જારી રાખતા અને તેથી સમગ્ર પ્રજા શાન્તિથી જીવતી.

પ્રજાનો આ વારસો એકધારી રીતે પેઢી દર પેઢી ઊતરતો હતો માટે જ સંતાનોને બીજમાં જ ન્યાય નીતિ, દયા, ત્યાગ, તિતિક્ષા વગેરે સંસ્કારો મળી જતા.

જીવનનો સમગ્ર વ્યવહાર, વ્યાપાર વગેરે બધુંય બીજમાં ઊતરતા સંસ્કારો દ્વારા જ મળી રહેતું. પછી એ સંસ્કારોને ઉદ્‌બોધન પૂરતું જ 'નામનું' શિક્ષણ લેવું પડતું. આવા સંસ્કાર ભરપૂર બીજની રક્ષા કાજે જ વર્ણવ્યવસ્થા હતી. વર્ણની સંકરતા ન થઈ જાય એની બેહદ કાળજી લેવાતી અને બેહદ બંધનો પણ લદાતાં.

## વારસાગત ધંધાઓની વિશિષ્ટતા

એની સાથે વેપારની સંકરતા ન થઈ જાય એની પણ પૂરી તકેદારી રખાતી. કોઈના વારસાગત ધંધામાં કોઈ બીજો માણસ હાથ નાંખી શકતો નહિ. આમ દરેકનો વારસાગત ધંધો નિશ્ચિત હોવાના કારણે જ કોઈ પણ પ્રજાજન કદી બેકાર રહેતો નહિ.

વર્ણસાંકર્ય અને વૃત્તિસાંકર્ય નહિ હોવાથી જ સહુ રોટલો રળી શકતા; સહુ સુખેથી જીવતા. આનું જ નામ જો સમાજવાદ હોય તો એ સમયમાં સમાજવાદ પૂરબહારમાં જીવંત હતો.

## વર્તમાન પરિસ્થિતિનું વિષમ ચિત્ર

વર્તમાન સ્થિતિનું ચિત્ર અત્યંત દુઃખદ છે. એનું મુખ્ય કારણ વર્ણનું અને વૃત્તિનું (ધંધાનું) સાંકર્ય છે; કેમક આ બન્નેય સાંકર્યના કારણે બીજ બગડી ચૂક્યું છે. બીજ બગડવાથી વારસાગત મળતા રહેતા તૈયાર સંસ્કારો બગડી ચૂક્યા છે. આથી જ ખેડૂતના દીકરાને ખેતીનું શિક્ષણ લેવું પડે છે! વેપારીનો દીકરો બી. કૉમ થવા માટેની પરીક્ષા આપવા બેઠો છે! જાણે કે સરસ્વતીજી ભણવા બેઠા!

વળી રોજી રળવાના નવા પ્રકારના જે ધંધાઓ ઉત્પન્ન થયા છે તે વંશ વારસાગત ચાલતા ન હોવાથી પણ ભયાનક બેકારી ફેલાવા લાગી છે.

વકીલનો દીકરો વકીલ જ બને તેવું નથી.

ડૉક્ટરના દીકરાને ડૉક્ટર બનવું હોય તો સ્વબળ લગાવીને તબીબી પરીક્ષાઓ પસાર કરવી જ પડે.

શિક્ષકના દીકરાને વારસામાં જ શિક્ષણપણું મળી જતું નથી.

ટૂંકમાં એમ જરૂર કહી શકાય કે વર્ણ અને વૃત્તિનો ભેળસેળ થવાથી બીજ બગડ્યું છે; અને બીજ બગડવાથી વારસાગત સંસ્કારો, કલા, કૌશલ વગેરે ખતમ થયાં છે; એથી જ ભારતીય પ્રજાજનોમાં બેકારીનો વિરાટ ફાટ્યો છે.

## હું તો કહું છું...બીજ બચાવો

જો બીજગત સંસ્કારોની હજી પણ રક્ષા નહિ કરાય અને એના બગાડને ઉત્પન્ન કરતી બાબતોને જ ઉત્તેજન અપાયા કરાશે તો બેકારી, ગરીબી વગેરે પ્રજાનાશક અનિષ્ટોનું કદી પણ નિવારણ તો નહિ થાય પરન્તુ એ અનિષ્ટોમાં વર્ષોવર્ષ ધરખમ વધારો થતો જ રહેશે.

કોઈ રાજકારણી પુરુષ બૂમો પાડીને કહે છે; 'લોકશાહી બચાવો.' કોઇ વળી કહે છે કે 'દેશને સામ્યવાદથી બચાવો.'

કોઈ કહે છે કે; 'પ્રત્યાઘાતીઓથી કે મૂડીવાદીઓથી બચાવો.'

હું તો એક જ વાત મુખ્યત્વે કહેવા માંગું છું કે, 'સૌ પ્રથમ તો બીજ બચાવો.' રે! ગધેડાની ઓલાદ સુધારવા માટે પણ સરકાર લાખો રૂપીઆ ફાળવી શકતી હોય. ઘોડાની રેસમાં દોડાવવા માટેના વાછડાની પસંદગી કરતી વખતે તેની સાતમી પેઢી

સુધીની દાદી–ઘોડીઓના પણ રેસ–વિજયોને ધ્યાનમાં લેવાતા હોય, તો માણસોના જ બીજની સરિયામ ઉપેક્ષા કેમ કરાય છે? એમાં ભેળસેળ કેમ કરાઈ રહ્યો છે? સરકારીસ્તર ઉપર આ ભેળસેળનો કાર્યક્રમ યુદ્ધના ધોરણે કેમ આગળ ધપાવાઈ રહ્યો છે?

## રૂઢિઓને તોડવાના પ્રયાસ કરો મા

આજે તો હરિજનો સાથે લગ્ન કરનારને સરકાર તરફથી અઢીસો રૂપીઆ ઈનામ અપાતું હોવાનું જાણવા મળ્યું છે. પંજાબ સરકારે પરદેશીઓ સાથે લગ્ન કરનાર ભારતીયોને પાંચ હજાર રૂપીઆનું ઈનામ આપવાનું જાહેર કર્યાનું પણ કેટલાક વરસો પૂર્વે સાંભળ્યું હતું.

આ રીતે ભારતીય પ્રજાનું બીજ બગડી રહ્યું છે. બીજ બગડતાં કેટલું ભયાનક નુકશાન થાય તેનો કોઈ વિચાર જ કરતું નથી. જે રુઢિ લાખો વરસોથી ટકી રહી છે તે શું એમ ને એમ જ ટકી રહી હશે? એની પાછળ શું કશું બળ–યુક્તિ નહિ હોય?

તે તે રુઢિ પોતે વિરાટ બળ સ્વયંભૂ રીતે ન ધરાવતી હોત તો તેને ખતમ કરી નાખનારા વિદેશીઓના ઘાતકી પરિબળોને કયારની સફળતા મળી ચૂકી હોત! 'રુઢિ' કહીને કોઇપણ શુભ પરંપરાને વખોડી નાખતા પૂર્વે બુદ્ધિજીવી લોકો આટલું જરૂર વિચારે.

આ દેશની સંસ્કૃતિનો–રુઢિઓનો નાશ કરવાના અનેકાનેક પ્રયાસો થયા હોવા છતાં સંસ્કૃતિ આજે ય અડીખમ ઊભી છે.

## સિનેમા, ટી. વી. દ્વારા બીજ–બગાડ

જોકે આજે પણ આવા અનેક કુ–પ્રયાસો જાણે અજાણે ચાલી જ રહ્યા છે. મહારાષ્ટ્રની અંદર બિયર પીવાની સરકાર તરફથી લગભગ છૂટ મૂકી દેવામાં આવી છે. નારીઓને સિનેમા અને ટી. વી. દ્વારા સેકસી દશ્યો દેખાડીને શીલવિહોણી કરાઈ રહી છે. આવી નારીઓને એમના પાપોને ઢાંકનારા સંતતિ નિયમનના સાધનો પણ અપાઈ જ રહ્યા છે. તેમ છતાં એ ય નિષ્ફળ જાય તો ગર્ભપાત પણ કાયદેસર બનાવાઇ ગયો છે.

આ રીતે બીજનો બગાડ કરી નાંખ્યા બાદ બધું જ બગડી જાય એમાં શી નવાઈ છે? કોક ખેડૂતને પૂછો કે બીજ બગડી ગયા બાદ ગમે એટલો વરસાદ પડે તો કોઈ લાભ થાય ખરો?

બીજનો બગાડ થાય એટલે વેપારનો ય બગાડ થાય. બીજને વેપાર સાથે ય સંબન્ધ છે. આ વાત જરા વિસ્તારથી સમજીએ.

## વૃત્તિ [વેપાર]નું અસાંકર્ય

આર્ય મહાપ્રજાના વિવિધ સમાજોના હિતચિંતકોએ પોતાની બધી જ બુદ્ધિ વાપરીને વૃત્તિ (વેપાર) અને વર્ણના અસાંકર્યનો સિદ્ધાન્ત સમાજને લાગુ કર્યો.

કોઈ એ કોઈના વેપારમાં દાખલ થવું નહિ તે વૃત્તિ–અસાંકર્ય.

કોઈ એ કોઈના વર્ણનો ભેળસેળ કરવો નહિ તે વર્ણ–અસાંકર્ય.

વંશવારસામાં જે ધંધો પરંપરાથી ચાલ્યો આવતો હોય તે જ ધંધા ઉપર દીકરાએ બેસી જવાના નિયમને લીધે કોઈ ને કદી બેકારીનો પ્રશ્ન જ જાગ્યો ન હતો. વળી તે ધંધો જીવનભર કરતા હતા. તેથી તેમના લોહી–વીર્યમાં જ તે ધંધાની હથોટીના સંસ્કાર સંક્રાન્ત થઈ જતા. એથી પુત્રોના બીજમાં જ એ ધંધાના સંસ્કારો ઉતરી જવાથી એ ધંધા માટે ભણવા જવાની કદી જરૂર જ પડતી નહિ. તપોવનમાં જોડાતા વિદ્યાર્થીને અક્ષરજ્ઞાન મળતું અને વધારામાં બાપીકા ધંધાના જ્ઞાનવાળા અનુભવી વાનપ્રસ્થાશ્રમી પાસેથી બાપીકા ધંધાનું થોડુંક અનુભવજ્ઞાન મળ્યું ન, મળ્યું ત્યાં તો એ ધંધામાં એ વિદ્યાર્થી નિષ્ણાત બની જતો; કેમકે બીજમાં જ એ ધંધાની સંસ્કૃતિ જીવત પડી હતી.

વળી કોઈના ધંધામાં કોઈથી પણ પ્રવેશ થઈ શકતો નહિ. જો કદાચ કોઈ તેમ કરે તો તેને દેહાંત દંડ સુધીની સજાની જોગવાઈ રહેતી.

આજે તો સમાન હક્કના નફ્ફટ ન્યાયે મોચીના ધંધામાંય વણિકો વગેરે પ્રવેશી ગયા છે. વણિકબુદ્ધિથી જ એ લોકો આ ધંધામાં લાખો રૂપીઆ કમાઈ જાય છે; એથી પેલા બિચારા મોચીનો દાટ વળી જાય છે. આ સત્ય, સમાન હક્કના નશાવાદી લુચ્ચા માણસોને વિચારવું પણ નથી !

જો આ વૃત્તિ–અસાંકર્યની પુનઃ પ્રતિષ્ઠા થાય તો બેકારી, મોંઘવારી અને ગરીબી –ત્રણે ય પ્રશ્નો ઉકલી જાય.

બાપીકા ધંધે સહુ બેસી જતાં બેકાર કોણ રહે ? જેને ધંધો મળ્યો છે તેને ગરીબી ક્યાંથી હોય ? બધા ય આ રીતે કામે લાગે તો જીવનની જરૂરી ચીજોનું ઉત્પાદન વધતાં અને માંગ વધતાં મોંઘવારી પણ ન રહે.

પૂર્વે તો અંગ્રેજોને પોતાની ઓફિસોમાં નોકરી કરવા વાણિયાના દીકરાઓની જરૂર પડતી તો પણ તેઓને કોઈ નોકરી કરનારા મળતા ન હોતા. વણિકો કહી દેતા કે 'જાઓ. જાઓ. અમારો દીકરો નોકરી શોનો કરે ? એ તો વેપાર કરશે.'

તે વખતે બેકારો શોધ્યા જડતા ન હતા. આજે બેકારોનો રાફડો ફાટ્યો છે. જૈન–બ્રાહ્મણો વચ્ચે, કોળી–કણબી વચ્ચે, વગેરે અનેક વર્ણો વચ્ચે લગ્નો વગેરે દ્વારા એકતા કરવા જતા આખું બીજ બગડી ગયું. એને કારણો ધંધાની હથોટીઓ ખલાસ થઈ ગઈ.

## વર્ણનું અસાંકર્ય

એકબીજાના વર્ણમાં એકબીજાએ પ્રવેશ ન કરવો એ વર્ણનું અસાંકર્ય છે.

જો વર્ણનું સાંકર્ય થાય તો બાપીકા ધંધાઓના વારસાગત સંસ્કારોનું બીજગત બંધારણ તૂટી જાય; શીલ વગેરેના તે તે વર્ણોના નિયમોનું નિયમન તૂટી જાય; પ્રજા દુરાચારી પાકવા લાગે.

પિંડગત જે જે સંસ્કારો હોય છે તેની જો જાળવણી થાય તો શિક્ષણાદિના સંસ્કારની લગીરે જરૂર રહેતી નથી.

સદાચારી માતપિતાનું સંતાન સામાન્યતઃ સદાચારી જ નીકળે; દુરાચારી વડીલોનું સંતાન સામાન્યતઃ દુરાચારી જ નીકળે.

વર્ણનું અસાંકર્ય બીજગત શુદ્ધિઓનું જતન કરવામાં અત્યંત મદદગાર બનતું એથી જ આર્યપ્રજામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આમાં ક્યાંય વર્ણનું સાંકર્ય થઈ શકતું નહિ. એટલે જ ક્ષત્રિયોના પુત્રો પૂરી ક્ષાત્રવટવાળા જ પાકતા અને દેશના સીમાડાઓની રક્ષા કરતા.

બ્રાહ્મણના પુત્રો પ્રજાના સંસ્કાર–પ્રસારનો ધર્મ સહજ રીતે બીજમાં જ પામી જતાં અને એ રીતે અધ્યયન-અધ્યાપનમાં ઓતપ્રોત રહેતા.

વણિકના પુત્રોને બીજમાં જ વેપાર કરવાનું કૌશલ મળી જતું એટલે દેશના વેપાર-ધંધાઓને ખૂબ જીવંત અને અત્યંત સમૃદ્ધ બનાવતા.

અને શૂદ્રોના પુત્રો શેષ કાર્યો બજાવતા અને પોતાની રોટી મેળવી લેતા. જો કોળી–કણબીના, વેપારી–બ્રાહ્મણના, અને ક્ષત્રિય–શુદ્રના બીજ ભેગા થતાં તો વાણિયો વણિક ન રહેતો અને બ્રાહ્મણ બ્રાહ્મણ ન રહેતો. એ રીતે પોતપોતાના કાર્યક્ષેત્રો ચૂંથાઈ જતા.

## ભેદ ખરો... પણ ભેદભાવ નહિ

આમાં ક્યાં ય ભેદભાવ હતો જ નહિ. બેશક 'ભેદ' જરૂર હતો; પરન્તુ તે ભેદ વ્યવસ્થા પૂરતો હતો. આજે પણ વ્યવસ્થાઓ માટે 'ભેદ' અનિવાર્ય મનાય જ છે. નિશાળોમાં વર્ગો એ ભેદ નથી? મજૂર મંડળોમાં વર્ગો નથી? રાજા પ્રજાનો ભેદ જીવંત નથી? વડાપ્રધાન, પંતપ્રધાન, સીનીઅર પ્રધાન, નાયબ પ્રધાન, ઑફિસર, કલાર્ક, કારકુન, પટાવાળો...એ બધા ભેદથી આખું વિશ્વ ધમધમતું નથી?

સ્ત્રી અને પુરૂષમાં ભેદ છે જ; અને તે સદા રહેશે.

સાધુ અને સંસારીમાં ભેદ છે જ; અને તે સદા રહેશે.

રોગી અને નિરોગીમાં ભેદ છે જ; તે કદી મટવાનો નથી. ભેદ રહેવા છતાં ભેદભાવ ન હોવો જોઈએ અત્યંત માન્ય વાત છે.

પ્રજાના હજારો સમાજોને જીવાડતી વર્ણભેદના વ્યવસ્થામાં ભેદભાવ તો ક્યારે ય ન જ હતો. ધિક્કાર, તિરસ્કારની વાત કદી ન હતી. આ બધું તો ગોરા લોકોએ પ્રજાને પરસ્પર લડાવી મારવા માટે પ્રચારેલું હડહડતું જૂઠ હતું.

પણ કમનસીબીએ ભોળી ભારતની પ્રજા એના છલમાં ફસાણી? હવે એનાં કટુતમ ફળો એને જ ખાવાનાં આવ્યાં છે!

## હરિજનો સાથે એકતા કરનારા આ વિચારે

હરિજનો વગેરે સાથેનો ભેદ મટાડીને એકતાની વાતો કરનારાઓને હું કહું છું કે હરિજનો સાથેની એકતાની શું વાત કરો છો? ઢેડ અને ભંગીઓ પણ જૂદા છે. એમાંય તેઓ એક બની શક્યા નથી. અલબત; આપણે હરિજનોનો ધિક્કાર કે તિરસ્કાર ન જ કરીએ અને એ નીતિ પૂર્વે હતી જ. હા...આપણે એકસંપી જરૂર કરી શકીએ.

નવભારત ટાઈમ્સ (૩૦–૭–૧૯૭૭ના અંક) માં એક લેખ આવ્યો છે. જેમાં હરિજનોનો વ્યવસાય છીનવી લેતાં એમને કેટલું નુકસાન થયું, એ વાતનું વર્ણન કરવામાં આવ્યું છે. હરિજનોના ઉદ્ધારના નામે જ હરિજનોનો કેવો નાશ થઈ ગયો છે એ જણાવીને એમના બાપ–દાદાના પારંપરિક ધંધા પાછા સોંપવાથી જ એમનો સમાજ સાથે સંબંધ જોડાશે એમ જણાવ્યું છે.

હરિજનો પાસે હાથશાળ વગેરેનો ઉદ્યોગ હતો જ. પરન્તુ આજે ભારતભરમાં મોટી મોટી મીલો ઊભી થઇ, એનાથી જ એમની રોજી તૂટી ગઈ છે એમ શું ન કહી શકાય? જો હરિજનોનો સાચો ઉદ્ધાર કરવો હોય તો આ બધી બાબતો તરફ નજર નાંખવી જ પડશે. બાકી કોઈ એકાદ હરિજનને પ્રધાન બનાવી દેવાથી કે કૂવા ઉપર બધાયને ભેગા કરી દેવા માત્રથી એમનો ઉદ્ધાર થઈ જાય એમ માનવું ભૂલ ભરેલું છે. આજે હરિજનોને સાફસુફીના કામની વાત ભેદભાવ તરીકે એટલે કે એમના તિરસ્કાર રૂપે ગણાવાય છે. પણ મને લાગે છે કે આ લોકો 'ક્ષુદ્ર' કોણ એ ય હજી સમજ્યા નથી.

## બલિદાન કોને માથે ન હતું?

વળી જો સાફસુફીના કાર્ય દ્વારા અપાતા ભૌતિક સુખોના બલિદાનના કારણે તેમના પ્રત્યે ભેદભાવ દર્શાવાયો હોવાની વાત થતી હોય, તો તે પણ પ્રજાને અવળે દોરી જતી રજૂઆત છે. કેમકે આર્ય પ્રજામાં કોના માથે બલિદાનનું કાર્ય નથી એ જ પ્રશ્ન છે.

ક્ષત્રિયોને તોપના મોંએ ચઢી જઈ સગળતા રાષ્ટ્રના સિમાડાઓની રક્ષા કરવાના કર્તવ્યમાં બલિદાન કેવું ખીચોખીચ ભર્યું છે, એ તો જુઓ. "જય કિસાન" ની જેમ શાસ્ત્રીએ આપેલું "જય જવાન" નું સૂત્ર આ સત્યની સાક્ષી પૂરતું નથી શું?

બ્રાહ્મણોના માથે નંખાયેલી લોકોના પ્રાથમિક અધ્યયન–અધ્યાપન આદિની સાંસ્કૃતિક જવાબદારીમાં કેટલા ભોગ-વૈભવોને તિલાંજલી દેવા રૂપ બલિદાન પડેલું છે; તે તો જુઓ.

ભેજાનું દહીં કરીને ધનપ્રાપ્તિ કરવાની; અને રાષ્ટ્રના હિત માટે જ્યારે જરૂર પડે ત્યારે એ ધનના ભંડારો રાજકોષમાં ઠાલવી દેવાની વૈશ્યોની નૈતિક ફરજમાં શું બલિદાનનું દર્શન જ થતું નથી?

કોને માથે બલિદાનની જવાબદારી નથી? રે! સ્ત્રીને શીલરક્ષા કાજે બલિદાન દેવાનું છે તો પુરુષને સમસ્ત કૌટુંબિક સંસાર સાંસ્કૃતિક પદ્ધતિપૂર્વક નભાવવા પાછળ કેટલો શક્તિવ્યય કરવો પડે છે!!

સ્ત્રી તો હજી ઘરની રાણી છે! અને પુરુષ! બિચારો મજૂર!

આખોદી ઢોર–મજૂરી કરે ત્યારે કમાય!

## આવા છે; સમાજના હિતૈષી બુદ્ધિજીવીઓ!!

જેના તેના પક્ષે બેસી જઈને, જેના તેના દુઃખની વાતો કરનારા કહેવાતા બુદ્ધિજીવી હિતૈષીઓએ ભારતીય સમાજવ્યવસ્થાને હતપ્રહત કરી નાંખી છે. એથી બધા જ લોભલાલચે ફસાઈને પોતપોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈને દુઃખી જ થયા છે.

બિચારો! હરિજન! હાથશાળ વગેરેનો બાપીકો ઉદ્યોગ ગુમાવીને મરવા પડ્યો છે! છતાં કેટલાક હજારને જ કયાંક નોકરી અપાવ્યાની વાતો રજૂ કરીને કહેવાતા સમાજ–હિતચિંતકો સમસ્ત ભારતીય પ્રજાને અવળે રસ્તે દોરવી રહ્યા છે.

બિચારી સ્ત્રી!

એના સ્વાતન્ત્ર્યની વાતો કરીને અનેકોની ગુલામદશામાં – પેલા કહેવાતા એના હિતચિંતકોએ – મૂકી! એના શીલના કુરચા ઊડ્યા! એના જીવનની ચિંતા એના જ માથે આવી!

સ્ત્રીનું શીલ બગડતા સારા સારા ઘરના સંતાનોનાં જીવન વાસનાઓની આગે ભડકે બળવા લાગ્યા.

સમગ્ર પ્રજા સર્વનાશના માર્ગે જાણે ઢસડાતી ચાલી છે. આમાંથી બહાર નીકળવાની કે આવા અનેક કુત્સિત માર્ગોને દૂર ફેંકી દેવાની ક્રાન્તિ આજે કોઈ કરી શકતું નથી. રે! રોગનો રોગ તરીકે સ્વીકાર કરવાની પણ જ્યાં તૈયારી નથી; ત્યાં ઔષધ શોધવાની તો વાત જ કયાં રહી?

## ગાંધીજીની મનોભાવના

ખુદ ગાંધીજીએ એકવાર કહ્યું હતું કે, "જો હું હિન્દુસ્તાનનો વડોપ્રધાન બનું તો પહેલા જ કલાકમાં આ દેશમાંથી સિનેમા અને દારૂને દેશવટો આપવાનો વટહૂકમ બહાર પાડું."

સિનેમા અને વગેરે દારૂ દ્વારા પોતાના વ્યક્તિગત સુખોને મેળવી લેવા જતાં જો આખી પ્રજા હોમાઈ જતી હોય તો એવા પાપો શા સારું અપનાવવા જોઈએ?

એકાદ વડીલની કોઈ ભૌતિક સુખો મેળવી લેવાની વાસનાજનિત કુટેવને કારણે જો આખું કુટુમ્બ એના ફંદે ફસાઈ જતું હોય તો શું એ વડીલો એ પોતાની એ કુટેવોને તિલાંજલિ ન આપવી જોઈએ? આપણને મળેલું આ સમગ્ર માનવજીવન વાસનાઓને દૂર કરવા માટે છે; નહિ કે પાપોની આગમાં પેટ્રોલ છાંટવા માટે.

## મનની પાપની પણ બીજમાં અસર

આ તો માત્ર કાયાના પાપોની વાત થઈ પરંતુ મનના પાપો પણ કેટલી પણ કેટલી જબ્બર તાકાત ધરાવે છે તેના તરફ પણ નજર તો નાંખો. મનમાં સંતાકૂકડી રમતી વિચારધારાઓ કાયામાં કેવી અસર કરે છે તેનો તમારા જ છાપાઓમાં આવેલો એક પરદેશનો પ્રસંગ કહું.

પરદેશમાં એક પતિ અને પત્ની બન્ને ગૌરવર્ણના હતા. પરંતુ એકવાર એ સ્ત્રીને કાળાવર્ણનો—હબ્સી જેવો—પુત્ર થયો.

પતિ વિચારમાં પડ્યો કે, 'મારી પત્ની અને હું બન્ને ગૌર છતાં પુત્ર કાળો કેમ?' પતિને પત્ની ઉપર બદચાલની શંકા ગઈ.

પત્નીએ હૃદયપૂર્વક નિખાલસ ખુલાસો કરવા છતાં પતિના મનનો શંકાનો કીડો દૂર ન થયો. એણે કોર્ટમાં તેની ઉપર કેસ કર્યો. આ કિસ્સો સાંભળી જજ પણ ચકિત થઈ ગયો. જજને પણ આ કેસમાં રસ પડ્યો.

પત્નીએ કોર્ટમાં ઈશ્વરના સોગંદ ખાઈને પોતે નિર્દોષ હોવાની વાત જણાવી. એ સ્ત્રીના હૃદયના ઉદ્‌ગારો અને મુખના હાવભાવો જોતાં જજને પત્ની નિર્દોષ જણાઈ. પણ છતાં બાળકના શ્યામ વર્ણનું શું કારણ, એ જજને પણ ન સમજાયું.

જજને એકાએક કંઈક વિચાર સ્ફુર્યો. જજે ફરિયાદી પુરુષને જણાવ્યું કે, "ચાલો...હું તમારા ઘરે આવું છું..."

ઘેર જઈને એણે તપાસ કરી. એકાએક એની નજર તે પતિ-પત્નીના શયન ખણ્ડમાં પડી. પલંગની બિલકુલ સામે પતિના મિત્ર એક હબ્સીનો ફોટો લટકતો હતો. આ ફોટો જોતાં જ જજે પોતે મનોમન નિર્ણય કરી લીધો.

જજે જયારે ચુકાદો આપ્યો ત્યારે જણાવ્યું કે, "જે સમયે પતિ સાથે રહેલી આ સ્ત્રીને ગર્ભ રહ્યો હશે ત્યારે તેનું ધ્યાન આ હબ્સીમાં હોવું જ જોઈએ. એના જ કારણે સ્ત્રીના મનમાં હબ્સીનું એવું ચિત્ર પડી ગયું કે એને પ્રાપ્ત થયેલું બાળક પણ એ હબ્સી જેવું કાળું થયું."

આ પ્રસંગમાંથી એ સમજાય છે કે મનના વિકારની પણ કેટલી જબ્બર અસર બીજ ઉપર થાય છે? માતાઓએ પોતાના માનસિક વિચારોની બાબતમાં પણ કેટલા વિશુદ્ધ રહેવું જોઈએ એ સમજી લેવું જોઈએ.

આવો જ એક બીજો ભૂતકાળનો ઐતિહાસિક પ્રસંગ તમને કહું.

## રાજા કર્ણદેવ અને નમુંજલાનો પ્રસંગ

ગુજરાતનો મહાન રાજવી, સિદ્ધરાજ જયસિંહ પાટણમાં રહેતો. એ ધાર્મિક અને ખૂબ પરાક્રમી ગણાતો. વૈદિક ધર્મનો પાલક હોવા જતાં અન્ય ધર્મોનો પણ પ્રેમી હતો.

આ રાજા પણ જસમા નામની ઓડણ ઉપર મોહિત થઈ ગયો. મહાસતી રાણકદેવી ઉપર તેને કામવાસના જાગી. એનું કારણ શું? એના બીજમાં એવું શું હતું કે જેણે એના જીવનમાં કામનો આવો અગ્નિ પેટાવ્યો એ વાત ઉપર પ્રકાશ ફેંકતો આ ઐતિહાસિક પ્રસંગ છે.

સિદ્ધરાજના પિતા રાજા કર્ણદેવ.

મીનળદેવીને પરણેલા.

મીનળદેવીનાં શરીરનો રંગ સહેજ શ્યામ હતો. આથી કર્ણદેવે એનો ત્યાગ કરેલો. અંતઃપુરમાં રહેતા આ રાણીએ પોતાનું જીવન પરમાત્માના ભક્તિરસમાં જ તરબોળ બનાવેલું. આર્યદેશની નારી આ કારણે પાપકર્મના યોગે પતિથી તરછોડાય તો પણ બળવો ન કરે. કોર્ટે ન જાય. ચૂપ જ બેસી રહે. અને પરમાત્માના ગીતગાન ગાતી જીવન પૂર્ણ કરે.

કર્ણદેવના રાજ્યમાં એક રાજનર્તકી હતી. નમુંજલા તેનુ નામ. રાજ્યમાં આવતાં મહેમાનો વગેરેનું તે નાચગાન આદિથી મનોરંજન કરતી.

એક દિવસ નર્તકી નમુંજલાના અનુપમ નૃત્યથી રાજાની નજર બગડી અને રાજા કર્ણદેવ મોહ પામ્યા.

એને મેળવવા રાજા તલપાપડ બન્યા.

પણ રાજાથી આવું કામ થાય નહીં. રાજા તો પ્રજાનો રક્ષક છે. છતાં કર્ણદેવના અંતરમાં વાસના ભડભડ બળી રહી છે. એ વાસનાના અગ્નિને દેહમાં જ પ્રજ્વળવા

દે છે. દિવસે દિવસે એનું શરીર ક્ષીણ થતું જાય છે. એ કોઈને કશું જ કહેતા નથી. પણ રાજાનું ક્ષીણ થતું જતું શરીર જોઈને મંત્રીશ્વરને ચિંતા થાય છે.

મહારાજને પ્રજાળતી ચિંતાને જોઈને મંત્રીશ્વર અત્યંત ભારપૂર્વક પૂછે છે. ન છૂટકે રાજા કર્ણદેવ કહે છે : "મને નમુંજલા સતત યાદ આવે છે. પણ મારી જીભ ઉપડતી નથી. જો મારી ઈચ્છા પૂર્ણ નહિ થાય તો કદાચ હું મરી જઈશ."

ખૂબ વિચારને અન્તે મંત્રીશ્વર કહે છે : "મહારાજ! આપ આજ્ઞા આપો તો ગમે તેમ કરીને પણ નમુંજલાને હું મનાવી લાવું. ગળગળા સાદે મહારાજા મંત્રીને પૂછે છે : "પણ મંત્રીશ્વર! એવું પાપ મારાથી થાય ખરું?"

મંત્રી એ વખતે મૌન રહે છે. મંત્રીશ્વર સમક્ષ પણ ઘણી મુશ્કેલીઓ હતી.

## આર્યદેશની નર્તકીઓ પણ કેવો?

મંત્રીશ્વર વિચક્ષણ છે. રાજા પાસેથી જાય છે. રાજનર્તકી પાસે પહોંચે છે.

નર્તકી મંત્રીશ્વરનું સ્વાગત કરે છે. ભૂમિકા બનાવીને મંત્રીશ્વર કહે છે : "નમુંજલા! મહારાજ તારા વિના ઝુરે છે. કદાચ એ મરી જશે."

નમુંજલા આ વાત સાંભળીને છંછેડાઈ જાય છે. એ કહે છે : "મંત્રીશ્વર! હું રાજનર્તકી છું. વેશ્યા નથી. મારા મડદાને ચૂંથવું હોય તો તમે ચૂંથી શકો છો. મારા જીવતા દેહને તો તમે અડી પણ નહિ શકો. શું જોઈને તમે મને સમજાવવા આવ્યા છો? જાવ. મહારાજને સમજાવો. સાચો મંત્રી તો રાજાને સાચી મંત્રણા કરીને સાચી વાત સમજાવે. આવી તો વિચારણા પણ ન થાય. તમારા મહારાજને કહો કે નમુંજલા નર્તકી છે; વેશ્યા નથી. મારા કર્મ કુટ્યાં છે કે આ દેહના અંગભંગથી મારે લોકરંજન કરવું પડે છે."

આ આર્યદેશની નર્તકી પણ કેવી હતી!? કેટલા ઊંચા આદર્શોને ધરાવનારી હતી...!!

મંત્રીશ્વર અંતરમાં તો ખુશ થાય છે અને છેવટે એક તુક્કો મગજમાં સૂઝતા મંત્રીશ્વર કહે છે : "નમુંજલા! તું ન જ આવે તો કાંઈ નહિ; છેવટે તારાં વસ્ત્રો અને અલંકારો તો આપીશ ને?" તુચ્છકારભર્યા સ્વરે નમુંજલા કહે છે : "લઈ જાવ વસ્ત્રો અને અલંકારોને"...મંત્રીશ્વર, નર્તકી નમુંજલાના વસ્ત્રો–અલંકારો લઈને મહારાણી મીનળદેવી પાસે આવે છે.

## મંત્રીશ્વરની કુનેહ

મંત્રીશ્વર કહે છે : "મહારાણી! હું આપની સહાય યાચું છું. આપને આજે મહારાજને મહેલે પધારવાનું છે."

મીનળદેવી કહે છે : "મંત્રીશ્વર ! મશ્કરી શું કામ કરો છો? ભૂલી જાવ એ વાત. એમણે તો મારો ત્યાગ કર્યો છે. હવે હું તો પ્રભુ–ભક્તિમાં મસ્ત છું. મને બીજી કશી ખેવના નથી."

મંત્રીશ્વર કહે છે : "મહારાણી! સાચી વાત કહું છું. મહારાજ, નર્તકી નમુંજલા ઉપર મોહિત થયેલા છે! આપના એ પતિદેવ નમુંજલા ખાતર ઝુરે છે. એમનું શરીર દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે. આપ જ એમને એમાંથી બચાવી શકો એમ છો. હું નમુંજલાના વસ્ત્રાલંકારો લઈ આવ્યો છું. એ પહેરીને આપ મહારાજ પાસે મહેલે પધારજો. મહારાજ સાથે જરા પણ બોલશો નહીં. મૌન જ રહેજો. અને પ્રસંગ મળતાં પ્રતીક તરીકે મહારાજના હાથની વીંટી લઈ લેજો."

મીનળદેવી સંમત થાય છે. એ પછી મંત્રીશ્વર મહારાજ કર્ણદેવ પાસે જાય છે.

મંત્રીશ્વર કહે છે : "મહારાજ! આજે રાત્રે પ્રથમ પહોરે નમુંજલા આપના શયનખંડમાં પધારશે. પણ એક શરતે. તે વખતે ખંડમાં દીપશિખાઓ બુઝાઈ ગયેલી હોવી જોઈશે. નર્તકીને બોલાવવા કોઈ પ્રયત્ન ન કરશો."

સંધ્યા થઇ. કર્ણદેવ નમુંજલાની રાહ જુએ છે. શરત મુજબ દીપશિખાઓ બુઝાઈ ગઈ.

ઝાંઝરના ઝણકાર સાથે નમુંજલાના વસ્ત્રાભૂષણોમાં મીનળદેવી પ્રવેશે છે. રાજા તો મીનળને નમુંજલા જ સમજે છે. એ સમયે મહારાજ કર્ણદેવે માનસિક રીતે જે પાપ કર્યું અને એથી મીનળદેવીને જે ગર્ભ રહ્યો તે જ સિદ્ધરાજ જયસિંહ !

નમુંજલાના વેશમાં આવેલા મીનળદેવી ચાલ્યા ગયા. સાથે રાજાની મુદ્રિકા લેતાં ગયા. સવાર પડી. રાજાને ખૂબ આઘાત લાગે છે. પોતાના પાપ બદલ ઘોર પસ્તાવો થાય છે. રાજાએ મંત્રીને બોલાવ્યા.

રાજા કહે છે : "મંત્રીશ્વર! મેં કેવું મહાપાપ કરી નાખ્યું! મારા માટે ચિતા તૈયાર કરવો. મારે મરી જવું છે. જે દિવસે હું દુરાચારી બનીશ તે દિવસે મારી પ્રજાનું શું થશે?" ત્યારે મંત્રી સાચી વાત જણાવીને રાજાને શાન્ત કરે છે.

## સંતાનોને સુધારવા મા–બાપો વ્યવસ્થિત બને

જો પ્રજાના જીવનની રહેણી કરણી અશુદ્ધ હશે તો તેનાથી બાળકોના જીવનમાં કેવા કુસંસ્કારો પડશે એનો આજના માતાપિતાઓને કોઈ ખ્યાલ હશે ખરો? જો વડીલો જ પદ્ધતિસરનું જીવન જીવવા તૈયાર થઈ જાય તો તેમના સંતાનો પણ સુવ્યવસ્થિત બની જાય. વડીલો પોતાના વૈયક્તિક સુખો મેળવવા જતાં સંતાનોના જીવન બરબાદ કરી નાંખે તે જરાય ઉચિત ગણાય ખરું? સંતાનોને સદાચારી બનાવવા ખાતર પણ વડીલોએ માનસિક રીતે પણ સદાચારી થવું જોઈએ.

કેવો આ કાળ છે? આર્ય દેશનો માનવ આજે એમ બોલે છે...'સિનેમા જોવામાં શું પાપ?' રે! સિનેમા જેવું ભયંકર પાપ કદાચ બીજું એકેય નહિ હોય. નાના નાના બાળકો પણ પ્યાર અને મહોબ્બતના ગંધાતા ગીતો ગાતાં થઈ ગયાં છે!

ચૌદ પન્દર વર્ષના કેટલાંક બાળકોનાં જીવન આજે આ સિનેમા વગેરેના પાપે બેહાલ થઈ ગયેલાં જોવા મળે છે. આ બધાના મૂળમાં માતાપિતાના જીવનની બાળકોના મન ઉપર અવ્યક્ત રીતે થતી ખરાબ અસરો પણ કારણભૂત હોય છે.

## આર્યાવર્તમાં બીજશુદ્ધિ ઉપર ભાર

આથી જ આર્યાવર્તમાં બીજની શુદ્ધિ ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. જો બીજનું સાંકર્ય થઈ જાય તો સંતાનોના જીવન રફેદફે થઈ જાય.

આ બીજશુદ્ધિ નારીના શીલ ઉપર મુખ્યત્વે નિર્ભર છે. માટે જ નારીની રક્ષા એ આ પ્રજાનું પ્રધાન કાર્ય બની જાય છે.

શીલરક્ષા માટે જ સ્ત્રીને સ્વાતન્ત્ર્ય આપવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

જેમ પોતાના શીલની રક્ષા માટે નારીને સ્વચ્છંદતાનાં આભાસિક સુખોનું બલિદાન દેવાનું છે; તેમ દેશના સીમાડાની રક્ષા કાજે યુવાનોને જાતનું બલિદાન દેવાની તૈયારી પણ કેળવવી જ પડે છે.

જો તોપોના ગોળાથી ધણધણી ઊઠેલી સરહદની રક્ષા કરવા માટે મરવાની તૈયારી સાથે જતો જવાન એ 'બિચારો' નથી ગણાતો; બલ્કે લૌકિક દૃષ્ટિએ આશિષો અને અભિનંદનોને પાત્ર ગણાય છે તો શીલની સંસ્કૃતિની રક્ષા કાજે પોતાના વિલાસી સુખનો હવન કરતી નારી કદાપિ 'બિચારી' નથી. બલ્કે એ અત્યંત સન્માનનીય છે.

## 'न स्त्री स्वातंत्र्यमर्हति' નું સાપેક્ષ અર્થઘટન

આર્ય પુરુષોના 'न स्त्री स्वातन्त्र्यमर्हति।' વાક્યમાં સ્ત્રીને અસ્વાતન્ત્ર્યની જે વાત કરી છે તે સાપેક્ષ વાત છે. બધી વાતે તે અસ્વતન્ત્ર હોવી જોઈએ તેવું આ નિરપેક્ષ વિધાન નથી. પરન્તુ બહારની બાબતોમાં તેને અસ્વાતન્ત્ર્ય જણાવાયું છે.

આ ઉપરથી જ પુરુષને ઘરની વાતોમાં અસ્વાતન્ત્ર્ય આપમેળે ફલિત થાય છે; સ્ત્રીને બહારની જ બાબતોમાં અસ્વાતન્ત્ર્ય હોવાથી ઘરની બાબતોમાં તેણીને સ્વાતન્ત્ર્યનું પ્રદાન થયેલું જ છે.

રસોઈ કઈ બનાવવી? બાળકોને કઈ રીતે ઉછેરવાં? તેમનામાં કઈ રીતે સંસ્કારોનું આધાન કરવું? એમનાં લગ્નાદિ બાબતના વિષયમાં શું કરવું? એ બધી વાત એના કબજે હતી; એટલું જ નહિ પણ ધન કમાઈને આવેલા પુરુષને એ ધન પણ પોતાની પત્નીને દઈ દેવું પડતું. એ ધનની માલિકણ સ્ત્રી હતી. એના

વિનિયોગના વિષયમાં બવો અધિકાર એનો હતો. સ્ત્રી ઘરની મરામત–શણગાર વગેરે કરવામાં પણ મુક્ત હતી. પતિની સેવા પણ એ જ કરતી. આમ ઘણી રીતે સ્ત્રી જ ખરી સ્વતન્ત્ર હતી.

આજે પણ મહારાષ્ટ્રમાં પરણીને સાસરે પહેલીવાર પગ મૂકતી નવોઢા ઉંબરે પગ મૂકે ત્યારે તે ઉંબર પર ધન મૂકવામાં આવે છે. તેને લાત મારીને જ તે નવોઢા ઘરમાં પ્રવેશ કરે છે. તેની પાછળ જબરદસ્ત સંસ્કૃતિ–ચિંતન પડેલું છે.

ધનને—લક્ષ્મીને—લાત મારતી સ્ત્રી લક્ષ્મીને એમ કહે છે કે, 'આજ સુધી આ ઘરમાં તું ફાવે તેમ ફરતી વર્તતી હતી પણ હવે આ ઘરની રાણી હું બની છું. તારે મારી આજ્ઞા પ્રમાણે જ રહેવું પડશે; નહિ તો તને આમ લાત મારીને કાઢી મૂકીશ.'

હવે કહો જોઉં, આપણી સંસ્કૃતિમાં સ્ત્રી સ્વતન્ત્ર હતી કે ગુલામ?

## સ્વાતન્ત્ર્યના નામે જ નારીને ગુલામી

મને તો એમ કહેવાનુ દિલ થઈ જાય છે કે સ્ત્રીસ્વાતન્ત્ર્યના નારા નીચે જ સ્ત્રીઓને સંપૂર્ણપણે ગુલામડી બનાવવામાં આવી છે. હવે પોતાની બધી ચિંતા એણે પોતાને જ કરવાની આવી! 'છૂટાછેડા'ના કાયદાના જમાનામાં જીવતી નારીએ 'પતિની આજીવન હૂંફ મળશે' એ આત્મવિશ્વાસ સંપૂર્ણપણે ગુમાવી દીધો છે. 'ગમે ત્યારે પતિ રવાના કરી દે' એવી સ્થિતિની કલ્પનાને કારણે તેને નિશાળમાં દાખલ થઈને ઠેઠ કોલેજ સુધી પહોંચવું પડે. કૉલેજનાં એ જીવનમાં જ નારીના 'શીલ' નું લીલામ થવાનું શરૂ થાય તો નવાઈ નહિ.

ભણેલી નારીએ કેટલાયના 'બૉસીઝમ' નીચે નોકરીનું જીવન જીવવાનું! આ 'બૉસીઝમ' એ નારીની કારમી ગુલામીનું પ્રચ્છન્ન સ્વરૂપ નથી તો બીજું શું છે?

પતિસ્વરૂપ એક પુરુષના પારતન્ત્ર્યને સકંજો–ગુલામી–કેદ–વગેરે કહેનારાઓએ નારીને એમાંથી મુક્ત કરીને કેટલાનાં પારતન્ત્ર્ય વળગાડ્યાં? કેટલાંની ગુલામી બઝાડી? એના સુખ શાંતિ અને ચેન બધું જ ઝૂંટવાઈ ગયું.

હાય! કોઈને ય આ ભયજનક સ્થિતિએ પહોંચેલી નારીના શીલની લગીરે ચિંતા થતી નથી!

વાસનાએ જલતી પુરુષના હૈયાની ભઠ્ઠી! અને નામ...નારી સ્વાતન્ત્ર્યનું!

કંગાળ છે તે ભારતની નારીઓ; જેની નજરમાં આ ભેદ આવતો નથી. રે! એના જ પોતાના રંગઢંગ બદલાઈ ગયા હોય ત્યાં બીજો કરે પણ શું?

## આયુર્વેદના વિકાસના નામે તેનો વિનાશ

આમ છતાં ગમે તે માણસો આજે ગમે તેવી સંસ્કૃતિવિરુદ્ધ વાતો કરે છે અને એમાં 'માવજીભાઈઓ' મત્તું મારે છે.

જેમ નારીઓને સ્વાતન્ત્ર્ય આપીને તેનો વિકાસ કરવાના બહાને વિનાશ કરાયો તેમ આયુર્વેદમાં પણ એવું જ બન્યું છે. આયુર્વેદનો વિકાસ કરવાના નામે આયુર્વેદનો વિનાશ કરાયો છે. કેટલાક શહેરોમાં આયુર્વેદની મોટી સંસ્થાઓ સ્થપાઈ છે; પરન્તુ તેમાં તૈયાર થતા નવા વૈદ્યો 'ટેથોસ્કોપ' પકડે છે. અને ડૉક્ટરની જેમ શરીર ઉપર લગાડીને રોગ તપાસે છે. નાડી હાથમાં લઈને વન...ટુ...થ્રી...ફોર...ફાઈવ એ રીતે 'પલ્સ' ગણે છે. પણ વાત, પિત્ત અને કફના પ્રકોપ ઉપર તેઓ એટલું ધ્યાન આપતાં નથી. બ્લડ પ્રેસર...હાઇપ્રેસર...વગેરેના આધારે રોગનું નિદાન કરે છે. આયુર્વેદના વિકાસના નામે આયુર્વેદની દવાઓ, તેના પેકીંગો અને તેના નામો વગેરે બધું ય અંગ્રેજી ઢબે થવા લાગ્યું છે.

આયુર્વેદના નિષ્ણાતો પૂર્વના સમયમાં તો દર્દીને કદી બોલવા ન દેતા. પોતે જ નાડી પકડીને બધો રોગ દર્દીને કહી દેતા. જો ડૉક્ટરોની જેમ રોગીને પૂછી પૂછીને જ નિદાન કરવાનું હોય તો મને તો એ લોકોને પૂછવાનું મન થાય કે, "તમને અહીં બોલાવ્યા'તા શું કરવા?"

હવે આ આયુર્વેદનો વિકાસ થયો કે વિનાશ? એ તમે જ વિચારી લેજો.

## ગુલાબનો મરોડ આપો મા! તે ચીમળાઈ જશે.

જેમ કોઈ માણસ સુન્દર મજાના દેખાતા ગુલાબની પાંખડીઓને મરોડ આપવા માટે જો એને સ્પર્શ કરે અને જરા આમતેમ વાળે તો શું એ પાંખડીઓ વધુ સુંદર બને કે ચીમળાઈ જાય?

અરે! ભાઈ! ગુલાબને કુદરતે જ સૌન્દર્ય બક્ષ્યું છે એમાં તું શું મરોડ આપવાનો હતો? પણ...આ વાત નહિ સમજતો માણસ ગુલાબની પાંખડીને મરોડ આપવા જતાં એને ચીમળી નાંખે તો એમાં કદાચ કીડા પડે; અને તે સુવાસ ખોઈ બેસે.

સંસ્કૃતિના વિષયમાં પણ જ્યાં જ્યાં વિકાસનું નિમિત્ત આગળ કરીને મૂળભૂત તત્ત્વોમાં ફેરફાર કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં એની સુવાસ ચાલી ગઈ છે અને વિકૃતિઓના કીડા પડ્યા છે.

વિકાસના ઓઠા નીચે નારીને ભલે અદ્યતન બનાવી પણ એની શીલની સુવાસ ચાલી ગઈ અને એનામાં કુશીલના કીડા પડી ગયા! પૂર્વના કાળમાં પોતાની પત્ની અપંગથઈ જતાં પતિ સ્વકર્તવ્ય સમજી પત્નીને સાચવી જ લેતો. અવસરે એની સેવા પણ કરતો. જ્યારે આજે છૂટાછેડાની તાતી તલવાર એને માથે સદા લટકતી જ રહે છે.

અંજનાનાં પ્રસંગમાં પતિ તરફથી એને પડતા દુ:ખો અને એને કારણે

અંજનાને દેવું પડેલું પોતાના સુખનું બલિદાન વગેરે સાંભળતા હવે તમને આંચકો નહિ આવે એમ મને લાગે છે.

## સંતાનોને સુધારવા માતાઓ સુધરે

જો માતાઓ પોતાના સંતાનોને સજ્જન બનાવવા માંગતી હોય, ધર્મપ્રેમી અને સંસ્કૃતિપ્રેમી બનાવવા માંગતી હોય તો તેણે પોતાની વાસનાઓનો વિનાશ કરવો જ જોઇએ. કયી સાચી માતા પોતાના પુત્રોને સંસ્કારસભર, કુળદીપક અને ધર્મશાસનના દીપક બનાવવા માંગતી ન હોય?

પરન્તુ પોતાના પુત્રોની આવી ઉત્તમ સ્થિતિ જોવા માટે માતાએ પોતાના ઐહિક વિલાસપ્રધાન જીવનને તિલાંજલિ આપવી ન જોઈએ શું? જો માતા સારી હશે તો સંતાનો સામાન્યતઃ સારા પાકશે જ. અને જો માત–પિતા સારા સંસ્કારી નહિ હોય તો સંતાનો સારા પાકે એવી આશા રાખવી પ્રાયઃ ઠગારી નીવડશે.

જો કે સંતાનોના કુસંસ્કારી જીવનમાં બીજા પણ અનેક તત્વો કામ કરી જતાં હોય છે. છતાં માતાપિતા એમ મુખ્ય ભાગ ભજવે છે એમાં સામાન્યતઃ કહી શકાય.

## કુળની ખાનદાની હવે પુત્રોને બચાવશે ખરી?

કેટલાક માતા અને પિતાઓ પોતાના મનની વાસનાઓને હજી પોતાની ખાનદાનાના પ્રતાપે દબાવી શક્યા હશે. અને તેને કાયા સુધી પહોંચવા દીધી નહિ પણ હોય. પરંતુ એ દાબેલી વાસનાઓ અને માનસિક પાપોની અસર સંતાનો ઉપર થયા વગર વગર રહેવાની નથી. અને એ સંતાનો વડીલોની જેમ ખાનદાનીના કારણે પોતાની ઇચ્છાઓને કાયા સુધી ઢસડી જતી નહિ રોકી શકે. કુલવટે આડે આવીને ભલે વડીલોને બચાવી લીધા; પરંતુ સંતાનોને એ કુલવટ બચાવે એ શક્યતા હવે બહુ ઓછી જણાય છે. માટે જ સંતાનોના ભયંકર દેખાતા જીવન ઉપર એકલી પસ્તાળ પાડવાના બદલે વડીલોએ પોતાના જીવનનું આંતરનિરીક્ષણ કરવાનું પણ અત્યન્ત જરૂરી છે.

## વેપારી વર્ગે રાષ્ટ્ર અને પ્રજાના રક્ષણાર્થે આપેલો ભોગ

જેમ માતાઓને સંતાનોના સંસ્કારની સુરક્ષા અર્થે ભોગ આપવાનો છે એમ વેપારીઓને પણ દુકાળ વગેરેના આફતોના અવસરે પ્રજાને બચાવવા પોતાની સંપત્તિને ન્યોચ્છાવર કરવારૂપ ભોગ અવશ્ય આપવાનો હોય છે. ભલે.. કમાવાના અવસરે તેઓ કમાતા રહેતા હોય પણ ખરે ટાણે આ જ વેપારી કોમ પ્રજાના દુઃખમાં સહાયક બનતી. અને આથી જ પૂર્વના કાળના રાજાઓ વેપારીઓને કહેતા હતા કે, "અમે તમારા ધંધામાં હસ્તક્ષેપ નહિ કરીએ. તમે તમારી રીતે વેપારમાં

આગળ વધો. પરંતુ રાષ્ટ્ર કે ધર્મની સુરક્ષા વખતે અને મારી મરકીના ઉપદ્રવો વખતે ખરી સહાય કરજો. અને તમારી કમાણી પ્રજાને અને રાષ્ટ્રને અર્પજો.''

અને ખરેખર વેપારી વર્ગે આવા અવસરે પ્રજાને જબ્બર સહાય કરી છે. ધર્માત્મા જગડૂ શાહ અને વીર ભામાશાહનું દૃષ્ટાન્ત એમાં અજોડ છે. પચ્ચીશ હજાર સૈનિકોને બાર વર્ષ સુધી નભાવી શકાય એટલું ધન એકલા આ જૈન–વેપારી ભામાશાહે રાજાને આપ્યું હતું.

## મહાજનમાં ક્ષુદ્રોનું ય કેવું ગૌરવ !

અરે ! માત્ર વેપારીઓ જ નહિ, ક્ષુદ્રોનું પણ પંચ (મહાજન) માં વર્ચસ્વ હતું. ક્ષુદ્રો ઉપર ધિક્કાર-તિરસ્કાર ક્યારે ય ન હતો. આ તો અંગ્રેજોએ જૂઠ્ઠો આરોપ કરીને જાણી જોઈને સાંસ્કૃતિક પરંપરાઓને બદનામ કરી છે. મને ખબર છે કે રાધનપુરમાં મહાજન સંસ્થામાં પાંચ માણસોનું પંચ નીમાતું; એમાં બ્રાહ્મણ-વણિકની જેમ ક્ષુદ્રનો ય પાંચમો નંબર રહેતો.

ક્ષુદ્રને કયારે ય આપણે તિરસ્કાર્ય ગણ્યા નથી. હરિજનોને અછૂત કહીને તિરસ્કારવામાં આવ્યા હોવાની જૂઠ્ઠી વાતો રજૂ કરીને અંદરોઅંદર લડાવી મારવાના કામ કેટલાક સંસ્કૃતિદ્રોહી માણસોએ કર્યા છે. માટે જ આ બધું તૂત છે. આજે એમને ઊંચે લાવવાની યોજનાઓથી જ એ લોકો વધુ મરી રહ્યા છે.

આજે નારીતત્ત્વ અને બીજી પ્રાસંગિક વાતો આપણે એટલા માટે કરી કે અંજનાનું જીવન મારે તમને સંભળાવવું છે. અંજના એક આર્ય સન્નારી હતી. આથી જ આર્યાવર્તની નારી કેવી હતી અને આજે નારીનું સમાનતાના નામે કેવું વિકૃત સ્વરૂપ કરવામાં આવ્યું છે તે મેં જણાવ્યું.

અંજનાની વાત સાંભળતા તમને એ નિર્દોષ નારી માટે હમદર્દી ઉત્પન્ન થશે. આંખમાંથી આંસુ વહી જશે. પરંતુ અંજના પોતાના પતિ તરફથી કરાતો અન્યાય પણ જો સહન કરી ન લેત અને સામો બળવો કરત તો કેટલું મોટું નુકસાન થાત અને સંસ્કૃતિના જાજ્વલ્યમાન ગૌરવને કેવી ઝાંખપ લાગત તે ય તમારે વિચારવું પડશે.

## આવા કુતર્કો કરજો મા

આ પ્રસંગો તમે ક્યાંથી લાવ્યા ? એનો ઉત્તર એ છે કે આત્માને પ્રેરણાદાયી કેટલાય પ્રસંગો એવા છે કે જે ઇતિહાસ વગેરેના પાને કદાચ ન પણ ચડ્યા હોય અને લોકમુખે ખૂબ સારી રીતે ચડી ગયા હોય.

સૌરાષ્ટ્રમાં સાયલા અને સુદામડાના વિહારના સમયમાં મેં એક કોળી પાસેથી એક કિસ્સો રામાયણનો સાંભળેલો. સીતાજી જ્યારે દેવરમણ ઉદ્યાનમાં બેઠા હતા ત્યારે એક દાસી સાથે એમના થયેલા વાર્તાલાપનો એ પ્રસંગ છે. આજે નહિ ભવિષ્યમાં એ

પ્રસંગ હું તમને કહીશ. પરંતુ તમે એમ જ પૂછશો કે આ પ્રસંગ ક્યાંથી લાવ્યા? તો મારે કહેવું જ પડશે કે ભાઈ! આ પ્રસંગ લોકમુખે ચડેલો છે. મેં ગામડાના માણસો પાસેથી સાંભળ્યો છે.

હૃદયની નિખાલસતાથી અને એક માત્ર સહુના કલ્યાણની સદ્બુદ્ધિથી હું જ્યારે કાંઈક કહેતો હોઉં ત્યારે આવા પ્રશ્નો ઊભા કરવા એ તમારા માટે ય હિતકર નહિ બને.

હું તો ઝંખું છું; સહુના આત્માનું કલ્યાણ! હું તો માગું છું; જીવનની સાચી શુદ્ધિ!

હવે હું તમને અંજનાસુંદરીનો જે પ્રસંગ અહીં કહું છું તે જૈન રામાયણમાં આવતો પ્રસંગ નથી, એટલું ધ્યાનમાં રાખીને આખા પ્રસંગને સાંભળજો. જેથી તમારા દ્વારા કોઈ અન્યાય કરી ન બેસાય. આ પ્રસંગમાંથી અંજનાસુંદરીના સત્ત્વના અને તેજના જ દર્શન કરાવવાની મારી ઇચ્છા છે.

## અંજનાની ગુફામાં રામ વગેરેનું આગમન

કહેવાય છે કે પોતાની પાછલી વયમાં અંજનાસુંદરી વનમાં રહીને તપશ્ચર્યા કરતા હતા. એક વખત ત્યાંથી જ રાઘવેન્દ્ર [રામચન્દ્રજી] વિમાનમાં જઈ રહ્યા હતા. વિમાનમાં હનુમાન, વાનરાધીપ સુગ્રીવ, નળ, ભરત, લક્ષ્મણ વગેરે પણ હતા.

પોતાની માતાની ગુફાની નજીકના જ વિસ્તારમાંથી વિમાન જવા લાગ્યું ત્યારે હનુમાને રાઘવેન્દ્રને હાથ જોડીને વિનંતિ કરતાં કહ્યું, "આપ આટલે સુધી પધારી ગયા છો તો અહીં નજીકમાં જ મારી મા તપ તપી રહ્યા છે. આપ નીચે પધારીને તેમને દર્શન ન આપો?"

હનુમાનની ભાવનાને વધાવી લેવામાં આવી. વિમાન તે ગુફા તરફ વળ્યું. ગુફા પાસે ઊતર્યું. હનુમાનની આખી 'ટીમ' તે ગુફા પાસે આવી ગઈ. સૌથી આગળ દોડતાં જઈને હનુમાને કહ્યું, "ઓ, માતાજી! સાક્ષાત્ રાઘવેન્દ્ર પધાર્યા છે. ચાલો... બહાર...જલદી ચાલો...દર્શન કરો..."

તપસ્વિની અંજનાસુંદરી ઊભા થયા. અતિથિનો સત્કાર કરવા ગુફાની બહાર આવ્યા. ભારે ગંભીરતાથી બેઠા. એના મુખ પર આનન્દ જણાતો નથી. એમને કશુંક ઓછું આવ્યું લાગે છે. રાઘવેન્દ્રને જોતાંની સાથે જ ઊભા થઈને તપસ્વિનીએ ભાવભર્યા નમસ્કાર કર્યા. ફરી પોતાના સ્થાને જઈને બેઠા.

લક્ષ્મણ તરફ આંગળી કરીને હનુમાને કહ્યું : "માતાજી! આ રાઘવેન્દ્રના લઘુબંધુ લક્ષ્મણજી છે."

માથા ઉપર પાંચ મણનો બોજ પડ્યો હોય એવી રીતે—જાણે કે ભારે મુશ્કેલીથી—તપસ્વિનીએ માથું ઊંચું કર્યું; અને લક્ષ્મણજીને નમસ્કાર કર્યા. અને વળી માથું નીચું નાંખી દીધું.

હનુમાનને મનમાં પ્રશ્ન થયો કે આજે માતાજીનો આવો વર્તાવ કેમ છે? ઉમળકો કેમ જણાતો નથી? રાઘવેન્દ્ર પોતે પધાર્યા છે છતાં એમના મુખ ઉપર આનંદની ઉર્મિઓ ઉછાળા કેમ મારતી નથી? હશે ..

"માતાજી! આ ભરતજી! અનાસક્ત યોગી જેવું જીવન જીવતા રાઘવેન્દ્રના બીજા લઘુબંધુ!" હનુમાને કહ્યું.

"હશે..." તપસ્વિની બોલ્યા. "અને માતાજી...આ વાનરાધિપતિ સુગ્રીવ!"

"હા... હશે..." મોં મચકોડીને અંજનાએ કહ્યું.

"અને આ...નળ; જેમણે લંકા વિજય વખતે સમુદ્ર ઉપર વિરાટ સેતુ બાંધ્યો હતો."

"તે...હશે..." વળી મોં વાંકું કરીને, તદ્દન લાપરવાહ બનીને તપસ્વિનીએ જવાબ વાળ્યો.

## લક્ષ્મણનો અંજનાને સવાલ

હવે તો હદ આવી ગઈ હતી. લક્ષ્મણજીથી તો ન રહેવાયું. આખા રામાયણમાં લક્ષ્મણજી એક એવું પાત્ર છે કે જે અન્યાયને કદી સહી શકતા નથી. અન્યાયને જોતાં જ તેઓ છંછેડાઈ પડે છે.

લક્ષ્મણજી ઝટ ઊભા થઈને તપસ્વિની પાસે ગયા. હાથ જોડીને કહ્યું, "ક્ષમા કરજો, મહાસતીજી! આપની આ ઉદાસીન વર્તણૂંક મને ઉચિત નથી લાગતી. આપ કટાણું મોં કરીને શા માટે જુઓ છો? આપના પુત્ર હનુમાનની આગ્રહભરી વિનંતિથી જ અમે અહીં આવ્યા છીએ. છતાં જે પ્રકારનો અતિથિ-સત્કાર આપની પાસેથી અપેક્ષિત હોય તે ય દેખાતો નથી; એટલે મારા મનને થોડોક ખેદ થયો છે."

## અંજનાસુંદરીનો જડબાતોડ જવાબ

હવે અંજનાસુંદરીએ માથું ઊંચું કર્યું. લક્ષ્મણની સામે દૃષ્ટિ સ્થિર કરીને આંખોનાં ભવાં જરાક ઊંચા ચડાવીને કાંઈક કઠોર ભાષામાં અંજનાસુંદરી બોલ્યા: "લક્ષ્મણજી! હું કેમ બેચેન છું એ આપને સાંભળવું છે ને? તો તે હું સંભળાવું છું. પણ એનાં આપને માઠું લગાડવાનું હોય નહિ. માઠું તો મને જ ખૂબ લાગ્યું છે અને તેથી જ મારી વર્તણૂંકમાં આપને ખામી દેખાય તે સ્વાભાવિક છે. બાકી આપ જવા

મહાન્ પુરુષો અહીં પધારે એથી તો મારી આ ઝૂંપડી પાવન થઈ ગઈ! મારો ય જન્મારો પાવન થઈ ગયો! પરંતુ મારી ઉદાસીનું કારણ...મારા પુત્ર હનુમાનની નિર્માલ્યતા છે."

લક્ષ્મણ કહે છે : "શું વાત કરો છો માતાજી! આપનો પુત્ર નિર્માલ્ય? અરે! રામચંદ્રજીને રાવણ સાથેના યુદ્ધમાં વિજય અપાવવામાં મુખ્ય તો આપનો પુત્ર હનુમાન જ છે!! કેવું એમણે પરાક્રમ કર્યું છે? અને આપ એમને નિર્માલ્ય કહો છો?"

અંજના આવેશમાં આવીને બોલે છે..."સીતા જેવી સતીને લંકાના રાજા રાવણે કબજે કરી. એને મુક્ત કરવા માટે આ રાઘવેન્દ્રને ઠેઠ લંકા સુધી લાંબા શા માટે થવું પડ્યું? રે! મારો હનુમાન જો ખરો પરાક્રમે હોત તો તે એકલો જ લંકા જઈને એને છોડાવીને લાવી ન શક્યો? કેટલો નિર્માલ્ય!

"સેવક જ્યારે આવો નિર્માલ્ય પાક્યો ત્યારે જ એના સ્વામીને લોહીનાં પાણી કરવા પડ્યા'ને! લક્ષ્મણજી! આ હનુમાનની નિર્માલ્યતાએ મારી તો કૂખ લજાવી છે. હવે એ દોઢ ડાહ્યો થઈને અહીં આવીને તમારી ઓળખ આપે છે એમાં મને શો હરખ આવે? મેં એને શું સંસ્કાર આપ્યા હતા? કેવા ધાવણ પાયા હતા?"

## "ઐસો દૂધ મૈં તેરે કો પીલાયો"

આમ બોલતાં બોલતાં જ અંજનાસુંદરીના હૃદયમાં પુત્ર–વાત્સલ્યની છોળો ઉછળવા લાગી. હોઠેથી કઠોર છતાં હૈયાની કોમળ એ અંજનાના સ્તનમાંથી જોરથી દૂધની ધાર વછૂટી. અને સામે જ પડેલી શિલાને અથડાઈ. શિલાના બે કકડા થઈ ગયા!

આંખના ભવાં ઊંચા કરીને તપસ્વિનીએ હનુમાનને કહ્યું, "ઐસો દૂધ મૈં તેરેકો પીલાયો, લેકિન હનુમાન! તેં મેરો કૂખ લજાયો!"

## આજે આવી માતાઓ મળે ખરી?

આજે આવી માતાઓની અપેક્ષા રાખી શકાય ખરી? જેમાં ગન્ધાતા ગીતો ગવાય છે એવા સિનેમાઓને ટી. વી. ઉપર જોવા માટે પોતાના પુત્રો અને પુત્રવધૂઓથી પણ આગળ આવીને સોફા ઉપર બેસી જનારી માતા પાસે આવા પરાક્રમી પુત્રની અપેક્ષા શી રીતે રાખી શકાય?

વર્તમાન કાળના જીવનમાં પ્રવેશી ચૂકેલી અંગ્રેજી પદ્ધતિઓએ આર્યાવર્તની લોથ વાળી નાંખી છે. શી રીતે આવી પદ્ધતિઓને વરેલી માતાઓ ઉત્તમ સંતાનોને જન્મ આપે કે જે ભવિષ્યમાં ઉત્તમ સાધુરત્નો કે સજ્જનો બની શકે?

## રામરાજ્ય સ્થાપવું છે પણ વસિષ્ઠ તો જોઈશેને?

આજે રાજકારણીઓ રામરાજ્ય લાવવાની વાતો કરે છે! પરંતુ હું પૂછું કે

રામરાજ્ય લાવવું હશે તો ય કોઈ વસિષ્ટ [અર્થાત્ કોઈપણ સાચા સદ્ગુરુ] ને તો એ રાજકારણીઓને પોતાના માથે રાખવા જ પડશે ને? આજના સત્તાધીશો માથે આવા કોઈ વસિષ્ઠ છે ખરા?

રે! સંતોને માથે રાખવા તો દૂર રહ્યા પણ આજે તો એકાદ બે વ્યક્તિના દોષને આગળ કરીને સમસ્ત સંસ્થાને બદનામ કરી નાંખવાની એક પણ તક બુદ્ધિજીવીઓ જતી કરતા કરતા નથી. એમાં ય ધર્મતત્વને લગતી બાબતોમાં તો આ કુટિલચાલ તે લોકો અવશ્ય રમી નાંખતા હોય છે. પેલી કહેવત છે ને કે કૂતરાને ઠાર કરવો હોય તા લોક-લાગણી પોતાની તરફેણમાં લાવવા માટે તેને 'હડકાયો' જાહેર કરવો પડે!

યાદ રાખો... કે જગતમાં જો કોઈ સાચા સંતો અને મુનિભગવંતો જીવતા જ ન હોત અને બધા જ પોતાની ગાદી નીચે હજારો રૂપિયા ભેગા કરતા હોત તો દરિયામાં ઘૂઘવાટ કરતા આ જે મોજાઓ કાંઠે આવીને પાછા ફરે છે તે પાછા ન ફરતા હોત. સમુદ્રે માઝા મૂકીને આખા મુંબઈને પોતાનામાં ગરકાવ કરી દીધું હોત.

## પાડાના વાંકે પખાલીને ડામ ન દેવાય

આજના રાજકારણીઓ તો પોતાના અધિવેશનોમાં ધ્વજને નમસ્કાર કરે છે. પરંતુ કોઈ સદ્ગુરુ એમને આજ સુધીમાં નમસ્કાર કરવા યોગ્ય જણાયા જ નથી!! હવે આવા લોકો રામરાજ્ય લાવવાની વાત કરે તો તે કેટલી હાસ્યાસ્પદ વાત ગણાય?

જો સાધુ સંસ્થામાં ક્યાંક—બે પાંચ ટકા પણ—ગરબડ પેઠી હોય તો તેને દૂર કરાવીને પણ સાચા સાધુઓને પ્રજાના રાહબર તરીકે સન્માનવા જ પડશે.

ટૂંકમાં સાધુઓ સ્વાર્થ અને પ્રપંચોના પોતાના કોચલામાં ફસાવવાનું બંધ કરે; અને ગૃહસ્થો કોક સાધુના કારણે આખી સાધુસંસ્થાને વગોવવાનો—પાડાના વાંકે પખાલીને ડામ દેવાનો-વંધો બંધ કરે. હવે આપણે અંજનાસુંદરીના જીવન અંગે વિસ્તારથી વિચાર કરીએ.

## મહાસતી અંજનાનો જીવન-પ્રસંગ

વૈતાઢ્યગિરિ ઉપર આપેલા આદિત્યપુર—નગરમાં પ્રહ્લાદ રાજા રાજ્ય કરતો હતો. તેને કેતુમતી નામે પત્ની હતી. અને પવનંજય નામનો પરાક્રમી પુત્ર હતો.

દન્તી પર્વત ઉપર માહેન્દ્રપુર—નગરમાં મહેન્દ્ર નામે વિદ્યાધર—રાજવી હતો. તેને હૃદયસુન્દરી નામે પત્ની હતી. અને અંજના નામે અત્યન્ત રૂપ—લાવણ્યવતી પુત્રી હતી.

વિદ્યાધર એટલે વિદ્યાને ધારણ કરનારા. વિવિધ વિદ્યાઓના ધારક માનવીઓ વિદ્યાધર કહેવાતા. મહેન્દ્ર આવા જ વિદ્યાધરોના રાજા હતા.

અંજનાને યોગ્ય વરની તપાસ કરતા મન્ત્રીઓએ અનેક રાજકુમારોના ચિત્રો લાવીને રાજા મહેન્દ્રને બતાવ્યા. રાજા હિરણ્યાભના પુત્ર વિદ્યુતત્પ્રભ અને રાજા પ્રહ્લાદના પુત્ર પવનંજય–એ ય રાજકુમારો રાજા મહેન્દ્રને પોતાની પુત્રી માટે યોગ્ય લાગ્યા.

બન્નેની કુલિનતા અને અને રૂપાદિ સમાન હોવાથી રાજા મહેન્દ્રે મંત્રીને પૂછ્યું: "આમાંથી કયો વર અંજના માટે પસંદ કરવો?"

મંત્રીશ્વરે જવાબ આપ્યો: "રાજન્! વિદ્યુત્પ્રભ અઢાર વર્ષનું જ આયુષ્ય ધરાવનારો છે. પણ છતાં આ જ ભવમાં મોક્ષમાં જનારો છે. જ્યારે પ્રહ્લાદનો પુત્ર પવનંજય દીર્ઘાયુષી છે. માટે આપણી અંજનાને માટે પવનંજય જ વધુ યોગ્ય છે."

રાજા પ્રહ્લાદે એક વાર નંદીશ્વરની યાત્રાએ નીકળેલા રાજા મહેન્દ્રને કહ્યું: "તમારી પુત્રી અંજનાને મારા પુત્ર પવનંજય વેરે પરણાવો." રાજા મહેન્દ્રે પોતાને મનગમતી વાત તુરત જ સ્વીકારી લીધી.

## અંજનાને જોવા પવનંજયની અધીરાઈ

ત્રણ દિવસ બાદ માનસ–સરોવરના તીરે અંજના અને પવનંજયના લગ્ન ગોઠવાયા. તે પ્રસંગે પવનંજયે પોતાના ખાસ મિત્ર પ્રહસિતને પૂછ્યું: "અંજના કેવી છે? તેં જોઈ છે?"

હસીને પ્રહસિતે પ્રત્યુત્તર વાળ્યો: "હા... અંજના તો રૂપ રૂપનો અંબાર છે."

પોતાની ભાવી પત્નીને જોવા અધીરા બની ગયેલા પવનંજયે પ્રહસિતને કહ્યું: "મિત્ર! હજી વિવાહનો દિવસ દૂર છે. અને મારે આજે જ અંજનાને જોવી છે. એનું રૂપ નિહાળવું છે. તો આપણે શું કરીએ?"

પવનંજય અધીરો બની ગયો. એની અધીરાઈની આ એક મોટી ભૂલે અંજનાના જીવનમાં કાજળ–કાળું દુઃખનું વાદળ ઉમટી પડ્યું.

## બિભત્સ નાટકો વગેરે સામે નારીઓ સજાગ બને

આજે તો પરણવા નીકળેલા યુવક માટે આવો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય. યુવાનો લગ્ન પૂર્વે જ યુવતીને એકાન્તમાં મળી લેતા હોય છે. અને ચિત્ર-વિચિત્ર પ્રશ્નો પૂછી લેતા હોય છે.

હાલમાં તો સિનેમાઓ કરતાં ય નાટકોમાં કેટલી અશ્લીલ રજૂઆતો થાય છે? ગંદા સંવાદો, વિકૃતિભરી કથાઓ અને સ્પર્ધા માંડતી બિભત્સ જાહેર–ખબરો! આ પરિસ્થિતિ ક્યાં જઈને પહોંચશે એ સમજી શકાતું નથી.

કોણ આને રોકાવા આગળ આવે એ સવાલ છે...સ્ત્રી જાતના આવા અપમાનો સામે બેનોએ જ આગળ આવવું જોઈએ. છેવટમાં છેવટ એક પંદર પૈસાનું વિરોધ વ્યક્ત કરતું કાર્ડ પણ લખવા કોઈ તૈયાર ન હોય તો તે કેટલું દુઃખદ ગણાય ?

જે દેશની અન્દર માનસિક વિકારને પણ પાપ ગણવામાં હતું; રે! મનથી પણ જેને પતિ માન્યો એને જ આ જીવન આધીન રહેવું એ સતીવ્રત લેખાતું હતું એ દેશની યુવતીઓની લગ્ન પહેલાંની પસંદગી વખતે યુવકોની અંગત મુલાકાત સમયની છેડતીઓનું વર્ણન કરતાં કંપારી છૂટે તેવું છે

## આવા માણસો 'ફોરવર્ડ' કહેવાય છે!!

અફસોસ! આવા સમાજના લોકો પોતાને સુધરેલા (!) શિક્ષિત (!) અને 'લાયન' કે 'જાયન્ટ' ગણાવે છે!!!

જો આવા માણસો સુધરેલા હોય તો પછી પછાત કોણ? એ મારો સવાલ છે. જે આદિવાસીઓ પોતાની પત્ની ખાતર પ્રાણ આપતા હોય, એની સામે કુનજર કરનારની ય ખબર લઈ નાંખતા હોય, એ આદિવાસીઓ પછાત! બૅકવર્ડ! અને સુધરેલા, સભ્ય અને શિક્ષિત ગણાતા લોકો ગમે તેવા કામ કરે તો ય ફૉરવર્ડ!! વાહ્! શું વ્યાખ્યાઓ બનાવાઈ છે!

આર્યદેશની સન્નારીની સામે આંખ પણ ઊંચી કરવાની કોઈ હિંમત કરી શકતું નહિ. અને આજ? મા-બેનોની લૂંટાતી જતી ઈજ્જત જોઈને પણ ઘરનો વડીલ કદાચ મૌન રહી પડે છે! શું થાય?...બેનોને જ પોતાના શીલની પડી નથી ત્યાં બીજા કરે ય શું?

મારે તો હવે આવા સમાજને એટલી ભલામણ કરવી છે કે નિર્મર્યાદ પાપો ન જ છોડવા હોય તો પણ કમસે કમ પોતાને 'સભ્ય' 'શિક્ષિત' કે 'સુધરેલા' કહેવડાવવાનું તેમણે તો બંધ જ કરી દેવું જોઈએ.

જે પાપોને વર્ણવતાં ય શરમ આવે એવા પાપો આચરનારા માણસો પોતાને સુધરેલા કહેવડાવે છે! અને નહિ ભણેલા ખેડૂતો કે આદિવાસીઓ. સાંસ્કૃતિક જીવન જીવતા હોય તો ય પછાત (બી. સી.) કહેવાય છે. કેવી અવળી ગંગા વહી રહી છે.!

આના કરતાં ભયંકર-હળાહળ-કળિયુગ બીજો ક્યો આવવાનો હશે? civilization ના નામે ગમે તેવા પાપો કરનારા આવા આત્માઓને સાક્ષાત્ પરમાત્માના દર્શન પણ શી રીતે લાભ કરે? હાય! નિર્લજ્જ અને નફફટ લોકો મંદિમાં આવીને સુધરવાને બદલે કદાચ મંદિરોને જ ભ્રષ્ટ કરી નાંખશે!

## જમાનાવાદની બ્રેક વિનાની ક્રિસલર કાર

પવનંજયે અંજનાનું રુપ પણ જોયું નથી! તે કાળમાં લગ્નાદિ તમામ વ્યવસ્થામાં મા–બાપ કરે તે અંકે સો ગણાતું. આજે તો મા–બાપને ખબર પણ હોતી નથી અને છોકરાઓ એમની મેળે સગપણાદિનું કામ પતાવી નાંખે છે!!

આખી પ્રજા જાણે સામૂહિક આપઘાતના પન્થે ધસી રહી છે! પરંતુ સબૂર! જમાનાવાદની આ ખૂંખાર દોટ, બ્રેક વિનાની ક્રિસલર મોટર જેવી આપઘાત–કારક નીવડવાની છે. જમાનાવાદની મોટરમાં બેઠેલો માણસ હાથે કરીને પશ્ચિમના અનુકરણની અંધિયારી ખાઈમાં ઝંપલાવીને આપઘાત કરી રહ્યો છે!

હવે તો પ્રાચીન પવિત્ર સાંસ્કૃતિક મર્યાદાઓને પાછી લાવ્યા વગર આર્ય પ્રજાનો કોઈ આરોવારો દેખાતો નથી.!

## અંજનાની સખીઓનો વાર્તાલાપ

ભાવી પત્ની–અંજનાનું રુપ જોવા ઉત્સુક બનેલો પવનંજય તે જ રાતે મિત્ર પ્રહસિતને સાથે લઈને અંજનાના મહેલે આવે છે. અંજના સાતમે માળે રહેલી છે. ત્યાં આવીને એક ગુપ્તચરની જેમ બન્ને સંતાઈ રહે છે. અંજના એક કોડ ભરેલી કન્યા છે. એ જાણે કોઈ સોણલાંઓમાં રમી રહી છે. એનું અન્તર જાણે હસું હસું થઇ રહ્યું છે.

અંજનાની આસપાસ તેની સખીઓ બેઠેલી છે. તે વખતે વસન્તતિલકા નામની સખી અંજનાને કહે છે: "અંજના! તું કેવી ભાગ્યશાળી છે કે તને પવનંજય જેવો પતિ મળ્યો!" આ વાત સાંભળીને મિશ્રકા નામની બીજી સખી બોલી ઉઠે છે: "અરે! સખી! વિદ્યુત્પ્રભ જેવા ઉત્તમ વરના બદલે બીજા વરની પ્રશંસા શા માટે કરે છે?"

ત્યારે વસંતા તેને કહે છે: "અરે! ભોળી! વિદ્યુત્પ્રભ ગમે તેવો હોય તો ય અલ્પ આયુષ્યવાળો છે. તેથી તે વર અંજના માટે યોગ્ય ન ગણાય."

વળી મિશ્રકા કહે છે: "અરે! તું તો મંદબુદ્ધિવાળી લાગે છે. અમૃત થોડું હોય તો ય શ્રેષ્ઠ છે. વિષ ઘણું હોય તો ય નકામું છે."

આર્યાવર્તની એક પવિત્ર માન્યતા છે કે કામ વિના બોલવું ન જોઇએ તેમાં ય જેમ બને તેમ ઓછું જ બોલવું જોઈએ.

પણ આમ છતાં મિશ્રકા નામની બીજી સખીને મનમાં એમ હશે કે આ વિદ્યુત્પ્રભ આ જ ભવમાં મોક્ષે જનારો હોવાથી અને સાધુકક્ષાનું ઉત્તમ જીવન જીવનારો હોવાથી તે જ શ્રેષ્ઠ છે. જોષીઓએ જોષ જોઈને એનું આયુષ્ય ભલે

ઓછું કહ્યું તો ય તે વાત ગૌણ છે. પતિ લાંબુ જીવે કે ટૂંકું પણ ઉચ્ચકક્ષાનો તે આત્મા હોય તો તે જ અંજના માટે મોટા સદ્ભાગ્યની વાત ગણાય.

જ્યારે વસંતાના મનમાં એમ હશે કે પવનંજય લાંબુ જીવનારો છે. વળી સંસારના ભોગનો રસિક છે એથી જ અંજના માટે એની પસંદગી થઈ એ ઉચિત છે.

અંજનાનો ભરથાર તો નક્કી થઈ જ ગયો હતો. હવે આવી કોઈ વિચારણા કરવાનો અર્થ જ રહેતો ન હતો કે 'પવનંજય સારો કે વિદ્યુત્પ્રભ?' પણ છતાં સખીઓ આ રીતે વાતનું વતેસર કરવામાં પડી ગઇ.

## અંજનના મૌનથી પવનંજયને ક્રોધાવેગ

પવનંજયે અંજનાને જોઈ લીધી. એના રૂપ ઉપર એ મુગ્ધ થઈ ગયો. પરન્તુ સખીઓની વાતો સાંભળીને એ વિચારવા લાગ્યો કે 'પેલો વિદ્યુત્પ્રભ જ અંજનાને પ્રિય લાગે છે; નહિ તો તેણે બીજી સખીને બોલતી અટકાવી કેમ નહિ?'

પવનંજય આવા વિચારથી એકદમ ક્રોધમાં આવી ગયો. અને એનો હાથ સીધો જ તલવાર તરફ જાય છે...હવે ક્રોધાન્વિત આ પવનંજય શું કરે છે? વગેરે વિષય આગામી પ્રવચનમાં વિચારીશું.

**નોંધ : આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ૰ ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**—અવતરણકાર**

**મૂલ્ય : ૫૦ પૈસા**

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે. અમદાવાદ–૧ [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : પ્ર. પુ. ભાગવત, મૌજ પ્રિન્ટિંગ બ્યૂરો, ગિરગામ, મુંબઈ–૪

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,

ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના

શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ-૬

પ્રવચન ૧૪-૮-૭૭ ] પ્રવચન – આઠમું [ પ્રકાશન ૨૧-૮-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબે મુંબઈ ખાતે, લગભગ દસ હજારની વિરાટ માનવમેદની સમક્ષ, રામાયણનું આઠમું પ્રવચન કરતાં, પવનંજય દ્વારા અંજનાને થયેલો અન્યાય ભર્યો ત્યાગ છતાં એ ત્યાગની પાછળ પણ આર્યસંસ્કૃતિનો નવો દૃષ્ટિકોણ, બાવીશ વર્ષના દીર્ઘકાળ સુધી અંજનાને પતિનો વિરહ, યુદ્ધમાં પ્રયાણ કરતાં અંજનાને પતિનું દર્શન અને એની અપાર આંતરવ્યથા, પવનંજયની ઘોર અવગણના છતાં અંજનાની સર્વદા કર્મને જ દોષ દેવારૂપ અનુપમ વિનમ્રતા, અંજનાનું હૃદયવિદારક આક્રંદ, માનસરોવરને તીરે સાંજની શાન્ત પળોમાં ચક્રવાકના વિરહાનલમાં બળતી ચક્રવાકીની તીણી ચિચિયારીઓમાંથી પવનંજયને લાધતું હૃદયપરિવર્તનનું વિચારબિન્દુ, પવનંજયનું પુનરાગમન, પરપુરુષ પ્રહસિતને જોતાં જ અંજનાના સ્વસતીત્વને દીપાવે તેવા મુખબોલ, પવનંજયનો પશ્ચાત્તાપ અને અંજના સાથેનું મિલન, એ મિલનમાંથી પુનઃ સર્જાતી દુઃખની દર્દભરી અને દિલદ્રાવક કહાણી, સાસુ દ્વારા અંજનાનો તિરસ્કાર અને ગૃહબહિષ્કાર, પિયરમાંથી પણ પુત્રીને પ્રાપ્ત થતો ધિક્કાર અને જાકાર, અનરાધાર રડતી નિરાધાર અંજનાનું વસંતા સાથે વન પ્રયાણ, અચાનક પ્રાપ્ત થતું મહાત્મા અમિતગતિનું અનુપમ દર્શન, મહાત્માના ઉપદેશ દ્વારા લાધતી અપૂર્વ ચિત્તશાન્તિ અને જિનધર્મપ્રાપ્તિ, ગુફામાં હનુમાનનો જન્મ, પ્રતિસૂર્યનું આગમન, સહુનું હનુપુરમાં ગમન, યુદ્ધમાંથી પાછા આવતા પવનંજયને અંજનાની હકાલપટ્ટીની વાત સાંભળતા ભયંકર આઘાત, અંજનાની શોધ માટે ભટકતો પવનંજય, મૃત્યુ-પ્રાપ્તિ કાજે પવનનો નિરધાર, ભડકે બળતી ચિતામાં ભૂતવનમાં ભસ્મીભૂત થવાની પવનની તૈયારી અને અન્તે અંજનાનું સુખદ મિલન, વગેરે પ્રસંગોની ખૂબ જ હૃદયંગમ અને ભાવવાહી રીતે રજૂઆત કરી હતી.

પ્રસંગોપાત્ત, સમાજમાં ચાલતી મિથ્યા આક્ષેપબાજીઓ દ્વારા 'નિર્દોષ ખૂનો'ને કારણે કટુતમ બનેલા માનવ-જીવન, પ્રત્યેક પ્રવૃત્તિમાં દીર્ઘદર્શિતા કેળવીને લાભ-નુકસાનોનું સરવૈયું કાઢવાનો આર્યવર્તનો આદર્શ, લોકજીવનમાં વ્યાપક બનતી જતી ભ્રષ્ટતાઓની સચોટ વાતો, સુખને વધારવાનો અને દુઃખને ઘટાડવાનો કમનીય કીમિયો, સંસારમાં વીંઝાતા આઘાત અને પ્રત્યાઘાતોના વાયરા વચ્ચે ય પોતાથી અધિક દુઃખીને જોઈને જીવનમાં 'એડજસ્ટ' થઈ જવાનું એલાન, મનના 'વેક્યુમ'ને પૂરી દેવા માટે શુભમન્ત્રના જાપ અને ઈશભક્તિનો શુભ માર્ગ, લોકશાહીના એટમબૉમ્બની અંગ્રેજોની ભેટ ઉપર કારમી મમતાને કારણે આર્યપ્રજાનું અપરમ્પાર અહિત, 'ટ્યૂબ-વેલો'ની પ્રવૃત્તિ દ્વારા લાભને બદલે ઘોર ગેરલાભનું તર્કબદ્ધ નિરુપણ, આર્યવર્તની દીર્ઘદર્શિતા ઉપર સીતાજીના દાસી સાથેના સંવાદનું સુંદર દૃષ્ટાન્ત, એલોપેથી અને આયુર્વેદના વિજ્ઞાનની ભેદરેખા, વગેરે મુદ્દાઓ અંગે વિશિષ્ટ વિશ્લેષણ કરતી. પુષ્પોમાંથી નીકળતી પરાગની જેમ સાધુતામાંથી પ્રસરતી સાધના દ્વારા તદ્દન સાહજિક રીતે સૃષ્ટિને સન્માર્ગ ચીંધતી, તનના તાપ, મનનાં પાપ અને જીવનના સંતાપને સંહરી લેતી, ગંગાના કલકલ વહી જતા નીરના શાન્ત અને પ્રશાન્ત નિનાદની યાદ અપાવતી, પીયૂષવર્ષિણી, પૂજ્યપાદશ્રીની પુનિત પ્રવચનધારાનું પુણ્ય અવતરણ અહીં આપવામાં આવ્યું છે.

શ્રીપાળનગર, મુંબઈ-૬ — મુનિ ભાનુચન્દ્રવિજય
તા. ૧૮-૮-૭૭

# પ્રવચનાંક: ૮

રવિવાર
પ્ર. શ્રાવણ વદ ૦))
વિ. સં. ૨૦૩૩

અનંત ઉપકારી પૂજ્યપાદ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજએ ત્રિષષ્ઠિ શલાકાપુરષચરિત્રના સાતમા પર્વરૂપે રચેલા 'જૈન રામાયણ' ના પદાર્થોને મુખ્યત્વે નજરમાં રાખીને અને સાથે બીજા રામાયણોની પણ જીવનમાં પ્રેરણાદાયી અનેક વાતોને સાંકળી લઈને જે પ્રવચનમાળાનું આપણે આયોજન કર્યું છે તેનું આજે આઠમું પ્રવચન છે. મારી કલ્પના મુજબ અઢારથી વીસ પ્રવચનોમાં આપણી આ પ્રવચનમાળા પૂર્ણ થશે.

હવે પછીના નવમા પ્રવચનમાં રામચન્દ્રજીના પૂર્વજો રામચન્દ્રજીના દાદા-અનરણ્ય અને તેમના પિતા દશરથની વાતો ખાસ કરીને લઈશું અને દસમા પ્રવચનથી રામચન્દ્રજીના જીવનમાં પ્રવેશ કરીશું.

**રામાયણની વાતો સાંભળતાં રડી ઊઠશો**

રામાયણની આ વાતો જ્યારે ભરદરિયે–મધ્યમાં–આવશે ત્યારે કેટલીક વાર તમારા અંતર રડી ઊઠશે. એવી ખૂબ જ પ્રેરક અને બોધક આ રામાયણની વાતો છે.

ગત પ્રવચનમાં, પોતાની ભાવી પત્ની અંજનાને જોવા માટે પવનંજય અધીરો બની ગયો. એના મિત્ર પ્રહસિતની સાથે તે અંજનાના મહેલમાં છૂપી રીતે તેને જોવા ગયો. તેમાં અંજનાની એક બહેનપણી વસંતતિલકાએ 'કયો પતિ સારો?' એવા પ્રશ્નમાંથી ઉદ્‌ભવેલા વાર્તાલાપમાં પવનંજયનો પક્ષ લીધો. જ્યારે બીજી સખી મિશ્રકાએ વિદ્યુત્પ્રભનો પક્ષ લીધો. આવા પ્રકારની ચર્ચા વ્યર્થ લાગવાથી અંજના મૌન રહી અને એનાથી પવનંજય ક્રોધે ભરાયો. અહીં સુધીનો રામાયણની મૂળ કથાનો વિષય આવરી લીધો હતો.

**પવનંજયને અકાર્યથી અટકાવતો પ્રહસિત**

પવનંજયની એ અપેક્ષા હતી કે જ્યારે 'વિદ્યુત્પ્રભ સારો પતિ ગણાય' એવી મિશ્રકાએ વાત કરી ત્યારે તેણીને અંજનાએ રોકવી જ જોઈએ. જો વિદ્યુત્પ્રભ ઉપર એને પ્રેમ ન હોય અને મારા ઉપર જ અંજનાને સાચો પ્રેમ હોય તો તેણે મૌન ન જ રહેવું જોઈએ; અને વસંતતિલકાની તરફેણમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપીને મારા પ્રત્યેના સ્નેહને વ્યકત કરવો જ જોઈએ.'

જયારે આર્યદેશની એક મર્યાદા હતી કે ગંભીર કન્યા આવી પોતાના પતિ અંગેની વાતોમાં અથવા જેનું કોઈ વિશિષ્ટ ફલ નથી તેવી કોઈ પણ વાતમાં–બોલે નહિ. આ દષ્ટિએ જ અંજના મૌન રહી, જેનું અર્થઘટન પવનંજયે ખૂબ જ વિચિત્ર કર્યું.

રોષે ભરાએલા પવનંજયનો હાથ એકદમ તલવારની મ્યાન ઉપર ગયો. આવેશમાં એણે પ્રહસિતને કહ્યું, "વિદ્યુત્પ્રભની સાથે પરણવાનું અને તેની સાથે પરણાવવાનું જેને ઉચિત જણાય છે એ [અંજના અને મિશ્રકાના[ બન્નેના મસ્તક હમણાં જ છેદી નાંખું છું. વિદ્યુત્પ્રભ સાથે જ અંજનાને પરણવાનું મન હોય તો મારે તેની સાથે લગ્ન શા માટે કરવું? આ હિસાબ અત્યારે જ પતાવી નાંખવો જોઈએ."

જાણે પવનંજય કહે છે કે 'આ નારી કુલટા છે. આથી જ તો એને મારા સિવાય બીજો પુરુષ પણ હજી ગમે છે. માટે જ એ મૌન રહે છે ને? આવી સ્ત્રી સાથે હું કોઈ પણ સંયોગમાં પરણી શકીશ નહિ.'

એ વખતે પ્રહસિતે પવનંજયનો હાથ પકડી લીધો. અને એને આ અકાર્ય કરતાં વાર્યો.

**મિત્રો તો આવા જ કરજો**

મિત્ર કરવા જ હોય તો આવા કરવા જોઈએ.

ભાઈઓ જેવા તેવા ભાઈબંધો ન કરે. અને બહેનો જેવી તેવી બહેનપણીઓ ન કરે. એવા લોકો ક્યારેક સમગ્ર જીવનનું નિકંદન કાઢી નાંખના હોય છે. આજના મિત્રો અને બહેનપણીઓ, તો પોતાના સુખ ખાતર મિત્રના જ ગજવા ખાલી કરાવી નાંખના હોય છે અને એને ધીરે ધીરે એવા પ્રકારના નિન્દ્ય પાપોમાં–પોતાની વાસનાઓને પોષવા ખાતર- તાણી જતા હોય છે કે જેનાથી પેલાનું જીવન સાફ થઈ જાય!

આજે યુવાનો પત્ની કોને બનાવવી અને યુવતીઓ પતિ કોને બનાવવો એનો વિચાર કરે છે. પણ હું તો કહું છું કે તમારે તમારો મિત્ર કોને બનાવવો એનો ખાસ વિચાર કરજો. ગમે તે પ્રકારનું જીવન જીવનારા મિત્રો અનાદિકાલીન કામવાસનાઓ વગેરે ઉદ્દીપ્ત કરીને જીવનનું ધનોતપનોત કાઢી નાંખવાના પણ કામ કરે છે. માટે આવા મિત્રો કરતાં ખૂબ જ સાવધાન બની જજો...

**પવનંજયનો લગ્ન માટે ઈન્કાર અને પ્રહસિતની સમજાવટ**

પ્રહસિત ઉત્તમ કોટિનો મિત્ર હતો. આથી જ તલવાર ઉગામતા પવનંજયને તે રોકે છે. એને કહે છે. "અરે મિત્ર! જેમ ગાય સદા અવધ્ય છે એમ સ્ત્રી અપરાધી હોય તો પણ વધ્ય નથી. જયારે અંજનાસુંદરી તો નિરપરાધી છે. એ મૌન રહી છે તેમાં એની સુંદર લજ્જા જ કારણભૂત બની છે. આ એનું ગાંભીર્ય છે. આ કાંઈ તેનો દોષ ન કહેવાય."

આ રીતે પ્રહસિત પવનંજયને સમજાવીને શાન્ત પાડે છે. ત્યાર બાદ પવનંજય પોતાના આવાસમાં આવે છે. આખી રાત પવનંજય દુ:ખિત હૃદયે પસાર કરે છે.

સવારે પોતાના મિત્ર પ્રહસિતને કહે છે કે, "હે મિત્ર! મારે અંજના સાથે પરણવું નથી. એક સામાન્ય નોકર પણ જો શેઠ પરત્વે શ્રદ્ધા–સદ્દ્ભાવ ધરાવતો ન હોય તો કોઈ વાર આપણને મુશ્કેલીમાં મૂકી દે છે; તો આ તો સ્ત્રીની જાત! એનો શો ભરોસો! ચાલ... મિત્ર! આને તજીને આપણે આપણી નગરીમાં પાછા ચાલ્યા જઈએ."

આ પ્રમાણે કહીને પવનંજય જ્યારે ચાલવા લાગ્યો ત્યારે પ્રહસિતે તેને પકડી લીધો. અને એને સમજાવવા લાગ્યો કે, "હે મિત્ર! જે કાર્ય આપણે સ્વીકાર્યું હોય એને પણ ઉલ્લંઘી જવું એ મોટા પુરુષને છાજતું નથી. તો સદા અનુલ્લંઘનીય આપ- એવા ગુરુજનોએ (વડીલોએ) જે કાર્ય સ્વીકાર્યું હોય એને ફગાવી દેવાનું અકાર્ય આપણાથી કેમ થાય? વળી અંજના તો સર્વથા નિર્દોષ છે. તારા માતા અને પિતા જગતમાં 'મહાત્મા' તરીકે પંકાયેલા છે. આમ છતાં હે મિત્ર! તું તારી સ્વચ્છંદ વૃત્તિથી અહીંથી ચાલ્યા જવાનો વિચાર કરે છે તો તને શરમ નથી આવતી? તારે શું તેઓને જગતમાં બદનામ કરવા છે?"

આવી રીતે મિત્ર પ્રહસિતે પવનંજયને સખત શબ્દોમાં જણાવ્યું એટલે મુશ્કેલીથી પવનંજય માન્યો અને ત્યાં રોકાઈ ગયો.

**આવા નિર્દોષ ખૂન કરજો મા...**

અંજના સર્વથા નિર્દોષ હોવા છતાં એને આડકતરી રીતે પણ 'કુલટા' જેવી ગણીને તેના ઉપર પવનંજયે આ પ્રકારનો જે આક્ષેપ કર્યો, એને હું આજની ભાષામાં 'નિર્દોષ ખૂન' કહું છું.

વર્તમાન સમાજમાં પણ આવા પ્રકારના 'નિર્દોષ ખૂન' ભારે મોટી સંખ્યામાં ચાલે છે. આ ખૂનમાં રામપુરી ચપ્પાની જરૂર પડતી નથી. એનાથી લોહી પણ નીકળતું નથી. અને માણસ મરી પણ જતો નથી. વગર ચપ્પાએ, વગર લોહી કાઢે, અને વગર મોતે માણસ આવા પ્રકારના નિર્દોષ ખૂન દ્વારા બહુ બરાબ રીતે મરી જતો હોય છે. જીવતો રહેવા છતાં લોકોમાં એની પ્રતિષ્ઠા અને આબરૂને એવો ભયંકર ધક્કો પહોંચી જાય છે કે સમાજમાં એને જીવવું વસમું થઈ જાય છે.

આવા ખૂનને હું 'નિર્દોષ' એટલા માટે કહું છું કે આવા ખૂનના કેસો કોર્ટમાં ચાલતા નથી. કોર્ટના કાયદા દ્વારા આવા આક્ષેપ રૂપ નિર્દોષ ખૂનો દોષિત ગણાતા નથી. એવા ખૂની માણસોને જેલમાં રહેવું પડતું નથી કે કોર્ટ દ્વારા એને દણ્ડ ફરમાવાતો નથી.

કોઈ પણ કારણસર બીજાની ઉપર તદન જુઠા એવા ચારિત્ર્ય–ભ્રષ્ટતાના, હરામખોરીના, છીનાળીના કે અનીતિખોર તરીકેના એવા આક્ષેપો થતા હોય છે કે જેના કારણે એ બિચારા માનવોને જીવવું ઝેર જેવું થઈ જતું હોય છે.

અરે! વાતમાં કશો જ માલ ન હોવા છતાં ઘણાં હલકી વૃત્તિના માણસો એવું સુરસુરિયું છોડતા હોય છે કે "તારી પત્ની આજે બપોરે કોકની સાથે ખાનગીમાં વાતો કરતી મેં જોઈ હતી."

કોઈ પતિ-પત્નીના સંસારમાં જે સુખ અને શાંતિ હોય એ નહિ જોઈ શકવાને કારણે કેટલાક ઈર્ષાળુઓ અથવા બીજાના સુખી સંસારને સળગાવી મારવાની પાપી મનોવૃત્તિ ધારણ કરનાર લોકો આવા આક્ષેપો કરતા હોય છે.

**આવા આક્ષેપો દ્વારા કોઈના જીવન ઝેર ન કરો.**

'તારી પત્નીને મેં ફલાણા સાથે જોઈ હતી એવી વાત સાંભળતાં જ એક વાર તો એ સ્ત્રીનો પતિ શંકામાં પડી જાય, એટલે પેલા દુષ્ટ માણસનું કામ પૂરું થઈ જાય! કેમ કે શંકામાત્રથી પતિ-પત્નીના જીવનની શાંતિ સળગી ઊઠે છે.

આવા કાવતરાંથી દુ:ખી થઈ ગયેલી સ્ત્રી બોલી ઊઠતી હોય છે કે, "આના કરતાં તો મને એ માણસે ઝેર આપીને મારી નાંખી હોત તો સારું થાત. શા માટે એણે મારા પતિને તદન ખોટી શંકામાં નાંખી દઈને મારું જીવતર ઝેર બનાવ્યું?"

ક્યારેક વળી એવું પણ બનતું હોય છે કે આવા માણસોને કોકની પાસેથી કાંક મેળવવું હોય છે અને એ ન મળે એટલે આવા તદન હલકા અને જુઠા આક્ષેપો દ્વારા આવા નિર્દોષ ખૂન કરીને સામી વ્યકિતનું શાન્તિથી ખળખળ વહી જતું જીવન જળ ડહોળી નાંખવામાં આવે છે.

આવા માણસોને હું 'માણસ' કહેવા તૈયાર નથી! પોતાની સત્તા કે શ્રીમન્તાઈ વગેરેના જોર ઉપર મુસ્તાક બનીને ગમે તેવા આક્ષેપો કરવા એ શું માણસાઈ છે? સાચા અને સારા માણસોને આક્ષેપો દ્વારા જીવતા રાખીને મારી નાંખવાની આ પ્રવૃત્તિને હું સામાન્ય કક્ષાનું પાપ માનતો નથી. ભારે આઘાત અને આશ્ચર્યની બીના તો એ છે કે અચ્છા-અચ્છા ધર્મી દેખાતા માણસો પણ આવા ખૂન અનેક વાર કરતાં હોય છે, ઠંડે કલેજે અને હસતે મોંએ.

ચારિત્રભ્રષ્ટતા સુધીના આવા આક્ષેપો કરીને અનેક લોકોના નિર્દોષ ખૂન કરનારા સમાજમાં ઉભરાઈ ગયેલા એવા હજારો સ્ત્રી-પુરુષોને હું કહેવા માંગુ છું કે કદી કોઈની ઉપર જુઠા આક્ષેપો ન કરો. તમને કોઈ માટે કાંઈ પણ જાણવા મળે ત્યારે તમે સામી વ્યકિત પાસે જાતે જ જઈને ખુલાસો મેળવો. થોડી હિમ્મત કેળવો. વાયરો વાતને લઈ જાય એ રીતે ગમે તેવી જૂઠી વાતોને તમે સ્વીકારી લઈને એનો ગણગણાટ સમાજમાં કરવા લાગી જુઓ એ તમારા માટે જરાય શોભાસ્પદ નથી.

**બન્ને દૃષ્ટિકોણથી આ વાત વિચારીએ**

**આ દષ્ટિકોણથી વિચારીએ ત્યારે તો ઘડીભર આપણને એક 'મોક પાર્લામેન્ટ'**

ઊભી કરીને આરોપીના પાંજરામાં પવનંજયને ઊભો કરવાનું મન થઈ જાય. ત્યાં એને પૂછવાનું પણ મન થઈ જાય કે 'શું અધિકાર ( Right ) હતો તમને; આ રીતે એક નિરપરાધી અંજનાને આટલો ઘોર અન્યાય કરવાનો? પવનંજય! તમે દોષિત સાબિત થઈ જાઓ છો!"

પરન્તુ બીજો પણ એક Angle આપણી પાસે છે. એને પણ જરા વિચારીએ તો પવનંજયને આમ કરવાનું કેમ મન થયું તે સમજી શકાશે. પવનંજયના અંતરમાં એક વાત ચોક્કસ હતી કે અંજના કુલટા છે અને માટે જ કોઈ પણ સંયોગમાં તેવી સ્ત્રીને ચલાવી ન લેવાય.

અલબત્ત, આ કલ્પના ભ્રાન્ત હતી તેમાં કોઈ સંદેહ નથી; પરંતુ પવનંજયની પોતાની પત્ની પાસે સંપૂર્ણ વિશુદ્ધિની અપેક્ષા હોય તો તેમાં ખોટું પણ શું છે?

સ્ત્રીનું સત્ત્વ તો શુદ્ધ જ જોઈએ. સ્ત્રીના શીલમાં જો શુદ્ધ ન હોય તો ભાવીમાં પાકનારા સંતાનો વગેરેમાં પણ સદાચારિતા અને વિશુદ્ધિ પ્રાપ્ત ન થાય એ ખૂબજ સંભવિત છે.

આવી કોઈ વિચારણા પવનંજયના અંતરમાં રમી રહી હોય અને એને જ કારણે સંસ્કૃતિના તત્ત્વોમાં ચુસ્તપણે માનનારા આ પુરુષે અંજનાની પોતે કલ્પેલી અશુદ્ધિ પણ ચલાવી લીધી ના હોય તે સુસંભવિત છે. આમ આપણે આ ઘટનાની બન્ને બાજુઓને ધ્યાનમાં લેવી જ રહી.

આ જ કથામાં આગળ ઉપર આવનારા પ્રસંગમાં—સાસુ કેતુમતી પણ આવા જ કોઈ દષ્ટિકોણથી અંજનાને ઘર બહાર રવાના કરી દે છે, અંજના ઘણા ખુલાસા કરે છે કે "માતાજી! આપના પુત્રના કારણે જ મને ગર્ભ રહ્યો છે. બાકી, પરપુરુષનો વિચારસુદ્ધાં પણ કર્યો નથી. વગેરે..."—પરંતુ આ વાત સાસુના ગળે ન ઉતરતાં તેણે અંજનાને ઘર બહાર કાઢી મૂકી. આમાં પણ સાસુની ગેરસમજનો દોષ—અક્ષમ્ય ક્ષમાનો અપરાધ- ચોક્કસ હોવા છતાં એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે કે સાસુ પોતે શીલના સચોટ આદર્શ અને આગ્રહવાળી હતી. અને માટે જ સાસુએ અંજના પાસે શીલનો આટલો આગ્રહ રાખ્યો. આર્યદેશની સાસુઓ કુલટા વહુને ચલાવી લેતી ન હતી. કુલટા સ્ત્રી જીવે તે કરતાં કૂવો પૂરે તેમાં ઓછું નુકસાન છે એ વાત પૂર્વના યુગમાં દઢ-મૂળ હતી.

**આર્ય કોણ? અનાર્ય કોણ?**

આ યુગના જમાનાવાદી લોકોને આ વાત નહિ જ ગમે એ હું સમજું છું. પણ કેટલીક કડવી વાતો કર્યા વિના હવે છૂટકો પણ દેખાતો નથી.

તમે સહુ જન્મે તો આર્ય છો કારણ કે તમારો જન્મ આર્યદેશમાં થયો છે.

પરંતુ એ બધા આર્યો જીવનથી આર્ય છે ખરા? સંતાનોની બધી જ પ્રવૃત્તિઓ ચલાવી લઈને તેમને સુખી થવા દેવા જેઓ ઝંખતા હોય તેઓને જીવનથી અનાર્ય જ કહેવા જોઈએ ને!

જે માણસ તાત્કાલિક લાભોનો જ વિચાર કરીને સુખ મેળવી લેવામાં પડ્યો છે એ જીવનથી 'અનાર્ય' છે.

અને... જે દીર્ઘકાળનો વિચાર કરીને, વર્તમાન સુખને ફગાવી દેવાથી ભાવીના મોટા લાભ-નુકસાનોને વિચારી શકે છે તે 'આર્ય' છે.

આવો જીવનથી અનાર્ય માનવ આજે ને આજે બીજ વાવીને, વૃક્ષ ઉગાડીને તેના ઉપરથી ફળ મેળવી લેવાની ઈચ્છા રાખે છે!

હમણાં ને હમણાં જ લાભ મેળવી લો. હમણાં જ પૈસા બનાવી લો. કાલની વાત કરજો મા! પરલોક તો વળી છે જ ક્યાં? એની પંચાત જ કરો મા!

**છૂટાછેડાના હિમાયતીઓ આ વિચારે**

આવી ટૂંકી નજરની વાતો કરનારાઓ જીવનથી અનાર્ય બની જાય તે જ સંભવિત છે.

આજના લોકોને ખબર નથી કે એક સ્ત્રીને છૂટાછેડા અપાવીને માનો કે એના પતિના મારપીટ વગેરેના દુઃખમાંથી તમે એને મુક્તિ તો અપાવી દીધી, પરંતુ આવી રીતે કેટલીક સ્ત્રીઓને સુખી કરવા જતાં તમે કેટલી લાખો સ્ત્રીઓને ભયંકર દુઃખની ગર્તામાં ધકેલી દીધી!

દુનિયાની ઘણી સ્ત્રીઓ આવા પ્રકારની નથી. આથી જે સારી સ્ત્રીઓ છે તેમનું પણ-પતિ વગેરેના બીજી સ્ત્રીઓ સાથેના સંબંધને કારણે પતિ છૂટાછેડા આપી દઈને-જીવન બરબાદ કરી નાંખવાની રાક્ષસી-અનુકૂળતા પામ્યા છે.

છૂટાછેડાના કાયદાની એવી અનેક કલમો છે જેના કારણે છૂટાછેડા વગેરે દ્વારા સારી એવી અનેક સ્ત્રીઓને મોત ભેગી કરી દેવામાં આવી છે.

વળી શું વકીલોના જંગલો આ માટે જ ઊભા કરવામાં આવ્યા છે? અરે! બીજી સ્ત્રીને પરણનાં જો પચાસ હજાર રૂપિયા મળવાની શક્યતા હોય તો ખુદ પિતા પોતાને પુત્રને પૂર્વની પત્નીને પતાવી નાંખવાની સૂચના કરે છે! અને પતિ એમ કરતાં અચકાતો પણ નથી! આવા માણસોને પોતાના પાપને પોષનારા વકીલો ય મળી આવે છે. પચાસ હજાર ખાતર આવું ઘોર અપકૃત્ય કરવાના કિસ્સાઓ આ વિશ્વમાં અનેક બની ચૂક્યા છે.

**રુઢિચુસ્તતા 'ગાળ' નથી, પણ 'ગુણ' છે**

હું આવી વાતો કરું એટલે ઘણા લોકો મને 'ઓર્થોડોકસ' (રૂઢિચુસ્ત) કહે

છે પણ એવું બોલનારાઓને ખબર નથી કે તમે અમને 'ગાળ' દેવારૂપે રૂઢિચુસ્ત કહો છો ત્યારે અમે તો તેને 'ગુણ' સમજીએ છીએ. તમે અમને 'ઓર્થોડોક્સ' કીધા એટલે અમે તો એમ જ સમજીએ છીએ કે વાહ! ચાલો, આપણે ખરેખર ભગવાન આદિનાથની અને તીર્થંકર પરમાત્મા મહાવીરદેવની મૂળભૂત પરંપરાને માનનારા ઠર્યા. આ તો બહુ સરસ થયું!

આજનો જમાનો તો રોજ સવારે, બપોરે અને સાંજે પલટાય છે એવા નિત પલટાતા જતા જમાનાને વફાદાર રહેવા કરતા, એકધારી રીતે હજારો વર્ષોથી ચાલ્યા આવતા અને બદ્ધમૂલ બનેલા ધર્મશાસનની કે સંસ્કૃતિની પરમ્પરાઓને જ વફાદાર રહેવામાં અમે તો ગૌરવ સમજીએ છીએ.

એટલું સમજી રાખો કે આ જગતમાં અનેક ઝંઝાવાતોની વચ્ચે પણ તે જ ટકી જાય છે: [અગણિત આંધીઓની વચ્ચે પણ તેજ અડગ રહી જાય છે: ધસમસતા વિષમ કાળના ઘોડાપૂરોની અંદર પણ તેજ અડીખમ રહી જાય છે, જે સ્વયં મજબૂત હોય છે.

જે સ્વયં મજબૂત નથી એ આંધી, તૂફાન અને ઝંઝાવાતો વચ્ચે અડગ રહી શકતા નથી. હજારો વર્ષ પુરાણી સમ્યક્ એવી રૂઢિઓ અને પરમ્પરાઓ અત્યાર સુધી ટકી રહી છે એ જ એના સ્વયંભૂ બળની તાકાત બતાવી આપે છે.

માટે જ રૂઢિઓમાં ચુસ્ત રહેવું એને અમે ચિન્તાજનક બાબત સમજતા નથી. અને એથી અમે એવા આક્ષેપોથી દ:ખી પણ થતા નથી.

### પરિવર્તન મંજૂર; પણ શાસ્ત્રાનુસારી

અલબત્ત; અવસરે પલટો અમનેય મંજૂર છે. પરન્તુ એ શાસ્ત્રાનુસારી જ હોવો જોઈએ. શાસ્ત્ર-સિદ્ધાન્તોને આધારે પરિવર્તન અમને પણ માન્ય જ છે.

વર્ષો જતાં સાગરના કિનારાઓ જો પલટાય તો નકશાઓ પણ પલટવા જ પડે; એમાં કોઈનું ચાલે પણ નહિ. પાંચસો વર્ષ પૂર્વે સાગરના જે રીતના કિનારાઓ હતા, તેમાં જો પરિવર્તન ખરેખર આવી ગયું હોય તો તે વખતે પણ 'અમે તો જૂના નકશા પ્રમાણે જ ચાલશું. અમે પરિવર્તન કરવાના જ નથી,' એમ કહેવામાં આવે તો દિશાઓ ભુલાઈ જાય અને સાગરમાં વહાણો ડૂબી જાય. હજારો માણસોની જાનહાનિ પણ થઈ જાય.

પરન્તુ આ રીતે પરિવર્તન કરવાનો અધિકાર ગમે તે માણસોને ન જ સોંપાય. તેના અધિકારી પુરુષો જ એ કરી શકે. જેમ 'સીતા સતી છે કે નહિ? એનો નિર્ણય ધારો કે કરવાનો આવે તો તે અધિકાર અસદાચારિણી સ્ત્રીઓની સભાને મળી જતો નથી. તેઓ સીતાના સતીત્વનો નિર્ણય શી રીતે કરી શકે? એ અધિકાર તો શીલવતી નારીઓને જ હોઈ શકે.

એ જ રીતે આજના જમાનાવાદીઓ, બુદ્ધિજીવીઓ અને ડીગ્રીધારીઓ કે જેમને શાસ્ત્રની વાતનો કોઈ ખ્યાલ સુદ્ધાં નથી એવા લોકોને શાસ્ત્રીય પદ્ધતિનો પરિવર્તનો કરવાનો કોઈ અધિકાર નથી.

એ અધિકાર તો ગીતાર્થ સંવિગ્ન અને શાસ્ત્રજ્ઞ મહાપુરુષોને જ છે. એ પુરુષો જ નિર્ણય કરી શકે કે વર્તમાન કાળમાં સાગરના કિનારા પલટાયા છે અને હવે જો નકશો (નીનનિયમો) બદલવામાં નહિ આવે તો નુકસાન થશે. ગીતાર્થ મુનિવરોની સભા બેસે અને એમાં તેઓ શાસ્ત્રસિદ્ધાન્તાનુસારી પરિવર્તનો કરવાનો નિર્ણય પણ શાસ્ત્રમતિથી કરી જ શકે છે અને તે બરોબર પણ છે.

**હીરસૂરિજી મહારાજાએ જાહેર કરેલો અપવાદ**

પૂજ્યપાદ જૈનાચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજાએ પોતાના કાળ દરમિયાન, બત્રીશ વર્ષની ઉમ્મર થાય ત્યાં સુધી સ્ત્રીઓને દીક્ષા નહિ આપવાનો નિયમ પટ્ટક બહાર પાડયો હતો. કારણ તે વખતના સંયોગોમાં સાધ્વી-સંસ્થાને માથે મોટો ભય ઊભો થયેલો. એમના ચારિત્રજીવન માટે બીજા પણ બળાત્કાર વગેરે અનેક પ્રકારના જોખમો તે પૂ. આચાર્ય ભગવન્તને જણાયા હશે અને તેથી તે સમયમાં પલટાયેલો સાગરનો કિનારો જોઈને તે પૂજ્યપાદશ્રીએ નકશો બદલ્યો. અને સ્ત્રીઓને માટે ૩૨ વર્ષ પછીની દીક્ષાયોગ્યતા માટેની મર્યાદા નક્કી કરી.

વળી પાછું આ કારણ દૂર થયું એટલે પાછો મૂળભૂત નકશો બત્રીશ વર્ષ પહેલાં પણ દીક્ષા આપી શકાય તે અંગેનો—આવી ગયો.

બાકી, દેશ... કાળ... સમયની માંગ... જમાનાનો પુકાર... વગેરે વાતો કરીને જમાનાના ભકતો આંધળાભીંત બનીને શાસ્ત્રીય સત્યને ઊંચે અભરાઈએ ચડાવી દેવાની વાતો કરતા હોય તો તે કોઈ પણ સંયોગોમાં ચલાવી લેવાય એવી બાબત નથી

**અ—દીર્ઘદર્શિતાના કારણે આર્યપ્રજાને નુકસાન**

દેખીતા તાત્કાલિક લાભોનો વિચાર કરીને 'આજ'ને જ માણી લેવાની વૃત્તિવાળો અને દૂરગામી પરિણામોનો વિચાર નહિ કરનારો માનવ, જન્મે આર્યદેશમાં ઉત્પન્ન થયો હોય છતાં જીવનથી તો તે અનાર્ય જ કહેવાય.

આવા પ્રકારના પરિવર્તનોથી અને તત્કાલીન લાભો તરફ જ નજર રાખવાથી સમગ્ર આર્ય મહાપ્રજાને ભારેથી પણ ભારે નુકસાનો થયાં છે. જો હજી જવાબદાર માણસો નહિ જાગે તો કોઈ મોટી હોનારત જાગી પડશે એમ મને લાગે છે.

રાસાયણિક ખાતરો, ફર્ટિલાઈઝર પ્લાન્ટો, દૂધના પાવડરો, ડેરીઓ અને હાઈ-બ્રીડનું અનાજ વગેરે પ્રજાની શારીરિક તાકાત તોડી નાંખીને ધરતી, પ્રજા અને સંસ્કૃતિની કમર તોડી નાંખે છે. પરન્તુ આજે સહુ 'આજ'ના જ સુખને માણી

લેવામાં પડયા છે. અને એથી જ પ્રજાના દૂરગામી સુંદર પરિણામોનો વિચાર પણ કરવામાં આવતો નથી.

ખેડૂત કહે છે કે "આજે જ મારે લખપતિ થઈ જવું છે... રાસાયણિક ખાતરો દ્વારા ધૂમ અનાજ ઉગાડી દઈને ધૂમ કમાણી મને કરી લેવા દો... ધરતીને જ્યારે બળી જવું હોય ત્યારે ભલે બળી જતી."

રાજાશાહીમાં કેટલાક દેખીતા દુઃખો હતા. એ દૂર કરીને સુખ મેળવી લેવાના બહાને રાજાશાહીને ખતમ કરી...ના...અંગ્રેજોએ તેને ઉખેડી નંખાવી. રાજાશાહી જતાં લોકશાહી આવી; અને લોકશાહીના નામે કેટલાક લુચ્ચા માણસોના હાથમાં સત્તા આવી ગઈ. જેને ઘેર ભાણાં ખખડતા હતા તેવા માણસોના હાથમાં આખું ય ભારત આવી જાય તો તેવી લોકશાહીને તે લોકો કેમ ન ઇચ્છે? તે માટે તેના ગુણ પેટ ભરીને કેમ ગાયા ન કરે?

ત્રીસ ત્રીસ વર્ષના આ આઝાદીના કાળમાં એ સત્તાધીશોએ શું ઉકાળ્યું એ હું પૂછવા માંગું છું.

ત્રીસ વર્ષના આ કાળમાં ગરીબી વધી. મોંઘવારી વધી; બેકારી વધી; લુચ્ચાઈ વધી. હાયવોય અને હારાકીરી પણ વધી. પ્રજાના સુખ અને શાન્તિ નષ્ટ થયા. દૂધ અને ઘીની નદીઓ સુકાઈ. દુરાચાર અને ભ્રષ્ટાચાર ચોફેર ફેલાઈ ગયા!

**લોકશાહીની સ્થાપના શા માટે ?**

મને તો સ્પષ્ટ શબ્દોમાં એમ કહેવાનું મન થઈ જાય છે કે જેમની પાસે રાજ કરવાની કુલ પરંપરાગત હથોટી હતી તેવા માણસોના હાથમાંથી સત્તાનું સુકાન ખૂંચવી લેવા માટે; અને કેટલાક વિચિત્ર માણસોના હાથમાં સત્તા સોંપી દઈને – તેમના હાથે જ તેમના દેશની પ્રજાનો નાશ કરવા માટે ગોરાઓએ રાજાશાહીને ઉખેડી નંખાવીને લોકશાહીની સ્થાપના કરાવી હોવી જોઈએ.

આથી જ અત્યારે આ દેશની જે જે સંસ્થાઓ બ્રિટિશ પાર્લમિન્ટરી પદ્ધતિની લોકશાહી રીતરસમ પ્રમાણે ચાલનારી હોય એને જ કરમુક્તિ વગેરે આપવાનું નક્કી કરાયુ છે.

અંગ્રેજોએ જોઈ લીધું કે અહીંના પોતાના વસવાટ દરમ્યાન આર્ય પ્રજાની જીવાદોરી સમા મૂળભૂત સાંસ્કૃતિક બંધારણને નુકસાન પહોંચાડવું હતું તેટલું નુકસાન પ્રગતિ, વિકાસ વગેરેના લોભામણા નામ નીચે પહોંચાડી દીધું છે. હવે બાકી રહેલો એમનો વિનાશ આપણાથી થઈ શકે એમ નથી. માટે હવે એમનો વિનાશ, એમના જ – પણ આપણા પ્રાગતિક ઢાંચા પ્રમાણે તૈયાર કરાયેલા – માણસો દ્વારા જ કરીશું. આપણું અધૂરું કામ આ જ માણસો પૂરું કરશે."

અને આ માટે જ અંગ્રેજો આપણને સ્વરાજ આપીને ચાલી ગયા હોય તેવું વર્તમાન અંધાધૂંધી જોતાં અનુમાન થઈ જાય છે. આ લોકો એવો 'દેખાવ' ઊભો કરી ગયા કે જાણે એમની પાસેથી ભારતની પ્રજાએ સ્વરાજ્ય આંચકી લીધું છે. પણ વસ્તુતઃ ખૂબ જ યોગ્ય સમયે એ લોકોએ ભારતીય પ્રજાને સ્વરાજની ભેટ કરી છે. જેના દ્વારા 'સ્વ' એટલે એમનું પોતાનું – ભાવિમાં – કાયમી રાજ બની જાય.

પોતાના જ હાથે ભારતનું સુકાન, પોતાની નીતિરીતિઓને અનુકૂળ આવે એવી પશ્ચિમપરસ્ત વ્યક્તિઓને અંગ્રેજોએ સોંપી દીધું. આથી દેશની ધરતી પ્રગતિ પામતી જાય અને દેશની પ્રજા તથા તેની ધર્મ સંસ્કૃતિ નષ્ટ થતી જાય.

**લોકશાહી એટમબોમ્બ ઉપર મમતા તે કરાય?**

આ પરિસ્થિતિમાં દેશની પ્રજા હવે સારા સુખના દિવસો જુએ એ મને બહુ જ મુશ્કેલ જણાય છે. હવે તમે શિક્ષણની નવી તરાહ લાવો કે રાજકારણની કોઈ નવી નીતિપદ્ધતિઓ લાવો એમાં કશો ય લાભ આ દેશની સંસ્કૃતિને અને પ્રજાને થાય એવું મને દેખાતું નથી. કેમકે 'બેઈઝ' બદલાઈ ગયો છે. પૂર્વ તરફ મોં રાખીને ચાલતા માણસને પશ્ચિમ દિશા તરફ મોં ફેરવી દેવાની ફરજ પાડી છે... હવે તે દોડે તો 'પ્રગતિ' ભલે કહેવાશે પણ તે 'પ્રગતિ' અંધકાર તરફની જ રહેશે.

કારણ કે લોકશાહીનો આ એવા પ્રકારનો સાણસો ભારતના ગળે લગાવી દેવામાં આવ્યો છે કે જેમાંથી બહાર નીકળવું હવે ખૂબ મુશ્કેલ થઈ ગયું જણાય છે. ભલે ... તેમ જ હો ... પ્રાચીન વ્યવસ્થાઓ તરફ હવે પાછા વળી શકાય તેમ ન જ હોય તો ય છેવટે આજની લોકશાહીને સુ - લોકશાહીમાં તો પલટાવી જ પડશે. અને તે માટે ધર્માભિમુખ પ્રજા તૈયાર જ કરવી પડશે.

જેમ કોઈના ઘરમાં એક માણસ એટમબોમ્બ ભેટ આપી ગયો. હવે કોઈ સમજાવે કે, "ભાઈ! આ તો એટમબોમ્બ છે, જો ગમે ત્યારે ફુટી જશે તો તો સત્યાનાશ નીકળી જશે. માટે તેને બહાર મૂકી દે." પરંતુ પેલો ઘરધણી કહે: 'આ તો મને ભેટ મળેલી ચીજ છે. એને હું કેમ છોડું?' આવી મમતા કરીને એટમબોમ્બને ઘર બહાર ફેંકી ન દે અને ઘરમાં જ સાચવી રાખે તો તે માણસનું કો'ક દી શું થાય? ધનોત પનોત જ નીકળી જાય ને!

એના જેવી આ વાત છે. બ્રિટિશ પાર્લામેન્ટરી પદ્ધતિનો લોકશાહી નામનો એટમબોમ્બ અંગ્રેજો ભારતને આપી ગયા છે અને આ દેશના મુખ્ય માણસો 'આ તો અમને ભેટ મળેલી ચીજ છે' એમ માનીને એના પ્રત્યે કારમી મમતા સેવી રહ્યા છે. પણ એમને ખબર નથી કે આ મમતા કદાચ આખી આર્ય મહાપ્રજાનું

નિકંદન કાઢી નાંખનારી બની જશે. આવું ન બને તે માટે વહેલાંમાં વહેલી તકે લોકશાહીને ધર્મપ્રધાન લોકશાહી તો બનાવવી જ રહી.

**અંગ્રેજોની ભારતને બે ભેટ :**

મારા મતે અંગ્રેજોએ આ ભારતને બે વસ્તુની ભેટ કરી છે. એમાં એક તો છે ક્રિકેટની મેચ. જેમાં બધા એક થઈ જાય છે. ત્યાં હિંદુ - મુસ્લીમના ભેદ પણ નડતા નથી. અંગ્રેજો દ્વારા આ ક્રિકેટ મેચોથી એકતાનું સર્જન કરાયું છે. જ્યારે અંગ્રેજોએ આપેલી બીજી ભેટ છે લોકશાહીનો એટમબોમ્બ. જેના દ્વારા સમગ્ર આર્ય પ્રજાનો અને સંસ્કૃતિનો ખાતમો બોલાવાઈ જાય. લોકશાહી–પ્રક્રિયા ચૂંટણી, બહુમતી આદિના જે તત્ત્વો ઉપર તૈયાર થઈ જાય છે તે તે તત્ત્વો ખૂબ જ પ્રત્યાઘાતી છે.

**મારે સત્તાનું સિંહાસન જોઈતું નથી**

આ બધી વાતો કરીને મારે કોઈ સત્તાનું સિંહાસન પ્રાપ્ત કરવું નથી. કેમ કે હું તો જૈન સાધુ છું. પરન્તુ આ બધી વાતો જણાવીને હું પ્રજાને ચેતવી દેવા માગું છું : આર્યાવર્ત્તની મહાપ્રજા વિનાશની આ ગર્તામાંથી ઊગરી જાય એ જ મારી અપેક્ષા છે.

હિન્દુસ્તાનના એક મોટા રાજકારણી પુરુષ કહે છે કે, 'યજ્ઞોપવિત તોડી નાંખો. એ બધું નકામું છે.' તો બીજા એક ટોચ કક્ષાના રાજકારણી એમ કહે છે કે: 'અટકોમાંથી હવે જ્ઞાતિ આદિના સૂચક નામો કાઢી નાંખો.' કોઈ રાજકારણી વળી કહે છે: 'ધર્મે જ બધા ઝગડા ઊભા કર્યા છે માટે ધર્મનો નાશ કરો.'

આ બધી વાતો કેવી બાલિશ વાતો છે ?

સસ્તી કીર્તિ કમાઈ લેવાનો આ કેવો સરળ રસ્તો છે? આવી બાબતોથી શું પ્રજાનું કલ્યાણ થઈ જશે ? શું આ બધા એવા ગંભીર પ્રશ્નો છે?

**સંતતિનિયમન દ્વારા પ્રજાની સેવા કે કુસેવા ?**

દીર્ઘદષ્ટિ વિનાની આવી તો અનેક રીતિનીતિઓથી પ્રજાને ભયંકર કોટિનું નુકસાન થયું છે. વસતિનું નિયંત્રણ કરવા માટે સંતતિનિયમનનાં સાધનો ઊભા કરવામાં આવ્યા. અરે! પણ તમને ખબર છે કે વસતિ ઓછી કરીને તાત્કાલિક સુખ મેળવી લેવાના આવા કાર્યક્રમથી આર્યસંસ્કૃતિને કેટલી ભયંકર હાનિ થઈ છે? જરા તપાસ કરો કે, આ સાધનો ચાર છોકરાના બાપ બનેલા પુરુષો અને સ્ત્રીઓ જ વધારે પ્રમાણમાં વાપરે છે કે કૉલેજમાં ભણતા કુમારો અને કુમારિકાઓ પોતાના જીવનના પાપોને છાવરવા અને ઢાંકવા માટે એનો ઉપયોગ ધૂમ પ્રમાણમાં કરે છે? અને જો પરિસ્થિતિ આટલી ભયાનક હોય તો હવે વિચાર કરવો જોઈએ કે આવા પ્રકારના કાર્યક્રમો દ્વારા પ્રજાની સેવા કરાઈ છે કે નિતાંત કુસેવા ?

**મોતનું 'રિએક્શન' લાવનારી દવા લેવાય ખરી?**

રોગને મટાડવા માટે કોઈ પણ દવા એવા પ્રકારની ન જ લેવી જોઈએ કે જે લીધા પછી એનું જીવલેણ 'રિએકશન' આવે. ધારો કે તમને માથું ખૂબ દુઃખતું હોય અને તમે ડૉકટર પાસે દવા લેવા જાઓ ત્યારે ડૉકટર તમને એવી ગોળી આપે કે જે લેતા પાંચ જ મિનિટમાં તમારું માથું તો ઊતરી જાય; પરન્તુ બે કલાક પછી તમને તેનું એવું જોરદાર 'રિએકશન' આવે કે જેનાથી તમને 'હેમરેજ' થાય અને થોડી જ વારમાં તમારું મૃત્યુ થાય. તો શું આવી દવા તમે લેવા માટે તૈયાર થશો ખરા ? નહિ જ ને?

એ જ રીતે સંતતિનિયમન દ્વારા કદાચ વસતિ ઘટાડો થઈ જાય અને એનાથી ભારતના લોકોના સુખનો કદાચ વધારો થતો હોવ તો પણ આ એવી ભયંકર દવા છે કે જેનાથી પ્રજાનું ચારિત્ર્ય અને સંસ્કૃતિ સાફ થઈ જાય. જે માણસ લાંબા ગાળાનાં પરિણામોનો વિચાર ન કરી શકતો હોય એ જ કામચલાઉ માથું ઉતારવા જેવો વસતિ ઘટાડો કરી લઈને મોત જેવા પ્રજાના ચારિત્ર્યનાશને પણ નિભાવી શકે. બુદ્ધિશાળી અને દીર્ઘદર્શી મનુષ્ય તો કદાપિ નહિ. વસતિના વધારાને રોકી અને વસતિઘટાડો કરતી દવા જો વસતીભવાડામાં પરિણમે તો તેના તાત્કાલિક લાભોનો વિચાર કરનારો માણસ કદી આર્ય ન કહેવાય.

આવું જ છે; રાસાયણિક ખાતરોનું. જેના દ્વારા કામચલાઉ રીતે ધરતીમાં ખૂબ પાક મેળવી લેવા જતાં દસ વર્ષમાં ધરતીનાં રસકસ ખતમ જઈ જવાના છે. આમ થતાં અનાજની તીવ્ર અછત ઊભી થશે. એટલે ચપ્પણિયું લઈને વિદેશો પાસે અનાજની ભીખ માંગવી પડશે; અને મદદ આપવાના વિષયમાં જ્યારે એ વિદેશી પ્રજા વિફરશે, અને તેથી ભારતને અનાજ આપવાનું બંધ કરશે તો ભારતના કરોડો માણસો અકાળે મૃત્યુ તરફ ધકેલાઈ જશે.

**'ટ્યૂબવેલો'ની પાછળનું ભેદી રહસ્ય**

આવું જ છે પાતાળકૂવાઓ (tube well) ની યોજનાનું. પાતાળકૂવાઓ દ્વારા ખેતરોમાં ખૂબ પાણી ખેંચવાથી છેવટે શું થાય છે એ તમે જાણો છો? ટ્યૂબ-વેલો દ્વારા ધરતીમાંથી ખૂબ જ પાણી ખેંચી લેવાથી ધરતીમાં મીઠા પાણીની જગ્યાઓ ખાલી (vacum) પડે છે અને એ 'વેક્યુમ'માં દરિયાના ખારા પાણી પહોંચી જાય છે. આમ થતાં કૂવા, તળાવ, નદી નાળાં વગેરેના મીઠાં પાણીમાં તે પાણીની ખારાશ પ્રવેશી જાય છે.

આ વસ્તુ એ બતાવી આપે છે કે અંગ્રેજો પોતાના ભેદી કાર્યક્રમો દ્વારા ભારતીય પ્રજાની તમામ જીવાદોરીઓને કાપીને સાફ કરી નાંખવા માટે જ વિવિધ મદદો વગેરે આપી રહ્યા છે.

**લાંબા ગાળાના પરિણામો વિચારો**

રાજકારણી માણસો આવા પ્રકારની યોજનાઓ કરતાં આવો કોઈ ઊંડો વિચાર કેમ કરતા નથી ? કોઈને જાણે આ પ્રજાના હિતની કેમ પડીજ નથી? "અમારું પેટ ભરાય એટલે બસ; બીજાનુ જે થવુ હોય તે થાય." આ વિચાર કેવો ઘાતકી વિચાર છે ?

દરેક વિષયમાં જે કોઈ યોજનાઓ કે જે કોઈ પ્રવૃત્તિઓ કરવામાં આવે ત્યારે તેના ઊંડાણમાં જઈને એના લાંબા ગાળાના પરિણામોનો પણ વિચાર કરવો જોઈએ.

સીતાજીને રાવણ ઉપાડી ગયો ત્યાર બાદ એક વાર દાસીઓ સાથે સીતાજીને જે વાર્તાલાપ થાય છે તે વાર્તાલાપને દર્શાવતો એક પ્રસંગ દીર્ઘદર્શિતાના આર્યવિચાર ઉપર ખૂબ સુંદર પ્રકાશ પાડી જાય છે.

આ પ્રસંગ મેં પૂર્વે પ્રવચનમાં જણાવ્યા પ્રમાણે સુદામડાના વિહાર દરમિયાન એક અજૈન ભાઈ પાસેથી સાંભળેલો છે. રામાયણના કેટલાક પ્રસંગો ગ્રન્થોમાં કયાંય ન જડે અને લોકમુખેથી સાંભળવા મળી જતા હોય એવું બને છે. આ અજૈન પ્રસંગ ખૂબ બોધપ્રદ અને આર્યોની પરિણામદર્શિતાને સિદ્ધ કરે છે.

**આર્યોની પરિણામદર્શિતા**

રામચન્દ્રજીના વિરહમાં સીતાજી દેવરમણ ઉદ્યાનમાં એકાકીપણે દિવસો પસાર કરી રહ્યા હતા. રાવણ આજીવન સીતાના દાસ બનીને રહેવાની પ્રતિજ્ઞા કરવા તૈયાર થયા તો ય સીતાએ તેને મચક તો ન જ આપી; પણ તેની કંગાળ યાચનાઓને ધુત્કારી નાંખી. રાવણની સખ્ત શબ્દોમાં ખબર લઈ નાંખી.

આ બાજુ રામચન્દ્રજીને સીતાની ભાળ મળી ગઈ હતી. પ્રાથમિક પ્રયત્નોમાં સફળતા ન મળી એટલે રામચન્દ્રજીએ લંકા ઉપર યુદ્ધ લઈ જવાની તૈયારીઓ આરંભી દીધી. લંકામાં ચોરે ને ચૌટે યુદ્ધની વાતો શરૂ થઈ ગઈ. લંકાના ઘણા નર–નારીઓ આ અધર્મના યુદ્ધથી નારાજ હતા પણ બધા ય કહેતા, "ધણીને કોણ સમજાવે ? ધણીનો કોઈ ધણી નહિ."

દેવરમણ ઉદ્યાનમાં ચોકી ભરતી રાક્ષસીઓને યુદ્ધના સમાચાર મળ્યા. સહુ ગમગીન બન્યા, નાહકનું આ યુદ્ધ શા માટે વહોરી લેવાય છે? તે કોઈને સમજાતું નહિ.

યુદ્ધોત્તર વિનાશનાં કરુણ દશ્યોની કલ્પનાથી એક રાક્ષસી ધ્રુજી ગઈ હતી. તે જાતે સીતાજી પાસે ગઈ. યુદ્ધ અને તેના પરિણામોની ભયાનકતાનું ચિત્ર હુબહુ રીતે તેણે રજૂ કર્યું. તેણીએ વણપૂછ્યું જ કહી દીધું : "મહાદેવી ! આ યુદ્ધમાં બે ય પક્ષે ભયાનક ખુવારી થશે. એથી હજારો માતાઓ પોતાના લાડકવાયાઓને ગુમાવીને મહિનાઓ સુધી દિન–રાત રુદન કરશે. અને લાખો પત્નીઓ પોતાના પ્રિયતમોને ગુમાવીને વિધવા બનશે; એની સેંથીના સિંદુર ભૂંસાઈ જશે.

"ઓ દેવી! આપ સ્ત્રી છો તો ય સ્ત્રીજાતિ ઉપરની આ આફત પ્રત્યે આપની હમદર્દી નથી? શું લાખો સ્ત્રીઓના વૈધવ્યની આપ આરામથી કલ્પના કરી શકો છો?"

ગંભીર વદને સીતા બોલ્યા: "વૃદ્ધ માજી! આ બધું ય મારા ખ્યાલમાં ન હોય તેવું બને ખરું? મારો પ્રશ્ન તો એ છે કે આથી તમે મારી પાસે શું ઈચ્છો છો? મને સ્પષ્ટ શબ્દોમાં જણાવો."

રાક્ષસીએ કહ્યું: "જો કે બોલતાં મારી જીભ ઉપડતી નથી છતાં હિંમત કરીને મારો અભિપ્રાય સ્પષ્ટ શબ્દોમાં હું જણાવું છું કે, જો યુદ્ધથી લાખો સ્ત્રીઓ વિધવા થતી હોય તો તેના કરતાં બહેતર છે કે આપ લંકાપતિની ઈચ્છા પૂર્ણ કરો અને યુદ્ધને અટકાવી દો. ભલે તેમાં આપનું સતીત્વ હણાશે પરન્તુ "લાખો વિધવા"ની સમસ્યા તો હલ થઈ જશે! ઘણાં મોટા અપાયનું નિવારણ કરવા માટે નાનકડા અપાયને વધાવી લેવો એ આપદ્ધર્મ તરીકેનો સારો માર્ગ નથી શું?"

સીતાજીએ કહ્યું: "માજી! તમારી સમજણ ઘણી સ્થૂલ છે. એથી જ તમને આવા વિચારો આવે છે. પણ તેમાં તમારો દોષ નથી; તમારા દેશોનો બૌદ્ધિક વિકાસ જેવો હોય એટલું જ તમને સમજાય. અસ્તુ."

"હવે મારી વાત સાંભળો. તમે જે 'લાખો વિધવા'નું નુકસાન જણાવ્યું તે મને માન્ય છે. પણ હવે આગળ વધીને મારે તમને એક પ્રશ્ન પૂછવો છે કે, તમારી સૂચના મુજબ હું મારું સતીત્વ ખતમ કરું અને મારો દેહ સોંપી દઉં તો કદાચ યુદ્ધ તો બંધ થઈ જાય પણ જ્યારે જ્યારે જે સ્ત્રીઓ મારા જેવી પરિસ્થિતિનો ભોગ બનશે મારે તે બધી સ્ત્રીઓ મારું દષ્ટાંત લે અને કહે કે 'રાજા રામની મહાસત્ત્વશાલિની સીતા પણ ઘણી ઝઝૂમવા છતાં ય અંતે લાચાર બનીને જો લંકાપતિને શરણે ગઈ તો આપણું શું ગજું?' આવો વિચાર કરીને આર્ય દેશની તે કન્યાઓ અને સ્ત્રીઓ પરપુરુષના ફંદામાં ફસાતા જો તેને આધીન થવા લાગે તો?

"આમ કરોડો સ્ત્રીઓ આ દેશમાં કુલટા બનશે.

"હવે તમે જ મને કહો કે લાખોને વિધવા બનાવતો વિકલ્પ સ્વીકારવો કે કરોડોને કુલટા બનાવતા વિકલ્પની અભિમુખ બનવું? તમે કોને પસંદ કરો છો? હું તો ઈચ્છું છું કે એકે ય વિકલ્પની સ્થિતિનું સર્જન ન થાય; કેમ કે બેય વિકલ્પો સારા નથી. પરન્તુ ન છૂટકે શું કરવું? તેનું માર્ગદર્શન હવે તમે જ મને આપો."

બિચારી! રાક્ષસી! શું બોલે? સીતાજીની આ દરદર્શિતાને તેનું માથું ઝુકી ગયું. સીતાજીને પ્રણામ કરીને, કશું ય બોલ્યા વિના ત્યાંથી ચાલી ગઈ.

આજે આ દૂરદર્શિત્વ નષ્ટપ્રાય: થઈ ચૂક્યું છે. માનવની ક્ષુલ્લક–દષ્ટિએ ભારતીય સંસ્કૃતિના મહાવિનાશમાં ઘણો મોટો ફાળો નોંધાવ્યો છે.

દૂરદર્શિતા એ જ આર્યત્વ. અ–દુરદર્શિતા એ જ અનાર્યત્વ.

સીતાજીનું દષ્ટાન્ત લઈને કરોડો સ્ત્રીઓ કુલટા પાકે એના કરતાં લાખો સ્ત્રીઓનું વૈધવ્ય આ આર્ય દેશને મંજૂર હતું. આ જ વાત બતાવી આપે છે કે તાત્કાલિક લાભોને મેળવીને ખૂબ કમાઈ લેવાનો, પોતાનું પેટ ભરી લેવાનો કે પોતાની વાસનાઓ પોષી લેવાનો માર્ગ આ આર્યદેશમાં નિન્દ્ય મનાયો છે.

'આજ'ને માણી લેનારાને પરલોકનો વિચાર પણ ન આવે અને મોક્ષના તો સોણલાં ય ન આવે એ તો ધર્મસંસ્કૃતિના જાજરમાન ગૌરવોથી ઓપતા આ દેશ માટે આ અત્યંત અનુચિત બાબત છે. એવા વ્યકિતગત ભૌતિક લાભ મેળવી લેવા માટે આર્ય માનવ કદી પ્રયત્ન ન કરે કે જેનાથી પોતાનું ભાવી જોખમાતું હોય અથવા જેનાથી પ્રજાને તેનું નુકસાન પહોંચતું હોય.

**પવનંજય દ્વારા અંજનાનો પરિત્યાગ**

અંજના સાથે લગ્ન નહિ કરવાના દઢ નિર્ણયવાળા પવનંજયને પ્રહસિત ખૂબ સમજાવે છે કે, "પિતાજીએ નિશ્ચિત કરેલી આ વાતને ખોટી પાડવી એ આપણા માટે જરા ય ઉચિ નથી."

પ્રહસિતની આ પ્રકારની સમજાવટને કારણે પવનંજય પોતાના મનમાં શલ્ય હોવા છતાં ત્યાં જ રહ્યો. અને નિર્ણિત દિવસે અંજના સાથે પવનંજયના લગ્ન થઈ ગયા.

ત્યાર બાદ પ્રહ્લાદ રાજા પોતાના પુત્ર–પુત્રવધૂ વગેરેને લઈને હર્ષપૂર્વક પોતાની નગરીમાં આવ્યા. ત્યાં રાજાએ અંજનાને અત્યંત સુંદર સાત માળનો એક મહેલ રહેવા માટે આપ્યો. પરન્તુ પવનંજયને અંજના ઉપર એટલો આવેશ છે કે એની સાથે વાત પણ કરતો નથી. લગ્નના પ્રથમ દિવસથી જ એણે અંજનાને ત્યાગી દીધી. કોણ જાણે ? કદાચ પવનંજયના મનમાં એમ પણ હોય કે મારી સ્ત્રી પરપુરુષમાં અનુરાગી હોય તો ભાવીમાં જન્મનારા અમારા સંતાનો કદાચ કામી અને કામાન્ધ પણ પાકે.

મનોવિકારની પણ કયારેક ખૂબ જ પ્રચણ્ડ અસર હોય છે.

**મનોવિકારની અસર અંગે પુનરુલ્લેખ**

આ અંગે મેં ગયા પ્રવચનમાં નમુંજલા અને સિદ્ધરાજના પિતા કર્ણદેવનો પ્રસંગ કહ્યો હતો. પોતાની જ પત્ની મીનળદેવીમાં 'નગુંજલા'ની બુદ્ધિથી કર્ણદેવે જે કાર્ય કર્યું એના જ કોઈ પ્રભાવની અસરના કારણે સિદ્ધરાજના જીવનમાં કામાંધતા પ્રવેશી ગઈ એમ ઈતિહાસ કહે છે.

સિદ્ધરાજમાં અમુક કક્ષાનો ધર્મ હોવા છતાં પણ એનામાં અસદાચાર આદિ પાપની જે કાળી કલંકકથા ઈતિહાસ બોલે છે એમાં એની પોતાની પાત્રતા–પાપ–વાસના વગેરે મુખ્ય કારણ હશે. પણ એના પિતાના મનોવિકારને પણ કારણ તરીકે અવગણી ન શકાય.

**ભાવીની ચિંતા હોય તો ય સિનેમા, ટી.વી. છોડો અને છોડાવો**

મનોવિકારની આટલી અસર જે દેશમાં સંતાનોના જીવનના ઉપર માન્ય

ગણાઈ હતી તે દેશમાં કેવા અશ્લીલ સિનેમા અને નાટકો ચાલી રહ્યા છે ?!! તમે જ્યારે તમારા ઘરમાં ટી. વી. ચાલુ કરો છો ત્યારે તમને તમારા ભાવીની કોઈ ચિન્તા છે ખરી ? આવા અશ્લીલ કે મારામારીના દૃશ્યો જોનારા સંતાનો ભવિષ્યમાં કદાચ એવા કામી અથવા કામાન્ધ બને કે તમારે ભીંત સાથે માથું અફાળવાનો અવસર આવે.

એવાં સંતાનો પોતાના વડીલોના મોતની પળમાં ય કદાચ એમની સેવામાં ઉપસ્થિત ન હોય. પિતાના પગ દબાવવાના તો દૂર રહ્યા પણ તેમની ગળચી ન દબાવે તોય તેઓને આધુનિક કાળના રામ કે શ્રવણ કહેવા પડે. આ સ્થિતિ શું તમને મંજૂર છે? આવી દશા શું તમને અકળાવનારી નહિ બને? જો વડીલો તેમના સંતાનોનું ભાવી સુંદર અને સુરેખ જોવા માંગતા હોય તો ક્રમસેક્રમ સિનેમા, નાટક અને ટી. વી.નો તેમને સંગ પણ કરવા ન દેશો. એનાં કાતીલ નુકસાનો સમજાવીને એનાથી એમને સહજ રીતે છેટા રાખી દેજો.

## એલોપેથીક દવાઓના કટુ પરિણામો

સીતાજીનો દાસી સાથેનો ઉક્ત સંવાદ દરેક વાતમાં ભાવી પરિણામોની ચિન્તા કરવાનું સૂચવે છે. આયુર્વેદિક દવાઓના ઉપયોગ દ્વારા સામાન્યતઃ રોગ મૂળમાંથી દૂર થતો હોય છે; પણ એ રોગને લાંબા ગાળે મટાડે છે. માટે આજે લોકો 'એલોપેથી' તરફ ખૂબ આકર્ષાઈ રહ્યા છે. સુખી પ્રજાનો ઘણો ખરો વર્ગ 'ટેરામાઈસીન' ને 'ક્લોરોમાઈસીટીન' જેવી દવાઓ કેટલી ખતરનાક હોય છે એનો વિચાર કર્યા વગર તત્કાળ રાહત મેળવી લેવાના લોભમાં – એનો ધૂમ ઉપયોગ કરતો જોવા મળે છે. સુખી માણસોને આયુર્વેદિક પદ્ધતિનો કઢો પીવો કે પરેજી પાળવી એ જરા ય પરવડતું નથી. એલોપેથીમાં એવું કશું જ હોતું નથી. વળી, જે ખાવું હોય તે ખાઈ શકાય; અને રોગ મટી જવાની ખાત્રી (!) આપી શકાય. આ પદ્ધતિથી રોગો ઘણી વાર ખૂબ વધી જાય છે. એલોપેથી સાયન્સમાં એવું બને છે કે રોગ મટાડવા દવાઓ અપાય છે અને એ દવાઓમાંથી નવા રોગો ઊભા થાય છે. આથી 'રોગ માટે દવા' અને 'દવામાંથી રોગ' આવું વિષચક્ર સતત ચાલ્યા કરે છે. આના કટુ પરિણામરૂપે દર્દીના નસીબમાં દવાઓ ખાઈ ખાઈને છેવટે રીબાઈ રીબાઈને ઘેનમાં અને ઘેનમાં જ મરી જવાનું બાકી રહે છે. આ સ્થિતિ તાત્કાલિક લાભો (!) મેળવી લેવાની લલચામણી પદ્ધતિઓને કારણે જ થાય છે; પરન્તુ આજના મૅકોલો શિક્ષણને પામેલા લોકોના મગજમાં આ બધી વાતો ઊતરતી જ નથી એ અત્યંત દુઃખદ બીના છે. જો આ રીતે દૂરદર્શિતા ખોઈને મોટી સંખ્યાના લોકો તાત્કાલિક પરિણામ મેળવી લેવાની લાલચમાં ફસાશે તો કદાચ આ અનાર્યતા સમગ્ર પ્રજા ઉપર ભારે મોટા ભયરૂપ સાબિત થશે.

## પતિવિરહથી અતિવ્યથિત અંજના

અંજનાના મહેલની અંદર એના પતિ ક્યારે ય પગ મૂકતા નથી. એના કારણે અંજના અત્યંત દુઃખી છે. ચન્દ્ર વિનાની રાત્રિ જેવી અંજના આંખમાંથી વહી જતા અશ્રુજળને કારણે કાળા મુખવાળી બની ગઈ છે. શરૂઆતમાં તો તે એમ વિચારતી હશે કે આર્યપુત્રને રાજ્યના ઘણાં કામો હશે એથી આવી શકતા નહિ હોય. પરન્તુ જ્યારે એને પોતાના પતિએ કરેલા ત્યાગની જાણ થઈ હશે, અને એ

ત્યાગની પાછળનું કોઈ પણ કારણ જણાવવામાં આવ્યું નહિ હોય, ત્યારે એની વ્યથાનો કોઈ આરોવારો રહ્યો નહિ હોય.

રડી રડીને એ રાત્રિઓ ગુજારવા લાગી. પલંગમાં પડી પડી એ બંને પગો પછાડવા લાગી. માનસિક સમતુલા જાણે વારંવાર ગુમાવવા લાગી.

## દુ:ખો પાપકર્મથી જ આવે

અંજના જો કર્મના તત્ત્વજ્ઞાનને ખૂબ સારી રીતે સમજી શકી હોત તો આટલો જોરદાર આઘાત તેને ન લાગત. જ્યારે જ્યારે જીવનમાં આઘાતો અને વ્યથાઓ આવે ત્યારે એ યાદ કરવું જોઈએ કે, "મેં જ જે પાપકર્મો બાંધ્યા છે તે ઉદયમાં આવે ત્યારે દુ:ખો તો આવે જ. મારા જ પાપકર્મના કારણે દુ:ખો આવે; એમાં નથી ઈશ્વરની પ્રેરણા કે નથી કોઈ બીજો માણસ દોષિત." દરેક વાતમાં ઈશ્વરની ઈચ્છાને વચમાં ન લાવો. મહાદયાળુ ઈશ્વર કોઈને દુ:ખી કરવાની ઈચ્છા પણ શા માટે કરે ?

એક માણસ ઝેર ખાઈને મરી ગયો. તે વખતે એમ કહેવું કે "ઈશ્વરની તેવી જ ઈચ્છા હતી." તો તે બરોબર ન કહેવાય. કોઈ પણ માણસ વધારે પ્રમાણમાં ઝેર ખાઈ જાય તો તે મરી જ જાય. ઝેરનો એ જ સ્વભાવ છે !

એ જ રીતે પાપકર્મનો સ્વભાવ જ એવો છે કે એ ઉદયમાં આવે એટલે દુ:ખ આપે જ. પાપકર્મ "ટાઈમ બોમ્બ" જેવું છે. ટાઈમ બોમ્બ એનો ટાઈમ થાય ત્યારે ફૂટે. એમ બાંધેલું પાપ કર્મ એનો સમય આવે એટલે એ ફૂટે જ. અને જ્યારે એ ફૂટે ત્યારે દુ:ખાદિ પણ આપે જ. એમાં ઈશ્વરને વચ્ચે લાવવાની કશી જરૂર જણાતી નથી.

## જીવો ભલે સારામાં સારું પણ ખરાબની પૂર્ણ તૈયારી સાથે

ઘરમાં બાબો આવે એટલે બધા ખુશ થઈ જાય છે. પિતા એને ચૂમીઓ ભરે છે અને બહેનો એને રમાડે છે. માતાનો તો હરખ માતો નથી. પરંતુ એમાંના કોઈને ખબર છે કે આ બાબતો આઠ જ વર્ષનો થતા મરી જવાનો છે? અને જો ખરેખર આઠ વર્ષે તે મરી જાય તો શું થાય? કેવા આઘાત અને પ્રત્યાઘાતો જીવનમાં આવે? આવા તો અનેક પ્રકારના આઘાતોથી ઘણી વાર મા-બાપો મૃત્યુ પણ પામી જતા હોય છે. માટે જ મેં પૂર્વે કહ્યું હતું કે:

Live for the best but be ready for the worst

સારામાં સારું જીવન જીવવાની આશા ભલે રાખો. પરંતુ ખરાબમાં ખરાબ જીવન વધાવી લેવાની તૈયારી પણ રાખો.

આજનો કરોડપતિ આવતી કાલનો રોડપતિ (ભિખારી) પણ થઈ જાય. આ જગતમાં આવું બધું જ બની શકે.

ધરતીકંપો થાય છે ત્યારે આવું જ બને છે ને? મોટ–મોટા મકાનો ધારાશાયી બની જાય, મહેલાતોમાં વસનારા શ્રીમંતો રસ્તે રઝળતા ભિખારી પણ બની જાય. પાકિસ્તાનના ભાગલા વખતે હજારો લોકો બેહાલ, ઘરબાર વિહોણાં અને માલ મિલકત વગરના બની જ ગયા હતા ને?

**લોકજીવનમાં વ્યાપેલી ભ્રષ્ટતા**

આવી વિષમસ્થિતિ દરમ્યાન તે જ માણસો ટકી શકે છે કે જે મુનિજનોના સત્સંગમાં સદા રહેતા હોય છે. સાચા સાધુવરોના પ્રવચન–શ્રાવણો કરતા હોય છે.

જીવનની તડકી - છાંયડીઓ વખતે સમાધિ કેળવવા માટે સદ્ગુરુનો સંગ ખૂબ જરૂરી છે.

જેમની પાસે સાચો સત્સંગ નથી તેમની પાસે વિપુલ સંપત્તિ કે ટોચ સત્તાનું સ્થાન હોય તો પણ તે 'બિચારો' છે. સત્સંગ વિનાના જીવનમાં તો ભ્રષ્ટતાના સો સો કાળોતરા નાગ પેસી જઈને ચક્કર મારતા હોય છે. એવા લોકોના જીવન દેખાવમાં જ ઉજળા હોય છે; હકીકતમાં એમની ભીતરી દુનિયા કાજ-બળથી પણ કાળી હોય છે.

પ્રજાના જીવનમાં વ્યાપક સ્તરમાં ભ્રષ્ટતા વ્યાપી ગઈ છે. એથી તો બહારનો જ 'દેખાવ' જોઈને કોઈને ઝટ 'સારા' કહી દેવાનું હવે દિલ થતું નથી. દરેક વાતમાં સો ગરણે પાણી પીવા જેવી સાવધાની રાખવી પડે છે.

આખા જગતને સુખી કરવાની વાતો કરનારા માનવતાવાદી માણસોની ભીતરની દુનિયાની વાતો ચામડાની આંખે જોઈ જાતી નથી. આવા માણસો કેટલીક વાર અમારા જેવાને પણ છેતરી જતા હોય છે. ધોળા કપડામાં કાળામાં કાળા કામ કરનારા લોકો વર્તમાન જગતમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઊભરાવા લાગ્યા છે. આવા જગતને સુધારવાનું કામ અત્યંત મુશ્કેલ છે.

**શેર દૂધમાં પાંચ શેર પાણી...**

રામકૃષ્ણ પરમહંસનો એક પ્રસંગ છે. એ સમયના પણ લોકોમાં વ્યાપી ચૂકેલી ભ્રષ્ટતાનું હુબહૂ વર્ણન રામકૃષ્ણે એક જ વાકયમાં કરી બતાવ્યું છે.

રામકૃષ્ણને જીવનની આથમતી સંધ્યાએ કૅન્સરનો ભયંકર વ્યાધિ થયો હતો તેઓ કાલી દેવીના ઉપાસક હતા. કૅન્સરને કારણે હવે રામકૃષ્ણજી ઘણું નહિ જીવે એવું એમના ભક્તોને લાગતું હોવાથી, લોકોના ટોળાંના ટોળાં એમના અંતિમ દર્શનાર્થે આવતા હતા. રામકૃષ્ણ જીવનના છેલ્લા દિવસોમાં પોતાની આરાધ્ય 'મા'ની ભક્તિમાં ડૂબી જવા ઈચ્છતા હતા. આથી ભક્તોના આ ટોળાં એમને વિઘ્નજનક લાગતા હતા. પણ કરુણાના કારણે તેઓ સ્પષ્ટ નિષેધ કરી શકતા નહિ.

એક વાર ખૂબ કંટાળી જઈને એ જગદમ્બાની મૂર્તિ પાસે ગયા, અને પોકાર કરીને કહ્યું કે, "મા! તું શા માટે મારી પાસે આ ભક્તોના ટોળાઓને મોકલી આપે છે? આ ભક્તોને સુધારવાનું કામ મારું છે કે તારું? મહેરબાની કરીને તેમને મારી પાસે મોકલીશ નહિ. એમને હું સુધારી શકું તેમ નથી. કારણ આ લોકો શેર દૂધમાં પડેલા પાંચ શેર પાણી જેવા છે! મારે શી રીતે એ પાણી બાળવું?"

જો તે કાળમાં પણ રામકૃષ્ણ લોકજીવનના સ્તરને સુધારવામાં મોટી હતાશા અનુભવતા હોય તો આજની સ્થિતિની તો શું વાત કરવી? જો 'વક્તુસ્ત્વેકાન્તતો હિતં' શાસ્ત્રવચન અમારી નજરમાં ન હોત તો અમને પણ કારમી હતાશા ઘેરી વળત.

**બહારનો ઉજળો અંદરથી કાળો**

વર્તમાન લોકોના જીવન એટલા બધા 'ડીગ્રેડ' થઈ ગયા છે; યુવાનોનો સદાચાર એટલો બધો કોહવાયો છે; બહેનોના શીલ એટલા હીન થવા લાગ્યા છે કે

બહારથી ઉજળામાં ઉજળો દેખાતો કોક માણસ અંદરથી કાળામાં કાળો અને પાપી હોય તો જરાય નવાઈ પામવા જેવું રહ્યું નથી.

ક્યારેક તો આધુનિકતાના રંગે સર્જાયેલી રૂપવતી સ્ત્રી અંદરથી અત્યંત કુરૂપ દેખાય છે. રૂપાળો દેખાતો જુવાન અંદરથી સાવ નિર્માલ્ય થઈ ગયો જણાય છે. બહારથી સારા દેખાતા કોક સંત અંદરથી સમ્પૂર્ણ જમાનાવાદી, તકવાદી અને ભોગવાદી બની ચૂકેલા જોવા મળે છે. આટલા બધા વ્યાપક બગાડનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે એક જ છે; સત્સંગતિનો દુકાળ. સાચો સત્સંગી દુઃખે દુઃખી ન થઈ જાય; અને પાપની પળોમાં પાપી ન બની જાય. માટે સાચો સત્સંગ કરજો – શ્રમણ અને તેનું શ્રવણ તો તમારા જીવનની જીવાદોરી છે.

પતિના વિરહમાં પીડાતી અંજનાસુંદરી તો નિસ્તેજ વદને મહેલમાં વસી રહી છે. એની પાસે વસંતા વગેરે એની સખીઓ સિવાય બીજું કોઈ નથી. પોતાના સુખ દુઃખની વાતો કરીને જે તે રીતે સખીઓ અંજનાને સાંત્વન આપે છે.

**સુખ વહેંચો તો સુખ વધે.**
**દુઃખ વહેંચો તો દુઃખ ઘટે.**

સુખ જેમ વહેંચવામાં આવે તેમ વધે. અને દુઃખ જેમ વહેંચવામાં આવે તેમ ઘટે એવી લોકોક્તિ છે. સજ્જન પુરુષોને એકલા એકલા ચાહ પીવા કરતાં બીજો કોઈ મિત્ર સાથે પીનારો હોય તો ચાહ પીવામાં વધુ સુખ લાગે છે. 'કપ મારો, તો રકાબી તમારી' આવી એમની મનોવૃત્તિ હોય છે. સજ્જનો માત્ર ખાવા-પીવામાં નહિ, પણ બીજાને ખવડાવવા અને પીવડાવવામાં તેઓ વધુ આનંદ અનુભવતા હોય છે. ચાહ પીવાનું સુખ વહેંચ્યું – બીજાને આપ્યું તો તે વધ્યું. કારણ સુખ વહેંચવાથી સુખ વધે છે.

અને જો પોતે ખૂબ દુઃખી હોય પણ એ દુઃખી માણસને બીજો કોઈ પોતાનો મિત્ર વગેરે એના દુઃખની વાત સાંભળનારો મળી જાય તો એનું દુઃખ ઘટી જાય છે.

બે સ્ત્રીઓ બહેનપણી હોય અને ધારો કે એકને પોતાના પતિ તરફથી ખૂબ ત્રાસ – માર પડતો હોય પણ તે સ્ત્રી પોતાના દુઃખની વાત બીજી સ્ત્રીને કરે છે ત્યારે તેનું દુઃખ અડધું થઈ જાય છે. ભલે તે સ્ત્રી પોતાની સખીના દુઃખમાં કશો ઘટાડો ન પણ કરાવી શકે; પરંતુ પરસ્પર વાત કરવા માત્રથી પણ સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે. સહ એટલે સાથે જે અનુભૂતિ કરાય એ જ સહાનુભૂતિ. એક બહેનપણીના દુઃખની વાત સાંભળતાં બીજી બહેનપણી એ સ્ત્રીના દુઃખની સહસાથે અનુભૂતિ કરે છે. આથી જ એનું દુઃખ હળવું થઈ જાય છે. અડધું થઈ જાય છે.

**તમારા અપશબ્દોથી ગરીબોના દુઃખ વધી જાય છે**

માટે જ માનવતાની દષ્ટિએ પણ કહું છું કે કોઈ દુઃખિયારાના દુઃખ–છેવટે તેના દુઃખની વાત માત્ર સાંભળીને પણ–હળવા કરવાની તક કદી જવા દેશો નહિ. તમારા ઘર - આંગણે કોઈ દુઃખી ગરીબ આવે તો 'ચલ... હટ્ ચાલ્યો જા અહીંથી, બદમાશ... તારા જેવા તો અહીં બહુ આવે છે' આવા જેવા તેવા અપ-શબ્દો બોલીને એ દુઃખીના દુઃખ વધારી મૂકતા નહિ.

આજના શ્રીમંતો ગરીબોને ધક્કા મારીને બહાર કાઢી મૂકે છે...એમાં ય જો કોઈ શરીરનો હૃષ્ટ પુષ્ટ જણાતો ભિખારી પૈસા માગે ત્યારે તો આ શ્રીમંતો

બોલવામાં બાકી રાખતા નથી. 'ચાલ ...નાલાયક... પઠાણ જેવું શરીર છે. છતાં નોકરી કરવી નથી અને મફતિયું માંગી ખાવું છે... નીકળ અહીંથી બહાર... 'આવું બોલવાથી શો લાભ થાય છે? તમારે ના જ આપવું હોય તો તમે જાણો ... પરંતુ મફત બોલી શકાતાં મીઠાં શબ્દો બોલીને ય જો ગરીબોના દુઃખ હળવા થતા હોય તો શા માટે એટલું પણ ઔદાર્ય કેળવી શકાતું નહિ હોય? શ્રીમંતાઈના અજીર્ણનું જ આ પાપ હશે ને?

## અંજનાની દુઃખિત સ્થિતિ

વસંતા મીઠા શબ્દો દ્વારા અંજનાને ખૂબ શાતા આપે છે. એનાથી અંજનાને થોડું દુઃખ ઓછું થાય છે પરંતુ વારંવાર પતિનું સ્મરણ થતાં પાછું એ દુઃખ વધી જાય છે. એ કશું બોલતી ય નથી. જાણે હેમંત ઋતુની કોયલ!! બોલે નહિ ને ચાલે નહિ.

બાવીશ બાવીશ વર્ષ સુધી અંજનાને આ દુઃખ સહન કરવું પડે છે. એ રડતી જાય છે અને દિવસો ગુજારતી જાય છે.

આ સ્થિતિ તમારી થાય તો તમે શું કરો? આ જ રીતે રડયા કરો અને દિવસો પૂરા કરો કે જે પ્રકારનું જીવન બની ગયું તેને અનુકૂળ થઈ જાઓ? Adjustment of life જીવન જેવું મળ્યું હોય એને અનુકૂળ થઈ જવાની કળા શીખી લેવી જોઈએ.

તમે સાધારણ સ્થિતિના હો તો જે ખૂબ ગરીબ હોય જે દિવસના પાંચ રૂ. પણ મેળવી શકતો ન હોય તેની સામે નજર કરો. તમને એમ થશે કે 'મારી પાસે તો ઘણું છે. હું તો રોજ પેટ ભરીને ખાઈ પણ શકું છું. જ્યારે આ બિચારાને તો પેટ પૂરતું ખાવા ય મળતું નથી.' તમારા આવા વિચારથી સાધારણ સ્થિતિ અંગેનું તમારું દુઃખ તરત જ જતું રહેશે.

એકસિડન્ટમાં તમારો પગ કપાઈ ગયો હોય તો તમે જેના બન્ને પગ કપાઈ ગયા છે એવા સાવ અપંગ માણસને જુઓ. તમને થશે કે, "મને તો એક પગ પણ છે. આ બિચારાને તો બે ય પગ ખલાસ થઈ ગયા!' આ વિચારથી એક પગ કપાઈ ગયા અંગેનું તમારું દુઃખ હળવું થઈ જશે.

તમે બહેરા–મૂગાની શાળા તરફ નજર નાંખો. રીસેસમાંથી નીકળતા એ બહેરા અને મૂંગા છોકરાઓને જોતાં અંતરમાં કરુણા ઉભરાઈ જશે. આંખમાં કદાચ આંસુ ય છલકાઈ જશે. પરંતુ એ લોકો તો હસતા ખીલતા ચાલ્યા જતા હશે. જાણે ઈશારાઓ દ્વારા કંઈક વાતો કરતાં માલૂમ પડશે. મેં આવા બાળકોને જોયા છે, ત્યારે મને એ જ વિચાર આવ્યો છે કે આ બાળકોએ પોતાના જીવનને આ સ્થિતિમાં કેવું 'એડજસ્ટ' કરી દીધું છે. Adjustment of life નું સૂત્ર કેવું જીવનસાત્ કરી દીધું છે!!

## दुःखे दुःखाधिकं पश्य

જયારે જે પરિસ્થિતિ આવે ત્યારે તેને અનુકૂળ થવુંજ પડે. એમાં આપણે ફેરફાર કરી શકતા ન હોઈએ ત્યારે રોઈ રોઈને સદા ઉદાસ બનીને જીવતા રહેવાથી અર્થ સરતો નથી.

જન્મના આંધળા માણસો પણ 'બ્રેઈન' લિપિમાં કેવું લખી-વાંચી શકતા હોય છે એ જુઓ. ટયુમરના દર્દથી પીડાતા માણસો તરફ જરા નજર તો કરો. કેટકેટલા ભયંકર ત્રાસમાંથી એ લોકો જીવન પસાર કરતા હોય છે! આ બધું જોતા તમને તમારું દુ:ખ એ દુ:ખરૂપ લાગશે જ નહિ.

પેલું વાકય યાદ કરો: "दु:खे दु:खाधिकं पश्य" "તું દુ:ખી છે? તો તારાથી પણ વધુ ભયંકર દુ:ખીને તું જો."

તમારાથી ઘણાં વધુ ભયંકર દુ:ખી લોકો આ જગતમાં જરૂર છે એમાં કોઈ શંકા નથી.

શું તમારા પગ બહુ જ દુ:ખે છે? તો તમે જેના પગે 'એક્સિડન્ટ' થયા પછી સળિયો નંખાવવો પડયો છે અને હૉસ્પિટલના એક રૂમમાં ખાટલા ઉપર પડેલા પલંગમાં સૂતા જેને પોતાનો પગ ચોવીસે કલાક અદ્ધર લટકતો રાખવો પડયો છે, એવા દર્દીને જુઓ.

શું તમને માથું ભયંકર દુ:ખે છે? તો આ સમયે કેન્સર અને ટ્યૂમરવાળા દર્દીઓને તમે યાદ કરો. કેવું ભયંકર દુ:ખ એ ભોગવી રહ્યો છે? જાણે એના માથાના કટકા થઈ રહ્યા છે!! કેન્સરના રોગના કારણે ભીંત જોડે માથું અફાળતા દર્દીઓને મેં પોતે જોયા છે. શું આથી વધુ તમને માથું દુ:ખે છે? જો ના... તો એવા દુ:ખાવાથી દુ:ખી શા માટે થઈ જવું?

શું તમને આ વ્યાખ્યાન-સભામાં ખૂબ ગરમી લાગે છે? તો આ જ મિનિટે જમશેદપુરના તાતાના કારખાનામાં કામ કરતા મજૂરોને તમે યાદ કરો. ધગધગતી ભયાનક આગની ભઠ્ઠી પાસે રહીને એ મજૂરો અત્યારે કામ કરી રહ્યા છે. આ વિચાર કરશો એટલે તો તમને 'આ સભામાં તો ખૂબ ઠંડક છે' એવો ભાસ થશે.

**મનના 'વેક્યુમ'ને પૂરી દેવા માટે મંત્રજાપ કે ભકિત અપનાવો**

દુ:ખની ભયંકર આગ વચ્ચે પણ સીમલાની ઠંડક માણવા માટે કોક મંત્ર કે ભજન કે શુભ વિચાર સરણીનું આલંબન તમારે લેવું જ પડશે. નવરા પડી જતાં મનમાં દુ:ખોના વિચારો જ્યારે ભરાવા - ઊભરાવા લાગે છે એવા 'વેક્યૂમ'ના સમયને સારા ચિંતન, ભજન, મંત્રજપ દ્વારા પૂરી દેવો જોઈએ. નિયત સમયના કાર્યક્રમોમાં અડધી મિનિટ પણ વહેલો કોઈ કાર્યક્રમ પૂરો થઈ જાય તો રેડિયો —એનાઉન્સર કોઈ સંગીતની રેકોર્ડ વગાડી દઈને એ 'વેક્યૂમ' પૂરી દે છે. તેવું તમારી પાસે 'કાંઈક' હોવું જોઈએ.

જીવનમાં કેટલીકવાર એવા ભયંકર આઘાતો અને દુ:ખો આવી પડે કે જે માણસને બાઘો બનાવી દે છે. શું કરવું તેની સમજણ જ ન પડે તેવા વખતે, દુ:ખોનો એ ભાર મન ઉપર સવાર ન થઈ જાય એ માટે, સુવિહિત મન્ત્રોના જાપ, પ્રભુભકિતના ગીતો કે કોઈ સારા સાંત્વન આપનારા પુસ્તકોનું વાચન વગેરે તમારે તૈયાર રાખવા જ જોઈએ કે જે મનના 'વેક્યુમ'ની જગ્યાઓ પૂરી દે.

અંજનાના માથે તૂટી પડેલા દુ:ખનો ભાર મન ઉપર સ્વારી ન કરી બેસે તે માટે તેને પણ આવા તત્ત્વની જરૂર હતી.

અંજનાના મનની સ્થિતિ અત્યંત દયનીય હતી. વસન્તા વગેરે સખીઓ ખૂબ આશ્વાસનો તો આપે છે પરંતુ શું થાય? પુરુષની જાત છે. ગમે તેમ તો ય પવનંજય

પતિ છે. એની સામે સ્રીથી બળવો કેમ થાય? કદાચ બળવો કરવાથી એકાદ સ્રીને કોઈ પ્રકારના સુખ મળી પણ જાય તોય એનાથી ભાવીમાં કેવા ભયંકર નુકસાનો થઈ જાય તેનો પણ વિચાર તો કરવો જ જોઈએને?

## રડવા-કૂટવાના રિવાજની પાછળનું રહસ્ય

આર્યદેશની લગભગ તમામ પરંપરાઓ શુભ હતી. અરે! કોઈના મૃત્યુ પછી છાતી માથુ કુટવાના રિવાજ સુદ્ધાંની પાછળ પણ રહસ્ય હતું. અલબત્ત; આધ્યાત્મિક દ્રષ્ટિએ આ રિવાજ ભલે ત્યાજ્ય ગણાતો, પરન્તુ પ્રાથમિક કક્ષાના જીવો માટેની વાત તદ્દન ન્યારી છે. એક સ્રી પોતાનો પતિ મૃત્યુ પામી જાય એટલે સહજભાવે ચોધાર આંસુઓએ રડી પડતી અને છાતી-માથું કૂટવા લાગી જતી. એના એ દુ:ખમાં સહભાગી બનીને તેને આશ્વાસન આપવા બીજી સ્રીઓ પણ રડતી. અને એકવાર આ રીતે એણીને પેટ ભરીને રડી લેવા દીધા પછી એના દુ:ખમાં ૭૫ ટકા ઘટાડો થઈ જતો. આમ આઘાતની આકારી વેદનાઓના સંભવિત ત્રાસમાંથી એ નારી મુક્ત બની જતી.

પરન્તુ આજે જે રીતે આ રિવાજ ચાલે છે અને એમાં મરી જનાર ધણીની સ્રીને આંસુ ન આવતા હોય તો પણ જે રીતે પરાણે ચૂંટીઓ ખણી ખણીને કે આંખમાં બામ લગાડાવીને રડાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે એ જરાય ઉચિત નથી. આવા પ્રકારના રુદન અને આંસુ એ તો મગરનાં આંસુ બની રહે છે.

## આજની વિપરીત સ્થિતિ

આજની સ્થિતિની તો વાત જ કરવા જેવી નથી. ચોવીશ વર્ષની જુવાન પત્ની, પોતાનો પતિ મરી જતાં હજી તો એના દેહની રાખ પણ થઈ ન હોય, એટલામાં તો નવા 'એગેંજમેન્ટ' માં રોકાઈ જતી હોય છે!! કેવી કંગાળ છે, આર્યનારીના અધ:પતનની આ વાસ્તવિકતા!!

પોતાનો સગો ઘરડો બાપ મરી જાય છે ત્યારે એનું મડદું બહાર નીકળતાંની સાથે જ બે ભાઈઓ લડી પડે છે... એક કહે છે: "બાપાજીવાળા આ રુમમાં હવે હું રહેવાનું રાખીશ." તો બીજો ભાઈ કહે છે: "ના હું જ તેમાં રહીશ." જાણે ઝટ બાપ મરે અને રૂમ ખાલી થાય એવી મનોદશા ધરાવતા આજના કેટલાક દીકરાઓ જોવા મળી જાય છે.

આ બધી અત્યંત આઘાતજનક મનોદશા છે.

## અંજનાનો સૂનકાર સંસાર

વસન્તાના મિથ્યા આશ્વાસનોની અંજના ઉપર કોઈ અસર થતી નથી. અંજનાની—સંસારની દ્રષ્ટિએ—સોહાગણ ગણાતી રાત્રિઓ સાવ સૂનકાર ભરેલી પસાર થાય છે. એના જીવનનું જાણે બધું જ સુખ સાફ થઈ જાય છે. કપાળ ઊપરથી કુમકુમના તિલક ભૂંસાઈ ગયા છે. માથામાંથી સેંથીના સિન્દૂર ચાલ્યા ગયા છે. દેહ ઉપરથી આભૂષણો દૂર થયા છે. હથેળી અને પગના તળિયાઓમાંથી મેંદીના રંગ સુકાઈ ગયા છે. મોંમાંથી તંબોળના પાન દૂર થયા છે. આંખેથી અંજને વિદાય લીધી છે. ગાલ બેસી ગયા છે અને હોઠ સુકાઈ ગયા છે.

હવે કોની ખાતર આ દેહને શણગારવાનો? પતિદેવ તો કદી મહેલે પધારતાજ નથી!! પતિને બતાડવા માટે જ આ શણગાર છે. પરપુરુષને દેખાડવા માટે નહિ.

પારકાને દેખાડવા માટે સ્ત્રીઓના દેહ નથી. અંજના સુંદરી આવો વિચાર કરે છે. એના હાડ અને માંસ સુકાઈ ગયા છે, મોં ઉપર કોઈ નૂર દેખાતું નથી. વદન સાવ નિસ્તેજ બની ગયું છે.

**આર્ય દેશની સ્ત્રીઓ કેવી?**

કયારેક વસંતતિલકા જેમ તેમ બોલી નાંખતી હોય છે: "આ પવનંજયને કેવો ધાર્યો હતો ને કેવો નીકળ્યો? તને આટઆટલા દુ:ખ આપતા શરમાતો પણ નથી? એમ લાગે છે કે, આની સામે સંસ્કારસભર અંજના તુરત વાંધો ઊઠાવતી હશે. અને કહેતી હશે કે, "ગમે તેમ તો ય આર્યપુત્ર મારા પતિદેવ છે. એની સામે એક હરફ પણ ન જ ઉચ્ચારાય. ખબરદાર છે; હવે પછી આર્યપુત્રની સામે કંઈ પણ બોલી છો તો?"

આર્યદેશની નારીનો પતિપરાયણતાનો કેવો ઉચ્ચ આદર્શ! પોતાની પ્રિય સખી અંજનાને તરફડતી અને અતિ દુ:ખી જોઈને એની સખી વસંતા કેવું કેવું વિચારતી હશે અને બોલતી હશે? અને ત્યારે અંજના એને એક આર્યપત્ની તરીકે કેવી રીતે વારતી હશે તેનું અનુમાન જ આપણે તો કરી શકીએ.

**તો અંજના આ સમયને પ્રભુ ભકિતનો સમય બનાવી શકત**

અંજનાને એવી કોઈ ઉત્તમોત્તમ દૃષ્ટિ પ્રાપ્ત ન થઈ; નહિ તો એ પોતાના દુ:ખના આ સમયને પણ પરમાત્માની વિશિષ્ટ ભકિત દ્વારા રસતરબોળ બની જવાનો સમય બનાવી શકી હોત.

જેમ મીરાંએ પોતાના પતિએ એને તરછોડી ત્યારે તેણીએ પોતાના ઈષ્ટદેવની ભકિતમાં પોતાનું જીવન રસતરબોળ કરી દીધું! એણે ગાયું, "પ્રીતમ તું એક પ્યારો અખંડ સૌભાગ્ય મારો, રંડાવાનો ભય વાર્યો મોહન પ્યારા ...."

આવા ગીતો ગાઈને જો મીરા જેવી લૌકિક કક્ષાની સ્ત્રી પણ પોતાના ઈષ્ટદેવના ગાનમાં મસ્ત બની શકી અને લોકોકિત પ્રમાણે પતિએ મોકલેલાં વિષને અમૃત બનાવી શકી તો લોકોત્તર ધર્મશાસનને વરેલી વ્યકિતઓ તો દુ:ખના કાળમાં ય કેવી સમાધિ-મસ્ત હોવી જોઈએ?

**પ્રવચનોના પ્રસારણ દ્વારા મફતનું પુણ્ય મેળવો ...**

જીવનમાં દુ:ખમાં ય શાંતિ અને સમાધિ કેળવવા માટે કોઈને કોઈ આલંબન તો પકડવું જ પડશે. કોઈ સારા પુસ્તકોના વાચનનું પણ આલંબન લઈ શકાય છે. રે! તમે દર રવિવારે જે વ્યાખ્યાનો સાંભળો છો તે છપાઈને આગામી રવિવારે બહાર પડી જ જાય છે. તે લઈ જાઓ અને વાંચો. તમારા સહુને માટે અથાગ પરિશ્રમ લઈને આ પ્રવચનોનું અવતરણ થઈને મુદ્રિત થાય છે. માત્ર થોડા પૈસામાં પ્રાપ્ત થતી આ પુસ્તિકાઓને ૫૦ પૈસામાં ૫૦ ગ્રામ મળી જતી મગફળી બરોબર ગણી લેવાની ભૂલ કરજો મા. કદાચ આ પુસ્તિકાઓ તો તમને જીવન જીવવાનો કોઈ નવો જ દૃષ્ટિકોણ દેતી અમૂલ્ય અમૃતધારા બની રહેશે.

બીજા અનેકોને આ પુસ્તિકા વંચાવીને તેનો પ્રચાર કરો. કો'ક પુણ્યવતી પળ જાગશે તો કો'ક સ્ત્રી આ વાંચીને શીલવતી બની જશે. કો'ક પતિ પોતાની સ્ત્રીને મારઝૂડ કરવાના પામર કૃત્યને ફગાવી દેશે. કોક યુવાન એના

માતાપિતાનો ત્યાગી મટીને રાગી બની જશે. કો'ક ધર્માત્મા ધર્મના સાચા રહસ્યોને પ્રીછી લઈને; જીવન કોઈ ઉજ્જવળ ગ્રંથ હાથ કરી લેશે.

તમે તમારા જીવનમાં જે કાંઈ પ્રવૃતિઓ કરો છો તેમાં થોડું થોડું પણ બીજાઓને પુસ્તિકાની પ્રેરણા કરવાનું પુણ્ય જે મફતમાં ખૂબ સહેલાઈથી મળી જનારું છે, તે ભેગું કરો. માનવજીવન મળ્યું છે તો તે માત્ર પેટ ભરવા માટે જ નથી મળ્યું. અને જો પેટ ભરવા માટે જ આ જીવન હોય તો કૂતરાને ય ક્યાં પેટ ભરતા નથી આવડતું ? પેટ ભરવા માત્રથી માનવની શી મહાનતા છે?

**રાવણનો દૂત દ્વારા સંદેશો**

હવે આપણે અંજનાના પ્રસંગમાં આગળ વધીએ.

અંજનાના જીવનનો કેટલોક દુ:ખિત કાળ પસાર થઈ રહ્યો હતો ત્યારે એક વાર રાક્ષસપતિ રાવણના દૂતે આવીને રાજા પ્રહ્લાદને જણાવ્યું કે, "વરુણ નામનો રાજા રાવણની સાથે નિરંતર વૈર ધારણ કરતો હતો અને રાવણની આણ સ્વીકારતો ન હતો. વળી રાવણની આણને સ્વીકારી લેવાની તેને વાત કરતા તે જેમ તેમ બોલવા લાગ્યો. તેના જેવા તેવા કટુ વચનો સાંભળીને રાવણે ક્રુદ્ધ બની તેની ઉપર ચઢાઈ કરી. એની નગરીને ઘેરી લીધી અને ખૂંખાર યુદ્ધ જામી ગયું. આ મહાસંગ્રામમાં વરુણના પુત્રો ખરને બાંધીને પોતાની નગરીમાં લઈ ગયા છે. આથી હવે રાવણે વિદ્યાધર રાજવીઓને સૈન્ય સહિત બોલાવવા મોકલ્યા છે. તમને પણ હું એ માટે જ બોલાવવા આવ્યો છું."

**યુદ્ધ માટે પવનંજયનું ગમન**

દૂતની વાતો સાંભળીને રાજા પ્રહ્લાદ રાવણની વહારે ધાવા તૈયાર થયો. ત્યારે પ્રહ્લાદના પુત્ર પવનંજય પિતાને કહે છે: "પિતાજી! આપને આ માટે જવાની કોઈ જરૂર નથી. રાવણનો મનોરથ હું પૂર્ણ કરીશ."

આ રીતે આગ્રહપૂર્વક પિતાની સંમતિ લઈને પવનંજય યુદ્ધમાં જવા ચાલી નીકળ્યો. પતિની આ યુદ્ધ-યાત્રાના સમાચાર લોકમુખેથી સાંભળીને અંજના સુંદરી તેમને મળવા અત્યંત ઉત્કંઠિત થઈ ગઈ.

અંજનાના અંતરમાં એવી અભિલાષા હતી કે, આજે તો મારા સ્વામીનાથ જરૂર મને મળવા આવશે જ. યુદ્ધના મોરચે જવું એટલે મોતને વરવા જવું. જાણે કે, છેલ્લી વિદાય ... ગમે તેવો વૈરી પણ વૈર ભૂલે અને સ્વજનને પ્રેમ બતાડે, તો મારા પતિદેવમાં કાંઈ પાપણ જેવી કઠોરતા તો નથી જ, કે તે આજે ય મને ભૂલી જાય. આજે તો જરૂર મારી પાસે આવશે.

પરંતુ અંજનાની એ આશા ઠગારી નીવડી. પવનંજયને તો અંજનાને મળવાનો વિચાર સુદ્ધાં પણ ન આવ્યો. એની દુનિયામાં બધા જ હતા; સિવાય અંજના ... અંજનાનું એના હૈયે કોઈ સ્થાન ન હતું.

**પતિને જોવા અધીરી અંજનાની દશા**

પોતાના પતિદેવ પવનંજયને નિરખવા અધીરી બની ગયેલી અંજના મહેલમાંથી ધડધડ કરતી નીચે ઊતરી આવી. જાણે આકાશમાંથી દેવાંગના ઊતરી!! પતિને જોવા માટે એક થાંભલાને ટેકો દઈને પૂતળીની જેમ સ્થિર ઊભી રહી.

એના અંતરમાં જાણે અરમાન હશે કે, "ગમે તેમ એ મારા પતિદેવ છે. એમને હું જરૂર અટકાવીશ. મારે એમને પ્રિયવચન દેવાં છે કે, 'યુદ્ધમાં વિજય વરીને આવજો. શું એક પત્ની તરીકે મને આટલો ય અધિકાર નહિ હોય?'

જેવો પવનંજય મહેલની નજીક આવી જાય છે કે તેણે અંજનાને જોઈ. અંજના અનિમેષ નજરે પવનંજયને જોઈ રહી હતી. અસ્વસ્થતાથી એનું હૃદય પીડિત હતું. બીજના ચન્દ્ર જેવી કૃશ એની દેહલતા હતી. શિથિલ કેશલતાઓ વડે એનું લલાટ ઢંકાયેલુ હતું. ઢીલી પડી ગયેલી ભુજલતાઓ લટકતી હતી. એના હોઠ પર તાંબૂલ ન હતું. આંખના આંસુથી એનું મોં ધોવાઈ રહયું હતું. અને આંખોમાંથી અંજન તો કયારનું ચાલ્યું ગયું હતું.

આવી અંજનાને પવનંજયે જોઈ. જોતાં જ એણે વિચાર્યું: "અહો! આ સ્ત્રી કેટલી નિર્લજ્જ અને નિર્ભય છે.! આવી રીતે વચ્ચે આવીને ઊભી રહી છે! હું આના દુષ્ટ મનને પહેલેથી જ જાણતો હતો, છતાં શું થાય? માતા-પિતાની આજ્ઞાના ઉલ્લંઘનના ભયથી જ મારે તેને પરણવું પડયું!"

**ગામ ફેરવવા કરતાં ગાડું ફેરવો**

જયારે પાપકર્મોના ઉદય થાય છે ત્યારે બધુંજ આવનવું બને છે. તમે કદાચ તમારા માતા-પિતાના ચોથા નંબરના પુત્ર હો અને માતાપિતા ત્રણે પુત્રો ઉપર ખૂબ હેત રાખતા હોય પરંતુ તમારા ઉપર જરાય હેત ન ધરાવતા હોય એવુંય બને!

તમારા પાપકર્મો તમને કયાંય પ્રિય થવા દેતા ન હોય. બધેથી કદાચ તમને જાકારો ય મળતો હોય. તમને કયાંય યશકીર્તિ પ્રાપ્ત થતા ન હોય. આવી સ્થિતિમાં ય તમે કોઈનું અશુભ ચિંતવશો નહિ. આત્માની અંદર અનુપમ સમાધિ કેળવજો.

તમારા માતાપિતાને દોષ દેજો મા. તે વખતે તમે વિચારજો કે, "મારાજ પાપકર્મો આમાં કારણ છે. આથી જ બધા જોડે મારે લઢવાડ વગેરે થાય છે. મારું જ પુણ્ય ઓછું છે. આને કારણે હું સહુને શત્રુ જેવો લાગું છું. આથી હવે મારે જ મારું પુણ્ય વધારવું જોઈએ અને એ પુણ્ય ધર્મથી જ પ્રાપ્ત થતું હોવાથી ધર્મ તત્ત્વનું જ શરણ સ્વીકારવુ જોઈએ."

બધા આપણા માટે સારું વિચારે એવું ન વિચારો. ગામ ફેરવવા કરતાં ગાડું ફેરવી નાંખવું એ ખૂબ મહત્ત્વનું છે. તમે જ તમારું પુણ્ય વધારી દો તો બધું સારું થઈ જાય.

**અંજનાની પવનંજયને વિજયકામના**

અંજના પવનંજયના ચરણોમાં પડી જાય છે. અને અંજલિ જોડીને કહે છે: "હે સ્વામીનાથ! તમે બધાની સંભાળ લીધી. બધાની સાથે હળ્યા મળ્યા; પરન્તુ મારી જરા ય સંભાળ ન લીધી? ભલે ... સ્વામીનાથ! આપને જચ્યું તે ખરું. હવે મારી આપને એક જ વિનંતિ છે કે આપ મને કદી ભૂલશો નહિ. આપનો માર્ગ સુખકારી બની રહો. યુદ્ધમાં આપ વિજયલક્ષ્મી વરીને પુન: વહેલા પધારજો. આપની આ અભાગિણી દાસી આપના યશને ઝંખે છે. પધારો ... સ્વામીદેવ! शिवास्ते पन्थान: सन्तु।"

**વિચારોના સુષુપ્ત મનમાં પડી જતા પ્રતિબિમ્બો**

પવનંજય નીચું જોઈ જાય છે. એ કશું જ બોલતો નથી. પણ એક વાર

એની દૃષ્ટિ બરાબર અંજના ઉપર પડી ગઈ હતી. એના સુષુપ્ત મનમાં અંજનાના સુકાઈ ગયેલા અને નિસ્તેજ મુખારવિંદનું, એના ભૂંસાઈ ગયેલા સેંથીના સિંદૂરનું અને ઊંડી ચાલી ગયેલી આંખોનું પ્રતિબિંબ પડી ગયું. એના તદ્દન નંખાઈ ગયેલા શરીરનો 'ફોટો' મનમાં પડી ગયો.

માણસ જે કાંઈ જુએ છે, વિચારે છે અને સાંભળે છે એ સૌથી પહેલા જાગૃત મનમાં ઉપયોગરૂપે આવે છે અને પછી એ જ દર્શન, ચિંતન અને શ્રવણ સુષુપ્ત મનમાં મનની અન્ય પ્રક્રિયાઓ રૂપે ચાલ્યુ જાય છે.

અત્યારે તમે જે વ્યાખ્યાન સાંભળો છો તે બહાર નીકળીને જ્યારે તમે ચંપલ શોધવા લાગશો એટલામાં જ વ્યાખ્યાનની આ વાતો મનમાં રૂપાંતરિત બનીને ચાલી જશે.

**'સ્ટીમરોલર' ન બનો**

પવનંજય અંજના પ્રત્યે તિરસ્કાર કેળવીને ચાલ્યો ગયો. આજના વર્તમાન જીવનમાં પણ વડીલો ઘણી વાર વાતવાતમાં જીભ કચડતા હોય છે. ક્રોધમાં આવી જતા હોય છે. જાણે ( steam rollar ) બનીને જીવતા હોય છે. પોતાના જ કુટુંમ્બીજનોને વડીલશાહીના જોર પર ગમે તે રીતે કચડી નાંખવા એ ખરેખર ખૂબ જ હીચકારું અપકૃત્ય ગણાય.

**બીજાને 'સન્માન' આપવાની કળા શીખો**

શું આ સાચા શાહુકારોના જીવન છે? પોતાના જ ઘરનો કોઈ સભ્ય કોઈ યોગ્ય વસ્તુની માંગણી કરે એટલા માત્રથી આવેશમાં આવી જવાય? શું બીજા કોઈને ઘરમાં યોગ્ય રીતે જીવવાનો અધિકાર નહિ હોય? (Reverance for life) બીજાને સન્માન આપવાની નીતિની તો જાણે વાત જ નહીં? હાય! કેટલી ક્રૂરતા?

એક સ્ત્રી પોતાના મા-બાપના સમગ્ર પિયરને મૂકીને પતિના ઘેર આવી. એનો અર્થ શું એવો થોડો છે કે પતિ ગમે તે રીતે પત્ની ઉપર મારઝૂડ કરી શકે છે? બાળકોને વાતવાતમાં તિરસ્કારી શકે છે? બીજાને સન્માનવાની કલા જો નહિ અપનાવાય તો એ ઘરના તમામ સ્વજનોને વડીલશાહી નીચે ધીકતી ધરા જેવી લાચાર જિંદગી પૂરી કરી નાંખવી પડશે.

હમણાં હમણાં તો બુઢ્ઢા થઈ ગયેલા બાપા, દીકરાઓને પણ ગમતા નથી. ઘરના ઘાટીઓ અને ડ્રાઈવરોને માલિક ઉપર સદ્‌ભાવ રહ્યો નથી.

અફસોસ જે પોતાના મુનિમોને ય સાંભળી શકતો નથી; પોતાના ઘરને ય નિર્દોષ સ્નેહથી ભરી શકતો નથી તે માણસ બનાસકાંઠાની અતિવૃષ્ટિની હોનારતમાં જો મોટું દાન દેતો હોય તો મને એમ કહેવાનું મન થઈ જાય કે તે માત્ર સસ્તી કીર્તિ કમાઈ લેવા નીકળ્યો છે! એને દયા સાથે કશી નિસ્બત નથી. નહિ તો એની પોતાના જ ઘરની એણે શરૂઆત કરી ન હોત?

**પીળિયો થયા પછી બધું પીળું જ દેખાય**

પવનંજય પ્રત્યેની અપાર પતિભક્તિના કારણે જ અંજના ઊભી રહી. પરંતુ પવનંજયને તે ય ઊંધું પડ્યું. જ્યારે માણસને પીળિયો થયો હોય ત્યારે બધું ઊંધું જ દેખાય છે.

આ સમાજમાં ઘણા લોકો એવા હોય છે કે જે ઘરની બહાર બધાની સાથે સભ્ય

વર્તાવ રાખી શકે છે. આઈસક્રીમની પાર્ટીઓમાં જાવ કે ઑબેરોય હોટલમાં જાવ બધે જ હસતા ખીલતા રહી શકે છે. પરંતુ ઘરની અંદર આવા માણસોને ક્રોધ અને આવેશ સિવાય બીજી કોઈ ભાષામાં બોલતા જ આવડતું નથી. આ કેવી કમનશીબી કહેવાય ?

સમાજની અંદર એટલી બધી હદ સુધી આવી ખરાબીઓ વ્યાપી ચૂકી છે કે માટે જ મારે આ રામાયણમાં તમારી રામાયણો અંગેય સાફસૂફી કરવી પડે છે. અને કેટલીક સાફ સાફ વાતો જણાવવી પડે છે.

**માનસરોવરે પવનંજયનો પડાવ**

પવનંજયના સુષુપ્ત અંતરમાં આ વાત જડાઈ ગઈ હોવી જોઈએ કે જો અંજના ખરેખર કુલટા હોત તો એ મોંમાં પાન ચાવતી હોત. આંખે અંજન હોત. હસતી અને ખિલતી હોત. ખુશખુશાલ હોત. પરંતુ એનાથી તો સાવ ઊલટું જ એના દેહ પર જણાતું હતું.' પણ જાણે પાછો પવનંજયનો વિચાર વળાંક લેતો હશે અને એ બોલી ઊઠતો હશે... "પણ... ના... તેથી શું? કુલટાને તો બધાજ ચાળા કરતા આવડતા હોય છે."

પતિએ કરેલી પોતાની અવગણનાને કારણે અંજનાના દુઃખનો કોઈ પાર ન રહ્યો. એ અંતઃપુરમાં જઈને જમીન ઉપર પટકાઈ પડી.

પવનંજય માન સરોવરે આવ્યો અને સાંજના સમયે ત્યાં જ પોતાનો નિવાસ નાંખ્યો. પવનંજય વિદ્યાધર હતો. આથી વિદ્યાશક્તિના બળે તેણે એક પ્રાસાદ ઊભો કર્યો.

સૂર્ય અસ્ત પામી ગયો અને જાણે પવનંજયને જીવનને સમૂળગું ફેરવી નાંખતું એક પરિવર્તન બિન્દુ પ્રાપ્ત થઈ ગયું.

**પવનંજયને પ્રાપ્ત થતું પરિવર્તન બિન્દુ**

અચાનક પવનંજયના કર્ણપટલ ઉપર કોઇ પક્ષીની તીણી ચીસો અથડાય છે. પવનંજય વિચારે છે: કોની આ ચીસો હશે?

પલંગ ઉપર બેઠેલા પવનંજયે જોયું તો એક ચક્રવાકી તેની નજરે ચઢી. પોતાના પતિ ચક્રવાકના વિરહની પીડાથી એનું અંતર પીડિત હતું. આખો દિવસ ચક્રવાક સાથેજ ગુજારવા છતાં જેવો સૂર્યાસ્ત થાય કે તરતજ એ બન્ને પંખીડા અવશ્ય છૂટા પડી જ જાય. જાણે કુદરતનો એવો કાનૂન છે.

આથી જ ચક્રવાકી ચીસો પાડી રહી હતી. ચક્રવાકના વિરહથી પીડાતી, ચક્રવાકી મૃણાલ લતાને ખાતી નથી. શીતળ જળથી પણ જાણે પરિતાપ પામી રહી છે. ચન્દ્રની જ્યોત્સ્ના પણ જાણે એને અગ્નિજવાળા લાગી રહી છે.

આમતેમ દોડતી, અથડાતી, કૂટાતી તથા કારમી અને કરૂણ ચિચિયારીઓને પાડતી ચક્રવાકીને જોતાંજ પવનંજયના અંતરમાં એક વિચાર ઝબૂકી ગયો: " આ ચક્રવાકીઓ આખો દિવસ પોતપોતાના પતિ સાથે ક્રીડા કરે છે. છતાં રાત્રિ માત્ર પણ તેનો વિરહ ખમી શકતી નથી... ઓહ! તો પેલી અંજનાનું શું થતું હશે? લગ્નની પહેલી જ રાત્રિથી મેં તેનો પરિત્યાગ કરી દીધો હતો. જાણે મારે માટે પરસ્ત્રી ન હોય! એનું કલ્પાંત કર્યું હશે? એના રૂંવે રૂંવે કેટલી તીવ્ર વ્યથાઓ હશે? લાખ લાખ ડંખ એને કેવા ભોકાતાં હશે? ...... અરે! પણ એ તો કુલટા હતી ... મેં તો અને પરપુરુષની અનુરાગિણી માનેલી... તો શું મારી ભૂલ થાય છે?

હા......જરૂર...! એ કુલટા ન હોઈ શકે. એના હાથમાં મેંદી ન હતી. સેંથીમાં સિન્દુર ન હતું. એ હસતી ખીલતી ન હતી ... જરૂર આ કુલટા ન જ હોય; નથી જ... આ તો પતિવ્રતાના સુલક્ષણો છે.

"હાય! દુખના ભારથી દબાયેલી, ચંપાયેલી, અકળાયેલી અને અનાથ દશામાં મુકાયેલી, મેં એની સંભાળ પણ ન લીધી ! !

ધિક્કાર છે; મારા અવિવેકને ! એની હત્યાના પાપો કરીને હવે હું ક્યાં જઈશ ?"

**પવનંજયનું અંજનાના મહેલે આગમન**

પોતાના અંતરની આ વાત એણે પ્રહસિતને જણાવી. પ્રહસિત તો ખરેખર ખુશ થઈ ગયો. એણે પવનંજયને કહ્યું : "મિત્ર! ઘણા વખતે પણ તને સાચું સમજાયું એ ખૂબ સારું થયું છે. અંજનાની દશા તો વિયોગી આરસી પક્ષી જેવી છે. પતિના વિરહમાં ઝૂરતી સ્ત્રીના જે લક્ષણો હોય એ અંજનામાં મને દેખાતા હતા. મને એનામાં કુલટાના લક્ષણો દેખાયાં નથી. ધન્યવાદ ! પવનંજય ! મોડે મોડે પણ તને આ બ્રહ્મજ્ઞાન થયું ખરું! હવે તો તુરત તેની પાસે જઈને તેને આશ્વાસન આપીને પુન: અહીં પાછા આવવું એ જ ઉચિત છે. "

પવનંજયનું અન્તર જાણે એમ કહેતું હતું: મેં એક નિરપરાધી સ્ત્રીનો ઘોર અપરાધ કર્યો છે. મારે એની માફી માંગવી જ જોઈએ.'

પવનંજય અને પ્રહસિત બન્ને વિદ્યાના બળે આકાશમાં ઊડીને અંજના સુંદરીના મહેલે પાછા આવે છે.

**અંગ્રેજોએ વાવેલા બીજોના કટુ ફળો**

તમે લોકો એમ ન માનશો કે આજના વિજ્ઞાનીઓ જ બધી સિદ્ધિઓ મેળવી શક્યા છે. અરે! આ અંગ્રેજો પાસે તો કાંઈ નથી. એમની પાસે જે સિદ્ધિઓ હતી એનાથી ક્યાંય ચઢી જાય એવી સિદ્ધિઓ ભારત પાસે હતી.

એક નાનકડી વીંટીમાંથી અનેક પડવાળો એક આખો કાપડનો તાકો અત્યંત મુલાયમ અને ઝીણી બનાવટવાળો આ આર્યદેશના કારીગરો પાસે હતો. અને આવા કારીગરોને ચાલાકી અને સીફતથી અંગ્રેજોએ મારી પણ નાંખ્યા છે. ન જાણે એવા તો કેટલાય ભારતીય કલાકારોનો એ ગોરાઓએ સંહાર કરી નાંખ્યો હશે!

અંગ્રેજો સામે હું અમસ્તો જ આમ નથી બોલતો. અલબત્ત મને એમના ઉપર લગીરે દ્વેષ નથી પણ એમણે વાવેલા ઝેરી બીજોના કટુફળો આજે આર્ય-પ્રજાને જે રીતે આરોગવા પડયા છે એ જોઈને મારી વ્યથા વધી ગઈ છે. આજના રાસાયણિક ખાતા, ડેરીઓ, ફર્ટીલાઈઝર પ્લાન્ટો, ક્રૂર કતલખાનાઓ વગેરે બધા એવા ભેદી સાણસાઓ અંગ્રેજોએ અહીં મૂકી દીધા છે કે 'મેં તો મરું, મગર તુમકો ભી બરબાદ કરું.' એના જેવો ઘાટ ઘડાયો છે.

અનેક પ્રકારની ચીજો આર્યદેશ પાસે હતી. આ વાત જો બરાબર આપણને સમજાઈ જાય તો અંગ્રેજોની સિદ્ધિઓમાં અંજાઈ જવાની કે એમનું અનુકરણ કરવાની ભૂલ કદી નહિ થાય.

**અંજનાનો હુંકાર : પરપુરષને કાઢી મૂકો**

પ્રહસિત સૌથી પહેલો અંજનાના ઘરમાં પ્રવેશે છે. ત્યારે અંજના અલ્પ

જળમાં રહેલી માછલીની જેમ તરફડતી પલંગ ઉપર પડી છે. હૃદયના આંતર તાપથી એના હારનાં મોતી ફૂટી જતાં હતાં. અસહ્ય પીડા પૂર્વક પછડાતી ભુજાઓથી મણિનાં કંકણો ભાંગી જતાં હતાં. વસંતા એને વારંવાર આશ્વાસનો આપતી હતી.

પ્રહસિતને એકદમ પોતાના ઘરમાં પ્રવેશેલો જોઈને અંજના બોલી કે, "અરે તમે કોણ છો? પરપુરુષ હોવા છતાં તમે અહીં કેમ આવ્યા છો? પરસ્ત્રીના ઘરમાંથી ચાલ્યા જાઓ. ઓ વસંતા! આ પરપુરૂષને પકડીને બહાર કાઢી મૂક. મારા સ્વામી પવનંજય સિવાય આ ઘરમાં પ્રવેશવાનો કોઈને અધિકાર નથી."

નમસ્કાર કરીને પ્રહસિત બોલી ઊઠયો:" દેવી! આપના સ્વામી પવનંજય અહીં પધારી ગયા છે. હું એમનો મિત્ર પ્રહસિત છું."

અંજના કહે છે:" અરે! પ્રહસિત! દુર્ભાગ્યે જ મારી મશ્કરી કરેલી છે. હવે તમે વધારે શા માટે મારી મશ્કરી કરો છો? મારા પૂર્વકર્મનો જ દોષ છે. નહિ તો કુળવાન મારો પતિ મને શા માટે તરછોડે? લગ્નના દિવસથી માંડીને જ પતિએ મારો ત્યાગ કર્યો છે. આજ બાવીશ વર્ષના વહાણાં વાઈ ગયા. તો ય હું પાપિણી આજે ય કેમ જીવું છું? એજ સવાલ છે."

**પવનંજય અને અંજનાનું મિલન**

અંજનાના આ વચનો સાંભળીને જ અતિદુ:ખિત બની ગયેલો પવનજય એકદમ અંદર આવી ગયો અને ગદ્‌ગદ્ વાણીએ બોલી ઊઠયો : " ક્ષુદ્ર બુદ્ધિવાળા એવા મારી ભૂલ થઈ ગઈ છે. અંજના! મને માફ કર. મારા પાપે તારી આવી દશા થઈ ગઈ. મારા ભાગ્યયોગે જ તું જીવે છે. નહિ તો કદાચ મરી ગઈ હોત."

સાક્ષાત્ પતિને જોઈને, તેમને ઓળખી લઈને, શરમાઈ ગયેલી અંજના પલંગની ઈસનો ટેકો લઈને મુખ નીચું નાંખી દઈ ઊભી રહી. પછી અંજનાએ કહ્યું:" નાથ! એવું ન બોલો. હું તો તમારી સદાની દાસી છું. જે બન્યું છે તેમાં મારા જ પાપકર્મનો વાંક છે. આપનો એમાં કશો દોષ નથી. આપે મારી ક્ષમા માંગવી તે જરાય ઉચિત નથી.

અંજના અને પવનંજય બન્ને તે રાત્રિએ સાથે રહ્યા.

**અંજનાને વીંટીનું પ્રદાન**

સવારે વહેલા પાછા જતાં પવનંજયને અંજના કહે છે: "સ્વામિનાથ! આપ જો મને જીવતી જોવા ઈચ્છતા હો તો સત્ત્વર પાછા આવજો. વળી આજે જ મને કદાચ ગર્ભ રહે તો મારે શું કહેવું? કદાચ લોકો મારી નિંદા કરે."

પવનંજયે કહ્યું : "અંજના, હું જેમ બને તેમ જલદી પાછો આવીશ. આમ છતાં જરૂર પડે તો મારા આગમનના પ્રતીકરૂપે મારા નામથી અંકિત આ મુદ્રિકા બતાવજે. પછી તારા ઉપર કોઈ પણ પ્રકારની શંકા કોઈ નહિ કરે."

પવનંજય આ પ્રમાણે કહીને પુન: માનસ સરોવરે ચાલ્યો ગયો. પવનંજય ગયો અને જાણે અંજનાના જીવનમાં સુખની એક નાનકડી વીજળી ઝબૂકી ગઈ અને વળી પાછી દુ:ખની કાજળકાળી અંધિયારી રાત શરૂ થઈ.

અંજનાને તે જ રાત્રિથી ગર્ભ રહ્યો. એના અવયવોમાં ફેરફાર થવા લાગ્યો. ગર્ભના ચિહ્નો તેના શરીર ઉપર ધીરે ધીરે જણાવવા લાગ્યા.

**અંજનાનો ગૃહ બહિષ્કાર**

એ જોઈને સાસુ કેતુમતી છંછેડાઈ ઊઠી. એણે તિરસ્કારપૂર્વક અંજનાને કહ્યું : "અરે! પાપિણી! તારો પતિ તો કયારનો દેશાંતર ગયો છે. અને તું

ગર્ભિણી કેમ થઈ? કુળને કલંક આપનારું આવું કૃત્ય તેં કેમ કર્યું? આજ સુધી પવનંજય દ્વારા થતી તારી તર્જનાને હું તેનું અજ્ઞાન સમજતી હતી. આજે મેં જાણ્યું કે તું ખરેખર સદાચારિણી નથી."

સાસુના અત્યંત આઘાતજનક શબ્દો સાંભળીને રડી પડેલી અંજનાને પતિના આગમનની સૂચક એવી વીંટી બતાવી, તો પણ કેતુમતીએ માન્યું નહિ અને કહ્યું: "રે! દુષ્ટ! તારો પતિ તારું નામ પણ લેતો ન હતો તો તે તારી પાસે શી રીતે આવે? કુલટા સ્ત્રીઓ છેતરપિંડીના બધા પ્રકાર જાણતી હોય છે. ચાલ...તું હમણાં જ મારા ઘરમાંથી બહાર નીકળી જા." અને......રડતે હૃદયે, નીતરતી આંખે અંજના વસંતાની સાથે રથમાં બેસીને પોતાના પિયરે ચાલી ગઈ.

કેતુમતીએ ચોક્કસાઈપૂર્વક તપાસ કર્યા વગર અંજનાને કાઢી મૂકી તે એની ભૂલ જરૂર ગણાય. તો પણ અંજના પ્રત્યેના વ્યકિતગત તિરસ્કારથી સાસુએ તેને કાઢી મૂકી ન હતી; પરંતુ અંજના પ્રત્યે 'કુલટા'પણાની કલ્પનાને કારણે જ સાસુથી આ અકાર્ય થઈ ગયું હતું.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે આર્ય દેશની સાસુઓ વહુના કુશીલને કદાપિ ચલાવી લેતી ન હતી. જેના જીવનમાં શીલ નથી એવી વહુઓ સમગ્ર કુટુંબનું નિકંદન કાઢી નાખવામાં નિમિત્ત બની જાય તો નવાઈ નહિ. એને માટે જ વહુ શિયળવિહોણું જીવન જીવે એના કરતાં કૂવો પૂરે તેમાં ઓછું નુકસાન ગણવામાં આવતું હતું. એક બાજુ એક વ્યકિતનું મોત થાય છે અને બાજુ સમગ્ર સંસ્કૃતિના શીલધર્મની સુરક્ષા વધુ સ્થિર થાય છે. બેમાંથી જ પસંદગી કરવાની હોય તો શીલની સુરક્ષાને પ્રથમ નંબર આપવો જ રહ્યો. આવી વિચારણા કેતુમતીના અંતરમાં હશે માટે જ એણે અંજનાને કાઢી મૂકી એવું અનુમાન આપણે જરૂર કરી શકીએ.

**પિતા દ્વારા પણ અંજનાને અસહાય**

અંજના અને વસંતા પોતાના પિતાના ઘરે આવી ઊભી રહે છે. પ્રતિહારી દ્વારા બનેલી સાચી હકીકત વસંતતિલકા રાજાને જણાવે છે. એ સાંભળીને રાજા પોતે વિચારમાં પડી ગયો કે 'સ્ત્રીઓનું ચરિત્ર ખરેખર અચિન્ત્ય હોય છે. આ કુલટા અંજના મારા ઘરને કલંકિત કરવા અહીં આવી છે.' એટલામાં પ્રસન્નકીર્તિ નામનો રાજાનો પુત્ર આવીને કહેવા લાગ્યો: "આ દુષ્ટાને સત્ત્વર અહીંથી કાઢી મૂકો. એણે આપણા કુળને કલંકિત કર્યું છે."

આર્ય દેશમાં દયા કરતાંય શીલનું વધુ મહત્ત્વ અંકાતું હતું. માટે જ પ્રસન્નકીર્તિએ અંજનાને કાઢી મૂકવાની વાત કરી. પરંતુ રાજાએ અને રાજાના પુત્રે સાચી વાતની તપાસ ન કરી એટલી તો એમની ઘણી ગંભીર ભૂલ કહેવાય.

મહોત્સાહ નામનો મંત્રી રાજાને કહે છે: "રાજન! પુત્રીને અંતે તો પિતા એ જ શરણ છે. સાસુએ જ કદાચ ખોટી રીતે આળ ચઢાવ્યું હોય તો? માટે સાબિતી ન થાય ત્યાં સુધી તેને ગુપ્ત રીતે સાચવી રાખો."

**પરંતુ મંત્રીની વાત રાજાને ગળે ન ઊતરી. એટલે રાજાજ્ઞાથી દ્વારપાળે અંજનાને કાઢી મૂકી. ક્ષુધા અને તૃષાથી પીડિત, શ્રાન્ત અને ક્લાન્ત, નિઃશ્વાસ નાખતી, અશ્રુ વર્ષાવતી, પગલે પગલે સ્ખલિત થતી અને વૃક્ષે વૃક્ષે વિશ્રામ લેતી અંજના વગડાની વાટે ચાલી નીકળી.**

અંજનાના આંસુ સુકાતા નથી. એના આક્રંદનો કોઈ પાર નથી. છતાં એ કોઈને દોષ દેતી નથી. સર્વનું શુભ વાંછતી એ આગળ વધી રહી છે.

**વસંતાનું આશ્વાસન**

વસંતા એને સાંત્વન અપતા કહે છે: "અંજના! ચાલ...ચાલ... આપણે દૂર ચાલ્યા જઈએ. જો ને...આ જંગલ કેવું મજાનું છે! માનવજાત દગો દેશે પણ આ કલકલ વહી જતી નદીના નીર અને આકાશમાં ઊડતા આ પંખીડા કદી દગો નહિ દે. આ ધરતી પગ નીચેથી કદી સરકી નહિ જાય. અને આ આભ કદી આકાશ ઉપરથી તૂટી નહિ પડે. આ તરણાંને ભેગા કરીને તેની ઝુંપડી બનાવીને મોજથી રહીશું. તું ચિન્તા ન કર. જો હું તારી સાથે જ છું. સ્વાર્થી માનવોએ આપણને ભલે છોડી દીધા આ નિર્દોષ હરણિયાં આપને નહિ છોડે. આપણું પુણ્ય સારું આવશે ત્યારે આપણને કોઈ જાકારો નહિ આપે."

વસંતાના શબ્દોથી કાંઈક શાતા પામતી અંજના ફરતી ફરતી એક ગુફા પાસે આવે છે. ગુફામાં પ્રવેશતાં જ ધ્યાન ધરતાં એક મુનિને તેણીએ જોયાં. અમિતગતિ નામના તે ચારણ મુનિને જોતાં જ ખુશખુશ થઈ ગયેલી એ બન્ને સખીઓએ નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક તેમની સન્મુખ બેઠી. ધ્યાન પૂરું થતાં મધુરા વચને મુનિએ 'ધર્મલાભ'ની આશિષ આપી.

**મહાત્માનો મેળાપ**

વસન્તાએ જ્યારે અંજનાના ભાગ્યની આ અવદશાનું કારણ પૂછ્યું ત્યારે મુનિએ અંજનાનો પૂર્વભવ જણાવ્યો. તે ભવમાં કરેલા પાપના કારણે આ કટુફળો એને ભોગવવા પડયા છે. પરંતુ હવે તે દુ:ખોનો અંત નજદિકમાં જ છે. અંજનાના મામા વગેરે અકસ્માત આવીને તમને લઈ જશે. અને ટૂંક સમયમાં તેનો પતિ સાથે મેળાપ પણ થશે. હવે તમે કલ્યાણકારી જિનધર્મ સ્વીકારો."

બન્ને સખીઓએ મુનિની વાત સ્વીકારી. ત્યાર બાદ ચારણમુનિ ત્યાંથી જતા રહ્યા અને અંજના અને વસંતા એ જ ગુફામાં રહ્યા. ત્યાં મુનિસુવ્રત-સ્વામીની જિનપ્રતિમા બનાવી રોજ તેનું પૂજન કરવા લાગી.

**હનુમાનનો જન્મ**

એક દિવસ અંજનાએ સિંહ જેવા પરાક્રમી પુત્રને જન્મ આપ્યો. વસંતાએ તેનું ઉચિત કર્યું. બાળકના જન્મથી આનંદિત છતાં અંજના રડવા લાગી: "હે પુત્ર! તારો આ ઘોર વનમાં જન્મ થયો. એટલે હવે તારો જન્મોત્સવ શી રીતે કરું?"

આ રીતે રડતી અંજનાને, યોગાનુયોગ ત્યાંથી પસાર થતાં વિદ્યાધર પ્રતિસૂર્યે જોઈ અને તેના દુ:ખનું કારણ પૂછ્યું. વસંતાએ બધી વાત કરતાં પ્રતિસૂર્ય અંજનાના મામા છે તે વાત પ્રગટ થઈ. પ્રતિસૂર્ય બન્ને સખીઓ અને નાના બાળકને લઈને પોતાના નગરે લઈ ગયો. જન્મતાં જ આ બાળક હનુપુર નગરમાં આવ્યો માટે તેનું નામ 'હનુમાન' પાડ્યું.

**પવનંજયને આઘાત**

આ બાજુ...પવનંજય યુદ્ધમાંથી પાછો ફર્યો. આવીને માતાપિતાને પ્રણામ

કરીને અંજનાના વાસગૃહમાં ગયો. ત્યાં અંજનાને ન જોતાં તેણે કોઈ સ્ત્રીને પૂછ્યું ત્યારે તેને જાણવા મળ્યું કે દુરાચારની શંકાને કારણે પોતાની જ માતાએ અંજનાને કાઢી મૂકી છે.

આ સાંભળીને પ્રિયાને મળવા ઉત્સુક પવનંજય પવનવેગે પોતાના સસરાને ઘેર આવ્યો. ત્યાંથી પણ તેને કાઢી મૂકવામાં આવી છે એ જાણતાં જ પવનંજય વને વન ને પર્વતે પર્વત રખડવા લાગ્યો. છતાં અન્તે એને જ્યારે અંજનાના કોઈ જ ખબર ન મળ્યા ત્યારે પવનંજયે પોતાના પિતાને પ્રહસિત દ્વારા સંદેશો મોકલાવ્યો કે, "જો મને અંજના સુંદરી મળી જશે તો ઠીક છે નહિ તો હું ચિતામાં બળી મરીશ.'

આ સંદેશો સાંભળતાં જ કેતુમતી મૂર્છિત થઈ ગઈ. એ કરુણ કલ્પાંત કરવા લાગી. પોતાની જાતને નિર્દોષ અંજનાને કાઢી મૂકવાની ભયંકર ભૂલ કરવા બદલ આંસુ સારવા લાગી, અને પવનંજયને આ રીતે વનમાં એકલો મૂકી આવવા બદલ પ્રહસિતને ઠપકો આપવા લાગી.

**અંતે અંજના–પવનંજયનું મિલન**

પ્રહ્‌લાદ રાજા પવનંજયની શોધમાં નીકળ્યા. શોધતાં શોધતાં ભૂતવનમાં આવ્યા. ત્યાં પવનંજયને અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરતો જોયો. પવનંજયને ઝંપાપાત કરવાનો ઉછાળો મારતો જોઈને વિહ્વળ થઈ ગયેલા પ્રહલાદે પવનંજયનો હાથ પકડી લીધો. અને કહ્યું : "તારી માતાએ અંજનાને કાઢી મૂકવા જેવી જે ઉતાવળ કરી તેવી હવે બીજી મોટી ભૂલ તું ન કર. સ્થિર થા. બુદ્ધિમાન થા. તારી પત્નીને શોધવા મેં હજારો વિદ્યાધરોને મોકલ્યા છે. થોડો સમય વધુ રાહ જો."

અંજનાની શોધ માટે મોકલાયેલા વિદ્યાધરોમાંથી કેટલાક હનુપૂર આવી પહોંચ્યા. બધી વાત જણાવી અને તુરત જ વિમાનમાં બેસી મામા પ્રતિસૂર્ય અને અંજના ભૂતવન તરફ ચાલી નીકળ્યા. દૂરથી આવતા વિમાનને જોઈને સહુ એની તરફ જોઈ રહ્યા.

વિમાન નજીક આવી ગયું. સહુએ નીચે ઉતરી પ્રહલાદને પ્રણામ કર્યા. અને અંજના અને પવનંજયનું મિલન થઈ ગયું.

અંજનાના પાપકર્મોના ઉદયોનો અન્ત આવ્યો. હવે અંજનાના પુત્ર હનુમાનના જીવન પ્રસંગો આગામી પ્રવચનમાં લઈશું.

**નોંધ :** આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ. ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.

**–અવતરણકાર**

પૂજ્ય પ્રવચનકારશ્રીના ઉપલબ્ધ તમામ પુસ્તકો વગેરેનો
સેટ આજે જ તમારા ઘરમાં વસાવી લો

# આખા સેટનું એક બૉક્સ

[ રોલ–કેલેન્ડર વગેરે સહિત ]

રૂા. ૨૨૫ની કિંમતનું બૉક્સ રૂા. ૨૦૦માં....

☆ આપના મિત્રમંડળમાં પણ આ બૉક્સ વસાવી લેવાની પ્રેરણા કરો.

☆ નવી પેઢીના કલ્યાણનું ભાથું આ બૉક્સમાં પડ્યું છે.

☆ આ પુસ્તકોએ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેકાનેક યુવાનો અને યુવતીઓના જીવનનું આમૂલ પરિવર્તન કર્યું છે.

**શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પૅલેસ**

[ વાલકેશ્વર–મુંબઈ ] ના

**બુક સ્ટૉલની આજે જ મુલાકાત લો**

★ ☆ ★

ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણના વિષયોને નીડરપણે ચર્ચતું,
અધ્યાત્મની અનોખી સરગમ સંભળાવતું,

**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના ચિંતનનું વાહક**

## 'મુક્તિદૂત' માસિક

સંપાદક : હસમુખ શાહ
લવાજમ : વાર્ષિક : રૂા. ૫–૦૦, ત્રિવાર્ષિક : રૂા. ૧૫–૦૦
આજીવન : રૂા. ૧૦૦–૦૦

શ્રીપાળનગર તથા પ્લેઝન્ટ પૅલેસના બુક સ્ટૉલ ઉપર લવાજમ
સ્વીકારવામાં આવે છે.

મૂલ્ય: ૫૦ પૈસા

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે? જો હા....તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો અને સ્નેહીઓમાં ખૂબ પ્રચાર કરો. માત્ર પચાસ પૈસામાં અતિ મૂલ્યવાન ચિંતન મેળવો.

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં–**

**માત્ર રવિવારે–**

૧. રામાયણ-પ્રવચન સ્થળ:
પ્લેઝન્ટ પૅલેસ.

**રોજ માટે–**

૨. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ-૬

૩. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ-૪.

૪. પારસ ટ્રેડીંગ કું.
B–૧૨, 'મંગળકુંજ'
જામલી ગલીની બાજુમાં
બોરીવલી (વેસ્ટ).

**અમદાવાદમાં –**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭, 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ.

**સુરતમાં–**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં–**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/O નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર.

**ખાસ નોંધ:** (૧) ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

(૨) નીચે આપેલા પ્રકાશકના સરનામેથી પણ પ્રવચનો મળી શકશે.

પ્રકાશક: 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધીરોડ, રતનપોળ નાકા, યાજ્ઞિક ઈન્સ્ટીટયૂટ સામે, અમદાવાદ–૧. [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક: ધીરૂભાઈ જે. દેસાઈ, સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોગા સ્ટ્રીટ, મુંબઈ–૧

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,

ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના

શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ-૬

પ્રવચન ૨૧-૮-૭૭ ] પ્રવચન – નવમું [ પ્રકાશન ૨૮-૮-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબના મુંબઈ-શ્રીપાળનગર ખાતેના વર્તમાન ચાતુર્માસ દરમિયાન દર રવિવારે "રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ" એ વિષય ઉપર બપોરે અઢીથી ચારના સમય સુધી યોજાયેલ જાહેર પ્રવચનશ્રેણીના નવમા પ્રવચનનું શ્રાવણ કરવા કાજે, દૂર-સુદૂરના પરાઓ-માંથી દોડયા દોડયા આવતા હજારો યુવાનો-યુવતીઓ, પ્રૌઢો અને વૃદ્ધોથી 'રીજેન્ટ પેલેસ'નું પટાંગણ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

અગ્રસ્થાને જગ્યા મેળવી લેવાની આકાંક્ષાથી બપોરે બાર અને એક વાગ્યાથી આવીને બેસી જતા અનેકાનેક ભાગ્યશાળીઓની પૂજ્યશ્રીની પ્રવચન-વાણી સાંભળ-વાની તપશ્ચર્યાની ફલશ્રુતિરૂપે જ જાણે બરાબર અઢી વાગે પધારેલા પૂજ્યશ્રીએ નવમું પ્રવચન કરતાં, શ્રીરામના પૂર્વજોની વૈરાગ્ય રસથી ભરપૂર જીવન-કહાણીઓ, એમાં રાજકુમાર વજ્રબાહુના જીવનમાં મહાત્મા ગુણસાગરના અનુપ દર્શને સળગી ઊઠેલો વૈરાગ્યનો દારૂગોળો અને એમાં સાળા ઉદયસુન્દરની મીઠી મશ્કરીનું વાસ્ત-વિકતામાં રૂપાન્તર, અંતે અનેક રાજકુમારોની અને તેના માતાપિતાની પ્રવ્રજ્યા-પરિપ્રાપ્તિ, આર્યાવર્ત્તની પરમપાવન ધરણીમાં સર્વત્ર ગુંજારવ કરતો સાધુતાનો ઉચ્ચતમ આદર્શ, જીવનમાં ગમે ત્યારે, ગમે તે નિમિત્તે સંભવિત 'ટર્નિંગ પોઈન્ટો', વૈરાગ્યરસથી ઓળઘોળ આત્માની બદલાઈ જાતી જીવનપદ્ધતિ; મહાત્માઓના મૃતદેહ, ધૂમ કે ભસ્મના પણ દરિશણમાત્રમાં પાપ-વાસનાઓનું પ્રક્ષાલન કરવાની પરમપાવની પ્રચંડ તાકાત, સમગ્ર સંસારભરની કૂર્મશિલા સમી મહાત્માઓના ચારિત્ર્યવિશુદ્ધિના સૂક્ષ્મબળની સૃષ્ટિકલ્યાણકરી સચોટ શકિત, બાલ્યાવસ્થામાં જ ચારિત્ર્ય પ્રાપ્તિ કાજેના શાસ્ત્રીય વિધાનની સરસ અને સુતર્કપૂર્ણ સિદ્ધિ, સંસારની ભયંકરતા અંગે સચોટ તર્કત્રિપુટી-ઈચ્છાવિહોણા જન્મ, પાપભરેલા જીવન અને રિબાઈને પ્રાપ્ત થતાં મરણ, પુત્ર ગોપીચંદની ભોગવિલાસમાં ચકચૂરતાને કારણે ધ્રૂસકે રડતી અને અવસરે માર્મિક ટકોર દ્વારા સંન્યાસને માર્ગે મોકલી આપતી આર્યાવર્તની આદર્શ માતા, ધર્મકરણી કાજે અત્યાવશ્યક ત્વરિત વેગ અને અધર્મના કાર્યમાં સદા સુફલપ્રદ બની રહેતો સુવિલમ્બ, રાષ્ટ્રના, પ્રજાના, સંસ્કૃતિના અને ધર્મ-શાસનના વફાદારોને માથે સદા ઝીંકાતી આઘાતો અને આફતોની ઝંઝાઝડી અને એવે ટાણેય સદા જાનફેસાની અને કુરબાની કેળવવાના આર્યાવર્તના આદર્શ પુરુષોની સચોટ સાક્ષાત્કૃતિ કરાવતો મહામંત્રી કલ્પકનો હૃદયવિદારક કરુણ-પ્રસંગ, વગેરે અનેક મુદ્દાઓની Marvellous રજૂઆત કરી હતી.

વધુમાં, મિત્ર સહસ્રકિરણની દીક્ષાને કારણે શ્રીરામના દાદા અનરણ્યનો વૈરાગ્ય અને પ્રવ્રજ્યા, એક માસના દશરથનો રાજ્યાભિષેક, નૈમિત્તક દ્વારા રાવણના મૃત્યુની ભવિષ્યવાણી, ભ્રાતૃપ્રીતિથી ઉશ્કેરાયેલા વિભીષણનું દશરથ અને જનકની હત્યા માટે

(અનુસંધાન ૨૮૫ મા પાને)

રવિવાર

# પ્રવચનાંક : ૯

દ્વિ. શ્રા. સુદ ૭
વિ. સં. ૨૦૩૩

અનંત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ જૈનાચાર્ય **ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ "જૈન રામાયણ**'ની રચના કરી છે તેને અનુલક્ષીને '**રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ**" એ વિષય ઉપર ચાલતી અને બીજા પણ અનેક ઉપયોગી રામાયણોના પ્રેરક પ્રસંગોને આવરી લેતી આ પ્રવચનશ્રેણીનું આજે નવમું પ્રવચન છે.

આજના પ્રવચનમાં રામાયણનો પૂર્વાર્ધ પૂર્ણ થશે અને આગામી પ્રવચનથી તેનો ઉત્તરાર્ધ શરૂ થશે. શ્રી રામચન્દ્રજીના પૂર્વજોના ચરિત્રવર્ણનમાં આપણે વધુ મહત્ત્વના ત્રણ પ્રસંગોને લઈ લઈશું અને ત્યાર બાદ શ્રી રામનું ચરિત્ર લઈશું.

## લોહીમાં પ્રાપ્ત થતા સંસ્કારો

ચોથા સર્ગમાં પ્રવેશ કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવન્તે શ્રીરામના કેટલાક પૂર્વજો કેવા ઉત્તમ સંસ્કારના ધારક હતા તેનું વર્ણન કર્યું છે. તેમાં સૌથી પ્રથમ વજ્રબાહુ કુમારનો એક વૈરાગ્યભરપૂર પ્રસંગ રજૂ કર્યો છે. ત્યાર બાદ –અન્ય પૂર્વજોને ન સ્પર્શતા–આપણે સીધા શ્રીરામના દાદા અનરણ્ય અને શ્રીરામના પિતા દશરથના જીવનની ઘટનાઓ વિચારીશું.

પૂર્વજોની જીવન - ઘટનાઓ અને સંસ્કારો સંતાનોમાં જબ્બર અસર કરે છે... પોતાના શુભાશુભ કર્મોની જેમ માતા પિતાના લોહી–વીર્યમાં ચાલ્યા આવતા સંસ્કારો પણ આત્મા ઉપર એક કામ કરનારી ચીજ છે, એ વાત તમને આ પ્રસંગો દ્વારા સમજાશે. કેટલીક વાર પૂર્વજોની કુળ પરંપરાગત હથોટીઓ સંતાનોને પ્રાપ્ત થતાં વારસામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવી જતી હોય છે.

## આર્ય એટલે સાધુતાનો પ્રેમી

રામચન્દ્રના પૂર્વજો અંગેનો આ એક સુંદર પ્રસંગ છે.

એમનું નામ હતું વજ્રબાહુ.

લગ્નને યોગ્ય વય થતાં માતાપિતાએ ઈભવાહન નામના રાજાની મનોરમા નામની રાજકન્યા સાથે કુમાર વજ્રબાહુના લગ્ન કર્યા.

સાસરિયાની મીઠી મહેમાનગીરી પામીને વજ્રબાહુ, મનોરમાને લઈને પોતાના રાજ્ય તરફ જવાની તૈયારીઓ કરવા લાગ્યા. રથ જોડાઈ ગયો. સાળો ઉદયસુંદર બનેવીને વળાવવા માટે તૈયાર થયો. સાંજ પડતાં રથમાં સહુ બેઠા; વજ્રબાહુ, મનોરમા અને ઉદયસુંદર.

રાતે કોઈ ગુફામાં પડાવ કર્યો. સવારે મુસાફરી શરૂ થઈ.

## મહાત્મા ગુણસાગરનું અનુપમ દર્શન

દડમજલ કરતો રથ ચાલ્યો જાય છે. દિવસના દસેક વાગ્યાનો સુમાર

હશે. એ વખતે એક નાનકડી ટેકરી પાસેથી રથ પસાર થયો. એ ટેકરી ઉપર એક મુનિવર ધ્યાન દશામાં ઊભા હતા. નામ હતું; ગુણસાગર!

આતાપના લેતાં મુનિવરનું દર્શન કરતા કુમાર વજ્રબાહુનું શિર એમને ઝૂકી ગયું. એના મુખમાંથી શબ્દો નીકળી પડયા:

"अहो महात्मा कोऽप्येषो, वन्दनीयो महामुनिः ।
चिन्तामणिरिव मया, दृष्टः पुण्येन भूयसा ॥

મારા જેવા અભાગીને, કોણ જાણે ક્યા પૂર્વભવના કે પૂર્વજોના પુણ્યે આવા જંગલમાં આ મહાત્મા મુનિવરના દર્શન મળ્યા! આ મુનિ દર્શનીય છે. વંદનીય છે. ચિન્તામણી રત્નના જેવા તે આજે મને પ્રાપ્ત થયા છે!

અહો! કેવી અનુપમ મસ્તી, આ મુનિવરના મુખ ઉપર સંતાકૂકડી રમી રહી છે!

વગર પૈસે ! કેટલું સુખ!

વગર સ્ત્રીએ! કેટલો આનંદ!

વગર ઘરબારે! કેટલી મસ્તી!

કેવું ઓજ અને તેજ એમના મુખ ઉપર ઝળકી રહ્યું છે!

જયાં અમે સંસારીજનોએ સ્વર્ગ જોયું ત્યાં – આસકિતઓની એ વૈતરણીમાં–આમણે નર્કાગારોના દર્શન કર્યા. અને ... એને ત્યાગીને ચાલી નીકળ્યા; ખાંડાની ધાર શી સંયમજીવનની કઠોર કેડી ઉપર!

## ઉદયસુંદરની મશ્કરી

કુમાર વજ્રબાહુએ રથને થંભાવી દીધો. એ ટેકરી ઉપર જવાની ઇચ્છા વ્યક્ત કરી. એમના મોં ઉપર ફૂટી નીકળેલી વિરાગની સરવાણીઓને જોઈને, સાળા ઉદયસુંદરને મજાક કરવાનું મન થયું. હજી તાજા પરણેલા છે. પરણ્યાને હજી ચોવીસ કલાકે થયા નથી. અને ત્યાં જ આ વજ્રબાહુની આવી ચેષ્ટા જોઈને ઉદયસુંદરે મશ્કરી કરી: " કેમ ? બનેવીજી! આ સાધુ મહારાજને જોઈને કાંઈ સાધુ થઈ જવાના ભાવ જાગી ગયા છે? જો જો હોં... એવા ભાવ હોય તો મનેય કહેજો... એકલા એકલા લાડવો ખાઈ જવો એ સારા માણસનું લક્ષણ નથી."

ઉદયસુંદર તરફ ફરતાં વજ્રબાહુએ કહ્યું: "સાળાજી! છે તો, કાંઈક એવું જ! તમે કહ્યું તેમ આ મહાત્માના દરિશણે સાધુ બની જવાનો મનોરથ થાય છે. આ મહાપુરુષના મુખ ઉપરની અપાર મસ્તી જોયા પછી મારા અંતરમાં તો ઈર્ષ્યા જાગી ગઈ છે! કેવું મસ્ત છે; આ વિરતિનું જીવન!"

વસંતશૈલ ટેકરીએ ચડતાં કુમારની ચાલ બદલાઈ ગઈ! વાણી બદલાઈ

ગઈ! મુખાકૃતિ પણ બદલાઈ ગઈ! જાણે કુમાર વજ્રબાહુના જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' આવી ગયો હતો.

## 'ટર્નિંગ પોઇન્ટ' ક્યારે આવે એ કહેવાય નહિ...

ક્યારે કોના જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' આવે એ કહી શકાય નહિ. એક પળ એવી આવી ગઈ કે ભયંકર લૂંટારો વાલિયો વાલ્મીકિ બની ગયા. અત્યંત કામાંધ બિલ્વમંગળ સંત સૂરદાસ બની ગયા. સ્વપત્ની રત્નાવલિમાં અત્યંત આસક્ત તુલસી ગોસ્વામી તુલસીદાસ બની ગયા.

અને એ સહુએ પોતપોતાની કક્ષા અનુસાર માનવોને સુધારવાનું કાર્ય કર્યું. એમાંના કો'કનો 'ટર્નિંગ પોઈન્ટ' કો'ક સાધુના સમાગમે આવી ગયો! તો કો'કનો કૂવે ઊભેલી પનિહારીઓની છેડતી કરતાં આવી ગયો! તો કો'કનો સાસરાના ઘરે પત્નીના મહેણાં માત્રથી આવી ગયો!

વજ્રબાહુના જીવનનું પરિવર્તન બિન્દુ પણ એ ધ્યાનસ્થ મહાત્માના દર્શનથી આવી ગયું. ઉદયસુંદર એક જ પળમાં પરિસ્થિતિનું ગાંભીર્ય પામી ગયા. હવે એ કોઈ મજાક ન રહી. આ તો પરમ-સત્યને આંબવા માટેના હનુમાન-કૂદકાનો ભગીરથ પુરુષાર્થ આરાધી લેવાના દ્રઢ સંકલ્પની દિશા તરફનું મહાભિયાન બની ગયું.

## વૈરાગીની ચાલ પણ બદલાઇ જાય

મહાત્માના જીવન તરફ નજર નાંખતાં વજ્રબાહુની ચાલ બદલાઈ ગઈ હતી. વિરકિત આવ્યા પછી જીવનની ચાલ બદલાય જ. જીવનમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે પછી જો ચાલ (જીવનપદ્ધતિ) બદલાય નહિ તો એ સારો વૈરાગ્ય ન કહેવાય.

ઉદયસુંદરની બહેન મનોરમાના હજુ તો છેડા બંધાયેલા છે! મીંઢળ બાંધેલા છે! ભોગસુખોને પામવાના સોણલાં સેવતી એ સોહાગણ છે!!

એનું મોં જોઈને જ ભાઈના ઉરે વિચારોની એક વીજ ઝબૂકી અને દોડી ગઈ.

ઉદયસુન્દરે કહ્યું: "...પણ એ તો હું મશ્કરી કરતો હતો. વિવાહના ગીતોની જેમ ઉપહાસના વચનો કાંઈ સત્ય હોતા નથી."

વજ્રબાહુએ કહ્યું: "તમારી મશ્કરી ડાહ્યાની મશ્કરી હતી કે એક પાગલની? તમારા જેવા ડાહ્યા માણસોની મશ્કરીમાં ય કોઈ તત્ત્વ પડેલું હોય."

## વજ્રબાહુનો પ્રશ્ન: 'મનોરમા કુલીન કે અકુલીન?'

વળી ગંભીર સ્વરે ઉદયસુંદરે કહ્યું: "તમે દીક્ષા લેશો તો આ મારી બેનનું શું થશે? હજી હમણાં જ તો લગ્ન કર્યા છે!! એનો વિચાર તમે કર્યો ખરો?"

ટેકરીના અધ-વચ પગથીએ થોભી જઈને વજ્રબાહુએ કહ્યું: "ઉદયસુંદર! તમારી બહેન મનોરમા કુલીન છે કે અકુલીન?

"જો કુલીન હોય તો પતિના પગલે પગલું દાબવાની એની એકની એક ફરજ ખરી કે નહિ!

"અને જો અકુલિન હોય તો તેનો માર્ગ કલ્યાણકારી થાઓ. પરંતુ મારે તો હવે આ ભોગો ન ખપે."

આ સાંભળતાં જ ઉદયસુંદર અવાક્ બની ગયા. ઝડપભેર પલટાતી પરિસ્થિતિનો તાગ પામી ગયા.

## વજ્રબાહુના શબ્દોની મનોરમા ઉપર ચમત્કારિક અસર

મનોરમાએ આ શબ્દો સાંભળ્યા. હજી તો જેના અંતરમાં ભોગરસ જ ભર્યો પડયો હતો તેના જ અંતરમાં, "કુલીન છે કે અકુલીન?" એ પ્રશ્ને જ વિરાગની ધૂણી ધખાવી નાંખી. આ એક જ શબ્દે એણે પોતે મનોમન નિર્ણય કરી લીધો: 'પતિ જે માર્ગે જશે તે જ માર્ગે હું જઈશ.' અને... જીવનનું આ માંગલ્ય વરી લેવાનો દ્રઢ સંકલ્પ કરી લીધો.

સહુ મુનિવર પાસે પહોંચ્યા. મુનિવરની અમીનજર પડી. અને અમૃત ઝરતી મીઠી દેશના સાંભળીને વજ્રબાહુ, મનોરમા અને ઉદયસુંદરના અંતરનો વૈરાગ્ય એકદમ પાકો થઈ ગયો.

## મહાત્માઓના મડદાના ધુમાડાના કે ભસ્મના દર્શનની પણ અજબ તાકાત

સાધુ ભગવંતોના દર્શન માત્રથી શું કામ થાય છે? એ જુઓ. પુણ્યપુરુષોના – મહાત્માઓના – દર્શન માત્ર આત્માના પાપોનો નાશ કરે છે. કહ્યું છે:

"महापातकयुक्ता वा युक्ता वा चोपपात्तिकै:
परं पदं प्रयान्त्येव महद्भिरवलोकिता:।
कलेवरं वा तद्भस्म तद्धूमं वाऽपि सत्तम!
यदि पश्यति पुण्यात्मा स प्रयाति परां गतिम्।।"

"અત્યંત ભયંકર પાપાત્માઓના પાપોનો પણ પુણ્યપુરુષોના દર્શન માત્રથી વિનાશ થયો છે. મોટા પુરુષોની એક અમી નજર માત્ર ક્યારેક પરમપદ તરફ મોકલી આપવામાં નિમિત્ત બની જાય છે.

"સાધુજનોના દર્શન માત્ર નહિ, પરંતુ સાધુ પુરુષના દર્શને જતા માનવને એવા સમાચાર મળે, કે હું જે મહાત્માના દર્શને જાઉં છું તે તો પરલોકવાસી થયા છે, તો તેવા મહાત્માના મડદાના જઈને કરેલા દર્શન પણ પાપ-નાશ કરે.

"અરે! જવા દો... મડદાંના દર્શનની વાત પણ દૂર રહો. દર્શનાર્થે જતા માનવીને કોઈક કારણસર જરા વધુ મોડું થઈ ગયું અને એટલા સમયમાં મહાત્માનું મૃત શરીર પણ ભસ્મીભૂત થવા લાગ્યું. આથી મહાત્માના મૃતદેહના દર્શન પણ ન થઈ શકયા. તોય કાંઈ વાંધો નહિ. એ મહાત્માના બળી ગયેલા ધૂમાડાના પણ જો તમે દર્શન કરશો તો ય તમારા પાપ ધોવાઈ જશે.

"અરે! પણ જતાં જતાં એથી પણ વધુ મોડું થઈ ગયું અને બળી રહેલા દેહનો ધૂમાડો પણ હવે શાંત થઈ ગયો. તો ય કાંઈ વાંધો નહિ. બળી જઈને ઠરી ગયેલી એ દેહની રાખના પણ તમે દર્શન કરો એનાથી ય તમે પરાગતિ પામી શકશો!"

મહાત્માની ભસ્મની શરણાગતિમાં ય પરાગતિ આપવાની શકિત!! કેવી તાકાત છે સાધુ મહાત્માઓના મૃતદેહ, ધૂમાડા અને ભસ્મમાં પણ!! અજૈન શાસ્ત્રોએ સત્સંગનો કેવો વિશિષ્ટ મહિમા ગાયો છે! મોટા પાપીઓ અને લૂંટારાઓ પણ મહાત્માઓના પ્રભાવે પુણ્યાત્મા બની ગયાના જૈન શાસ્ત્રોમાં ય ઘણા દ્રષ્ટાન્તો જોવા મળે છે. કુમાર વજ્રબાહુને પણ એમ જ થયું. મહાત્મા ગુણ-સાગર મુનિના દર્શને વજ્રબાહુની વાસનાઓનો નાશ થયો અને ઉપાસનાના માર્ગે તેઓ ચાલી નીકળ્યા.

## આત્માની શુધ્ધિનું બળ કેળવવું જ રહ્યું

એ મહાત્માના જીવનમાં સૂક્ષ્મની કેટલી તાકાત હશે!? આત્માની શુધ્ધિ-રૂપી સૂક્ષ્મની તાકાત વિના વ્યાખ્યાનકારો કે વિદ્વાન પ્રોફેસરો લોકોનાં જીવન ઉપર સાચો પ્રભાવ નહિ પાડી શકે. છાપાઓ વાંચી વાંચીને કે મીઠું મધુરું બોલી નાંખીને કરાતું પ્રવચન, જો સૂક્ષ્મની શુધ્ધિનું બળ નહિ હોય તો જડ એવા જગતને અંશતઃ પણ, પુનઃ ચૈતન્યવંતુ નહિ બનાવી શકે.

છાપા અને મીઠા ભાષણ એ તો જડ છે. સ્થૂલ છે. આ સ્થૂલની કરતાં આત્મશુધ્ધિની–સૂક્ષ્મની–શકિત ઘણી વધુ ચડિયાતી છે. આ તાકાતનો સહારો લીધા વિના ભોગરસિક આત્માઓનું કલ્યાણ - કાર્ય સફળતા પામી શકે નહિ.

જેમ જેમ જગતમાં અધમતા વધતી જાય તેમ તેમ ત્યાગીઓમાં ઉત્તમત્તા વધવી જ જોઈએ. જો સાધુઓ સુંદર પ્રવચન આદિ કરીને અમુક પ્રકારના પૈસાઓ મેળવી લેવાની કે તીવ્ર માન-સન્માન મેળવી લેવાની, કે 'મલાઈ' ખાવાની વૃત્તિ ધારણ કરશે તો તેવા સાધુઓથી જગતનું કલ્યાણ થઈ શકશે નહિ.

સૂક્ષ્મના બળ વગરનું સ્થૂલનું બળ સ્વ–પર કલ્યાણ માટે સાવ નકામું છે. જો આત્મામાં શુધ્ધિનું બળ ન હોય તો પ્રચાર, પ્લેટફોર્મ અને પત્રિકાઓ દ્વારા કશો જ લાભ થઈ શકે નહિ.

## સૂક્ષ્મના બળની તાકાત ઉપર ત્રણ વકતાઓનું ઉદાહરણ

જેની પાસે સૂક્ષ્મનું બળ હોય છે એનો કેવો પ્રભાવ હોય છે એનું તમને એક ઉદાહરણ આપું.

એક સભા છે. તેમાં એક વકતા ભાષણ કરવા આવે છે. દસ હજાર માણસોની એ સભામાં અત્યન્ત કોલાહલ મચેલો છે, એને શાન્ત કરવા માટે વકતા ખૂબ રાડો પાડે છે: "શાન્ત રહો... શાન્ત રહો." દસ મિનિટ બાદ સભા માંડ માંડ શાંત રહે છે.

હવે બીજો એક વકતા આવીને ઊભો રહે છે. ઘોંઘાટ કરતી સભાને શાન્ત કરવા માટે એ પોતાનો જમણો હાથ જ ઊંચો કરે છે અને સભા એકદમ શાન્ત થઇ જાય છે. હવે ત્રીજો વકતા આવે છે. એના આગમન પૂર્વે સભામાં ભયંકર ગરબડ મચેલી હતી. પણ જેવો એ આવીને સ્ટેઈજ ઉપર ભાષણ કરવા ઊભો થાય છે કે તુરત જ, એને જોતાંની સાથે જ સભા એકદમ શાંત થઈ જાય છે.

બોલો ...આ ત્રણેમાં સૌથી વધુ સ્થૂલનું બળ કોની પાસે છે? પહેલા વકતા પાસે જ! એની પાસે રાડો પાડવા વગેરેનું સ્થૂલબળ છે. પરંતુ એ સ્થૂલ બળથી લોકો ઝટ શાંત થતા નથી. એનાથી ચડિયાતો વકતા છે; બીજા નંબરનો. જેના હાથ ઊંચો કરવા માત્રથી સભા શાન્ત થાય છે. કારણ એની પાસે સૂક્ષ્મનું બળ વધુ છે. અને ત્રીજા વકતા પાસે સૌથી વધુ સૂક્ષ્મનું બળ છે. આથી જ એના આગમન માત્રથી જ સભા તુરત શાન્ત થઈ જાય છે.

## બે પ્રકારનું જીવન તો ન જ જીવાય

મુનિજનોએ સૂક્ષ્મનું બળ ઉત્પન્ન કરવા માટે પોતાના જીવનની ભૌતિક વાસનાઓનું – કામનાઓનું બલિદાન આપ્યા વગર છૂટકો જ નથી. જો સંસારત્યાગીઓ પોતાની અનેક પ્રકારની ઈચ્છાઓ – કામનાઓનો નાશ નહિ કરે તો જગતનું કલ્યાણ તેઓ કરી શકે એ શકય જ નથી.

બે પ્રકારનું જીવન [ડ્યુઅલ કેરેકટર] જીવવું એ મુનિઓને માટે નિતાંત અયોગ્ય છે.

જો કોઈ સંસારત્યાગી વ્યકિત બહારના દેખાવનું જીવન ખૂબ સુંદર જીવતી હોય અને અંદરખાને ક્રોધ અને કામ વગેરેના વિષયમાં અનુચિત રીતે વર્તતી હોય તો શું તેવું બે પ્રકારનું જીવન જીવવું ઉચિત છે ખરું? આવું માયાવી જીવન જીવનારાઓ કદી વાસ્તવિક પર કલ્યાણ કરી શકશે ખરા? જગતને ઉપદેશ દેવા માત્રથી કામ નહિ ચાલે. જગતના સાચા કલ્યાણ માટે તો જીવનમાં સાચી રીતે વિશુદ્ધિનું ઉત્પાદન કરવું જ રહ્યું.

## "मा! तेरेकु कुछ लेके ही जाना पडेगा"

સ્વામી વિવેકાનંદના એક શિષ્ય હતા. નામ એમનું બિભૂતાનંદ. એક ગામમાં ચાતુર્માસ - નિર્ગમન કરીને પછી એમણે વિદાય લીધી. કૃતજ્ઞ લોકો એમને વળાવવા ગયા. છ માઈલ દૂરના એક ગામ સુધી વળાવીને સ્વામીજીના છેલ્લા ચરણસ્પર્શ કરીને લોકો તો પાછા ફરી ગયા. પરંતુ એક સ્ત્રી – જેના અન્તરમાં સ્વામીજી પ્રત્યે ચાતુર્માસના સમય દરમ્યાન વિકારભાવ જાગી ઊઠયો હતો તે – ન જ ગઈ. બધા ચાલી ગયા બાદ સ્વામીજી મકાનના ઠેઠ અંદરના ખણ્ડમાં ગયા. પેલી સ્ત્રી પણ તેમની પાછળ પાછળ ઠેઠ અંદર આવી ગઈ. તેણે અંદરથી બારણા બંધ કરી દીધા. અને વિકૃત અભિનય દર્શાવવા લાગી.

બિભૂતાનંદજી સમજી ગયા કે 'મામલો વિચિત્ર છે. આ સ્ત્રી નખશીખ વિકારથી સળગી ઊઠી છે.'

જો થોડીક પણ સુંદર બ્રહ્મચર્યની તાકાત ન હોય તો આવા પ્રસંગોમાં ટકવું અત્યન્ત મુશ્કેલ બની રહે છે. જો જીવનમાં અમુક પ્રકારનું ચારિત્ર્યનું ઓજ અને તેજ પ્રગટ થાય નહિ, તો વિકારોના પૂરથી બચી જવું અશકય પ્રાય: છે. વિકારોની સામે ટક્કર ઝીલવી અને જીવનને અણિશુદ્ધ રાખી લેવું એ જરા ય સરળ બાબત નથી.

બિભૂતાનંદ આ સ્ત્રીની સામે વેધક નજરે જોઈ રહ્યા. એની આંખોમાંથી એવી ધારદાર તેજદૃષ્ટિ પડી કે પેલી સ્ત્રી ધ્રૂજી ઊઠી. એ જ વખતે બિભૂતાનંદ બોલી ઊઠયા: **"मा! तेरेकु कुछ लेके ही जाना पडेगा"**

આ શબ્દોમાં એવી પ્રચણ્ડ તાકાત ઉત્પન્ન થઈ કે પેલી સ્ત્રીના વિકારો એકદમ શાંત જ થઈ ગયા.

જો સંસાર - ત્યાગી પાસે સૂક્ષ્મની પ્રચંડ તાકાત ન હોય અને પુણ્ય ખૂબ જોર કરતું હોય તો તેનું પતન અવશ્ય થઈ જાય. સ્થૂળ બળોની તાકાતથી પ્રચાર કાર્યની લંબાઈ - પહોળાઈ વધી શકે છે; પણ ઊંડાઈ તો સૂક્ષ્મ બળના પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે.

બિભૂતાનંદ જેવા માર્ગાનુસારી જીવનની કક્ષાના સ્વામીજીમાં પણ જો આ તાકાત હોય તો લોકોત્તર કક્ષાના મુનિજનોની સ્થિતિ તો કેવી ભવ્ય હોવી જોઈએ?

## સૂક્ષ્મની શકિત અંગેનો ઉત્કૃષ્ટ-પ્રસંગ

આ પ્રસંગને કયાંય ટપી જાય એવો પ્રસંગ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવના જીવનમાં જોવા મળે છે. પોતાની દૃષ્ટિના ઝેરથી અગણિત જીવોને મારી નાંખનાર દૃષ્ટિવિષ સર્પ ચંડકોસિયાની સમક્ષ મહાવીરદેવ એક જ વાકય બોલે

છે..."બુઝઝ બુઝઝ ચણ્ડકોસિયા!" આ શબ્દો સાંભળતાની સાથે જ ચણ્ડકૌશિક સર્પને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. અને અંતે તેને સમતા ભાવનો સત્સંગ લાધે છે. એના જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' આવે છે અને ક્રોધનો ભયંકર ભાવ ખલાસ થઈ જાય છે. શાંતરસમાં મસ્ત બનીને કલ્યાણના માર્ગે એ વળી જાય છે.

**મહાત્માઓના દર્શને પાપવાસના નષ્ટ થાય**

એક જ વચનના ઉચ્ચારણ માત્રમાં આવી અદ્ભુત તાકાત બીજે આપણને જોવા નહિ મળે. સૂક્ષ્મની અનુપમ તાકાત અંગે મહાવીરદેવથી ચડિયાતો દાખલો બીજે ક્યાંય જોવા નહિ મળે. સાચા સાધુ ભગવંતોના દર્શન માત્રથી જ કામીઓના કામ ખલાસ થઈ જાય છે, લોભીઓનો કારમો લોભ દૂર થઈ જાય છે અને ધૂતારાઓનું ધૂતારાપણું ખતમ થઈ જાય છે.

**વજ્રબાહુ વગેરે અનેકની દીક્ષા**

મહાત્મા ગુણસાગરની દેશના સાંભળી બધાયનો વૈરાગ્ય દૃઢ થયો. ઉદયસુંદરને ય એમ થઈ ગયું કે મારા બનેવીની સાથે હું ય ચારિત્રમાર્ગે ચાલ્યો જાઉં.

વજ્રબાહુએ ઉદયસુન્દર, મનોરમા અને બીજા પચીસ રાજકુમારો સાથે દીક્ષા લીધી.

વજ્રબાહુની દીક્ષાના સમાચાર સાંભળીને તેના પિતા વિજયરાજાને થયું કે 'વજ્રબાહુને એક મુનિના દર્શન માત્રથી વૈરાગ્ય થયો. વાહ! બાળક છતાં એ કેવો ઉત્તમ! અને હું સંસારનો ભોગી એવો આજે વૃદ્ધ થયો છતાં મને ચારિત્ર લેવાનું ન સૂઝ્યું.' આમ વિચારીને રાજાએ પુરન્દર નામના પોતાના લઘુપુત્રને રાજ્ય ઉપર બેસાડીને દીક્ષા લીધી.

હવે આપણે રામચન્દ્રજીના પૂર્વજો અંગે વચલા અનેક રાજાઓની વાત છોડીને સીધી, શ્રીરામના દાદા અનરણ્યની વાત કરીએ.

અયોધ્યામાં અનરણ્ય રાજા રાજ્ય કરતા હતા. તેને એક સહસ્રકિરણ નામનો મિત્ર હતો. એકવાર રાવણ સાથેના યુદ્ધમાં તેને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા લીધી. આ સમાચાર મળતા જ અનરણ્યને પણ વૈરાગ્ય થયો. અને પોતાના ખાસ મિત્રની સાથે તેને ય ચારિત્ર લેવાનું મન થયું.

**પૂર્વે નાટકોમાં ય વિરાગ, આજે મંદિરોમાં ય રાગ**

આ આર્ય દેશમાં પૂર્વે તો સંસારમાં રાગ જાગવો કઠિન હતો. પરંતુ વૈરાગ્ય જાગવો બહુ સહેલો હતો. વાત-વાતમાં અનેક લોકોને વૈરાગ્ય જાગી જતો અને તેઓ ચારિત્ર ધર્મ લેવા દોડી જતા.

**પૂર્વેના નાટકોમાં ય અઢળક વૈરાગ્ય પીરસાતો. રે! આજથી ૫૦ વર્ષ પૂર્વે જ ભર્તૃહરિનું નાટક જોઈને અનેક લોકોને વૈરાગ્ય થઈ ગયો અને તેઓ સંન્યાસી બની**

ગયા હતા. તે વખતે અનેક લોકોને 'બાવા' બની જતા જોઈને સરકારને એ નાટક બંધ કરાવવાની ફરજ પડેલી.

આજે નાટકોની ઘોર બિભત્સતાની વાતો જવા દો. પણ મંદિરોમાં ક્યારેક રાગના તોફાનો, કો'કના જીવનમાં જાગી પડતા હોય છે. કેવો ભયંકર આવી ગયો છે આ કાળ!

## સંસારનો ત્યાગ ક્યારે કરવો ?

ખરેખર સંસારનો ત્યાગ તો બાળવયથી જ કરવો જોઈએ. અજૈન દર્શનોમાં વૃદ્ધાવસ્થામાં વાનપ્રસ્થ સ્વીકારવાની વાત આવે છે. મીરાં કહે છે કે, 'ઘડપણમાં ગોવિંદ ગાશું ... હો રાજ, ઘડપણમાં ગોવિંદ ગાશું.' પણ આ વાત બરાબર જણાતી નથી. કારણ આયુષ્યનો કોઈ જ ભરોસો નથી. કઈ ઘડીએ, કયારે, કોણ, મરી જાય એ કહી શકાય તેવું નથી. રે! માતાના ગર્ભમાં રહેલું બાળક પણ મરી જતું હોય છે. જન્મ પામ્યા બાદ પણ બાળ અવસ્થામાં કે, કિશોર અવસ્થામાં કે યુવાનીમાં પણ હજારો અને લાખો લોકો મરી જતા હોય છે. બધાને ઘડપણ આવે જ એવો નિયમ નથી.

બાર માસમાંથી ગમે તે માસ, સાત વારમાંથી ગમે તે વાર, અને એકથી અકત્રીશ તારીખમાંથી ગમે તે તારીખે મૃત્યુ આવી જાય, એવું બની શકે એમ છે. આપણા માથા ઉપર મૃત્યુની તલવાર સદા લટકી રહી છે. હવે આવી સ્થિતિમાં ઘડપણમાં ગોવિંદ ગાવાની વાત શી રીતે સંગત લાગે?

## બાળદીક્ષા પાછળનું ઊંડુ રહસ્ય

આ જ કારણસર જૈનદર્શને સુપાત્ર આત્માઓ માટે બાળ અવસ્થામાં દીક્ષા લેવાની વાત ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

ઘણાં લોકો આવો પ્રશ્ન કરે છે કે, "બાળકને બાળ વયમાં દીક્ષા આપી દેવાથી તેને યુવાની આવતાં જ વિકારો જાગે અને પછી તેનું પતન થઈ જાય તો શું થાય?"

પરંતુ આની સામે હું તો એમ કહેવા માગું છું કે બાળવયમાં દીક્ષા લેનારને માટે પતનની શકયતા ઘણી ઓછી છે.

જો નહિ પરણેલાઓ માટે કે બાળકોને માટે દીક્ષા લીધા બાદ યૌવનમાં પતનનો ભય ઊભો થતો હોય તો પરણેલાઓ માટે તો વધુ જોખમ ઊભું થાય છે. બાળદીક્ષિતોને તો યૌવનમાં કદાચ અનાદિકાલીન વાસનાઓના સંસ્કારોના જોરે 'એમાં શું હશે?' એવું કૂતુહલ ઉત્પન્ન થાય. પરંતુ એ કૂતુહલ તો જ્ઞાની ગુરુઓના સદુપદેશથી કે તપ - ત્યાગાદિના જીવન-દ્વારા કે શાસ્ત્રોના સ્વાધ્યાય વગેરે દ્વારા સામાન્યતઃ શમી જાય છે.

પરન્તુ જેઓ પરણેલાં છે અને જેમણે આ જ જીવનમાં સંસારનો ભોગવટો કરેલો છે એમને તો એ સંસારની યાદ આવવાની ખૂબ મોટી શક્યતાઓ છે. સંસારાવસ્થાની સ્ત્રી પોતાની પાસે આવતા એ બધા સંસ્કારોનું સ્મૃતિ દ્વારા ખૂબ જલદી જાગરણ થઈ જાય જવાની સંભાવનાઓ છે.

જે ભુક્તભાગી (સંસાર સેવીને આવેલા) એવા દીક્ષિત છે એમને સ્મૃતિની વધુ શક્યતાઓ હોવાથી જ, એ સ્મરણ એમને માટે ક્યારેક આંતરિક મરણ સમાન બની જતું હોય છે.

જો પૂર્વજન્મના સંસ્કારોનું જાગરણ થવા દ્વારા બાળદીક્ષિતોને પતનનું જોખમ હોય તો આ જ જન્મના ભોગસંસ્કારોના સ્મરણ દ્વારા ભુક્તભોગીઓને માથે પતનનું કેટલું મોટું જોખમ ગણી શકાય? આ આખો વિચાર જૈનાચાર્ય શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજએ 'ઉપદેશપદ' નામના શાસ્ત્રમાં કર્યો છે.

## ઇચ્છાવિહોણા જન્મ, પાપભરેલા જીવન અને રિબાઈને મરણ...

આ દેશમાં દીક્ષાની વાતો સર્વત્ર થતી હતી. સહુ સમજતા કે આ સંસારમાં જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી જ્યાં ને ત્યાં જન્મ થયા કરવાના છે. જ્યાં આપણી ઈચ્છા ન હોય તેવા સ્થળે પણ આપણા જન્મ થઈ જાય. અને જો જન્મ થાય તો જીવન તો જીવવું જ પડે. એ જીવન પાપ વિહોણા તો સંભવે જ નહિ. અને પરિણામે છેવટે ગમે તે રીતે રિબાઈ રિબાઈને અંતે મરણ પણ થાય જ.

શું આ રીતના મરણ ઈષ્ટ છે? રે! જીવવાની ઈચ્છા ખાતર માણસ કેટકેટલાં વલખાં મારતો હોય છે? કોઈને ભયંકર રોગ થાય અને એ કેસ જો ભારતમાં કોઈ ડૉક્ટર દૂર ન કરી શકે તો સુખી માણસ ઠેઠ પરદેશમાં જવા રવાના થાય છે. કેટલી જોરદાર જિજીવિષા!

પરંતુ ખરેખર જો વિચારો...તો આપણો આત્મા તો મરતો જ નથી. અને જેને બચાવવા-ટકાવવા આપણે મથીએ છીએ એ શરીર તો સદા ટકવાનું જ નથી. તમે બનાવેલો આ બંગલો, આ બાળકો, આ પત્ની, આ ભોગ-વૈભવો, બધું જ એકવાર અહીં મૂકીને જ ચાલ્યા જવું પડવાનું છે. આત્મા એનો એ રહેશે. કાયા પલટાઈ જશે.

પણ... છતાં માણસને માત્ર કાયાનો પલટો થઈ જાય એ પણ લગીરે પસંદ નથી. કેટલી ઘોર મમતાને આધીન માણસ બન્યો છે.

જ્યાંને ત્યાં ઈચ્છા વિનાનાં જન્મ, પાપ દ્વારા જ ટકનારાં જીવન, અને અંતે રિબાઈને થતાં મરણ... આ ઘટમાળ અનાદિ કાળથી ચાલી આવી છે. જો તમને આવું જીવન જરીકે પસંદ ન હોય; જો તમે આ અનંત ઘટમાળથી ખરેખર

કંટાળ્યા હો; તો તમે આ ઘટમાળથી છૂટવાનો જે સાચો અને શ્રેષ્ઠ માર્ગ છે તેને પકડી લો.

## આ વિષચક્રમાંથી છૂટવાનો કોઇ ઉપાય?

જયાં જીવન હોવા છતાં પાપ કરીને જીવવાનું નથી; જયાં જન્મ નથી અને મરણ પણ નથી; જયાં સદાકાળ જીવવાનું છે; એવું સ્થાન તમે જો ઈચ્છો છો, તો કોક સાધુ ભગવંતને પૂછો કે, "હે મહાત્મા! મારે પાપી જીવન જીવવું નથી તો પાપ-વિહોણું સદાબહાર જીવન જયાં છે એવા સ્થાનને પામવાનો ઉપાય શો? ઈચ્છા વિનાના જન્મો, પાપી જીવનો અને રિબામણા ભરેલા મરણોની કલ્પનાથી પણ હું ધ્રૂજી ઊઠયો છુ. મને પેલા મોક્ષપદને પામવાનો ઉપાય બતાવો."

...ત્યારે સંતો ઉપાય બતાડે છે કે, "જેને હવે જન્મ જોઈતો નથી તે બીજાઓ જન્મ આપવામાં નિમિત્ત થવાનું બંધ કરે. કેમકે જે સંસારવાસ સેવવા દ્વારા બીજાઓને જન્માવવાનું ચાલુ રાખે છે એના જન્મ બંધ થતા નથી. વળી તે બીજાઓને મારવાનું બંધ કરે; કેમકે જે બીજાઓને મારવાનું ચાલુ રાખે છે એના મરણ અટકતાં નથી. સંસારમાં રહેતો માણસ હાલતા-ચાલતા, ખાતા-પીતાં, અનેક જીવોના મોત કરતો જ હોય છે, બીજાઓને મારનારો પોતે મરે જ છે."

અને પાપવિહોણું જીવન જીવવું હોય તો, તે તો માત્ર વીતરાગ સર્વજ્ઞે પ્રરુપેલા મુનિજીવનમાં જ શક્ય છે. માટે જ જૈન શાસ્ત્રો મુનિજીવન ઉપર ખૂબ ભાર મૂકે છે.

## પરલોક સુધારવા ય મુનિ બનો

આર્ય ધર્મો પણ આ જ સંદેશ આપે છે કે તમારે પરલોકને ય સુખી બનાવવો હોય તો આ જીવનને નિષ્પાપ જીવવું જ પડશે. હમણાં પરમલોક (મોક્ષ) યાદ ન જ આવે તો ય તમારા આગામી જન્મને પણ સુધારવા માટે—સારી જગ્યાએ જન્મ લેવા માટે—પણ છેવટે સાધુ બનવું જોઈશે.

પરલોક અંગેની માન્યતાઓ આ દેશના લગભગ સર્વદર્શનોમાં માન્ય હતી, અને માટે જ આઠ આઠ કન્યા સાથે જેના લગ્ન થયેલા એવા રાજકુમાર ગોપી-ચંદને પોતાની જ પત્નીઓ સાથે વિલાસ કરતો જોઈને એની આર્ય-માતા રડી ઊઠી હતી.

## સાધુપણાનો માર્ગ ન હોય તો?

સંસાર ત્યાગીને સાધુ થવું એ તો આ દેશનો સર્વમાન્ય આદર્શ હતો. અને માટે જ અનેક ગૃહસ્થો સંસારનો ત્યાગ કરીને સાધુ બનતા.

જો ગૃહસ્થો માટે જિનોક્ત મુનિજીવનનો માર્ગ ન હોત તો કોઈ નિમિત્તથી વિરક્ત બનતા ધર્મી ગૃહસ્થો ક્યાં જાત?

શાલિભદ્ર જેવા ઉત્તમ પુણ્યાત્મા સંસારનો વૈરાગ્ય પામ્યા બાદ કયાં જત?

રૂપકોશાના સોહામણા સંસાર ઉપરથી વિરાગી બન્યા બાદ સ્થૂલભદ્ર ક્યાં જાત ?

બાથરૂમમાં પત્ની સુભદ્રા સાથે વાર્તાલાપ કરતાં વિરકત બની ગયેલા ધન્નાજી કયો પંથ પકડત ?

માતાએ ઘરમાંથી કાઢી મૂકેલો યુવાન સિદ્ધસેન ક્યાં જાત?

બહારવટિયા દ્રઢપ્રહારીનું શું થાત?

ગૃહસ્થોના જીવનમાં જયારે પાપકર્મના જોરદાર ઉદય જાગે છે ત્યારે એવા તીવ્ર આઘાત-પ્રત્યાઘાતો આવતા હોય છે કે એવા સમયે વિરાગ સુલભ બની જતો હોય છે. આ વિરાગ જો પ્રશસ્ત હોય તો તે જ વખતે તે આત્મા મુનિજીવનનો સ્વીકાર કરીને ટૂંક સમયમાં આત્મકલ્યાણ સાધી શકે છે.

પોતપોતાની કક્ષા મુજબનો વિરાગ અને સંન્યાસ ભારતના ધર્મોમાં ઓતપ્રોત હતો. ગોપીચંદનો પ્રસંગ એ વાતની પુષ્ટિ કરે છે.

## ભોગવિલાસમાં ચકચૂર ગોપીચંદ

ગોપીચંદ રાજાનો એકનો એક પુત્ર હતો. રૂપમાં તો એનો જોટો ન મળે; સાક્ષાત મદન જ જોઈ લ્યો. અને સૌભાગ્ય તો બધી વાતે મળ્યું હતું. પિતાનો એ લાડીલો હતો. માતાનો એ વહાલસોયો હતો. રૈયતનાં હૈયાનો એ હાર હતો. યૌવનના ઉંબરે એણે પગ મૂકયો કે વડીલોએ એનું અનેક રૂપવતી કન્યાઓ સાથે લગ્ન કર્યું. દેવોને પણ ઈર્ષ્યા થાય એવાં વૈભવી સુખોને આ રાજકુમાર માણતો. દિવસો, મહિનાઓ, અને વર્ષો વીતવા લાગ્યાં. વૈભવ અને વિલાસમાં ગળાબૂડ ડુબેલા રાજકુમારની જિંદગી ઝપાટાબંધ પસાર થવા લાગી. કાળ કદી કોઈના માથે પળભર પણ થોભ્યો છે ખરો?'

## પુત્રના પરલોકની માને ચિન્તા

રાજકુમાર ગોપીચંદના માતાજીને આ વાતનું ભારે દુ:ખ હતું. 'મારો દીકરો આમ ને આમ પોતાનું જીવન પૂરું કરી નાખશે? એનાં બધાં ય પુણ્ય અહીં જ ભોગવાઈને ખતમ થશે? ઓહ! તો બિચારાનું પરલોકમાં શું થશે?

એક દિવસની વાત છે. હવેલીના ઉપરના ઝરુખે માતાજી ઊભા હતા.

નીચે પરસાળમાં રાજકુમારને એની પ્રિયતમાઓ સ્નાન કરાવી રહી હતી. પૂરા આનંદથી, પૂરી મસ્તીથી.

ઝરુખે ઊભેલી મા જોઈ જ રહ્યા! થોડી વારમાં સ્નાન પૂર્ણ થયું. ડિલ લૂછવાનું કાર્ય ચાલતું હતું. ત્યાં જ માતાજીની આંખમાંથી દડ, દડ, દડ આંસુ વહી જવા લાગ્યાં.

મા વિચારી રહી છે.'આમને આમ જો મારો દીકરો સંસારનો કીડો બનીને પોતાની સ્ત્રીઓ સાથે ય મર્યાદા બહારનું જીવન જીવશે. તો એનું શું થશે?' માતાને પોતાના પુત્રનું આવું ભોગી જીવન જોવું ય ગમતું નથી. છતાં માતા પોતે પોતાના સગા દીકરાને ચોખ્ખા શબ્દોમાં કહી શકતી પણ નથી.

માતાની આંખના આંસુનાં એ બુંદ દીકરાની પીઠ ઉપર જ પડયાં! ગરમ ટીપાના સ્પર્શથી ચકિત બનેલા કુમારે ઊંચે નજર કરી... જોયું તો મા રડી રહી હતી.

## ધ્રૂસકે રડતી ગોપીચંદની મા...

આંખના આંસુ દીકરાની પીઠ ઉપર પડી ગયા છે, એ જાણી ગયેલી મા તુરત અંદરના ખંડમાં ગઈ અને ત્યાં ધ્રુસકે રડવા લાગી.

રડતી માતાને જોઈને માતૃભક્ત ગોપીચંદ સ્નાનના જ કપડે મા પાસે દોડયો. એણે પૂરા કપડાં ય ન પહેર્યા અને અંગે શણગારે ય ન સજ્યો.

માતાના પગમાં પડયો અને પૂછ્યું: "ઓ, મા! આટલું બધું રડે છે શા માટે? શું છે? તારી આંખમાં આજે શા કારણે અનરાધાર આંસુ વહ્યા જાય છે?"

માતા ભાવાવેશમાં આવી જઈને ઊભી થાય છે અને કહે છે: "દીકરા! તારી જ ખાતર રડું છું. આજે જ નહિ, રોજ રડું છું. તને તો આજે જ ખબર પડી. બેટા! તારા જીવનમાં કોઈ ત્યાગ નથી, કોઈ તપ નથી, પ્રભુ-નામનો કોઈ જપ કે ધ્યાન કશું જ નથી. તારા પુણ્યે તારા બાપ આ સંપત્તિ મૂકી ગયા છે; પરંતુ તને ખબર છે કે, બેટા! તારા બાપ પણ એક દી મરી ગયા. તારા કરતાં ય તારા બાપ શરીરે પહેલવાન હતા; છતાં સ્મશાનમાં જઈને એક દી સૂઈ ગયા. અને એમના દેહની ભસ્મ થઈ ગઈ!

"બેટા! તારે ય એક દી મરી જવું પડશે. તારા દેહની પણ રાખ થઈ જશે."

## પુત્રને સંન્યાસ અપાવતી આદર્શ માતા

ગદ્ગદ્ થઈ ગયેલો દીકરો પૂછે છે: "તો મા હું શું કરું?"

મા રસ્તો બતાડે છે: "બેટા! સંન્યાસ લે... જા... તારા પરલોકને સુધાર. આ ભોગ-વિલાસ તો તને દુર્ગતિ ભેગો કરી દેશે. નબળા-દુબળા પુણ્યના યોગે મળેલા વૈભવોમાં છકી ન જા."

માની વાતો સાંભળીને કુમાર સ્તબ્ધ થઈ ગયો! આદર્શ માતાના એ આદર્શ પુત્રે એ જ પળે સંસારનો પરિત્યાગ કર્યો. ભગવાં પહેર્યા; અને વન ભણી ચાલી નીકળ્યો. મા પોતાના વહાલા દીકરાની પીઠ ભણી જોઈ રહી. અને માની આંખ-માંથી હર્ષનાં આંસુ પડવા લાગ્યાં.

**અમારા વગર ન ચાલે એવું કહેનારા આ વિચારે...**

આજે તો સહુ એમ માને છે કે 'મારા વગર સંસાર ચાલતો જ નથી.' કોઈ સ્ત્રીનો પતિ મરી જાય તો શું થાય? એ મને કહો. શું એ સ્ત્રીનો સંસાર અટકી જાય છે?? શું એના બાળ-બચ્ચાં બધા મરી જાય છે? સંસાર કોઈનો કદી અટક્યો જ નથી.

'મારા વગર સંસાર ન જ ચાલે.' એમ માનવું એ નરી મૂર્ખામી છે. જે લોકો આવું માને છે, એમને હું કહીશ કે જરા કબ્રસ્તાનમાં જઈને ધ્યાન ધરો અને વિચારો કે 'આ કબરમાં સૂઈ જનારાઓમાંના ઘણાં મારી માફક એમ માનતા હતા કે અમારા વગર સંસાર ન જ ચાલે, અને છતાં એમના મરી જતાંની સાથે જ, બીજા જ કલાકથી એમના સ્વજનોનો સંસાર મજેથી આગળ વધ્યો છે.'

'અમારા વગર કશું ન ચાલે' એવો ખોટો ફાંકો મગજમાં રાખો મા... આજના ઘણાં ખરા પિતાઓ પોતાના દીકરાઓ બે બાળકોના પિતા થઈ જવા છતાં એમ જ માનતા હોય છે કે, 'હજી આ છોકરાઓમાં વેપારની કુશળતા, પરિપકવતા અને સમજણ આવ્યા નથી, માટે મારે દુકાને જવું જ પડે. હું માત્ર ધર્મધ્યાન કર્યા કરું તો છોકરાઓનું અને ધંધાનું શું થાય?'

આ માન્યતા ખૂબ જ ભ્રામક છે. આવી રીતના વર્તનથી તો ઉલટા પિતાઓ પોતાના પુત્રની અપ્રીતિનું પણ કારણ થાય છે.

**એક માસના દશરથને રાજ્ય**

સહસ્રકિરણ રાજા દીક્ષા લે છે, એટલે અનરણ્ય પણ દીક્ષા લે છે. એ સમયે દશરથની ઉંમર માત્ર એક જ માસ હોય છે. નાનકડા આ બાળક ઉપર રાજયનો અભિષેક થાય છે. રાજયનો સ્વામી દશરથ બને છે. પણ એના વતી એના મંત્રીઓ રાજયનો વહીવટ સંભાળે છે.

**ધર્મમાં તો, આજ આજ ભાઇ! અત્યારે**

દીક્ષા ક્યારે લેવાય? તમને થશે કે આવા નાના બાળકને મૂકીને દીક્ષા લેવાય? હા... મહાભારતમાં કહ્યું છે: "यदहरेव विरजेत्, तदहरेव प्रव्रजेत्।"

જે સમયે દીક્ષા લેવાનું મન થઈ જાય એ જ સમયે દીક્ષા લઈ લેવી જોઈએ.

અધ્યાત્મની દુનિયામાં કાલ ઉપર કોઈ કામ છોડાય નહિ. અધ્યાત્મની દુનિયામાં 'કાલ' જેવી કોઈ વસ્તુ જ વિચારો મા. કહ્યું જ છે ને કે,

"कल करना सो आज कर, आज करना सो अब;
अवसर बीत्यो जात है, फिर करेगा कब."

તમને દાન દેવાનું મન થયું છે? તો હમણાં જ પચાસ હજારનો ચેક કાઢો. અને સારા ધર્મકાર્યમાં મોકલી આપો.

કાલે કરવાનો ધર્મ આજે જ કરો.

અને આજે કરવાનો અત્યારે ને અત્યારે જ કરો. કહ્યું છે ને? 'આજ આજ ભાઈ! અત્યારે."

## પાપમાં આજે નહિ; કાલે...

અને જો કોઈ પાપ કરવાનું મન થયું હોય તો તેને દૂર ઠેલો.

આજે જ સિનેમા જોવાનું મન થયું છે? તો એ વાત આવતી કાલ ઉપર ઠેલો. 'આજે તો નહિ જ; પછી વાત.' એમ મનને કહો. પાપમાં વિલંબ કરવાથી પાપની પળો ટળી જવાનું સદ્ભાગ્ય ઘણી વાર પ્રાપ્ત થઈ જાય છે.

## આર્યદેશમાં ગુરખા, ચોર, અરે! કૂતરા પણ વફાદાર

એક માસના દશરથને રાજ્ય પ્રાપ્ત થાય છે. એ દશરથનો કેવો જબ્બર પુણ્યોદય ગણાય? નાનકડો બાળક રાજા! અને રાજ્ય ચલાવનારો મંત્રીગણ એનો સેવક!

તમને થશે કે 'શું એ કાળમાં મંત્રીઓ પૈસા ખાઈ જતા નહિ હોય?' ના ... એટલું સમજી રાખો કે પૂર્વના કાળમાં સામાન્ય રીતે પ્રજા, મંત્રી, નોકરો બધા પોતાના માલિકને વફાદાર જ રહેતા. અને માલિકો પણ આશ્રિતોને યાવત્ સંસ્કૃતિને અને ધર્મ - શાસનની સત્તાને વફાદાર રહેતા.

અરે! આ દેશના ગુરખા અને ચોરો ય વફાદાર હતા. ચોર પણ એવા હતા કે જે શેઠના ઘરનું નિમક [મીઠું] ભૂલથી પણ ખવાઈ ગયું તો તેને ત્યાં ચોરી કર્યા વિના જ પાછા ચાલ્યા જતા. ચોરો પણ નિમકહરામ નહિ કિન્તુ નિમકહલાલ હતા.

દશરથના મંત્રીઓ રાષ્ટ્ર વગેરેને વફાદાર હતા. દશરથ તો એક માસનો નાનો બાળ હતો. આથી તેઓ ધારત એટલું ધન આજના લોકોની જેમ દૂર ભેગું કરી શકત. અરે! રાજ્ય સુદ્ધાં પચાવી પાડી શકત. પણ તે જમાનામાં આજના જેવી ભયંકર પરિસ્થિતિ ન હતી.

## રાષ્ટ્રભકત મહામંત્રી કલ્પક

કલ્પકનો પ્રસંગ તમે જાણો છો? રાષ્ટ્રની ખાતર એ માણસે કેવી ફનાગીરી કેળવી હતી, તે અહીં જોઈએ. જ્યારે પહેલાં નંદનું મગધ ઉપર શાસન હતું ત્યારે કલ્પક તેનો મહામંત્રી હતો. આખા સામ્રાજ્યમાં એ માનીતો થઈ ગયો હતો. આના કારણે એના પ્રત્યે અન્ય રાજકીય માણસોને ખૂબ ઈર્ષ્યા જાગી ઊઠી હતી.

કોઈ પણ હિસાબે કલ્પકને આફતમાં મૂકી દેવાની એ માણસોની મેલી મુરાદ હતી. કોઈ એવું છાટકું ગોઠવીને કલ્પકનું અને તેના આખા કુટુંબનું ધનોત પનોત કાઢી નાંખવાની એ લોકોની દુષ્ટ વૃત્તિ હતી.

## સાચા માણસોને ખમવું તો પડે જ...

રાષ્ટ્રને, સંસ્કૃતિને કે ધર્મશાસનને વફાદાર રહેનારાઓને કેટલી ગાળો ખાવી પડે છે? કેટલું કેટલું ખમવું પડે છે? બધું જ બને. સારા અને સાચા માણસોના માથે માછલા ધોનારાઓ આ સમાજમાં હમેશ માટે રહેવાના.

'મારી સામે આરોપ? મારા ઉપર જૂઠા આક્ષપ?' આવું બોલીને સાચા માણસોએ અકળાવાની કોઈ જ જરૂર નથી.

## જીવનની ચાદર ઉજળી હોય તો ડરવાની શી જરૂર?

જ્યાં સુધી જીવનની ચાદર ઉજળી રહે ત્યાં સુધી કોઈ ડર રાખવો નહિ. આજે તો સારા માણસોના પણ મન એટલાં આળાં થઈ ગયાં છે કે કો'ક આક્ષેપબાજીનો નનામો કાગળ લખે તોય રાજીનામું આપી દેવા તૈયાર થઈ જાય છે.

કોઈ આવીને ગમે તે કહે કે ગમે તેવું લખે અમે કદી રાજીનામું. [સાધુ જીવનમાંથી] આપવાનો વિચાર સુદ્ધાં કરીએ ખરા?

## સહકુટુમ્બ કૂવામાં ઉતારાતા મંત્રીશ્વર કલ્પક

રાજા નંદની પાસે કલ્પકના સંદર્ભમાં ખૂબ જ ખોટી કાનભંભેરણી કરીને કલ્પકના વિરોધી દુષ્ટ તત્ત્વોએ, રાજાને ઉશ્કેર્યો. કાચા કાનના રાજાએ પણ કલ્પકને મારી નાંખવાનો હુકમ છોડયો. પરંતુ પેલા નીચ માણસોને કલ્પક એમ સીધી રીતે મરી જાય તે ઈષ્ટ ન હતું. એમની ઈચ્છા તો કલ્પકને એના આખા કુટુંબ સાથે રિબાવી રિબાવીને મારવાની હતી. આથી એ લોકોએ રાજાને સલાહ આપી કે, "રાજન્! એ રીતે એને મારી ન નાંખો. પરંતુ કોઈ અવાવરા કૂવામાં એના આખા કુટુમ્બને પણ ઉતારી દો. અને ત્યાં જ ભૂખ્યા તરસ્યા એની મેળે જ એ બધાને મરી જવા દો."

કાચા કાનના રાજાને આ યોજના પસંદ પડી ગઈ. જૂના જમાનાના એ કાળમાં એવા અવાવરા કૂવા આવી સજાઓ માટે રખાતા હતા. કલ્પકસહિત એના આખા ય કુટુમ્બને કૂવામાં ઉતારી દેવામાં આવ્યું. માત્ર એક મોટો છોકરો બહારગામ ગયો હતો, તે માત્ર ઉગરી ગયો.

## કૂવામાં ઉતારાતી ભોજનની એક જ થાળી

રાજાની આજ્ઞાથી તે કૂવામાં એ આખા કુટુમ્બ વચ્ચે રોજ માત્ર એક ભોજનની થાળી ઉતારવામાં આવતી. એક થાળીનું ભોજન આખા કુટુમ્બના સભ્યોને શી રીતે પૂરું પડે? ચાર-પાંચ દિવસમાં જ નાના બાળકોના શરીર સુકાવા લાગ્યા. પંદર દિવસ થયા એટલામાં તો અનેક મડદાં પડવા લાગ્યા. કૂવામાં ઘોર અંધકાર હતો. સાંકડી જગ્યા હતી. મડદાની ભયંકર બદબો પણ આવવા લાગી.

આવા કરુણ સંયોગોમાં ઉપરથી ઉતરતી ભોજનની થાળી કોણ ખાવા તૈયાર

થાય? એક દિવસ કલ્પક હજી બચી ગયેલા નાના બાળકોને થાળીનું ભોજન જમાડવા ખૂબ આગ્રહ કરે છે. બાળકો કહે છે કે "ના! પિતાજી આપ ખાઓ. અમારે નથી ખાવું."

**રાષ્ટ્રની રક્ષા ખાતર જીવિત રહેવાનો પત્નીનો આગ્રહ**

કલ્પકની પત્ની પોતાના પતિદેવને કહે છે કે, "સ્વામીનાથ! મારી એક વિનંતી સાંભળો. ભોજનની એક જ થાળીથી બધા જીવી શકે તેમ નથી. વળી ક્યારેક પણ રાષ્ટ્રની ઉપર શત્રુઓ દ્વારા ભયંકર આક્રમણ આવશે જ અને તે વખતે આ રાષ્ટ્ર દુષ્ટોના કબજે ન થવા દેવું હોય તો તમારે જીવતા રહેવું જ પડશે. કો'ક દી રાજા નંદ ખૂબ હેરાન થશે ત્યારે તમને યાદ કરશે અને કદાચ કહેશે કે 'મેં આ કાવતરાબાજોને ઓળખ્યા નહિ. હવે તમારે જ રાષ્ટ્રને સંભાળવું પડશે.' ભવિષ્યમાં દેશના કરોડો બાળકોને અને લોકોને બચાવવા હોય તો અમને બધાને મરવા દો; અને તમે જ રોજ આખી ભોજનની થાળી જમી લઈને ય જીવતાં રહી જાઓ."

**કલ્પકના કુટુંબીજનોની કુરબાની**

તરત જ બીજા સહુ કુટુમ્બીજનો કહે છે કે, "અમે જીવીએ તો ય શું? આપ જીવશો તો અનેકોને જીવાડી શકશો."

કેવી રાષ્ટ્રભક્તિ! કેવી જાનફેસાની!

આ વાત જ્યારે હું યાદ કરું છું ત્યારે આજના રાષ્ટ્ર અને ધર્મ સંસ્કૃતિનાં કરોડો બેવફા માણસોથી ઊભરાઈ ગએલું ભારત મારી નજરમાં આવી જાય છે. રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ—જે પ્રાથમિક કક્ષાની સાવ સામાન્ય વાત ગણાય તે પણ—આજે જોવા મળતી નથી. પછી સંસ્કૃતિ, ધર્મ અને ધર્મશાસન પ્રત્યેની વફાદારી તો ક્યાં શોધવા જવી?

**કલ્પકની કરુણ દશા**

તમામ સ્વજનોની વાતો સાંભળતાં કલ્પકની આંખો આંસુથી છલકાઈ જાય છે. રાષ્ટ્રના અનેક લોકોને બચાવવા ન છૂટકે, રડતા હૃદયે, કલ્પક ભોજન કરે છે. ભૂખથી મૃતપ્રાય: થતાં જતાં બાળકો અને પત્નીને મંત્રીશ્વર જોઈ શકતા પણ નથી. ધીરે ધીરે એક પછી એક તમામના મડદાં પડવાં લાગે છે.

છતાં મન્ત્રીશ્વરના અંતરમાં એક અભિલાષા છે કે 'કાલે કદાચ બહાર નીકળીશ તો આ રાષ્ટ્રને બચાવી શકીશ.' અંધકાર અને આશાની ઓથ લઈને મન્ત્રીશ્વર કપરાં દિવસો પસાર કરી રહ્યા છે.

છેલ્લે મન્ત્રીશ્વરની પત્ની પણ વિદાય લે છે. એનું ય મડદું મંત્રીના ખોળામાં પડે છે.

## નંદને કલ્પકની તાતી જરૂરિયાત

અને... ખરેખર એક દિવસ આવી લાગ્યો કે જ્યારે મન્ત્રીશ્વર કલ્પકની ગેરહાજરીનો લાભ લેવા માટે શત્રુઓએ એકઠા થઈને મગધ ઉપર આક્રમણ કરવાની તૈયારીઓ શરૂ કરી. ક્યા વ્યૂહ રચવા અને કેવી રીતે શત્રુઓનો મુકાબલો કરવો એનો કોઈ ખ્યાલ ન આવતાં રાજા નંદ ગભરાઈ ગયો. અને કહેવા લાગ્યો: "જો કલ્પક જીવતો હોત તો ખરેખર આપણે ઉગરી જાત. આપણને કશો વાંધો ન આવત... પણ હવે તો કલ્પક અત્યાર સુધી શી રીતે જીવતો હશે?"

આ સાંભળીને કલ્પક પ્રત્યે ખૂબ આદર ધરાવનાર એક માણસે રાજાને કહ્યું; "રાજન! મન્ત્રીશ્વર કલ્પક હજી જીવતા હોય એવું કદાચ બની પણ શકે. કારણ કે રાજ્ય તરફથી જે ભોજનની થાળી જાય છે તે હજી સ્વીકારાય છે. આથી કૂવામાં કોક જીવતું છે. એટલું તો અનુમાન કરી જ શકાય."

## અંતે કલ્પકનો ઉગાર અને તેના દ્વારા રાષ્ટ્ર–રક્ષણ

રાજાએ તપાસ કરાવી ખરેખર કલ્પક જીવતા હતા. ડોલમાં બેસાડીને કલ્પકને બહાર કઢાયા. રાજા અત્યંત હર્ષવિભોર બની જઈને કલ્પકને ભેટી પડયા. એના પગમાં પડીને પોતાના અપરાધ બદલ વારંવાર માફી માંગી. ઉદાર દિલ મંત્રીશ્વર કલ્પકે રાજાને ક્ષમા આપી.

કલ્પકે રાષ્ટ્રનો દોર પોતાના હાથમાં લીધો. ટૂંક સમયમાં જ શત્રુઓને મારી હટાવ્યા. અને રાજા નંદનું રાજ્ય પુન: સુસ્થિર બની ગયું.

એમ કહેવાય છે કે સિકંદર જો ભારત ઉપર પોતાનો કબજો મેળવી શકયો ન હોય તો તેમાં મહામન્ત્રી કલ્પક જ કારણ હતા.

જે જે કાળમાં ભારતે આબાદીના દર્શન કર્યા છે તે કાળ રાષ્ટ્ર–વફાદારીનો કાળ હતો; પ્રજાના ધર્મમય જીવનનો કાળ હતો. પ્રજા જો સાચા અર્થમાં ધાર્મિક હોય અને રાષ્ટ્રના સંચાલકો જો વફાદાર હોય તો આબાદીના કાળ અવતરણને ઝાઝું છેટું રહેતું નથી.

## વર્તમાન વડાપ્રધાન અંગે કેટલુંક

આ દેશની વધુમાં વધુ બરબાદી કરનારા કેટલાક પ્રાથમિક અવગુણોમાં જો કોઈ મોટા અવગુણો હોય તો તે બેવફાઈનો અને નાસ્તિકતાનો અવગુણ કહી શકાય.

વર્તમાનમાં કહેવાતી આઝાદી પ્રાપ્ત થયા પછી પણ દેશની પ્રજા વધુ ને વધુ બરબાદ થતી હોય તો તેનું કારણ પ્રજાના મોટા ભાગના વર્ગનું રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યેનું બેવફાપણું છે. આજે પ્રજાને જો કોઈક આશા હોય તો તે છે, ભારતને હાલ પ્રાપ્ત થયેલા વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ! તેમના માટે લગભગ સર્વત્ર એવી એક છાપ છે, કે તેઓ રાષ્ટ્રને વફાદાર છે તદુપરાન્ત તેમનામાં

વિશિષ્ટ કોટિની પ્રામાણિકતા, શિસ્તબદ્ધતા વગેરે ગુણો ઠીક ઠીક પ્રમાણમાં વિકસ્યા છે. તાત્પર્ય એ છે કે ભૂતપૂર્વ દીર્ઘકાલીન એવા તમામ વડાપ્રધાનો કરતાં વર્તમાન વડાપ્રધાન આ વિષયમાં અગ્રસ્થાને હોવાની પ્રજાકીય માન્યતા છે.

પરન્તુ તો ય, તે એકલા કદી આ પ્રજાનો સાચો ઉદ્ધાર કરી શકશે ખરા? આવો સવાલ થવાના અનેક કારણો છે. (૧) પોતે ખૂબ જ વફાદાર અને પ્રામાણિક હોય તો પણ તેમના સાગ્રીતો-તમામ-તેવા ન પણ હોય. (૨) તેમને પણ લોકશાહી પદ્ધતિથી જ કામ કરવાનું છે એટલે પોતાની સાચી વાતમાં પણ બહુમતી મેળવ્યા વિના તેઓ કામ કરી શકે તેમ નથી. અને આવી બહુમતી મળવી આજે ખૂબ મુશ્કેલ છે. (૩) વળી પોતે પણ આર્ય પ્રજાના સાચા સુખ અને શાન્તિ માટેની પાયાની પ્રાચીન વ્યવસ્થાઓના વિશિષ્ટ કોટિના જ્ઞાતા અને તેના જ કટ્ટર પક્ષપાતી હોવા જોઈએ. મને આમાં શંકા છે.

જો આ બધી બાબતોનો ઉચિત રીતે સમન્વય થાય તો જ કોઈ પણ સત્તાધીશ માણસ સમગ્ર પ્રજાનો સાચો રાહબર બની શકે.

એકલદોકલ સાચકલા પણ માણસનું લોકશાહી પદ્ધતિની કામગીરીમાં કેટલું બળ? કેટલું મહત્ત્વ? વળી પ્રાચીનકાળમાં ખૂબ જ સફળ પુરવાર થયેલી રાજ-વ્યવસ્થાઓનું તલસ્પર્શી જ્ઞાન, તેની પ્રીતિ અને તેનો આદરણીય પક્ષપાત આજના બુદ્ધિજીવી વર્ગમાં કેટલો હોઈ શકે? આ બધા ખૂબ જ નાજુક સવાલો છે.

## લોકશાહી દ્વારા ઉત્થાન? અસંભવિત

વર્તમાનકાળમાં કેટલાંક સ્થાપિત હિતોવાળા કે જેઓના પરદેશોમાં મોટાં હિતો છે તેવા, ઉદ્યોગપતિઓના અંગત સ્વ-કલ્યાણો (!) વગેરે દેશમાં એવા ફેલાઈ ગયા છે કે વર્તમાન લોકશાહી દ્વારા પ્રજાનો કે સંસ્કૃતિનો સાચો ઉદ્ધાર થાય એ મને તો સંભવિત જણાતું નથી.

હું તો એટલે સુધી કહીશ કે હજી કદાચ આકાશમાંથી તારા તોડી લાવવા સહેલા છે, પરંતુ મોક્ષલક્ષી ચાર પુરુષાર્થના પાયા વિનાની બહુમત અને ચૂંટણીના તન્ત્ર ઉપર ઊભેલી વર્તમાન લોકશાહી દ્વારા પ્રજાના સાચા ઉત્થાનની આશા અસંભવિત જણાય છે.

લોકશાહી પદ્ધતિથી ચૂંટાએલા માણસો જ દેશના ટોચ-સ્થાનો ઉપર ચડીને જો છ છ કરોડ રૂપિયાના કૌભાંડો કરી શકતા હોય, લોકશાહી રીતો દ્વારા જ દેશની પ્રજાને જો કચડી નાંખી શકાતી હોય; લોકશાહીના પુરસ્કર્તા ગણાતા બંધારણ દ્વારા જ લોકોના સાચા સુખ અને શાન્તિનો નાશ કરી શકાતો હોય તો, તે લોકશાહી પાસે આવતી કાલની કયી આશા રાખી શકાય?

સારા અને સાચા ભાવિ માટે લોકશાહી—અખતરાઓ પણ ક્યાં સુધી કરવાના

હોય? તેમાં ચાર પાંચ સારા માણસો હોય તો પણ એના ઉપર આ દેશનું રાજ ચાલી શકવાનું નથી. અને એવા સારા ગણાતા માણસોને પણ બાકીના ચૂંટાયેલા માણસો કામ કરવા દે કે કેમ, એ મોટો સવાલ છે.

**જગતમાં સર્વત્ર પુણ્યનો પ્રભાવ**

પૂર્વના કાળમાં પ્રાયઃ મંત્રીઓ અને રાજાઓ પ્રજાના પ્રેમી હતા. આથી જ નાનકડા દશરથની સાથે તેના મંત્રીઓ દગો રમ્યા નથી.

આમાં દશરથનું પુણ્ય પણ કામ કરતું હતું. એક માસનો બાળક દશરથ રાજા બની શકયો તે પ્રચંડ પુણ્ય વગર બન્યું હશે? સામાન્ય રીતે પુણ્ય વગર જગતમાં ક્યાંય કશું જ ચાલતું નથી.

જો પુરુષાર્થથી જ બધું ચાલતું હોત તો આજે ચાર કરોડ શિક્ષિતો બેકાર કેમ રખડે છે? એમાં કેટલા ય યુવાનોને એમના મા-બાપોએ પેટે પાટા બાંધીને ભણાવ્યા હશે!! કેટલાંક કદાચ 'ફોરેન રીટર્ન' પણ હશે! છતાં આમ કેમ?

હવે તો એ ભણેલા બેકારોને ભથ્થું આપવાનું પણ સરકાર વિચારી રહી છે. શું શિક્ષિતોની આવી સ્થિતિ એમના કાચા પુણ્યનું જ પરિણામ નથી?

જગતમાં પુણ્ય વગર એક ડગલું ય ભરી શકાતું નથી. જ્યારે આજનો માનવ પુણ્ય-પાપને 'હમ્બગ' કહેવા લાગ્યો છે!! આર્ય દેશની આ કેવી કમનશીબી છે!

**પુણ્યે રેતીમાં ય નાવ સડસડાટ ચાલે**

એક મારવાડીનો દીકરો. ખાવાનાં ય એને ફાંફાં હતા. એક વાર ભમતો - ભમતો રાજસ્થાનની કોઈ તીર્થભૂમિની ધર્મશાળાએ જઈ ચડયો. દયાળુ મુનીમે એની વાત સાંભળીને એક માસના આઠ આનાના પગાર પેટે રાખી લીધો. પણ સાંજ પડતાં જ એ છોકરાને રજા આપવી પડી, કેમકે એ સાવ અભણ નીકળ્યો. યાત્રિકોનાં ગાદલાં, વાસણોની નોંધ કરતાં પણ તેને આવડતું ન હતું. તો ય દયાળુ મુનીમે પૂરા આઠ આના આપીને વિદાય આપી.

વર્ષો વીતી ગયાં. કાળપુરુષે પડખું બદલ્યું. અને એક દી એ યુવાન મારવાડી રોજ લાખો રૂપિયાની હારજીત કરતો મુંબઈનો પ્રથમ પંક્તિનો શ્રીમંત બની ગયો.

ઋણથી મુક્ત થવા માટે એણે પેલી ધર્મશાળાને એક લાખ રૂપિયાનું દાન કરીને એનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

પણ આ શેઠ આજે ય એવા ને એવા જ અભણ હતા. [ચેકબુકનાં પાનાંઓ ઉપર સહી કરવા માટે ઘૂંટી ઘૂંટીને સહી શીખ્યા હતા એટલું જ માફ.

આજે તો ભણશે નહિ તો ખાશે શું? એવા વિચારો વ્યાપક થવા લાગ્યા છે. આ શેઠ તો એક પણ પૈસાનો ઇન્કમટેક્ષ ભરતો નહિ. પુણ્યના યોગે એનું નાવ રેતીમાં ય સડસડાટ ચાલવા લાગ્યું હતું.

એક દિવસની વાત છે. સેક્રેટરીએ ચાલીશ ચેક ઉપર સહી કરાવી પણ દુર્ભાગ્યે એક ચેક ઉપર સહી બરોબર થઈ નહિ. જે રીતે શેઠ ઘૂંટીને સહી શીખેલા, તેવી ન થઈ. એ ચેક પાછો ફરવાની સેક્રેટરીને ભીતિ લાગી. પણ શેઠને શી રીતે કહેવું કે, 'આપે આ પાના ઉપર સહી બરોબર કરી નથી?' રે! એમ કરતાં શેઠનો પિત્તો જાય તો ક્યાંક નોકરીમાંથી પાણીચું પરખાવી દેતો? 'મિયાંની ભેસને ડોબું કેમ કહેવાય?' એટલે સેક્રેટરીએ યુક્તિ કરી. એ પાનું ખોલીને એ સહી સામે એકીટશે જોવા લાગ્યો. એક પળમાં શેઠ બધી વાત પામી ગયા. એની હડપચી પકડીને ઊંચી કરી. અને કહ્યું, 'એ મૂર્ખ! ત્યાં શું જુએ છે? મારા કપાળ સામે જો ગાંડા! ચેક તો મારા પુણ્યથી સ્વીકારાય છે.'

સેક્રેટરી શરમીંદો બનીને ચાલી ગયો. ચેક ખરેખર સ્વીકારાઈ ગયો.

'ભાગ્યથી જ ચેક સ્વીકારાય છે. સહીથી નહીં' એ વાત સેક્ટરી બરાબર સમજી ગયો.

## આ પ્રસંગો જોતાં નાસ્તિકને ય શ્રદ્ધા થઇ જાય

ક્યારે કોનું ભાગ્ય જાગે તે કહી શકાય નહિ. ભારતના વર્તમાન વડાપ્રધાનનું ભાગ્ય તો જુઓ! એક દી તેઓ હરિયાણાની જેલમાં બેઠેલા. પણ ભાગ્ય પલટાયું... અને એક જ રાતમાં એમની જીત થઈ. અને જનતાપક્ષ રચાઈ ગયો. કહેવાતી એકતા પણ સધાઈ ગઈ. અને... તેઓ દિલ્હીની ગાદી ઉપર આરૂઢ થઈ ગયા.

આમાં પુણ્ય સિવાય બીજું કાંઈ છે ખરું? મને લાગે છે કે પુણ્ય અંગેનું આ તત્ત્વજ્ઞાન જો બરાબર સમજાઈ જાય તો ગમે તેવા નાસ્તિક માણસને ય કર્મના તત્ત્વજ્ઞાન ઉપર સમ્પૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય. અને કોઈનો પણ પુરુ-ષાર્થ માટે ગમે એટલો ફાંકો હોય તોય ઊતરી જાય.

## ધર્મ વિના પુણ્યોત્પાદન અશક્ય

આટલું જો બરાબર સમજાય તો ધર્મ તરફ જે બેદરકારી થવા લાગી છે તે દૂર થઈ જાય. કારણ પુણ્યનું ઉત્પાદન ધર્મના આચરણ વિના સંભવિત નથી.

જંગી પુરુષાર્થ હોવા છતાં પણ જો ધર્મ દ્વારા ઉત્પન્ન થયેલું તમારું પુણ્ય યારી નહિ જ આપતું હોય તો કોઈ પણ સાહસમાં તમે સફળતા નહિ પામી શકો.

દશરથ મોટા થાય છે. અને ધીરે ધીરે રાજ્યની બધી સત્તા પોતાના હાથમાં લઈ લે છે. યુવાન થયા બાદ કૌશલ્યા, સુમિત્રા, અને સુપ્રભા નામની ત્રણ રાજકન્યાઓ સાથે દશરથના લગ્ન થાય છે.

એક વખત રાજા દશરથને માથે ભયંકર આફત ઊતરી પડે છે.

## રાવણનો નૈમિત્તિકને પ્રશ્ન

અનેક દેશોને જીતીને લંકાનું રાજ્ય સુવ્યવસ્થિત કરવાના પ્રયત્નોમાં રાજા રાવણ ઓતપ્રોત બની ગયા.

એક દિવસની વાત છે. લંકાની રાજસભાનું કામકાજ ચાલતું હતું ત્યાં અષ્ટાંગ નિમિત્તિનો જાણકાર કોઈ પરદેશી નૈમિત્તિક આવ્યો. રાવણે એના જ્ઞાનનો લાભ લેવાનો વિચાર કર્યો. રાજ્યનું કામકાજ પૂરું થયા બાદ રાજા રાવણે નૈમિત્તિકને પ્રશ્ન કર્યો, "મારું મોત શી રીતે થશે?"

અનન્તવીર્ય કેવલિ ભગવંતને આ જ પ્રશ્ન રાવણે પૂછયો હતો પરંતુ કેવલિ ભગવંતનો અનિષ્ટ ઉત્તર સાંભળીને રાવણની નિંદ હરામ થઈ ગઈ હતી. પોતાના કલંકિત જીવનની કલ્પનાઓ એને ધ્રુજાવી મૂકતી હતી. એથી જ એણે આ જ પ્રશ્ન નૈમિત્તકને પૂછ્યો.

નૈમિત્તિકે કહ્યું, "આપનું મોત રાજા જનકની દીકરીના કારણે થશે; અને મહારાજા દશરથના સંતાનના હાથે થશે."

આટલું સાંભળતાં જ રાજા રાવણના માથે જાણે આભ તૂટી પડ્યું. વળી એ જ વાત!... પરસ્ત્રીના કારણે મોત!

પોતાના જીવન ઉપર ફિટકાર વરસાવતા રાવણ સૂનમૂન થઈ ગયા.

પણ આ વાતને લઘુબંધુ વિભીષણ ન જીરવી શક્યા. જ્યેષ્ઠ બંધુ રાવણ ઉપર એને અથાગ પ્રેમ હતો. પોતાના ભાઈની આવી કથા ઇતિહાસના પાને કાળા અક્ષરે લખાય એ તો વિભીષણને હરગીજ મંજૂર ન હતું.

## દશરથ અને જનકનો નાશ કરવા વિભીષણનો નિરધાર

સિંહાસન ઉપરથી અકદમ ઊભા થઈ જઈને, ભારે આવેશમાં વિભીષણ બોલ્યા: "જો કે આ નૈમિત્તકનું વચન સત્ય જ હોય છે પરન્તુ આ વખતે તો હું જ તેની આ આગમ-વાણીને મિથ્યા બનાવીં દઈશ. રાજા જનક અને રાજા દશરથને હજી સંતાનપ્રાપ્તિ થઈ નથી. હું એ બેય ને મારીને જ જંપીશ. મૂળિયું જ ઊખડી જાય પછી ડાળા-પાંખડાંની હસ્તીનો સવાલ જ કયાં રહે છે?"

વિભીષણનાં હિંમતભરેલાં વચનો સાંભળી રાજા રાવણે અનુમતિ આપી. અને વિભીષણ પોતાને ઘેર આવ્યો.

## સૌથી પ્રબળ જિજીવિષા

રાવણને સુંદર રીતે જીવવાની કેટલી ઈચ્છા છે? માટે જ એ 'મારું મોત શી રીતે થશે?' એમ પૂછે છે ને?

આજે જિજીવિષા [જીવવાની ઈચ્છા] કોને નથી? જિજીવિષાને કારણે જ લોકો પરદેશમાં ઓપરેશનો કરાવવા દોડે છે ને? લોકોની ધન અંગે જેવી વૃત્તિ છે તેના કરતાં પણ જીવવાની ઈચ્છા વધુ તીવ્ર નથી શું? આ જગતમાં સૌથી મોટી વસ્તુ જિજીવિષા છે. એની ખાતર માણસ બધું જ કરી છૂટવા તૈયાર હોય છે. માનવ પોતાની જીવવાની ઈચ્છાના કારણે ક્યારેક બીજાનાં પ્રાણ સુદ્ધાં લઈ લેવા તૈયાર થઈ જતો હોય છે.

## અકબર અને બિરબલ

એકવાર અકબર અને બિરબલ વાતો કરતા હતા. તે વખતે પોતાના નાનકડા બચ્ચાને અત્યંત વહાલ કરતી એક વાંદરીને રાજા અકબર જુએ છે. અકબર બિરબલને કહે છે: "बिरबल ! देख तो सही, यह बंदरी आपने बच्चे को कितना प्यार करती है ! लगता है कि अवसर आने पर शायद वो उसके लिये अपना प्राण भी दे देवे ।"

બિરબલ અકરબને કહે છે: "जहांपनाह ! आपकी गलती होती है । सभी जीवको अपने पर जो प्यार होता है वह दूसरे कीसीके उपर नहीं होता । अपनी आत्माको बचाने के समय बंदरी अपने बच्चे को भी छेड देगी ।

અકબર કહે છે: "अैसा नहीं हो सकता" ત્યારે બિરબલ કહે છે: "खुदाविंद ! अवसर पर बात !"

તે પછી એકવાર બિરબલ વાંદરીને તેના બચ્ચાની સાથે નીકના પાણીમાં નાંખી દે છે. અને નીકના પાણીમાં ધીરે ધીરે વધારો કરે છે. વાંદરી પોતાના બચ્ચાને કેડમાં લઈને ઊંચી ઊભી રહે છે. ફરી પાણીનો વધારો કરવામાં આવે છે. એટલે વાંદરી પોતાના બચ્ચાને માથા ઉપર લઈને ઊભી થતી જાય છે. પુન: પાણીની વૃદ્ધિ થતાં, પોતાનો પ્રાણ જોખમમાં સમજીને, પોતાના બચ્ચાને જ પાણીમાં નાંખી દઈને, વાંદરી તેની ઉપર ચડી જાય છે અને આ રીતે પોતાનો પ્રાણ બચાવે છે.

બાજુમાં જ ઊભેલા અકબરને બિરબલે જણાવેલી વાત હવે ખૂબ જ સાચી લાગી.

## સૌથી વધુ પ્રેમ પોતાની જાત ઉપર

જ્યારે ઘરમાં ભયંકર આગ લાગી ગઈ હોય એ વખતે પત્ની ઘરમાં રહી ગઈ હોય. બંબાવાળો કહેતો હોય કે 'શેઠ! સ્ત્રીને બચાવી લેવા માટે ઘરમાં જશો તો તમે જ ભડથૂ થઈ જશો." આવા સમયે શું પુરુષ પત્નીને બચાવવા અંદર જશે ખરો? ત્યારે તો તે એમ વિચારશે કે, 'જીવતો નર ભદ્રા પામે.'

ગર્ભવતી સ્રીને કોઈ ભારે તકલીફ ઊભી થઈ હોય તે વખતે ડૉક્ટર કહે કે 'કાં તમે બચશો, કાં પેટનું બાળક! બેમાંથી એકને જ જીવાડી શકાશે' ત્યારે સ્રી શું કરે? બાળકને મરાવીને પણ બચવાનો જ પ્રયાસ કરે ને?

પોતાના ભોગે કોઈ સામાન્યજન બીજાને જીવાડવા રાજી હોતો નથી. કારણ પ્રત્યેક મનુષ્યની જિજીવિષા અત્યંત બળવાન હોય છે. જગતમાં જો કોઈને પણ સૌથી વધુ પ્રેમ ક્યાંય પણ હોય તો તે પોતાના ઉપર જ હોય છે.

## દશરથ અને જનક જંગલમાં પલાયન

રોષથી ધમધમી ઊઠેલા વિભીષણે દશરથને ખતમ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. અને ... એક દિવસ વિભીષણ રાજમહેલમાંથી નીકળી ગયા. એકલા; અકલવીર બનીને; આત્મબળ ઉપર મુશ્તાક બનીને.

નારદજીને એ વાતની માહિતી હતી. તરત જ વિદ્યાબળે મહારાજા દશરથ પાસે પહોંચ્યા. સઘળી વાત કરી અને જણાવ્યું કે 'બળિયા સાથે બાથ ભીડવામાં મજા નથી. એના કરતાં અહીંથી ભાગી છૂટો એ જ શ્રેષ્ઠ છે''

ભયંકર વંટોળિયો (સાયક્લોન) વાયો છે એ વખતે મોટા મોટા પણ જો તાડના ઝાડ અક્કડને અક્કડ ઊભા રહે છે તો તૂટીને ખલાસ થઈ જાય છે. જ્યારે નાનકડો છોડવો પણ નમી જાય છે તો બચી જાય છે.

રાજા જનકને પણ આ સમાચાર નારદે જ પહોંચાડી દીધા. લંકાના અધિપતિઓ પાસે અયોધ્યા કે મિથિલાના અધિપતિઓ તો સાવ વામણા હતા. યુદ્ધને આમન્ત્રણ દેવું એટલે મોતને જ આમન્ત્રણ દેવા બરાબર હતું.

મન્ત્રી મંડળો સાથે પરામર્શ કરી લઈને રાજા દશરથ અને રાજા જનકે પોતાની રાણીઓનો ત્યાગ કરી દીધો. સંન્યાસીના વાઘા સજી લઈને તે બેય અટવી પ્રદેશોમાં ચાલ્યા ગયા.

## દશરથને બચાવવા મંત્રીઓનો દેખાવ

મહારાજા દશરથનું મન્ત્રીમંડળ અત્યંત વિચક્ષણ હતું. એમણે સૂતેલા દશરથની માટીની આબેહૂબ પ્રતિકૃતિ બનાવી. જે દિવસે વિભીષણ અયોધ્યામાં આવવાના હતા તે દિવસે યુદ્ધની નોબતો બજાવી. લડવા માટે લશ્કર સાબદુ કરાયું. યુદ્ધ થયું. પણ ના...એક છમકલા જેવું જ કરવામાં આવ્યું. વિભીષણથી ડરી જઈને કેટલાંક સૈનિકોએ નાસભાગ કર્યાનો દેખાવ કર્યો. રાજમહેલના દ્વારે આવીને ઊભેલા; ક્રોધથી ધમધમતા વિભીષણને સમજાવવા માટે મન્ત્રીઓએ ઘણા કાલાવાલાં કર્યા;

"અમારા નાનકડા રાજાની હત્યા ન કરો; અમારા રાજ્યને અનાથ-અશરણ ન બનાવો."

પણ વિભીષણે એમની વાતોની અવગણના કરી.

## વિભીષણ દ્વારા દશરથની પ્રતિમાનો નાશ

મંત્રીઓને ધક્કો મારીને, એક બાજુ ઉપર હડસેલી મૂકીને વિભીષણ ખુલ્લી કટારી સાથે રાજભવનના શયનખંડમાં પ્રવેશ્યા અને...આવેશમાં આવેલા તેણે પલંગમાં સૂતેલા દશરથના ગળા ઉપર ધડાક કરતી કટારી ફેરવી નાંખી. કામી અને ક્રોધી એ બેને આંખ હોતી જ નથી અર્થાત્ છતી આંખે તેઓ અંધાપો ભોગવતા હોય છે.

લાલરંગે [લાખના લાલરંગે!] તરબોળ થઈ ગયેલી કટારીને વિજયના કેફમાં હાથમાં ઊંચી કરીને વિભીષણે અટ્ટહાસ કરતાં કહ્યું: "હાશ! પાપ ગયું! ધડ અને માથું જુદું થઈ ગયું!"

રાણીવાસમાં કરુણ વિલાપ શરૂ થયો, બાહોશ મન્ત્રીમંડળે ખૂબ સારી રીતે આ નાટક ભજવી નાંખ્યું. વિભીષણને લેશ પણ ગંધ ન આવી.

બહાર નીકળીને વિભીષણે વિચાર્યું કે હવે જનકને મારવાની કશી જરૂર નથી. બેયના સંતાનોથી મારા ભાઈનું મોત હતું ને? બે હાથે તાળી પડવાની હતી ને? પણ એક હાથ તો મેં ખતમ કર્યો છે. હવે એકલા જનકના સંતાનથી વડીલ-બંધુના મોતની શકયતા સંપૂર્ણપણે મટી જાય છે. તો નાહકની હત્યા શા માટે કરવી?

વિભીષણ લંકા તરફ વળી ગયા.

મરવું કોઈને ન ગમે; જીવવું સહુને ગમે;...પણ અફસોસ! પોતાના જીવન-મરણનો વિચાર કરતો સંસારી-જન પરાયાના જીવન-મરણનો લગીરે વિચાર કરવા લાચાર છે! કેવી હશે એની ભોગરસિકતા! જિજીવિષા!

પોતાના જીવન ખાતર પરાયા જીવનનો નાશ એ કરે!

પોતાના જીવન માટે બીજાને મોતના ઘાટેય ઉતારી દે!

આ બાજુ દશરથ અને જનક ઉત્તરાપથમાં ભેગા થઈ ગયા. ત્યાં રાજગૃહી નગરીના શુભમતિ રાજાની પુત્રી કૈકેયીનો સ્વયંવર હતો. આથી બન્ને સ્વયંવર-મંડપમાં ગયા. અને સમુચિત આસને બન્ને બેઠા.

## પુણ્યશાળીની વાત ન્યારી

પુણ્યશાળીની વાત તો સાવ ન્યારી છે. પુણ્યના ઉદય કાળમાં કોઈ કશી જ બાધા પહોંચાડી શકતું નથી.

જો પુણ્યનો ઉદય હોય તો બેંકના પટાવાળાને પણ લૉટરીમાં લાખ રૂપિયાનું ઈનામ લાગી જાય. બેંકના મેનેજરે ય રૂપિયાની ટિકિટ લીધી હોય તો ય તેને ઈનામ ન મળે અને પટાવાળાને મળી જાય. તે વખતે મેનેજર એને કહે કે "ચલ...ચલ... તું તો પટાવાળો છે. તને શેનું ઈનામ લાગે? ઈનામ લાગે તો મને જ લાગે." તો એવું ચાલી શકે ખરું?

ઈનામ લાગવું ન લાગવું એ તો ભાગ્યની વાત છે! એમાં કાંઈ મેનેજરને જ લાગે અને પટાવાળાને નહિ એવો કોઈ નિયમ નથી.

દશરથની ભાગ્ય લીલા જોર કરતી હતી એટલે દશરથના વિષયમાં પણ એવું જ બન્યું.

બીજા અનેક રૂપવાન્ ધનવાન્ રાજકુમારોને પડતાં મૂકીને કૈકેયીએ દશરથના ગળામાં જ વરમાળા નાંખી દીધી. આ જોઈને બીજા રાજાઓને તેમાં પોતાનું અપમાન લાગ્યું. અને...

સ્વયંવર મંડપમાં હાહાકાર મચી ગયો! તમામ રાજકુમારોએ મ્યાનમાંથી તરવારો ખેંચી નાંખી. શુભમતિ રાજાને કહ્યું, "શું આવું અપમાન કરાવવા માટે તમે અમને બધા ય ને તમારી દીકરીના "સ્વયંવરમાં આમન્ત્યા હતા? શું બળ્યું છે; એ દશરથમાં? તે તમારી પુત્રીએ અને પોતાના વર તરીકે પસંદ કર્યો?"

"સબૂર..." દશરથે પડકાર ફેંકતા કહ્યું, "તમારી જીભડી સલામત રાખો. હું કોણ છું? એ તો હમણાં જ નક્કી થઈ જશે. ક્ષત્રિયો લવારા કરતા નથી; એ તો ખાંડાના ખેલ ખેલીને જ જય-પરાજયનો નિર્ણય કરી લેતા હોય છે. ચાલો, આવી જાઓ... મારી સાથે; આપણે ખરાખરીનો ખેલ હમણાં જ ખેલી લઈએ; કોણ વામણો છે અને કોણ વિરાટ છે? એવો નિર્ણય આ જ પળે મેળવી લઈએ."

## રાજકુમારો સાથે દશરથનું યુદ્ધ અને દશરથનો વિજય

મર્દાનગીની રંગ-છોળ ઉડાડતી વાણીને સાંભળતાં જ કૈકેયીનાં રૂંવેરૂંવે આનંદ વ્યાપી ગયો. રાજા શુભમતિ પણ આવા જમાઈને પામીને આનંદમાં આવી ગયા. તેઓ દશરથના પક્ષે આવી ઊભા હતા.

બાજુમાં રથ ઊભો હતો. કૈકેયી સારથિ બની ગઈ અને રથને દોરી લાવી. દશરથ રથમાં ચડી ગયા. અને ભયંકર તુમુલ યુદ્ધ થયું. સ્વયંવર મંડપ જાણે મોતનો ઘાટ બની ગયો. બાણો ઉપર બાણો છૂટતા ગયા.

રાજકુમારોના અનેક બાણો નિષ્ફળ થતા ગયા. કૈકેયીએ તો કમાલ કરી નાંખી. એને એવું પૌરસ ચઢયું અને એણે રથને એવો ઘુમાવવા માંડયો કે ધસી આવતા

બાણો એ રથને જ ભટકાઈ–ભટકાઈને ધરતી ઉપર પડતા રહ્યા. ધીરે ધીરે બધા જ રાજાઓને નસાડી ભગાડી મૂક્યા.

કૈકેયીના આ પરાક્રમને જોઈને દશરથ પણ મોંમાં આંગળા નાંખી ગયા.

દશરથના અતુલ પરાક્રમને જોઈને બધા રાજકુમારો હેરત પામી ગયા! સહુ શરણે આવ્યા. આવો પતિ પસંદ કર્યા બદલ રાજકુમારોએ કૈકેયીને ધન્યવાદ આપ્યા.

હવે કૈકેયીની રથ-કળાથી પ્રભાવિત થયેલા રાજા દશરથ તેને વરદાન માંગવાનું કહે છે ત્યારે કૈકેયી શું વરદાન માંગે છે, વગેરે પ્રસંગ આવતા પ્રવચનમાં લઈશું.

**નોંધ :** **આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ. ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**–અવતરણકાર**

[ પાના ૨૫૮ થી ચાલુ ]

**પ્રયાણ, બન્ને રાજવીઓનું ઉત્તરાપથમાં ગુપ્ત રીતે ગમન, દશરથના મંત્રીગણ દ્વારા વિભીષણની છેતરપિંડી, કૈકેયીના સ્વયંવરમાં દશરથની ઉપસ્થિતિ અને દશરથને કણ્ઠે વરમાળા–આરોપણ, કૈકેયીના સ્વયંવરનું સમરાંગણમાં પરિવર્તન, કૈકેયીની રથ-સંચાલનની આશ્ચર્યકારિણી કળા અને અંતે, દશરથનો વિજય વગેરે રામાયણની મૂળ કથાના પ્રસંગોને પણ પૂજ્યશ્રીએ ભાવવિભોર શૈલીમાં રજૂ કર્યા હતા.**

**પુરાતનકાળના માનવોના ઉત્તુંગ શિખરો ઉપર સદા લહેરાતી......વીંઝાતા વાયરાની થપાટોથી ફર......ફર......અવાજ કરતી......સંસ્કૃતિની એ ધવલી ધજા સામે આંગળીચિંધણું કરીને, પ્રવર્ત્તમાન કાળના અતળ અને ઊંડા પાતાળની પ્રગાઢ અને ગહન ગુફાઓના અંધકાર જેવી અંધિયારી......વિકૃતિઓના કાદવથી ખાબકીને ઊભરાઈ ગયેલી......માનવજીવનની ખાઈમાં અથડાતી કૂટાતી અને ગંધાઈ ઊઠેલી–પેલી સંસ્કૃતિની ધજાને ઊંચકી લઈ, એને વિશુદ્ધ અને સુવિશુદ્ધ બનાવી દઈ, પુનઃ સ્વ–જીવનની ધરતીમાં ખોડંગી દેવાની આહાલેક પુકારતી પૂજ્યશ્રીની પ્રવચનપીયૂષ-વર્ષાનું સારભૂત અવતરણ અહીં આપવામાં આવ્યું છે.**

**–મુનિ ભાનુચન્દ્રવિજય**

**શ્રીપાળનગર, મુંબઈ–૬.**
**તા. ૨૫–૮–૭૭**

# ઈંડા ભયાનક રોગો ઉત્પન્ન કરે છે

## આ છે, વિખ્યાત ડૉક્ટરોનું મન્તવ્ય

## अण्डे विष से भरे हैं।

### अण्डों से दिल की बीमारी

वैज्ञानिक परीक्षणों ने यह सिद्ध किया है कि एक-एक अण्डे में लगभग ४ ग्रेन कोलेस्टरोल नामक भयानक तत्त्व पाया गया है। कोलेस्टरोल की इतनी अधिक मात्रा के कारण अण्डे दिल की बीमारी, हाई ब्लड प्रेशर, धमनियों में जख्म आदि रोग पैदा करते हैं।

—Dr. Robert Gross, Prof. Irving Davidson

—Dr. Ketherine Nimmo, D.C.R.N., Oceano, California (U.S.A.)

### अण्डों से पेट में सड़ान

अण्डों में कार्बोहाइड्रेटस बिल्कुल नहीं होते और कैलशियम भी बहुत कम होता है अतः इनसे पेट में सड़ान पैदा होती है।

—Dr. E. V. Mc. Collum—A Great Medical Authority

Newer Knowledge of Nutrition-Page 171

### अण्डों में डी. डी. टी. विष

१८ महीनों के परीक्षण के बाद ३० प्रतिशत अण्डों में डी. डी. टी. मिला

Agriculture Deptt. Florida—America–Health Bulletin

October. 1967.

### अण्डे मनुष्य के हाज़मे के प्रतिकूल हैं

पित्त और लबलबा का रह अण्डे की सफेदी के साथ नहीं मिलते हैं। अण्डे की सफेदी का ३० से ५० प्रतिशत भाग भोजन प्रणाली से बिना हज़म हुए निकल जाता है।

Prof. Okada.

# છેવટે; ભૌતિક દૃષ્ટિએ પણ ઈંડાનો ત્યાગ કરો

## ઈંડા કરતાં મગ, ચણા વગેરેમાં ઘણાં પોષક તત્વો છે.

## આ છે; વૈજ્ઞાનિક–અન્વેષણ

### भारत सरकार द्वारा प्रकाशित हैल्थ बुलेटिन नं. २३

**शाकाहारी खाद्य**

| नाम पदार्थ | प्रोटीन | चिकनाई | खनिज लवण | कार्बो-हाइड्रेट्स | कैलशियम | फॉसफोरस | लोहा | कैलोरी |
|---|---|---|---|---|---|---|---|---|
| मूंग | 24.0 | 1.3 | 3.6 | 56.6 | 0.14 | 0.28 | 8.4 | 334 |
| उड़द | 24.0 | 1.4 | 3.4 | 60.3 | 0.20 | 0.37 | 9.8 | 350 |
| अरहर (तुवर) | 22.3 | 1.7 | 3.6 | 57.2 | 0.14 | 0.26 | 8.8 | 353 |
| मसूर | 25.1 | 0.7 | 2.1 | 59.7 | 0.13 | 0.25 | 2.0 | 346 |
| मटर | 22.9 | 1.4 | 2.3 | 63.5 | 0.03 | 0.36 | 5.0 | 358 |
| चना | 22.5 | 5.2 | 2.2 | 58.9 | 0.07 | 0.31 | 8.9 | 372 |
| लोभिया-चौला | 24.6 | 0.7 | 3.2 | 55.7 | 0.07 | 0.49 | 3.8 | 327 |
| सोयाबिन | 43.2 | 19.5 | 4.6 | 22.9 | 0.24 | 0.69 | 11.5 | 432 |
| बदाम | 20.8 | 58.9 | 2.9 | 10.5 | 0.23 | 0.49 | 3.5 | 655 |
| काजु | 21.2 | 46.9 | 2.4 | 22.3 | 0.05 | 0.45 | 5.4 | 596 |
| नारियल | 4.5 | 41.6 | 1.0 | 13.0 | 0.01 | 0.24 | 1.7 | 444 |
| तिल | 18.3 | 43.3 | 5.2 | 25.2 | 1.44 | 0.57 | 10.5 | 564 |
| मूंगफली | 31.5 | 39.8 | 2.3 | 19.3 | 0.05 | 0.39 | 1.6 | 549 |
| पिस्ता | 19.8 | 53.5 | 2.8 | 16.2 | 0.14 | 0.43 | 13.7 | 626 |
| अखरोट | 15.6 | 64.5 | 1.8 | 11.0 | 0.10 | 0.38 | 4.8 | 687 |
| जीरा | 18.7 | 15.0 | 5.8 | 36.6 | 1.08 | 0.49 | 31.0 | 356 |
| मेथी | 26.2 | 5.8 | 3.0 | 44.1 | 0.16 | 0.37 | 14.1 | 333 |
| पनीर | 24.1 | 25.1 | 4.2 | 6.3 | 0.79 | 0.52 | 2.1 | 348 |
| घी | — | 98.0 | — | — | — | — | — | 900 |
| स्प्रेटा दूध पाऊडर | 38.0 | 0.1 | 6.8 | 15.0 | 1.37 | 1.00 | 1.04 | 347 |

**मांसाहारी खाद्य**

| नाम पदार्थ | प्रोटीन | चिकनाई | खनिज लवण | कार्बो-हाइड्रेट्स | कैलशियम | फॉसफोरस | लोहा | कैलोरी |
|---|---|---|---|---|---|---|---|---|
| अण्डा | 13.3 | 13.3 | 1.0 | — | 0.06 | 0.22 | 2.1 | 173 |
| मछली | 22.6 | 0.6 | 0.8 | — | 0.02 | 0.19 | 0.9 | 91 |
| बकरी का मांस | 18.5 | 13.3 | 1.3 | — | 0.15 | 0.15 | 2.5 | 194 |
| सूअर का मांस | 18.7 | 4.4 | 1.0 | — | 0.03 | 0.2 | 2.3 | 114 |

મૂલ્ય : ૫૦ પૈસા

## રામાયણનાં પ્રવચનો માત્ર નીચેના બે રવિવાર માટે બંધ રહેશે

૧. રવિવાર તા. ૧૧–૯–'૭૭ દ્વિ. શ્રા. વ. ૧૩

૨. રવિવાર તા. ૧૮–૯–'૭૭ ભાદરવા સુ. ૬

વળી – ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ બારસ સુધી રોજિંદા ૯ થી ૧૦ના પ્રવચનો, પ્રશ્નોત્તરી તથા સવારે ૬ થી ૭ની વાચનાઓ પણ સંપૂર્ણ બંધ રહેશે. ભાદરવા સુદ ૧૩ [તા. ૨૫-૯-'૭૭] રવિવારે બપોરે ૨-૩૦ થી ૪ સુધી રામાયણનું પ્રવચન થશે અને ત્યારથી રોજિંદા પ્રવચનો, વાચના વગેરે પણ શરૂ થઈ જશે. આની ખાસ નોંધ લેવા સૌને ભલામણ છે.

– અવતરણકાર

★ ★ ★

ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણના વિષયોને નીડરપણે ચર્ચતું,
અધ્યાત્મની અનોખી સરગમ સંભળાવતું,
આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય બાબતો અંગે
સ્પષ્ટ, સચોટ અને તર્કબદ્ધ રીતે કોઈ નવો જ પ્રકાશ ફેંકતું,

**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના ચિંતનનું વાહક**

**'મુક્તિદૂત' માસિક**

સંપાદક : હસમુખ શાહ

લવાજમ : વાર્ષિક રૂા. ૫–૦૦ ત્રિવાર્ષિક રૂા. ૧૫–૦૦

આજીવન : રૂા. ૧૦૦–૦૦

ગ્રાહક સંખ્યા : ૧૦,૦૦૦

સળંગ અંક : ૧૦૦/૧૦૧ (સંયુક્તાંક) નવેમ્બરની પહેલી તારીખે બહારપડી રહ્યો છે.

આવતા વર્ષથી લવાજમમાં વધારો આવી રહ્યો છે. તે પહેલાં આજે જ ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫ ભરો અને [દિવાળી સુધીમાં] 'મા-બાપને ભૂલશો નહિ' એ કેલેન્ડર ભેટ મેળવો.

પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધીરોડ, રતનપોળ નાકા, ધાર્મિક ઈન્સ્ટીટ્યૂટ સામે, અમદાવાદ–૧. [ફોન નં. ૩૦૦૮૧]
મુદ્રક : ધીરૂભાઈ જે. દેસાઈ, સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૧

# રામાયણમાં
# સંસ્કૃતિનો સન્દેશ

• પ્રવચનકાર •

પૂજ્ય સિધ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રનિપુણમતિ, વાત્સલ્યવારિધિ,

ત્રિશતમુનિગચ્છાધિપતિ, સ્વર્ગીય સૂરિપુરન્દર

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના

શિષ્યરત્ન પૂજ્યપાદ

## મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ

: અવતરણ :

## મુનિશ્રી ભાનુચન્દ્રવિજયજી

પ્રવચન સ્થળ : પ્લેઝન્ટ પેલેસ, મુંબઈ-૬

પ્રવચન ૨૮-૮-૭૭ ] **પ્રવચન – દસમું** [ પ્રકાશન ૪-૯-૭૭

પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબની દર રવિવારે "રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ" એ વિષય ઉપર યોજાયેલી જાહેર પ્રવચનશ્રેણીના દસમા પ્રવચનના અવસરે જ, મુંબઈ - મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મુંબઈની સુધરાઈની શાળાઓના બાળકોને ઈંડા આપવાની યોજનાના સંદર્ભમાં બપોરે ૨॥ થી ૩॥ ના સમય દરમિયાન વિરોધની એક વિરાટ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સવિસ્તર અહેવાલ આ જ પુસ્તિકામાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

પ્લેઝન્ટ પેલેસના પટાંગણમાં હકડેઠઠ ભરાયેલા માનવમહેરામણ સમક્ષ રામાયણનું દસમું પ્રવચન કરતાં પૂજ્યશ્રીએ, રાજકુમારો સાથેના યુદ્ધમાં કૈકેયીએ દાખવેલી રથકળાનું અદ્‌ભુત કૌશલ, તેનાથી પ્રસન્નચિત્ત બનેલા દશરથનું વરપ્રદાન, વરને થાપણ રૂપે રખાવતી કૈકયી, રાજા જનકની રાણી વિદેહીની કૂખે સીતા અને ભામણ્ડળનો જન્મ, કાળાન્તરે ઉપદ્રવોની શાન્તિ અર્થે શ્રી રામનું આગમન અને સીતા માટે જનકનું વાગ્દાન, પૂર્વજન્મના વૈરી દેવાત્મા દ્વારા ભામણ્ડળનું અપહરણ અને પાલકપિતા બનતા ચન્દ્રગતિ દ્વારા તેનું પાલન અને સંવર્ધન. દેવાંગના-ઓનોય તુચ્છકાર કરતા સીતાના અપ્રતિમ રૂપનું નિર્દોષ ભાવે દર્શન કરવા આવતા નારદજી અને દાસીઓ દ્વારા નારદજીની હકાલપટ્ટી, વૈર વાળવા નારદજી દ્વારા ભામણ્ડળને સીતાનું ચિત્રદર્શન, અજ્ઞાત ભામણ્ડળને સીતા ઉપર ઉદ્‌ભવતો કામાગ્નિ, કૃશ બનતા ભામણ્ડળને ચન્દ્રગતિની પૃચ્છા, અંતે મિત્રો અને નારદજી દ્વારા સત્ય—સ્ફોટ અને ચન્દ્રગતિનો જનકને બોલાવવા આદેશ, વગેરે રામાયણની મૂળકથાના પ્રસંગો ખૂબ સુન્દર રીતિએ વર્ણવ્યા હતા.

પ્રસંગાનુરૂપ, કોઈ પણ શુભકાર્યમાં સંકલ્પથી શુભારમ્ભ અને શુદ્ધિના પ્રચણ્ડબળથી પ્રાપ્ત થતી સિદ્ધિ, સિસોદિયા વંશના કેસરીસિંહ શા રાણા પ્રતાપનો ખુમારીવંતો પ્રસંગ, પુણ્યવાન અને શુદ્ધિમાન માનવીના will power ની પ્રભાવક તાકાત, નેપોલિયનને હંફાવનાર એક રાજકુમારની ખમીરવંતી કથા, વેરના વિસર્જનના અભાવે રબારીના છોકરાને અકારણ ખતમ કરી નાંખતી ભેંસના દૃષ્ટાંત દ્વારા ક્ષમાપનાના પુણ્યપર્વનું અમૂલું આખ્યાન, નાતરું કરતી નાર જેવી બિનભરોસાદાર પુણ્યકર્મની પરિસ્થિતિ, કર્મરાજની ચિત્ર-વિચિત્ર લીલાઓના પ્રભાવે જગતને અઘોર ત્રાસ, ખતરનાક કામવાસનાઓના ઝંઝાવતી પરિબળોના કારણે ઉત્પન્ન થતી શારીરિક ક્ષીણતા, વિકારદષ્ટિએ પરસ્ત્રીનું રૂપદર્શન એટલે જ ખાધા વગર ઉત્પન્ન થતાં અજીર્ણની સચોટ અને સુતર્કશીલ રજૂઆત, વૈષયિક વૃત્તિઓની ભયંકરતાને ચોટદાર રીતે સમજાવતો સોક્રેટીસનો સંવાદ, ગાંજો, ચરસ અને બિયર પીને જીવનને ટકાવવા મથતા વિષયાંધ માનવોની જીવતાં મડદાં જેવી કંગાળ સ્થિતિ;

(અનુસંધાન ૩૦૫ મા પાને)

રવિવાર

# પ્રવચનાંક : ૧૦

દ્વિ. શ્રાવણ સુદ પૂર્ણિમા
વિ. સં. ૨૦૩૩

અનંત ઉપકારી કલિકાલ સર્વજ્ઞ જૈનાચાર્ય ભગવાન હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રના સાતમા પર્વમાં જે '**જૈન રામાયણ**' ની રચના કરી છે તેને મુખ્યત્વે નજરમાં રાખીને, "**રામાયણમાં સંસ્કૃતિનો સન્દેશ**" એ વિષય ઉપર દર રવિવારે બપોરે અઢીથી ચારના સમય દરમ્યાન પ્રવચનમાળા ગોઠવવામાં આવી છે. જેનું આજે દસમું પ્રવચન છે.

## પૂર્વકથા—પરામર્શ

ગત પ્રવચનમાં, રામચન્દ્રજીના દાદા અનરણ્ય અને દશરથના કેટલાક પ્રસંગ આપણે વિચારી ગયા. વળી રાવણના 'મારું મોત શી રીતે થશે?' એવા પ્રશ્નના ઉત્તરમાં નૈમિત્તકે કહ્યું કે 'દશરથના પુત્રના હાથે અને જનકની દીકરીના કારણે'—એ સાંભળી વિભીષણને ભયંકર ક્રોધ ઉત્પન્ન થયો. એ જનક અને દશરથને મારી નાંખવા ગયો. આ સમાચાર નારદ દ્વારા પ્રાપ્ત જતાં જ જનક અને દશરથ જંગલમાં પલાયન થઈ ગયા. અને વિભીષણ સાથે દશરથના મંત્રીઓએ છેતરપિંડી કરી.

ઉત્તરાપથમાં પલાયન થઈ ગયા બાદ દશરથ રાજા શુભમતિની પુત્રી કૈકયીના સ્વયંવરમાં જઈને તેને પરણે છે. એને પરણે અન્ય રાજકુમારોને અપમાન લાગે છે. આથી એ રાજકુમારોનું દશરથ સાથે યુદ્ધ થયું. યુદ્ધમાં કૈકયીએ સારથિપણું સ્વીકાર્યું અને એની રથ ફેરવવાની કળા જોઈને દશરથ પ્રસન્ન થઈ ગયા. અહીં સુધીનો પ્રસંગ પણ આપણે ગત પ્રવચનમાં જોઈ ગયા છીએ.

હવે રામાયણના આ પ્રસંગમાં આપણે આગળ વધીએ.

જો કે અજૈન રામાયણમાં આવી વાત આવે છે કે રથના પૈડાની ખીલી નીકળી જતાં કૈકેયી તેમાં આંગળી નાંખીને રથને ચાલુ રાખે છે અને દશરથ એને વરદાન માંગવા કહે છે. પણ જૈન રામાયણમાં આ વાત આવતી નથી.

## વરદાનને થાપણ રખાવતી કૈકેયી

આ રામાયણમાં કહ્યું છે કે કૈકયીની રથાકળાથી અત્યંત પ્રભાવિત થયેલા દશરથે કૈકેયીને કહ્યું: "હું તારા આજના સારથિપણાથી ખૂબ પ્રસન્ન થયો છું. માટે તું વરદાન માંગ." ત્યારે કૈકયીએ કહ્યું કે, 'સ્વામિન! જ્યારે સમય આવશે ત્યારે હું વરદાન માંગી લઈશ. ત્યાં સુધી મારું આ વર આપ થાપણ તરીકે રાખી મૂકો.

દશરથે એ વાતનો સ્વીકાર કર્યો. મુખ્યત્વે દશરથે પોતાના સ્વબળે (સંકલ્પ બળે) વિજય પ્રાપ્ત કર્યો.

## સંકલ્પબળથી પ્રારંભ: બુદ્ધિબળે સિદ્ધિ

જ્યારે કોઈ પણ શુભકાર્ય કરવું હોય છે. ત્યારે સૌ પ્રથમ આપણું સ્વબળ—સંકલ્પ-

બળ તૈયાર હોવું જોઈએ. જો આપણામાં સંકલ્પબળ (will Power) ન હોય તો કાર્યનો આરંભ પણ કરી શકાતો નથી. વળી માત્ર સંકલ્પનું બળ હોય તો એટલા માત્રથી પણ ચાલતું નથી. સંકલ્પબળની સાથે શુદ્ધિનું બળ પણ હોવું જરૂરી છે. મેલા ઘેલા પુણ્યવાળા માણસો કદાચ શુભ કાર્યનો આરંભ કરી શકે છે પરંતુ સારા કાર્યોમાં સિદ્ધિને હાંસલ કરી શકતા નથી.

જો માણસ અંદરખાને બગડેલો હોય, ગરબડિયો હોય, તો પણ સંભવ છે કે તે માત્ર પુણ્યના જોર ઉપર કોઈ શુભ કાર્યની શરૂઆત કરી શકે. પણ એ શુભ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવું હોય તો તેમાં શુદ્ધિ-આત્માની અને સાધનની-બન્ને હોવી ખૂબ જરૂરી છે.

માટે દરેક શુભકાર્યમાં સૌ પ્રથમ દઢ સંકલ્પ અને શુદ્ધિ આ બન્ને વસ્તુનું ખૂબ ધ્યાન રાખવું જરૂરી છે. હું શુદ્ધિની જે વાત કરું છું તેમા ખાસ કરીને બ્રહ્મચર્યની શુદ્ધિ સમજવી. જે માનવી બ્રહ્મચર્યની બાબતમાં શુદ્ધ છે તે પ્રાય: પોતાના કાર્યની સાફલ્યપૂર્વક સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

પેલું વિખ્યાત વાકય યાદ કરો :

**Knock and it shall be opened to you.**

તમે બાર ખખડાવો. એને ખુલ્યે જ છૂટકો છે.

Ask and it shall be given to you.

તમે માંગો. તમને મળ્યે જ છૂટકો છે. દઢ સંકલ્પ કરીને શુદ્ધિપૂર્વક કાર્ય કરનારને પ્રચણ્ડ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ કોઈ કઠિન બાબત નથી.

## સિસોદિયો કેસરી રાણો પ્રતાપ

સિસોદીયા વંશના કેસરી જેવા ગણાતા રાણા પ્રતાપનો પ્રસંગ તમે જાણો છો?

હિન્દુસ્તાનના પશ્ચિમના કિનારા ઉપર ત્રીજા ખલીફાએ કરેલા આક્રમણથી મુસ્લિમોનું આ દેશમાં પ્રથમ આગમન થયું. ત્યાર બાદ ચારસો વર્ષે દિલ્હીની ગાદી ઉપર અકબર આવ્યો. એ જ વખતે રાણો પ્રતાપ થયો હતો. મોગલોના આક્રમણોને કારણે કલેશ થયા. કજિયા થયા. અને ખૂંખાર યુદ્ધો પણ થયા. અકબરે અનેક રાજાઓને જીતી લીધા. પણ મેવાડનો વીર રાણો પ્રતાપ ન જીતાયો. એના અનેક સગાંવહાલાઓમાં માનસિંહ અને પૃથ્વીરાજ જેવા પણ વટલાઈ ગયા, છતાં ઉદેપુરનો એ સીસોદીઓ કેસરી કદી ન નમ્યો. આને જ કારણે પ્રતાપને આખું મેવાડ દેવની જેમ પૂજવા લાગ્યું હતું.

## રાજસભામાં અકબરની જૂઠી રજૂઆત

પ્રતાપ કોઈ પણ સંયોગોમાં જીતાતો ન હતો, એથી એક વાર અકબરે પોતાની

રાજસભામાં બનાવટ કરી અને જૂઠ્ઠી જાહેરાત કરી કે, "પ્રતાપે મારી આણ સ્વીકારી લીધી છે. અને એવા પ્રકારનો એણે મને પત્ર મોકલ્યો છે."

માનસિંહ વગેરે અનેક રજપૂતોની દીકરીઓને અકબર પરણી ગયો હતો. આથી એના કારણે અનેક રજપૂતોએ અકબરની શરણાગતિ સ્વીકારી એની સભામાં નોકરી પણ સ્વીકારી લીધી હતી. અકબરે જે જાહેરાત કરી એ રાજસભામાં બેઠેલા અનેક રજપૂતોએ સાંભળી પરંતુ બધા રજપૂત દરબારીઓએ આ વાત અસંભવિત જણાવી અને તેને માની લેવાની સાફ ના પાડી દીધી.

## પૃથ્વીરાજને આઘાત અને પ્રતાપને પૃચ્છા

અકબરને ત્યાં પૃથ્વીરાજ નામનો એક વટલાયેલો રજપૂત પણ નોકરી કરતો હતો પરંતુ એનામાં પોતાના દેશનું અને જાતિનું જબરદસ્ત ગૌરવ હતું. આથી અકબરે પ્રતાપે શરણાગતિ સ્વીકાર્યાની જે વાત કરી, એ સાંભળીને એને ખૂબ આઘાત લાગી ગયો હતો. એને રાત્રે ઊંઘ પણ આવતી નથી. બીજે દિ એણે પ્રતાપને પત્ર લખીને જણાવ્યું કે, "મહારાણાજી! આપે શરણાગતિ સ્વીકાર્યાની રાજસભામાં અકબરે કરેલી જાહેરાત જો સાચી હોય, તો મારા અંતરાત્માને ભયંકર આઘાત લાગ્યો છે. અમે વટલાયા તો ભલે વટલાયા. પરન્તુ આપ પણ જો વટલાશો અને અકબરને નમી જશો તો હિન્દુ સંસ્કૃતિનો સૂર્ય આથમી જશે."

## પ્રતાપનો પ્રત્યુત્તર : "સિસોદીઓ સિંહ પિંજરે નહિ પુરાય"

પ્રતાપે પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, "આ વાત બિલકુલ બિનપાયાદાર અને હડહડતી જૂઠ્ઠી છે. આ સિસોદીઓ સિંહ કદી અકબરના પિંજરે નહિ પુરાય. પ્રતાપ કદી શરણે નહિ જાય અને હિંદુ સંસ્કૃતિનો ધ્વજ સદા ફરકતો રાખશે જ."

અને ખરેખર પ્રતાપે પોતાનું વચન મરતાં સુધી પાળ્યું. એકલે હાથે, અદ્‌ભુત પરાક્રમ સાથે, મોગલોની સામે પચીશ વર્ષ સુધી ઝઝૂમનાર આ પ્રતાપે મૃત્યુશય્યા ઉપરથી પોતાના સાથીઓને પ્રતિજ્ઞા લેવડાવી કે "જ્યાં સુધી મોગલોનું શાસન નહિ ઉખડે ત્યાં સુધી અમે જમ્પીને બેસીશું નહિ. અને દેશના એ દુશ્મનો સાથે અમે સદા ઝઝૂમીશું."

## ઇંડા–પ્રકરણ સામે પડકાર ફેંકવો જ રહ્યો

હું એ કહેવા માગું છું કે શુદ્ધિ સાથેના કોઈ પણ સંકલ્પને સિદ્ધિ તો મળે જ છે. આજે મુંબઈની પ્રજા કેવી ભયંકર પરિસ્થિતિમાં સપડાઈ છે! મુંબઈની અંદર મ્યુનિસિપાલિટીએ પોતાના હસ્તકની તમામ શાળામાં બાળકોને બાફેલાં ઇંડા આપવાનું નક્કી કર્યું છે. આ કેવું ભયંકર આક્રમણ છે; આર્યાવર્ત્તની સંસ્કૃતિ ઉપર! આખી અન્નાહારી આર્ય પ્રજાને માંસાહારના રસ્તે ઢસડી જવાનો આ કેવો ખતરનાક કાર્યક્રમ છે!

## સત્ત્વશાળીનો એક જ ટહૂકાર કાફી છે

તમારે સહુને જાગવું જ રહ્યું. તમારા Will Power ની અસર ચોક્કસ થવાન' છે. એમાં શંકા રાખવાની કોઈ જ જરૂર નથી. એક બાજુ લાખો શિયાળિયાઓનું ટોળું હોય અને બીજી બાજુ એક જ સિંહ હોય! તો પણ સિંહ કદી ડરતો નથી. શિયાળિયાઓની જંગી બહુમતીથી એ કદી ગભરાતો પણ નથી. બાવના ચંદનના વનમાં એક બાજુ લાખો સાપ હોય અને બીજી બાજુ મોરલાનો એક જ ટહુકાર હોય, તો એ ટહૂકાર કાફી છે; લાખો સાપોને ભગાડી મૂકવા માટે!

આવી તાકાત ત્યારે જ ઉત્પન્ન થશે, જ્યારે શુદ્ધિનું – આત્માના બ્રહ્મચર્યની સુરક્ષાનું–બળ ઉત્પન્ન થયેલું હશે... અને એવી શુદ્ધિપૂર્વક પડકાર ફેંકવો જ પડશે. બીજાઓ એ કરે એવું સત્ત્વશાળી માણસે વિચારવું પણ ન જોઈએ.

પેલો વનનો રાજા સિંહ એકલો હોય; અસહાય બની ગયો હોય, શરીરે સુકાઈ ગયો હોય, મરવા પડ્યો હોય ત્યારે પણ એને કોઈની કદી ચિન્તા થતી નથી, કેમકે એ તો એના સત્ત્વ ઉપર જ મુસ્તાક હોય છે.

## કોઈકે તો તૈયાર જ થવું રહ્યું

ફ્રાન્સનો ભાગ્યવિધાતા ગણાયેલો નેપોલિયન માર માર કરતો ચારે બાજુ ત્રાટકી રહ્યો હતો. એના નામની ચોમેર હાક વાગતી. શત્રુરાજયોની રૈયતનું નાનકડું બાળક પણ એનું નામ સાંભળતાં જ રડતું બંધ થઈ જતું. એ રાજામાં સૌથી મોટી વાત હતી; આત્મવિશ્વાસ. ગમે તેવી કફોડી સ્થિતિમાં પણ એ હિંમતથી આગળ ધપતો અને પોતાના શૂરા સૈનિકોના દિલમાં હિંમત ભરી દેતો.

આવા સમ્રાટથી કોણ હેબતાઈ ન જાય? એક વખતની વાત છે. એક મોટો રાજા એના આગમનની જાણથી કંપી ઊઠયો. પણ હવે કરવું ય શું? જો નેપોલિયનને શરણે ન જાય તો મોત હતું. આથી એ રાજા પરામર્શ કરવા માટે પોતાના અનેક રાજપુત્રો સાથે એકઠો થયો, કોઈએ શરણે જવાની રજૂઆત કરી; કોઈએ નાસી છૂટવાની વાત કરી; કોઇ એ આત્મહત્યા કરવાની વાત કરી.

અનેક રાજપુત્રોની સાથે બેઠેલો એક નવયુવાન રાજકુમાર આ બધાયની વાતો સાંભળી રહ્યો હતો. એને એકેય રજૂઆતમાં સારપ જણાતી ન હતી. નરી નિર્માલ્યતાનું એ દર્શન ન કરી શકયો. એકદમ પોતાની બેઠક ઉપરથી એ નવયુવાન ઊભો થઈ ગયો. એણે કહ્યું, **"આવી નમાલી વાતો કરવાનો કોઈ અર્થ નથી. શરણે જવાથી, નાસી જવાથી કે મરી જવાથી આપણી કોઈ ઈજ્જત રહેવાની નથી. હું તમને કહું છું કે એ સમ્રાટની વિજય પરંપરાથી તમે હેબતાઈ ન જાઓ. જો આપણે વિજયી બનવું હોય તો જરાય અંજાયા વિના કો'કે તો એ સમ્રાટને પડકારવો પડશે; અને ધસ્યો આવતો અટકાવવો જ પડશે."**

તે રાજકુમાર બોલ્યો હતો કે "Somebody must stop him some where" એ રાજકુમારનું આ વાક્ય સાંભળીને બધા રાજકુમારો ગરમ થઈ ગયા. એમને એ સમજાઈ ગયું કે 'આપણે બધા જ જો પાણીમાં બેસી જઈએ તો તે બિલકુલ ન ચાલે...' અને ખરેખર એ રાજકુમારો નેપોલિયનને જીતી ગયા.

## સંકલ્પ અને શુદ્ધિના સ્વામીથી સત્તા પણ ડરે

આ તો જગતના ભૌતિક બળોની વાત થઈ. આધ્યાત્મિક ક્ષત્રમાં તો સંકલ્પ અને શુદ્ધિનું બળ ખૂબ જરૂરી છે. પોતાની પાસે જો એ બળો હોય તો કામ થઈ જાય. માત્ર પુણ્યના બળે એ આત્મા પોતાના ક્ષેત્રોના વિજયો હાંસલ કરી શકતો નથી.

હિંદુસ્તાનની ધરતીની સમગ્ર પ્રજાને ધ્રુજાવી શકનારી શક્તિ પણ નિઃશસ્ત્ર એવા સાચક્લા માણસોથી ડરતી હોય છે.

સાચા ખમીરવંતા માણસોથી જ ખોટા માણસો ડરતા હોય છે. ભલે એમની પાસે શસ્ત્રોના ગંજ હોય છતાં સાચા સંકલ્પ અને શુદ્ધિના માલિક એવા માણસો શસ્ત્રહીન હોય તો ય તેનાથી ભારે ડર લાગતો હોય છે.

શસ્ત્રધારીઓ પણ જો નિઃશસ્ત્રથી ડરતા હોય; સત્તાવાળાઓ પણ જો સત્તા વગરનાથી બીતા હોય; સંપત્તિવાળાઓ પણ જો સંપત્તિવિહોણાઓ પાસે ભય પામતા હોય તો માનવું જ રહ્યું કે તેમાં એ નિઃશસ્ત્ર, સત્તાહીન કે અકિંચન માણસો પાસે પણ કોઈક સંકલ્પનું, શુદ્ધિનું કે રાષ્ટ્ર, પ્રજા અથવા સંસ્કૃતિ પરત્વેની ભક્તિનું બળ કારણરૂપે હોવું જ જોઈએ.

જેના આત્માની ચાદર ઉજળી હોય છે એ જ ખરેખર ઝઝુમી શકે છે અને એ જ માણસો, પુણ્યબળના સહારે ઝંઝાવાતમાં ઝંપલાવી શકે છે અને વિજયની વરમાળા પહેરી પણ લે છે.

## દશરથનું રાજગૃહીમાં જ રહેઠાણ અને રામ-લક્ષ્મણનો જન્મ

દશરથનું સંકલ્પબળ અને પુણ્યબળ જોર કરતું હતું. આથી જ તેઓ રાજ-કુમારોની સામે યુદ્ધમાં કુદી પડયા અને એમાં કૈકેયીના રથસંચાલનનો સહારો મળી ગયો. પહેલાં તો દશરથને એ ય ખબર ન હતી કે કૈકયી તેને આટલી જબ્બર સહાય કરશે. આ યુદ્ધમાં દશરથે જ્વલંત વિજય હાંસલ કર્યો.

ત્યાર બાદ દશરથ રાજગૃહી નગરીમાં જ રહ્યા અને ત્યાં જ પોતાની કૌશલ્યા વગેરે રાણીઓને બોલાવી લીધી. તેમના મનમાં એક અંદેશો હતો કે વળી પાછી રાવણને ખબર પડે કે દશરથ તો હજી જીવતા છે અને તો ફરી કદાચ ખતમ કરવાનો પ્રયત્ન કરે?

આ જ રાજગૃહીનગરીમાં દશરથ રાજાની પ્રથમ રાણી કૌશલ્યાની કુક્ષિથી અતિ-પુણ્યશાળી રામચન્દ્રજીનો જન્મ થયો. ત્યાર બાદ કેટલાક વખત પછી સુમિત્રાની કુક્ષિથી

લક્ષ્મણનો જન્મ થયો. રામ અને લક્ષ્મણના જન્મ વખતના નામ તો પદ્મ અને નારાયણ હતા પરન્તુ લોકોમાં તેઓ રામ અને લક્ષ્મણ તરીકે પ્રખ્યાત થયા. આથી પ્રસ્તુત રામાયણકાર તેઓને તે જ નામે જણાવશે.

મોટા થયેલા આ બન્ને રાજકુમારો યુદ્ધ વગેરે કળાઓમાં અત્યંત નિપુણ થયા. એમનું પ્રચણ્ડ ભુજાબળ અને શસ્ત્રાસ્ત્રોનું કૌશલ્ય જોઈને રાજા દશરથ હવે પોતાને દેવાસુરોથી પણ અજેય માનવા લાગ્યો.

દશરથને એમ લાગ્યું કે, 'હવે અયોધ્યા જાઉં તો મને કશો વાંધો આવે એમ નથી!' આથી તે પોતાના પરિવાર સાથે અયોધ્યામાં આવી ગયા. અયોધ્યામાં પ્રવેશ થયા બાદ એક દિવસ કૈકેયી રાણીએ ભરતને અને સુપ્રભાએ શત્રુઘ્નને જન્મ આપ્યો. ચારે ય ભાઈઓ ખૂબ આનન્દથી રહેવા લાગ્યા. અને દશરથ પણ આવા પુત્રોને કારણે અત્યન્ત પ્રસન્ન રહેવા લાગ્યા.

## સીતા–ભામણ્ડલનો જન્મ

રામ-લક્ષ્મણના ભાવિ જીવનની વાતો હમણાં આપણે બાજુ ઉપર રાખીને સીતાના જીવનની થોડી વાતો વિચારી લઈએ.

મિથિલા નગરીમાં જનક રાજાની રાણી વિદેહાએ એક દિવસ એક બાળક અને બાલિકાના યુગલને સાથે જ જન્મ આપ્યો. આમાં જે બાલિકા હતી તે જ ભાવિ સીતા હતી. અને એ બાળક તે સીતાનો ભાઈ ભાવી ભામંડલ હતો.

આ ભામંડલને કોઈ વૈરી દેવે જનક રાજાના પુત્રરૂપે જન્મેલો જોઈ કાળ ચઢયો. અને તેનું જન્મતાની સાથે અપહરણ કરી લીધું.

## વૈરના વિસર્જનનું પર્વ

ક્રોધ કેવો ભયંકર છે? પૂર્વજન્મના વૈરને કારણે એ દેવાત્માને ક્રોધ ચઢયો!!! જૈન શાસ્ત્રોએ ક્રોધ ભાવના વિસર્જનને માટે જ 'સંવત્સરી પર્વ' બતાવ્યું છે. 'વૈરની ગાંઠ છોડો અને વાત્સલ્યની ગાંઠ બાંધો.' આ પર્વનો આ સન્દેશ છે.

જેમની સાથે તમારે વિશેષ પ્રકારે વૈર બંધાયા હોય તેની સાથે વિશેષ કરીને ક્ષમાપના કરવી જોઈએ. માત્ર વ્યવહાર ખાતર ૧૫ પૈ.નું પોસ્ટકાર્ડ લખી નાંખો તે ન ચાલે. વળી જેની સાથે વિશેષ વૈરનું નિમિત્ત બન્યું હોય, તો અવસરે તેના ઘરે જઈને પણ એની ખાસ ક્ષમાપના કરવી જ જોઈએ. જૈન શાસ્ત્રો તો કહે છે કે જે સંવત્સરી પર્વ-પ્રસંગે પણ ક્ષમાપના કરતો નથી, તેની જૈન સંઘમાંથી આપમેળે હકાલપટ્ટી થઈ જાય છે. તેને જૈનસંઘમાંથી રદબાતલ કરવાની પણ જરૂર રહેતી નથી.

## વૈરના વિભાવે છોકરાને ખતમ કરતી ભેંસ

હું ગતવર્ષે નવસારીમાં ચતુર્માસ હતો ત્યારે મેં એક પ્રસંગ છાપામાં વાંચ્યો હતો. એક ભેંસે એક છોકરાને અકારણ મારી નાંખ્યો. એમાં એવું બન્યું કે કોઈ

ગામના રસ્તા વચ્ચેથી એક રબારીનો છોકરો પસાર થતો હતો. અને પેલી ભેંસે જોયો. જોતાંની સાથે જ ભેંસ આ છોકરાને મારવા દોડી. રબારીનો એ છોકરો પણ ગભરાઈને નાઠો. છોકરો આગળ અને ભેંસ એની પાછળ! દોડતા દોડતા છોકરો હાંફી ગયો અને નદીના રેતાળ પટમાં તે અટકી ગયો. તરત જ ભેંસ એ છોકરાને શિંગડા જ મારવા માંડી. ભેગા થઈ ગયેલા લોકોએ ખૂબ પ્રયત્ન કર્યા, છતાં તેઓ તે છોકરાને ભેંસના જીવલેણ આક્રમણમાંથી છોડાવી શક્યા નહિ.

અને અન્તે... શિંગડાના પ્રહારો દ્વારા પેલી ભેંસે એ છોકરાને લોહીલુહાણ કરીને મારી નાખ્યો. રબારીનો એ છોકરો કદી એ ગામમાં આવ્યો જ ન હતો. પહેલી જ વાર એણે એ ગામમાં પગ મૂકેલો. અને ભેંસને કશું પણ અડપલું કર્યું ન હતું. છતાં એ છોકરાને જોતાની સાથે ભેંસને આટલો ક્રોધ ચઢયો અને એને મારી નાંખ્યો. એની પાછળ શું કારણ?

આ જન્મનું તો કોઈ જ કારણ જોવા મળતું નથી. તો પછી પૂર્વજન્મનું કોઈ વૈર ભેંસને જાગૃત થયું હોય અને તેને કારણે ભેંસે આવું અકાર્ય કરી નાંખ્યું હોય એવું અનુમાન સ્પષ્ટ રીતે કરી શકાય. અન્યથા એક પશુની જાત કોઈ પણ જાતના રંજાડ વગર એક નિર્દોષ માનવને શા માટે મારી નાંખે?

## ક્ષમાપનાનું પર્વ: ક્ષમા માંગો અને આપો

અન્ય દર્શનોમાં કોઈ પર્વ એવું નથી કે જેમાં જનમ જનમના વેર તોડવા માટેનું આરાધન બતાવવામાં આવ્યું હોય! એક જૈન દર્શનમાં જ આવું મહાન પર્વ બતાડયું છે; જેમાં તમે બીજાની ક્ષમાપના માંગો અને બીજાને ક્ષમા આપો, એવું વિધાન કરવામાં આવ્યું છે.

## પુણ્યશાળી બાળ ભામંડળ અન્તે ઉગરી ગયો

ભામંડલને જોતાં પેલા દેવને વૈરભાવ જાગ્યો. પૂર્વજન્મના વૈરભાવની ક્ષમાપના નહિ કરી હોય એટલે જ આ જન્મમાં શત્રુ પ્રત્યે ક્રોધ ઉદ્ભવે ને? દેવને આ બાળકને જોતાં જ, "આને હમણાં જ આ શિલા જોડે અફાળીને હણી નાંખું." તેવો ભાવ ઉત્પન્ન થયો. જાણે દેવને એ આત્મા રાજકુમાર તરીકે જીવે અને મોજમજા કરે એ મંજૂર ન હતું. માટે જ એને ખતમ કરી નાંખવાનો વિચાર આવ્યો હોય!

પરન્તુ ભામંડલનું પુણ્ય એવું જોરદાર તપતું હતું કે થોડીવારમાં જ એ દેવની વિચારધારા બદલાઈ ગઈ. "આવા રૂપરૂપના અંબાર જેવા કુમારને મારીને શું કરું? બિચારો એ જાણતો પણ નથી કે એ મારો શત્રુ છે. મેં જ દુષ્ટકર્મો કર્યા હશે એના ફળ મારે જ ભોગવવાના છે. આ બાળની હત્યા કરીને શા માટે મારું ભવ-ભ્રમણ વધારી દઉં?"

### ચન્દ્રગતિ દ્વારા ભામંડળનું ગ્રહણ અને પાલન

આ દેવને ક્રોધ આવતા તો આવી ગયો; પરંતુ પરલોકની ભીરુતાના વિચારે એ શાન્ત થઈ ગયો અને તે બાળકને કુંડલાદિ આભૂષણોથી શણગારીને વૈતાઢ્યની દક્ષિણ શ્રેણીમાં રથનૂપુર નગરના એક ઉદ્યાનમાં મૂકી દીધો.

ત્યાર બાદ આ બાળક રથનુપુરના રાજા ચન્દ્રગતિના જોવામાં આવે છે. દિવ્ય વસ્ત્રાલંકારથી વિભૂષિત એ બાળકને જોઈને ચન્દ્રગતિને તેને ઉપાડી લેવાનું મન થાય છે. અને પોતાને પુત્ર નહિ હોવાથી આ જ બાળકને પોતાના પુત્ર તરીકે સ્વીકારી લે છે. બાળકને રાજમહેલમાં લાવીને પોતાની રાણી પુષ્પાવતીને અર્પણ કરે છે. અને નગરમાં એવી ઘોષણા કરાવે છે કે, 'આજે ગૂઢગર્ભા દેવી પુષ્પાવતીએ એક પુત્રને જન્મ આપ્યો છે.'

રાજા ચન્દ્રગતિ બાળકના જન્મનો ઉત્સવ કરે છે. અને સત્તાવાર રીતે જાણે બાળક પોતાનું જ હોય તેવો આભાસ ઊભો કરે છે. બાળકના મુખ ઉપર ખૂબ જ કાંતિ હોવાને કારણે તેનું 'ભામંડળ' એવું નામ પાડે છે. આ રીતે ચન્દ્રગતિ ભામંડળનો પાલક પિતા બને છે.

### પુત્ર–અપહરણથી વિદેહાનો કલ્પાન્ત

આ બાજુ જનક રાજાની રાણી વિદેહાના બાળકનું જ્યારે દેવદ્વારા અપહરણ થયું ત્યારે વિદેહા કરુણ કલ્પાન્ત કરવા લાગી. 'મારું બાળક ક્યાં ગયું?' એમ કહીને બૂમો પાડવા લાગી. માતાના કરુણ આક્રંદે સમગ્ર કુટુમ્બીજનોને શોકસાગરમાં ડૂબાડી દીધા. રાજા જનકે ચારે બાજુ તપાસ કરાવવા માંડી પરંતુ બાળકનો કોઈ જ પત્તો લાગતો નથી.

### નાતરું કરતી નાર જેવું પુણ્યકર્મ

પુણ્ય કેવું તકલાદી તત્ત્વ છે? ક્યારે એ ધડાકો કરી બેસે અને ક્યારે રવાના થઈ જાય એ સમજી શકાય એવું નથી. માટે જ પુણ્યકર્મને નાતરું કરતી નારની ઉપમા અપાય છે. જૂના જમાનામાં નીચલા વર્ણની સ્ત્રીઓ નાતરું કરતી. પત્ની ક્યારે દગો દે અને બીજા પુરુષના ઘરે જઈને બેસે એનું ઠેકાણું નહિ. આથી જ પુરુષ સ્ત્રીને કબાટની ચાવી સોંપતો નહિ. ક્યારે એનું માથું ફરે અને ઘરેણું લઈને ચાલતી થઈ જાય એનો શો ભરોસો? તકલાદી પુણ્યે ઊભા થયેલા સંસારને કદી જીવનની ચાવી ન સોંપાય. ક્યારે એ દગો દઈ દે અને આત્માને દુર્ગતિ ભેગો કરી દે એનું ઠેકાણું નથી.

### 'ડાયવોર્સ'ના રૂપાળા નામથી માલ બદલાતો નથી.

આજે સારા ઘરમાં ય ક્યારેક સ્ત્રી ઘર બદલતી હોય છે. પણ તેને 'ડાયવોર્સ'નું

રૂપાળું નામ આપવામાં અવ્યું છે! પણ એથી કાંઈ વસ્તુ સ્થિતિ બદલાઈ જતી નથી. મીઠાના ડબ્બાને 'સાકર'નું લેબલ ચોંટાડવાથી મીઠું કાંઈ 'સાકર' ન બની જાય. રૂપાળા નામથી માલ બદલાતો નથી. છતાં આજે રૂપાળા નામો આપવાથી માલ બદલાઈ ગયાની એક હવા ઊભી કરીને ભેદી લોકોએ પ્રજાની સાંસ્કૃતિક જીવન-પદ્ધતિ સાથે ભયંકર છેતરપિંડી કરી છે.

## આવા પુણ્યના ભરોસે રખે રહેતા!

હું એ કહેવા માગું છું કે પુણ્યકર્મ એ વંઠેલી સ્ત્રી જેવું છે.

એક પુરુષની પત્ની એટલી વિચિત્ર અને વંઠેલી હતી કે કદી અનું કહ્યું તો માને નહિ; ઉલટાની પોતાના ધણીની ઉપર રૂઆબ કરે. એની વારંવાર અવગણના કરે. તિરસ્કાર કરે.

પતિ ક્યારે ય કંઈ પણ કહે તો સામો એવો ધડાકો કરે કે પતિની| બોલતી જ ચૂપ થઈ જાય. આને જ કારણે પતિ પોતાના મિત્રો વગેરેને પણ કોઈ દિ પોતાના ઘરે આમન્ત્રી શકતો નહિ.

પત્નીના આ ત્રાસથી પતિ કંટાળી ગયેલો. પણ સંસારના ચોકઠામાં ફસાયેલો એ બહાર શી રીતે નીકળી શકે?

એક દિવસની વાત છે. પતિએ પત્નીને કહ્યું:

"જો સાંભળ; આજે તારે મારી આબરૂ રાખવી જ પડશે. તું કહેશે તો તારા પગમાં પડીશ; રે! તારા પગ ધોઈને તેનું પાણી પણ પી જઈશ. પણ આજે મારી આબરૂ રાખવી જ પડશે.'"

"પણ છે શું? શું હું કાંઈ તમારી નોકરડી બોકરડી છું? માંડીને બધી વાત કરો; પછી હું મારો નિર્ણય જણાવીશ." છણકા સાથે પત્નીએ સાફ સાફ સુણાવી દીધું.

ત્યારે પતિએ ખુલાસો કરતાં જણાવ્યું કે, "વાત એમ છે કે મારા દસ બાર મિત્રોએ સામે ચડીને મને કહ્યું છે કે, 'આજે સાંજે અમે તારે ત્યાં જમવા આવવાના છીએ, તેં કોઈ દિ' અમને જમવાનું આમંત્રણ આપ્યું નથી.' મિત્રોનો આ ધડાકો સાંભળીને હું તો ઠૂંઠ થઈ ગયો. મેં ઘણી આનાકાની કરી પણ છેવટે ના છૂટકે મેં આમંત્રણ દઈ દીધું છે... હવે જો તું આ કાર્યક્રમ સારી રીતે પાર ન ઉતારે મારું શું થાય? જીવનમાં મેં તારી ઘણી બધી ઈચ્છાઓ પૂર્ણ કરી છે. તો તું મારી આ એક ઈચ્છા પૂર્ણ નહિ કરે?"

તાડૂકી ઊઠીને પત્નીએ કહી દીધું: "એ કામ મારાથી નહિ બની શકે." પણ છેવટે પતિએ માંડ માંડ એને મનાવી લીધી, ત્યારે તેણે શરત કરી કે, 'તમારી પચાસ જ આજ્ઞા માનીશ. પણ પછી ભો ભારે પડી જાય એવા ધડાકા કરીશ." પતિએ શરત કબૂલ કરી.

સાંજ પડી મિત્રો આવ્યા. 'પાણી લાવ, પાટલા મૂક, રૂમાલ મૂક' ... વગેરે વગેરે આજ્ઞાઓ થતી ચાલી. પેલી વારે વારે બેસી જાય છે. અને કેટલી આજ્ઞા થઈ તે આંગળીને વેઢે ગણતી જાય છે. જ્યાં ભોજનની અધવચમાં આવ્યા ત્યાં જ પચાસ આજ્ઞા પૂરી થઈ ગઈ. હવે એકાવનમી આજ્ઞા થઈ: "રાઈતું લાવજે." અને ... જાણે મોટો બોમ્બ ન પડયો હોય એવા ધડાકા સાથે શ્રીમતી તાડૂકી ઊઠયા ... "એ નહિ બને ... હું તે શું તમારી નોકરડી છું? તમારા મિત્રો શું સમજે છે એમના મનમાં? હાલી નીકળ્યા છે, ખાઉધરાઓ! ભિખારીઓ જેવા!" મિત્રો સ્તબ્ધ થઈ ગયા ... ધડાકા ઉપર ધડાકા થતા જોઈને મિત્રો તો હાથ પણ ધોયા વિના ઘર ભેગા થઈ ગયા!

બિચારા પતિની બધી જ મહેનત પાણીમાં મળી ગઈ. એણે પત્નીને કહ્યું: "અરે! તેં અધવચ્ચે જ આ શું કર્યું?" પત્નીએ કહ્યું: "હું શું કરું? તમે મને પચાસ આજ્ઞાની વાત કરી હતી. પણ તમે મને જ્યારે એકાવનમી આજ્ઞા કરી ત્યારે હું શી રીતે તે માની શકું?" પતિ તો ચૂપ જ થઈ ગયો.

કેવો છે; સંસાર? બાંધી મૂઠી લાખની, અને ખુલે તો રાખની. એના જેવો ખેલ છે; આ સંસારનો!

### દુઃખનું ઓસડ દહાડા

પુણ્યકર્મ આ વંઠેલી બાઈ જેવું છે. એ વિફરે તો અબજોપતિને એક રાતમાં ભિખારી બનાવી દે. અને એ રીઝે તો રંકને રાતોરાત રાજા બનાવી દે.

રાજા જનકની પટ્ટરાણી વિદેહાનું પુણ્ય પરવાર્યું એટલે તુરત એનું બાળક ખોવાયું. રાજા એને ખૂબ જ આશ્વાસન આપે છે, અને શાન્ત પાડે છે. કહ્યું છે કે, 'દુઃખનું ઓસડ દહાડા'. આથી કેટલોક કાળ પસાર થઈ ગયા બાદ રાણીનો શોક મંદ પડી ગયો. ક્યારેક પુત્ર યાદ આવી જાય પરંતુ ધીરે ધીરે એ જાણે ભુલાઈ જ ગયો.

### જનકને સીતા માટે પતિની ચિન્તા અને અંતે રામને વાગ્દાન

આ બાજુ જનકની દીકરી સીતા ધીરે ધીરે મોટી થવા લાગી. એને અત્યંત રૂપ-લાવણ્ય પ્રાપ્ત થયા હતા. એના રૂપનો જાણે જગતમાં જોટો ન હતો. યુવાન બનેલી પુત્રીને માટે જનક રાજા ચિન્તામાં પડ્યા હતા કે, "આવી પુત્રીને યોગ્ય વર કોણ થશે?"

આ સમયે અર્ધબર્બર દેશના દૈત્ય જેવા ઘણા મ્લેચ્છ રાજાઓ જનકની ભૂમિ ઉપર ઉપદ્રવ કરવા લાગ્યા. આને નિવારવા માટે જનકે દશરથની સહાય માંગી. શ્રીરામે પોતાના પિતાને વિનંતિ કરી કે, "આપ મને એ કાર્ય કરવા જવા દો. કારણ કે ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલા આપના પુત્રો જન્મથી જ પરાક્રમ સિદ્ધ છે." શ્રીરામ

પોતાના નાના ભાઈઓ સાથે સેના સહિત મિથિલામાં આવ્યા. શ્રીરામે ધનુષ ઉપર પણછ ચઢાવી અને ટંકાર કર્યો. અને મ્લેચ્છોને મારી હટાવ્યા.

શ્રીરામનું આવું અજબ પરાક્રમ જોઈને હર્ષવિભોર બની ગયેલા રાજા જનકે પોતાની પુત્રી સીતા શ્રીરામને આપવાનું વાગ્દાન દઈ દીધું.

## સીતાજીને જોવા નારદનું આગમન

એક વાર લોકો પાસેથી સીતાના—અપ્સરાને ય શરમાવે તેવા—રૂપનું વર્ણન સાંભળીને નારદજી તેને જોવા આવ્યા. જૈન શાસ્ત્રોમાં નવ નારદની વાત આવે છે. એમનો સૌથી મોટો ગુણ હોય છે; શીલચુસ્તતા. એમનામાં મશ્કરી–ટીખળ કરવાની એક ટેવ હોવા છતાં નવે નારદો મોક્ષમાં ગયા છે. એમાં એમના શીલનો મહાન પ્રભાવ જ મુખ્યત્વે કારણીભૂત હતો. સજઝાયોમાં આવે છે ને કે "એક જ શિયળ તણા બળે, ગયા મુક્તિમાં તેહ રે." આના ઉપરથી એ સમજવાનું છે કે એક જ ગુણ પણ જો જીવનમાં આત્મસાત કરી લેવામાં આવે તો એની પછવાડે અનેક સદ્‌ગુણો ખેંચાઈ આવે છે. એ રીતે જો એક પણ અવગુણ જો જીવનમાં ઘર કરી જાય તો ક્યારેક એની પાછળ બીજા હજાર અવગુણો ખેંચાઈ આવે છે. માટે જ ધર્મને પામવાની ઈચ્છાવાળાઓએ એક ગુણને પણ સિદ્ધ કરી લેવો જોઈએ.

## નારદજીની દાસીઓ દ્વારા હકાલપટ્ટી

નારદજીએ સીતાના કન્યાગૃહમાં પ્રવેશ કર્યો. મોટી પીળી આંખો! પીળા વાળ! મોટું દૈત પેટ! એક હાથમાં છત્રી અને બીજા હાથમાં દણ્ડ! કૃશ શરીર! નારદજીનું આવું વિચિત્ર સ્વરૂપ જોઈને સીતા તો ભય પામી ગઈ. અને ચીસ પાડી ઊઠી. 'ઓ મા!' એમ કહેતી તરત જ અંદરના ઓરડામાં પ્રવેશી ગઈ.

નારદજી તો મહાસદાચારી હતા. આથી એક નિર્દોષ ભાવે જ સીતાનું રૂપ જોવા આવેલા. પરતું સીતા તો નારદજીને જોઈને ડરી ઊઠી. આથી તત્કાળ દોડી આવેલી દાસીઓ અને દ્વારપાળોએ કોલાહલ કરી મૂક્યો અને નારદજીની ચોટલી, ગળું અને બાહુ પકડી લીધા. "મારો! મારો!" એમ બોલતા યમદૂત જેવા શસ્ત્રધારી સૈનિકો દોડી આવ્યા. નારદજી તો આ જોઈને અત્યન્ત ખળભળી ઊઠ્યા અને માંડ માંડ એ સંકજામાંથી છૂટીને વૈતાઢ્યગિરિ ઉપર આવી ગયા.

## ભામંડલને સીતાના ચિત્રનું દર્શન

નારદજી વિચારે ચઢ્યા: 'આ કેવું થઈ ગયું! હું નિર્દોષતાથી સીતાને જોવા ગયો એમાં કેવું તોફાન થઈ ગયું! અફસોસ! જાણે હું કોઈ રાક્ષસ જ ના હોઉં એવી રીતે સીતા ડરી ગઈ અને... પેલી વાઘણ જેવી દાસીઓ મને ઘેરી વળી! માંડ માંડ હું છૂટયો છું! કાંઈ નહિ! હવે સીતાનું અતિસુન્દર રૂપ પટ ઉપર ચીત-

રીને ચન્દ્રગતિના પુત્ર ભામણ્ડલને હું બતાવું. અને એ એનું બળાત્કારે હરણ કરશે એટલે મારા વૈરનો બદલો મને મળશે!'

આવો વિચાર કરીને નારદજીએ સીતાનું ચિત્ર પટ ઉપર આલેખીને ભામંડલને આપ્યું. સીતાનું અદ્ભુત રૂપ જોતાની સાથે જ ભામંડલ સ્તબ્ધ થઈ ગયો અને એના અંતરમાં સીતા પ્રત્યે કામ જાગી ગયો.

## કર્મની વિચિત્ર લીલાઓ !

કર્મના ઉદય કેવા ભયંકર છે! સગી બેન ઉપર સગા ભાઈને વિકારભાવ જાગી ગયો! કર્મની આ બલિહારી નહિ તો બીજું શું છે? માટે જ શાસ્ત્રો કહે છે કે આ માનવજીવનને પામીને આપણે કર્મોનો જ નાશ કરવો જોઈએ. આત્માના અસંખ્ય પ્રદેશો ઉપર કર્મે જે ડેરા-તમ્બૂ નાખ્યા છે, તેને ખતમ કરી નાંખવા માટે જ આ મનુષ્ય ભવની પ્રાપ્તિ છે અને તો જ તેની સાર્થકતા છે. આર્યદેશમાં જન્મ પામીને, માનવ તરીકેનું જીવન મેળવીને, જો કોઈ કરવા જેવું કાર્ય હોય તો તે આ એક જ છે કે આત્માને અનાદિકાળથી વળગેલા કર્મોનો નાશ કરવો. નહિ તો તે કર્મો આત્માને અઘોર ત્રાસ આપ્યા વિના રહેનાર નથી.

સીતા પ્રત્યેના વિકારભાવને કારણે ભામણ્ડલની નિંદ હરામ થઈ ગઈ. એણે મધુરા ખાન ત્યાગ્યા; પીણાં છોડયા. અને એક યોગીની જેમ મૌન ધારણ કરીને રહેવા લાગ્યો.

## ખતરનાક કામવાસનાઓ !

કામવાસના એટલી ખતરનાક હોય છે કે એનું ઉદ્દીપન થયા પછી માણસને પોતાનું ઈચ્છિત ન મળતાં ઊંઘ આવે નહિ. ખાવું ભાવે નહિ. અને રાત-દિવસ એના જ વિચારોમાં શરીર પણ ક્ષીણ થઈ જાય.

માટે જ હું યુવાનોને ઘણીવાર કહું છું કે, રસ્તે ચાલ્યા જતા તમે કદાચ કોઈને વિકારભાવથી જોઈ લેશો તો તે વ્યક્તિ તો ચાલી જશે; પરંતુ એના વિચારોના પાપે તમારી આત્મિક, માનસિક અને શારીરિક શક્તિઓ ખલાસ થઈ જશે. તમારું મન કોહવાઈ જશે; પછી મોક્ષમાર્ગની આરાધના કરવાને તમે લાચાર બની જશો.

## વિકારભાવે પરસ્ત્રીદર્શન = વગર ખાધાનું અજીર્ણ

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા 'અધ્યાત્મસાર' નામના શાસ્ત્રમાં કહે છે કે, "જે લોકો ખૂબ કેરી ખાય છે અને તેથી તેમને અજીર્ણ થાય છે એ વાત તો જાણે સમજ્યા. પરંતુ પરસ્ત્રીના રૂપદર્શન કરનારને તો વગર ખાધાનું અજીર્ણ થાય છે. જે સ્ત્રીના રૂપદર્શન કરીને વિકારો ઉત્પન્ન થાય છે, એ વ્યક્તિ તો મળતી જ નથી અને બીજી-બાજુ એની પ્રત્યેના વિકારોને કારણે પોતાની જાતને જ

નાહક બાળવાનું નશીબમાં રહે છે." [આવું જ સર્વત્ર સ્ત્રીઓએ પુરુષો માટે સમજી લેવું.]

આજે આવું વગર ખાધાનું અજીર્ણ ભયંકર પ્રમાણમાં સમાજમાં ફેલાણું છે. મેગેઝિનોમાં જેના તેના ચિત્રો જોઈને, કચકડાની ફિલ્મી-પટ્ટીઓમાં પણ જેના તેના રૂપો જોઈને માણસને થતાં આવા અજીર્ણોનો પાર રહ્યો નથી. અને એના પાપે હાલતા ને ચાલતા, ઊંઘતા અને જાગતા માણસ પોતાની આત્મિક અને શારીરિક શક્તિઓ ગુમાવતો જ જાય છે. આ માટે આજના યુવાનો ખૂબ જ સાવધાન બની જાય અને નાહકના આવા પાપોમાંથી ઊગરી જાય એ ખૂબ ઈચ્છનીય છે.

## નવલકથાઓથી ઘોર નુકસાન

આજની અનેક પ્રણયકથાઓમાં બીજું શું છે? તમારા અંતરમાં એક પ્રકારની ખોટી ચમચમાટીઓ ઉત્પન્ન કરવા સિવાય એ બીજું શું કરે છે? એ મને સમજાવો. આવા પ્રકારની નવલોથી ઘણું નુકસાન થઈ રહ્યું છે. મોક્ષલક્ષી સાધના કરવાને જ આર્યાવર્ત્તમાં જન્મ પામવા સર્જાએલા માણસનું આરોગ્ય જો પહેલાં નંબરમાં ખતમ થતું હોય તો તે મુખ્યત્વે અબ્રહ્મચર્ય સમ્બન્ધી વાસનાને કારણે જ થાય છે.

## અબ્રહ્મ અંગે સોક્રેટીસનો સંવાદ

સોક્રેટીસને એમના એક શિષ્યે એકવાર પૂછ્યું, કે "કામવાસનાથી ન જ રહેવાત હોય તો ન છૂટકે પણ જીવનમાં કેટલી વાર પાપ કરવું?"

સોક્રેટીસે કહ્યું: "સન્તાનની પ્રાપ્તિ માટે જીવનમાં એક જ વાર."

શિષ્ય: "પણ તેટલાથી તૃપ્તિ ન થાય તો?"

સોક્રેટીસ: "...તો વર્ષમાં માત્ર એક જ વાર."

શિષ્ય: "તેટલાથી ય કામ વશ ન રહે તો?"

સોક્રેટીસ: "...તો મહિનામાં એક વાર."

શિષ્ય: "તેટલાથી પણ વાસનાઓનું શમન ન થાય તો?"

સોક્રેટીસ: "કબરમાં સૂવાનું કફન તૈયાર રાખીને મહિનામાં બે વાર."

સોક્રેટીસના આ સંવાદથી કામવાસનાની ભયંકર નુકસાનકારકતા સમજાય છે. મનુષ્ય મહિનામાં બે વાર પણ પાપ કરે તો તેની શક્તિઓ કેટલી ધોવાઈને સાફ થઈ જાય છે એનો ચિતાર સોક્રેટીસના છેલ્લા જવાબમાં સ્પષ્ટ થાય છે.

માટે જ જૈન શાસ્ત્રોએ સાધુપણાનો આદર્શ જગતની સમક્ષ મૂક્યો છે. જેને હૈયે સાધુતાનો આદર્શ જીવતો નથી એવા માણસો સાચી માણસાઈપૂર્વકનું જીવન પણ જીવી શકતા નથી.

આર્યાવર્ત્તના ધર્મને જે પામી શકેલ નથી એવો સોક્રેટીસ પણ જ્યારે અબ્રહ્મ-

ચર્યની ભયંકરતાને આટલી સરસ રીતે સમજી શકયો હોય ત્યારે આર્ય પ્રજાજનોની દષ્ટિએ તો આ વિષયમાં કેટલું ઊંડાણ ભરેલું હોવું જોઈએ?

## બિયર વગેરેથી ટકનારાઓ: જીવતા મડદાં જેવા

જે માણસો અત્યંત વિષયાધીન હોય છે તેઓ ચરસ, એલ. એસ. ડી., ગાંજો બિયર કે સિગારેટ વગેરેથી જીવન ટકાવતા હોય છે. અંદરથી ખલાસ થઈ ગયેલા આવા માણસો મારી દૃષ્ટિએ જીવતા મડદા જેવા છે. જેમ મરી ગયેલા માણસનું મડદું ટેકા વગર ઊભું રહી શકતું નથી તેમ આવા માણસો નશીલા પદાર્થોના ટેકા વગર જીવન ટકાવી શકતા નથી.

આવા પ્રકારના જીવનનો ઝાઝો શો અર્થ છે? આમ મોક્ષ પામવા માટે તો ખરું જ પણ પોતાના આરોગ્યને ય જો ટકાવવું હોય તો માણસ માત્રને બ્રહ્મચર્ય પાળવું અનિવાર્ય બની જાય છે.

## કૃશ ભામણ્ડલને પિતાની પૃચ્છા

સીતાનું રૂપ જોઈને ભામંડલ કામાર્ત્ત થઈ ગયો. એનું શરીર નંખાઈ ગયું. ભામંડલના પાલક પિતા ચન્દ્રગતિએ ભામણ્ડલને આવો નિસ્તેજ જોઈને એક દિવસ પૂછયું કે, તને કોઈ માનસિક પીડા છે? કે શારીરિક વ્યાધિ છે કે પછી તારી આજ્ઞાનો કોઈએ ભંગ કર્યો છે? છે શું તે તો કહે."

પરન્તુ આર્યદેશનો એક લજ્જાળુ સુપુત્ર પોતાના પિતાને આવી વાત કેમ કરી શકે? ભામણ્ડલને તો લગીરે ખ્યાલ નથી કે ચન્દ્રગતિ એના સાચા પિતા નથી પરન્તુ પાલક પિતા છે. આથી પોતાના પિતાને આવું કેમ કહેવાય? એમ વિચારી ભામંડલ મૌન જ રહે છે.

ત્યાર બાદ ભામણ્ડલના મિત્રોએ ચન્દ્રગતિને સાચી વાત કરી દીધી કે જ્યારથી નારદજીએ અદ્દ્ભુત રૂપવતી એક નારીનું ચિત્ર ભામણ્ડલને બતાડયું છે. ત્યારથી એની પનોતી બેઠી છે. એ પ્રત્યેની કામના એ જ ભામણ્ડલના દુ:ખનું કારણ બની ગયું છે."

## નારદ દ્વારા સત્યનો ઘટસ્ફોટ

રાજા ચન્દ્રગતિએ નારદજીનો સંપર્ક સાધીને તેમને એકાન્તમાં બોલાવીને પૂછયું: "ભામણ્ડલને તમે જે કુંવરીનું ચિત્ર બતાવ્યું હતું તે કુંવરી કોણ છે? અને તે કોની કન્યા છે? મારો ભામણ્ડલ એની પાછળ ઘેલો બન્યો છે. તો એ કન્યાને પ્રાપ્ત કરતાં બીજા શું પ્રત્યાઘાતો આવશે તેય મારે જાણવું છે." નાદરજીએ જણાવ્યું કે, " એ કન્યા મિથિલાના જનક રાજાની પુત્રી છે અને તેનું નામ સીતા છે. તે અજોડ રૂપવંતી કન્યાનું રૂપ મેં ચિત્રમાં ચિતર્યું છે તે તો કાંઈ નથી. આવી અદ્દ્ભુત કન્યા

તમારા ભામણ્ડલને જ યોગ્ય છે એમ સમજીને જ મેં એ ચિત્ર બતાવ્યું હતું. અને ખરેખર એના જ કારણે ભામણ્ડલ દિન પ્રતિદિન કૃશ થતો જાય છે." નારદની વાત સાંભળ્યા બાદ ચન્દ્રગતિએ એમને ઉચિત રીતે વિદાય કર્યા.

રાજા ચન્દ્રગતિ એમ માનતો હતો કે હું કોઈ સામાન્ય કોટિનો રાજવી નથી. હું તો વિદ્યાધરોનો મહાન રાજવી છું.' આથી જનકને તો ચપટી વગાડતા અહીં બોલાવી લઈશ.

**જનકને બોલાવવા ચન્દ્રગતિનો આદેશ**

આમ વિચારતા ચન્દ્રગતિએ ભામણ્ડલને સાન્ત્વન આપતાં કહ્યું કે, "બેટા! તું ચિન્તા ન કર. સીતાને હું અવશ્ય તારી પત્ની બનાવીશ."

આ રીતે ચન્દ્રગતિએ આશ્વાસન આપીને ભામણ્ડલને પ્રસન્ન કર્યો અને જનક રાજાને બોલાવી લાવવા પોતાના ચપલગતિ નામના વિદ્યાધરને આજ્ઞા કરી.

હવે જનક રાજાને કઈ રીતે ત્યાં લાવવામાં આવે છે અને ત્યાર બાદ જનક રાજા ચન્દ્રગતિને શું જવાબ આપે છે વગેરે પ્રસંગ આવતા પ્રવચનમાં આપણે વિચારીશું.

**નોંધ :** **આ પ્રવચનના અવતરણ–સંકલનમાં શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ અથવા પ્રવચનકાર પૂ. ગુરુદેવશ્રીના આશયથી વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી 'મિચ્છામિ દુક્કડમ્'.**

**–અવતરણકાર**

( ૨૯૦ મા પાનાથી ચાલુ )

**વગેરે અનેક વિષયોની રસપરિપૂર્ણ છણાવટ કરતી, જીવનમાં ઝળકાટ, તનમાં તરવરાટ અને મનમાં મલકાટ ભરી દેતી, તપ – ત્યાગ અને તિતિક્ષાના ત્રિવેણી સંગમને સાધી આપીને અન્તસ્તલમાં કોઈ અનેરી તેજસ્વિતા અને અસ્મિતાનો આવિર્ભાવ પ્રસારતી, હિમશિખરોની તુંગ અને ઉત્તુંગ ઉચ્ચતા સદથી અને સાગરતળની અતગ અને અથાગ ગંભીરતાને તાદૃશ કરતી, પૂજ્યપાદશ્રીની પાવિત્ર્યમયી પ્રવચનસુધાનું સારભૂત અવતરણ અહીં આલેખવામાં આવ્યું છે.**

**શ્રીપાળનગર, મુંબઈ – ૬,** **–મુનિ ભાનુચન્દ્રવિજય**
**તા. ૧–૯–૧૯૭૭.**

મુંબઇ-મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાના બાળકો માટેની બાફેલા

# ઈંડાની યોજના અંગે સખત વિરોધની એક વિરાટ જાહેર-સભા

## પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનું પ્રવચન

તા. ૨૮-૮-૭૭ રવિવાર

**સ્થળ: પ્લેઝન્ટ પેલેસ. બપોરે ૨ાા થી ૩ાા**

[ **નોંધ :** મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓના સાડા છ લાખ બાળકોને પોષણ (!) માટે બાફેલાં ઈંડા આપવાની યોજના વિચારાઈ હતી, તેનો સખત વિરોધ કરવા માટે એક વિરાટ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે **પૂ. આ. દેવ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી** મહારાજ પધાર્યા હતા અને તેઓએ પ્રારંભમાં પ્રાસંગિક જોશીલું પ્રવચન કર્યા બાદ **પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે,** હજારો માનવોની મેદની સમક્ષ ઈંડાની આધ્યાત્મિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને શારીરિક દૃષ્ટિએ ભયંકરતા રજૂ કરતું જે હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું તેનો મહત્ત્વનો ભાગ અહીં આપવામાં આવ્યો છે.

પૂજ્યશ્રીના પ્રવચન બાદ મુંબઈના જાણીતા અગ્રણી શ્રી. જે. આર. શાહે આ સભામાં ઈંડા અંગે વિરોધ-ઠરાવ સર્વાનુમતીથી પસાર કર્યો હતો અને શ્રી મુકિતલાલ વીરવાડિયાએ તેને ટેકો આપ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા એજ્યુકેશનલ ચેરમેન શ્રી. આર. સી. અંકલેશ્વરિયાએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, 'જ્યારે ઈંડા આપવાની આ વાત મ્યુનિસિપલ સભામાં મુકાઈ ત્યારે સૌથી પ્રથમ બુલંદ અવાજે મેં તેનો વિરોધ કર્યો હતો. અને પૂ. મહારાજશ્રીને જણાવું છું કે જ્યાં સુધી આ કાર્યક્રમ બંધ નહિ રહે ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિ.'

આ કાર્યક્રમને કોઈપણ ભોગે મોકૂફ રખાવવા માટે છેલ્લા એક સપ્તાહથી રાતદિવસ ગુપ્તપણે સખત જહેમત ઉઠાવનાર શ્રી શાંતિલાલ ગુંદરવાળાને તથા શ્રી સુરેન્દ્રભાઇ ઝવેરીને પૂજ્યશ્રીએ ખાસ યાદ કર્યા હતા.

**-અવતરણકાર ]**

જ્યારથી આ દેશની પ્રજામાં ગાય વગેરે પશુઓની કત્લેઆમ શરૂ થઈ છે ત્યારથી જ પ્રજાને માંસાહાર તરફ ધકેલી દેવાની યોજનાના શ્રીગણેશ મંડાયા છે. ભારતની ભોળી પ્રજાના ભોળપણને જ અપરાધી ઠરાવવું જોઈએ કેમકે આ પ્રજા આવા ભેદી-કાર્યક્રમોના ભેદને તરત પકડી શકતી નથી.

આજ સુધીમાં કરોડો ગાય વગેરે પશુઓની કતલ થઈ ચૂકયાથી દૂધ, ઘી વગેરે પોષક પદાર્થોની અછત ઊભી થઈ છે. એ રીતે પ્રજાના અપોષણને આગળ કરીને હવે પોષણ આપવાના ઓઠાં નીચે મુંબઈની સુધરાઈની તમામ શાળાઓના લગભગ સાડાં છ લાખ બાળકો જૈન-અજૈન તમામને ક્રમશઃ પોષણ માટે બાફેલા ઈંડા આપવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિચારાયું છે.

વસ્તુતઃ 'ઈંડા આરોગ્યને અત્યંત હાનિકર છે' એ વાત વિશ્વના વિખ્યાત ડોકટરોના અભિપ્રાયો અને વિરોધ પ્રગટ થઈ ચૂકેલ હોવા છતાં કેવી કમનસીબી છે કે એ જ ઈંડા આરોગ્યપ્રાપ્તિના જૂઠા ઓઠાં નીચે બાળકોને આપવાનું વિચારાય છે. ઈંડા કેટલી ભયંકર રીતે આરોગ્યના ઘાતક છે એ નીચેનાં વિધાનોથી સમજાશે.

## વિખ્યાત ડોકટરોના અભિપ્રાયો :

[૧] કેલિફોર્નિઆના વૈજ્ઞાનિક ડો. કેથરીન નીમ્મો, અને ડો. જે. અમેનઝા કહે છે: "ઈંડામાં કોલેસ્ટરોલ નામક ઝેર છે. તે વિષ રકતવાહિનીઓમાં છેદ પાડે છે. તેનાથી હાર્ટ-એટેક બ્લડપ્રેસર, તથા કીડનીના રોગો થાય છે."

[૨] ડો. આર. જે. વિલિયમ્સ અને ડો. રોબર્ટ કહે છે: "ઈંડાના સફેદ ભાગમાં એવીડિન નામનું ભયાનક તત્ત્વ છે. તે ખરજવું, કેન્સર વગેરે કરે છે."

[૩] ડો. ઈ. વી. મેક્કલમ 'હાઉ હેલ્ધી આર એગ્ઝ' પુસ્તકમાં કહે છે: "ઈંડામાં કાર્બોહાઈડ્રેટસ બિલકુલ ન હોવાથી તથા કેલશ્યમની અલ્પતા હોવાથી મોટા આંતરડામાં સડો પેદા કરે છે.

[૪] જર્મન પ્રોફેસર એગ્નરવર્ગ કહે છે: "ઈંડા જેવો કફકારક બીજો કોઈ ખાદ્યપદાર્થ નથી. દર સો માણસોમાંથી બાવન માણસોને તે કફ કરીને દમ, ખાંસી વગેરે કરે છે."

[૫] મુંબઈની હાફકીન ઈન્સ્ટિટયૂટ જણાવે છે કે: નાનાં બાળકોની પાચનશકિત નબળી હોાથી તેમને તો ઈંડા અપાય-જ નહિ. તેનાથી તેમનું આરોગ્ય બગડે છે."

[૬] મુંબઈની જે. જે. હોસ્પિટલમાં ઈંડાના બદલે મગફળી આપવામાં આવે છે.

[૭] પરદેશમાં ઈંડા અત્યંત હાનિકારક હોવાથી તેના સેવન સામે વ્યાપક વિરોધ થવા લાગ્યો છે.

[૮] એગ્રીકલ્ચરલ ડીપાર્ટમેન્ટ-ફ્લોરીડા-અમેરિકા "હેલ્થ-બુલેટિન : ઓક્ટો. '૬૭ના અહેવાલ મુજબ, ૧૮ માસના પરીક્ષણ બાદ, ઈંડામાં સેંકડે ૩૦ ટકા ડી.ડી.ટી. ઝેર છે એમ સાબિત થયું છે. ઈંડા કરતાં તો કેળાં, શીંગદાણા, તલ, મગ વગેરે પ્રોટીન અને કેલરીથી ભરપૂર છે. અને વળી વધુ સસ્તા પણ છે.

ભારત સરકાર દ્વારા પ્રગટ કરવામાં આવેલાં હેલ્થ બુલેટીન નં. ૨૩ના ચાર્ટમાં પણ ઈંડા, માછલી અને માંસ કરતાં શાકાહારી ખાદ્યમાં ખૂબ વધુ પ્રોટીન વગેરે તત્ત્વો છે તેમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. [આ અંગેનો આખો ચાર્ટ રામાયણના પ્રવચનાંક-૯ માં પૃ. ૨૮૭ ઉપર વિગતવાર આપ્યો છે. તે ત્યાંથી જોઈ લેવા ભલામણ છે].

વળી પ્રોટીનના અભાવ કરતાં ય આજે કેલરીના અભાવથી રોગો ઉત્પન્ન થતાં હોવાનું જણાવાય છે, તો ઈંડા કરતાં કેલરી પણ મગફળી વગેરેમાં જ વધું છે. વળી આ બધા ઈંડા કરતાં ખૂબ સસ્તા પણ પડે છે.

ખેર, ઈંડા માંસાહારનો પદાર્થ છે. આર્યાવર્તની આર્ય પ્રજા મોક્ષલક્ષી જીવન જીવનારી પ્રજા છે. એટલે વસ્તુત: એવા જીવનની આડે માંસાહારના તત્ત્વો આવતાં હોવાથી એકાંતે ત્યાજ્ય છે, છતાં આરોગ્ય વગેરેની ભૌતિક દષ્ટિએ પણ એ અત્યંત ત્યાજ્ય છે. એ બતાડવાનો એ ચાર્ટમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ઈંડાની યોજના પાછળનું રહસ્ય

હવે જ્યારે ઈંડામાં પોષકતા, સસ્તાપણું વગેરે નથી; ઊલ્ટી આરોગ્યઘાતકતા અને મોંઘાઈ છે તો શા માટે આ યોજના વિચારાઈ હશે? એ પ્રશ્ન સહેજે ઊભો થાય. એનું સમાધાન હું આ રીતે કરીશ.

[૧] ઈંડાની પાછળ જ, એ જ પોષણના મુદ્દા ઉપર ભવિષ્યની પ્રજામાં માંસને દાખલ કરી દેવાની અતિ ભયંકર યોજના હોવી જોઈએ. મને જાણવા મળ્યું છે કે છેલ્લી પંચવર્ષીય યોજનામાં ભારતીય સરકારે ૯૬ કરોડ રૂપીઆ ડુક્કરોના ઉત્પાદન, સંવર્ધન વગેરે પાછળ ફાળવ્યા હતા. આજે ગામડે ગામડે ડુક્કરો ફેલાયા છે. હવેતેના સરકારમાન્ય કતલખાનાંઓ ઠેરઠેર ઊભા કરાશે.

અનાજની કૃત્રિમ અછત અને માંસના પોષક તત્ત્વોનો જૂઠો જોરદાર પ્રચાર —આ બે દ્વારા—પ્રજાને ખૂબ સહેલાઈથી ડુક્કર પછી બીજા તમામ] ના માંસના સેવન તરફ વાળી દેવાશે. આ દષ્ટિએ માંસની પાઈલોટ-કાર ઈંડા છે એમ સ્પષ્ટ-પણે કહી શકાય.

[૨] વળી સરકારે મરઘા-ઉછેર કેન્દ્રો ઉભા કરીને; તેના આયોજકોને કરમુક્તિ વગેરે આપીને ઘણા મોટા પ્રમાણમાં ઈંડાનું ઉત્પાદન કર્યું છે અને કરાવ્યું છે. તેને ઠેકાણે પાડવા માટે પણ બાળકોનું બજાર ઊભું કરવામાં આવતું હોય તે સંભવિત છે.

[૩] એવા ઉદ્યોગો ચલાવનારા માણસો કેટલીક વાર લાગવગ વગેરેનો રસ્તો અપનાવીને પણ પોતાની તરફેણમાં બહુમતી કરી લેતા હોય તો પણ સંભવિત ગણી શકાય. લોકશાહી રાજ્યપદ્ધતિમાં આવા અનિષ્ટો બેફામપણે ચાલતા હોય છે તે સત્યથી કોણ અજાણ છે?'

## ઈંડા દ્વારા બાળકોના આરોગ્ય સાથે ચેડાં

ટૂંકમાં બાળકોના આરોગ્યને ઘોર હાનિ પહોંચાડનારા ઈંડા ખુલ્લંખુલ્લાં સાબિત થતા હોવા છતાં બાળકોના પોષણના નામે જ આજના કેટલાક રાજકારણી માણસો બાળકોના નિર્દોષ જીવન સાથે ખતરનાક ચેડાં કરી રહ્યા છે અને કેટલાક સ્થાપિત-હિતોનું હિત જાળવવા માટે કટિબદ્ધ થયા છે એમ ઊઘાડે છોગ દેખાઈ આવે છે.

દારૂ, સિનેમા આદિના દુરાચાર તથા સ્થાપિત હિતોની સ્વાર્થસાધનાએ તો ભારતીય પ્રજાના સાચા સુખ અને શાન્તિને લગભગ ખતમ કર્યાં છે; હવે જે કોઈ 'શેષ' રહ્યું છે એને રહેંસી-પીસી નાખવા માટે ઈંડા અને માંસને વેગથી પ્રચારવામાં આવશે તેમ લાગે છે.

## 'જૈનો જ ઈંડા વગેરે ખાય છે' એ આક્ષેપનો સચોટ જવાબ

ઈંડાના સમર્થનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીના ભૂતપૂર્વ ચેરમેન શ્રીમતી લીલીબેન પંડયાએ આવેશમાં આવીને દૈનિકોમાં એક વાત કરી છે કે, "જૈનો જ મોટા પ્રમાણમાં ઈંડા વગેરે ખાય છે. અને ફીશિંગ ટ્રોલર્સો ચલાવે છે."

આ રજૂઆત સમગ્ર પ્રજાને ગેરમાર્ગે દોરવતી છેતરપિંડી સ્વરૂપ છે. લાખો જૈનોમાં બે કે ત્રણ ટકાથી વધુ સંખ્યામાં જૈનો ઈંડા ખાતા નહિ હોય. એવા માંડ ત્રણ ટકામાં આવતા—કેટલાક હજાર—કહેવાતા જન્મે જૈનોના નામે મોટી સંખ્યાના જૈનોને ઈંડા ખાતા કહેવા એ શું આજના શિક્ષિત કહેવાતા લોકોની નીતિ છે? માંસાહારી હોટલના અગ્રણી ખુદ શ્રી બેદીએ પણ શ્રીમતી પંડયાના આક્ષેપને બિન પાયાદાર જાહેર કર્યો છે.

વળી કેટલાક લોકો અધર્મ આચરે એટલે શું શાસ્ત્રોકત ધર્મ ત્યાજ્ય બની જાય ખરો?

હજારો લોકો અપ્રમાણિકતા અચરતા હોય એટલે શું હવે પ્રામાણિકતાની વાતો કરવી એ મૂર્ખામી ગણાશે?

મુંબઈમાં જ ચાલી રહેલા અતિ અશ્લીલ નાટકોમાં રોજ બસો ચારસો પ્રેક્ષકો એકઠાં થતાં હોય તો શું લાખો બહેનોના ગૌરવની સત્યાનાશી બોલાવતા તે નાટકો સામે વિરોધ ન કરવો જોઈએ?

જો આવો ન્યાય નક્કી કરવામાં આવશે તો દેશમાં હજારો ગુંડાઓ, સંગ્રહખોરો, રાષ્ટ્રદ્રોહીઓ મોજૂદ છે માટે ગુંડાગીરી સંગ્રહખોરી વગેરેનો કોઈથી પણ વિરોધ જ નહિ થઈ શકે.

વળી શ્રીમતી પંડ્યએ 'પોરબંદરમાં ફીશિંગના ધંધામાં મોટાભાગના જૈનો જ જ છે' એવું જે વિધાન કર્યું છે તે સત્યથી સાવ વેગળું છે એમ સત્તાવાર તપાસના અંતે હું કહી શકું છું.

પોતાની વાતને સાચી ઠરાવવા માટે આવા વિધાનો કરવા એ જરાય શોભાસ્પદ નથી. થોડા જ દિવસ પહેલાં ઈંડાના સેવનના સમર્થનમાં એક બહેને ગાંધીજી પણ ઈંડા ખાવાનું કહેતા હતા' એવું વિધાન કરી નાખ્યું છે!

વળી કેવી દુ:ખદ વાત છે કે બાળકોને ઈંડા ખવડાવાની વ્યવસ્થા 'આર્યવિકાસ મહામંડળ'ની બહેનો કરવાની છે! માંસાહારની પ્રવૃત્તિ એ શું આર્યોના વિકાસ સ્વરૂપ પ્રવૃત્તિ છે?

## ઈંડા–પ્રકરણ પાછળ પણ રાજકારણ!

ચોક્કસપણે એવું અનુમાન કરી શકાય કે આંખે ઊડીને વળગે એવા ઇંડા-સેવનના અનિષ્ટની તરફેણમાં કરવામાં રાજકારણ પણ સંડોવવામાં આવ્યું છે. આવી બાબતોમાં રાજકારણ દાખલ કરવું એ રાષ્ટ્રના માનવોની ખુલંખુલ્લા અન્યાયકારિતા જ ન કહેવી જોઇએ?

જ્યારે ચૂંટણીનો સમય આવે છે ત્યારે કેટલાક લોકો ધર્મી પ્રજાજનોના ઘેર ઘેર ફરીને મત આપવાની આજીજી કરતા હોય છે; ભોળા ધર્મીજનો પણ પોતાના ધર્મોના કામ થઈ જવાની કલ્પનાથી મતો આપવા તૈયાર પણ થતા હોય છે.

ચૂંટાયેલા સભ્યો હવે મતદારોને ભૂલી ન જાય; ચૂંટણી વખતના એમના અહેસાનને ભૂલવા જેટલી અનુચિતતા ન આદરે. ઊલટો એમણે મૂકેલો વિશ્વાસ સાચો હતો એ સાબિત કરી આપે. એના માટે આ શ્રેષ્ઠ તક છે. મતદારોના વિશ્વાસ કરતા ચડિયાતી એવી કોઈ વસ્તુ નથી જેને પ્રાપ્ત કરવાની લાલચમાં પડતા એ વિશ્વાસનો દ્રોહ થઈ જાય?

સહુને શીઘ્રમેવ સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય. જૈન અજૈન સહુ આ વિરોધને સખત બનાવે, બુલંદ બનાવે, ઉચિત રીતો અજમાવીને જે કાંઈ શકય હોય તે બધું જ કરી છૂટે એ જ મારી અભિલાષા છે.

શું રામાયણનાં આ પ્રવચનો આપને ખૂબ ગમ્યા છે?
જો હા.... તો આ પ્રવચનોની નકલો વિશાળ સંખ્યામાં
ખરીદીને તેનો તમારા મિત્ર-વર્તુળમાં તથા સ્વજનો
અને સ્નેહીઓમાં ખૂબ પ્રચાર કરો.

## માત્ર ૫૦ પૈસામાં અમૂલ્ય ચિંતન

## : પ્રાપ્તિસ્થાનો :

**મુંબઈમાં–**

૧. શ્રીપાળનગર ઉપાશ્રય
૧૨, જમનાદાસ મહેતા માર્ગ
વાલકેશ્વર, મુંબઈ-૬

૨. સેવંતીલાલ વી. જૈન
ભૂલેશ્વર, લાલબાગ
જૈન ઉપાશ્રય
માધવબાગ પાસે, મુંબઈ-૪.

૩. જીવતલાલ પરતાપશી
૯૭, સ્ટોક એક્ષ્ચેંજ બિલ્ડીંગ,
ફોર્ટ, શેરબજાર, મુંબઈ–૧

૪. મે. જયન્તિલાલ એન્ડ કું.
૫૪૭, ચન્દ્રચોક, ૮મી ગલી,
મુલજી જેઠા મારકેટ, મુંબઈ–૩

૫. પારસ ટ્રેડીંગ કું.
B–૧૨, 'મંગળકુંજ'
જામલી ગલીની બાજુમાં
બોરીવલી (વેસ્ટ).

**અમદાવાદમાં –**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
૨૭૭૭, 'જી. પ્ર. સંસ્કૃતિ ભવન'
જગવલ્લભ પાર્શ્વનાથની ખડકી
નિશાપોળ, રીલીફ રોડ.

**સુરતમાં–**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
કેસર બહાર બિલ્ડિંગ, પાંચમે માળે
ગોપીપુરા, પોસ્ટ ઑફિસની પાસે.

**નવસારીમાં–**

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ
C/o નીતિન ગમનલાલ ઝવેરી
સોમાભાઈ ટેલરની ઉપર
મોટા બજાર.

**ખાસ નોંધ:** (૧) ઉપરના કોઈ પણ કેન્દ્રમાં બહારગામથી કોઈએ પણ પ્રવચનો મંગાવવા M. O. કરવો નહિ. કારણ કે પોસ્ટથી પ્રવચનો મોકલવાની વ્યવસ્થા રાખવામાં આવી નથી. આપના સ્વજનો દ્વારા આપ પ્રવચનો મેળવી શકશો.

(૨) કમલ પ્રકાશનના – પ્રકાશકના સરનામેથી પણ પ્રવચનો મળી શકશે.

મૂલ્ય : ૫૦ પૈસા

---

## યાદ રાખો; રામાયણનાં પ્રવચનો માત્ર નીચેના બે રવિવાર માટે બંધ રહેશે

## ૧. રવિવાર તા. ૧૧–૯–'૭૭ દ્વિ. શ્રા. વ. ૧૩
## ૨. રવિવાર તા. ૧૮–૯–'૭૭ ભાદરવા સુ. ૬

વળી – ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ બારસ સુધી રોજિંદા ૯ થી ૧૦ના પ્રવચનો, પ્રશ્નોત્તરી તથા સવારે ૬ થી ૭ની વાચનાઓ પણ સંપૂર્ણ બંધ રહેશે. ભાદરવા સુદ ૧૩ [તા. ૨૫-૯-'૭૭] રવિવારે બપોરે ૨-૩૦ થી ૪ સુધી રામાયણનું પ્રવચન થશે અને ત્યારથી રોજિંદા પ્રવચનો, વાચના વગેરે પણ શરૂ થઈ જશે. આની ખાસ નોંધ લેવા સૌને ભલામણ છે.

– અવતરણકાર

* * *


ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણના વિષયોને નીડરપણે ચર્ચતું,

અધ્યાત્મની અનોખી સરગમ સંભળાવતું,

આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય બાબતો અંગે સ્પષ્ટ, સચોટ અને તર્કબદ્ધ રીતે કોઇ નવો જ પ્રકાશ ફેંકતું,

**મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના ચિંતનનું વાહક**

**'મુક્તિદૂત' માસિક**

સંપાદક: હસમુખ શાહ

લવાજમ: વાર્ષિક રૂા. ૫–૦૦ ત્રિવાર્ષિક રૂા. ૧૫–૦૦

આજીવન: રૂા. ૧૦૦–૦૦

ગ્રાહક સંખ્યા : ૧૦,૦૦૦

સળંગ અંક: ૧૦૦/૧૦૧ (સંયુક્તાંક) નવેમ્બરની પહેલી તારીખે બહાર પડી રહ્યો છે.

આવતા વર્ષથી લવાજમમાં વધારો આવી રહ્યો છે. તે પહેલાં આજે જ ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫ ભરો અને [દિવાળી સુધીમાં] 'મા-બાપને ભૂલશો નહિ' એ કેલેન્ડર ભેટ મેળવો.


---


પ્રકાશક : 'કમલ પ્રકાશન ટ્રસ્ટ' ૫૦૮૨/૩ બીજે માળે, ગાંધી રોડ, રતનપોળ નાકા, ધાર્મિક ઈન્સ્ટીટયૂટ સામે, અમદાવાદ–૧. [ફોન નં. ૩૦૦૮૧]

મુદ્રક : ધીરૂભાઈ જે. દેસાઈ, સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૧

# આર્ય પ્રજાજનો ! સાવધાન !

* દેશ [રાષ્ટ્રની ધરતી]ને આબાદ બનાવવાની ભયંકર ઘેલછાના કારણે ભારતના બુદ્ધિજીવી [દેશી અંગ્રેજ] લોકોએ પ્રજાના સાચા સુખ અને શાન્તિની કબર ખોદી નાખી છે. પ્રજાને હિતકર એવી મોક્ષપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિના ગળે ટૂંપો દઈ દીધો છે. ધરતીના જ હિતને ખાતર ઘડાયેલું બંધારણ જો પ્રજાના હિતના લક્ષપૂર્વક હજી પણ નહિ સુધારાય તો આર્યાવર્તની મહા પ્રજાનું ભાવિ અતિ ભયાનક જણાય છે.

* પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણે માનવને સ્વાર્થાન્ધ અને નાસ્તિક બનાવ્યો છે. ઈશ્વરપ્રીતિ અને પાપભીતિના પાઠો ગળથૂંથીમાં જ હજી પણ નહિં આપવામાં આવે તો કેટલાક સ્વાર્થાન્ધ એવા શિક્ષિત અને બુદ્ધિજીવી માનવો દેશના ચાવીરૂપ સ્થાનો ઉપર ચડી જઈને સમગ્ર પ્રજાને ભ્રષ્ટાચાર, અનાચાર અને માંસાહારની અગન-જવાળાઓમાં હજી વધુ ધકેલી મૂકશે.

* દેશી અંગ્રેજોની સાંસ્કૃતિક મર્યાદાઓ પ્રત્યેની કારમી સૂગમાંથી ઉદ્‌ભવેલી સરકારી નીતિ-રીતિઓએ આર્યાવર્તનું સમગ્ર વાયુમણ્ડળ નિર્દોષ પશુઓની ચિચિયારીઓ અને ભદ્ર સમાજના લાખો યુવાનો અને યુવતીઓના અના-ચારોની બદબૂથી ભરી દીધું છે !

* કેટલાક અણઘડ માણસોના અખતરાઓ અને પ્રયોગોએ આખી પ્રજાને અન્ધા-ધુંધી, અસ્વસ્થતા અને ચિન્તાતુરતાની ધરતી ઉપર પટકી નાંખી છે.

* આર્યાવર્તની ખુમારીવન્તી પ્રજા ! બિચારી ! આજે પોતાના અસ્તિત્વનો જંગ ખેલી રહી છે ! વ્યકિતત્વના નિર્માણની કથા તો જાણે હાસ્યાસ્પદ બની ચૂકી છે !

* જો આમ જ ચાલશે તો કદાચ સમ્ભવ છે કે, ઈ. સ. ૨૦૫૦ની સાલ સુધીમાં હિન્દુસ્તાન એક વિરાટ કબ્રસ્તાન બની જશે.

* ચેતો ! હજી પણ એ ભેદી યોજનાઓની ચાલબાજીમાં ફસાતા અટકો. 'વિકાસ' વગેરેના સુંવાળા આદર્શોવાળી યોજનાઓની રાખની નીચે ધરબાયેલા પ્રજાના સર્વનાશના જીવલેણ અંગારાઓને જોઈ લો.

* ઓ ધર્મમાતા ! હવે તો તારા જ તરફ સૌની મીટ મંડાયેલી છે ! ઊગારશે તો તું જ ઊગારશે ! સિવાય કોઈ આરોવારો જણાતો નથી.

સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧